Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Rokad, Ravaji V., 2009, *સંત સાહિત્યમાં અવળવાણી: એક અધ્યયન*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/240

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં પીએચ. ડી.ની પદવી માટે પ્રસ્તુત કરવામાં આવેલ મહાનિબંધ**

# ''સંત સાહિત્યમાં અવળવાણી : એક અધ્યયન''

(ENIGMATIC POETRY IN SAINT LITERATURE- A STUDY)

● પ્રસ્તુતકર્તા ●

**પ્રા. રવજીભાઈ વી. રોકડ**
અધ્યક્ષ, ગુજરાતી વિભાગ,
શ્રી કે.ઓ.શાહ મ્યુનિ.આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ,
ધોરાજી.

● માર્ગદર્શક ●

**પ્રા. ડૉ. મનોજભાઈ રાવલ**
શ્રીમતિ આર. પી. બી. મહિલા
આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ,
ઉપલેટા.

વર્ષ - ૨૦૦૯

રજિસ્ટ્રેશન નંબર : ૨૭૦૯ તા. ૦૪-૦૨-૨૦૦૨



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

# પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે પ્રા. રવજીભાઈ વી. રોકડ, કે જેમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન શાખાના ગુજરાતી વિષયમાં પીએચ. ડી.ની પદવી માટે મારા માર્ગદર્શન પ્રમાણે ''સંત સાહિત્યમાં અવળવાણી: એક અધ્યયન'' વિષયક મહાનિબંધ તૈયાર કરેલ છે. આ શોધ નિબંધ તેમનું મૌલિક અને સ્વતંત્ર સંશોધન છે. જેનો કોઈ અંશ પ્રકાશિત કરેલ નથી કે કોઈ પદવી માટે અન્ય યુનિવર્સિટીમાં રજુ કરેલ નથી.

તારીખ:૧૦-૦૮-૨૦૦૯

માર્ગદર્શક

પ્રા. ડૉ. મનોજ રાવલ
શ્રીમતિ આર. પી. બી. મહિલા
આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ,
ઉપલેટા.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

# નિવેદન

ઈ.સ. ૧૯૮૫-'૮૬ માં બી.એ. (મુખ્ય ગુજરાતી) પૂર્ણ કરી આગળ અભ્યાસ અર્થે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં એમ.એ. કરવા જોડાયો. ત્યાં ભવનમાં ડૉ.તેરૈયા સાહેબ, ડૉ.બળવંત જાની અને ડૉ.નિરંજન રાજ્યગુરુના પરિચયમાં આવવાનું બન્યું. ધીમે-ધીમે આ પરિચય ગાઢ બન્યો. શ્રી નિરંજનભાઈ તો લોકસાહિત્ય અને સંત સાહિત્યના સંશોધક જીવ. સૌરાષ્ટ્ર, ગુજરાત કે અન્ય સ્થળોએ થતાં સાહિત્યિક સેમિનાર, ભજન-મંડળીઓ, લોક-મેળાઓ વગેરે જગ્યાએ સંશોધનાર્થે શ્રી નિરંજનભાઈને જવાનું થાય, ત્યારે તેઓ મને પણ સાથે લઈ જાય. આમ, હું શ્રી નિરંજન રાજ્યગુરુની આંગળી પકડીને ધીમે-ધીમે ભજનરસમાં ઊતરતો ગયો અને ભજનને કેન્દ્રમાં રાખીને, તેમણે સ્થાપેલ સંત સાહિત્ય સંશોધન કેન્દ્ર 'સત્-નિર્વાણ ફાઉન્ડેશન'-આનંદ આશ્રમ, ઘોઘાવદરમાં જોડાઈ ગયો.

આ ક્ષેત્રે આગળ વધતા એવો ખ્યાલ આવ્યો કે આજે મોટા ભાગે લિખિત પરંપરાને મુકાબલે મૌખિક પરંપરા (ઓરલ ટ્રેડિશન) વિષયક વધુને વધુ સંશોધન કામ થઈ રહ્યું છે. પશ્ચિમના વિદ્વાન 'એલન મેકકેલે' તો પોતાના અભ્યાસ ગ્રંથ 'ફંડામેન્ટલ ઓફ ફોક લૉર'માં 'ફોક' અને 'લૉર'ની નવી વિભાવના બાંધી તેમાં મૌખિક પરંપરાને આમેજ કરી. સાથે તેની ગહનતા, વ્યાપકતા અને મહત્તાને પણ પ્રસ્થાપિત કરી. પરિણામ સ્વરૂપ એન્ટ વીસ્ટલ, માર્લિજો, મેક્કિમ મેરિયટ, મિલ્ટન, સીંગર, ડ્યુગલ, સત્યનારાયણ સિંહ અને રામાનુજ જેવા અભ્યાસીઓ લિખિત પરંપરાને છોડી મૌખિક પરંપરા તરફ વળ્યા.

આ વિદ્વાન અભ્યાસીઓએ ઓરલ ટ્રેડિશનનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી અભ્યાસ કરી, એવું પ્રતિપાદિત કર્યું કે કોઈપણ સમાજનો ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક વારસો તેના અસલ મૂળ સ્વરૂપે જે તે પ્રદેશની કંઠસ્થ પરંપરામાં જ જળવાયેલો હોય છે. એ જ એની નોળવેલ હોય છે. કોઈપણ રાષ્ટ્રની રાષ્ટ્રીયતાનું સાચું રૂપ એમાં જ સંઘરાયેલું હોય છે. માટે આજના માસમિડિયાના આક્રમણ યુગમાં એ લૂપ્ત ન થાય તે પહેલા એને જાળવી લેવું અત્યંત જરૂરી છે.

વિદ્વાનોની આ સમયસરની ટકોર સાથે આજે દેશ-વિદેશમાં કંઠસ્થ પરંપરાના એક ભાગરૂપે સંતવાણી ઉપર સ્વરૂપગત, ઐતિહાસિક, તુલનાત્મક, દાર્શનિક, સાહિત્યિક એમ બહુવિધ દૃષ્ટિકોણથી સંશોધન કાર્ય થતાં રહ્યાં છે. ગુજરાતમાં પણ આ સંદર્ભે નાથ-કબીર પરંપરાથી માંડી મહાપંથ, બીજમારગ, રવિ-ભાણ સંપ્રદાય, સ્વામીનારાયણ સંપ્રદાય, પ્રણામી સંપ્રદાય વગેરે પંથ પરંપરાના સંત કવિઓ અને તેમના નામે મળી આવતી સંતવાણી ઉપર વિવિધ દૃષ્ટિકોણથી પ્રસશંનીય સંશોધન કાર્ય થતાં આવ્યાં છે, પરંતુ સંતવાણીના એક બહુમૂલા અને મહત્ત્વના શૈલીવિશેષ 'અવળવાણી'ના વિશાળ ભંડારને સંશોધવાનો, તેનું સ્વરૂપગત અધ્યયન કરી તેને વ્યાખ્યાયિત કરવાનો, તેના મૂળ સ્રોત, ભાવ અને પ્રતીકાર્થને પામવાનો, તેના મર્મ સુધી પહોંચવાનો અને તેમાં છુપાયેલા સાધનાકીય રહસ્યોને ઉદ્‌ઘાટિત કરવાનો આજ સુધી કોઈ દ્વારા વિધિવત્ પ્રયાસ થયો નહોતો.

યોગાનુયોગ ઈ.સ. ૧૯૯૯નાં વર્ષમાં ડૉ. નિરંજન રાજ્યગુરુ અને ડૉ. મનોજભાઈ રાવલ સાથે નંદિગ્રામ મકરન્દભાઈ પાસે જવાનું થયું. મકરન્દભાઈ તો ભજનમાં જીવનારા વ્યક્તિ. ત્યાં



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ભજનના એક ભાગરૂપ અવળવાણી સંદર્ભે ચર્ચા થતાં, શ્રી મકરન્દભાઈએ કહ્યું કે, 'આ પ્રકારની રચનાઓ તો છેક-વૈદિક કાળથી રચાતી આવી છે. ગુજરાતીમાં કોઈએ આના ઉપર પ્રકાશ પાડ્યો નથી. આના ઉપર તો કામ થવું જ જોઈએ.' ભીતરની સંશોધન વૃત્તિમાં શ્રદ્ધાના સૂર પૂરાયા અને ડૉ. નિરંજન રાજ્યગુરુની રાહબરી નીચે હું આ પ્રકારની ભજન રચનાઓ એકઠી કરવા લાગ્યો. આ પ્રકારની વાણીઅ એકઠી કરતાં એવું લાગ્યું કે, આ પ્રકારની રચના ઉપર તો બહુ મોટું કામ થઈ શકે તેમ છે. આમ ભજનના એક ભાગરૂપ ઉપરોક્ત વિષય પર પસંદગી ઉતારી અને ડૉ. મનોજભાઈ રાવલના માર્ગદર્શન નીચે પ્રસ્તુત વિષયે સંશોધન કાર્ય કરવાનો શુભારંભ કર્યો.

સતત સાત વર્ષ સુધી પ્રસ્તુત સંશોધન કાર્યમાં રત રહી, ડૉ. મનોજ રાવલ અને ડૉ. નિરંજન રાજ્યગુરુના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ મારા આ શોધનિબંધને નિદર્શિત પાંચ પ્રકરણ અને પાંચ પરિશિષ્ટમાં વિભાજિત કરવામાં આવેલ છે.

'વિષય પ્રવેશ'રૂપ પ્રથમ પ્રકરણમાં ભારતીય સંસ્કૃતિની ધરોહરરૂપ સંત સાહિત્યના પ્રાદુર્ભાવમાં મધ્યકાલીન ભક્તિ આંદોલન, વિધર્મીઓના આક્રમણ ઉપરાંત સતત પ્રવાહમાન એવી ભારતીય ચિંતનધારા, જન આંદોલનની ક્રિયા-પ્રતિક્રિયા, રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક પરિસ્થિતિ અને તત્કાલીન સમગ્ર ભારતમાં પ્રસ્થાપિત થતી જતી પ્રાંતીય ભાષાના સ્થાપનાકીય પરિબળોએ કેવો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, વગેરે બાબતોને વિદ્વાનોના મંતવ્યોને આધારે પ્રકાશમાં લાવવાના પ્રયત્નો કર્યા છે. જેના દ્વારા 'સંત સાહિત્યની લોકભૂમિ'ની રૂપરેખા અંકાય છે.

સંત સાહિત્યની લોકભૂમિનો ભૂમિકારૂપે ચિતાર આપ્યા બાદ અહીં આ જ પ્રકરણમાં સંત સાહિત્યનો ચિતાર આપવા 'સંત' શબ્દની વ્યુત્પત્તિ, અધ્યાત્મસેવી એવા આ સાધક સંતોની વ્યક્તિતા તેમજ આ સંતો દ્વારા રચાયસલા સાહિત્યની લાક્ષણિકતા શું છે? તે દર્શાવવાના પ્રયત્નો કર્યા છે.

'સંત' શબ્દની વ્યુત્પત્તિ સંદર્ભે 'સંત' શબ્દ વેદથી માંડી સંતોની વાણીમાં કઈ રીતે વ્યવહૃત થતો આવ્યો છે. તેની અહીં સાધાર ચર્ચા કરવામાં આવી છે. આ સાથે વિવિધ શબ્દકોશ તેમજ હિન્દી અને ગુજરાતી વિદ્વાનોએ આ શબ્દ વિષયક જે ચર્ચા-વિચારણા અને મંતવ્યો આપ્યા છે તેને પણ અહીં ઉદ્ધૃત કરી 'સંત' શબ્દ, વૈશ્વિક સંદર્ભે કેવી અર્થછાયા પ્રગટાવે છે. તેને દર્શાવવાના પ્રયત્નો કર્યા છે.

નિગૂઢ રહસ્યાત્મક એવી અવળવાણી રચનાઓનો અભ્યાસ કરતાં પૂર્વે આ પ્રકારની વાણીના પ્રયોક્તાની વ્યક્તિતાની તપાસ પણ જરૂરી લાગતાં, અહીં હિન્દી-ગુજરાતી વિદ્વાનોએ તેમ જ સંતકવિઓએ પોતાની વાણીમાં કરેલા 'સંત'ની લાક્ષણિકતાઓ'ના નિર્દેશોને આધારે, વ્યક્તિ વિશેષ એવા લોક સંતોની કુલ તેર લાક્ષણિકતાઓ તારવી બતાવી છે.

આ ઉપરાંત જે વાણીના સહારે લોકસંતોએ સમગ્ર લોકસમાજને સત્‌માર્ગે વાળવાની સાથે પ્રેમ, ત્યાગ, કરુણા, મૈત્રી, વિશ્વબંધુત્ત્વના પાઠ ભણાવ્યા તે પરાવાણીની લાક્ષણિકતાઓને પણ અહીં વિદ્વાનોના મંતવ્યોને આધારે તારવવામાં આવી છે.

આમ, અવળવાણીનો અભ્યાસ કરવા માટે તેના મૂળ સ્રોતરૂપ સંતવાણીની ભૂમિકા સમજવી અનિવાર્ય અને આવકાર્ય લાગવાથી આ પ્રકરણમાં સંતવાણીની ભૂમિકા સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે. આ ભૂમિકા પર ઊભાં રહીને જ અવળવાણીના વિશિષ્ટરૂપને સમજવાની દિશાગ્રહી શકાય છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પ્રાપ્ય અવળવાણી રચનાઓના ઊંડાણ પૂર્વકના અભ્યાસ બાદ, સંપૂર્ણ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી તૈયાર કરવામાં આવેલ પ્રકરણ બીજું, ખંડ-૧ અને ખંડ-૨ માં વિભાજિત કરેલ છે.

અહીં આ પ્રકરણની ભૂમિકામાં, સંત કવિઓને પોતાની ભાવાભિવ્યક્તિ માટે આ પ્રકારની શૈલીની આવશ્યકતા કેમ પડી? તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. ત્યાર બાદ અવળવાણીના સ્વરૂપને બહુવિધ રીતે વિવેચિત કરવા પ્રથમ ખંડમાં 'અવળવાણી' શબ્દ અને તેના સમકક્ષ શબ્દો વિષયક વિદ્વાનોએ કરેલી ચર્ચાઓ, વિવિધ શબ્દકોશોમાં અપાયેલા તેના અર્થઘટનો અને અવળવાણી રચનાઓમાંથી મળી આવતા સંદર્ભો વગેરેનું આકલન કરી તેની ઐતિહાસિકતા અને અર્થવત્તા સાથે આ પ્રકારની વાણી માટે પ્રયોજાતા સમાનાર્થી - સમકક્ષ શબ્દ પ્રયોગોને તારવી બતાવ્યા છે.

'અવળવાણી' શબ્દવિચાર બાદ અવળવાણી સ્વરૂપ વિષયક ભારતીય ભાષાઓ અને ગુજરાતી ભાષામાં થયેલી ચર્ચા-વિચારણા તેમજ પ્રાપ્ય અવળવાણીઓનું અવગાહન કરી, અવળવાણીના સ્વરૂપને સુસ્પષ્ટ કરવા આ શૈલીવિશેષ કેવી લાક્ષણિકતાઓ ધરાવે છે તે તારવી બતાવ્યું છે. અને આ લાક્ષણિકતાઓને આધારે આ શૈલીવિશેષને વ્યાખ્યાયિત કરવાના પણ પ્રયત્નો કર્યા છે.

સંશોધન કાર્ય દરમ્યાન અવળવાણી રચનાઓનું અધ્યયન કાર્ય ચાલતું હતું ત્યારે ચિત્તમાં અનેક પ્રકારના પ્રશ્નો ઊઠતા હતા. જેમકે, સરલ ચિત્ત એવા આ સંતોનું આવી ગૂઢ રહસ્યાત્મક વાણી રચવા પાછળનું પ્રયોજન શું હશે? જેના સમાધાનરૂપ આ ખંડના અંતે, વેદ-ઉપનિષદોમાં રચાયેલ આ પ્રકારની રચનાઓને ધ્યાનમાં લઈ અવળવાણી રચનાઓના મૂળભૂત પ્રયોજનો તારવી બતાવ્યા છે.

ખંડ-૨, માં અવળવાણીના નિકટવર્તી શૈલી સ્વરૂપો જેવા કે કૂટકાવ્ય, પ્રહેલિકા, સમસ્યા, ઉખાણાં, હરિયાળી, સંધાભાષા વગેરેનો તુલનાત્મક દૃષ્ટિકોણથી અભ્યાસ કરવામાં આવ્યો છે.

ભારતીય વાંઙમયમાં અવળવાણી પ્રકારના શૈલી સ્વરૂપો છેક પ્રાચીનકાળથી અનેકવિધ રીતે ખેડાતાં આવ્યાં છે. જેમાં કૂટકાવ્ય, સમસ્યા, પ્રહેલિકા, ઉખાણાં, હરિયાળી વગેરેને મુખ્ય ગણાવી શકાય. ભારતીય ભાષા ઉપરાંત અન્ય ભાષાઓમાં રિડિલ, રાતસેલ, ઍનિગ્મા, પૅરૅબિલ, મિસ્ટ્રી, ઓકલ્ટ વગેરે નામે-ઠામે પ્રયોજાતા રચના પ્રયોગો પણ અવળવાણી સાથે સામ્ય ધરાવતા શૈલી વિશેષો છે. આ શૈલી વિશેષો બાહ્ય સંરચનાની દૃષ્ટિએ પારસ્પરિક સામ્ય ધરાવતાં હોવા છતાં અંતઃતત્ત્વ, પ્રયોજન, ઉદ્દેશ અને લાક્ષણિકતાની દૃષ્ટિએ અલગ તરી આવે છે. અહીં આ પારસ્પરિક સામ્ય ધરાવતાં શૈલી વિશેષોનો તુલનાત્મક અભ્યાસ કરી, એવું તારણ કાઢી શકાય છે કે, અવળવાણી ઉપરોક્ત શૈલીસ્વરૂપોથી સાવ ભિન્ન, અલગ-આગવું સ્વરૂપ ધરાવે છે.

ઐતિહાસિક અભિગમથી તૈયાર કરવામાં આવેલ પ્રકરણ ત્રણમાં છેક વૈદિકકાળથી રચાતું આવતું અવળવાણી પ્રકારનું શૈલીસ્વરૂપ, ગુજરાતી સંત સાહિત્ય સુધી વિસ્તરીને કઈ રીતે વટવૃક્ષનું રૂપ ધારણ કરે છે, તેનો ક્રમશઃ આલેખ આપવામાં આવ્યો છે. કુલ પાંચ મુદ્દામાં વિભાજિત આ પ્રકરણમાં અવળવાણી અંતર્ગત વેદ, ઉપનિષદ, પુરાણ, બૌદ્ધ-સિદ્ધો, નાથ અને ભારતીય સંત સાહિત્યમાંથી મળી આવતા પ્રચ્છન્ન ઉદાહરણોને ઉદ્ધૃત કરવામાં આવ્યા છે.

પ્રાચીન વાંઙમયમાંથી મળી આવતાં અવળવાણી શૈલી સંપૃક્ત ઉદાહરણોને આધારે આપણને આ શૈલીની ઐતિહાસિક રૂપરેખાનો આલેખ પ્રાપ્ત થાય છે. અને એવું પ્રતિપાદિત કરવાનું



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

શક્ય બને છે કે-'અવળવાણી' શૈલીની પરંપરા ઋગ્વેદથી જન્મી ઉપનિષદોનું સંરક્ષણ પામી, પાલિ-પ્રાકૃત-અપભ્રંશ વગેરે ભાષાઓનાં મુખ્ય મથકોનું તીર્થાટન કરતી કરતી, યુગના સામાજિક ઈતિહાસ અને આધ્યાત્મિક સત્યને પોતાનામાં સમાવીને ગોરખનાથના સમયમાં 'ઉલ્ટીચર્યા' રૂપે પ્રતિષ્ઠિત થાય છે. સમયાંતરે પ્રાંતીય ભાષાઓના ઉદ્‌ભવ કાળે; નામે- રૂપે પરિવર્તન પામી, સાધનાશ્રયી, પ્રતીકજીવી, વિરોધગર્ભિત એવી આ ગૂઢવાણી ભારતીય લોક સંતો દ્વારા સારા યે ભારતમાં પોતાની મહેક પાથરે છે.

મુખ્ય ચાર અને સત્યાવીસ પેટા મુદ્દાઓમાં વિભાજિત પ્રકરણ ચારમાં, અવળવાણી રચનાઓના તલાવગ્રાહી અને બહુપાર્શ્વી અભ્યાસ માટે પ્રાપ્ય રચનાઓનું વિવિધ દૃષ્ટિકોણથી વર્ગીકરણ કરવામાં આવ્યું છે. ખાસ કરીને સંશોધન સામગ્રીરૂપ અવળવાણી રચનાઓમાંથી પસાર થતાં નજરમાં આવેલ ગુરુમહિમા, ઉપદેશ, સાધના, માયા, શિષ્યની કસોટી, વૈરાગ્ય વગેરે જેવા વિષયોને અલગ તારવી આ રચનાઓને વિષય પ્રમાણે વર્ગીકૃત કરી આપી છે. આ સાથે આવી જ રીતે પ્રાપ્ય સામગ્રીનું અવગાહન કરી આ રચનાઓને શૈલીગત રીતે પણ વર્ગીકૃત કરી છે. આ ઉપરાંત આ પ્રકારની વાણી રચવા પાછળના કર્તાના પ્રયોજનો અને કર્તાની પ્રતિભાજન્ય વિદગ્ધતાને ધ્યાનમાં રાખી અવળવાણી રચનાઓને પ્રયોજન પ્રમાણે અને સ્વરૂપ પ્રમાણે પણ વર્ગીકૃત કરી બતાવી છે.

પ્રસ્તુત સંશોધન કાર્યની પ્રાણપ્રદ એવી સામગ્રીને, આ રીતે વર્ગીકૃત કરવાથી રચનાઓના આંતર-બાહ્ય વિશેષોને પામવાનું સરળ બને છે અને એ રીતે સમગ્રપણે અવળવાણીનું રચનાતંત્ર અને ભાવવિશ્વ સ્પષ્ટ થાય છે.

અવળવાણી રચનાઓના ભાવબોધમાં પ્રત્યવાય કોઈ તત્ત્વ હોય તો તે છે તેમાં પ્રયોજાયેલ અસંબદ્ધ પ્રતીકાત્મકતા. કારણ કે અવળવાણીનું રચના કૌશલ પ્રતીકધર્મી છે. તેની શરીર રચના જ પ્રતીકાત્મક છે. એટલે કે તેનું સમગ્ર કલેવર પ્રતીક પર નિર્ભર છે. વળી આ પ્રતીક યોજના અસંબદ્ધ હોવાથી ભાવક માટે દુર્બોધ બની રહે છે. પરિણામે ભાવક જ્યાં સુધી પ્રયોક્તાએ પ્રયોજેલ પ્રતીક અને તેમાં આરોપિત અર્થને આત્મસાત નથી કરતો ત્યાં સુધી રચનાના ગૂઢાર્થને તે પામી શકતો નથી.

આ સંશોધન નિબંધના ચાવીરૂપ એવા પ્રકરણ પાંચના પ્રથમ મુદ્દામાં, પ્રતિનિધિરૂપ કુલ ૧૪ અવળવાણી રચનાઓના પ્રતીકાર્થ અને ભાવાર્થને ઉદ્‌ઘાટિત કરવામાં આવ્યા છે. ત્યાર બાદ અવળવાણીના ભાવબોધમાં પ્રત્યવાય એવા આ પ્રતીકાર્થોને આ ધારાના સંતો-મહંતો, વિદ્વાનો વગેરેની મુલાકાત અને તત્‌સંબંધી ગ્રંથો, શબ્દકોશ વગેરેના અભ્યાસના આધારે ઉદાહરણો સાથે ઉદ્‌ઘાટિત કરી બતાવ્યા છે.

પ્રતીકની જેમ અવળવાણી રચના કૌશલની બીજી વિશેષતા એનો શબ્દ વૈભવ છે. જે શબ્દકોશમાં આપેલા અર્થ મુજબની અર્થછાયાને ઉલંઘી ગુરુએ આપેલી 'સાન' પ્રમાણેની અર્થછાયા ધરાવે છે. એટલે કે આ શબ્દાર્થો ગુરુમુખી અને પરંપરા સાથે જોડાયેલા હોય છે.

અહીં આ પ્રકરણના અંતિમ મુદ્દામાં પ્રતીકોની જેમ આવા પરંપરાગત, ગુરુમુખી શબ્દોના પણ કક્કાવારી પ્રમાણે અર્થો આપવામાં આવ્યા છે. આ સંદર્ભે આ પાંચમું પ્રકરણ આ શોધ નિબંધનું ચાવીરૂપ પ્રકરણ બની રહે છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પ્રસ્તુત શોધ નિબંધના અંતિમ ચરણરૂપ ઉપસંહારમાં સમગ્ર અભ્યાસનું નવનીત આપી સમાપન કરેલ છે.

અહીં ઉપસંહાર બાદ આ સંશોધનના અત્યંત મહત્ત્વના ભાગરૂપ કંઠસ્થ પરંપરામાંથી લુપ્તપ્રાય થતી જતી, દુર્લભ એવી અવળવાણી રચનાઓને (મૂળની જોડણી અને શબ્દોમાં ફેરફાર કર્યા વિના તેના તે જ સ્વરૂપે)જાળવી લેવા અને પ્રકાશમાં લાવવા ત્રણ પરિશિષ્ટમાં સંપાદિત કરી છે. જેમાંના પ્રથમ પરિશિષ્ટમાં અહીં કુલ ૩૪ ગુજરાતી સંત કવિઓ દ્વારા રચાયસલી ૧૫૮ અવળવાણી રચનાઆને સંપાદિત કરી છે. તો પરિશિષ્ટ બેમાં કુલ ૧૭ જૈન ગૂર્જર કવિઓના નામે મળી આવતી ૩૪ અવળવાણી રચનાઓ સંપાદિત કરી છે અને પરિશિષ્ટ ત્રણમાં જે હિન્દી સંત કવિઓની રચનાઓનો પ્રભાવ ગુજરાતી ભાષા-સમાજ ઉપર બળૂકી રીતે વરતાયો છે, તે ગોરખનાથ, કબીર સાહેબ અને સુન્દરદાસના નામે મળી આવતી કુલ ૮૦ હિન્દી રચનાઓ સંપાદિત કરી છે. અહીં આ પરિશિષ્ટમાં ભારતીય સંત કવિઓ જેવા કે નામદેવ, ધની ધરમદાસ, સંત એકનાથજી, સંત રજ્જબ, હરિદાસજી, સેવાદાસજી, ચારી સાહેબ, દરિયા સાહેબ, ગુલાલદાસ, પલટૂ સાહેબ વગેરેની રચનાઓને સમાવિષ્ટ કરવાનો મનસૂબો સેવ્યો હતો. પરંતુ મહાનિબંધની પૃષ્ઠ મર્યાદાને કારણે આ સંતોની રચનાઓનું એકત્રી કરણ કર્યુ હોવા છતાં અહીં સંપાદન કરી શકાયું નથી.

આ સાથે પરિશિષ્ટ ચારમાં આ સંશોધનકાર્ય અંતર્ગત ઉપયોગમાં લીધેલા ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, ગ્રંથો, પુસ્તકો અને સામયિકોની સંદર્ભસૂચિ અને પરિશિષ્ટ પાંચમાં માહિતિદાતાઓની યાદી આપવામાં આવેલ છે.

સમગ્ર માનવજાતના ચૈતન્યની પાવનકારી ગંગારૂપ સંતોની આ અલૌકિક, અદ્‌ભૂત, રહસ્યાત્મક વાણીમાં બાવડું પકડીને ડૂબકી મરાવનાર આદરણીય મરમી કવિ શ્રી મકરન્દભાઈ, મારા આ સંશોધન કાર્યના માર્ગદર્શક અને સંત સાહિત્યના અભ્યાસી ડૉ. મનોજભાઈ રાવલ તથા ડૉ. નિરંજન રાજ્યગુરુ પ્રત્યે કૃતજ્ઞતાભાવ વ્યકત કરું છું. આ ઉપરાંત, પૂ.આચાર્યશ્રી શીલચન્દ્રવિજયસૂરિ મહારાજ સાહેબ, કબીરપંથી મહંત શ્રી અભિલાષદાસજી, શ્રી લાભશંકર પુરોહિત સાહેબ, ડૉ. બળવંત જાની સાહેબ, ડૉ. પ્રભાશંકર તેરૈયા સાહેબ, ડૉ. નાથાલાલ ગોહિલ સાહેબ, ડૉ. હસુભાઈ યાજ્ઞિક, ડૉ. હસમુખભાઈ વ્યાસ, શ્રી નરોત્તમ પલાણ સાહેબ, ડૉ. રાજુલ દવે, ડૉ. મહેન્દ્ર ચોટલીયા, ડૉ. મુકુન્દચંદ્ર નાગર- આ સર્વે ગુરૂજનો અને વડીલ સ્નેહીજનોનો સહકાર, માર્ગદર્શન અને હૂંફ ન મળ્યા હોત તો હું આમાનું ઘણું બધું ચૂકી ગયો હોત.

મારી આ સંશોધનયાત્રમાં-છેક પ્રરંભથી માંડીને મહાનિબંધના બાઈન્ડિંગ સુધીની તમામ પ્રક્રિયાઓમાં સાથે રહેનાર, મારા પરમ સુહૃદ ડૉ. રમેશ મહેતાનું અહીં સ્મરણ ન કરું તો હું નગુણો જ ગણાઉં...

આ સાથે, શોધકાર્ય અંતર્ગત ફિલ્ડવર્કમાં સાથે રહેનાર ડૉ. બી. આર. ખાચરિયા, ડૉ. ગોપાલ નિરંજની તથા આ શોધકાર્યમાં પ્રોત્સાહન પુરૂં પાડનાર અમારી સંસ્થાના આચાર્ય શ્રી ડૉ. સી.વી.બાલધા સાહેબ તથા અમારી કૉલેજના તમામ કર્મચારીઓ તેમજ આ સંશોધન અંતર્ગત મૂલ્યવાન માહિતી પૂરી પાડનાર ભજનિકો અને માહિતીદાતાઓ-આ ક્ષણે યાદ આવે છે.

આ વિસ્તરતા બ્રહ્માંડમાં આખરી કશું જ નથી હોતું. તેમાંય આ સંત સાહિત્ય તો અગાધ સાગર છે. તેની ગહરાઈનું માપ કાઢવું આપણા માટે અસંભવ છે. અહીં જે કંઇ નવનીત હાથ લાધ્યું



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

છે, તે સંતની કૃપાનું જ પરિણામ છે. અને કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તેમાં હું કે મારો પ્રમાદ જવાબદાર છે. કોઈ જિજ્ઞાસુ ભાવક કે અભ્યાસુ જીવને મારું આ સંશોધન કાર્ય કોઈ પણ સ્વરૂપે ઉપયોગી થશે, તો તેને હું મારું સદ્‌ભાગ્ય માનીશ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## સંક્ષેપ સૂચિ

| | |
|---|---|
| અ.કા.કૃ. | અખાની કાવ્યકૃતિઓ-સં. ડૉ. શિવલાલ જેસલપુરા. |
| અ.કા. ખુશી | અનવર કાવ્ય યાને ગુલશને ખુશી. |
| અ.પ્ર.મૂ.સર. | અનુભવ પ્રકાશ મુક્તાવલી- શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી. |
| અ.ભ.ગુ.પ.ત્રિ. | અખા ભગતના ગુજરાતી પદ-સં. અનસૂયા ભૂ.ત્રિવેદી. |
| અ.વા.સ.સા. | અખાની વાણી- સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય. |
| આ.ભ.વા.મહેતા | આપણી ભજનવાણી-સં. ગંગદાસ પ્રાગજી મહેતા. |
| આ.વિ.ભ.સા. | આત્મવિલાસ ભજનસાગર યાને યોગવાળી-ભાગ-૧. |
| ઉ.વા.સ્પ. શર્મા | ઉલટીવાણીનું સ્પષ્ટીકરણ-શ્રી મન્નથુરામ શર્મા. |
| ઉ.વા.શં.મ. | ઊલટવાણી-ભાગ-૧. શ્રી શંકરમહારાજ. |
| એ.ગૂ.વા.શં.મ. | એકતારાની ગૂઢાર્થવાણી-કર્તા -પ. પૂ. શંકરમહારાજ. |
| ક.ઉ.અભિ. | કબીર કી ઉલટવાંસિયા-લે. અભિલાસ દાસ. |
| ક.ગ્રં. શ્યામ. | કબીર ગ્રંથાવલી-સં. શ્યામસુંદરદાસ. |
| ક.તથા સં.ભ. | કબીર તથા સંતોષનાથજીના ભજન. |
| ક.બી. | કબીર બીજક. |
| ક.સં.ક. કારાણી | કચ્છના સંતો અને કવિઓ-સં. દુલેરાય કરાણી. |
| ગ.સં. | ગહુંલી સંગ્રહ. |
| ગો.આ. કેશવલાલ | ગોરખનાથ આખ્યાન-સં. કવિ શ્રી કેશવલાલ. |
| ગો.નાથ. પટેલ | ગોરખનાથ - સં. હસમુખભાઈ પટેલ. |
| ગો.બા. શ્રીવાસ્તવ | ગોરખબાની-સં. રામલાલ શ્રીવાસ્તવ. |
| ગો.વા.સ.સા. | ગોરખવાણી-સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય. |
| ચૂ.ભ. પલાણ | ચૂંટેલા ભજન-સં. નરોત્તમ પલાણ. |
| જી.જ્યોત રા.ભ. | જીવણ જ્યોત-સં. રામજીભાઈ ભગત. |
| દા.દ. | દાનેવ દર્શન |
| દિ.ક. દિનકરદાસ | દિનકરદાસ કહે-સં. દિનકરદાસ. |
| ધી.ભ.પ. સંપટ | ધીરા ભગતના પદો-સં. ડુંગરશી ધરમશી સંપટ. |
| ન.ભ. ચૌહાણ | નટવરભજનાવલી-સં. રાજસિંહ ત્રિકમસિંહ ચૌહાણ. |
| બ્ર.ભ. હરિહર | બ્રહ્માનંદ ભજનમાળા-પ્રકા. હરિહર પુસ્તકાલય, સુરત. |
| બૃ.કા.દો. | બૃહદ કાવ્યદોહન ભાગ-૨. |
| બૃ.ભ.સા. | બૃહદ ભજન સાગર. |
| ભ.ર.મ.દ. | ભજન રસ- મકરન્દ દવે. |
| ભો.ભ.વા. | ભોજા ભગતની વાણી. |
| માં.મુ.ગ્ર. | માંમદ મુક્તમણી ગ્રંથ. |
| મો.મ.આ. ગોહિલ | મોરલો મરત લોકમાં આયો-ડૉ. નાથાલાલ ગોહિલ. |
| યો.વે.ભ.ભં. | યોગ વેદાંત ભજન ભંડાર. |
| ર.ર.દી.ગો. | રવિએ રમતાં દીઠો-ડૉ. નાથાલાલ ગોહિલ. |
| વે.ભ.સં. | વેદાન્તના ભજનનો સંગ્રહ. |



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

| | |
|---|---|
| શ્રી.ભ.સા.સ.સા. | શ્રી ભજનસાગર -ભાગ-૧-૨, સસ્તુ સાહિત્યવર્ધક. |
| સ.કે.વા.મ.દ. | સત કેરી વાણી-સં. મકરન્દ દવે. |
| સ.સ.નિ.ગુ. | સત્તની સરવાણી- સં. ડૉ. નિરંજન રાજ્યગુરુ. |
| સ.સ. | સતગુરુ સતધારા. |
| સં.પ.વિ. | સંત પરંપરા વિમષ. |
| સા.બ.છં.બં. | સાર બચન છંદ બંદ, ભાગ-૨. |
| સું.ગ્રં. શર્મા | સુંદર ગ્રંથાવલી-ખંડ-૨-સં. પુરોહિત હરિનારાયણ શર્મા. |
| સો.સં. | સોરઠી સંતવાણી.દા.દ. |
| સૌ.હ.ભ.ક. ગોહિલ | સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ-સં. ડૉ. નાથાલાલ ગોહિલ. |
| હ.સ્વ.વિ. શાહ | હરિયાળી સ્વરૂપ અને વિભાવના-લે. ડૉ. કવિન શાહ. |
| હા.મા.હ.હા. | હાલો મારા હરિજનની હાટડીએ. |



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

# અનુક્રમણિકા


| | | પાના નં. |
|---|---|---|
| પ્રકરણ-૧. | વિષય પ્રવેશ | ૧ |
| (૧) | ભૂમિકા. | ૧ |
| (૨) | સંત સાહિત્ય. | ૫ |
| (૩) | 'સંત' શબ્દની વ્યુત્પત્તિ. | ૬ |
| (૪) | સંતની લાક્ષણિકતાઓ. | ૧૧ |
| (૫) | સંત સાહિત્યની લાક્ષણિકતાઓ. | ૧૭ |
| પ્રકરણ-૨. | ખંડ-૧. અવળવાણી : સ્વરૂપ વિચારણા | ૨૮ |
| (૧) | ભૂમિકા. | ૨૯ |
| (૨) | અવળવાણી શબ્દ વિચાર. | ૩૩ |
| (૩) | અવળવાણી સમાનાર્થી-સમકક્ષ શબ્દો. | ૩૫ |
| (૪) | હિન્દી સાહિત્યમાં અવળવાણી વિષયક થયેલી ચર્ચા. | ૩૬ |
| (૫) | ગુજરાતી સાહિત્યમાં અવળવાણી વિષયક થયેલી ચર્ચા. | ૩૮ |
| (૬) | અવળવાણી સ્વરૂપ વિભાવના. | ૪૧ |
| (૭) | અવળવાણીની લાક્ષણિકતાઓ. | ૪૩ |
| (૮) | અવળવાણી-વ્યાખ્યા. | ૪૮ |
| (૯) | અવળવાણી : પ્રયોજન. | ૪૮ |
| | ખંડ-૨. અવળવાણી : નિકટવર્તી શૈલીસ્વરૂપો | ૫૩ |
| (૧) | ભૂમિકા. | ૫૩ |
| (૨) | કૂટ કાવ્ય. | ૫૩ |
| (૩) | પ્રહેલિકા-સમસ્યા-ઉખાણાં. | ૫૭ |
| (૪) | સંધા ભાષાની કેટલીક રચનાઓ. | ૬૬ |
| (૫) | હરિયાળી. | ૬૬ |
| (૬) | વિશ્વ સાહિત્યમાં અવળવાણી-નિકટવર્તી શૈલી-સ્વરૂપો. | ૬૯ |
| પ્રકરણ-૩. | અવળવાણી : પૂર્વ પરંપરા | ૭૭ |
| (૧) | ભૂમિકા. | ૭૮ |




PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૨) વૈદિક સાહિત્યમાં અવળવાણી. ૮૦
(૩) પૌરાણિક સાહિત્યમાં અવળવાણી. ૮૪
(૪) બૌદ્ધ-સિદ્ધોની પરંપરામાં અવળવાણી. ૮૬
(૫) નાથ પરંપરામાં અવળવાણી. ૯૨
(૬) ભારતીય સંત સાહિત્યમાં અવળવાણી. ૯૭

પ્રકરણ-૪. અવળવાણી વર્ગીકરણ ૧૧૩

(૧) ભૂમિકા. ૧૧૪
(૨) અવળવાણી વર્ગીકરણ. ૧૧૪

(૧) વિષય પ્રમાણે. ૧૧૪

(૧) સાધના વિષયક. ૧૧૫
(૨) માયા વિષયક. ૧૧૭
(૩) ગુરુ મહિમા વિષયક. ૧૧૯
(૪) ઉપદેશ પ્રધાન. ૧૨૨
(૫) શિષ્યની કસોટી વિષયક. ૧૨૪
(૬) વૈરાગ્ય વિષયક. ૧૨૫
(૭) સિદ્ધિ વિષયક. ૧૨૭

(૨) શૈલી પ્રમાણે. ૧૩૨

(૧) વિરોધ મૂલક. ૧૩૨
(૧) વિધિ-વિધાન મૂલક વિપર્યાસ. ૧૩૨
(૨) સ્વભાવ - પ્રકૃતિ મૂલક વિપર્યાસ. ૧૩૪
(૩) મૂળ ધર્મ વિરોધ મૂલક વિપર્યાસ. ૧૩૬
(૨) સાદશ્ય મૂલક. ૧૩૮
(૩) ગૂઢાર્થ મૂલક. ૧૪૧

(૩) પ્રયોજન પ્રમાણે. ૧૪૩

(૧) સાધનાકીય અનૂભુતિની અભિવ્યક્તિ. ૧૪૪



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૨) ગૃહ્ય - ગુપ્ત પ્રવૃત્તિ પ્રધાન. ૧૪૬
(૩) કુતૂહલ કે વિસ્મય પ્રધાન. ૧૪૭
(૪) પંડિતાઇ સામે પડકાર પ્રધાન. ૧૪૯
(૫) પરમતત્ત્વને પામી ગયાનું પ્રમાણ. ૧૫૦
(૬) પરંપરાના નિર્વાહ અર્થે. ૧૫૨

(૪) સ્વરૂપ પ્રમાણે. ૧૫૪

(૧) સાખી (૨) પદ (૩) છપ્પા
(૪) કાફી (૫) લોકગીત (૬) હાલરડાં
(૭) ગદ્ય

પ્રકરણ-૫. અવળવાણી અર્થઘટન:સમસ્યા અને સમાધાન ૧૬૬

(૧) ભૂમિકા. ૧૬૭
(૨) અવળવાણી : કેટલાંક નિરીક્ષણો. ૧૬૮
(૩) અસંબદ્ધ પ્રતીકાત્મકતા. ૧૯૮
(૪) પારિભાષિક શબ્દાવલી. ૨૨૨

ઉપસંહાર. ૨૩૯

પરિશિષ્ટ. ૨૪૪

(૧) ભૂમિકા. ૨૪૫
(૨) સંત કવિઓની ગુજરાતી અવળવાણી. ૨૪૬
(૩) જૈન ગૂર્જર અવળવાણી. ૩૨૧
(૪) પ્રતિનિધિરૂપ હિન્દી સંત કવિઓની અવળવાણી. ૩૪૦
(૫) સંદર્ભગ્રંથો. ૩૬૮
(૬) માહિતીદાતાઓ. ૩૭૭



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

# પ્રકરણ – ૧

## વિષય પ્રવેશ

(૧) ભૂમિકા.
(૨) સંત સાહિત્ય.
(૩) 'સંત' શબ્દની વ્યુત્પત્તિ.
(૪) સંતની લાક્ષણિકતાઓ.
(૫) સંત સાહિત્યની લાક્ષણિકતાઓ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## ભૂમિકા

સંત સાહિત્યના પ્રાદુર્ભાવ સંદર્ભે પ્રવર્તતા મત-મતાંતરોમાં એક મત એવો છે કે, સંત સાહિત્યનો ઉદ્‌ભવ પંદરમી સદી દરમ્યાન ભારતભરમાં થયેલા મુસ્લીમ આક્રમણના પ્રત્યાઘાતરૂપે થયો છે. પરંતુ આ ધારાના આધુનિક વિદ્વાનો કહે છે કે, 'ભારતીય લોક હૃદયમાં જેણે સદીઓથી પોતાનું આગવું સ્થાન પ્રસ્થાપિત કર્યું છે તે સંત સાહિત્યના મૂળ તો નાથ, બૌદ્ધ પરંપરાથી આગળ વધી ને છેક વૈદિક પરંપરામાં પડેલા જોઇ શકાય છે. બીજી રીતે કહીએ તો જનમાનસની નોળવેલ જેવા આ સંત સાહિત્યના પ્રાદુર્ભાવના મૂળ સતત પ્રવાહમાન એવી ભારતીય ચિંતનધારા સંબંધી લોક આંદોલન અને લોકભાષાના ક્રમશઃ વિકાસમાં પડેલા છે.

આપણે જાણીએ છીએ કે, ભારતીય ચિંતનધારા સતત ગતિશીલ અને વિકાસશીલ રહી છે. વૈદિક સાહિત્યથી માંડી સંતોની ગૂઢ-રહસ્યાત્મક વાણીના આવિર્ભાવ સુધી દાર્શનિકોએ તત્કાલીન સમાજમાં પ્રચલિત અંધશ્રદ્ધા, કુરિવાજ, રૂઢિઓ, બંધનો અને માન્યતાઓનો અનેક વાર પ્રતિકાર કર્યો છે. વૈદિક જડ કર્મ-કાંડના વિરોધમાં બૌદ્ધ અને જૈન પરંપરાએ જે દાર્શનિક વિચારો પ્રગટ કર્યા તેના ફલ સ્વરૂપ હિન્દુ લોક સમાજમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. કહો કે બાહ્ય આડંબરો અને સિદ્ધાંતોની ચુંગાલમાંથી છૂટી લોકસંવેદનાએ બૌદ્ધ અને જૈન ધારાનું શરણ સ્વીકાર્યું. પરિણામસ્વરૂપ તત્કાલીન લોક સમુદાયે બૌદ્ધ સાધુઓના ઉપદેશ મુજબ પરમતત્ત્વને પામવાની સાધનાધારા સ્વીકારી. બૌદ્ધ પરંપરાના પરવર્તી મહાયાન સંપ્રદાયનો પ્રભાવ તો સ્માર્ત વિચારકો ઉપર પણ પડયો. પરંતુ આનો અર્થ એ નથી કે ભારતીય લોક સમાજ કોઇ એક વિશિષ્ટ મત કે સંપ્રદાયથી પ્રભાવિત થઇ એની છાયા પકડીને બેસી રહે. એ તો આગળ કહ્યું તેમ સતત પ્રવાહમાન છે. એની ક્રિયા-પ્રતિક્રિયા જ વાસ્તવિક રૂપમાં સંત સાહિત્યની પૃષ્ઠ-ભૂમિ છે.

સમયાંતરે જ્યારે બૌદ્ધ પરંપરાની હિનયાન અને વજ્રયાન જેવી શાખાઓ વચ્ચે વધતા જતા કલહ, ખાસ કરીને હિનયાન પરંપરામાં તંત્રના બહાને વધતા જતા અનાચાર અને કુરિવાજો તેમજ શૈવ પરંપરા સાથેના તેના સતત સંઘર્ષોને કારણે સાધનાન્મુખ લોકચિંતકોએ બૌદ્ધ પરંપરા પરનો વિશ્વાસ ગુમાવ્યો. બીજી બાજુ શંકરાચાર્ય અને કુમારિલ જેવા આચાર્યોની પ્રતિભાથી વૈદિક ધર્મનો પુનરુત્થાન થતાં તેમ જ યુગપુરૂષ ગોરખનાથ જેવાના પ્રાદુર્ભાવથી સમગ્ર લોક સમાજ ફરી જાગૃત થયો. આ સાથે જૈન પરંપરા પણ બ્રાહ્મણધર્મની જેમ પોતાની મર્યાદા છોડી ન શકી, એટલે તળપદ લોક સમાજે એની આંગળી પણ છોડી દીધી. આ બાજુ કહેવાતા સુસંસ્કૃત સમાજે ઠોકી બેસાડેલા ઊંચ-નીચ, છૂત-અછૂતના ખ્યાલો, પંડિતોની તત્ત્વજ્ઞાન સંબંધી અહં ભાવના, જન્મજાત ઊભી કરેલી વર્ણ વ્યવસ્થા વગેરે જેવા વિસંવાદિત ઘટકોએ પદચ્યૂત સમાજને સંગઠિત થવાનો અવસર પૂરો પાડયો. જેની પ્રતિક્રિયારૂપ લોક સમાજે ગોરખનાથ જેવા મહાત્માઓ અને ગુરુઓનો આશ્રય મેળવી એમની સાધનાધારા સ્વીકારી.

આમ ભારતીય સંત સાહિત્યના પ્રાદુર્ભાવમાં વિધર્મીઓના આક્રમણ કરતાં પણ જન આંદોલનની ક્રિયા-પ્રતિક્રિયાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ સંદર્ભે શ્રી ઝવેરચંદ મેઘાણીએ 'સોરઠી સંતવાણી'ના પ્રવેશકમાં કરેલા નિર્દેશો જોવા જેવા છે. મેઘાણી લખે છે કે, -

''ઉપનિષદનો ભક્તિ સાધકવાદ જ મધ્યકાલીન ભક્તિવાદનું મૂળ ઝરણ છે. 'હિન્દી



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

સાહિત્ય કા ઈતિહાસ'ના વિદ્વાન હિન્દી લેખક શ્રી રામચંદ્ર શુક્લનું વિધાન આવું છે કે, 'દેશમાં મુસલમાનોની શાસન પ્રતિષ્ઠા થઈ, આંખો સામે મંદિરો તૂટવા લાગ્યાં, અને હિન્દુ જનતાના હૃદયમાં ગૌરવ કે ઉત્સાહને માટે સ્થાન ન રહ્યું, એટલે ન તો પોતાની વીરતાનાં ગાન બનાવી શકતા હતા, કે ન તો એ ગાનને વગર લજ્જાએ સાંભળી શકતા હતા. પોતાના પૌરૂષને હારી બેઠેલી હતાશ જાતિને માટે ભગવાનની શક્તિ તેમજ કરુણતા તરફ ધ્યાન લગાડવા વગર બીજો માર્ગ પણ શો હતો ?' શ્રી શુક્લના વિધાન પર ઉપહાસ કરતા બીજા પ્રખર વિદ્વાન શ્રી હજારી પ્રસાદ દ્વિવેદી ઉપલા મતનું ખંડન પોતાના 'સૂર સાહિત્ય ' નામના ગ્રંથમાં કરે છે. અને નિર્ણય આપે છે કે ભારતીય ચિંતન પ્રવાહ સ્વાભાવિક પણે જ આ ભકિતમાર્ગ તરફ આગળ વધતો હતો. શ્રી હજારી પ્રસાદ એમના 'હિન્દી સાહિત્ય કી ભૂમિકા'માં આ મુદ્દાની નીચે મુજબ આલોચના કરે છે : 'અંગ્રેજ વિદ્વાન ગ્રિયર્સને આ ભક્તિવાદના મહાન રાષ્ટ્ર વ્યાપી આંદોલનને નિહાળીને એવું વિધાન કર્યું કે 'પંદરમી સદી તેમ જ તેની પછીની શતાબ્દીઓનું સાહિત્ય વાંચવાનો મોકો મળ્યો હોય તેવા કોઈ પણ મનુષ્યને આ નવી તેમ જ પુરાણી ધાર્મિક ભાવનાઓની વચ્ચે પડેલા જબરદસ્ત વ્યવધાન લક્ષ્યમાં આવ્યા વગર રહેશે નહીં. આપણે એક એવા માર્મિક આંદોલનની સમક્ષ આવી ઊભીએ છીએ કે જે આંદોલનના કરતાં વધુ વિશાળ બીજું આંદોલન ભારતવર્ષે કદી જોયું નહોતું. બૌદ્ધ ધર્મના આંદોલનથી યે વધુ વિશાળ આ ભક્તિવાદનું મોજું હતું. કારણ કે એનો પ્રભાવ આજ પર્યંત મોજુદ છે. ધર્મ એ આ યુગમાં જ્ઞાનનો નહિ બલકે ભાવાવેશનો વિષય બની ગયો હતો. અહીંથી આપણે સાધના અને પ્રેમોલ્લાસ( મિસ્ટીસિઝમ એન્ડ રેપ્ચર )ના પ્રદેશમાં પ્રવેશીએ છીએ અને એવા આત્માઓનો સાક્ષાત્કાર કરીએ છીએ કે જે કાશીના દિગ્વિજ્યવંત પંડિતોની કોટિના નહિ પણ જેમની સરખામણી મધ્યયુગના યુરોપી સંત બર્નાર્ડ થોમસ અને સંત થેરીસાની સાથે થઈ શકે છે.' હિન્દી સંસ્કૃતિ-વિકાસના એ વિદેશી નિરીક્ષકે વિશેષમાં લખ્યું કે, 'વીજળીના ચમકારાની પેઠે અચાનક આ સમસ્ત પુરાણા ધાર્મિક મતોના અંધકારની ઉપર એક નવી વાતે દેખા દીધી. કોઈ એના પ્રાદુર્ભાવનો સમય પણ નકકી ન કરી શકયું.' ગ્રિયર્સનને લાગ્યું કે આ તો ખ્રિસ્તી ધર્મને આભારી હતું.'શ્રી હજારી પ્રસાદજી આ વિધાનના પ્રતિવાદમાં કહે છે કે 'આ વાત વીજળીના ચમકારા જેવી અણધારી નહોતી. એને માટે તો સેંકડો વર્ષોથી મેઘાડમ્બરની જમાવટ થઈ રહી હતી''[૧]

વિવિધ વિદ્વાનોના મંતવ્યો સાથેના શ્રી મેઘાણીના આ નિરીક્ષણો અને ધર્મ સાધનાના ઐતિહાસિક અભ્યાસથી એવું પ્રતીત થાય છે કે સંત સાહિત્યના પ્રાદુર્ભાવમાં વિધર્મિઓના આક્રમણ કરતા ભારતીય ચિંતન પ્રવાહે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે સંત સાહિત્યના પ્રાદુર્ભાવમાં જન આંદોલનની સાથે તત્કાલીન ભાષાના સ્થાપનાકીય પરિબળોએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યની કલાત્મક અભિવ્યકિત અને મધ્યકાલીન સંત કવિઓ દ્વારા સધુકડી ભાષામાં પ્રગટ થયેલી ગૂઢ-રહસ્યાત્મક અટપટી વાણીમાં જે ભાષાકીય અંતર જોવા મળે છે, તેનું કારણ સમગ્ર ભારતમાં પ્રસ્થાપિત થતી જતી પ્રાંતીય ભાષાનો સ્થાપના કાળ છે. અને એટલા જ માટે બુદ્ધ અને મહાવીરે પ્રશિષ્ટ સંસ્કૃતને બદલે તત્કાલીન લોક-બોલીના માધ્યમે જ લોકોને ઉપદેશ આપ્યો. આ સંદર્ભે હિન્દી ભાષાસાહિત્યના વિદ્વાન ડૉ.કોમલસિંહ સોલંકી કહે છે કે, 'પ્રત્યેક જન આંદોલન લોક ભાષા



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

કે દ્વારા હી પ્રભાવશાલી હુઆ હૈ, ઈસ રુપ મેં પ્રત્યેક લોક ભાષા કા અપના સાહિત્ય ભી હોતા હૈ, બૌદ્ધો દ્વારા લોક ચિન્તા કા માધ્યમ પ્રાકૃત રહા ઔર જૈનો કા અપભ્રંશ. સિદ્ધો ઔર નાથો કી અભિવ્યક્તિ કા સ્વરૂપ તો લોક ભાષા મેં હી ઉપલબ્ધ હોતા હૈ, પર પંડિત વર્ગ ઐાર રાજ્યાશ્રિત કવિયોને ભી લોક ભાષા કો અપના કર અભિવ્યક્તિ કો જન સૂલભ કરને કી ચેષ્ટા કી.'(૨)

ભારતીય સંત સાહિત્યના ઉદ્ભવમાં ભાષાકીય પરિબળો કઈ રીતે મહત્વનો ભાગ ભજવે છે તેનો સમ્યક ચિતાર આપણને 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના ૪૨ માં અધિવેશનના અધ્યક્ષ શ્રી નરોત્તમ પલાણે આપેલ અધ્યક્ષીય પ્રવચનમાંથી પણ મળી રહે છે. તેઓએ કહેલું કે-

> 'આપને ઈતિહાસના અર્ણવમાં લઈ જવા નથી માંગતો પણ આપણી લોકબોલીની દસ્તાવેજીકરણ પામેલી હાલ પ્રાપ્ત જૂનામાં જૂની તારીખ અને વલ્લભીભંગની તારીખ કેવી પાસે પાસે છે, જેની એક કડી તરીકે આપ વિચાર કરી શકો તે માટે જણાવું છું કે 'કુવલયમાલા'નું સર્જન ઈ.સ. ૭૭૮ માં છે અને તે પછી માત્ર દશ વર્ષ ઈ. સ. ૭૮૮ માં વલ્લભીભંગ છે ! 'કુવલયમાલા' તે વખતની બોલચાલની ભાષાનો પરિચય આપે છે, આટલું જ નહી એ સમયના વિદ્યાર્થીઓ વચ્ચે થતી વાત-ચિતના નમૂના પણ - 'હે જનાર્દન, હું પૂછ છું કે ગઈ કાલે તમે કયાં જમ્યા !' વગેરેમાં મળે છે ! યાદ રહે, આ ભાષાને સાતમી સદીનો દંડી 'આભીરોની ગીરા' તરીકે ઓળખાવે છે ! વલ્લભી તામ્રપત્રમાં મળતા સંસ્કૃતેતર સ્થાનિક શબ્દો, આઠમી સદીની 'કુવલયમાલા'માં પ્રાપ્ત 'અપ્પા તુપ્પા ભણી રે-અપ્પા-તપ્પા બોલતા લોકો ' જેવા વાકયો અને જૈન તથા ચારણી રચનાઓ સાથે ગુજરાતી ભજન સાહિત્યના આદિસ્રોતનો વિચાર પણ કરવાનો રહે...ભજનનું ઉદ્ગમસ્થાન શોધવા આપણે નાથ પરંપરામાં ખણખોદ કરવી જોઈએ. યોગાનુયોગ નાથ પરંપરાના આદ્યસ્થાપકોના નામે જેમ બંગાળીમાં, હિન્દીમાં, પંજાબીમાં તેમ ગુજરાતીમાં પણ રચનાઓ મળે છે ! બંગાળી અને હિન્દી ઉદ્ગમ તો નાથ સિદ્ધોની વાણીમાં જોવા મળે છે, શું ગુજરાતીનો ઉદ્ગમ પણ નાથબાનીમાં હશે ! ભજનવાણીમાં યોજાતા ખાસ પ્રયોગો અને **અવળવાણીનાં** મૂળિયાં પણ નાથ સિદ્ધોની વાણીમાં અનુમાની શકાય છે. ઈ.સ.ની આઠમી સદીના અંતના વલ્લભીભંગ પછી આપણી રાજકીય, સામાજિક, સાહિત્યિક અને સાંસ્કૃતિક પરંપરાઓમાં બહુ મોટું પરિવર્તન આવ્યું છે. સૌથી મોટી ઘટના એ કે નવમી સદીના આરંભથી સમગ્ર પશ્ચિમ ભારત નાના-મોટા રાજપૂત રાજ્યોમાં ટૂકડા થઈ રહ્યું છે. વર્ણવ્યવસ્થા જે કર્મપ્રધાન હતી તે જન્મજાત બની, જેણે પાછળનાં સમયમાં બ્રાહ્મણને પૂજ્ય અને શૂદ્રને અસ્પૃશ્ય બનાવી દીધા. ઈસ્લામી એકેશ્વરવાદે ભક્તિ આંદોલનને વેગ આપ્યો. આદ્યશંકરાચાર્યનું ગુજરાત ભ્રમણ, બૌદ્ધોના વિલીનીકરણની પ્રક્રિયા, પારસીઓનું આગમન અને ખાસ તો પ્રાદેશિક ભાષાઓનો ઉદય તથા ક્રમશ: રાજભાષા તરીકે સ્વીકાર....આ પાંચસો વર્ષ સંસ્કૃત ભાષાના પ્રભાવ હેઠળ છે. એના સાહિત્ય સ્વરૂપોમાં મુક્તક, ગીત, ફાગુ, રાસુ, રાસા, પ્રબંધ, સ્તવન, સ્તુતિ, શ્લોક, ધવલ, દુહો, છંદ, ચર્ચરી અને બાલાવબોધ જેવું ગદ્ય વગેરે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશની પરંપરામાં છે. આ પાંચસો વર્ષમાં સર્વત્ર રાજપૂત રાજ્યો છે અને ધર્મ પણ હિન્દુ એટલે કે બ્રાહ્મણ, બૌદ્ધ, જૈન છે...મોટા ભાગના રાજપૂત રાજ્યો પાસે એનો પોતાનો રાજકવિ છે અને તે ચારણ છે ! વલ્લભીભંગ પછી જે મોટું પરિવર્તન આવ્યું તેવું બીજું મહાપરિવર્તન કરણઘેલાના પતન પછી આવ્યું છે. રાજપૂત યુગ અહીં પૂરો



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

થાય છે અને ચૌદમીના આરંભ સાથે સલ્તનતયુગ શરૂ થાય છે, ફારસી રાજભાષા બને છે અને શાસનથી સમાજ સુધી સર્વત્ર મુસ્લિમ પ્રભાવ છે...મંદિરો તૂટ્યા છે, મસ્જિદો ઊભી થઈ છે અને અહમદશાહ (પ્રથમ) તથા મહમદ બેગડા જેવા શાસકોએ ધર્માન્તર માટે ત્રાસ પણ ફેલાવ્યો છે....કોઈ શક્તિશાળી હિન્દુ શાસક કે ધર્મગુરુ રહ્યા નથી. પરિણામે દરેક પ્રદેશમાં એનો પોતાનો સંત કવિ ઊભો થાય છે, પોતાના ધર્મ સંસ્કારો અને કુટુંબ પરંપરાને બચાવવા પ્રયત્ન કર્યો છે. કાલી ઘેલી ભાષામાં સાહિત્ય સર્જન કર્યું છે અને પોતાની આંતરસૂઝ દ્વારા નાના એવા ધર્મપંથની નીક તૈયાર કરી છે.''(૩)

સત્યના પ્રચારક એવા આ સંતકવિઓ માટે ભાષા કે કવિતા એ ઉપદેશ આપવાનું એક સાધન માત્ર હતું, પોતાનો આ ઉપદેશ શિક્ષિત સમાજ પૂરતો સીમીત ન રહી જાય એટલા માટે તેઓએ સ્થાનિક બોલીના સહારે, સર્વસાધારણ લોકસમાજ અને એના હૃદય સુધી પહોંચવાનો પ્રયત્ન કર્યો છે.

આ રીતે સંત સાહિત્યના મેઘાડમ્બરની જમાવટ તો સેંકડો વર્ષોથી થઈ રહી હતી અને તેના પ્રાદુર્ભાવમાં કોઈ એકાદ ઘટના નહીં, પણ સતત પ્રવાહિત એવી ભારતીય ચિંતનધારા, જન આંદોલનની ક્રિયા-પ્રતિક્રિયા, લોકભાષાનો સ્થાપના કાળ, વિધર્મીઓનું આક્રમણ રાજકીય, સામાજીક, સાંસ્કૃતિક પરિસ્થિતિ અને આસૂરિ તત્ત્વો એમ અનેકવિધ પરિબળોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

## સંત સાહિત્ય

ઉપરોક્ત કારણોસર સારા યે ભારતમાં ઉદ્‌ભવેલ ભક્તિ આંદોલન અને તદ્‌જન્ય સંત સાહિત્યનો પ્રભાવ, ઉત્તર મધ્યકાલ સુધીના સમયગાળામાં સમગ્ર ભારતમાં પ્રસરી ચૂકયો હતો. પ્રકૃતિના ખોળે ઉછરનારા લોકસંતોએ વૈદિક જડ ક્રિયાકાંડોનો વિરોધ કરી, સંસારની વચ્ચે રહીને પણ પરમતત્ત્વની ઉપાસના થઈ શકે એવી સહજ સાધના વિકસાવી. ઊંચ-નીચ, નાત-જાત વગેરેના ભેદ-ભાવ મીટાવી, નિમ્ન વર્ગને પણ આ સાધનાનો અધિકાર પ્રાપ્ત થાય એવાં વલણો અખત્યાર કર્યા. પરિણામે સંપ્રદાયની જટાજાળમાં અટવાતી પ્રજાને રાહત મળી. સાફ-સૂથરી જીવનશૈલી, કહેણી એવી જ રહેણી અને લોકાભિમૂખ બની રહેવાની ઉમદા વૃત્તિને કારણે આ લોક સંતોને લોકસમાજમાંથી પણ બહોળો પ્રતિસાદ મળ્યો.

ધીમે-ધીમે ભજનિક સંતોની વાણીમાં વૈયક્તિક અનુભૂતિ, નિજી અનુભવો, કંઠોપકંઠ ઝીલાતું આવતું પરંપરાનું જ્ઞાન, પોતાના પ્રાંતની અને પોતાની આગવી જીવન અને ભાષાશૈલી વગેરે જેવા તત્ત્વો ઉમેરાતા, ભારતના દરેક પ્રાંતમાં સંતવાણીનાં નિર-નિરાળાં રૂપ વિકસતા ગયા. કંઠોપકંઠ પરંપરાને કારણે કોઈ પ્રદેશ-ભાષા કે સંત દ્વારા થયેલા પ્રયોગોનું અન્ય પ્રદેશ કે ભાષાઓમાં અનુકરણ-અનુસરણ પણ થયું.

આપણે ત્યાં ગુજરાતમાં અત્યંત સમૃદ્ધ એવું કંઈક અંશે હસ્તપ્રતોમાં સચવાયેલ અને મુખ્યત્વે કંઠોપકંઠ પરંપરામાં સચવાયેલ વિવિધ પંથ-સંપ્રદાયના પ્રવર્તકો, સાધકો, સંતોની અધ્યાત્મ અનુભૂતિની અભિવ્યક્તિ રૂપે સાંપડેલ સંત સાહિત્યનું અધ્યયન - સંશોધન વિવિધ દષ્ટિકોણથી થતું રહ્યું છે. તેમ છતાં આ પ્રકારના સાહિત્યના પ્રયોક્તાની વ્યક્તિતા વેદાન્તી, જ્ઞાની, મર્મી, સિદ્ધ, સંત, ધ્યાની, સૂફી એમ અનેક રંગે રંગાયેલી હોવાથી આપણે ત્યાં 'સંત' શબ્દથી માંડીને 'સંત'ની



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

વ્યાખ્યા, સંત અને ભક્ત, સગુણ અને નિર્ગુણ, તેની વિવિધ ધારા-શાખાઓ વગેરે વિષયક વિદ્વાનોમાં પણ કેટલીક ગેરસમજ અને મતમતાંતરો પ્રવર્તતા રહ્યાં છે.

ડૉ. નિરંજન રાજ્યગુરુ કહે છે તેમ સંતનું જીવન અદ્ભૂત, બહુ પરિમાણી અને મેઘ ધનુષ્યની સપ્તરંગી જ નહીં પણ અનેકરંગી રંગછટાઓથી વિલસતું હોય છે.(૪) સંત એક બાજુથી સગુણ - સાકારનો ઉપાસક છે તો વળી બીજી બાજુથી નિર્ગુણ નિરાકારનો પણ ઉપાસક છે. વળી તે પરંપરાનો રક્ષક-રખેવાળ છે. તો સાથે સત્-અસત્ના વિવેકથી રૂઢ પરંપરાને તોડનાર ક્રાંતિકારી પણ છે. બીજી રીતે કહીએ તો તેમની વ્યક્તિતા એક બાજુથી ચૈતન્યના વિરાટરૂપને પોતાનામાં સમાહિત કરે છે, તો બીજી બાજુથી સૂક્ષ્માતિસૂક્ષ્મ રૂપને પણ આત્મસાત કરે છે. પરિણામે તેમની સમગ્ર સંવિત્તિ વેદો, ઉપનિષદો, આરણ્યકો, ભગવદ્ગીતા, ચર્યાગીતો, આગમો, પિટક, જાતક વગેરે ગ્રંથો. બૌદ્ધદર્શન, જૈન દર્શન, નાથ સંપ્રદાય, સૂફી સાધના, મંત્ર-તંત્ર-યોગ સાધના, શૈવ, શાકત, વૈષ્ણવ વગેરે પંથ-પરંપરા અને જ્ઞાન, ભક્તિ, પ્રેમ, વૈરાગ્ય જેવી ધારાઓથી પરિપ્લાવિત થયેલી હોય છે. અને આ બધાં જ વાનાં એક રસાયણ રૂપે તેમની વાણીમાં પ્રગટ થતાં હોવાથી જિજ્ઞાસુ અભ્યાસુની સામે અનેક પ્રકારના પ્રશ્નો ઊભા કરે છે.

અહીં આ પ્રશ્નોનું સમાધાન સાધવા સંત સાહિત્યમાં અવળવાણી વિષયક અભ્યાસ કરતાં પહેલા, આ ધારાના વિદ્વાનોના મંતવ્યોના સહારે 'સંત' શબ્દથી માંડી 'સંતસાહિત્ય'નો આછો ચિતાર આપવાનો ઉપક્રમ સેવ્યો છે.

## સંત શબ્દની વ્યુત્પત્તિ

ભારતીય અધ્યાત્મ સંસ્કૃતિમાં 'સંત'ના વિરાટ વ્યક્તિત્ત્વની જેમ વ્યાપક અર્થ-સંદર્ભ ધરાવતો 'સંત'શબ્દ મૂળે તો સંસ્કૃતના 'અસ્' ધાતુ ( હોવુંના અર્થમાં ) પરથી વ્યુત્પન્ન થયેલા 'સત્' શબ્દ પરથી ઉતરી આવ્યો છે.

સંત શબ્દને સામાજિક દષ્ટિકોણથી જોઇએ તો આપણે ત્યાં આ શબ્દ એક બાજુથી બ્રહ્મ કે પરમાત્મા માટે પ્રયોજાય છે તો બીજી બાજુથી પવિત્ર, બુદ્ધિમાન, સજ્જન, સદાચારી, સત્-અસત્નો વિવેક કરનાર વ્યક્તિ વિશેષને માટે પણ પ્રયોજાય છે. ઉપરાંત સંસારનો ત્યાગ કરી વૈરાગી બનેલા સાધુઓ માટે પણ ' સંત' શબ્દ પ્રયોજાય છે. આમ એક બાજુથી ' બ્રહ્મ' માટે અને બીજી બાજુથી 'બ્રહ્મવેત્તા' માટે પ્રયોજાતો ' સંત' શબ્દ વ્યાપક અર્થ સંદર્ભો ધરાવે છે.

ઐતિહાસિક દષ્ટિકોણથી જોઇએ તો સંત શબ્દનો પ્રયોગ ભારતીય સાહિત્યમાં છેક વૈદિક કાળથી અનેકવિધ અર્થ સંદર્ભે થતો રહ્યો છે. ઋગ્વેદમાં 'સત્' શબ્દ 'બ્રહ્મ' (પરમાત્મા)ના સંદર્ભે પ્રયોજાયો છે. તો ઉપનિષદ કાળમાં 'સત્'શબ્દ બ્રહ્મ અને બ્રહ્મવેત્તા બન્નેના પર્યાય રૂપે પ્રયોજાયેલો જોવા મળે છે. જેમકે-'છાંદોગ્યોપનિષદ્'માં કહ્યું છે કે - 'સદેવ સોમ્યેદમગ્ર આસીદેકમેવા દ્વિતીયમ્.' (૫) અર્થાત્, આરંભમાં કેવળ એક અદ્વિતીય સત્ (બ્રહ્મ) જ પ્રવર્તમાન હતું. તો તૈત્તિરીયોપનિષદ્'માં કહેવાયું છે કે -

> 'અસન્નેવ સ ભવતિ, અસદ્ બ્રહ્મેતિ વેદ્ ચેત્,
> અસ્તિ બ્રહ્મેતિ ચેદ્ વેદ્, સન્તમેનં વિદુર્બુધા.'(૬)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

અર્થાત્, જો કોઈ પુરુષ 'બ્રહ્મ સત્ય છે' ના મર્મને પામી જાય, તો તેવી વ્યક્તિને જ્ઞાની લોકો 'સત્' સ્વરૂપે ઓળખે છે. અને જો કોઈ પુરુષ 'બ્રહ્મ અસત્ય' છે એવા મર્મને પામી જાય છે તો તે સ્વયં અસત્ બની જાય છે.

આમ અહીં જોઈ શકાય છે કે ' સત્ ' શબ્દ 'છાંદોગ્યોપનિષદ્'માં 'બ્રહ્મ'ના સંદર્ભે પ્રયોજાયો છે, તો ' તૈત્તિરીયોપનિષદ્' માં 'બ્રહ્મવેત્તા' માટે પ્રયોજાયો છે.

વૈદિકકાળમાં બ્રહ્મ અને બ્રહ્મવેત્તા માટે પ્રયોજાતો આ 'સત્' શબ્દ મહાભારતકાળમાં અર્થપરિવર્તન પામી અનેકવિધ અર્થ સંદર્ભે પ્રયોજાયેલો જોવા મળે છે. મહાભારતમાં સંત શબ્દનો પ્રયોગ સદાચારી કે ધર્મચારીના અર્થમાં થયો છે. તો 'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં બ્રહ્મ, સત્કર્મ, સાધુ, સદાચારી એમ અનેકવિધ રીતે પ્રયોજાયો છે.

'સદ્ભાવે સાધુ ભાવે ચ સદિત્યેતત્પ્રયુજ્યતે,
પ્રશસ્તે કર્મણિ તથા સચ્છબ્દઃ પાર્થ યુજ્યતે.
યસે તપસિ દાને ચ સ્થિતિઃ સદિતિ ચોચ્યતે,
કર્મ ચૈવ તદર્થીયં સદિત્યેવાભિધીયતે.' (૭)

અર્થાત્, સદ્ભાવ ( સત્યતાનો ભાવ ) તથા સાધુભાવ ( શ્રેષ્ઠતાનો ભાવ) દર્શાવવા માટે 'સત્' એવા પરમાત્માના નામનો પ્રયોગ કરાય છે, તથા હે પાર્થ ! ઉત્તમ કર્મમાં પણ 'સત્' શબ્દ યોજાય છે. તથા યજ્ઞમાં, તપમાં અને દાનમાં સ્થિતિ થવી કે સ્થિત થવું તે પણ 'સત્' એમ કહેવાય છે અને તે યજ્ઞાદિને માટે અથવા જે પરમાત્માની પ્રીતિ અર્થે જે કર્મ કરાય તે પણ 'સત્' એમ કહેવાય છે.

'ભાગવત્ પુરાણ'માં સંત શબ્દનો પ્રયોગ 'પવિત્ર આત્મા'ના અર્થમાં થયો છે. (૮) તો મહા કવિ કાલિદાસે 'સંત' શબ્દ 'સત્ય-અસત્યનો વિવેક કરનાર બુદ્ધિમાન વ્યક્તિ માટે પ્રયોજ્યો છે.'(૯) બૌદ્ધ સિદ્ધોની પાલિ ભાષામાં લખાયેલ પ્રસિદ્ધ ધર્મ ગ્રન્થ 'ધમ્મપદ'માં આ શબ્દ 'શાંત'ના અર્થ સંદર્ભે પ્રયોજાયેલો જોવા મળે છે. તો 'નિરુક્ત'માં પણ 'સન્તિ (શાન્તિ)શમનં શાન્તિઃ'(૧૦) એમ ' શાંત'ના અર્થ સંદર્ભે જ પ્રયોજાયો હોય તેમ જણાય છે.

વૈદિક સંસ્કૃત-પ્રાકૃત ઉપરાંત મધ્યકાલીન ભારતીય સંત સાહિત્યમાં પણ 'સંત' શબ્દ વિવિધ અર્થ છાયા ફેલાવતો વ્યવહૃત થતો રહ્યો છે. કબીર સાહેબ કહે છે –

'નિરવૈરી નિહકામતા, સાંઈ સેતી નેહ,
વિષયા સુ ન્યારા રહે, સંતન કા અંગ એહ.'(૧૧)

અર્થાત્, જે વેર રહિત હોય, કામના રહિત હોય, જેને ઈશ્વર પ્રત્યે અનુરાગ હોય તેમજ જે સંસારથી પર હોય તેને કબીર સાહેબ 'સંત' કહે છે. તો સુન્દરદાસ'સન્ત ઉંહૈ અપનૌ સત રાષૈ'(૧૨) અર્થાત્, જે પોતાના સત્યની (આત્મ સત્વની)રક્ષા કરે છે તેને સંત કહે છે. પલટૂ સાહેબ તથા ગરીબદાસજી સંત અને પરમાત્માને એક માને છે.

'સંત ઔર રામ કો એક કૈ જાનિયે'(૧૩)

'સાંઈ સરીખે સંત હૈ, યામે મીન ન મેખ'(૧૪)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

તુલસીદાસ કહે છે, 'જેને નથી કોઈ મિત્ર કે નથી કોઈ શત્રુ, જેને મન બધા જ સરખા છે, હું એવા સંતને વંદન કરું છું.'

'બંદઉ સંત સમાન ચિત્ત, હિત અનહિત નહિ કોઈ,
અંજલિગત સભ સુમન જિમિ, સમ સુગંધ કર દો હુ.' (૧૫)

હિન્દી સંત કવિઓની જેમ મધ્યકાલીન ગુજરાતી સંત કવિઓએ 'સંત' શબ્દને બ્રહ્મ, બ્રહ્મવેત્તા, સદાચારી, જ્ઞાની, પવિત્ર આત્મા જેવા વૈદિક અર્થ- સંદર્ભો ઉપરાંત ગુરુ, અધ્યાત્મપંથી, જીવમાત્રની સેવા કરનાર-નિષ્કામ વ્યક્તિને માટે પણ પ્રયોજ્યો છે. આપણો ગુજરાતી જ્ઞાની કવિ અખો કહે છે –

'રામ રમે જુગ સારા, સંતો ભાઈ રામ રમે જુગ સારા,
જગત, જગત કા કૃત્ય ન દેખે, બ્રહ્મવેત્તા સંત સોઈ ;
ઔર સકલ બાતન કે રસિયા, ટળે નહિ દુજા દોઈ.'(૧૬)

આમ અખો 'બ્રહ્મવેત્તા' માટે 'સંત' શબ્દને પ્રયોજે છે તો રવિ-ભાણ પરંપરાના રવિ સાહેબ 'ગુરુ'ને જ 'સંત' કે 'સત્'નો દરજ્જો આપી 'ગુરુ' માટે 'સંત' શબ્દનો પ્રયોગ કરે છે.

'મેં બાલક સત્ગુરુકા, સેવક સંતનકા સંતનકા,
સત્ગુરુ હૈ પુરુષોતમ પૂરા, જુજણ સંત સિપાઈ સૂરા,
જોઈ લીયા બંકા ગઢ નૂરા, ખોજી અનંતકા અનંતકા.'(૧૭)

આજ પરંપરાના ખીમસાહેબ અને દાસીજીવણ 'સંત' શબ્દને દયાળુ, શીલવાન, જીવનમુક્ત જેવા અર્થ-સંદર્ભે પ્રયોજતા લખે છે –

'સંગત્યું કરો તો કોઈ સંતની, આધિ-વ્યાધિ મટી જાય.
સંત છે દયાળુ શીલના દેવતા, પૂરવના પાપો બળી જાય.' (૧૮)
'જીવન મુગ્તા જેને સંતો જાણીયે, પ્રીતું ગુરુજીસે પાળે,
શબ્દ વિચારી મહાસંતને સેવીયે, તો ત્રિગુણી ફાંસી લઈ ટળે.' (૧૯)

આમ જોઈ શકાય કે ભારતીય અધ્યાતમ-સંત પરંપરામાં 'સંત' શબ્દનો પ્રયોગ બ્રહ્મ, બ્રહ્મવેત્તા, સાધુ, ઉપાસક, સેવક, ક્ષમાશીલ, પરોપકારી, દાનશીલ, પવિત્ર આત્મા, સદાચારી, દ્વૈત-અદ્વૈત કે સત્-અસત્નો વિવેક કરનાર, શાંતિ આપનાર, જ્ઞાની, ગુરુ, અધ્યાત્મપંથી એમ વ્યાપક અર્થ-સંદર્ભે વ્યવહૃત થતો રહ્યો છે.

'સંત' શબ્દ વિષયક ઉપરોકત આલેખ સાથે ભારતીય સંતવાણીમાં સંત શબ્દ જે વિશિષ્ટ અર્થ સંદર્ભ ધરાવે છે તે વિશે હિન્દીભાષી વિદ્વાનોના મંતવ્યો પણ અહીં તપાસવા જેવા છે.

### પીતામ્બરદત્ત બડ્થ્વાલ

ભારતીય સંત સાહિત્યના અભ્યાસુ-વિદ્વાન શ્રી પીતામ્બરદત્ત બડ્થ્વાલ 'સંત'શબ્દની વ્યુત્પત્તિ સંદર્ભે પોતાનો દૃષ્ટિકોણ વ્યક્ત કરતા કહે છે કે –'સંત શબ્દ કી ઉત્પત્તિ દો પ્રકાર સે સંભવ હૈ. એક, વહ 'સત્ત' કા બહુવચન હો સકતા હે, જીસકા હિન્દી મેં એકવચન કા પ્રયોગ હુઆ હૈ;



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

દૂસરા, વહ શાંત કા અપભ્રંશરૂપ હો સકતા હે જૈસા પાલી ભાષામેં હોતા હૈ. પહલી વ્યુત્પત્તિ સે સંત કે માને હોંગે – જો સત્ હૈ અથવા જિસે સત્ કી અનુભૂતિ હો ગયી હૈ, દૂસરી સે જિસકી કામનાએં શાંત હો ચુકી હૈ. દોનો અર્થ 'સંત' પર ઠીક ઉતરતા હૈ.' (૨૦)

## આચાર્ય પરશુરામ અતુર્વેદી

'સંત' શબ્દ ઈસ વિચાર સે ઉસ વ્યક્તિ કી ઔર સંકેત કરતા હૈ જિસને 'સત્' રૂપી પરમતત્ત્વ કા અનુભવ કર લિયા હો ઔર જો ઈસ પ્રકાર અપને વ્યક્તિત્ત્વસે ઉપર ઉઠકર ઉસકે સાથ તદ્રૂપ હો ગયા હો. જો સત્ય સ્વરુપ નિત્ય સિદ્ધ વસ્તુ કા સાક્ષાત્કાર કર ચુકા હૈ અથવા અપરોક્ષ કી ઉપલબ્ધિ કે ફલ સ્વરુપ અખંડ સત્ય મેં પ્રતિષ્ઠિત હો ગયા હૈ વહી સંત હૈ.(૨૧)

આ ઉપરાંત આચાર્ય પરશુરામ ચતુર્વેદી પોતાના પુસ્તક 'મધ્યકાલીન સાહિત્યિક પ્રવૃત્તિયાઁ, માં સેંટ બર્નાર્ડ (સન. ૧૦૯૦), સેંટ જૉન ( સન. ૧૨૯૩), સેંટ ટેરેસા ( સન. ૧૫૧૫), તામિલ કવિ માણિવક, દક્ષિણના આલ્વાર ભક્તો, મરાઠી કવયિત્રી મહદાહસા વગેરેને 'સંત' તરીકે જ ઓળખાવે છે.

## ડૉ. કૌમલસિંહ સોલંકી

ડૉ. કૌમલસિંહ સોલંકી પોતાના શોધ નિબંધ 'નાથપંથ ઔર નિર્ગુણ સંત કાવ્ય'માં સંત શબ્દ સંદર્ભે ડૉ. રાનડેનો મત ટાંકતા કહે છે કે – 'સંત શબ્દ કા પ્રયોગ આગે ચલકર ઉન ભક્તો કે લિએ પ્રયુક્ત હુઆ હૈ જો વારકરી સંપ્રદાય કે મતાનુયાયી થે.'(૨૨)

## રાજદેવસિંહ

'સંત શબ્દ કા પ્રયોગ કેવલ નિર્ગુણ બ્રહ્મ કે સાધકો કા બોધ ન કરાકર પરોપકારી, પરદુઃખ કાતર, સદાચારી, પવિત્ર આત્મા, સજ્જન – બુદ્ધિમાન, સદ્અસદ્ વિવેકશીલ, અરાગ, દ્વન્દ્વાતીત, ઈશ્વર, એવં વેદ કે પ્રતિ આસ્થાશીલ, નિર્વિકાર ચિત્તવાલે, મહા પુરુષકા અર્થ દેતા હૈ. (૨૩)

## શ્રી રાહુલ સાંકૃત્યાયન

શ્રી રાહુલ સાંકૃત્યાયન ઐતિહાસિક દષ્ટિકોણથી 'સંત' શબ્દનું મૂલ્યાંકન કરતા કહે છે કે – 'ઐતિહાસિક કાલ(બુદ્ધ કે સમય)સે તો હમેં સંતો કી પરમ્પરા સ્પષ્ટ દીખ પડ઼તી હૈ. વેદ કાલમેં ઈન્હી કો ઋષિ કહા જાતા થા, ફિર મુનિ, જો કિ ઉસી અર્થ બુદ્ધકાલ મેં ભી મૌજૂદ થા. બહુપ્રચાર સે શબ્દો કા મૂલ્ય કમ હો જાતા હૈ લેકિન યહ બાત રહસ્યવાદી ક્ષેત્ર પર લાગૂ નહીં હોતી. ઋષિ ચિરપરિચિત ઔર બહુ પ્રચલિત શબ્દ હૈ, લેકિન વહ ઈતના ઊંચા સમજા જાને લગા કિ કિસી યોગ્ય સે યોગ્ય વ્યક્તિ કે લિએ ઉસકા ઉપયોગ મુશ્કિલ હો પડ઼ા. મુનિ કે ચોલેમેં ભી, વહ બુદ્ધકાલ મેં ભી ગિને–ચૂને લોગો કે લિએ પ્રયોગ હોતા થા. પીછે ઉસકા ભી તલ ઈતના ઊંચા હો ગયા કિ ઉસકે પાસ તક પહુંચના બડ઼ે સે બડ઼ે મનીષી કે લિએ ભી મુશ્કિલ હો પડ઼ા ઈસ લિએ રહસ્યવાદ કે વિશેષજ્ઞોં યા મહા પુરુષોં કો સિદ્ધ કહા જાને લગા. ચૌરાસી સિદ્ધ ઈસી પદવી સે પુકારે જાતે થે ઔર ચૌરાસી કી સૂચિ પૂરી હો જાને પર દૂસરો કો ઉસમેં શામિલ નહીં કિયા જા સકતા થા. ઈસ કાલ મેં તથા ઈસકે પહેલે સંત શબ્દકા ઉતના મૂલ્ય નહીં બઢા થા ઔર ઉસે 'સત્પુરુષ' કા હી વાચક સમઝા જાતા થા. યહ સ્મરણ રખને કી બાત હૈ કિ અશોક ઔર ઉસકે એકાધ શતાબ્દી કે બાદ તક 'સપુરિસ' (સત્પુરૂષ) મુક્ત યા નિર્વાણ પ્રાપ્ત પુરૂષ કો કહા જાતા થા. અસ્તુ. સંત પહેલે ભલે આદમી કો કિન્તુ ઊંચે દર્જે કે



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

વ્યક્તિ કો કહા જાતા થા. 'સંત' શબ્દ કા હી સ્ત્રીલિંગ સતી હૈ યદ્યપિ વહ અસાધારણ સ્ત્રી કે લીએ હી પ્રયુક્ત હોતા થા. લેકિન સંત કા મૂલ્ય ઉસમેં નહીં લાયા જા સકા, ઈસ લિયે જબ મહિલા સંતો કે લિએ જરૂરત પડ઼ી તો સંતની કહા જાને લગા. ઈસ પ્રકાર ઋષિ, મુનિ, સત્પુરૂષ, સિદ્ધ, સંત એક હી તરહ કે વ્યક્તિયોં કે નામ હૈં જો રહસ્યમય પુરૂષ સમજે જાતે થે.'(૨૪)

આમ હિન્દી સંત સાહિત્યના અભ્યાસુ-વિદ્વાન શ્રી રાહુલ સાંકૃત્યાયન 'સંત' શબ્દની ગુણવત્તા અને ઐતિહાસિકતાને ધ્યાનમાં રાખી, 'સંત' શબ્દ પૂર્વ પરંપરામાં, વિશેષ વ્યક્તિઓ માટે કેવી રીતે સત્પુરૂષ, નાથ, સિદ્ધ, મુનિ કે ઋષિ જેવા શબ્દ ફેરે પ્રયોજાતો હતો તેનો આધાર લઇ 'સંત' શબ્દની આલોચના કરે છે.

'સંત' શબ્દની વ્યુત્પત્તિ અને તેના વિવિધ અર્થ સંદર્ભે હિન્દી ભાષાના વિદ્વાનોના આ મંતવ્યો સાથે ગુજરાતી ભાષાના વિદ્વાનોના મંતવ્યો-તારણો પણ તપાસવા જેવા છે. જો કે ગુજરાતીમાં આ સંદર્ભે બહુ ઓછા વિદ્વાનોએ પ્રકાશ પાડ્યો છે. અહીં પ્રશ્ન અને આશ્ચર્ય એ વાતનું થાય કે શ્રી ઝવેરચંદ મેઘાણીથી માંડીને મોટા ભાગના વિદ્વાનો પોતાના સંત સાહિત્ય વિષયક ગ્રંથોને, સોરઠી સંતવાણી, ગુજરાતના સંત કવિઓ, સત્ સાહેબની સરવાણી, સંતવાણી: તત્ત્વ અને તંત્ર, સંત સુધા, હરિજન સંત અને લોકસાહિત્ય, સંતવાણીનું સત્ત્વ અને સૌંદર્ય વગેરે સંત સંપૃક્ત શીર્ષક આપે છે. પણ 'સંત' શબ્દ વિશે માંડીને વાત કરતા નથી. આમ છતાં ડૉ. રાજેન્દ્રસિંહ રાયજાદા, શ્રી નરોત્તમ પલાણ અને ડૉ. નિરંજન રાજ્યગુરુ જેવા વિદ્વાનોએ 'સંત' શબ્દ ઉપર જે પ્રકાશ પાડ્યો છે તે ધ્યાનાર્હ બની રહે તેમ છે.

## ડૉ. રાજેન્દ્રસિંહ રાયજાદા

'સંત' શબ્દના મૂળમાં 'સત્' શબ્દ રહેલો છે એ રીતે જોઈએ તો ઋગ્વેદમાં ' એક સત્વિપ્રા બહુધા વદન્તિ'માં સત્ શબ્દનો પ્રયોગ જોવા મળે છે. એ રીતે એના મૂળ લગભગ પાંચ હજાર વર્ષ જેટલાં લંબાવી શકાય. અંગ્રેજીમાં 'સંત' શબ્દના ઉચ્ચારણ સાથે મળતો Saint શબ્દ છે પરંતુ આ Saint- સેન્ટ શબ્દ ઈશુખ્રિસ્ત પછી પ્રચલિત બન્યો હોય આશરે બે હાજર વર્ષ જૂનો ગણાય. બુદ્ધે 'સંત' શબ્દ આ રીતે પ્રયોજ્યો છે.-'સંત ચ ધમ્મો ન જરં ઉપેતિ, સન્તો હવે સબ્ભિ પવેધ્યન્તિ.' (સંતોનો ધર્મ કયારેય જીર્ણ થતો નથી. સંતો સંતોનું એવું જ કહે છે.)

'સંત' શબ્દ વિશે આચાર્ય શુકલ પોતાનો મત જણાવતા કહે છે કે, 'સંત શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ કરનાર નામદેવ છે. જેનો સમય ૧૩-મી સદી માનવામાં આવે છે. જ્યારે પરશુરામ ચર્તુર્વેદી સંત પરંપરાનો આરંભ ૧૨-મી સદીમાં થઈ ગયો હતો તેવું માને છે. પરંતુ અહીં એક વાત નોંધવી જોઈએ કે કબીર સાહેબ તથા ત્યાર પછી જે પ્રકટ સંત-સાધના શરૂ થઈ એમાં 'સંત'શબ્દને ચોકકસ અર્થમાં પ્રયોજવામાં આવ્યો છે.'

આ 'સંત' પરંપરા અન્ય ધર્મો કે સાધનામાર્ગો થી તદ્દન ભિન્ન અને ન્યારી છે એટલે વેદ, ઉપનિષદ્, બૌદ્ધ, ખ્રિસ્તી કે અન્ય સાધના-પથમાં 'સંત' શબ્દ જે અર્થ, સંદર્ભમાં વપરાયો છે તે અને સંત-મતની 'સુરત -શબ્દયોગ' ની સાધનામાં જે સંત શબ્દ વપરાયો છે તે અત્યંત જુદી બાબત છે.(૨૫)

## શ્રી નરોત્તમ પલાણ

'આમ તો ઘણા પ્રાચીનકાળથી 'સંત' શબ્દ પ્રચલિત છે ગીતાના ત્રીજા અધ્યાયના તેરમા



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

શ્લોકમાં 'પાપી' (પાપ યુક્ત)ના વિરોધમાં 'સંત' (પાપ મુક્ત) શબ્દ મુકાયેલો છે, પરંતુ મધ્યકાળમાં સંત શબ્દ એક ખાસ અર્થનો વાહક બને છે. 'સત્‌ને પામી ગયો તે સંત' ' ભીતરમાં સ્થિર થયો તે સંત;'(૨૬)

## ડૉ. નિરંજન રાજ્યગુરુ

'સંત' શબ્દ સંસ્કૃતની 'અસ્' ધાતુમાંથી વ્યુત્પન્ન થયો છે. જેનો અર્થ છે 'હોવું'. જે છે તે સત્ય છે અને જે નથી તે છે અસત્ય. 'સત્' કે સત્યને જીવનમાં આત્મસાત્ કરનાર તે સંત. આપણે ત્યાં વ્યવહારમાં સદાચારી, સત્યવાન, સત્-અસત્‌નો વિવેક જાણનારા એવા માયાતીત મહાપુરુષો માટે 'સંત' શબ્દ વપરાય છે. જેણે સત્યરૂપી પરમતત્ત્વનો અનુભવ મેળવ્યો છે અને પોતાની માનવીય પ્રકૃતિથી ઉપર ઊઠીને સત્ તત્ત્વ સાથે જે તદ્રૂપ થઇ ગયા છે તે સંત. પરંતુ સાહિત્ય વિવેચનની પરિભાષામાં 'સંત' અને 'ભક્ત' એ બંને સંજ્ઞાઓ વચ્ચે ભેદ પાડવામાં આવે છે સગુણમાર્ગી - સાકારની ઉપાસના કરનારા તે 'ભક્ત' અને નિર્ગુણમાર્ગી-નિરાકારમાં માનનારા તે 'સંત' એવી સંકુચિત વ્યાખ્યા પણ સાહિત્યના ક્ષેત્રમાં પ્રવર્તે છે, જેને કારણે કેટલીક ગેર સમજો પણ થયા કરે છે.'(૨૭)

વિદ્વાનોના આ નિરીક્ષણો ઉપરથી કહી શકાય કે 'સંત' શબ્દ બ્રહ્મથી માંડીને ભગત સુધીની અર્થ ક્ષમતા ધરાવે છે. ને તે ભારતીય અધ્યાત્મ ક્ષેત્રે બ્રહ્મ, બ્રહ્મવેત્તા, યોગી, સિદ્ધ, જ્ઞાની, સાધુ, ભક્ત, વૈરાગી, ગુરુ, ધર્મચારી, સદાચારી, પવિત્ર આત્મા, સજ્જન, નિરવૈરી, સેવક, દયાળુ, શીલવાન એમ ઈશ્વરપરાયણ કોઇ પણ વ્યક્તિ વિશેષ માટે પ્રયોજાતો રહ્યો છે. સમયાંતરે તે અર્થ સંકોચ પામી નિર્ગુણ-નિરાકારી સાધકો-ઉપાસકો માટે રૂઢ બન્યો છે તો વળી અર્થ વિસ્તાર પામીને સગુણ-સાકાર ઉપાસકો માટે પણ પ્રયોજાતો રહ્યો છે.

આમ કયારેક સંત શબ્દનો અર્થ - રૂઢિયુક્ત તો કયારેક અર્થ-રૂઢિમૂક્ત બની પોતાની વ્યાપક અર્થછાયા પથરાવતો વૈશ્વિક સંદર્ભે પણ ઈસાઈ - ક્રિશ્ચિયન, મુસ્લીમ, સૂફી, બૌદ્ધ, જૈન વગેરે પરંપરામાં વ્યવહૃત થતો રહ્યો છે.

## સંતની લાક્ષણિકતાઓ

સંત સાહિત્યના અભ્યાસુ વિદ્વાનોએ 'સંત' શબ્દની વિભાવના સાથે સંત સાહિત્યના પ્રયોકતા એવા સંત-કવિની લાક્ષણિકતાઓ વિષયક પણ વિગતે આલોચના કરી છે. જો કે અહીં નિદર્શિત ઘણી-ખરી લાક્ષણિકતાઓ તો ગર્ભિત રીતે 'સંત' શબ્દની વિભાવનામાં જ સમાહિત થઈ જાય છે.પરંતુ સાહિત્ય વિવેચના અંતર્ગત 'શીલ તેવી શૈલી' અને આંતરવિદ્યાકીય અભિગમ મુજબ કોઈ પણ સાહિત્યકૃતિને પૂર્ણપણે સમજવા કે પામવા જેટલું મહત્ત્વ રચના (સાહિત્ય કૃતિ)નું હોય છે એટલું જ મહત્ત્વ તેના રચયિતાની વ્યક્તિતાને સમજવાનું હોય છે. સાહિત્ય વિવેચનના આ દષ્ટિકોણને ધ્યાનમાં રાખીને, સંત સાહિત્ય વિષયક આપણી સમજ થોડી વધારે સ્પષ્ટ, વિસ્તૃત અને સઘન બને એવા આશયથી વિદ્વાનોના મંતવ્યો સાથે આ મુદ્દાને સમજવાનો ઉપક્રમ સેવ્યો છે.

## ડૉ. પીતામ્બરદત્ત બડ્થવાલ

'સંત અધ્યાત્મવિદ્યા કા વ્યવહારસિદ્ધ સ્વરુપ હૈ, અધ્યાત્મવાદી તત્ત્વચિંતક જિન મહાન સિદ્ધાંતો કા અન્વેષણ ઔર નિરુપણ કરતે ચલે આયે હૈ, ઉન કો ઉસે સ્વયં અપને મેં અનુભૂતિ હૂઈ હોતી હૈ. ઉનકા ઉસે શાસ્ત્રીય વાચનિક જ્ઞાન હો ન હો, દર્શન અવશ્ય હોતા હૈ. વહ અધ્યાત્મ કા



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

વ્યાખ્યાતા ચાહે ન હો, અધ્યાત્મચેતા હોતા હૈ. વહ દ્રષ્ટા હૈ. દ્રષ્ટા સંત એકમાત્ર સંતત્ત્વકો અપને મેં ઔર અપને કો એકમાત્ર સંતત્ત્વ મેં દેખતા હૈ, ઈસલિયે વહ સન્ત હૈ. સંત નિ:કર્મી નહીં હૈ, નિ:કામી અવશ્ય હૈ, વહ કિસી કે સામને હાથ નહીં ફૈલાતા'(૨૮)

## વિયોગી હરિ

'સત્ય આચરણ જિન્હોને અપને જીવન મેં પૂરા કિયા, સત્ય કા ચિન્તન કિયા, સત્ય કો વાણી પર ઉતારા, મન, વચન, કર્મ સે ઉસકા આચરણ કિયા ઔર આચરણ કરને કે બાદ જો રસાસ્વાદન મિલા ઉસે સારે સંસાર મેં બિખેર દેને કે લીએ જિસકે મનમેં વ્યાકુલતા હૈ, જિન્હેં લગતા હૈ કિ ઉન્હેં જો મધુર રસ મિલા વહ દૂસરો કો ભી દે તે ચલે જાએ, યે હી સન્ત હૈ.'(૨૯)

## આચાર્ય પરશુરામ ચતુર્વેદી

'સંત' શબ્દ ઈસ વિચાર સે ઉસ વ્યક્તિ કી ઓર સંકેત કરતા હૈ જિસને સત્રૂપી પરમતત્ત્વકા અનુભવ કર લિયા હો ઔર જો ઈસ પ્રકાર અપને વ્યકિતત્વ સે ઉપર ઉઠ કર ઉસકે સાથ તદ્રૂપ હો ગયા હો. જો સત્યસ્વરૂપ નિત્ય સિદ્ધ વસ્તુ કા સાક્ષાત્કાર કર ચુકા હો અથવા અપરોક્ષ કી ઉપલબ્ધિ કે ફલ સ્વરૂપ અખંડ સત્ય મેં પ્રતિષ્ઠિત હો ગયા હો વહી સંત હૈ.'(૩૦)

## ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ

'સન્ત વહ હૈ જો પૃથ્વી પર નિવાસ કરતે હુએ દિવ્યલોક કા સંદેશ ભૂતલ પર લાતા હૈ, જો પક્ષી કે સમાન આકાશ મેં ઉડ઼કર ભી વૃક્ષ પર આકર વિશ્રામ કરતા હૈ. જો વ્યષ્ટિ કે કેન્દ્ર મેં ઊંચા ઉઠકર સમષ્ટિ કે પ્રતિ આસ્થાવાન હોતા હૈ, જો સ્વાર્થ કો ત્યાગ કર સામૂહિક હિત કી બાતેં સોચતા હૈ.'(૩૧)

## ડૅા. ધર્મેન્દ્ર બ્રહ્મચારી

'સચ્ચા સંત ઈસ સંસાર મેં રહ કર ભી ઈસકે વિકારો સેં પરે હૈ. વહ જલ મેં કલમ કે પત્તે તથા જલપક્ષી કે સમાન હૈ, જો જલમેં રહકર ભી ભીગતા નહીં.'(૩૨)

## ડૉ.વિનય મોહન શર્મા

સંત અને ભકત સંદર્ભે ભારતીય સંત સાહિત્યમાં જે મતમતાંતરો-વિસંવાદિતા પ્રવર્તે છે તેને ધ્યાનમાં રાખીને ડૉ. વિનય મોહન શર્મા કહે છે કે-'ઈતિહાસકારો મેં નિર્ગુણ બ્રહ્મોપાસક કો સંત ઔર સગુણ બ્રહ્મોપાસક કો 'ભક્ત' નામ સે અભિહિત કરને કી પરિપાટી હૈ જો વ્યવહારિક માત્ર હી કહી જા સકતી હૈ. 'પરમ સત્ય કા સાધક ચાહે અપને પિંડ મેં ઉસકે દર્શન કરે, ચાહે પિંડ સે બાહર સૃષ્ટિ કે અણુ-અણુ મેં ઉસકા સ્પંદન અનુભવ કરે, સંત હી હૈ. સગુણ ઔર નિર્ગુણ મેં વિભાજક રેખા ખીંચકર એક કો ભક્ત ઔર દૂસરે કો સંત કહને સે ઈતિહાસ લેખન મેં સુવિધા હો સકતી હૈ, તથ્ય ગ્રહણ કરને મેં નહીં. જો આત્મોન્નતિ સહિત પરમાત્મા કે મિલન ભાવ કો સાધ્ય માનકર લોકમંગલ કી કામના કરતા હૈ ઉસે સંત કી શ્રેણી મેં રખતે હૈ.'(૩૩)

## ડૉ.સુરેશ જોષી

ડૉ. સુરેશ જોષી રામાયણ જેવા ગ્રંથો અને કબીર, ગરીબદાસ,પલટૂ, દરિયાસાહેબ, રજ્જબ વગેરે સંતોની વાણીનો આધાર લઈ બહુ વિગતે સંતોના લક્ષણો દર્શાવે છે. તેઓ લખે છે: 'સૌથી પ્રથમ તો સન્તો કોને સન્ત ગણે છે તે જોઈએ. સંતોની વાત કરતાં કબીર કહે છે કે સંતોનો દેહ



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

તો નિરાકારની આરસી છે...ગરીબદાસે જ કહ્યું છે કે સાંઇ (સ્વામી)ને સન્તમાં કશો ભેદ નથી. ગોસ્વામી તુલસીદાસે પણ કહ્યું છે કે સન્ત અને અનન્તને એક જ ગણવા, આ જ અર્થની ઉક્તિ પલટૂ સાહેબની પણ છે. તેઓ કહે છે કે સન્ત અને રામને એક જ ગણજો... તુલસીદાસે એમના રામચરિત માનસના અરણ્યકાણ્ડમાં સન્તોનાં લક્ષણ કહ્યાં છે. સન્તો 'કામ' વગેરે છ વિકારને જીતનાર નિષ્પાપ ને નિષ્કામ હોય છે. એઓ નિશ્ચલ,અકિંચન,પવિત્ર અને સુખના ધામરૂપ હોય છે. એ જ રીતે ઉત્તરકાણ્ડ, બાલકાણ્ડ, કિષ્કિન્ધાકાણ્ડ તથા સુન્દરકાણ્ડમાં પણ એમણે સન્તોનાં લક્ષણો આપ્યા છે. એનું ચિત્ત કોમલ હોય છે. એનુ મન વિગતકામ અને નામપરાયણ હોય છે.તે મન,વચન અને કાયાથી પારકાના પર ઉપકાર કરે છે. સંત વૃક્ષના જેવા હોય છે. એમનું હૃદય નવનીત જેવું હોય છે. ને એ બીજાનાં દુ:ખથી દ્રવી જાય છે. બીજાને કારણે સંત દુ:ખ સહી લે છે. એ કદી પરુષ વચન બોલતા નથી.એ વિષયથી નિર્લિપ્ત રહે છે ને ગુણોનો આકર હોય છે. રિપુ-મિત્રમાં એની દ્રષ્ટિ સમાન હોય છે.દરિયા સાહેબે સન્તનાં લક્ષણનું વર્ણન કરતાં કહ્યું છે કે એ નિષ્કપટ અને નિ:શંક હોય છે. એનું બાહ્ય વર્તન અને અંતરનો ભાવ જુદા હોતા નથી. પછી એ સન્ત ગૃહસ્થ હોય કે ભેખ ધારણ કરનારો હોય. આવા સંતની સંગત આપણામાં આમૂલ પરિવર્તન લાવી શકે છે, મજીઠથી જેમ વસ્ત્ર રંગાઇ જાય છે તેમ. રજ્જબે પણ સન્તોનું સંક્ષેપમાં સુંદર વર્ણન આપ્યું છે. સન્ત પરબ્રહ્મનો પ્યારો હોય છે. એ ત્રિગુણ રહિત ને નિર્બન્ધ હોય છે. એ હંમેશા બ્રહ્મરસમાં રત રહે છે. સ્વાંગની એને કશી પડી નથી. એ માલા-તિલક કરતો નથી. બધા પાખંડને એ ત્યજી દે છે. એ સહજ સરળ ગતિથી લોકમાં રહે છે. એને મંત્ર, શાખા,નિયમ કે વાદ સાથે કશી નિસ્બત નથી. ષટ્દર્શનથી એ ન્યારો હોય છે, એ બધા ભેખ ત્યાગીને ભગવન્તને ભજે છે ને સત્યનો આરાધક હોય છે.'(૩૪)

### ડૉ.રાજેન્દ્રસિંહ રાયજાદા

'સંત શબ્દનું મૂળ 'સત્' શબ્દ છે. જે વ્યક્તિનો સંબંધ 'સત્' સાથે સીધો જ થયો હોય, અથવા સત્માંથી જેનું અવતરણ થયું હોય તે 'સંત' કહેવાય. આ સિવાય સંત વિશે કશું કહેવું અનુચિત બની રહેશે.'(૩૫)

### શ્રી નરોત્તમ પલાણ

'સંત નકારાત્મક નથી, એમાં સૌનો સ્વીકાર છે. તે અંદરથી એકલો પણ બહારથી સૌની સાથે છે. પોતાની સાંસારિક ફરજો, પ્રાપ્ત દેવપૂજા કે ધર્મસંપ્રદાય બધાનો સમાદર કરવાની ઉદારતા એમાં છે. 'હેત વધે તેમ હું પણું ઘટે' આ સંત દર્શન છે. હેત વધારતા રહેવાનું, 'હું'પણું ઘટાડતા રહેવાનું છે. સંત મેકરણ સૌનું સ્વાગત કરતાં કહે છે, 'આવો આવો આપણ મળીએ રે,કાઢીએ દલડાના કૂડ; હળી મળીને સાથે રહીએ રે, તો વાલો વરસે ભરપૂર.''કૂડ' એટલે કામ,ક્રોધ,મદ,લોભ,મોહ ખરી સાધના આ કૂડ કાઢવા માટે છે. સંતદર્શન સમાજ વચ્ચે રહેવાનું છે. શરીરને તેમજ સમાજને સુસંવાદી બનાવવા માટે 'હેત' વધારવાનું છે. હેત વધારતા રહેવાનું છે, 'હું'પણું ઘટાડતા રહેવાનું છે. એક પછી એક સોપાન સિદ્ધ કરતા રહીને પરમ પદને પામવાનું છે. જેને જે અને જેટલું પથ્ય હોય તે ગ્રહી શકે છે. સતત નામ સ્મરણ, જરા વિશેષ આગળ વધાય તો ભજન અને વધુ આગળ વધાય તો સુરત શબ્દયોગ-આ સંતમત છે.' (૩૬)

### ડૉ. નિરંજન રાજ્યગુરુ

'સંતનું જીવન અદ્ભૂત હોય છે, તો એમનું વ્યક્તિત્ત્વ બહુ પરિમાણી, મેઘધનુષ્યની સપ્તરંગી



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

જ નહીં પણ અનેક રંગી રંગ છટાઓ, સંત/ભક્ત કવિના વ્યક્તિત્ત્વમાં વિલસી રહી હોય, સ્ત્રી-પુરુષ, નાના-મોટા, ગરીબ-શ્રીમંત, જ્ઞાની-અજ્ઞાની, ધર્મ-પંથ, જાતિ-ઉપાસના કે પુણ્ય-પાપના ભેદથી પર થઈને 'સંત' સમાન દૃષ્ટિથી જ સત્યનો પક્ષપાતિ બન્યો હોય. તે એકાંતમાં વસતો સંન્યાસી મૌની હોય કે, સમાજની વચ્ચો વચ્ચ ગૃહસ્થ જીવનમાં સેવાધર્મ પાળનારો 'ભગત' હોય, વિદ્વાન, વેદાન્તી કે પાંડિત્ય સભર વાણીમાં ઉપદેશ આપનારો 'ઉપદેશક' હોય કે ગામડિયો, નિરક્ષર અને છતાં વાણીનો પરખંદો મરમી સિદ્ધ હોય.'(૩૮)

## ડૉ. નાથાલાલ ગોહિલ

'સંત ભક્તોની એક વિશિષ્ટતા એ રહી છે કે પરબ્રહ્મ પરમાત્માની આરાધના જંગલમાં જઈને કોઈ એકાંત કુટીર કે આશ્રમ સ્થાપીને કરી નથી. તેમણે તો ગૃહસ્થી જીવન જીવીને, સંસારની દરેક જવાબદારી સંભાળીને, આર્થિક ઉપાર્જન કરતાં કરતાં નામ-સ્મરણની આરાધના, ભગવદ્ ભક્તિ કરી છે. તેમની વાણી સાદી, સરળ અને લોકબોલીની છાંટવાળી હતી. તેઓ શાસ્ત્રના જ્ઞાની પંડિત ન હતા. આ સંત-ભક્તોની બીજી વિશિષ્ટતા એ નિર્ગુણ-નિરાકાર પરબ્રહ્મની આરાધના કરી છે. તેમાં કોઈ એક પંથના નેજા નીચે બેઠા નથી. જ્ઞાતિવાદ કે ઊંચ-નીચનો ભેદ તજી, બાહ્યાડંબર, અંધમાન્યતાઓ, ક્રિયાકાંડ છોડી આંતર-ચેતના જગાડતી, શબ્દ બ્રહ્મની આરાધના ભજનવાણી દ્વારા કરેલ છે. આ સંત-ભક્તોએ પોતાના સુખ માટે પરમાત્મા પાસે કશું જ માંગ્યું નથી. ગૌ સેવા, દુ:ખી-દરિદ્ર નારાયણની સેવા અને તેમ છતાં કોઈ માંગણી હોય તો એ બીજાને માટે પ્રાર્થના કરે છે.'(૩૮)

'સંત' વિષયક વિદ્વાનોના આ નિરીક્ષણો ઉપરાંત સંત કવિઓની રચનાઓમાંથી, સંતની લાક્ષણિકતાઓ વિષયક જે નિર્દેશો મળી આવે છે, તે પણ અહીં નોંધનીય છે.

### કબીર

'કબીર સોઈ દિન ભલા જા દિન સંત મિલાંહિ,
અંક ભરે ભર ભેંટિયા પાપ સરીરૈ જાંહિ.' (૩૯)

'કબીર ચેરા સંત કા દાસન કા પરદાસ,
કબીર ઐસે બ્હૈ રહ્મા જ્યૂં પાંઉ તલ ઘાસ.' (૪૦)

'સંત ન બંધે ગાંઠડી, પેટ સમાતા લેહ,
સાંઈ સૂ સમ્મુખ રહે, જહાં માંગે તહાં દેઈ.' (૪૧)

### ગરીબદાસ

'સાંઈ સરીખે સંત હૈ, યા મેં મીન ન મેખ,
પરદા અંગ અનાદિ હૈ, બાહર ભીતર એક.' (૪૨)

'સંત ઔર રામ એક જાનિયે,
દૂસરા ભેદ ન તનિક આનૈ.' (૪૩)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**દરિયા સાહેબ**

‘દરિયા લચ્છન સાધકા કયા ગિરહી કયા વેશ,
નિ:કપટી નિ:શંક રહિ, બાહર ભીતર એક.’ (૪૪)

**ગુરુનાનક**

‘ભાઈ રે સંત જના કી રેણુ,
સંત સભા ગરુ પાઈએ મુકતિ પદારથ ઘેણું.’ (૪૫)

(ભાઈઓ સંતોની ચરણ રજ અને તેના સંગથી સત્ગુરુ મળે છે. અને સત્ગુરુના મળવાથી મુક્તિરૂપી કામધેનુની પ્રાપ્તિ થાય છે.)

**સંત પલટૂ**

‘શીતલ ચન્દન ચન્દ્રમા તૈસે શીતલ સંત,
તૈસે શીતલ સંત જગત કી તાપ બુઝાવે.
કામ, ક્રોધ જિન કે નહીં લગૈ ન ભૂખ પિયાસ,
લગૈ ન ભૂખ પિયાસ રહૈ તિરગુન સે ન્યારા.’ (૪૬)

**સંત નામદેવ**

‘સંત સૂં લેના સંત સૂ દેના, સંત સંગતિ મિલિ દુસ્તર તિરના,
સંતકી છાયા સંત કી માયા, સંત સંગતિ મિલિ ગોવિંદ પાયા.
અસંત સંગતિ નામ કબહૂં ન જાઈ, સંત સંગતિ મૈં રહ્યો સમાઈ.’ (૪૭)

**સંત તુકારામ**

‘લોહ લાગે પરિસા અંગીં, તો હી ભૂષણ જલા જંગી,
સરિતા ઓહળા ઓધા, ગંગે મિળોનિ જાલ્યા ગંગા,
ચંદ નાચ્યા વાસે, તરુ ચંદન જાલે સ્પર્શે,
તુકા જડલા સંતા પાયીં, દુજે પણા ઠાવ નાહિં.’(૪૮)

(જેમ લોખંડ પારસના સ્પર્શથી કંચન બની જાય, નદી કે ઝરણું ગંગાના પ્રવાહમાં ભળવાથી ગંગા બની જાય, ચંદનના સ્પર્શથી બધું ચંદનમય બની જાય તેમ સંતના સ્પર્શ-સત્સંગથી તુકારામ સંત બની ગયા.)

**તુલસીદાસ**

‘સંત ન કે લચ્છન સુનુ ભ્રાતા, અત્રનિત શ્રુતિ પુરાન વિખ્યાત.
સંત અસંતન કે અસિ કરની, જિમિ કુઠાર ચન્દન આચરની.
કાટઈ પરસ મલય સુનુ ભાઈ, નિજ ગુણ વેહ સુગંધ બસાઈ.’(૪૯)

**અખો**

‘નિરાધાર રહે તે સંત, આધારે વળગ્યાં રહે જંત,
દૃષ્ટ પદારથ આણે અંત, અકળ અનુપમ તેહેનો તંત.’(૫૦)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**રવિ સાહેબ**

'સદાને આનંદી રે રમે રામ રંગમાં રે, હાં રે જેના સમજી સમાયા વગે,
પર અવગુણને રે સ્વપ્ને જુએ નહી, એવા સંત પાળે સ્વતંત્ર નેમ.'(૫૧)

**બ્રહ્માનંદ**

'સંત પરમ હિતકારી જગત માંહી, સંત પરમ હિતકારી,
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી.' (૫૨)

**મુકતાનંદ**

'પિંડ બ્રહ્માંડ સે પર નિજ આત્મા, જાની કે મમ ગુન ગાવે,
મુકતાનંદ કહત યું મોહન, સોઈ જન સંત કહાવે.'(૫૩)

**મૂળદાસ**

'ભક્તિ છે વિશ્વાસની, તમે કરો સંતની સેવ રે,
સંત સાહેબ એક જ જાણો, જેના દર્શન દુર્લભ દેવ રે.'(૫૪)

'સંત'ની વ્યક્તિતા વિષયક ઉપરોક્ત વિદ્વાનોના અભિપ્રાયો અને સંતોની વાણીમાંથી મળી આવતા સંત વિષયક નિર્દેશો ઉપરથી આપણે સંતની લાક્ષણિકતાઓને નીચે પ્રમાણે તારવી શકીએ.

(૧) 'સંત' અધ્યાત્મ વિદ્યાનું વ્યવહાર સિદ્ધરૂપ અને દ્રષ્ટા છે. જે પોતામાં એક માત્ર સંતત્ત્વનેજ નિહાળે છે.

(૨) 'સંત' હંમેશા પરમાત્માને પામવાના ઉલ્લાસ સાથે લોક કલ્યાણની કામના સેવે છે.

(૩) 'સંત' પોતે એક અ-લૌકિક વ્યક્તિ છે, જે સંસારની વચ્ચે રહીને પણ માયાના મોહપાશમાં બંધાતો નથી.

(૪) તે આત્મજ્ઞાનથી નીર-ક્ષીરનો વિવેક કરી જાણે છે. અને જેવું બોલે છે એવું જ જીવે છે. એટલે કે એનો વાણી અને વ્યવહાર એક હોય છે.

(૫) તેને પરાવિદ્યા એટલે કે પુસ્તકીયા જ્ઞાન કરતાં અપરાવિદ્યા એટલે કે સ્વાનુભવના જ્ઞાનમાં વધારે વિશ્વાસ છે.

(૬) તેની દષ્ટિમાં બધાં જ ધર્મો-વાદો, પરંપરાઓ સરખા છે. ઊંચ-નીચ, જાત-પાતના ભેદ-ભાવ સંતને માન્ય નથી.

(૭) સગુણ-નિર્ગુણથી પર એવું પરાત્પર બ્રહ્મ જ તેના આત્મ વિચારનો મુખ્ય આધાર છે.

(૮) સંત સત્યનો ઉપાસક હોય છે, શીર સાટે પણ સત્યનું આચરણ કરવું એ તેમનો જીવન મંત્ર છે.

(૯) સંતોનું એક કાર્ય દિવ્યલોકના સંદેશાને પૃથ્વી પર લાવવાનું છે. એટલે કે સંત એક હાથે પરમ ચૈતન્ય ને તાલી આપે છે, તો બીજા હાથે પૃથ્વી પરના સામાન્ય જન-સમુદાયને તાલી આપે છે.

(૧૦) સંતનું વ્યક્તિત્ત્વ નિર્બંધ હોય છે. તે કયારેય કોઈ વાદ-વાડા કે સંપ્રદાયોમાં બંધાતો નથી. પોતાનો કોઈ સંપ્રદાય, વાદ કે વાડો ઊભો કરતો નથી.

(૧૧) સંતનું વ્યક્તિત્ત્વ મહાસાગર જેવું વિશાળ છે, તે બધી જ નદીઓને પોતામાં સમાહિત કરે છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૨) ‘સંત’ની એક લાક્ષણિકતા એ છે કે-જન ઉપદેશ આપવા એણે ક્યારેય પંડિતોની જેમ કોઇનું અનુકરણ નથી કર્યું. બલ્કે પોતાની જાતને અનુભવની સરાણે ચઢાવી, સ્વાનુભવમાંથી પસાર થઇ પોતાના આત્મજ્ઞાન વડે જ લોકોને ઉપદેશ આપ્યો છે.

## સંત સાહિત્યની લાક્ષણિકતાઓ

આપણે જેને સંત સાહિત્ય તરીકે ઓળખાવીએ છીએ તે સંત સાહિત્યનો પ્રાદુર્ભાવ કંઇ એકા એકા નથી થયો, એ તો છેક પ્રાચીનકાળથી ચાલી આવતી ગતિશીલ એવી ભારતીય ચિંતનધારા અને જન આંદોલનની ક્રિયા-પ્રતિક્રિયાનું પરિણામ છે. આ સંદર્ભે ભારતીય સંત-સાહિત્યના અભ્યાસુ વિદ્વાન શ્રી ક્ષિતિમોહન સેન કહે છે કે ‘મુસલમાનો આવ્યા તે પહેલાંથી જ ભારતનો વૈદિક આચાર અને ધર્મ બૌદ્ધ, જૈન વગેરે અનેક મતવાદોના આઘાતથી મૃતપાય થઇ ગયો હતો. આનંદતીર્થ, દુર્ગ, ભટ્ટભાસ્કર, સાયણ, માધવ, ઊવટ વગેરે પંડિતો અને શ્રુતિના ટીકાકારોએ તેને પુનર્જીવિત કરવાનો પ્રયત્ન કર્યો હતો. રાજા બુક્ક હરિહરનો આશ્રય પામવાથી ચૌદમી સદીમાં પણ સાયણાચાર્ય વેદની આવી એક ટીકા રચી શકયા હતા. તેમનો પ્રયત્ન જાણીતો છે, એટલે તે વિશે કહેવાની જરૂર નથી.’(૫૫)

છેક પ્રાચીન કાળથી ચાલ્યા આવતા આ પ્રવાહમાં કેવા કેવા સ્થિત્યાંતરો આવ્યા તેનો સમ્યક ચિતાર આપણને સુરેશ જોષી લિખિત ‘મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કાવ્યધારાની ભૂમિકા’માંથી મળી રહે છે. તેઓ લખે છે કે, -‘બૌદ્ધ સાધના મંત્ર-તંત્ર અને કામણ ટુમણમાં સરી પડીને ઐહિક વિષય લાલસા તરફ મીટ માંડતી થઇ ગઇ છે. બ્રાહ્મણધર્મે ધીમે ધીમે પોતાનું પ્રાધાન્ય સ્થાપવા માંડયું હતું. વેદને પ્રમાણ તરીકે નહીં સ્વીકારનારના તરફ એ અસહિષ્ણુ બનતો જતો હતો. બૌદ્ધો, શાકતો અને શૈવોનો એક મોટો વર્ગ વેદોના પ્રામાણ્યને સ્વીકારતો ન હોવાને કારણે વેદબાહ્ય ગણાતો હતો. દશમી શતાબ્દિમાં વધારે પ્રબળ બનેલો પશુપાતમત પણ વેદબાહ્ય લેખાતો હતો. આ દરમિયાન મુસલમાનો દેશના શાસક તરીકે સ્થિર થવા લાગ્યા...અનેક પ્રકારના પરસ્પર વિરોધી બળો પ્રજા જીવનમાં વરતાતાં હતાં. પ્રજાને માર્ગદર્શનની જરૂર વર્તાતી હતી. એ અરસામાં સમાનતાની ઈસ્લામની ભાવના પ્રજાને ભાવી ગઇ. બ્રાહ્મણધર્મની રૂઢિચૂસ્તાને કારણે ઘણા હિન્દુ સાધકોને એમાં સ્થાન ન મળ્યું. એ પૈકીના ઘણાને ઈસ્લામનો અંગીકાર કરવો પડયો...રૂઢિચૂસ્તો વધુ અસહિષ્ણુ બન્યા...જાતિ બંધનોને સખત બનાવ્યા, વર્ણાશ્રમ વ્યવસ્થા જડતાને પામી...ભારતની રાજકીય એકતાની ભાવના પણ છિન્ન-ભિન્ન થઇ ચૂકી હતી...સોમનાથનું મંદિર ભાંગ્યું, તલવારનું જોર વધ્યું. મૂર્તિભંજક મુસલમાનોનો ઉત્કર્ષ જોઇને પણ ઘણાંની આસ્થા મૂર્તિપૂજામાંથી ઊઠી ગઇ...(૫૬) આવા સમયે દક્ષિણમાંથી ભક્તિનું મોજું આવ્યું. લોક સમુદાયને સધિયારો આપવા લોક સંતોએ આહાલેક જગાવ્યો. જન સમાજમાં વ્યાપ્ત વર્ગસંઘર્ષ, વર્ગભેદ, વર્ણ-વૈષમ્ય, ભેદભાવ, રાજકીય ખટપટ, અવિશ્વાસ, વિદ્રોહ વગેરેના નિવારણ અર્થે લોક સંતોએ **શાસ્ત્રવાણીને બદલે સંતવાણીની** સ્થાપના કરી.

લોક સંતોનું લક્ષ્ય હતું, ‘સંકીર્ણ માનવ-સમાજને બૃહત્તર બનાવવાનું, જન સમાજમાં વ્યાપ્ત ભેદ-ભાવને મીટાવવાનું, કર્મકાંડ, આચારની જડતા અને સંપ્રદાયની જટાજાળમાં અટવાયેલી પ્રજાને મુક્ત કરી તેને ભક્તિનો સરળ રાહ ચિંધવાનું.’ પોતાના આ ઉદાત્ત લક્ષ્યોને પાર પાડવા તમામ સંતોએ પોતાની વાણીના માધ્યમે પ્રજા જીવનમાં નવા પ્રાણ ફૂંકયા. કબીર આદિ આપણા લોક સંતોની વાણી તપાસતા આપણને ખ્યાલ આવે છે કે આ સંતોએ લોક સમાજને પ્રબોધવા, સુધારવા કે ઉગારવા કેટકેટલું ગાયું છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

સમય જતાં દક્ષિણ ભારતમાંથી ઉઠેલ ભક્તિ આંદોલનનો આ પ્રભાવ સમગ્ર ભારતમાં પ્રસરતા અને ભજનિક સંતોની વાણીમાં પોતાની આગવી સાધનાધારા, વૈયક્તિક અનુભૂતિ, કંઠોપકંઠ ઝીલાતું આવતું પરંપરાનું જ્ઞાન, પ્રદેશની વૈચારિક તાસીર, આગવી જીવન શૈલી, બોલી વળોટ જેવા તત્ત્વો ઉમેરાયા. જેમકે દક્ષિણમાં આ વાણી 'બાઉલ' સ્વરૂપે પ્રગટે છે તો મહારાષ્ટ્રમાં 'અભંગ' સ્વરૂપે પ્રગટે છે. પંજાબમાં એણે 'ગુરૂબાની' કે 'શબદી'નું રૂપ ધારણ કર્યું છે. તો રાજસ્થાન, ગુજરાત અને કચ્છમાં 'ભજન' સ્વરૂપે પ્રગટે છે.

ભારતીય સંસ્કૃતિની ધરોહરરૂપ ભારત ભરમાં નીર-નિરાળા સ્વરૂપે પ્રગટેલ આ સંત-સાહિત્યની સ્વરૂપગત લાક્ષણિકતા કેવી છે? તેને અંકે કરવા પ્રથમ આપણે આ ધારાના અભ્યાસુ વિદ્વાનોએ સંતવાણી વિષયક કરેલાં નિર્દેશો જોઈએ.

## આચાર્ય હજારી પ્રસાદ દ્વિવેદી

'સંતો કી રચનાઓ ભારતીય ચિન્તા કા સ્વાભાવિક વિકાસ હૈ. કબીર આદિ સંતો કી વાણીયોં કી બાહરી રુપરેખા પર વિચાર કિયા જાય તો માલુમ હોગા કી યહ સંપૂર્ણત: ભારતીય હૈ ઔર બૌદ્ધ ધર્મ કે અન્તિમ સિદ્ધોં ઔર નાથપંથી યોગિયોં કે પદાદિ સે ઉનકા સીધા સંબંધ હૈ.'[૫૭]આ ઉપરાંત તેઓ પોતાનાં 'કબીર'નામના અધ્યનગ્રંથમાં સંતોના ઉદ્દેશને તાકતા લખે છે કે, -'કાવ્ય સંતો કા લક્ષ્ય નહીં રહા, સંતોને અપને લક્ષ્ય કી પ્રાપ્તિ મેં જો કૂછ અભિવ્યક્તિ કિયા, વહ અનુભૂતિ ઇતની તીવ્ર ઔર જનમાનસ કો સ્પર્શ કરને વાલી હુઇ કિ જનજીવનમેં સંતો કી અભિવ્યક્તિયાં કાવ્ય કે રૂપ મેં પ્રતિષ્ઠિત હો ગયી.'[૫૮]

## શ્રી રાહુલ સાંકૃત્યાયન

'રામાનન્દ, કબીર, નાનક, દાદૂ આદિ સે રાધા સ્વામી દયાલ તક સભી સંત ઇન્હીં ચૌરાસી સિદ્ધોં કી ટંકસાલ કે સિકકે હૈ. રામાનન્દ કી કવિતાએં દુર્લભ હૈ. ઉનકે તથા ઉનકે શિષ્ય કબીર કા ચૌદહવીં શતાબ્દી કે અંત કા કવિતા પ્રવાહ જોડા જા સકે તો સિદ્ધ ઔર સંત કવિતા પ્રવાહ કે એક હોને મેં આપત્તિ નહીં હો સકતી.'[૫૯] આગળ તેઓ આજ સંદર્ભે ડૉ. ત્રિલોકી નારાયણ દીક્ષિત લિખિત'સંત દર્શન'પુસ્તકની ભૂમિકામાં કહે છે કે, 'સંત-કાવ્ય એક પૂર્ણ શરીર હૈ જિસ કે એક અંગ કો દેખ કર પૂરા પરિચય નહીં પ્રાપ્ત કર સકતે હૈ'[૬૦]

## ડૉ. પીતામ્બરદત્ત બડ્થ્વાલ

નિર્ગુણિયોં કી કાવ્ય રચના સંબંધી સફલતા ઉનકે રૂપાત્મક પ્રેમ સંગીત, વિનય તથા આનન્દોદ્રેક મેં દેખી જાતી હૈ, કયોંકી ઉન્હી મેં ઉનકી આંતરિક અનુભૂતિ કા પતા ચલતા હૈ તથા સૌંદર્ય, પ્રેમ એવં સત્ય કી ત્રયી કી અભિવ્યક્તિ ભી ઉન્હીમેં હોતી હૈ. [૬૧]

## ડૉ. રામકુમાર વર્મા

'હિન્દુ-મુસલમાનો કી સંસ્કૃતિ કે મિશ્રણ સે ઈશ્વર કે ઇસ રુપ કા પ્રચાર હુઆ, જો નિરાકાર, સર્વવ્યાપક ઔર અખંડ જયોતિ સ્વરૂપ હૈ. વિદ્વાનોં કે ધારણાનુસાર દોનો હીં ધર્મો મેં ગ્રાહ્ય ઐસે નવકલ્પિત ઈશ્વર કે પ્રતિ ભક્તિભાવ હી સંત કાવ્ય કા મૂલાધાર હૈ.'[૬૨]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## ડૉ. વિરેન્દ્ર મોહન

'સન્ત-ભકત-કવિયોં કે કાવ્ય પ્રદેશોં કા અધિકાંશ ભાગ દેશજ ભાષા સે સંબંધિત હૈ. ઉનકા દાર્શનિક મતવાદ યદ્યપિ સાકારી ઉપાસકો કે બરાબર પ્રભાવશાલી નહીં હૈ, લેકિન ઈનકી કાવ્ય સંવેદના નિશ્ચય હી સામાન્ય જન કા પ્રતિનિધિત્ત્વ કરતી હૈ. ઈસીલિયે સન્ત કાવ્ય કો પિછડી હુઈ નિરક્ષર જાતિયોં ને અધિક અપનાયા. સામન્તી માંગ કી પૂર્તિ રાજ્યાશ્રિત સંસ્કૃતજ્ઞોં કે દ્વારા હોતી રહી લેકિન જન-સામાન્ય કે લિએ સાહિત્ય રચના કા શ્રેય ઈન સન્ત કવિયોં કો દિયા જાના ચાહિએ.'(૬૩)

## ડૉ. ધીરેન્દ્ર બ્રહ્મચારી

'કબીરને ઉપનિષદોં સે અદ્વૈતવાદ; શંકર સે માયાવાદ, વૈષ્ણવ આચાર્યો સે ભક્તિ, અહિંસા ઔર પ્રપતિ કે સિધ્ધાંત; તાંત્રિક શૈવો, વજયાની બૌદ્ધો ઔર નાથપંથી યોગિયોં સે હઠયોગ; રહસ્યવાદ તથા જાત-પાંત એવં કર્મ-કાંડ કે વિરુધ્ધ પૈની ઉકિતયઁા, વૈષ્ણવ ભકતો ઔર સૂફી સંત સે માધુર્યમય ભક્તિવાદ...ઈન મકરન્દ બિન્દુઓં કા સંચય કરકે ઉન સબકે મેલ સે આચાર, દર્શન એવં આસ્તિકતા કા એક ઐસા વિચિત્ર ઔર મૌલિક સમન્વય પ્રસ્તુત કિયા, જિસે 'સન્તમત' અથવા 'નિર્ગુણમત' કી સામાન્ય ઉપાધિ મિલી.'(૬૪)

## શંકર દયાલ સિંહ

'સન્ત કવિ ભારતીય જનતા કે પ્રતિનિધિ થે. ઉનકી સામાજિક ચેતના બહુત તીવ્ર થી. જનતા કે દુ:ખ-દર્દ ઔર વેદના સે ફૂટકર હી ઉનકે કાવ્ય કી સરસ્વતી બહી થી. જનતા કી પીડા સે યહ કાવ્ય ઓત-પ્રોત હૈ. કિન્તુ સન્ત-સાહિત્ય કા આધ્યાત્મિક પક્ષ ભી બડા પ્રબલ હૈ. પરમ્પરાગત વિકાસશીલ ઈસ સાહિત્ય મેં હમેં નિરન્તર યહ ભાવના મિલતી હૈ કિ સંસાર અસાર હૈ. આશા કે મહલો મેં મનુષ્ય કી આત્મા બન્દી હૈ. ઈસ માયા ઠગની કે જાલ સે આત્મા કો મુકત કરના હૈ.'(૬૫)

## ડૉ. શ્યામ સુન્દરદાસ

'સંતો કી વિચારધારા સત્ય કી ખોજ મેં બહી હૈ, ઉસી કા પ્રકાશ કરના ઉનકા ધ્યેય હૈ. ઉનકી વિચારધારા કા પ્રવાહ જીવનધારા કે પ્રવાહ સે ભિન્ન નહીં.'(૬૬)

## શ્રી કોમલ સિંહ સોલંકી

'સંત કાવ્ય કી પરમ્પરા કે સ્રોત અત્યંત પ્રાચીન હૈ. ઈસ કાવ્ય કી પરમ્પરા તત્ત્વત: ઉસ કાવ્ય રચના પધ્ધતિ કી ઔર સંકેત કરતી હૈ જો માનવસમાજ કી મૂલ પ્રવૃત્તિયોં પર આશ્રિત હૈ.'(૬૭)

## શ્રી ઝવેરચંદ મેઘાણી

'ભક્તિરસની આ ચૂંદડીનો ઉદ્‌ભવ માત્ર સૌરાષ્ટ્રી નહોતો, ભારતવ્યાપી હતો. ચૌદમી સદીનો એ વિરાટ ચમત્કાર હતો. આગલા યુગોથી ભિન્ન એક વિચારધારા અને વાણીધારા જનતા સમસ્તમાં રેલાઇ ગઇ. દર્શનશાસ્ત્રના પાંડિત્ય પર અને સંસ્કૃત ભાષાના આડમ્બરપૂર્ણ વિલાસ પર એક પ્રહાર થયો-કોઇ કહે ઈસ્લામની અસર, કોઇ કહે ઈસાઇ ધર્મનો પ્રભાવ.પરંતુ આજના અભ્યાસીઓએ પુકારીને કહ્યું છે કે ઈસ્લામની તલવારે તારાજ કરેલી ભારતીય પ્રજાના પરાજિત માનસે શોધેલું આ છટકવાદી, હતાશાયુકત શરણ નથી, ખ્રિસ્તી ધર્મની અસરનું પરિણામ પણ



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

નથી. એ તો ભારતીય ચિંતનધારાના સાતત્યવંતા વિકાસક્રમની સ્વાભાવિક નવભૂમિકા છે.'(૬૮)

### શ્રી જયમલ્લ પરમાર

'સૌરાષ્ટ્રના સંતો ભક્તોએ પ્રભુભાવે વેદો અને ઉપનિષદોની જ વાણીને પોતાની સમાન સહજ લોકવાણીમાં ડુંગરાઓની ઊંડી ખોપો સુધી પહોંચાડેલ છે. નિરક્ષરતા વચ્ચે ક્ષર અને અક્ષરનો બોધ આપ્યો છે. અનીતિ અને અનાચારો સાથે પ્રહારો કરીને લોક સંસ્કારમાં સત્ ધરમનું જતન કર્યુ છે...આ ભક્તો અને સંતો જ પ્રજાજીવનના નીતિ અને આચાર ધર્મની આધારશીલા હતા. આજે ય આ સંતોની વાણી જ ગ્રામજીવનના નીતિ અને આચાર ધર્મ માટેનું એક માત્ર આલંબન બની રહી છે.'(૬૯)

### શ્રી મકરન્દ દવે

'શબ્દ, વિશ્વ અને તત્ત્વ ત્રણેનું વણાટકામ એટલે યોગીની સાહિત્ય કૃતિ. સુંદરવરની ચૂંદડી તરીકે સંત મૂળદાસે એને અમર કરી છે. એના વણનારા ચતુર સુજાણ છે. તત્ત્વથી શબ્દ સુધી એનો તાંતણો તૂટતો નથી. શબ્દના પ્રેમમાં પડવું અને પ્રેમને પારખવો એ બંને વચ્ચે ઘણું અંતર છે. યોગી શબ્દનો પ્રેમી છે ને શબ્દનો પરખંદો પણ છે. શબ્દ એના હૃદયમાં બીજની જેમ ઊગે છે અને વાણીમાં ફૂલની જેમ ઊઘડે છે.'(૭૦)

### નરોત્તમ પલાણ

'પ્રાચીન કાળમાં જેમ વેદોની શાસ્ત્રવાણી સાથે ઉપનિષદોની અનુભવ વાણીનો ઉદ્ભવ થયો તેમ મધ્યકાળમાં ઊભા થયેલા સામાજિક ભેદા-ભેદ અને ધાર્મિક વાદ-વિવાદ સાથે સંતવાણીનો ઉદ્ભવ થયેલો જણાય છે. બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન ત્રણે મુખ્ય પરંપરાઓ આચાર, વિચાર અને તંત્ર સાધનાની અટપટી માયાજાળમાં ગુંચવાઈને વધુને વધુ સંકુલ બની રહી હતી, તેની વચ્ચે આચાર્યોની ઉચ્ચ દાર્શનિક પરંપરાએ ક્રમશઃ આકાર ધારણ કરવા માંડ્યો છે. આ સમય દરમ્યાન પૂર્વકાળની સગુણ અને નિર્ગુણ એવી બન્ને પરંપરાઓ તથા આચાર્યોની દ્વૈતા-દ્વૈત સિદ્ધાંત પરક સાંપ્રદાયિકતાના સમન્વયમાંથી અધ્યાત્મ સાધનાનો એક નવો સરળ અને સૌ કોઈને સુલભ બની રહે તેવો જે અભિગમ પ્રગટ થયો તેમાં ભક્ત અને સંતમતના બીજ પડેલાં હોવાનું આપણે જોઈ શકીએ છીએ...ભક્તમતમાં સગુણ સાકારની આરાધનાર્થે કીર્તનની સાહિત્યક પરંપરા ઊભી થઈ, જયારે સંતમતમાં નિગુર્ણ નિરાકારની અનુભૂતિ અર્થે ભજનની સાહિત્યિક પરંપરાએ જન્મ ધારણ કર્યો છે. આ બન્ને પરંપરાઓની વિશિષ્ટતા એ છે કે તેમણે માત્ર જીવ, જગત, બ્રહ્મની વિચાર શ્રેણી વિશે જ નહીં, જીવાતા જીવન વિશે પણ વિચાર કર્યો છે અને એમ ઈહ તથા પર ઉભયને સાંકળતી સ્થળકાળ મુજબની સાહિત્યવાણીનું સર્જન થયું છે. ધર્મ સાધનાના નામે ઊભા થયેલા વિધિવિધાના અને કર્મ જડતાને આ બન્ને પરંપરાઓએ સંપૂર્ણપણે ખંખેરી નાખ્યા છે અને જરૂરી વહેવારને યથેચ્છ સ્વરૂપ આપ્યું છે. નાત જાત, ઊંચ-નીચ, સ્ત્રી-શુદ્રાદિ ભેદોને તિલાંજલી આપીને માનવ સમાજને સમયોચિત એક નવી સંજીવની પૂરી પાડી છે, તેમ વિધર્મી આક્રમણોને ખાળવાની બેઠી તાકાતનું સર્જન પણ કર્યું છે.'(૭૧)

### ડૉ. હસુ યાજ્ઞિક

'સંતવાણી Lore છે, પરંતુ Folk Lore નથી, Class Lore છે. જેમ કેટલાંક



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

વ્યાવસાયિક કસબો અને કલાઓ, કોઈ એક વર્ગને, એની જ્ઞાતિને, કુટુંબને કે વ્યાવસાયિક વ્યક્તિઓના બનેલા એકમને સિદ્ધ હોય છે. બધાં કંઈ ઘડા, હાંડા, આભૂષણ બનાવી ન શકે, એ બધી Craft છે. એનું Lore છે તે Folkનું નથી. હાલરડું, લગ્નગીત, રાસ, ગરબો, ધૂન કોઈ પણ ગાઈ શકે, સાથ આપી શકે, એ માટે કોઈ વિશેષ કુનેહ, આવડત, લાયકાત, શિક્ષણાદિ જરૂરી નથી. એ Folk Lore છે ને તે Folk musicનો પ્રકાર છે. સંતવાણી આવો પ્રકાર જ નથી. એનો આસ્વાદક, ચાહક અને શ્રોતા Folk છે, પરંતુ એને રજૂ તો જેણે આત્મસાત કરી છે, તે જ કરી શકે. આમા જ્ઞાતિ, જાતિ, વ્યવસાય નથી પરંતુ Advocation છે. જેને એનો રંગ લાગ્યો છે અને જેના માત્ર ગળામાં અને ગાનમાં જ નહીં, પરંતુ અંતરમાં કશુંક બેઠું છે અને ધબકે છે તે જ પોતાની આંતરિક અનુભૂતિને સ્વર અને લયમાં ઘૂંટીને પ્રગટ કરી શકે છે.'(૭૨).

## ડૉ.બળવંત જાની

'ભજનો-સંતવાણી એ ઉપનિષદના પ્રવાહને વહેતો રાખનારું માત્ર વહેતું ઝરણું નથી, પણ નાનકડી સરિતા છે. ઈસ્લામ કે ખ્રિસ્તી સાથે નહીં પણ ઉપનિષદ-અનુપ્રાણિત ભારતીય તત્ત્વદર્શનની સાથે એનું અનુસંધાન છે. સ્વકીય મુદ્રા પ્રગટાવી જતી આ ભજન રચનાઓએ જન સમુદાયને પ્રબોધતા-પ્રબોધતા વાદ-વિવાદથી પર રહીને, તરંગ-તુકકા અને કલ્પનાથી દૂર રહીને જન સામાન્યને સદાચારી બનાવવામાં બહુ મોટો ભાગ ભજવ્યો છે.'(૭૩)

## ડૉ. નિરંજન રાજયગુરુ

નાત-જાત, ધર્મ-પંથ, સંપ્રદાય-પરંપરા, દર્શન, વિચારધારા, સાધના, સિદ્ધાંતો, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, પ્રેમ, સ્થળ, કાળ, ભાષા, શબ્દાવલી, સ્વરૂપ, પ્રકાર, અભિવ્યક્તિ... આમાંનાં કોઈ એક જ પરિમાણના બંધનમાં બંધાયા વિના પોતાના સંવેદનોને સંત પોતે શબ્દબદ્ધ કરતા રહે, અને જે સર્જન થાય તેનું નામ સંત સાહિત્ય.

'નિર્ગુણ નિરાકારી પરમ ચેતનાની સાથેનું અનુસંધાન સંપૂર્ણ આત્મસાક્ષાત્કારની ભૂમિકાએ સાધકને પહોંચાડે પછી બ્રહ્મ સાક્ષાત્કાર માટેની એની તાલાવેલી-વિરહ ભક્તિની પરમોચ્ચ દશાએ હરક્ષણ-હરઘડી રિસામણાં મનામણાની લીલામાંથી પ્રગટે સર્વાંગ સાકાર સાથેનું સાયુજ્ય. પરમ સ્થિરતાની એ દશામાં સાધકનું સિદ્ધ કે અવધૂતમાં રૂપાંતર થયું હોય, એની મૂળ પ્રકૃતિમાં અલગારી અલ્લડતા હોય, અધ્યાત્મની તમામ ધારોઓને જાણી લેવાની તીવ્રતા હોય, નિર્બંધ બનીને પિંડશોધનની પ્રક્રિયાને લઈને સાધના દ્વારા સ્વાનુભવની ભૂમિકાએ પહોંચ્યા પછી એ અનુભૂતિનું રહસ્યદર્શન તેને વેદાન્તી-મરમી-રહસ્યવાદી સૃષ્ટિમા ખેંચી જાય અને આ અજાયબ અધ્યાત્મના પ્રદેશની ગલીકૂંચીઓમાં અથડાવું જેને ખૂબ જ ગમે એવા સંત પોતાની અલૌકિક મસ્તીનો કેફ શબ્દરૂપે, ભજનરૂપે, પદ કે વાણીરૂપે વ્યક્ત કરે એનો એક એક શબ્દ તે સંતવાણી-સંતસાહિત્ય.' (૭૪)

સંત સાહિત્ય ને જ પોતાનું કાર્યક્ષેત્ર બનાવનાર ડૉ. નિરંજન રાજ્યગુરુએ સંત સાહિત્યની આવી દષ્ટિપૂત વિભાવના ઉપરાંત, સંત સાહિત્યનું ભાવપક્ષની દષ્ટિએ અધ્યયન કરી, સંત સાહિત્યના નિદર્શિત લક્ષણો પણ તારવી બતાવ્યા છે.

(૧) પ્રેમલક્ષણા ભકિતનું ગાન.
(૨) સગુણ-સાકારની ઉપાસના.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૩) નિર્ગુણ-નિરાકારની ઉપાસના.
(૪) ગુરુ મહિમા.
(૫) યોગમાર્ગની વિવિધ સાધનાઓનું નિરૂપણ.
(૬) નાત-જાત કે સ્ત્રી-પુરુષના ભેદનો અભાવ.
(૭) ભક્તિના ક્ષેત્રમાં બધા મનુષ્યોને સમાનતા.
(૮) પરમાત્માની ઉપાસના અને માનવકલ્યાણની ભાવના અર્થે જ ભજનવાણીની રચના કરવાનું ધ્યેય.
(૯) જીવન, જગત, માયા અને શરીરની નશ્વરતાનું ગાન.
(૧૦) પ્રભુ પ્રત્યે સંપૂર્ણ સમર્પણની ભાવના.
(૧૧) કયારેક પોતાના વ્યાવહારિક કાર્યો ઉકેલી આપવાની અરજ વગેરે. (૭૫)

## ડૉ. એન. યુ. ગોહિલ

'સંત કવિતા-સંતવાણી એટલે કે જે વાણી સંત કક્ષાએથી રચાયેલી હોય, જે કવિતામાંથી સંત સાધના, તેની ચોકકસ પ્રક્રિયા, ધારા સ્પષ્ટ થતી હોય તેવી વાણી તે સંતવાણી.'(૭૬)

## ચીમનલાલ રાવલ

'સમસ્ત સંત સાહિત્યના ઉત્તમ રચયિતાઓએ કશું છાપવા માટેનું સાહિત્ય લખવાનો ઈરાદો નથી રાખ્યો. તેમણે કશી કલાનું સર્જન કરવાનો સભાન આશય નથી રાખ્યો. એમનું પ્રયોજન તો ભક્તિ, જ્ઞાન કે વૈરાગ્યની સાધના-આરાધના છે અને તે વડે તેઓ ઈશ્વર પ્રાપ્તિ ઝંખે છે. તેમની કૃતિઓના કેન્દ્રમાં ઈશ્વર છે, ધર્મ છે (એટલે) ભક્તિ, જ્ઞાન કે વૈરાગ્યની લોકોમાં પ્રેરણા જગાવવાનો આશય રાખીને તેમણે રચનાઓ કરી છે. ભક્તિ, જ્ઞાન કે વૈરાગ્યનો લોકોને બોધ કે ઉપદેશ આપવા માટે તેમણે ગાયું છે, અને આ દ્વારા તેમણે સંસાર સાર સમજાવ્યો છે. તો સાથો સાથ ડહાપણ, વ્યવહાર, જ્ઞાન, નીતિ અને સદાચાર પણ શીખવ્યાં છે. આ રીતે તેમણે લોક જાગૃતિ અને લોક શિક્ષણનું કામ કર્યુ છે.'(૭૭)

સંત સાહિત્ય-ભજન સાહિત્ય વિષયક ઉપરોકત વિદ્વાનોએ કરેલાં નિર્દેશો ઉપરથી આપણે એવા તારણ ઉપર આવી શકીએ કે - મધ્યકાલીન સમયમાં ચારે તરફ અશાંતિ, વર્ગ-સંઘર્ષ, વર્ણ-વૈષમ્ય, વર્ગ-ભેદ, રાજકીય ખટપટ, અવિશ્વાસ, વિદ્રોહ, વગેરેનું સામ્રાજ્ય હતું. આવી અંધાધૂંધ પરિસ્થિતિમાં સમયની માંગ મુજબ, ' સતત પ્રવાહમાન એવી ભારતીય ચિંતનધારાના પ્રવાહરૂપે' એક વ્યાપક કાલખંડના જન આંદોલનની ક્રિયા-પ્રતિક્રિયારૂપે' વિધર્મીઓના આક્રમણ સામે ઊભા થયેલા ભારતીય-સાંસ્કૃતિ મૂલ્યોના જતન અર્થે, 'સ્વાનુભવ દ્વારા સાધનાક્ષેત્રે થયેલ બ્રહ્માનુભૂતિની અભિવ્યક્તિરૂપે.' સંત પરંપરા અને સંત સાહિત્યનો ઉદ્ભવ-વિકાસ થયો છે.

જીવમાત્રના હિતચિંતક એવા આ લોકસંતોનો મુખ્ય ઉદ્દેશ સંકીર્ણ માનવ સમાજને બૃહત્તર બનાવવાનો, લોક સમાજમાં વ્યાપ્ત ભેદ-ભાવને મીટાવી સમાનતાના ભાવનું બીજારોપણ કરવાનો, પરમતત્ત્વને પામવાની સાધના એ કોઈની જાગીર નથી; સામાન્ય માણસ પણ એનો અધિકારી છે એવી સમજ વિકસાવવાનો, સમાજમાં ઉપેક્ષિત વર્ગમાં સ્વાભિમાનની ભાવના જાગૃત કરવાનો, પંડિતાય, કર્મકાંડ અને આડંબર સામે સહજ સાધના વિકસાવી પિંડમાંજ બ્રહ્માંડ છે એવું પ્રસ્થાપિત કરવાનો અને વેદવાણીને લોકવાણીનું રૂપ આપી સર્વગામી બનાવવાનો હતો. પોતાના આ ઉમદા



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ઉદ્દેશ કે લક્ષ્યને પાર પાડવા આ લોક સંતોએ પોતાની વાણીના માધ્યમે એ પ્રસ્થાપિત કર્યું કે માનવ-માનવ વચ્ચેના ભેદ-ભાવ ભગવાને નહીં પણ માણસે ઊભા કર્યા છે. જીવાત્મા અને પરમાત્મા વચ્ચે જે સંબંધ છે તે સહજ અને સ્વાભાવિક છે. એને પામવા માટે હોમ-હવન, યજ્ઞાદિ, કર્મ-કાંડની નહીં પણ સ્વાનુભવ યુક્ત આત્મજ્ઞાનની જરૂર છે. અર્થાત, 'પિંડમાં જ બ્રહ્માંડ છે.' તેમ પ્રસ્થાપિત કરી, ચારિત્ર્ય નિર્માણ દ્વારા વાણી એવા જ વર્તનને વિકસાવવા ઉપર ભાર મૂકયો.

સંતોએ વાણીના સહારે જ લોક સમાજને સત્‌માર્ગે વાળવાની સાથે માયામાં લપટાયેલ, મહત્વાકાંક્ષી, પ્રતિહિંસા જેવા કિચડમાં ખદબદતા લોકસમાજને પ્રેમ, ત્યાગ, કરુણા, મૈત્રી, વિશ્વ બંધુત્વ જેવા મૂલ્યો પ્રતિ અભિમુખ કર્યા, પરિણામે પ્રવર્તમાન સમાજમાંથી અરાજકતા, ધાર્મિક અસહિષ્ણુતા, અશાંતિ જેવી ખોફનાક પરિસ્થિતિનો અંત આવ્યો અને જન જીવનમાં નવ્ય ચેતનાનો સંચાર થયો.

સંતોએ પોતાની વાણીના માધ્યમે પાંડિત્યને પડકારી, નિજી અનુભવને મહત્વ આપ્યું. પરિણામે સમાજમાં વ્યાપ્ત આંધળા અનુકરણથી લોક સમાજને મુક્તિ મળી.

સંસ્કૃત પંડિતો જે પૌરાણિક, વૈદિક, જ્ઞાન, વિદ્યા ઉપર પોતાનો અધિકાર જમાવી બેઠા હતા તે તત્ત્વદર્શનને આ સંતોએ લોકભાષામાં અવતારી સર્વ સુલભ બનાવ્યું. જેને કારણે ધાર્મિક આડમ્બરનો અંત આવ્યો.મધ્યયુગમાં વિધર્મીઓના પ્રભાવને કારણે જયારે લોકો પોતાનું આત્મ સત્ત્વ અને સમ્માન ગુમાવી રહ્યાં હતા ત્યારે આ લોક સંતોએ સંતવાણી દ્વારા ભારતીય સંસ્કૃતિને પુનર્જાગૃત કરી, લોક સમાજને તેના આત્મ સત્ત્વનું ભાન કરાવ્યું. શ્રી મકરંદ દવે કહે છે તેમ, 'આપણાં સંત કવિઓ કદી ભૂમિના કે ભાષાના સંકુચિત વાડામાં પુરાયા નથી. એ હંમેશાં વહેતાં જીવન અને વાણીના ઉપાસકો રહ્યા છે. જયાં જયાં તેમણે હૈવત જોયું છે ત્યાં ત્યાં દેશ-વિદેશ કે જાત-પાતની પરવા કર્યા વિના તેમણે એને મુક્ત કંઠે બિરદાવ્યું છે.'[(૭૮)]

સંતોએ પોતાની વાણીમાં ધાર્મિક મત-મતાંતરો, ધર્મ-ધર્મ વચ્ચેના ઝઘડાઓ, તેઓની સંકુચિત માનસિકતા વગેરેનો વિરોધ કરી એક સમન્વયવાદી સાધનાની સ્થાપના કરી, જેમાં સંપ્રદાયને સ્થાને માનવતાવાદને મહત્ત્વ આપવામાં આવ્યું. આ ઉપરાંત ભારતીય સંસ્કૃતિની ધરોહરરૂપ એવા આ સંત સાહિત્યને ધાર્મિક અને ભાવાત્મક દષ્ટિકોણથી તપાસીએ તો તેની લાક્ષણિકતાઓને નીચે પ્રમાણે તારવી શકાય.

(૧) ચિત્ત શુદ્ધિ અને આત્મ પરિક્ષણ.
(૨) કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, એ પાંચેય મનોવિકારનો ત્યાગ.
(૩) પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય ઉપર સંયમ.
(૪) સદાચાર (સત્ય, અહિંસા, અપરિગ્રહ, ધૈર્ય, ક્ષમા, સહનશીલતા, દયા-પરોપકાર)ની ભાવના.
(૫) સ્વાનુભવ-આત્મચિંતન ઉપર ભાર.
(૬) નિષ્કામ કર્મનો આગ્રહ.
(૭) વાણી અને વ્યવહારમાં સામ્ય.
(૮) પરમાત્મા પ્રત્યે સંપૂર્ણ સમર્પણ ભાવ.
(૯) નામ-સ્મરણ (સહજ સાધના ) ઉપર ભાર.
(૧૦) ગુરુનું મહાત્મ્ય.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૧) સત્સંગની અભ્યર્થના, કુસંગનો ત્યાગ.
(૧૨) પ્રેમલક્ષણા ભક્તિ અને સગુણ-નિર્ગુણની ઉપાસના.
(૧૩) યોગમાર્ગની વિવિધ સાધનાઓનું નિરૂપણ.
(૧૪) નાત-જાત કે સ્ત્રી-પુરૂષના ભેદભાવનો અભાવ.
(૧૫) અલૌકિક અનુભૂતિની અભિવ્યકિત.
(૧૬) ધાર્મિક આડંબરનો વિરોધ.
(૧૭) તીર્થ, વ્રત, સ્નાન, કર્મકાંડ, સ્વાંગ વગેરેનું ખંડન.
(૧૮) અવતારવાદ અને બહુ દેવવાદનું ખંડન.
(૧૯) મૂર્તિ પૂજા અને પંથવાદનો વિરોધ.
(૨૦) પુસ્તકીયા જ્ઞાનનું ખંડન.

ભારતીય સંત સાહિત્ય વિષયક ઉપરોક્ત અભ્યાસથી એ પ્રતિપાદિત થાય છે કે મધ્યકાળમાં ભારતીય અધ્યાત્મની અનેક શાખા-પ્રશાખાઓ ફેલાયેલી હતી. અનેક ધર્મો, સંપ્રદાયો-ઉપસંપ્રદાયો વિષમ રીતે ફેલાતા જતા હતા. એક બાજુ હિન્દુ ધર્મમાં આંતરિક કલહ અને પ્રતિસ્પર્ધા વધતી જતી હતી, તો બીજી બાજુ ઈસ્લામ જેવા નવા ધર્મો પોતાનો પાયો મજબૂત કરી રહ્યા હતા. સમાજમાં સર્વત્ર અવ્યવસ્થા વ્યાપી ગઈ હતી. જાતિ પ્રથાને કારણે સમગ્ર સમાજ નાના-મોટા વર્ગોમાં વિભાજિત થઈ રહ્યો હતો. સતત વિદેશી આક્રમણોને કારણે અર્થતંત્ર પણ તૂટી પડ્યું હતું. મધ્યકાળની આ રાજકીય ઉથલ પાથલ, આર્થિક વૈષમ્ય, સામાજિક વિસંવાદિતા, ધાર્મિક અંધશ્રદ્ધા વગેરે જેવા પરિબળોને કારણે ભારતભરમાં ક્રાંતિકારી, સમાજ સુધારક, ઉદારદિલ, સદાચારી એવા સંતોનું પ્રાગટ્ય થયું. આ સંતોએ તત્કાલીન સમાજમાં નવજાગૃતિ અને ચેતના પ્રગટાવવા આહાલેક જગાવ્યો. પોતાની વાણી દ્વારા માનવ જીવનના શાશ્વત મૂલ્યો જેવા કે પ્રેમ, મૈત્રી, કરૂણા, અહિંસા, ક્ષમા, દયા, અપરિગ્રહ, પરોપકાર, મુદિતા, સંયમ, સદાચાર વગેરેને ઉજાગર કર્યા. એની સાથે લોકસમાજમાં એવી સમજ પણ વિકસાવી કે મનુષ્ય ધારે તો માત્ર પરમાત્માનો સાક્ષાત્કાર જ નહી, પોતાની ચેતનાને પણ દિવ્ય બનાવી શકે છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## સંદર્ભ સૂચિ


(૧) સોરઠી સંત વાણી - સં. ઝવેરચંદ મેઘાણી, પૃ. ૨૧/૨૨/૨૩
(૨) નાથ પંથ ઔર નિર્ગુણ સંત કાવ્ય - લે. કોમલસિંહ સોલંકી, પૃ. ૩૬
(૩) પરબ - ફેબ્રુઆરી- ૨૦૦૪- અંક - ૨, તંત્રી. યોગેશ જોષી, પૃ. ૫૪ થી ૫૮
(૪) શબ્દ સૃષ્ટિ - માર્ચ ૨૦૦૪ - પૃ. ૪૧. પ્રકા. ગુજરાત સાહિત્ય અકાદમી.
(૫) છાન્દોગ્યોપનિષદ - ૨/૧
(૬) તૈતિરીયોપનિષદ - ૨/૬/૧
(૭) શ્રીમદ્ ભગવદ્ ગીતા - અધ્યાય - ૧૭, શ્લોક ૨૬/૨૭
(૮) શ્રીમદ્ ભાગવત પુરાણ - પ્રથમ સ્કંધ, અધ્યાય ૧૯, શ્લોક - ૮
(૯) 'તં સંતઃ શ્રી તુમર્હન્તિ, સદ્સદ્વ્યકિત હેતવેઃ,
હેમ્નઃ સંલક્ષ્યન્તે હ્યગ્નૌ વિશુદ્ધિઃ શ્યાષિકાઽપિ વા'. -રઘુવંશમ્- કાલિદાસ.
(૧૦) નિરુકત કોશ- સં. યુવાચાર્યમહાપ્રજ્ઞ - પૃ. ૩૫૬
(૧૧) કબીર ગ્રંથાવલી - સં. શ્યામ સુંદરદાસ - પૃ. ૩૯
(૧૨) સુન્દર સવૈયા ગ્રન્થ - અંગ ૧૮ - સવૈયા - ૬
(૧૩) પલટૂસાહબ કી બાની -ભા. ૨-પૃ. ૮ બેલવીડિયર પ્રિંટિંગ વર્કસ, ઈલાહાબાદ-આ. ૬ - ૧૯૬૨
(૧૪) ગરીબદાસ કી બાની-પૃ. ૮૭ બેલવીડિયર પ્રિંટિંગ વર્કસ, ઈલાહાબાદ - ૧૯૭૧
(૧૫) રામ ચરિતમાનસ- તુલસીદાસ - બાલકાંડ, દોહા-૩, ગીતા પ્રેસ, ગોરખપુર.
(૧૬) અખાની વાણી - પૃ. ૪૬- સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય- મુંબઈ- ૨ આ. પાંચમી, સં. - ૨૦૧૪.
(૧૭) રવિએ રમતાં દીઠો - પૃ. ૫૮, લે. નાથાલાલ ગોહિલ - પ્રકા. નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ - આ. પ્ર. ૧૯૯૭
(૧૮) હાલો મારા હરિજનની હાટડીએ - પૃ. ૬૫, સં. હરકિશન જોષી - પ્ર. પ્રવીણ પુસ્તક ભંડાર રાજકોટ - આ. પ્ર. ૨૦૦૪
(૧૯) મોરલો મરત લોકમાં આયો - પૃ. ૧૭૪ લે. નાથાલાલ ગોહિલ. પ્રકા. પ્રવીણ પુસ્તક ભંડાર-રાજકોટ - આ. પ્રથમ ૨૦૦૪
(૨૦) યોગ પ્રવાહ - ડો. પીતામ્બરદત્ત બડ્થવાલ - પૃ. ૧૫૮
(૨૧) ઉત્તરીભારત કી સંત પરંપરા - આચાર્ય પરશુરામ ચતુર્વેદી - પૃ. ૫
(૨૨) નાથપંથ ઔર નિર્ગુણ સંત કાવ્ય - કોમલસિંહ સોલંકી - પૃ. ૬ પ્રકા. વિનોદ પુસ્તક મંદિર- આગરા.
(૨૩) સંતો કા ભકિતયોગ ઉન્મની પ્રકાશ મે, લે. રાજદેવસિંહ - પૃ. ૩ પ્રકા. હિન્દી પ્રચારક સંસ્થાન- વારાણસી.- ૧ આ. પ્રથમ - ૧૯૬૮
(૨૪) સંત દર્શન - પૃ. ૩ ડો. ત્રિલોકીનારાયણ દીક્ષિત - ભૂમિકા- રાહુલ સાંકૃત્યાયન
(૨૫) સંત પરંપરા વિમર્શ - ડો. રાજેન્દ્રસિંહ રાયજાદા, પૃ. ૨૪ / ૨૫ - પ્રકા. પ્રવીણ પુસ્તક ભંડાર- રાજકોટ. પ્ર. આ. ૧૯૮૯
(૨૬) ચૂંટેલા ભજન - સં. નરોત્તમ પલાણ - પૃ. ૧૨ (ભૂમિકા) પ્રકા. ગુ.સા. અકાદમી - ગાંધીનગર. પ્ર. આ. ૨૦૦૪




PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૨૭) શબ્દ સૃષ્ટિ - માર્ચ - ૨૦૦૪ પૃ. ૪૦ પ્રકા. ગુ.સા. અકાદમી - ગાંધીનગર.
(૨૮) યોગ પ્રવાહ - લે. ડૉ.પીતામ્બરદત્ત બડ્થવાલ, પૃ. ૧૫૬/૧૫૮
(૨૯) હિન્દી સન્ત સાહિત્ય કે સ્રોત - લે. ડૉ.વિનીતા કુમારી, પૃ. ૪
(૩૦) ઉતરી ભારત કી સંત પરંપરા - લે. આચાર્ય પરશુરામ ચતુર્વેદી, પૃ.૫
(૩૧) હિન્દી સન્ત સાહિત્ય કે સ્રોત - લે. ડૉ. વિનીતા કુમારી, પૃ.૪
(૩૨) સંત કવિ દરિયા : એક અનુશીલન - લે. ડૉ. ધર્મેન્દ્ર બ્રહ્મચારી, પૃ.૧૫૦
(૩૩) હિન્દી કો મરાઠા સંતો કી દેન - લે. વિનય મોહન શર્મા, પૃ. ૫૫/૫૬
(૩૪) મધ્યકાલીન જ્ઞાનમાર્ગ કાવ્યધારાની ભૂમિકા-લે. ડૉ. સુરેશ જોષી, પૃ. ૧૪૦/૧૪૧/૧૪૨.
(૩૫) સંત પરંપરા વિમર્શ - લે. ડૉ. રાજેન્દ્રસિંહ રાયજાદા, પૃ. ૩૯
(૩૬) ચૂંટેલાં ભજનો - સં. નરોત્તમ પલાણ, પૃ. ૧૧
(૩૭) શબ્દ સૃષ્ટિ 'માર્ચ ૨૦૦૪ - સં. હર્ષદ ત્રિવેદી, પૃ. ૪૧/૪૨/૪૩
(૩૮) ભજન રૂપ દર્શન - લે. ડૉ. નાથાલાલ ગોહિલ, પૃ. ૩૯
(૩૯) કબીર ગ્રંથાવલી - લે. ડૉ. પારસનાથ તિવારી, પૃ. ૫૦
(૪૦) એજન -પૃ. ૬૫
(૪૧) એજન -પૃ. ૫૮
(૪૨) ગરીબદાસ કી વાણી - પ્રકા. બેલવીડિયર પ્રિંટિંગ વર્કસ, ઈલાહાબાદ. પૃ. ૫૧
(૪૩) એજન -પૃ. ૫૨
(૪૪) સંતબાની સંગ્રહ ભાગ -૧,- પ્રકા. બેલવીડિયર પ્રિંટિંગ વકર્સ - ઈલાહાબાદ, પૃ.૧૨૮
(૪૫) ગુરુનાનક કા રુહાની ઉપદેશ-લે. જે.આર. પુરી, (રાધા સ્વામી સત્સંગ બ્યાસ)પૃ. ૧૯૨
(૪૬) સન્ત પલટૂ - પ્રકા. રાધા સ્વામી સત્સંગ બ્યાસ, પૃ. ૮૦/૮૧
(૪૭) સંત નામદેવ - લે. જે. આર. પુરી, પ્રકા. રાધા સ્વામી સત્સંગ બ્યાસ, પૃ. ૯૫
(૪૮) સંત તુકારામ - લે. ચન્દ્રાવતી રાજવાડે, પ્રકા. રાધા સ્વામી સત્સંગ બ્યાસ, પૃ. ૬૮
(૪૯) રામચરિત માનસ - લે. તુલસીદાસ, પૃ. ૧૫૪
(૫૦) અખા ભગતના ગુજરાતી પદ - સં. અનસૂયા ભૂ. ત્રિવેદી, પૃ. ૪૦
(૫૧) યોગ વેદાંત ભજન ભંડાર - સં. પ્રેમવંશ જગદીશભાઈ ગોવિંદભાઈ, પૃ. ૭૦
(૫૨) કીર્તન મુકતાવલી - સં. બોચાસણવાસી અ. પૂ. સ્વા. મંદિર - અમદાવાદ, પૃ. ૩૬૨
(૫૩) એજન - પૃ. ૩૫૧
(૫૪) ચૂંટેલા ભજન - સં. નરોત્તમ પલાણ, પૃ. ૨૭
(૫૫) મધ્ય યુગની સાધનાધારા - મૂ. લે. શ્રી ક્ષિતિમોહન સેન, અનુ. જયંતિલાલ આચાર્ય, પૃ. ૨૧
(૫૬) મધ્ય કાલીન જ્ઞાનમાર્ગી કાવ્યધારાની ભૂમિકા. લે.-ડૉ. સુરેશ જોષી, પૃ. ૧૩૦/૧૩૧
(૫૭) હિન્દી સાહિત્ય કી ભૂમિકા- લે. આચાર્ય હજારી પ્રસાદ દ્વિવેદી, પૃ. ૩૧
(૫૮) કબીર- લે. હજારી પ્રસાદ દ્વિવેદી, પૃ. ૨૨૦
(૫૯) પુરાતત્ત્વ નિબંધાવલી - લે. રાહુલ સાંકૃત્યાયન, પૃ. ૧૬૧
(૬૦) સંત દર્શન- લે. ડૉ. ત્રિલોકીનારાયણ દીક્ષિત, ભૂમિકા- પૃ. ૪
(૬૧) હિન્દી કાવ્ય મેં નિર્ગુણ સંપ્રદાય- લે. ડૉ. પીતામ્બરદત્ત બડ્થ્વાલ, પૃ. ૩૪૮
(૬૨) હિન્દી સાહિત્ય કા આલોચનાત્મક ઈતિહાસ- લે. ડૉ. રામકુમાર વર્મા, પૃ. ૧૯૨/૧૯૩
(૬૩) ભક્તિ કાવ્ય ઔર માનવ મૂલ્ય - લે. વિરેન્દ્ર મોહન, પૃ. ૭૯



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૬૪) સંત કવિ દરિયા– લે. ડૉ. ધીરેન્દ્ર બ્રહ્મચારી, ભૂમિકા– પૃ. ૬/૯
(૬૫) હિન્દી – સાહિત્ય – કતિપય મોડ઼ – લે. શંકર દયાલ સિંહ, પૃ. ૨૮
(૬૬) હિન્દી સાહિત્ય – લે. ડૉ. શ્યામ સુંદર દાસ, પૃ. ૧૪૩
(૬૭) નાથપંથ ઔર નિર્ગુણ સંત કાવ્ય – લે. કોમલસિંહ સોલંકી, પૃ. ૨૩
(૬૮) સોરઠી સંત વાણી– લે. ઝવેરચંદ મેઘાણી, પ્રવેશક – પૃ. ૧૯
(૬૯) આપણી લોક સંસ્કૃતિ– લે. જયમલ્લ પરમાર, પૃ. ૧૧૪/૧૧૫/૧૩૩
(૭૦) સંત વાણી : તત્ત્વ અને તંત્ર – સં. ડૉ. બળવંત જાની, પૃ. ૧૩૩/૧૩૪
(૭૧) ચૂંટેલાં ભજન – સં. નરોત્તમ પલાણ, ભૂમિકા – પૃ. ૮/૯
(૭૨) ગુજરાત – દીપોત્સવી અંક ભાગ – ૧ – વિ.સં ૨૦૫૮, સં. જે. જે. દવે, પૃ. ૩૨/૩૩
(૭૩) સંતવાણી : તત્ત્વ અને તંત્ર – સં. ડૉ. બળવંત જાની, પૃ. ૧૪૯
(૭૪) શબ્દસૃષ્ટિ – સં. હર્ષદ ત્રિવેદી, વર્ષ – ૨૧, માર્ચ : ૨૦૦૪, પૃ. ૪૧/૪૨
(૭૫) સંતવાણી: તત્ત્વ અને તંત્ર – સં.ડૉ. બળવંત જાની, પૃ. ૩૬
(૭૬) ભજન રૂપ દર્શન – લે. ડૉ. એન.યુ. ગોહિલ, નિવેદન , પૃ. ૧૮
(૭૭) ગુજરાતી સાહિત્ય કોશ – ખંડ ૩, સં. ચંદ્રકાંત ટોપીવાળા, પૃ. ૫૭૨
(૭૮) સત કેરી વાણી – સં. મકરન્દ દવે, પૃ. ૫૯



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

# પ્રકરણ-૨

## ખંડ-૧. અવળવાણી : સ્વરૂપ વિચારણા

(૧) ભૂમિકા.
(૨) અવળવાણી શબ્દ વિચાર.
(૩) અવળવાણી સમાનાર્થી-સમકક્ષ શબ્દો.
(૪) હિન્દી સાહિત્યમાં અવળવાણી વિષયક થયેલી ચર્ચા.
(૫) ગુજરાતી સાહિત્યમાં અવળવાણી વિષયક થયેલી ચર્ચા.
(૬) અવળવાણી સ્વરૂપ વિભાવના.
(૭) અવળવાણીની લાક્ષણિકતાઓ.
(૮) અવળવાણી-વ્યાખ્યા.
(૯) અવળવાણી : પ્રયોજન.

## ખંડ-૨. અવળવાણી : નિકટવર્તી શૈલીસ્વરૂપો

(૧) ભૂમિકા.
(૨) કૂટ કાવ્ય.
(૩) પ્રહેલિકા-સમસ્યા-ઉખાણાં.
(૪) સંધા ભાષાની કેટલીક રચનાઓ.
(૫) હરિયાળી.
(૬) વિશ્વ સાહિત્યમાં અવળવાણી-નિકટવર્તી શૈલી-સ્વરૂપો.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## ખંડ-૧.

## અવળવાણી : સ્વરૂપ વિચારણા

### ભૂમિકા

ભાવાભિવ્યક્તિ એ જીવનની સ્વાભાવિક પ્રવૃત્તિ છે. ભાષાએ ભાવાભિવ્યક્તિનું ઉત્તમ સાધન છે અને શબ્દો તેનું ઉપાદાન છે. સામાન્યત: સર્જક માત્ર પોતાની ભાવાભિવ્યક્તિ માટે ભાષાની અભિધા વગેરે શક્તિઓનો સાધન તરીકે ઉપયોગ કરી, પોતાના વ્યવહાર જગતના અનુભવને અભિવ્યક્ત કરે છે. પરંતુ ભાવોમાં જેમ જેમ ગહન-ગાંભિર્ય આવતું જાય છે, તેમ તેમ વ્યવહાર જગતની આ ભાષા તેની મર્યાદાઓને કારણે ગહન અને જટિલ ભાવોની ઉત્કૃષ્ટ અભિવ્યક્તિ માટે (અર્થે) અશક્ત બની જાય છે. આવે સમયે સર્જક પોતાના ગહન અને સૂક્ષ્મ ભાવોને અભિવ્યક્ત કરવા ભાષાની વિશિષ્ટ એવી પ્રતીકાત્મક કે રૂપકાત્મક શૈલીને કામે લગાડે છે.

સર્વ સામાન્ય સર્જકો કરતાં અનુભૂતિની અભિવ્યક્તિ સંદર્ભે સંત કવિઓની મુશ્કેલી થોડી વધારે હોય છે. કારણ કે સંત કવિ પ્રથમ સાધક છે પછી કવિ છે. કવિતા એનું સાધ્ય કર્મ નથી, એનું સાધ્ય તો છે સાધનાજન્ય અનુભૂતિ. પરિણામે સાધક એવો આ સંતકવિ સાધનાના ક્ષેત્રમાં જેમ જેમ ઊંડો ઉતરતો જાય છે તેમ તેમ તે સૂક્ષ્મતત્ત્વની વિશુદ્ધ તત્ત્વમય સ્થિતિને પામતો જાય છે. જ્યારે તે પરમ તત્ત્વની અસીમ અનુભૂતિથી પરિપ્લાવિત થઇ, ભાવ વિહ્‌વળ સ્થિતિમાં મૂકાઇ જાય છે ત્યારે તે પોતાને થયેલ અલૌકિક અનુભૂતિને સર્વ વ્યાપક બનાવવા આકુળ-વ્યાકુળ થઇ ઊઠે છે, પરંતુ ‘શતપથ બ્રાહ્મણ’માં કહ્યું છે તેમ ‘વાગ્વૈમનસો હ્રસીયસી, અપરિમિતતરમિવ હિ મન: પરિમિતતરેવ હિ વાક્,’ (૧) અર્થાત્, જે કંઇ અનુભવ ગમ્ય છે તે બધુંજ યથાતથ અભિવ્યક્ત કરી નથી શકાતું, કારણ કે મનનું ક્ષેત્ર અસીમ છે અને વાણીનું ક્ષેત્ર સીમિત છે.

આમ, અસીમ-અનંત અને અનિર્વચનીય અનુભૂતિની અભિવ્યક્તિ માટે આ સંત કવિઓને ભાષા-વાણીનું ક્ષેત્ર સીમિત અને અસમર્થ લાગે છે. તેમ છતાં પરમ રહસ્યાત્મક, અલૌકિક એવી આનંદાનુભૂતિને અભિવ્યક્ત કરવાની તે મથામણ કરે છે, પરંતુ પોતાના ગૂઢ ભાવોને સમ્યક રીતે અભિવ્યક્ત કરવામાં તેને પૂર્ણ સફળતા મળતી નથી. આવા અનિર્વચનીય અનુભવને આત્મસાત્ કરતાં તે એટલું જ કહી શકે છે કે -

> ‘ન ચક્ષુષાગૃહ્યતે નાપિ વાચા નાન્યૈર્દેવૈસ્તપસા કર્મણા વા,
> જ્ઞાન-પ્રસાદેન વિશુદ્ધ સત્વસ્તસ્તુ તં પશ્યંતે નિષકલં ધ્યાયમાન:’(૨)

અર્થાત્, તે પરમ તત્ત્વને નથી તો આંખોમાં સમાવી શકાતું કે નથી તો વાણી દ્વારા પામી શકાતું, નથી તો તે ઈન્દ્રિયો વડે ગ્રહણ થતું કે નથી તો તે તપ વડે ગ્રહણ થતું. નિરવયવ એવા આ તત્ત્વને તો શુદ્ધ અંત:કરણ વાળા ધ્યાન વડે જ ગ્રહણ કરી શકાય છે.

અધ્યાત્મ અનુભૂતિની અભિવ્યક્તિની આ મુશ્કેલીનું આવુંજ સાક્ષ્ય આપણને ‘તૈતિરીયોપનિષદ્’ અને ‘કઠોપનિષદ’ માંથી પણ મળી રહે છે. દા.ત.

> ‘યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ,
> નૈવ વાચા ન મનસા પ્રાપ્તું શકયો ન ચક્ષુષા.’(૩)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

'આસીનો દૂરં વ્રજતિ શયાનો યાતિ સર્વત :
કસ્તં મદામદં દેવં મદન્યો જ્ઞાતુમર્હતિ.'[૪]

શબ્દાતીત એવી આ અનુભૂતિની અભિવ્યક્તિ સંદર્ભે જે મુશ્કેલી વૈદિક મનીષીઓએ અનુભવી છે, તેવી જ મુશ્કેલી-મૂંઝવણ ભારતીય સંસ્કૃતિની ધરોહર રૂપ સંત કવિઓએ પણ અનુભવી છે. ગોરખ કહે છે :

'બસતી ન શૂન્યમ્, શૂન્યમ્ ન બસતી અગમ અગોચર ઐસા,
ગગન શિખર મહીં બાલક બોલે, તા કા નામ ધરહુંગા કૈસા !' [૫]

આ અગમ અગોચર એટલું વિશાળ, અફાટ છે કે તે શૂન્યમાં સમાઈ નથી શકતું અને વળી તે એટલું સૂક્ષ્મ છે કે તેમાં એક શૂન્ય પણ સમાઈ નથી શકતું. નથી તો તેનાથી કહી શકાતું કે શૂન્ય (પરમ તત્ત્વ) છે, કે નથી તો તેનાથી કહી શકાતું તે નથી. તે એવું અગમ-અગોચર છે કે ભાષાનો કોઈ શબ્દ તેને પામી શકતો નથી. અગમ-અગોચરને ગોચર કરવાની આવી જ અભિવ્યક્તિગત મૂંઝવણ વ્યક્ત કરતાં 'રહીમ' કહે છે :

'રહિમન બાત અગમકી, કહહી સુનનેકી નાહી,
જે જાનતી તે કહતી નાહીં, કહત જો જાનતી નાહીં.'[૬]

આવી જ મુશ્કેલી કબીર સાહેબે પણ અનુભવી છે, એટલે તો એમણે ગાયું છે :

'અવિગત અકલ અનુપમ દેખ્યા કહતા કહ્યા ન જાઈ,
સૈન કરે મન હી મન રહે, સૂં ગૂંગે જાની મિઠાઈ.'[૭]

જે અવિગત, અકલ અને અનુપમ છે તેનું વર્ણન કેમ કરવું ? કહેવું તો ઘણું બધું છે પણ પરિસ્થિતિ તો મૂંગા માણસે ખાધેલી મિઠાઈના રસાસ્વાદ જેવી છે. પરિણામે લાખ મથામણ કરવા છતાં અરૂપને રૂપાયત નથી કરી શકાતું. આજ વાતને દોહરાવતા સંતકવિ દાદૂ દયાળ અને ગુજરાતી સંત કવિ રવિસાહેબ કહે છે કે :-

'કૈતે પારિખ પચિ મુએ કીમત કહી ન જાઈ,
દાદૂ સબ હૈરાન હૈ ગૂંગે કા ગુડ઼ ખાઈ.'[૮]
'દેખે વા કુ વાચા નાહી, વાચા દેખત નાહીં,
ગૂંગે કી ગત ગૂંગા જાણે, સમજ સમજ મુસકાઈ.'[૯]

આમ, આ અનુભૂતિ ગૂંગાના ગોળ જેવી એટલે કે અનિર્વચનીય છે. અર્થાત્, સાધનાકીય અવસ્થા દરમિયાન સાધક સંત-કવિએ જે અલૌકિક આહ્લાદ માણ્યો છે તેનું યથાતથ વર્ણન કરવું મુશ્કેલ છે.

શબ્દાતીત એવા આ મર્મીભાવને ભારતીય મનીષીઓની જેમ આ ધારાના વૈશ્વિક દાર્શનિકોએ પણ અવર્ણનીય ગણાવ્યો છે. આ સંદર્ભે ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં ચીનમાં થઈ ગયેલા ક્રાંતદર્શી મર્મી કવિ લાઓત્સે કહે છે કે 'રહસ્યને જે જાણે છે તે બોલતો નથી અને જે બોલે છે તે રહસ્યને જાણતો નથી.'[૧૦] તો આ જ બાબતને સમજાવતા અમેરિકાના ચિંતક શ્રીવિલિયમ જેમ્સ કહે છે કે ' અધ્યાત્મ એ એવો વિષય છે કે તેને સંપૂર્ણપણે વર્ણવી શકાતો જ નથી. એટલે કે તે અનિર્વચનીય છે.'[૧૧]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

સાધક સંત-કવિ માટે અભિવ્યક્તિગત આ મૂંઝવણ ઉપરાંત બીજું પ્રત્યવાય એ છે કે, તેનું ભાવવિશ્વ સર્વ સામાન્ય કવિઓની જેમ માત્ર વ્યવહાર જગતના સત્યો પૂરતું સીમિત નથી હોતું. પણ તેણે કરેલા તપ-યોગ, ધ્યાન કે સાધનાથી પ્રાપ્ત પારલૌકિક હોય છે. બીજી રીતે કહીએ તો સાધના દ્વારા સંત કવિને લાધેલ સત્ય કે સિદ્ધિરૂપ આ અનુભૂતિ એટલી મૂલ્યવાન, રહસ્યોદ્ઘાટક, ચમત્કારિક અને જાદૂઈ હોય છે કે જો તેને સાદી, સરળ ભાષામાં વ્યક્ત કરવામાં આવે તો તે કોઈ અનઅધિકારી, દુરિત કે કુપાત્રના હાથમાં પડી જાય અને તેનો દુરુપયોગ થાય અને જે અનર્થ સર્જાય તેના પ્રત્યવાયનો ભાગીદાર કર્તા પણ ગણાય. તેથી પોતે પ્રાપ્ત કરેલ સિદ્ધિ કે રહસ્યની પવિત્રતા અને ગુપ્તતા જળવાઈ રહે એ માટે એણે પોતાની ભાવાભિવ્યક્તિને સાદી, સરળ, વ્યાવહારિક ભાષાથી ઉપર ઊઠી, સાધનાત્મક એવી ગુપ્ત સંકેતાત્મક વાણી - ભાષામાં કંડારવી પડે છે.

વિદ્યા કે જ્ઞાનને પવિત્ર અને ગુપ્ત રાખવાની આ પરંપરા છેક પ્રાચીન કાળથી ચાલી આવે છે. ઉપનિષદ્‌માં કહ્યું છે કે ‘પરોક્ષ પ્રિયા ઈવ દેવા પ્રત્યક્ષ દ્વિષં’.[૧૨] અર્થાત્ ‘ દેવો પરોક્ષનનામગ્રહણ વડે જ પ્રીતિવાળા થાય છે. અને પ્રત્યક્ષ નામનો દ્વેષ કરનારા છે.’ ‘નિરુક્ત’માં તો ખુદ વાણી જ પ્રગટ થઈને કહે છે કે, ‘હે બ્રાહ્મણ મારી રક્ષા કર, હું તારી નિધિ છું. તું મને નિંદક, કપટી, અસંયમીથી બચાવ. આમ કરવાથી હું તારા માટે વીર્યવંતી બનીશ.’[૧૩] શ્રીમદ્ ભાગવત્‌માં ભગવાન શ્રી કૃષ્ણ પણ ઉદ્ધવને ઉદ્દેશીને આજ સંદર્ભે કહે છે કે ‘હે ઉદ્ધવ ! વેદોના ત્રણ કાંડ બ્રહ્મ અને આત્માના ઐક્યને પ્રગટ કરે છે. બધાં જ મંત્રો અને મંત્ર દૃષ્ટા ઋષિઓ આ તત્ત્વને ગુપ્ત ભાવે જ બતાવે છે. અને મારે પણ આ રહસ્યને ગુપ્ત રીતે જ બતાવવું પડે છે.’[૧૪] આ ઉપરાંત રહસ્યમય એવી આ દિવ્યાનુભૂતિને સ્ફુટ રીતે પ્રકટ ન કરવાના નિર્દેશો આપણને ‘યોગ દૃષ્ટિ સમુચ્ય’,[૧૫] નૈષધીય ચરિત,[૧૬] કૌલજ્ઞાન નિર્ણય,[૧૭] ગૃહ્ય સમાજ તંત્ર,[૧૮] યોગવાશિષ્ઠ , હઠયોગ પ્રદીપિકા વગેરેમાંથી મળી રહે છે.

યોગવાશિષ્ઠમાં ગુરુ વશિષ્ઠ જ્યારે ‘ આત્મામાં રમણ કરવાવાળા પુરુષોની દૃષ્ટિમાં દ્વૈત કે અદ્વૈતનો ભેદ હોતો નથી કારણ કે તેમા વાસનાનું તત્ત્વ હોતું જ નથી.’ એવુ જણાવે છે ત્યારે રામ પ્રશ્ન કરે છે કે, હે મુનિશ્રેષ્ઠ જો એવી વાત હોય તો અહં ભાવની પ્રતીતિરૂપ વશિષ્ઠ નામથી આપ અહીં કેમ ઉપસ્થિત છો ? આ પ્રશ્ન સાંભળીને મુનિ મૌન બની જાય છે. સભામાં ઉપસ્થિત મોટા-મોટા લોકો પણ અવાક્ થઈ જાય છે. રામ ફરી પૂછે છે આપ મારી જેમ ચુપ થઈને કેમ બેઠા છો ? તેનો જવાબ આપતાં વશિષ્ઠ કહે છે કે મારૂં મૌન બની જવાનું કારણ એ નથી કે મને જવાબ નથી આવડતો પરંતુ આ પ્રશ્ન એ કક્ષાનો હતો કે એમાં મૌન બની જવું તે જ તેનો ઉત્તર હતો. પ્રશ્નકર્તા જો અજ્ઞાની હોય તો એને એ રીતે ઉત્તર આપવો જોઈએ પણ જો એ તમારી જેમ નિષ્કલંક, પરમજ્ઞાની હોય તો તેને સંકલ્પવાણીથી નહી પણ મૌન વાણીથી ઉત્તર આપવો જોઈએ. હું જ્ઞેય સ્વરૂપ જ છું વાણીથી અગમ્ય એવા પરમપદમાં પ્રતિષ્ઠિત છું. એટલા માટે જે અનિર્વચનીય છે એ તત્ત્વનું હું મૌન રહીને પ્રતિપાદન કરી રહ્યો છું .[૧૯] હઠયોગ પ્રદીપિકામાં તો સ્પષ્ટ રીતે કહેવાયું છે કે -

‘હઠ વિદ્યા પરં ગોપ્યા યોગિના સિદ્ધિ મિચ્છતા,
ભવેદ્વીર્યવતી ગુપ્તા નિર્વીર્યા તુ પ્રકાશિતા.’[૨૦]

અર્થાત્, સિદ્ધિ ઈચ્છનાર યોગીએ હઠ વિદ્યાને ગુપ્ત રાખવી જોઈએ કારણ કે ગુપ્ત રાખેલી આ વિદ્યા જ વધારે પ્રભાવશાળી થાય છે અને પ્રકટ કરતાં તે નિષ્ફળ અને નિસ્તેજ બની જાય છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

આમ, જોઈ શકાય છે કે સર્વ સામાન્ય સર્જક-કવિ કરતાં અધ્યાત્મ પરાયણ સાધક-સંત કવિની ભાવાભિવ્યક્તિગત મૂંઝવણ અને મુશ્કેલીઓ અનેક ગણી વધારે હોય છે. કારણ કે એક તો સાધનાકીય અલૌકિક એવી આ અનુભૂતિ અનિર્વચનીય હોય છે અને બીજું એ અનુભૂતિ એટલી સઘન અને પ્રબળ હોય છે કે તેને નિશ્રત કર્યા વિના પણ તેનાથી રહેવાતું નથી. વળી પોતે જે અભિવ્યક્ત કરવા માંગે છે તે રહસ્યાત્મક એવું અધ્યાત્મ વિ-જ્ઞાન અનઅધિકારી, દુરિત કે કુપાત્રના હાથમાં આવી ન જાય, તેમજ તેનો દુરુપયોગ કે અનર્થ ન થાય તેનો પણ તેણે સામનો કરવાનો હોય છે. સાથે રહસ્યોદ્‌ઘાટક અને મૂલ્યવાન એવી આ જ્ઞાન સંપદાથી કોઈ ખરેખરો અધિકારી કે મુમુક્ષુ વંચિત ન રહી જાય તેનો પણ તેણે ખ્યાલ રાખવાનો હોય છે. ભાવાભિવ્યક્તિગત આ અને બીજા અનેક પ્રત્યવાયને કારણે સંત કવિ એક પ્રકારની મૂંઝવણ, ઉદ્‌વિગ્નતા અને દ્વંદ્વની સ્થિતિમાં મૂકાય જાય છે. આવી સ્થિતિમાં સંત કવિ પોતાના ગહન અને સૂક્ષ્મભાવોને અભિવ્યક્ત કરવા ભાષાના વ્યાવહારિક માળખાને પરહરી, ભાષાને યૌગિક પરિભાષામાં કોડ કરી, પ્રતીકોના સહારે, પ્રતીકોને પણ તેના મૂળ અર્થથી વિચ્છેદી ભાવાભિવ્યક્તિ સાધે છે. એટલે કે વિવિધ સાધનાધારાઓની પરંપરિત એવી ગૂઢાર્થભરી પારિભાષિક શબ્દાવલિ દ્વારા વિશિષ્ટ એવી 'અવળવાણી' શૈલીનો સહારો લે છે અને એમ'અવળવાણી' દ્વારા પોતાની ભાવાભિવ્યક્તિગત સમસ્યાનું સમાધાન સાધે છે.

સંત ભજનિકની આ અધ્યાત્મ અનુભૂતિની અનિર્વચનીયતા અને એના કારણે ઉદ્‌ભવેલી અવળવાણી સંદર્ભે ડૉ. સુરેશ જોષીએ કરેલા નિર્દેશો ધ્યાનાર્હ છે. 'પરમતત્ત્વનાં વર્ણનમાં ભાષા અધૂરી લાગવાને કારણે અવળવાણી 'Language of Paradox'નો આશ્રય લેવાની જરૂર સાધકોને પક્ષે ઊભી થાય છે. વેદકાળમાં પણ લાંબી યજ્ઞયાગની ક્રિયા દરમિયાન વચ્ચે મળતા અવકાશમાં પુરોહિતો એકબીજાની આગળ 'બ્રહ્મોદ્યા'ને નામે ઓળખાતી પ્રહેલિકાઓ રજૂ કરીને મનોવિનોદ કરતા. સાધકોનાં વિપુલ સાહિત્યમાં આવી અવળવાણી, ઉલટબાંશિ, દષ્ટકૂટ, સંધ્યાભાષા, હેંયાલિ, હરિયાળી વેદથી માંડીને ઉપનિષદોમાં, દોહાસાહિત્યમાં, સહજયાનીઓમાં, સંતસાહિત્યમાં તેમજ આપણી જ્ઞાનમાર્ગી પરંપરાનાં સાહિત્યમાં સારાપ્રમાણમાં જોવા મળે છે.'(૨૧)

આમ, અધ્યાત્મ અનુભૂતિની ચિરંતન સમસ્યાના ઉકેલરૂપ, સંત સાધકોએ સાધના જન્ય સિદ્ધિની પૂરે પૂરી ખેવના સાથે, એક બાજુથી કોઈ અધિકારી મુમુક્ષ વંચિત ન રહે અને બીજી બાજુથી આ મહામૂલી સંપત્તિ કોઈ અનઅધિકારી કે કુપાત્રના હાથમાં ન જાય. અર્થાત્, વાણી નિહિત પારલૌકિક રહસ્યની ગુપ્તતા જળવાઈ રહે એવી નિગૂઢ અભિવ્યક્તિના માર્ગરૂપ અવળવાણી શૈલી અપનાવી.

સૌરાષ્ટ્રની કંઠોપકંઠ જળવાયેલી સંતવાણીમાં આરાધ, રવેણી, સાવળ, હેલો, ચાબખા, છપ્પા, ચતુરા, ચેતવણી, ધરમધડો, ધ્રુસલો, કક્કો, લાવણી, અગમ, આગમ વગેરે ભજનના વિવિધ પેટા સ્વરૂપોની જેમ 'અવળવાણી' પ્રકારની રચનાઓ પણ માતબર સંખ્યામાં મળી આવે છે.

અહીં, આ પ્રકરણને બે ખંડમાં વિભાજિત કરવામાં આવ્યું છે. જેમાંના પ્રથમ ખંડમાં ભારતીય ભાષાઓ અને ગુજરાતી ભાષામાં અવળવાણી વિષયક થયેલ વિચારણાનું આકલન કરીને અવળવાણીનાં સ્વરૂપને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તો બીજા ખંડમાં અવળવાણી શૈલી સ્વરૂપની સ્વાયતતા અંકે કરવા અવળવાણી શૈલીના સમીપવર્તી સ્વરૂપો જેવા કે કૂટકાવ્ય, પ્રહેલિકા, સમસ્યા, ઉખાણા, હરિયાળી, સંધાભાષાની રચનાઓ વગેરેને તપાસવાનો ઉપક્રમ સેવ્યો છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## અવળવાણી શબ્દ વિચાર

અવળવાણીનો સાદો-સીધો અર્થ થાય 'ઊલટું કથન.' પરંતુ આ શબ્દ ગુજરાતી ભાષામાં ક્યારથી અસ્તિત્વમાં આવ્યો તે વિષયક સંસ્કૃત સાહિત્ય-શાસ્ત્રમાંથી કોઈ આધારભૂત પૂરાવાઓ મળતા નથી. જો કે આનો અર્થ એવો નથી કે 'અવળવાણી' પ્રકારનું રચના કૌશલ ગુજરાતીમાં જ એની રીતે-ભાતે ઉદ્ભવીને વિકસ્યું છે. બલ્કે આ પ્રકારની રચનાઓના મૂળ તો ગોરખ, કબીર, નાનક, સુન્દરદાસ, સંત પલટૂ વગેરે હિન્દી ભાષી સંતકવિઓ અને સિદ્ધોની સંધાભાષામાં જોઈ શકાય છે.

આગળ કહ્યું તેમ ગુજરાતી 'અવળવાણી' પ્રકારની રચનાઓના મુખ્ય પ્રવર્તક આપણા ગોરખ, કબીર, નાનક, સુન્દરદાસ, પલટૂ વગેરે હિન્દી-સધુકડી ભાષાના સંતકવિઓ છે, પરિણામે ગુજરાતી 'અવળવાણી' શબ્દ સમજતા પહેલાં હિન્દી ભાષા-સાહિત્યમાં આ પ્રકારની રચના માટે જે 'ઉલટબૉઁસી', 'ઉલટવૉઁસી', કે 'ઉલટબાની' શબ્દ પ્રયોજાય છે તેની સમજ મેળવવી મહત્ત્વની બની જાય છે.

હિન્દી ભાષા સાહિત્યમાં મધ્યકાલીન ભારતીય સંતવાણી અંતર્ગત 'ઉલટબાની' વિષયક બહુશ્રુતો દ્વારા ઊંડાણપૂર્વકના અભ્યાસ-સંશોધનો થતાં રહ્યાં છે. અહીં પ્રથમ આ ધારાના વિદ્વાનોના 'ઉલટબાની' શબ્દ વિષયક મંતવ્યો ઉદ્ધૃત કરી, 'ઉલટબાની' શબ્દાર્થને સમજવાના પ્રયત્નો કર્યા છે.

## શ્રી પરશુરામ ચતુર્વેદી

આચાર્ય પરશુરામ ચતુર્વેદી ઉલટબાની શબ્દની વ્યુત્પત્તિ સંદર્ભે પોતાના વિચારો વ્યક્ત કરતાં જણાવે છે કે, 'ઉલટવૉઁસી શબ્દ કી વ્યુત્પત્તિ કે સંબંધમેં ઠીક પતા નહીં ચલતા ઔર ન યહી જાન પડતા હૈ કિ ઈસકા વ્યવહાર કિસ સમય સે હોતા આ રહા હૈ... ઉલટવૉઁસી શબ્દ કા અર્થ 'ઉલટા' એવં 'વૉઁસ' શબ્દ સે નિર્મિત કિયા જા સકતા હૈ, જીસ દશામેં ઉસકા ઠીક-ઠીક શબ્દાર્થ વૈસી રચના કે અનુસાર હોગા જીસકા વૉઁસ (પાર્શ્વભાગ) ઉલટા યા વિપરીત ઢંગ કા પાયા જાય.'(૨૨)

## ડૉ.સરનામસિંહ શર્મા

મધ્યકાલીન હિન્દી સંત સાહિત્યના અભ્યાસુ ડૉ. સરનામ સિંહ 'ઉલટવૉઁસી' શબ્દની વ્યુત્પત્તિગત આલોચના કરતા કહે છે કે, -'મેરી સમજ મેં ઈસ શબ્દકી દો વ્યુત્પતિયાં હો સકતી હૈ. એક 'ઉલટવાસી' સંયુકત શબ્દ સે, ઔર દૂસરી 'ઉલટવાસ'સે સંબંધિત. પહેલે શબ્દ 'ઉલટવૉઁ' કા અર્થ ' ઉલટી હુઈ 'ઔર 'સી' કા અર્થ સમાન હૈ, અતઃ એવ 'ઉલટવૉઁસી' કા અભિપ્રાય હુઆ 'ઉલટી હુઇ પ્રતીત હોનેવાલી ઉક્તિ.' દૂસરી 'ઉલટવાસ ' શબ્દ સે 'પરમપદ' યા અધ્યાત્મ લોકમેં રહનેવાલે કા નિવાસ વાસ્તવમેં 'ઉલટ વાસ ' હૈ. ઔર ઈસસે સંબંધિત વાણી 'ઉલટવૉઁસી' કે 'ઉલટબાની' કહલા શકતી હૈ.' (૨૩)

## ડૉ. રમેશચંદ્ર મિશ્ર

હિન્દી સંત સાહિત્ય-અંતર્ગત 'ઉલટવૉઁસી' ને જ પોતાના અધ્યયનનો વિષય બનાવી ડૉ. રમેશચંદ્ર મિશ્ર પોતાના સંશોધન ગ્રંથ 'હિન્દી સન્તોંકા ઉલટવૉઁસી સાહિત્ય'માં વિદ્વાનોના મંતવ્યો સાથે 'ઉલટવૉઁસી' શબ્દનો વ્યુત્પત્તિગત અર્થ-સંદર્ભે સમજાવતા કહે છે કે-'ઉલટવૉઁસી'



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

શબ્દ કા પ્રયોગ આધુનિક યુગ કી ઉપલબ્ધિ હૈ. સંતો કી, વિશેષરુપ સે કબીર કી, અટપટી અભિવ્યક્તિ કો કિસ આધાર પર 'ઉલટવૉંસી' કહા ગયા ઈસકા કોઈ પ્રામાણિક નિર્ણય સંભવ નહીં. સંત પરંપરા કી ગદ્દિયોં પર 'અટપટીબાની' કો 'ઉલટબૉંસી' યા ઈનકે નિકટવર્તી નામ સે પુકારને કી પરમ્પરા કા અવલોકન સાહિત્યિકારો ને કિયા હૈ ઔર સમ્પ્રદાય સે ચલકર, શૈલી વિશેષ કે લિયે, સાહિત્ય મેં 'ઉલટબૉંસી' નામ પ્રચલિત હુઆ હૈ. ઉલટબૉંસી શબ્દ કા પ્રચલન, ઉલટ+વાસ = ઉલટવાસ કરને વાલે સાધક કે લિએ પ્રયુક્ત ઉલટવાસી સંજ્ઞાપદ કે રુપ મેં હુઆ હોગા ઔર ઉસકી વાણી કો, ગુણ-ગુણી સમ્બન્ધ કે આધાર પર, ઉલટવૉંસી યા 'ઉલટબૉંસી' કહા ગયા હોગા.'(૨૪)

હિન્દી વિદ્વાનોના નિદર્શનો સાથે 'માનક હિન્દી કોશ'માં આ શબ્દનો અપાયેલો અર્થ પણ નોંધનીય છે. અહીં ઉલટવૉંસી શબ્દનો શબ્દાર્થ વર્ણવતા દર્શાવાયું છે કે- 'ઉલટવૉંસી= ઉલટ+વાચી, સાહિત્યમેં એસી ઉક્તિ યા કથન(વિશેષત:પદ્યાત્મક)જિસમેં અસંગતિ,વિચિત્ર વિભાવના, વિષમ,વિશેષોકિત આદિ અલંકારોં સે યુક્ત કોઈ એસી વિલક્ષણ બાત કહી જાતી હૈ જો પ્રાકૃતિક નિયમ યા લોક-વ્યવહાર કે વિપરીત હોને પર ભી કિસી ગૂઢ આશય યા તત્ત્વ સે યુક્ત હોતી હૈ.'(૨૫)

'માનક હિન્દી કોશ' અને હિન્દી વિદ્વાનોના આ અભિપ્રાયોથી એટલું સ્પષ્ટ થાય છે કે- સાધનાક્ષેત્રે જે સાધક સંસારથી ઉલટો ક્રમ અપનાવી ઉલટી સાધના દ્વારા અધ્યાત્મ લોકમાં નિવાસ કરે તે ઉલટવાસ. અને અધ્યાત્મ લોકની આ યાત્રા દરમિયાન થયેલી દિવ્યાનુભૂતિની અભિવ્યક્તિ તે 'ઉલટવૉંસી' અથવા 'ઉલટબાની'.

ગુજરાતી ભાષા-સાહિત્યમાં ભજનવાણી-સંતવાણી ક્ષેત્રે કામ કરનાર શ્રી ઝવેરચંદ મેઘાણીથી માંડી આધુનિક વિદ્વાનો-આલોચકો અવળવાણીને ભજનના એક પ્રકાર લેખે ઓળખાવે છે. પરંતુ કોઈએ 'અવળવાણી' શબ્દની વ્યુત્પત્તિગત આલોચના કરી હોય તેવું ધ્યાનમાં આવતું નથી. ડૉ. સુરેશ જોષી પોતાના પુસ્તક- 'મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કાવ્યધારાની ભૂમિકા'માં 'અવળવાણી' ને 'Language of Paradox' તરીકે ઓળખાવે છે. પણ 'અવળવાણી' શબ્દની વ્યુત્પત્તિગત કોઈ સમીક્ષા કરતા નથી.

આ સંદર્ભે ગુજરાતી બૃહદ્ શબ્દ કોશ'ભગવદ્ગોમંડલ' અને 'સંત સાહિત્ય શબ્દ કોશ'માં અપાયેલા શબ્દાર્થો તપાસવા જેવા છે. ભગવદ્ગોમંડલમાં અવળવાણી શબ્દના (૧) અવળ (અવળું ) + વાણી (બોલી ) સ્ત્રી. અવળું બોલવું તે, મનમાં હોય તેથી ઊલટું જણાવવાપણું (૨) સ્ત્રી. અવળું બોલે ને સવળું થાય તેવી વાણી ( ૩)સ્ત્રી. અશુભ વચન, અપશુકનિયાળ બોલ (૪) સ્ત્રી. ઊંડી મર્મવાળી બોલી; ગોરખવાણી.(૫) સ્ત્રી.વાચ્યાર્થથી ઊલટા અર્થવાળી વાણી; ગૂઢવાણી.' (૨૬) આમ કુલ મુખ્ય પાંચ અર્થો દર્શાવ્યા છે. તો 'સંત સાહિત્ય શબ્દ કોશ'માં જેઠાલાલ ત્રિવેદી 'અવળવાણી' નો શબ્દાર્થ સમજાવતા લખે છે. 'અવળવાણી' =(સ્ત્રી.) જ્ઞાનની અને ઈશ્વરની વાતો ગૂઢ ને રહસ્યમય છે. એ સાદી વાણીમાં વર્ણવી શકાતી નથી. ત્યાં વાણી પાછી પડે છે. આથી સંત કવિઓ આવા અનુભવ-રહસ્યોને પ્રગટ કરવા માટે વિલક્ષણ-પ્રતીકાત્મક વાણીનો પ્રયોગ કરે છે. એમ કરતાં વિરોધાભાષી ભાષા પ્રયોજવી પડે છે. એ વાણીમાં વાચ્યાર્થથી અવળો-ઊલટો, રહસ્યમય અર્થ અનુસ્યૂત હોય છે, જે મંથન કરનારને જ પ્રાપ્ત થાય છે. આ જાતની વાણી'અવળવાણી' નામે ઓળખાય છે. હિન્દી ભાષામાં પણ કબીર વગેરેની ઊલટબાંસિઓનો પ્રયોગ આજ હેતુથી થયેલો જણાય છે. સહજયાનિઓમાં આવી અવળવાણી 'સન્ધાભાષા' તરીકે ઓળખાતી હતી.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

Avalavani, Speech with import contrary to the literal meaning of the wards used; mystic speech.'(૨૭)

આ બન્ને ' કોશ'ની વાચના ઉપરથી સમજાય છે કે જે હેતુથી હિન્દીમાં ' ઉલટબાઁસી ' શબ્દ પ્રયોજાયો છે તે જ હેતુથી ગુજરાતીમાં ' અવળવાણી 'શબ્દ પ્રયોજાય છે.

અહીં એ પણ ઉલ્લેખનીય છે કે -'અવળી વાણી' એવો શબ્દ સંદર્ભ - કંઠોપકંઠ જળવતા લોકગીતોમાંથી મળી આવે છે. જેમ કે -

'સાંભળોને પાંચ પાંડવ અવળી છે વાણી ,
છલતી ગાગર ઉપર હોય પાણીયારી'(૨૮)

'અવળી ગંગા સવળા નીર,
વહુને ઘેર સાસુ બેસવા જાય' (૨૯)

અહીં આશ્ચર્ય એ બાબતનું છે કે અવળવાણી એવો શબ્દ પ્રયોગ ગુજરાતી લોકગીતોમાં પ્રયોજાયેલો જોવા મળે છે. પણ ગુજરાતી સંતવાણીમાં ક્યાંય 'અવળવાણી' એવો શબ્દ પ્રયોગ પ્રયોજાયેલો જોવા મળતો નથી.અલબત પ્રયોક્તાઓએ પોતાની વાણીમાં જરૂરિયાત મુજબ ' ઉલટા હંસ ચડે ગગનકું (૩૦) સોહાગી ભેટયા ઉલટામાં (૩૧) ઉલટી સરીતા પડે ગગન પર (૩૨) ઉલટા રાહ ચલાયા (૩૩) ઉલટી ચાલ ચલાયો' (૩૪) જેવા અવળવાણી સમકક્ષ-સમાનાર્થી શબ્દો પ્રયોજ્યા છે પણ ક્યાંય 'અવળવાણી' એવો શબ્દ પ્રયોજયો હોય તેવું ધ્યાનમાં આવતું નથી.

હિન્દી-ગુજરાતી સંત પરંપરા અને વિદ્વાનોના અભ્યાસને અંતે એટલું કહી શકાય કે અવળવાણી શબ્દ, હિન્દી ઉલટબાઁસી કે ઉલટવાઁસી શબ્દ પરથી ઉતરી આવ્યો છે. અને તેનો સાદો-સીધો અર્થ 'અવળું કથન' એવો થાય છે.

## અવળવાણી સમાનાર્થી - સમકક્ષ શબ્દો

અવળવાણી શબ્દ, શૈલીના સ્વરૂપે, ગુજરાતી, હિન્દી અને સધૂકડી ભાષામાં જુદા જુદા નામે પ્રયોજાતો રહ્યો છે.

નાથપરંપરાના પ્રર્વતક શ્રી ગોરખનાથ આવી વાણીને ' ઉલટી ચરચા ' તરીકે ઓળખાવે છે. જેમકે, 'નગરી કૌ પાંણી કૂઈ આવૈ, ઉલટી ચરચા ગૌરષ ગાવૈ '(૩૫) ગોરખનાથ પછી મળી આવતી આ પ્રકારની રચનાઓમાં કબીરનું સ્થાન મોખરાનું છે. કબીર સાહેબ પોતાની રચનાઓમાં આ પ્રકારની વાણી માટે ' ઉલટાવેદ ' અથવા 'ઉલટિવેદ' શબ્દ પ્રયોજે છે. દા.ત.'હૈ કોઈ જગત ગુરુ ગ્યાંની, ઉલટિ બેદ બૂઝૈ.' (૩૬)

સંત સુંદરદાસે ' બિપર્જર્ય કો અંગ ' નામથી આ શૈલીમાં પૃથક પૃથક દુહા અને સવૈયા છંદ રચ્યા છે. જેમાં અવળવાણી શબ્દના સમકક્ષ ' ઉલટી બાત ', ઉલટી રીતિ, ઉલટીગંગ, ઉલટા ખ્યાલ (૩૭) જેવા શબ્દ પ્રયોગો કર્યા છે.

ઓગણીસમી સદીમાં અવળવાણીને મળતો ' ઉલટમાસી 'શબ્દ પ્રયોગ સંત તુલસી સાહેબે (હાથરસ વાળા) કર્યો છે.. તેમણે પોતાની રચનાઓમાં 'ઉલટી રીતિ', 'ઉલટા શબ્દ','ઉલટી ચાલ', 'ઉલટબાસ' વગેરે શબ્દો પ્રયોજયા છે. સાથે આ શૈલીના પ્રયોગનું રહસ્ય અને સ્વયંમાં



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

સવળી હોવા છતાં લોકોને અવળી લાગતી આ વાણીના વૈશિષ્ટયને પણ બતાવ્યું છે. જેમ કે –

> 'ઉલટી ચાલ સંત કી બોલી, બિન પરચે કો પરદા ખોલી.
> ઉસ ઉલટી ઉન દુહી અગૂઢા, પંડિત ભેસ ન જાણે મૂઢા.
> ઉલટ બાસ સંતન ને ભાખી, જાકી સમજ સૂર કોઇ રાખી.
> સુલટી કો ઉલટી કર બૂઝા, ઉલટી સુલટી સમઝ ન સૂઝા.
> અબ ચકો ઈક શબ્દ સુનાઉ, ઉલટી સુલટી બોહિમાં દિખાઉ.'(૩૮)

ઉપરોક્ત શબ્દો ઉપરાંત કબીર સાહેબે ' અકથ કથા ', 'અકથ કહાની '(૩૯) ધની ધરમદાસે 'અચરજ ખ્યાલ'(૪૦), મલૂક દાસે ' અજબ કથા '(૪૧), જગજીવન સાહેબે ' ન્યારી કથા '(૪૨), યારી સાહેબે 'ભેદકી બાત'(૪૩), દરિયા સાહેબે (બિહારવાળા) છપલોકકી બાત(૪૪), દરિયા સાહેબે (મારવાડવાળા) 'અનહદ બાની'(૪૫), દૂલનદાસે 'ગુપ્ત મર્મ' અથવા 'ગુપ્ત મનકી બાત'(૪૬), સાંઇ બુલ્લેશાહે ' અચરજ '(૪૭), ચરનદાસે ' ગુપ્ત મતે કી બાત '(૪૮), દયા બાઇએ ' અટપટી બાત (૪૯), ભીખા સાહેબે ' અકથ કથન'(૫૦), રાધા સ્વામી સંપ્રદાયના પ્રવર્તક સંત શ્રી શિવ દયાળે 'મર્મ અતોલી', ' અંતરમુખ શબ્દ', 'ઉલ્ટી બાત'(૩૧) વગેરે જેવા શબ્દ પ્રયોગો આ પ્રકારની રચનાઓ માટે કર્યા છે.

ગુજરાતીમાં અવળવાણી પ્રકારની રચનાઓ માટે 'અટપટી વાણી'(૫૨), 'ઉલટ વાણી'(૫૩), 'ગૂઢ વાણી'(૫૪), 'બાવન બહારની વાણી'(૫૫)', અવળી ગંગા'(૫૬), 'બ્રહ્મજ્ઞાનની કવિતા'(૫૭), 'મર્મોલી '(૫૮), ' ગોરખવાણી'(૫૯), વગેરે પર્યાયો પ્રયોજાયેલા જોવા મળે છે.

## હિન્દી સાહિત્યમાં અવળવાણી વિષયક થયેલી ચર્ચા

ભારતીય સંસ્કૃતિની ધરોહરરૂપ સંતવાણી પ્રકારની રચનાઓ સમગ્ર ભારતમાં પ્રાચીન કાળથી લોકાદર પામતી રહી છે. લોકસમાજમાં કંઠોપકંઠ ઝીલાતી આવતી બહુમૂલી એવી આ વાણીનું મૂલ્ય સમયાંતરે બહુશ્રુતોને પણ સમજાયું. બહુશ્રુતોએ આ પ્રકારનાં સાહિત્યમાં ઊંડો રસ લઇ એવું પ્રતિપાદિત કર્યુ કે કોઇ પણ સમાજનો ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક વારસો તેના અસલ મૂળ સ્વરૂપે જે તે પ્રદેશની કંઠસ્થ પરંપરામાં જ જળવાયેલો હોય છે. એજ એની નોળવેલ હોય છે. કોઇ પણ રાષ્ટ્રની રાષ્ટ્રીયતાનું સાચું રૂપ એમાં જ સંગ્રહાયેલું હોય છે. માટે આજના સમુહમાધ્યમોના આક્રમણ યુગમાં એ લુપ્ત ન થાય તે પહેલા તેને જાળવી લેવું અત્યંત જરૂરી છે.

વિદ્વાનોની આ સમયસરની ટકોરથી વૈશ્વિક અધ્યયન, સંશોધન, વિવેચન, પ્રવૃતિનો ઝોક લેખિત પરંપરાને બદલે મૌખિક પરંપરા તરફ ઢળ્યો. પરિણામે યુરોપ, અમેરીકા, ફ્રાંસ વગેરે દેશની યુનિવર્સિટીઓ પણ ભારતીય મધ્યકાલીન સંત –ભજનિકની વાણીનાં અધ્યયન – સંશોધનમાં ઊંડો રસ લેતી થઇ. જેના ફલસ્વરૂપ બેલ્જિયમ, હોલેન્ડ, ઇંગ્લેન્ડ, ફ્રાંસ અને અમેરિકાની યુનિવર્સિટીઓમાં લુપ્ત થઇ રહેલી મૌખિક પરંપરાને જાળવી લેવા આંતરાષ્ટ્રીય સેમિનાર– સંમેલનોનાં આયોજનો થયા. જેને પરિણામે ઠેર ઠેર ધૂળથી ઢંકાયેલા આ બહુમૂલા વાઙ્મય ઉપર વૈજ્ઞાનિક દષ્ટિકોણથી સંશોધન–અધ્યયન થવા લાગ્યા.

અહીં ભારતીય સંતવાણી ક્ષેત્રે, ખાસ કરીને હિન્દી ભાષાનાં વિદ્વાનોએ સંતવાણીનાં અભ્યાસની સાથે સાથે ઊલટવાઁસી વિષયક જે ચર્ચા વિચારણાઓ કરી છે. તેને ઉદ્ધૃત કરવાનો ઉપક્રમ સેવ્યો છે. જેમાંથી આપણને વર્ણ્ય વિષયનાં સ્વરૂપને સમજવાનાં નિર્દેશો મળી રહે છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

### ડૉ. પીતામ્બરદત્ત બડથ્વાલ

'આધ્યાત્મિક અનુભવ કી અનિર્વચનીયતા કે કારણ સાધક કો કભી-કભી અપની અનુભૂતિયોં કો વિરોધી ઉક્તિયોં દ્વારા વ્યક્ત કરને કા ઢંગ અપનાના પડતા હૈ, જિન્હેં ઉલટવાસી, 'વિપર્યય' કહેતે હૈ...કભી- કભી ઈન ઉલટબાસિયોં કા પ્રયોગ અર્થ કો જાનબૂઝકર છિપાને કે લિયે હુઆ કરતા હૈ જિસસે આધ્યાત્મિક માર્ગ કે રહસ્યોં કા પતા અયોગ્ય વ્યક્તિયોંકો ન લગને પાયે.'(૬૦)

### આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદી

'હિન્દી સાહિત્ય કે આદિ પ્રવર્તક તીન મહાકવિયોં- ચન્દ, કબીર ઔર સૂરદાસ યેં સબકે સબ એક વિચિત્ર પ્રકાર કી પદ રચના કરતે રહે. ઈન્હે દૃષ્ટકૂટ, ઊલટવાંસી યા વિપર્યય કહેતે હૈ.'(૬૧) 'યોગિયોં કે પરિભાષિક શબ્દોં મેં ઉલ્ટીબાની કો પ્રભાવશાલી ઔર અદ્‌ભૂત બના દેને કી શક્તિ હૈ...જિતની ઉલટબાઁસિયાઁ હૈં, ઉનમેં સાધારણ તૌર સે વિપરીત ભાવ દીખને પર ભી યોગશાસ્ત્રીય પરિભાષાઓં કા હી વ્યવહાર હૈ.'(૬૨)

### ડૉ.પરશુરામ ચતુર્વેદી

'યે ઉલટવાંસિયાઁ બહુધા અટપટી બાનિયોં કે રુપ મેં રચી ગઈ હોતી હૈ, જિસ કારણ ઈનકે, ગૂઢ આશય કો શીઘ્ર ન સમઝને વાલા ઈન્હેં સુનકર આશ્ચર્ય મેં અવાક્ રહ જાતા હૈ ઔર જબ કભી ઈન પર ધ્યાનપૂર્વક વિચાર કર લેને પર વહ ઈનકે શબ્દો કે પીછે નિહિત રહસ્ય કો જાન પાતા હૈ તો ઉસે અપાર આનન્દ હોતા હૈ.'(૬૩)

### ડૉ. ધર્મવીર ભારતી

'ઉપમાનો કી વિરોધાત્મક યોજના પર આધારિત ઉલટ - વાઁસિયોં કી ચમત્કારપૂર્ણ શૈલી સિદ્ધોં કે કાવ્ય મેં વ્યવહૃત હોતી થી,...ઈન ઉલટ-વાઁસિયોં મેં યા તો પારસ્પરિક વિરોધી ધર્મવાલે ઉપમાનોં કા એકત્રીકરણ હોતા થા યા ઉપમાનોં મેં ઉનકે સ્વાભાવિક ધર્મ કે સ્થાન પર વિરોધી ધર્મ કા આરોપ કર દિયા જાતા થા.'(૬૪)

### ડૉ. સરનામસિંહ શર્મા

'ઈસ (ઉલટવાઁસી)કા અર્થ-ભાર અભિધા-શક્તિ ન સંભાલ કર સંકેત સંભાલતે હૈં જો પ્રતીક માત્ર હોતે હૈં. ઈનકા અભિપ્રાય વકતા કે મસ્તિષ્ક મેં હોતા હૈ ઓર શ્રોતા ઉસકો ખોજતા હુઆ અનેક બાર કહીં સે કહીં પહુઁચ સકતા હૈ. સંયોગ યા વક્તા કી સહાયતા હી શ્રોતા કો ઉસકે પાસ પહુઁચા સકતી હૈ.' (૬૫) 'જહાઁ સાધનાત્મક અથવા અધ્યાત્મ વિષયક અનુભૂતિ નહીં હૈ, અથવા જહાઁ વિરોધાભાસ નહીં હૈ, વહાઁ હમેં ઉલટવાઁસી કી ખોજ નહી કરની ચાહિએ.'(૬૬)

### ડૉ. નગેન્દ્ર

' વાસ્તવ મેં ઉન્હોંને ( કબીર ને ) ચમત્કાર શૈલી કા સપ્રભાવ પ્રયોગ કિયા હૈ. વ્યંગ્ય ઔર વક્રતા કી ચમક ઉનકી 'સીધી' ઔર 'ઉલટી' દોનોં વાણિયોં મેં મિલતી હૈ. મૂલતઃ તો રહસ્યવાદી હોને કે કારણ કાવ્યશાસ્ત્ર કે ધ્વનિવાદ સે હી ઉનકા ઘનિષ્ઠ સંબંધ હૈ. પરન્તુ રહસ્યવાદ કી સાંકેતિક શૈલી તથા પ્રતીક વિધાન મેં વક્રતા કી ભી સ્પષ્ટ સ્વીકારોકિત હૈ.'(૬૭)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## ડૉ. રાંગેય રાઘવ

' ઉલટવાઁસિયાઁ વાસ્તવ મેં આધ્યાત્મિક રૂપકોં કી એક ખાન હૈ.'(૬૮)

## ડૉ. વિનીતા કુમારી

'હિન્દી સંત સાહિત્યના અભ્યાસુ ડૉ. વિનીતા કુમારી પોતાના 'હિન્દી સન્ત સાહિત્ય કે સ્રોત' પુસ્તકમાં ઉલટવાઁસિયાઁ – વિરોધમૂલક પ્રતીક સંદર્ભે ડૉ. દેવેન્દ્ર આર્યનો મત ટાંકતા લખે છે – 'ઉલટબાઁસી કાવ્ય કા વહ રૂપ હૈ જીસમેં કિસી ભાવ, ધારણા યા વિચાર કો ઐસે માધ્યમસે અભિવ્યક્ત કિયા જાતા હૈ જો અપને બાહ્ય રૂપમેં નિતાન્ત અસંગત, અતાર્કિક ઔર લૌકિક ધરાતલ પર અઘટિત હો, પર આંતરિક રૂપમેં, પ્રતીકાર્થ સ્પષ્ટ હો જાને પર એક નૂતન ગૂઢાર્થ કી ચમત્કારિક અભિવ્યંજના કરે.'(૬૯)

## ડૉ. કોમલસિંહ સોલંકી

' ઉટલબાઁસિયાઁ સંત કાવ્ય કી એક વિશેષતા હી માની જા સકતી હૈ, સામાન્યતઃ યે ઉલટ બાઁસિયાઁ ઉન રચનાઓ સે મિલતી હૈ જિનમેં કિસી બાત કો અપ્રત્યક્ષ રૂપમેં વિપરિત યા ઉટપટાંગ ઢંગ સે કહા ગયા રહતા હૈ...ઉલટબાઁસી કા પ્રથમ દ્દષ્ટિ મેં વર્ણન અસમ્ભવ સા, આશ્ચર્ય ઔર ચમત્કાર જન્ય હોતા હૈ કિન્તુ આધ્યાત્મિક સંકેતો સે પરિચિત વ્યક્તિ ઉન્હે સમજકર આનન્દ કી અનુભૂતિ કર સકતા હૈ.'(૭૦)

# ગુજરાતી સાહિત્યમાં અવળવાણી વિષયક થયેલી સ્વરૂપ ચર્ચા

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય અંતર્ગત સંતવાણી સંદર્ભે શ્રી ઝવેરચંદ મેઘાણીથી માંડી ડૉ. નિરંજન રાજયગુરુ સુધીના વિદ્વાનોએ સંત–ભજનવાણી સ્વરૂપ, વ્યાખ્યા, પ્રકાર વગેરે વિષયક તલસ્પર્શી અને ઊંડાણપૂર્વક સંશોધન કાર્ય કરેલું છે. પરંતુ ભજનવાણીના એક ભાગરૂપ અવળવાણીના સ્વરૂપવિષયક તલાવગાહી સંશોધન થયું હોય તેવું જણાતું નથી. તેમ છતાં ભજનવાણીની ચર્ચા કરતી વખતે આ વિદ્વાનો પાસેથી અવળવાણી વિષયક જે અછડતી સમજણ પ્રાપ્ત થાય છે તેના વિશે વિચારીએ તો–

## શ્રી ઝવેરચંદ મેઘાણી

શ્રી ઝવેરચંદ મેઘાણી સોરઠી સંતવાણીનાં પ્રવેશકમાં ભજનવાણીને મહાવૃક્ષ તરીકે કલ્પી, અવળવાણી, આગમ, આરાધ, રવેણી, સાવળ, પ્રભાતિયાં વગેરેને આ વૃક્ષની જૂજવી ડાળીઓ તરીકે ઓળખાવી આગળ નોંધે છે, ' આ બધા તો એક જ ચૂંદડીનાં તાણાવાણા છે. એમાંથી ઉઠતો વણાટ ભાતીગળ ભક્તિ–ચૂંદડીનો છે.'(૭૧)

આમ, શ્રી ઝવેરચંદ મેઘાણી અવળવાણીને ભજનવાણીના એક પ્રકાર લેખે ઓળખાવે છે.

## શ્રી જયમલ્લ પરમાર તથા નિરંજન વર્મા

લોક સાહિત્ય, સંત સાહિત્ય, સંપાદન–સંશોધન ક્ષેત્રે શ્રી મેઘાણીની જેમ જયમલ્લ પરમારનું પણ મોટું યોગદાન રહ્યું છે. તેમણે પણ પોતાના સંત સાહિત્ય વિષયક લેખો ગ્રંથોમાં અવળવાણી વિષયક વિગતે નોંધ આપી હોય તેવું જણાતું નથી. પરંતુ ઈ.સ. ૧૯૪૩ માં ' ભગિની'પાક્ષિકમાં ' અમથી ડોશીની અવળવાણી'રૂપે પ્રગટ થયેલાં હળવા કટાક્ષ લેખોનું તેઓશ્રી, નિરંજન વર્મા સાથે



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ઈ.સ.૧૯૪૬માં સંપાદન કરે છે ત્યારે 'અમથીડોશીની અવળવાણી', પુસ્તકની પ્રસ્તાવનામાં અવળવાણી વિષયક પોતાના વિચારો વ્યકત કરતાં લખે છે -'કબીરજીના ભજનોમાં કબીરજીએ વેદાંત જેવા ગંભીર વિષયને અવળવાણીમાં ઉતારેલ છે. ત્યારબાદ તો રવિ સાહેબ, મોરાર સાહેબ અને ગુરુ મછન્દર પરતાપે ગોરખનાથ જેવા અનેક સાધુ-સંતોએ ભજનોમાં અવળવાણીના પ્રયોગ કર્યા છે...અવળવાણી એ મનોરંજન આપવાનું, હાસ્યરસ ઉપજાવવાનું, નર્મ રસ પુરો પાડવાનું ટોળ-ટીખળ દ્વારા પ્રસંગો કે બનાવોમાં રહેલા વિરોધાભાસો બહાર લાવવાનું જ કામ નથી કરતી; પણ હળવા વિનોદ દ્વારા ગંભીર પ્રશ્નો અને વિષયોના સાર-સત્ત્વો સુધી ખેંચી જાય છે. માનવ સ્વભાવમાં ઊંડે ઊંડે રહેલી વિરોધી સંભાવનાઓનો આસાનીથી પરિચય આપી જાય છે; અને રમત રમતમાં સમાજ જીવનનાં કૂટ પ્રશ્નો આગળ લાવી મૂકે છે. અવળવાણી એ લોક મુખે જ ટિચાતો, ઘડાતો અને ચોકકસ ઘાટ પકડી ગયેલો લેખન કલાનો એક સ્વતંત્ર પ્રકાર છે.'(૭૨)

આમ, જયમલ્લ પરમાર તથા નિરંજન વર્માના મતે અવળવાણી એ હળવા વિનોદ સાથે ગંભીર પ્રશ્નોને છેડતો અને માનવ સ્વભાવગત વિરોધી વૃત્તિઓનો પરિચય આપતો લેખન કલાનો એક સ્વતંત્ર પ્રકાર છે.

## શ્રી મકરન્દ દવે

શ્રી મકરન્દ દવે પોતાના ભજન વિષયક પુસ્તક 'સત કેરી વાણી'માં ડાડા મેકરણની અવળવાણીનો આસ્વાદ કરાવતાં 'આ ડાડા મેકરણની અવળવાણી છે' એટલી નોંધ ટાંકે છે. પણ અવળવાણી વિષયક અહીં કે અન્ય કોઈ પુસ્તકમાં વિગતે નોંધ આપતા નથી. અલબત આ સંશોધન કાર્ય દરમિયાન તા. ૧૨-૯-૨૦૦૨ નાં રોજ રૂબરૂ મુલાકાતમાં અવળવાણી વિષયક પૂછેલા પ્રશ્નોના જવાબમાં તેમણે કહેલું કે 'અવળવાણી એક ગૂઢ, રહસ્યાત્મક વાણી છે. એમાં મંત્રોની જેમ શબ્દ -રહસ્યોને કીલ કરવામાં આવે છે. આ પ્રકારની રચનાઓનાં મૂળ વેદ-ઉપનિષદોમાં પડેલાં છે. બ્રહ્મોદ્યામાં આ પ્રકારની રચનાઓ પ્રચુર માત્રામાં જોવા મળે છે.- આ વાણીને ઉકેલવા એના પ્રતીકો ને સમજવા પડે, જેને અધ્યાત્મ અનુભૂતિ વગર આત્મસાત કરવા મુશ્કેલ છે.'(૭૩)

## ડૉ. સુરેશ હ. જોષી

વિશ્વ સાહિત્યના અભ્યાસુ અને વિવેચક ડૉ. સુરેશ હ. જોષી 'મધ્યકાલીન જ્ઞાન માર્ગી કાવ્ય ધારા'ની વાત કરતા અવળવાણી વિષયક જે નિર્દેશો આપે છે તે નોંધનીય છે. 'આ પરમ્પરાના સાધકોએ વાણીથી અતીત એવા સ્વસંવેદ્ય અનુભવના તત્ત્વને અવળવાણી (Language of paradox) દ્વારા વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. સાધનાના અંગ તરીકે એમાં યોગની પ્રક્રિયાનો સ્વીકાર કરવામાં આવ્યો છે...પરમ તત્ત્વના વર્ણનમાં ભાષા અધૂરી લાગવાને કારણે અવળવાણી Language of paradox નો આશ્રય લેવાની જરૂર સાધકોને પક્ષે ઊભી થાય છે. વેદકાળમાં પણ લાંબી યજ્ઞયાગની ક્રિયા દરમિયાન વચ્ચે મળતા અવકાશમાં પુરોહિતો એકબીજાની આગળ 'બ્રહ્મોદ્યા'ને નામે ઓળખાતી પ્રહેલિકાઓ રજૂ કરીને મનોવિનોદ કરતા. સાધકોના વિપુલ સાહિત્યમાં આવી અવળવાણી, ઉલટબાંશિ, દૃષ્ટકૂટ, સંધ્યાભાષા, હેંયાલિ, હરિયાળી વેદથી માંડીને ઉપનિષદોમાં, દોહાસાહિત્યમાં, સહજયાનીઓમાં, સંત સાહિત્યમાં તેમજ આપણી જ્ઞાનમાર્ગી પરંપરાના સાહિત્યમાં સારા પ્રમાણમાં જોવા મળે છે...તન્ત્રોમાં અવળવાણીનો પણ ઉપયોગ થયો છે. દેખીતી રીતે નિષિદ્ધ ગણાતી વસ્તુનું એમાં સેવન કરવાનું કહેવાયું છે. પણ એમાની અવળવાણી જો સમજીએ તો આખી વસ્તુનો ગૂઢ અર્થ પ્રકટ થાય છે. આ પદ્ધતિનો ઉપયોગ



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

અનધિકારી આગળ યોગ્ય વસ્તુને પ્રગટ ન કરવાના હેતુથી જ થયો હોવો જોઈએ.'(૭૪)

'મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કાવ્યધારાની ભૂમિકા'માં ડૉ.સુરેશ જોષીએ 'અવળવાણી' વિષયક કરેલા આ છૂટક છૂટક નિર્દેશોમાંથી આપણને અવળવાણીની સંપૂર્ણ વ્યાખ્યા વિભાવના મળતી નથી પણ અવળવાણીની પૂર્વ પરંપરા, અવળવાણીની રચના પ્રક્રિયા, અવળવાણી હેતુ- પ્રયોજન જેવા, મહત્વના નિરીક્ષણો મળી રહે છે. જેમાંથી અહીં બાંધવા ધારેલ અવળવાણીની સ્વરૂપ - વિભાવનાને પુષ્ટિ મળી રહે છે.

## ડૉ. હસુભાઈ યાજ્ઞિક

ડૉ. હસુભાઈ યાજ્ઞિક 'રામદેવપંથી ભજનવાણીનો સ્વરદેહ અને શબ્દદેહ' વિષયક પોતાના લેખમાં રામદેવપંથી ભજનવાણીને સંગીતકલાની દષ્ટિએ તપાસતાં, મુખ્ય ત્રણ ભાગમાં વિભાજિત કરે છે. (૧) હેલ્લો, (૨) સાવળ અને (૩) આગમવાણી, અગમવાણી અને અવળવાણી. અહિં ત્રીજા પ્રકાર માંહેની 'અવળવાણી' વિષયક પોતાની સમજ વ્યક્ત કરતાં લખે છે કે 'વિરોધથી સત્યનું હાર્દ પ્રગટ કરવું તે અવળવાણી. 'નાવમેં નદિયા ડૂબ જાય' તે કબીરની પ્રચલિત અવળવાણી છે.'(૭૫)

## શ્રી નરોત્તમ પલાણ

શ્રી નરોત્તમ પલાણ 'ભજન : સ્વરૂપ વિમર્શ' વિષયક પોતાનાં લેખમાં 'ભજન'નું આંતરિક સત્ત્વ તપાસતાં લખે છે -'ભક્તિમાંથી મસ્તી તથા પરચાઓની વાણી, જ્ઞાનમાંથી અગમ નિગમ અને દેહ દેહીની રૂપકવાણી તથા વૈરાગ્યમાંથી અવળવાણી અને મૂઢ જીવને ફટકા દેતી ચાબખાવાણી પણ ભજનમાં ગૂંથાયેલી છે.'(૭૬)

આમ, શ્રી પલાણ સાહેબ અવળવાણીનો સ્રોત દર્શાવે છે. પણ અવળવાણીની વિભાવના કે વ્યાખ્યા આપતા નથી.

## ડૉ. નિરંજન રાજયગુરુ

ડૉ. નિરંજન રાજયગુરુ પોતાના 'ભજન મીમાંસા' પુસ્તકમાં ગુજરાતી ભજન સાહિત્યને જ્ઞાન, ભક્તિ, યોગ અને કથા એમ મુખ્ય ચાર ભાગમાં વિભાજિત કરી, 'અવળવાણી'ને જ્ઞાન અને યોગમૂલક ભજનવાણીના પેટા પ્રકાર તરીકે દર્શાવે છે. સાથે અવળવાણીને ગૂઢ રહસ્યાત્મક વાણી તરીકે ઓળખાવતાં લખે છે -'આપણાં સંતોની ભજનવાણીમાં કેટલાંક ભજનો સહેલાઈથી સરળ રીતે ન સમજી શકાય તેવી ગૂઢ ભાષામાં ગહન અને ગંભીર અનુભૂતિ વ્યક્ત કરતાં હોય એવું જોવા મળે છે. યોગ સાધના અને તાંત્રિકોની ગૂઢ ક્રિયાઓની અસરથી કથા વેદાંતના તત્ત્વચિંતનને પરિણામે જે દર્શન પ્રણાલી આપણા ભજનોમાં ઉત્પન્ન થઈ છે તેનું નિદર્શન આ ભજનો કરાવે છે. અધૂરી ઓછી છતાંયે કલાત્મક વાણીમાં એ પરમ દિવ્ય તત્ત્વ સાથેનો પોતાનો સંબંધ દ્રઢ કરવા ભજનિક સંતો અવળવાણી કે પરંપરિત પ્રતીકાત્મક શૈલીનો ઉપયોગ કરે છે, એટલે એમાં વિવિધ સાધનાઓની પારિભાષિક શબ્દાવલી દ્વારા અર્થઘટન કરી શકાય તેવું સૂક્ષ્મ નિરૂપણ થતું હોય છે.'(૭૭)

## ડૉ. નાથાલાલ ગોહિલ

ડૉ. નાથાલાલ ગોહિલ પોતાના 'ભજન રૂપદર્શન' પુસ્તકમાં ભજનના પ્રકાર અંતર્ગત 'અવળવાણી' વિષયક પોતાની સમજ વ્યક્ત કરતાં લખે છે કે 'જે ભજનવાણીમાં સાદી, સરળ અને



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ભાવક સહેલાઈથી સમજી શકે તેવી ભાષા હોય તેને 'સુલટવાણી' કહે છે. અને જે વાણી સમજવી અઘરી પડે, જે કહેવાયું હોય તે અર્થ ન નીકળે એટલે કે વાચ્યાર્થ બિલકુલ સ્વીકાર્ય ન બને અને જે કહેવાયું છે તેનાથી બિલકુલ ઉલટા અર્થ સ્વીકારવા પડે તેને 'ઉલટીવાણી' કે 'અવળવાણી' કહેવામાં આવે છે.'(૭૮)

અહીં, અવળવાણી વિષયક વિદ્વાનોનાં આ નિદર્શનો ઉપરથી કહી શકાય કે ગુજરાતી ભાષાના આ વિદ્વાનોએ સંત-ભજન સાહિત્યની ચર્ચા-વિચારણા કરતી વખતે અવળવાણી વિષયક પોતાના ઉપલક વિચારો વ્યક્ત કર્યા છે. પરંતુ કોઈએ અવળવાણીને જ પોતાના અભ્યાસનો વિષય બનાવી અવળવાણીનાં સ્વરૂપ, વ્યાખ્યા, લક્ષણોને સમજાવવાનો યથાર્થ પ્રયત્ન કર્યો હોય તેવું જણાતું નથી. આમ છતાં ગુજરાતી સંતવાણીનાં સંશોધન-અધ્યયન દરમિયાન ગુજરાતી વિદ્વાનોએ અવળવાણી વિષયક જે નિદર્શનો ટાંક્યા છે તેના ઉપરથી એટલું તારવી શકાય કે -

★ અવળવાણી એ ભજનનો એક પ્રકાર છે. તેના મૂળ વેદોમાં પડેલા છે. જેનો સ્રોત વૈરાગ્ય છે.
★ અવળવાણીમાં વિરોધથી સત્યનું હાર્દ પ્રગટ કરવામાં આવેલ છે.
★ અવળવાણી ગૂઢ રહસ્યાત્મક વાણી છે. જે અધ્યાત્મ અનુભૂતિ વિના સમજવી મુશ્કેલ છે.
★ અવળવાણીનો રચયિતા ન સમજી શકાય એવી ગૂઢ ભાષામાં પોતાની ગહન અને ગંભીર અનુભૂતિને વ્યક્ત કરતો હોય છે.
★ અવળવાણીના પ્રયોકતા ભાવકને હળવા વિનોદ સાથે ગંભીર પ્રશ્નો અને વિષયોના સાર સત્ત્વ સુધી ખેંચી જાય છે.

## અવળવાણી સ્વરૂપ વિભાવના

ભારતીય સંત સાહિત્યમાં પદ-ભજન અંતર્ગત, અન્ય કાવ્ય સ્વરૂપોની સાથે અવળવાણી શૈલીસ્વરૂપ પણ પરંપરાગત રીતે બૌદ્ધ,નાથ અને સંત પરંપરામાં આજ પર્યન્ત બળૂકી રીતે ખેડાતું આવ્યું છે.

અવળવાણી રચનાનો મૂળ સ્રોત અને શબ્દ સંદર્ભને સાધનાકીય દૃષ્ટિકોણથી જોઈએ તો- સાધનાના ક્ષેત્રે યોગી કે સાધક, હઠયોગ અંતર્ગત, મીનમાર્ગનો માર્ગ અપનાવી, સંસાર તરફ વહેતી ચિત્તવૃત્તિઓને ઊર્ધ્વમુખી બનાવે છે. જેને નાથ સંપ્રદાય ઊલટા સાધન તરીકે ઓળખાવે છે. બૌદ્ધ ધર્મમાં તેને પરાવૃત્તિના માર્ગ તરીકે ઓળખવામાં આવે છે. આપણાં સાંઇ મકરન્દ દવે તેને 'વૈતરણી'(૭૯) તરીકે ઓળખાવે છે. સૂફી સાધકો પણ આ પ્રકારની સાધનાને નાથ પરંપરાની જેમ, ઊલટા સાધન તરીકે ઓળખાવે છે. સાંઇ બુલ્લેશાહ કહે છે,

'ઉલટી ગંગ બહાઈઓ રે સાધો, તબ હરિદર્શન પાએ,
ઉલટે પાઉ પર કુંભકરન જાએ, તબ લંકા કા ભેદ ઉપાએ.' (૮૦)

આમ, 'મીનમાર્ગ'એ આ પ્રકારની રચનાઓનો મૂળ સ્રોત હોય તેમ જણાય છે.

મીનમાર્ગના આ સાધના ક્ષેત્રે સાધક જે અનુભૂતિમાંથી પસાર થાય છે તે અનુભૂતિ જ તેને માટે દ્વંદ્વાત્મક બની રહે છે. આ અવસ્થા દરમિયાન તે જે તત્ત્વને પામે છે તે એવું દ્વંદ્વાત્મક, અનિર્વચનીય અને અલૌકિક હોય છે કે, એક બાજુથી તેને આ તત્ત્વ અદ્વૈત, નિરાકાર અને સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાસે છે. તો બીજી બાજુથી દ્વૈત, સાકાર, અસીમ અને અફાટ લાગે છે. (૮૧) જેને વ્યાવહારિક



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ભાષાના માધ્યમે અભિવ્યક્ત કરવું મુશ્કેલ બની જાય છે. એટલે તો ગોરખ, કબીર, રહિમ, રવિ સાહેબ વગેરે સંતો આવી દ્વંદ્વાત્મક અનુભૂતિને 'અગમ-અગોચર કે ગૂંગાના ગોળ' તરીકે ઓળખાવે છે.

આમ, સંતો દ્વારા પ્રયુક્ત એવી આ કાવ્યધારાનાં વર્ણ્ય-વિષય અનિર્વચનીય છે, અને તેની અભિવ્યક્તિ માટેનું શાબ્દિકરૂપ અસંબદ્ધ છે.

સ્વરૂપગત રીતે વિચારતાં અવળવાણી, એક પ્રકારની વક્રતાપૂર્ણ ભાષા શૈલી છે. સાધના પથની અનુભૂતિને વક્રતાથી રજૂ કરવાનો તેમાં પ્રયાસ થયો હોય છે. વળી સાધક પોતાની અનુભૂતિને સરળ કે અભિધાત્મક રીતે નહી પણ પ્રતીકાત્મક રીતે રજૂ કરે છે. અભિવ્યક્ત કરવા ધારેલા ભાવ કે અર્થને ઉલટાવી, અવળ-સવળ કરી તેમાં વિરોધનો અર્થ આરોપિત કરે છે. આમ અવળવાણીમાં સાધકની અધ્યાત્મ અનુભૂતિને વિરોધાત્મક રીતે પ્રગટ થતી જોઇ શકાય છે. સામાન્ય ભાવન દરમિયાન તે અસંગત , અતાર્કિક કે અકલ્પનીય લાગે છે. સાધકે એ રીતે જ અભિવ્યક્તિ કરી હોય છે. પરંતુ સાધના માર્ગનો પ્રવાસી કે ગુરુ જયારે આ વિરોધમૂલક રીતે પ્રગટ થયેલી અભિવ્યક્તિનું રહસ્ય સ્પષ્ટ કરી આપે છે, અથવા તો સાધક પ્રવાસી પોતાની અનુભૂતિ સાથે એનો તાળો મેળવી લે છે, ત્યારે ગૂઢાર્થયુકત એવી આ વાણીના રહસ્યો તે આપો-આપ પામી જાય છે. અને ત્યારે તેને માટે આ વાણી અવળવાણી ન રહેતા સવળવાણી બની જાય છે. એથી જ ગોરખનાથ કહે છે 'અવળી વાણી સવળા નીર, પીઓ પીઓ સંત સધીર.'(૮૨)

આ વાણી અવળી છે પરંતુ તેનું રહસ્ય સવળું છે. સાધનાપંથની સાચી અને નિબિડ અનુભૂતિનું પ્રાગટય છે. જે સાધના પથના યાત્રી માટે માર્ગદર્શક રૂપ બની શકે તેમ છે.

પ્રેમપંથના યાત્રી એવા આ સંતોના શબ્દાતીત અનુભવોને શબ્દ બદ્ધ કરવા મથતી, ભેદભરી અને ઉલટી છતાં ઉન્નતિકર, સર્જનહારના અસલરૂપનું દર્શન કરાવતી, સુતેલાને જગાડતી, મુમુક્ષુઓને માર્ગ ચીંધતી અને અલખને આલેખતી એવી આ વાણી સમજવી અતિશય અઘરી છે. શબ્દ પ્રયોગની વિચિત્રતાને કારણે એની અભિવ્યક્તિ જટિલ બની ગઇ. એની ગૂઢાત્મકતા વધારે ગૂઢ બની. પરિણામે અભિધાગત સ્તરે વિહરતા ભાવક માટે તે નર્યો ગૂઢાર્થ કે અતાર્કિક વાણી વિલાસ લાગે. પરંતુ આ વાણીનું રહસ્ય પામનારા, આ વાણીના અર્થઘટન કરવાની પાત્રતા ધરાવનારા સાધક-ભાવકો માટે તો સાધના-યાત્રાની ઉત્તમ પ્રસાદી છે.

અવળવાણીની રચના પદ્ધતિ રહસ્યાત્મક, ચમત્કારિક અને અટપટી હોવાથી એના ગૂઢાર્થને સમજવાવાળા આશ્ચર્યથી અવાક્ બની જાય છે. પરંતુ ગુરુમુખી એવી આ વાણીના રહસ્યો-સંકેતો પૂર્ણપણે સમજાયા પછી. તેમાં રહેલું રહસ્ય પ્રગટ થતાં આ વાણી જુદા જ પ્રકારની માનસિક તૃપ્તિનો અનુભવ કરાવે છે.

પ્રાપ્ત અવળવાણીમાંથી પસાર થયા પછી એવું અનુમાન સહજ રીતે કરી શકાય તેમ છે કે સંત -સાધક પોતાની અધ્યાત્મ યાત્રાની અનિર્વચનીય અપરોક્ષાનુભૂતિને અવળવાણીના માધ્યમે વ્યક્ત કરે છે. એ અર્થમાં અહીં સંત સાધકની અધ્યાત્મ-ઉર્ધ્વગતિનો નકશો મળી રહે છે. તે સાધનાની કઇ સ્થિતિએ પહોંચ્યો છે, કઇ સ્થિતિએ કેવા વ્યવધાનો ઊભાં થાય છે, પરમતત્ત્વની સાક્ષાત્કારની કે સમાધિસ્થ સ્થિતિની અનુભૂતિનું રૂપ કેવું છે તેનું પણ પ્રમાણ મળી રહે છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## અવળવાણીની લાક્ષણિકતાઓ

ગુજરાતી અને અન્ય ભારતીય ભાષાઓમાં થયેલી અવળવાણી વિષયક ચર્ચા-વિચારણા તેમજ હિન્દી-ગુજરાતી સાહિત્યમાંથી મળી આવેલ અવળવાણી રચનાઓમાંથી પસાર થયા પછી અવળવાણી સ્વરૂપ વિષયક કેટલીક અનિવાર્ય લાક્ષણિકતાઓ તારવી શકાય તેમ છે. જેનાં આધારે અવળવાણીનું સ્વરૂપ સુસ્પષ્ટ થાય છે.

### વિરોધમૂલક અભિવ્યક્તિ

અવળવાણી એ સંતોની વાણી છે; ભજનવાણી છે. ભજનના પર્યાય રૂપે 'વાણી' શબ્દનો પ્રયોગ ઘણીવાર થતો આવ્યો છે. આ 'વાણી' શબ્દની આગળ 'અવળ' વિશેષણ જોડાઈને અવળવાણી એવો શબ્દ બને છે ત્યારે અહીં 'અવળ' વિશેષણ અવળવાણીનાં સ્વરૂપને ખોલવા માટેની ચાવી બની જાય છે. અવળવાણીમાં લૌકિક જગતની સવળી કે વાસ્તવિક ક્રિયાઓ, ગુણો, લાક્ષણિકતાઓ, સ્વભાવ, કાર્યો વગેરેનું વિરોધમૂલક રીતે નિરૂપણ થયેલું હોય છે. ડૉ. હસુ યાજ્ઞિક કહે છે તેમ ' વિરોધથી સત્યનું હાર્દ પ્રગટ કરવું તે અવળવાણી.' (૮૩) અવળવાણીમાં લૌકિક જગતની ક્રિયાઓથી તદ્દન ઉલટી દિશાનું વર્ણન જોવા મળે છે. દા.ત. ડાડા મેકરણની એક રચનામાં 'વરસે ધરતી ભીંજે આકાશ' એમ કહેવાયું છે. અહીં જોઇ શકાય છે કે પ્રાકૃતિક રીતે વાસ્તવ જગતમાં આકાશ વરસતું હોય છે અને ધરતી ભીંજાતી હોય છે. પરંતુ સંત સાધક, સાધનાકીય અનુભૂતિનો ગૂઢાર્થ પ્રગટાવવા એ પ્રાકૃતિક વાસ્તવને ઉલટાવી નાખે છે. આમ વિરોધ મૂલક રીતે થતી અભિવ્યક્તિ એ અવળવાણીનું પાયાનું લક્ષણ ગણાવી શકાય.

### સાંકેતિકતા-પ્રતીકાત્મકતા

અવળવાણીની અભિવ્યક્તિ પ્રતીકાત્મકહોય છે. સાધનાપથમાં થયેલી અમૂર્ત અને અનિર્વચનીય અનુભૂતિને વ્યક્ત કરવા સંત ભજનિક પ્રતીકાત્મકતાનો આશરો લે છે. પશુ-પક્ષી, વ્યક્તિ, પ્રાકૃતિક તત્ત્વો, રૂપ, રંગ, ગુણ વગેરેને વિરોધાવી પ્રતીકાત્મક રીતે રજૂ કરે છે. આવી પ્રતીકાત્મકતા પણ સહજ રીતે અર્થગામી બનતી નથી. કારણ કે પ્રતીકોના મૂળ અર્થ-ભાવને વિચ્છેદી તેમાં સામા છેડાનો અર્થ આરોપાયો હોય છે. આવી વિશિષ્ટ પ્રકારની પ્રતીકાત્મકતા અવળવાણીનું ધ્યાનાર્હ લક્ષણ બને છે. દા.ત.'અંબાડીએ ગજરાજ ગળ્યો, ઘોડાને ગળી ગયું જીર્ણ, વસ્ત્ર ઉપર વાડ સૂકાણી સમુદ્રને ગળી ગયું ફીણ'. અહીં અંબાડી-ગજરાજ, ઘોડો-જીર્ણ, વસ્ત્ર-વાડ, સમુદ્ર-ફીણ જેવી પ્રતીકાત્મક અભિવ્યક્તિ તેનાં સ્વાભાવિક અર્થ કે ભાવને લઈને ચાલતી નથી. પરંતુ અવળવાણીની ખાસિયત પ્રમાણે આ પ્રતીકાત્મક અભિવ્યક્તિ વિપર્યાસ રૂપે વ્યક્ત થાય છે. જે અવળવાણીને વિશિષ્ટાર્થ અર્પે છે.

### વ્યવહાર જગતથી અસંબદ્ધ

લૌકિક કે વ્યવહારિક વાસ્તવની અસંબદ્ધતા એ પણ અવળવાણીનું તુરત જ હાથ લાધે તેવું લક્ષણ છે. વ્યવહાર જગતમાં બનતા બનાવો, ક્રિયાઓ વગેરેની એક સંબદ્ધ પરિપાટી હોય છે. સામાન્ય ભાષાકીય વ્યવહારોમાં સંબદ્ધ અભિવ્યક્તિને કારણે આપણું પ્રત્યાયન સહજ બનતું હોય છે. જેમ કે 'માછલી પાણીમાં તરે છે'. એ વાકય દ્વારા સહજ પ્રત્યાયન શકય બને છે. પરંતુ કબીર સાહેબ એમ કહે 'મછલી રૂખા ચડ ગઈ' ત્યારે માછલી સાથે સંકળાયેલી સંબદ્ધ ક્રિયાની વાસ્તવિકતા વિચલિત થાય છે. અને એ જ તો અવળવાણીને નિજી રૂપ આપવા ઉદ્યુકત કરે છે. માનવીય ક્રિયા



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

હોય કે પશુ-પક્ષીની ક્રિયા હોય, પ્રાકૃતિક જગતની ક્રિયા હોય કે ઋતુગત ફેરફારો હોય અવળવાણીમાં નિયમ રહિત અસંબદ્ધતા હોવાને લીધે એ બધું જ તેની સ્વાભાવિકતાને પરહરિને અસંબદ્ધ બનીને પ્રગટ થતું હોય છે.

## અલૌકિક અનુભૂતિની પ્રતીતિ

સંત-ભજનિકની અવળવાણીમાં યોગ સાધના અને તંત્રની ગૂઢ ક્રિયાઓ કે આત્માનુભૂતિની દિવ્ય પ્રતીતિ વ્યક્ત થતી હોય છે. સાધકના ચિતમાં જે અનુભવોના સંવેદનો પડયા છે તે અહીં વ્યક્ત થાય છે. યોગ સાધના દ્વારા ચિત્ત વૃતિનો નિરોધ કરી તેની ચંચળતાને એકાગ્ર કર્યા પછી સાધના પથમાં થયેલી અનન્ય ગતિનો અવળવાણીમાં હિસાબ મળતો હોય છે. એક અર્થમાં આપણે તેને 'ત્રીજા નેત્રની પ્રસાદી' પણ કહી શકીએ. ડૉ. નિરંજન રાજયગુરુ આથી જ આ વાણીને 'ગૂઢ, આત્માનુ ભૂત્યાત્મક ભજનો' તરીકે ઓળખાવે છે તે સમજી શકાય તેમ છે. અવળવાણી એ સામાન્ય અભિવ્યક્તિ નથી કે નથી તો સામાન્ય વ્યક્તિ દ્વારા થતી અભિવ્યક્તિ. પરંતુ અવળવાણી પરમ કૃપાને પ્રાપ્ત એવા સાધકને સાધના પ્રકિયા દરમિયાન થયેલ પરમ ચેતનાની તીવ્રતમ અનુભૂતિનું પ્રાગટ્ય છે. ભજન રચનામાં તો ભક્તિ, આર્જવ કે ઇશ્વર પ્રત્યનો અહોભાવ જુદા જુદા રૂપે વ્યક્ત થયેલો જોઇ શકાય છે. પરંતુ અવળવાણીમાં 'સાધના' ક્રિયાનું, સાધકની ગતિનું, સાધક કઇ અવસ્થાએ પહોંચ્યો છે તેનું પ્રતિબિંબ પડતુ હોય છે. આ અર્થમાં અવળવાણી સાધકની સાધનાત્મક અનુભૂતિનું ઊંડાણ લઇને આવે છે તેમ કહી શકાય. દા.ત. દાસી જીવણ કહે છે, 'વિના તારને વિના તુંબડે, વિના મુખે મોરલી રે બજાય, વિના દાંડીએ નોબત વાગે, કર વિના વાજાં અહોનિશ વાય.'

કોઇ-કોઇ અવળવાણીમાં સંત-ભજનિક પોતાની યોગ સિદ્ધિ, સ્થિતપ્રજ્ઞ અવસ્થા કે પરમતત્ત્વનાં સાક્ષાત્કારનો ઉદ્‌ઘોષ કરતાં હોય એવું પણ પ્રતીત થાય છે. આવી ઉદ્‌ઘોષણામાં કોઇ ભાવક અહંભાવને પ્રગટ થતો જોઇ શકે, પરંતુ ખરેખર તો પરમ અવસ્થાએ પહોંચેલા સિદ્ધ સાધક પોતાની સાચી અપરોક્ષાનુભૂતિને વ્યક્ત કરતો હોય છે. જે તર્ક, દલીલ કે સંશયનો પ્રદેશ નથી. પરંતુ લૌકિક સિમાડાઓથી પર એવો શ્રદ્ધાનો પ્રદેશ છે.

## ગોપિત રાખવાનો મનસૂબો

અવળવાણીના રચયિતા સંત ભજનિક પોતાની અધ્યાત્મ અનુભૂતિને પ્રતીકાત્મક શૈલી દ્વારા એટલા માટે અભિવ્યક્ત કરે છે કે, તે સાધનાકીય રહસ્યોને ગોપિત રાખવાનો મનસુબો ધરાવે છે. એટલે કે તે સરેરાશ લોકો માટે ગૂઢ રહસ્યોને પ્રગટ કરવા ઇચ્છતો નથી પણ આ યાત્રાના અધિકારીઓ જ તેનું રહસ્ય પામી શકે તેવું તે ઇચ્છે છે. આથી કેટલીકવાર અવળવાણીને 'મરમીવાણી' કે 'ગુરુમુખીવાણી' તરીકે ઓળખાવવાનાં પ્રયત્નો થયા છે. અર્થાત્, જે તે સંપ્રદાયની સાધના ધારાથી અવગત હોય, તેના 'મરમ' જાણતો હોય તેવો ભાવક જ આ વાણીના રહસ્યને પામી શકે. ભજનવાણીનાં અનેક વિદ્વાનોએ અવળવાણીનાં ગૂઢ રહસ્યોને ગુપ્ત રાખવાની લાક્ષણિકતાઓને મહત્ત્વની ગણાવી છે. તો કેટલાક વિદ્વાનો તો એમ પણ કહે છે કે ગૂઢ રહસ્યોને ગુપ્ત રાખવા માટે જ સાધક ભજનિક અવળવાણીની રચના કરે છે. એ અર્થમાં અવળવાણી રચનાનું પ્રયોજન જ સાધનાકીય રહસ્યોને ગુપ્ત રાખવાનું હોય તેવા મંતવ્યો પ્રાપ્ત થાય છે. આ મંતવ્યો સાથે સંપૂર્ણ સંમત ના થઇએ તો પણ અવળવાણીમાં ગૂઢ રહસ્યોને ગુપ્ત રાખવાની લાક્ષણિકતા સુપેરે નિરૂપિત થયેલી જોવા મળે છે તેમ ચોકકસ કહી શકાય.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

### યોગમૂલક પરિભાષા

અવળવાણી પરંપરિત યોગમૂલક પરિભાષાથી મંડિત હોય છે. પ્રથમ વાંચનથી જ અવગત થઈ જતી અભિધાગત સ્તરની શબ્દ યોજના કે પદ યોજના અહીં ગેરહાજર હોય છે. યોગ અને જ્ઞાનના પ્રદેશના ઉત્તમ પરિપાક રૂપે આ રચનાઓ યોગ સાધનાની પરિભાષાને લઈને આવે છે.વળી એ પરિભાષા પણ પ્રતીકાત્મક ઉપાદાનોથી આચ્છાદિત હોય છે. જેથી સહજ અને સરળ રીતે અવગત થતી ભજન વાણીથી અવળવાણી સંપૂર્ણતયા અલગ પડીને પોતાની સ્વરૂપગત વ્યાવર્તકતા સિદ્ધ કરે છે.

### કુતૂહલ-વિસ્મયની સૃષ્ટિ

અવળવાણીનો અર્થબોધ ચમત્કારિક-આહ્‌લાદનો અનુભવ કરાવે છે. અવળવાણીના પરિચયમાં આવેલો ભાવક સૌપ્રથમ તો એક પ્રકારનું કુતૂહલ અનુભવે છે. પરંતુ અધિકારી ભાવક કે સાધક દ્વારા અવળવાણીમાં ગોપિત યોગસાધનાનું રહસ્ય પ્રગટ થાય છે ત્યારે તે અદ્‌ભૂત રસનો ભોક્તા બને છે. આમ, અવળવાણી એક પ્રકારની વિસ્મયની સૃષ્ટિ નિર્મિત કરે છે તેમ કહી શકાય.

### સ્વરૂપ વૈવિધ્ય

અવળવાણીનું કલેવર ગૂઢ રહસ્યાત્મક હોવા છતાં, તેનું સ્વરૂપગત ખેડાણ ભજન ઉપરાંત પદ,સાખી,કાફી,ચાબખા તેમજ મૌખિક પરંપરાનાં લોકગીત અને હાલરડું જેવા સ્વરૂપોમાં પણ ખેડાયેલું જોવા મળે છે. દા.ત.

### પદ સ્વરૂપે

'જેને પિયુ મલવાનો પ્રેમ હોય તે, આવો દેશ અમારે જો,
આડે અર્ણવે ઊતરી, નાવડું આવે છે આરે જો...(ટેક)
દૂર બતાવે નાથને, તેને પ્રગટ પાસ દેખાડું જો,
એક સદગુરુની કૃપા વડે, તેને બ્રહ્મ લોક પહોચાડું જો...જેને
એક અચરજ મારા દેશમાં, ગૌવા ને સિંહ રમે ભેળાં જો,
અવળાના સવાળાં થયાં, કરમદીએ લાગ્યાં કેળાં જો....જેને'[૮૪]

### સાખી સ્વરૂપે

'માતા મૂયે એક ફલ, પિતા મુયે ફલ ચાર,
ભાઈ મુયે હાનિ હૈ, કહૈં કબીર વિચાર.'[૮૫]

'જૂઠ કભી નહીં બોલના, ઐસી મેરી ટેક ;
શંકર ! શેર કી બીચ મેં, પીએ જલ અજ એક.'[૮૬]

### છપ્પા સ્વરૂપે

'એક નહિ ત્યાંહાં બીજું કશું? જણ્યું જ નહિ, શું વાસો વસ્યું?
પંચ નહિં ત્યાંહાં કેહેની સાખ્ય? અણરસના અચવ્યો રસ ચાખ્ય.
અખા સમઝે જો સમઝી જૂએ, બાપના બાપને ગેહેલા રુએ,[૮૭]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## કાફી સ્વરૂપે

‘સમજ્યા તે સુખ પામ્યા રે, સમ્યા તે સત્ય શેરડીએ ;
હરખ શોક સમ તુલ્ય રે, અલખ લેહ્રડિયે...... ( ટેક )
હસ્તામળ રવિ પ્રકટયો ઘરમાં, જળ બિંબ જ્યોતિ પ્રકાશ ;
સેજ સમાધિ અનહદ ધૂન લાધી, અસિપદ આનંદ ઉજાસ,
અદ્વૈત મગ્ન ઊગ્યું રે, લલુતા પ્રેમ પાંખડિયે......સમજયા.
જ્ઞાન મેડકે કાળ મણિધર માર્યો, મન મોહ દધીનો કીધો આહાર,
અજ અનુભવે આભ શોષ્યો, બગ બુદ્ધિએ માર્યો અહંકાર,
તૃષ્ણા સિંહ નાઠો રે, સંતોષ શ્વાન ચઢયો કેડિએ.....સમજયા.
હરિનામ નાવે ઉદક ત્યાં ન ચઢિયું, ચરૂ , અસત્ય, સત્ય ચૂલ ;
અસ્વાર અધર્મ ધર્મ તુરંગમ, અસ્વારી ઊલટ અમૂલ્ય,
ક્ષમા દયા દોડાડી રે, ક્રોધ કામ બાંધી બેલડિયે......સમજયા.
પોતાના બનાવ્યા પોતે પ્રકટયા, સોનાએ ઘડયો સોનાર ;
કીડી કુંજરને નાચ નચાવે, એમ કાદવે કીધો કુંભાર ;
ધીરા ધણી ભેટયા રે, પ્રકટયા ઘટ પ્રેમ ઝડિયે.....સમજયા.’(૮૮)

## લોકગીત સ્વરૂપે

‘સાંભળોને પાંચ પાંડવ અવળી છે વાણી,
છલતી ગાગર ઉપર હોય રે પાણીયારી.
કોશીયો કૂવામાં ને કોસ પૈયામાં,
ઊભી કોદારી પાણતીયાને વારે....સાંભળોને.
ખીલો દૂજે ને ભેંસ વલોવે,
હેઠ રવાયો ઉપર ગોરસ ઘૂમે..... સાંભળોને.
ધરતી વરસે ને આંભ ભીંજાય છે,
નેવાના પાણી મોભારે ચડસે....સાંભળોને.
સસરો પારણીયે ને વહુ હિસોળે,
સુઇ જાવ મારા સંસરાજી બાઘડા રે બોલે... સાંભળોને.’(૮૯)

## હાલરડાં સ્વરૂપે

‘હાલો ભાઈને, હાલો ગોરી, નવા નગરની ઊંચી બારી ;
છોકરાં પરણે ને મા કુંવારી, જુઓ રે લોકો કળીનાં કૌતક ;...હાલો હાલો ૦
ઓ પેલા ચાંદાને કીડી ધાવે ; બહેરો કહે કે બચબચ બોલે ;
આંધળો કહે કે જોવા જઈએ ; પાંગળો કહે કે દોડતા જઈએ ;
નાગો કહે કે લૂંટાઈ જઈએ ; પાડો દૂજે ને ભેંસ વલોવે ;
મીનીબાઈ બેઠાં માખણ ચોરે ;...હાલો હાલો ૦’(૯૦)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ભાષાભિવ્યકિત**

કેટલીક ગુજરાતી અવળવાણીની ભાષા શુદ્ધ ગુજરાતી નહી પરંતુ હઠયોગ પરંપરાની પારિભાષિક શબ્દાવલીથી કંડારાયેલી, ગુરુમુખી અર્થઘટન ધરાવતી સધૂકડી ભાષા છે. જેનું પોત સંસ્કૃત, તળપદી,અરબી, ઊર્દૂ, મરાઠી, હિન્દી વગેરે ભાષાનાં શબ્દોથી કંડારાયેલું જોવા મળે છે.

અવળવાણીમાં કાવ્યતત્ત્વ અને અર્થ ગાંભીર્યની દષ્ટિએ કોઇ ચોકકસ એકજ છંદનો પ્રયોગ જોવા મળતો નથી.

અવળવાણી શૈલીની વિશેષતા એ છે કે, તેમાં એકના એક સંવેદનને કાકુ દ્વારા નજાકતથી સૌમ્ય રીતે અને એ જ સંવેદનને 'હું'કાર કે પડકારના કાકુમાં પણ આકલિત કરી શકાય છે.દા.ત.

'અવધૂ ! ઐસા જ્ઞાન બિચારો, વામે કૌન પુરુષ કૌન નારી ?
બ્રાહ્મણ કે ઘર નહાતી ધોતી, યોગી કે ઘર ચેલી.' (૯૧)

જોઇ શકાય છે કે અહીં કબીર સાહેબ સૌમ્યભાવે ઉપદેશ આપે છે. તો આજ વાત-વિચારને કબીર સાહેબ પડકારના સૂરમાં પ્રયોજતા કહે છે -

'બૂઝ બૂઝ પંડિત કર હું બિચાર, પુરુષા હૈ કિ નારી,
બ્રાહ્મણ કે ઘર બ્રાહ્મણી હોતી, યોગી કે ઘર ચેલી.'(૯૨)

**સીધું સંબોધન**

અવળવાણી રચનાનો ઉપાડ જ્ઞાની, સાધુ, અવધૂ, પંડિત, વીરલા, જોગી, ભાઇ વગેરે જેવા સંબોધનોથી થતો હોવાથી શ્રોતા કે વાચકનું ધ્યાન તુરંત જ વિષય તરફ કેંદ્રિત થવા માંડે છે. સીધા સંબોધનને કારણે વકતા અને શ્રોતા વચ્ચે વાતચીતનો સેતુ બંધાય છે.

અવળવાણી પદની પંકિતોઓમાં પ્રયોજાતા બૂઝે, બતાવે, સૂઝે, વાંચે, સાંભળે, જાણે જેવા ક્રિયાપદોમાં પ્રયોક્તાનો સૂર, શ્રોતા પક્ષે અર્થબોધ માટે પડકાર સ્વરૂપે પ્રગટે છે. આ ઉપરાંત આ સંબોધનો દ્વારા શ્રોતાની સાધનાકીય સ્થિતિનો પણ ખ્યાલ આવે છે.

**સ્થિતિ વિપર્યાસ**

અવળવાણીમાં કેટલીકવાર લોકજીવન અને પ્રકૃતિજીવનનાં ઉપાદાનો સ્થિતિ વિપર્યાસરૂપે નિરૂપિત થયેલા જોવા મળે છે. બધી જ વખત યોગમૂલક ગૂઢ રહસ્યો પ્રગટ થતાં હોય એવું ન પણ બને. સાથે સાથે એ પણ યાદ રાખવું ઘટે કે લોક જીવનમાંથી પ્રાપ્ત પ્રતીકાત્મક સાહચર્યો સંત ભજનિકની આસપાસની સૃષ્ટિનું પ્રતિનિધિત્ત્વ કરતાં હોય છે. અને એ રીતે સંત ભજનિકની વિશિષ્ટ જીવન પ્રણાલી, ભૌગોલિક વિશિષ્ટતાઓ વગેરેનો હિસાબ મળી રહે છે. આવું નિરૂપણ ગુજરાતી સંત ભજનિકની મૌલિકતાને પણ પ્રતિબિંબિત કરે છે તેમ કહી શકાય.

**આધ્યાત્મિક ક્રિયા-સાધના**

અવળવાણીઓમાં, સાધના કેમ કરવી ? પવન કેમ ઉલટાવવો ? કામ, ક્રોધ, મોહ, લોભ ઉપર કાબુ કેમ મેળવવો ? વગેરે જેવી સાધનાકીય વિધિઓનું નિદર્શન થતું હોવાથી કહી શકાય કે, અવળવાણી અન્ય સાહિત્યકૃતિની જેમ માત્ર આનંદ આપીને અટકી નથી જતી, પણ આધ્યાત્મિક ક્રિયાજ્ઞાનનો વિસ્તાર સાધે છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**પાઠસંદિગ્ધતા**

અવળવાણીના કઠંસ્થ સ્વરૂપને શબ્દરૂપ આપનારા લહિયાઓ અવળવાણીમાં વ્યકત થયેલ લૌકિક સ્થિતિવિપર્યાસને ન પામી શકે તેવી સ્થિતિમાં પાઠભેદ થવા પૂરો સંભવ રહે છે. તેથી જ અનેક અવળવાણી પ્રકારની રચનાઓમાં પાઠગત સંદિગ્ધતા પ્રવેશી હોવાનું જોઈ શકાય છે. એટલુ જ નહી પરંતુ કંઠસ્થ પરંપરાના વાહકો પણ'અવળવાણી'માં પડેલા અસંબદ્ધ પ્રતીકો અને ઉપમાનોની અરૂઢ યોજના ન પામી શકે તેવી સ્થિતિમાં અવળવાણીની પાઠશુદ્ધિ મુશ્કેલ બની જાય છે.

## અવળવાણી: વ્યાખ્યા

અવળવાણી વિષયક વિદ્વાનોના મંતવ્યો, તેઓએ આપેલી વ્યાખ્યા વિચારણા અને સ્વરૂપ ચર્ચામાંથી પસાર થયા પછી, તેમજ પ્રાપ્ય અવળવાણીનું અવગાહન કર્યા પછી અવ્યાપ્તિ કે અતિવ્યાપ્તિ ન પ્રવેશી જાય તેવી સર્વગ્રાહી વ્યાખ્યા આ પ્રકારે બાંધી શકાય.

**''અવળવાણી એ સંતવાણીની એક એવી વિશિષ્ટ શૈલી છે કે જેમાં સંત-કવિ પોતાના સાધનાકીય રહસ્યને ગોપિત રાખવા, વાણીથી પર એવી સ્વસંવેદ્ય અસીમ-અલૌકિક અને અનિર્વચનીય અનુભૂતિને અસંબદ્ધ ઉપમાનો દ્વારા સાંકેતિક રીતે વ્યકત કરે છે. અભિધાગત સ્તરે જેનો અર્થ અસંગત, અતાર્કિક અને અસ્વીકાર્ય લાગે પરંતુ તેનો પ્રતીકાર્થ સ્પષ્ટ થતાં વિવક્ષિત ગૂઢાર્થને ખોલી આપે છે.''**

## અવળવાણી : પ્રયોજન

સંસ્કૃતમાં એક ઉક્તિ છે-'પ્રયોજનામ્ ન મંદોદપિ પ્રર્વતતે' અર્થાત્, પ્રયોજન વગર મંદબુદ્ધિની વ્યક્તિ પણ કંઈ કાર્ય કરતી નથી. તો સરસ્વતીના ઉપાસક એવા સર્જકો તો પ્રયોજન વગર કેમ પ્રવૃત થાય ?

કૃતિને સ્વયં પ્રેરણાનું પરિણામ કહીએ, પણ સ્વયંસ્ફૂરણાથી થતી મનોગત અભિવ્યક્તિને સર્જક બાહ્ય અભિવ્યક્તિ આપે છે તે તો પ્રયોજન પૂર્વક જ. પ્રયોજન ન હોય તો પ્રેરણા પ્રસૂત અભિવ્યક્તિ (અનુભૂતિ)ને તે વહી જવા ન દે ? શા માટે કલાકાર આંતરિક અનુભૂતિ કે અભિવ્યક્તિને માટે બાહ્ય અભિવ્યક્તિરૂપ 'સ્મૃતિ સહાયકો' યોજે છે ?

કાવ્ય સર્જન સંદર્ભે ઉદ્‌ભવેલા આવા પ્રશ્નોના નિવારણ અર્થે છેક પ્રાચીન કાળથી ભારતીય અને પાશ્ચાત્ય વિવેચનામાં કાવ્યના વિવિધ પ્રયોજનોની ચર્ચાઓ-સમીક્ષાઓ થતી રહી છે. ભારતીય મીમાંસકોમાં મમ્મટ અને રાજશેખરે ગણાવેલા પ્રયોજનો જેવાં કે, 'યશ:પ્રાપ્તિ, અર્થ પ્રાપ્તિ, વ્યવહાર જ્ઞાન, શિવેત રક્ષતયે, સદ્ય:પરનિવૃત્તિ, કાન્તાની જેમ ઉપદેશ, ધર્મ-અર્થ-કામ-મોક્ષ એ ચાર પુરુષાર્થની પ્રાપ્તિ, કલામાં નિપુણતા, દુ:ખી-થાકેલા-શોકાર્ત માટે મનોરંજન.'[(૯૩)] વગેરે આજે પણ એટલાજ પ્રસ્તુત અને ધ્યાન પાત્ર છે.

ઉપર દર્શાવેલા પ્રયોજનો ઉપરાંત કોઈ પણ પ્રકારના સાહિત્ય સર્જનના મૂળમાં પ્રેરણા કે પ્રતિભાજન્ય ઉન્મેષ રહેલો હોય છે એ સાચું. પરંતુ સંત સાહિત્ય અંતર્ગત અવળવાણી પ્રકારની રચનાઓના પ્રયોજનો એની અતિન્દ્રિયાનુભૂતિ અને રહસ્યાત્મક ફલશ્રૃતિને કારણે થોડાં જુદા પડે છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

છેક વેદકાળથી રચાતા આવતા આ પ્રકારના સાહિત્યનું, પ્રયોજનમૂલક દષ્ટિકોણથી મૂલ્યાંકન કરીએ તો અવળવાણી રચનાઓના મૂળભૂત પ્રયોજનો નીચે મુજબ તારવી શકાય.

## અભિવ્યકિતગત સમસ્યાનું સમાધાન

ભાવાભિવ્યક્તિએ જીવનની સ્વાભાવિક પ્રવૃત્તિ છે. ભાષા ભાવાભિવ્યક્તિનું સૌથી ઉત્તમ સાધન છે. પરંતુ રોજિંદા વ્યવહારની આ ભાષા (તેની મર્યાદાઓને કારણે) ગહન અને જટિલ ભાવોની ઉત્કૃષ્ટ અભિવ્યક્તિ માટે અશકત બની જાય છે. આવા સમયે સર્જક પોતાના ગહન અને સૂક્ષ્મ ભાવોને અવગત કરાવવા પોતાની વિશિષ્ટ એવી રૂપકાત્મક, વિપરીત, લક્ષણામૂલક, વિરોધમૂલક કે પ્રતિકાત્મક ભાષા શૈલીને કામે લગાડે છે.

અવળવાણીનાં પ્રયોક્તા સંત ભજનિકની સાધનાકીય અનુભૂતિની અભિવ્યક્તિ સંદર્ભે મોટી મુશ્કેલી એ છે કે તે સાધનાકીય ક્ષેત્રે જે અનુભૂતિમાંથી પસાર થાય છે તે અનુભૂતિ એવી અલૌકિક અને સુક્ષ્માતિસૂક્ષ્મ હોય છે કે તેને સામાન્ય લોક ભાષામાં અભિવ્યક્ત કરી શકાતી નથી. અને વળી આ અનુભૂતિ એટલી સઘન અને પ્રબળ હોય છે કે તેને નિશ્રત કર્યા વિના પણ તેનાથી રહેવાતુ નથી. પરિણામે તે એક પ્રકારની ઉદ્‌વિગ્નતા અને દ્વંદ્વની સ્થિતિમાં મુકાય જાય છે. આવી સ્થિતિમાં પોતાના ગહન અને સૂક્ષ્મ અનુભવોને અવગત કરાવવા તે વિવિધ સાધના ધારાઓની પરંપરિત ગૂઢાર્થભરી પારિભાષિક શબ્દાવલી અને પ્રતીકધર્મી અવળવાણી શૈલીનો સહારો લે છે ને એમ અવળવાણી દ્વારા અભિવ્યકિતગત સમસ્યાનું સમાધાન સાધે છે.

આમ અભિવ્યક્તિગત સમસ્યાનું સમાધાન એ અવળવાણીનું મુખ્ય પ્રયોજન છે.

## રહસ્યને ગુપ્ત રાખવાની પરંપરા

રહસ્ય કે વિદ્યાને ગુપ્ત રાખવાની વૃત્તિ એ અવળવાણી પ્રકારની નિગૂઢ રચનાઓ રચવા પાછળનું બીજું મહત્ત્વનું પ્રયોજન છે.

રહસ્યની ગુપ્તતા, વિદ્યાની પવિત્રતા અને અધિકાર ભેદવાદ કે ગુરુવાદને ટકાવી રાખવા સાધનાત્મક એવી ગુપ્ત સંકેતાત્મક વાણી પ્રયોજવાની પરંપરા છેક પ્રાચીન કાળથી ચાલી આવે છે. આ સંદર્ભે આ પ્રકરણની ભૂમિકામાં 'ઉપનિષદ્'થી માંડી 'હઠયોગપ્રદીપિકા'ના સંદર્ભો ટાંકીને કહ્યું છે તે મુજબ, સિદ્ધિ ઇચ્છનાર યોગીએ હઠવિદ્યાને ગુપ્ત રાખવી જોઇએ, કારણ કે ગુપ્ત રાખેલી આ વિદ્યા જ વધારે પ્રભાવશાળી થાય છે. અને એને પ્રકટ કરતાં તે નિષ્ફળ અને નિસ્તેજ બની જાય છે.

આમ, રહસ્ય કે ગૂઢ વિદ્યાને બને ત્યાં સુધી ગુપ્ત રાખવા જોઇએ, કારણ કે જો તે અનઅધિકારીનાં હાથમાં જાય તો તેનો દુરુપયોગ થયા વિના ન રહે. વળી આ 'વાણી' અયોગ્યના હાથમાં પડે તો અનર્થો સર્જાય અને વિદ્યા કે શક્તિ પોતે જ નિસ્તેજ બની જાય.

આ અને આવા અનેક કારણોસર છેક પ્રાચીન કાળથી ચાલી આવતી રહસ્યને ગુપ્ત રાખવાની આ પરંપરા, મધ્યકાળમાં લોક સંતો દ્વારા અવળવાણી સ્વરૂપે સ્વીકૃતિ પામે છે.

આમ, વિદ્યા કે રહસ્યને ગોપિત રાખવાની પ્રવૃત્તિ એ અવળવાણીનું મુખ્ય પ્રયોજન છે.

## પરાશકિત પ્રત્યે વિશ્વાસ પ્રગટાવવા

અવળવાણી પ્રકારની રચનાઓ પાછળની ત્રીજું પ્રયોજન શ્રોતા કે ભાવકમાં પરાશકિત પરત્વે



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

શ્રધ્ધા કે વિશ્વાસ જગાડવાનું છે. શ્રોતામાં ઈશ્વર પ્રત્યે વિશ્વાસ પ્રગટાવવા અવળવાણીનો સર્જક કુતૂહલ-વિસ્મય કે અદ્દભૂતપ્રધાન રચના કૌશલનો કીમિયો અખત્યાર કરે છે. કારણ કે મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત પ્રમાણે માનવ મન કોઈ સાદી-સીધી કે સરળ વાત પ્રત્યે સાહજિક રીતે તુરત જ અભિમુખ થતુ નથી. પરંતુ એ જ વાત જો કોઈ વિચિત્ર એવા રચના કૌશલ કે વક્રશૈલીમાં કહેવાય તો તેનું ચિત્ત તુરત જ એ તરફ કેન્દ્રિત થાય છે. અવળવાણીના પ્રયોકતા સંત-ભજનિકોએ સંસારમાં રત એવા લોક સમુદાયમાં પરાશક્તિ પ્રત્યે વિશ્વાસ કે શ્રદ્ધા જગાડવા ઉપરાંત પોતાના વિચાર-ભાવ તરફ શ્રોતાનું ધ્યાન આકર્ષિત કરવા અને પોતાને લાધેલ દર્શનને પ્રસ્થાપિત કરવા માટે સામાજિક સત્યો અને વ્યવહારની ભાષાને વિચ્છેદી, વિરોધ ગર્ભિત અસંબદ્ધ કથનો અને વિરોધ મૂલક પ્રતીકો દ્વારા પોતાના રહસ્યાત્મક અનુભવોને અભિવ્યકત કર્યા છે. પરિણામે શ્રોતા કે ભાવકની માનસિક એકાગ્રતા કથયિતવ્ય તરફ તુરત જ કેન્દ્રિત થવા લાગે છે.

આમ શ્રોતા કે ભાવકમાં પરાશક્તિ પરત્વે શ્રધ્ધા જગાડવા પોતાના કથયિતવ્યમાં એક પ્રકારનુ કુતૂહલ કે વિસ્મય ઊભું કરી, ભાવકનું ધ્યાન પોતા તરફ કેન્દ્રિત કરી, પોતાના દર્શનને પ્રસ્થાપિત કરવું એ પણ અવળવાણી પ્રકારની રચનાનું મહત્ત્વનું પ્રયોજન છે.

## સમસંવેદન જગાડવા

કાવ્યશાસ્ત્ર પ્રમાણે અવળવાણી એ અદ્દભૂત પ્રધાન રચના છે. કારણ કે અવળવાણીનો રચયિતા પહેલા સાધક છે અને પછી કવિ છે. અધ્યાત્મમાર્ગી એવો આ સાધક સાધનાકીય અવસ્થા દરમ્યાન જે ભાવનુભૂતિમાંથી પસાર થાય છે તે ભાવાનુભૂતિ જ અલૌકિક, અદ્દભૂત અને વિસ્મયકારક હોય છે. સહજ છે કે આવી અલૌકિક અનુભૂતિનું સહૃદય ભાવકમાં સમસંવેદન જગાડવું હોય તો તેના સર્જકે ભાષાની રૂઢિગત્ પરંપરાને તોડી- ચાતરી કંઇક જુદું જ વિશિષ્ટ એવું રચના કૌશલ પ્રયોજવું પડે.

આમ પોતે અનુભવેલા વિસ્મયનું ભાવકમાં સમસંવેદન જગાડવા આ સાધક-સંત કવિઓએ વિશિષ્ટ અને વિચિત્ર એવી અવળવાણી શૈલીનો પ્રયોગ અખત્યાર કર્યો છે.

આ પ્રકારની અભિવ્યક્તિથી સાધક-સંત સર્જકને બે પ્રકારના લાભ થાય છે. એક તો એ કે તે પોતાને અભિપ્રેત ભાવ કે વિચારની અભિવ્યક્તિ સાધી શકે છે અને બીજું એ કે શ્રોતાને પોતાના વિચાર-ભાવ તરફ ધ્યાનકર્ષિત કરી, તેનામાં પોતે અનુભવેલ કુતૂહલ કે વિસ્મય જગાડી શકે છે.

## પંડિતાઈના ગર્વ-અભિમાન ઉતારવા

સંતો દ્વારા પ્રયુકત અવળવાણીઓનું એક પ્રયોજન પંડિતાઈના (પાંડિત્યના)ગર્વ કે અભિમાનને ઉતારવાનું છે.

ઉપનિષદોમાં જ્ઞાનના બે પ્રકાર બતાવ્યા છે. એક. પરાવિદ્યા અને બીજું. અપરાવિદ્યા. અપરાવિદ્યા એટલે વાચિક જ્ઞાન અથવા પુસ્તકીયું જ્ઞાન. એટલે કે સમગ્ર વેદોને વાંચીને મેળવેલ જ્ઞાન. પરાવિદ્યા એટલે બ્રહ્મજ્ઞાન અથવા તત્ત્વજ્ઞાન. જેને આત્મામાં પ્રગટતા અનુભવજન્ય એવા અલૌકિક જ્ઞાન તરીકે ઓળખાવી શકાય.

સંતોએ વાચિક અર્થાત્, વેદ-ઉપનિષદ વાંચીને મેળવેલા જ્ઞાનને નિરર્થક અને સાર વિનાનું ગણાવ્યું છે. કારણ કે વાચિક જ્ઞાન સાધકને ભ્રમિત કરી નાંખે છે. અને અભિમાની બનાવી દે છે. વેદ,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ઉપનિષદ, પુરાણ, શાસ્ત્ર, ગીતા વગેરે વાંચીને મેળવેલા પાંડિત્યથી અભિમાન કે ગર્વ આવી જાય છે. અને આ ગર્વ કે અભિમાનને પરિણામે સાધક સાચા જ્ઞાનથી અજ્ઞાત રહી જાય છે, ને પોતે જ્ઞાની થઈ ગયો છે એવા ખોટા ખ્યાલમાં રાચ્યા કરે છે. ને એ જ એને લક્ષ્ય-સાધ્ય સુધી પહોંચવામાં અડચણરૂપ બની જાય છે. (જે તેને લક્ષ્ય સુધી પહોંચવા ન દેતા વાગાડંબરમાં જ અટવાવી દે છે.)

આમ, સંત પરંપરામાં આવા ગ્રંથો કે પોથીઓ વાંચીને પ્રાપ્ત કરેલા જ્ઞાનનું કોઈ જ મૂલ્ય નથી, કારણ કે આ પ્રકારના જ્ઞાનથી વધીને પોપટીયા પંડિત બની શકાય, બ્રહ્મજ્ઞાની કે તત્ત્વજ્ઞાની નહીં.

આ સંદર્ભે સંત પરંપરાના મૂળ સ્રોતરૂપ ગોરખનાથ રચિત એક પદ તપાસવા જેવું છે.

'શબ્દ હમારા ષરતર ષાંડા, રહણિ હમારી સાઁચી,
લેષે લિખી ન કાગદ માડી, સો પત્રી હમને બાઁચી.'(૯૪)

'ગિગનિ મંડલ મૈં ગાય બિયાઈ કાગદ દહી જમાયા,
છાછિ છાછિ પંડિતા પીવી સિધાં માષણ ષાયા'.(૯૫)

અર્થાત્, અમો તો પૃથ્વી ઉપરના કોઈ પણ કાગળ ઉપર લખાયું ન હોય એવો કાગળ વાંચીને બેઠા છીએ. અમો પંડિતોની જેમ છાશ પીનારા નથી. પણ અમો તો માખણ ખાનારા સિદ્ધ પુરુષો છીએ.

આમ વાચિક - જ્ઞાનના મુકાબલે ધ્યાન, યોગ કે સાધના દ્વારા લાધેલ અનુભવનું જ્ઞાન જ સાચું, મહત્ત્વનું અને ચડિયાતું છે એવું સ્થાપિત કરવા, પંડિતોના ગર્વ અને અભિમાનને ઉતારવા એક પ્રકારના પડકારરૂપે અવળવાણી પ્રકારની રચનાઓ પ્રયોજી.

## લોક રૂઢિનું ઉલ્લંઘન અને પરમતત્ત્વને પામી ગયાનું પ્રમાણ

અવળવાણીનું કથયિતવ્ય વ્યવહાર જગતથી ઊલટું હોય છે. કારણ કે અવળવાણી એસાધનાનાપંથે સાધકને થયેલ બ્રહ્માનુભૂતિની અભિવ્યક્તિ છે. સાધક જ્યારે સાધનાના પંથે આગળ વધે છે ત્યારે તેને જે અનુભૂતિ થાય છે તે લૌકિક નથી હોતી, પણ અલૌકિક હોય છે. આ અવસ્થા દરમ્યાન તે વાસ્તવના જગતથી કે તેના સત્યોથી વિચ્છેદાઈ, કોઈ જુદા જ સત્યને પામે છે. એટલે કે સદ્‌ગુરુની કૃપાથી તેને જ્યારે પરમતત્ત્વનો સાક્ષાત્કાર થઈ જાય છે ત્યારે તે સંસાર કે લોક રૂઢિને ઉલ્લંઘી જાય છે.

અલૌકિક એવા પોતાના આ વ્યતિક્રમને પ્રત્યક્ષ બનાવવા તે અવળવાણીનો સહારો લે છે. સંત સુન્દરદાસ આ સંદર્ભે યોગ્ય રીતે જ કહે છે - 'સુન્દર સો ઉલટા ચલૈ, જિન સતગુરુ પાયૌ'(૧૦૭) અર્થાત્, જેને સદ્‌ગુરુરૂપ પરમતત્ત્વનો સાક્ષાત્કાર થઈ જાય છે તે રૂઢિગત પરંપરિત લોક માર્ગ ન સ્વીકારતાં, રૂઢિથી જુદો જ એવો અવળો માર્ગ સ્વીકારે છે. આમ અવળવાણીનો પ્રયોકતા પોતાની સાધનાકીય કક્ષાને પ્રસ્થાપિત કરવા લોક રૂઢિનું ઉલ્લંઘન કરી, પોતે પરમતત્ત્વને પામી ગયો છે તેનું પ્રમાણ આપવા અવળવાણીની રચના કરે છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

### પરંપરાનું નિર્વહણ

કેટલાક સંતોએ પરંપરાના નિર્વાહ માટે પૂર્વસૂરિઓની રચનાઓનું સીધું અનુકરણ કરીને પોતાની ગુરુતા પ્રસ્થાપિત કરવા આ શૈલીનો પ્રયોગ કર્યો હોય તેવું પણ જણાય છે. આવી રચનાઓમાં કલ્પનાનું તત્ત્વ ઓછું અને પ્રયોગ સંબંધી વિદગ્ધતા ઓછી જોવા મળે છે. તેમ જ કોઈ અલૌકિક અનુભૂતિને બદલે દેખા-દેખીનું પ્રમાણ વધારે હોય તેવું જોવા મળે છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## ખંડ-૨.

## અવળવાણી : નિકટવર્તી શૈલીસ્વરૂપો

### ભૂમિકા

ભારતીય વાંડમયમાં અવળવાણી પ્રકારના શૈલી સ્વરૂપો છેક પ્રાચીન કાળથી અનેકવિધ રીતે ખેડાતાં આવ્યાં છે. જેમાં કૂટકાવ્ય, પ્રહેલિકા, સમસ્યા, ઉખાણાં, હરિયાળી વગેરેને મુખ્ય ગણાવી શકાય. ભારતીય ભાષા ઉપરાંત અન્ય ભાષાઓમાં રિડિલ, રાતસેલ, ઍનિગ્મા, પૈરેબિલ, મિસ્ટ્રી, ઑકલ્ટ વગેરે જેવા નામેઠામે પ્રયોજાતા રચના પ્રયોગો પણ અવળવાણી શૈલી સાથે અનેક રીતે સામ્ય ધરાવતા શૈલી વિશેષો છે. આ શૈલી વિશેષો બાહ્ય સંરચનાની દૃષ્ટિએ પારસ્પરિક સામ્ય ધરાવતા હોવા છતાં અંત:સ્વત્વની દૃષ્ટિએ થોડાં જુદા તરી આવે છે. એટલે કે આ સ્વરૂપોને આપણે માત્ર બાહ્ય સંરચનાની દૃષ્ટિએ તપાસીએ તો આ સ્વરૂપોની શૈલી આપણને અવળવાણી પ્રકારની લાગે પરંતુ આ સ્વરૂપોને જ્યારે તેના આગવા હેતુઓ, પ્રયોજન, ઉદ્દેશ અને લાક્ષણિકતાઓને ધ્યાનમાં લઈ અવળવાણી સાથે તુલનાત્મક દૃષ્ટિકોણથી તપાસીએ તો તેની આગવી લાક્ષણિકતા, વિશિષ્ટતા અને અન્યોન્ય વચ્ચેના ભેદા-ભેદનો ખ્યાલ આવે છે.

અહીં આ મુદ્દામાં ગુજરાતી ભાષા-સાહિત્યને ધ્યાનમાં રાખી અવળવાણી સાથે આ શૈલી-વિશેષોના સામ્ય-વૈષમ્યને તપાસવાનો ઉપક્રમ સેવ્યો છે.

### કૂટકાવ્ય

'કૂટ' સંસ્કૃત શબ્દ છે. અને તેની વ્યુત્પત્તિ કૂટ્ ધાતુથી થયેલ છે. જેમાં 'અચ્' કે 'અઞ્' પ્રત્યય જોડાઈને 'કૂટ' રૂપ બન્યું છે. સામાન્ય વ્યવહારમાં 'કૂટ' શબ્દના અનેક અર્થો આપવામાં આવ્યા છે. 'અમરકોશ'માં તેના નવ અર્થો આપવામાં આવ્યા છે. ૧. માયા (ભ્રાંતિ અથવા કપટ)૨. નિશ્ચલ(સ્થિર અથવા અચલ)૩.યંત્ર( હરણને પકડવાનો ફાંસો કે પાંજરુ ) ૪. કૈતવ (છલ) ૫. અનૃત(મિથ્યા, ખોટું ) ૬.રાશિ(સમૂહ, ગણિતનો આંકડો) ૭.અયોધન(હથોડો) ૮. શૈલશ્રૃંગ (પર્વતની ટોચ) ૯. સીરાંગ(હળનો એક ભાગ) આ ઉપરાંત'કૂટ'નો પ્રયોગ નિદર્શિત અર્થ સંદર્ભે પણ થાય છે. વ્યંગવાકય, ગૂઢપ્રશ્ન,ગૂઢોક્તિ, પ્રહેલિકા, ગુપ્તી (એક પ્રકારનું હથિયાર),મુખ્ય, મુકુટ, ઘર અથવા કુટિયા વગેરે...

સાહિત્ય સંદર્ભે 'કૂટ'શબ્દનો પ્રયોગ 'ગૂઢકાવ્ય' ગૂઢોક્તિ કે પ્રહેલિકાના અર્થે થાય છે. હિન્દી સાહિત્યમાં આ પ્રકારની રચના માટે 'દૃષ્ટકૂટ' એવો શબ્દ પ્રયોગ વધારે પ્રચલિત છે.

'કૂટ' શબ્દ કાવ્યની પરિભાષા રૂપે કયારથી પ્રયોજાવો શરૂ થયો તે કહેવું મુશ્કેલ છે. તેમ છતાં ડૉ. રામધન શર્મા લિખિત 'કૂટકાવ્ય એક અધ્યયન' ગ્રંથના આધારે એટલું તારણ ચોકકસ આપી શકાય કે ભારતીય સાહિત્યમાં કૂટકાવ્યનું મૂર્તરૂપ આપણને મહાભારત કાળથી જોવા મળે છે. જો કે તેના બીજ તો અવળવાણીની જેમ વૈદિક ઋચાઓમાં પડેલા જોઈ શકાય છે. ઉદા.

> 'દશેમંત્વષ્ટુર્જનયન્ત ગર્ભમતન્દ્રસો યુવતયો બિભુન્નમ્
> તિગ્માનીકં સ્વયશસં જનેષુ વિરોચમાનં પરિષી નયન્તિ.'(૯૭)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

દશ કુમારિકાઓએ ત્વષ્ટાના તે બાળક (અગ્નિ)નું ભરણ-પોષણ કર્યુ છે. અહીં સમિધ (લાકડા) દ્વારા અગ્નિને પ્રગટાવવાનું વર્ણન છે. દશ કુમારિકાઓનો અર્થ અહીં દશ આંગળીયું થાય છે. જેનો ઉપયોગ સમિધને રગડવા માટે કરવાનો હોય છે. સમિધને આમ એકબીજા સાથે રગડવાથી અગ્નિ ઉત્પન્ન થાય છે. આ રીતે અગ્નિ પ્રગટાવવા બળ અને મહેનતની જરૂર પડે છે. તેથી ઋગ્વેદમાં અગ્નિને ત્વષ્ટા (બળ)ના પુત્ર તરીકે ઓળખવવામાં આવ્યો છે.

> 'ખચરસ્ય સુતસ્ય સુતઃ ખચરઃ ખચરી જનની ન પિતા ખચરઃ,
> ખચરસ્ય સુતેન હતઃ ખચરઃખચરીઃ પરિરોદિતિ હા ખચર.'(૯૮)

ડૉ. રામધન શર્માએ ઉદ્ધૃત કરેલા આ શ્લોક વિશે તેઓ જણાવે છે કે, આ શ્લોક મહાભારતમાં આપવામાં આવ્યો નથી. પરંતુ આ શ્લોક મહાભારતનો છે એવું માનવામાં આવે છે.

આ શ્લોકમાં ઘટોત્કચના મુત્યુનું વર્ણન છે. એ ખચર (ઘટોત્કચ) ખચર (વાયુ-પવન)ના પુત્રનો પુત્ર હતો. તેની માતા ખચરી (હિડિમ્બા) હતી. પણ પિતા ખચર (રાક્ષસ) ન હતો. તે ખચર, (ઘટોત્કચ) ખચર (સૂર્યપુત્ર કર્ણ)ના પુત્રથી મરાયો ત્યારે ખચરી (હિડિમ્બા) રોવા લાગી. હે મારા પ્રિય ખચર !

અહીં ખચરનો મૂળ અર્થ છે, આકાશમાં વિહાર કરનાર. જેને ત્રણ રીતે દર્શાવવામાં આવ્યો છે. ૧. ખચર = રાક્ષસ, જે આકાશમાં વિહાર કરે છે. ૨. ખચર = વાયુ. તે પણ આકાશમાં વિહાર કરનાર છે. ૩. ખચર = સૂર્ય. આ સૂર્ય પણ આકાશમાં વિહાર કરનાર છે. અહીં કમશઃ જોઈએ તો ખચર = ઘટોત્કચ, ખચર સુત= પવનપુત્ર ભીમ, ખચરી= હિડિમ્બા, ખચરસુતેન= સૂર્યપુત્ર કર્ણ .

સંસ્કૃત 'કૂટકાવ્ય'ની પરંપરાનો ઉતરોત્તર વિકાસ ભારતીય અને ખાસ કરીને હિન્દી સાહિત્યમાં પ્રબળ રીતે થયેલો જોવા મળે છે.જેની પ્રતીતિ ચન્દબરદાઈ, વિદ્યાપતિ, સૂરદાસ વગેરેના પદોનું વિહંગાવલોકન કરવાથી થાય છે.

અહીં કૂટકાવ્ય અને અવળવાણી વચ્ચેના ભેદને સમજવા થોડાં ઉદાહરણો જોઈએ.

> 'કુંજર ઉપ્પર સિંહ, સિંહ ઉપ્પર હોય પબ્બય,
> પબ્બય ઉપ્પર ભ્રંગ, ભ્રંગ ઉપ્પર સસિ સુમ્મય.
> સસિ ઉપ્પર ઇક કીર, કીર ઉપ્પર મ્રગ દિટ્ઠૌ,
> મ્રગ ઉપ્પર કો દંડ સંધ, કંદ્રપ્પ બયટ્ઠૌ.
> અહિ મયૂર મહિ ઉપ્પરઇ ,હીર સરસ હેમન જર્યૌ.
> સુર ભવન છાંડી કવિ ચન્દ કહિ તિહિ ધોખૈ રાજન પર્યૌ.'(૯૯)

અહીં કવિ ચન્દબરદાઈએ પૃથ્વીરાજને મોહપાશમાં ફસાવનાર સંયુકતાના દેહ-સૌદર્યનું ઉપમાનો દ્વારા કરેલું વર્ણન છે. કવિ કામિની સંયુક્તાને જોઈને કહે છે, હાથી ઉપર સિંહ હતો. (અહીં હાથી જાંઘનું ઉપમાન છે અને સિંહ કમરનું) સિંહ ઉપર બે પર્વત હતા અને પર્વત ઉપર બે ભમરા હતા. અને તેના ઉપર ચંદ્રમા શોભતો હતો. ( પર્વત સ્તનનું, ભ્રમર સ્તન ઉપર દીંટડીનું અને ચંદ્રમા મુખનું ઉપમાન છે.) ચંદ્રમાં ઉપર એક પોપટ હતો અને પોપટ ઉપર એક મૃગ દષ્ટિગોચર થઈ રહ્યો હતો. (પોપટ નાસિકાનું અને મૃગ નેત્રનું ઉપમાન છે.) મૃગ ઉપર ધનુષ સજાવીને કામદેવ બેઠા હતા. તેના ઉપર સર્પ હતો અને સોનાથી મઢેલ હિરા જેવા મોર પૃથ્વી પર વિદ્યમાન હતા. (ધનુષ



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ભૃકુટિનું, સર્પ વાળની લટનું અને મયૂર કાતીલ નજરનું ઉપમાન બને છે.) તેને જોઈને રાજા સ્વર્ગને છોડી, તેની માયામાં ફસાઈ ગયો.

'એ સખિ પેખલ એક અપરૂપ, સુનઈત માનબિ સપન સરૂપ.
કમલ જુગલ પર ચાંદ કમાલા, તા પર ઉપજત તરૂન તમાલા.
તા પર બેઠરિ બિજુરી લતા, કાલિંદી તટ ધીરે ચલિ જાતા.
સખા સિખર સુધાકર પાંતિ, તાહિ નવ પલ્લવ અરૂનક ભાંતિ.
બિમલ બિમ્બફૂલ જુગત વિકાસ, તા પર કીર ધીર કરૂ બાસ.
તા પર ચંચલ ખંજની જોર, તા પર સાંપિનિ ઝાંપલ મોર,
એ સખિ રંગિનિ કહલ નિસાન, હેરઈત પુનિ મોર હરત ગિયાન.
કવિ વિદ્યાપતિ એહ રસભાન, સુપુરૂષ ભરમ તુહૂ ભલ જાન.'(૧૦૦)

અર્થાત્, હે સખિ, મેં આજે એક અદ્‌ભૂત પુરૂષ જોયો. સાંભળવામાં તો તેને સ્વપ્નનું સ્વરૂપ જ ગણાવી શકાય. બે કમલ (બન્ને પગ) પર ચંદ્રમાની માળા (નખ) હતી. તેના ઉપર એક તરુણ તમાલ વૃક્ષ (ભગવાન કૃષ્ણનું તરુણ શરીર) ઊગ્યું હતું, તે વૃક્ષ ઉપર વિજરૂપી (પીતામ્બર) લતા શોભતી હતી. તે (વૃક્ષ) પુરૂષ યમુના તટ ઉપર ધીમે ધીમે ચાલ્યો જતો હતો. તેની શાખાઓ (ભુજા, બાહુ)ના શિખર ( આંગળિયું) પર ચંદ્રમાની (નખ) હાર હતી અને તેના પાંદડાઓ (હથેળી) લાલ રંગના હતા. તેના ઉપર બે ફળ(ગાલ) લાગ્યાં હતા. જયાં પક્ષીઓએ વાસ કર્યો હતો. તેના ઉપર બે ચંચળ ખંજનરૂપી (ગાલમાં પડતો ખાડો) પક્ષી બેઠા હતાં. અને તેને સર્પિણી (માથાના કાળા ભમ્મર વાળ) પોતાની ફેણથી ઢાંકી રહી હતી. હે સખી! મને તે બતાવો, તે પુરૂષ કોણ છે? હું તો તેને જોઈને મારું સાન ભાન ખોઈ બેઠી છું. કવિ વિદ્યાપતિ એ રસને જાણે છે, પણ હે સખી! તેના રહસ્યને તો તું જ બતાવી શકીશ.

'જુગલ સૈલ સમ હિમકર પેખલ, એક કમલ દુઈ જોતિ રે,
ફુલલિ મધુર ફુલ સેંદુર લોટાયેલ પાંતિ બઈસલિ ગજમોતિ રે.
આજ દેખલ જતિ કે પતિ આયલ અપુરબ બિહિ નિરમાન રે,
બિપરિત કવચ કદલિતર શોભિત થલ પંકજ કે રૂપ રે.
તથહું મનોહર બાજન બાજઈ જનિ જાગે મનસિજ ભૂપ રે.'(૧૦૧)

અર્થાત્, બે પર્વતો (સ્તન) ઉપર ચંદ્રમા(મુખ) શોભે છે. અને કમલ (મુખ)માં બે દીવા (આંખ) બળે છે. તે સુંદરીનું મુખ અતિ ઉજ્જ્વળ અને રકતવર્ણું છે. જાણે સિંદૂર-ચર્ચિત માધુરીનું પુષ્પ ના હોય! ત્યાં ગજમોતીની એક હાર (દંતાવલિ) શોભે છે. આજે જે સુંદર રૂપ મેં જોયું તેને કોણ માનશે કે જે વિધાતાનું અપૂર્વ સર્જન છે. ઊંધા સોનેરી કેળ (સાથળ-જાંઘ)ના થડમાં કમળ (ચરણ) શોભી રહ્યાં છે. અને તેમાંથી મધુર ઘુંઘરુ નો અવાજ આવી રહયો છે. જાણે કે રાજા કામદેવ જાગી રહયો છે.

'પદમિનિ સારંગ એક મંઝારિ,
આપુહિ સારંગ નામ કહાવૈ સારંગ બરની બારિ.
તા મૈ એક છબીલી સારંગ અધ સારંગ અનુહારિ
અધ સારંગ પર સારંગ સકલઈ સારંગ અધસારંગ વિચારિ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

તામાધિ સારંગ સુત શોભિત હે ઠાઢી સારંગ ભારિ
સૂરદાસ પ્રભુ તુમ્હું સારંગ બની છબીલી નારિ.'[૧૦૨]

અહીં કવિ 'સારંગ' શબ્દને વિવિધ અર્થ સંદર્ભે પ્રયોજી કાવ્ય કૌશલ સર્જે છે. -પદમિનિઓની વચ્ચે એક સારંગ (સુંદરી) ઊભી છે. તે પોતાને સારંગ (રાધા) તરીકે ઓળખાવે છે. તેના વાળ સારંગ (ભમરા) જેવા છે. તે વાળની વચ્ચે એક સુન્દર સારંગ(મુખ) છે. જે અડધા સારંગ (ચંદ્ર)જેવું છે. આ અડધા સારંગ (ચંદ્ર)ની શોભા પેલા પૂર્ણ સારંગે (મુખે) હરિ લીધી છે. તેથી સારંગ (ચંદ્ર) અડધો બની ગયો છે. તે સારંગ (મુખ)માં બે સારંગપુત્ર (મૃગનેત્ર) શોભી રહ્યાં છે. તેથી તેની શોભા અદ્દ્ભૂત બની છે. હે! સૂરદાસના પ્રભુ, તમે પણ સારંગ (સુન્દર) છો અને પેલી નારી છબીલી બની છે તેને આપ મળો.

ઉપરોક્ત કૂટકાવ્યના પરંપરિત ઉદાહરણો પરથી આપણે એવું તારણ કાઢી શકીએ કે-

★ કૂટકાવ્યનું પ્રયોજન પાંડિત્ય દર્શન અને કુતૂહલતા પ્રગટ કરવાનું છે. પરિણામે તેનો રચયિતા વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર-કાવ્યકલા, સંબધી જ્ઞાનની કુશળતા ધરાવતો હોય છે. જ્યારે અવળવાણીનું મુખ્ય પ્રયોજન અધ્યાત્મ અનુભૂતિનું દર્શન છે. તેથી તેના રચયિતામાં કાવ્યકલા નૈપૂણ્ય કે કાવ્ય શાસ્ત્રીય વિદ્દ્ગધતા જોવા ન મળે.

★ કૂટકાવ્યનું બીજું પ્રયોજન મનોરંજન અને વ્યવહાર જ્ઞાનની પ્રાપ્તિ છે,પરિણામે તેમાં બાહ્ય કે વ્યવહાર જગતના પ્રશ્નો વર્ણવાય છે. જ્યારે અવળવાણી મનોવિનોદ નહિ પણ અલૌકિક અનુભૂતિની અભિવ્યક્તિ હોવાથી તેમાં વ્યવહાર જગતના પ્રશ્નોને બદલે અધ્યાત્મ જગતના પ્રશ્નો વર્ણવાય છે. ટૂંકમાં કહીએ તો કૂટકાવ્ય અપરાવિદ્યાની ફલશ્રુતિ છે, જ્યારે અવળવાણી પરાવિદ્યાની ફલશ્રુતિ છે.

★ અવળવાણી યોગ-સાધનામૂલક અભિવ્યક્તિ છે એટલે કે સાધનાશ્રયી છે. જયારે કૂટકાવ્ય બુદ્ધિ ચાતુરીમૂલક અભિવ્યક્તિ છે એટલે કે તર્કાશ્રયી છે.

★ બન્ને શૈલીઓમાં પ્રયોજન, શબ્દશિલ્પ અને પ્રયોકતા ભેદ હોવાથી બન્ને શૈલી સ્વરૂપો આગવું અસ્તિત્વ ધરાવે છે. જેમ કે કૂટકાવ્યનો સર્જક વિશેષત: શબ્દ શ્લેષ, યમક, રૂપક, અતિશયોકિત, ઉત્પ્રેક્ષા, ઉપમા, વક્રોકિત જેવા કાવ્યકલાના ઉપાદાનો અને વિશિષ્ટ પ્રસંગ વર્ણનોથી કાવ્યમાં ચમત્કૃતિ સર્જે છે, જ્યારે અવળવાણીનો સર્જક આવા કાવ્ય કૌશલનો આગ્રહી નથી.

★ કૂટકાવ્ય અને અવળવાણી બન્નેનો મુખ્ય ઉદ્દેશ-અર્થને ગોપિત રાખવાનો હોવા છતાં, કૂટકાવ્ય તેના આગવા પ્રયોજન, અંત:તત્ત્વ, વસ્તુગત સહસંબંધક, રચનારીતિ,શબ્દાવલિ વગેરેને કારણે અવળવાણી શૈલીથી જુદું જ રચના કૌશલ ધરાવે છે.

★ બન્ને શૈલી પ્રતીકધર્મી છે. તેમ છતાં બન્નેમાં ભિન્નત્વ એ છે કે અવળવાણી શૈલીમાં ચૂસ્ત પણે અસંબદ્ધ પ્રતીકો પ્રયોજાય છે, જ્યારે કૂટકાવ્યમાં આવી ચૂસ્તતા નથી.

★ કૂટકાવ્યમાં શૃંગાર વર્ણન અને પાંડિત્યપૂર્ણ બાહ્યજ્ઞાનની કસોટી હોય છે. જયારે અવળ-વાણીમાં શૃંગાર વર્ણન તો ન જ આવે અને બાહ્યજ્ઞાનની જગ્યાએ આંતરિક જ્ઞાનની કસોટી થાય છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

★ કૂટકાવ્ય બુદ્ધિગ્રાહ્ય હોવાથી તેમાં નિહિત ગૂઢાર્થ પ્રકાશિત થતાં તેનો ભાવક શાતા અનુભવે છે. જયારે અવળવાણીનો ભાવક અવળવાણી નિહિત જે તે ભાવ કે અનુભૂતિજન્ય સંસંવેદન ન અનુભવે ત્યાં સુધી તેને પરિતોષ થતો નથી.

★ કૂટકાવ્યના ગૂઢાર્થને પામવા તેના ભાવક પાસે જે તે પ્રસંગ -ઘટના ઉપરાંત ભાષાકીય સૂઝ અને કાવ્યશાસ્ત્રીય જ્ઞાનની અપેક્ષા રહે છે. જ્યારે અવળવાણી ને સમજવા માટે પરંપરાગત યોગ- સાધના, અધ્યાત્મ દર્શન અને પ્રતીકાત્મક શબ્દાવલિની સમજ હોવી આવશ્યક બની રહે છે.

## પ્રહેલિકા-સમસ્યા-ઉખાણાં

પ્રહેલિકા -સમસ્યા કે ઉખાણાં એ લોક જીવનની પ્રાચીનતમ અભિવ્યક્તિ છે. વિશ્વની લગભગ તમામ સાંસ્કૃતિક સભ્યતા ઘડવામાં સાહિત્યના આ સ્વરૂપે મહત્ત્વનું યોગદાન પુરું પાડયું છે. આપણે ત્યાં આ પ્રકારનું સાહિત્ય છેક વૈદિક કાળથી પરંપરાગત રીતે ધર્મ કે વ્યવહાર જ્ઞાનની કસોટી બુદ્ધિચાતુરી કે લોકમનોરંજનાર્થે પ્રશ્નોતર રૂપે પ્રયોજાતું આવ્યું છે.

વૈદિક સમયમાં અશ્વમેધ, રાજસૂય, બાજપેય, દશરાત્ર વગેરે જેવા લાંબા સમય સુધી ચાલનારા યજ્ઞોમાં આચાર્યાદિ ફૂરસદના સમયમાં મન બહેલાવવા પ્રશ્નોતરી કરતાં. તેમની આ પ્રકારની પ્રશ્નોતરી કે સંવાદોને સંસ્કૃત-વિદ્દો 'બ્રહ્મોદ્યા' તરીકે ઓળખાવે છે. જેમાં અધ્વર્યુ, હોતા, ઉદ્‌ગાતા ઋત્વિક જેવા આચાર્યો સાથે યજમાન પણ ભાગ લેતા. આ બ્રહ્મોદ્યામાં ખાસ કરીને વેદાંગની સમજૂતી કે ધર્મ અને અધ્યાત્મ-વિષયક પ્રશ્નોની છણાવટ કરવામાં આવતી.

પ્રહેલિકા, સમસ્યા અને ઉખાણાંનો સાદો સીધો અર્થ છે : ગુપ્ત અર્થવાળું પદ. આ (સ્વરૂપના)પ્રકારના પ્રાચીનતમ ઉદાહરણો આપણને 'પ્રહેલિકાઓના વેદ' તરીકે ઓળખાતા 'ઋગ્વેદ'માંથી મળી આવે છે. જેમાં કેટલાક મંત્રો એવા છે કે જીવ, આત્મા, પરમાત્મા અને બ્રહ્માંડના રહસ્યોને અત્યંત નિગૂઢ રીતે વર્ણવવામાં આવ્યા છે. દા.ત.

'ત્રિણ્યેક ઉરૂગાયો વિ ચક્રમે, યત્ર દેવાસો મદન્તિ.' (૧૦૩)

અર્થાત્, બીજો મોટી ફલાંગ વાળો દેવ, જેણે ત્રણ પગલાં ભર્યા અને જયાં દેવતાઓ આનંદ કરે છે ત્યાં પહોંચી ગયો.

'દ્વાદશ પ્રધયશ્ચક્રમૈકં ત્રીણિ નમ્યાનિક ઉતશ્ચિકેત,<br>
તસ્મિન્‌ત્સાકં ત્રિશતા ન શં ક્વોઽર્પિતા ષસ્ટિર્ન ચલાચલાસઃ'(૧૦૪)

અર્થાત્, જેને બાર પૈડાં, ત્રણ નાભિ અને ત્રણસો સાઠ ખીલા લાગેલા છે એવા ચક્રના રહસ્યને કોણ જાણે છે? અહીં જોઈ શકાય છે કે પ્રતીકાત્મક રીતે મૂળ અર્થને સંગોપી રાખવામાં આવ્યો છે. આ વિશિષ્ટ એવું ચક્ર તે સમયનું ચક્ર છે. એટલે કે એક વર્ષ છે. જેને બાર પૈડાં એટલે કે બાર મહિના, ત્રણ નાભિ એટલે ત્રણ ઋતુઓ અને ત્રણસો સાઠ ખીલા એટલે દિવસ -રાત છે. જે નિરંતર ગતિશીલ રહે છે.

'ચત્વારિશૃંગા ત્રયો અસ્ય પાદા દ્વે શીર્ષ હસ્તા સો અસ્ય,<br>
ત્રિધા બદ્ધો વૃષભો રોરવીતિ મહાદેવો મત્ર્યાં આવિવેશ.'(૧૦૫)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

અર્થાત્, એક એવો બળદ છે કે જેને ચાર સીંગ, ત્રણ પગ, બે મસ્તક અને સાત હાથ છે. તેમજ તે ત્રણ પ્રકારથી બંધાયેલો છે. અને ગર્જના કરી રહ્યો છે. વળી તે મહાન દેવતા મર્ત્યમાં ઊંડો ઉતરી ગયો છે.

પ્રત્યક્ષ રીતે જોતાં તો આ કથન નિરર્થક અને અસંગત લાગે છે. પરંતુ સાયણાચાર્યે આપેલા અર્થઘટન સાથે આ શ્લોકને તપાસીએ તો તેમાંથી નિશ્ચિત સાર્થ-અર્થની પ્રતીતિ થાય છે. શ્રી સાયણાચાર્યે આ મંત્રના અનેક અર્થો આપ્યા છે. તેમાંથી એકાદ જોઈએ.

**(૧)યજ્ઞને લગતો અર્થ :** આ યજ્ઞરૂપી વૃષભને ચાર સીંગ એટલે ચાર વેદ અથવા ચાર પુરોહિત(હોતા, ઉદ્દગાતા, ઋત્વિક, અધ્વર્યુ) છે. ત્રણ પગ એટલે કે ત્રણ પ્રહર(સવાર,બપોર, સાંજ) છે. બે મસ્તક એટલે કે વેદજ્ઞાની અને યજ્ઞનો અગ્નિ (બ્રહ્મોદન અને પ્રવર્ગ્ય ) છે. સાત હાથ તે સાત વૈદિક છંદ છે. યજ્ઞાગ્નિરૂપ એવો દેવતા મંત્ર, બ્રાહ્મણ અને વિધિઓથી બંધાયેલો છે. તેને વૃષભ એટલા માટે કહેવામાં આવે છે કે તે યજ્ઞના ફળની વર્ષા કરે છે. (વૃષભનો એક અર્થ 'વરસાદના દેવ ઈન્દ્ર' એવો થાય છે.)

**(૨)સૂર્યને લગતો અર્થ :** આ સૂર્યરૂપી વૃષભ (વૃષભ =ઈન્દ્ર, સૂર્ય =ઈન્દ્ર) ને ચાર સીંગ એટલે કે ચાર દિશાઓ છે. ત્રણ પગ એટલે ત્રણ પ્રહર(સવાર, બપોર,સાંજ) છે. બે મસ્તક એટલે રાત અને દિવસ છે. સાત હાથ એટલે સાત કિરણો છે. તે ત્રણ સ્થાનો (પૃથ્વી, અંતરિક્ષ અને આકશ) માં બંધાયેલો છે. વરસાદ વરસાવનાર હોવાથી તેને વૃષભ કહેવામાં આવે છે.

પૂર્વ પરંપરારૂપ પ્રહેલિકા -સમસ્યા પ્રકારના આવાજ ઉતમ ઉદાહરણો આપણને અથર્વવેદના 'કુન્તાપ સૂકત', 'એતરેય બ્રાહ્મણ' અને 'મહાભારત'માંથી મળી આવે છે.

'કુન્તાપ સૂકત'ના એતશ મંત્રોમાં બ્રહ્માંડના સૂક્ષ્મ રહસ્યોને નિગૂઢ રીતે પ્રગટ કરવામાં આવ્યા છે. એવી કથા છે કે એક વખત ઋષિ એતશમુનિ તરંગાવસ્થામાં ઉટપટાંગ મંત્રોનું ઉચ્ચારણ કરતા હતા. જેના ગર્ભિતાર્થો પુત્રથી ન સમજી શકાતાં, પુત્રે પિતાનું મોં બંધ કરાવી દીધું. પુત્રની આવી હરકતનો પ્રત્યુત્તર આપતા એતશમુનિએ કહ્યું કે, હે પુત્ર તેં મને આ પ્રલાપ કરતા રોકયો ન હોત તો હું તારું આયુષ્ય હજારો વર્ષનું કરી આપત. કારણ કે હું અગ્નિના આયુષ્યને જાણું છું.[૧૦૬]

વૈદિક પરંપરાની જેમ ઉતરોત્તર પૌરાણિક અને સંસ્કૃત પરંપરામાં પણ આ પ્રકારની રચનાઓ માતબર સંખ્યામાં મળી આવે છે. આપણે જાણીએ છીએ કે મહાભારત જેવા ગ્રંથની તો માંડણી જ આવા નિગૂઢ પ્રશ્નોની શરતોથી થાય છે. ભગવાન વ્યાસ જયારે ગણપતિને લહિયા તરીકે બોલાવે છે. ત્યારે ગણપતિ શરત મૂકે છે કે આપ લખાવતી વખતે કયાંય અટકશો તો હું ચાલ્યો જઈશ, ત્યારે ભગવાન વ્યાસ પણ ગણપતિ સામે શરત મૂકે છે કે તમારે સમજયા વગર કંઈ લખવું નહીં. બન્નેના કરાર મુજબ ભગવાન વ્યાસ ગણપતિ ને લખાવતા-લખાવતા વચ્ચે એવો નિગૂઢ શ્લોક મૂકી દે કે તેને ગણપતિ તત્કાલ ઉકેલી -સમજી ન શકે. આ સમય દરમ્યાન વ્યાસ બીજા શ્લોક વિચારી લે. આમ મહાભારતના પ્રાગટયમાં જ પ્રહેલિકાનું તત્ત્વ પડેલું જોઈ શકાય છે. આ જ અનુસંધાને મહાભારતમાં ગ્રંથ-ગ્રંથિના રૂપે કંડારાયેલ લાક્ષાગૃહ પ્રસંગ, યક્ષ-યુધિષ્ઠિર સંવાદ વગેરે પ્રહેલિકા -સમસ્યાના ઉત્તમ ઉદાહરણો છે.

પ્રાચીનતમ એવા આ સંદર્ભોથી એવું પ્રતિપાદિત થાય છે કે ભારતીય વાંઙ્મયમાં મનુષ્યની



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

શ્રેષ્ઠતાને પ્રમાણિત કરતું પ્રહેલિકા - સમસ્યા, ઉખાણાં પ્રકારનું સાહિત્ય આદિકાળથી બહુમૂલી રીતે ખેડાતું આવ્યું છે.

**પ્રહેલિકા**

પ્રહેલિકા શબ્દના મૂળ સંસ્કૃત 'પ્રવહલ'ના સમસ્તરૂપ 'પ્રવહિલકા'માં પડેલા છે. સંસ્કૃત કોશો મુજબ 'વહલ' નો અર્થ છૂપાવવું, ઢાંકવું '(૧૦૭)એવો કરવામાં આવ્યો છે. શ્રી હેમચંદ્રાચાર્ય 'અભિધાન ચિંતામણિ કોશ'માં પ્રહેલિકાનો અર્થ આપતા લખે છે કે 'પ્રવહ્લ' નો અર્થ છે: આચ્છાદન કરવું, છૂપાવવું. ગૂઢાર્થ કથન તે પ્રહેલિકા.(૧૦૮)

પ્રહેલિકા શબ્દનો પ્રથમ પ્રયોગ 'એતરેય બ્રાહ્મણ', 'કૌશીતકિ' અને 'આશ્લાયન ગૃહ્યસૂત્ર'માં થયેલો જણાય છે. જેમ કે-

'પ્રવહલ્લિકા શંસતિ પ્રવહ્લિકાભિર્વૈ,
દેવા અસુરાન પ્રવહલ્ય અથૈતાન્ અત્યાયન્'(૧૦૯)

અર્થાત્, પ્રહેલિકાઓ કહીને, પ્રહેલિકાઓ વડે દેવોએ અસુરોને છેતરીને તેમને અતિક્રમ્યા. આ ઉપરાંત શ્રી હર્ષના 'નૈષધીચરિત'માં પણ 'પ્રવહ્લિકા' શબ્દનો પ્રયોગ થયેલો છે.

પ્રાચીન કાળથી પ્રયોજાતા આવતા આ શબ્દ સ્વરૂપના સંસ્કૃત વિદ્વાનોએ અર્થો સાથે લક્ષણો અને પ્રકારો પણ તારવી બતાવ્યા છે. જેમ કે: -

'વક્રીકૃત્ય કમપ્યર્થ સ્વસ્યાર્થસ્ય ગોપનાત્,
યત્ર બ્રાહ્માન્તરાવર્થૌ કથ્યતે સા પ્રહેલિકા.'(૧૧૦)

અર્થાત્, પોતાના અર્થના સંગોપન થકી કોઇક અર્થને વક્ર કરીને જેમાં બ્રાહ્ય અને આંતર એવા બન્ને અર્થો કહેવાય છે તે પ્રહેલિકા.

પ્રહેલિકા સ્વરૂપ અંતર્ગત દણ્ડી, ભોજ, વિશ્વનાથ વગેરે ભારતીય મીમાંસકોએ કરેલાં નિર્દેશો પણ અહીં ધ્યાનાર્હ બની રહે તેવા છે.

**દણ્ડી**

'ક્રીડાગોષ્ઠી વિનોદેષુ તજ્જૈ રાકીર્ણમન્ત્રણે,
પરવ્યામોહને ચાપિ સોપયોગાઃ પ્રહેલિકા.'(૧૧૧)

ક્રીડા ગોષ્ઠી અને વિનોદમાં જાણકારો વડે થતી ચર્ચા-વિચારણા અને સામેનાને મૂંઝવી નાખવામાં જે ઉપયોગી છે તે પ્રહેલિકા.

**ભોજ**

'પ્રહેલિકા સકૃત્ પ્રશ્નઃ સાઽપિ ષોઢા ચ્યુતાક્ષરા,
દત્તાક્ષરો ભયપુષ્ટિ વિન્દુમત્યર્થવત્યપિ.'(૧૧૨)

પ્રહેલિકા તે એક પ્રશ્નરૂપ ઉક્તિ છે. તેના છ પ્રકાર છે. ચ્યુતાક્ષરા, દત્તાક્ષરા, અક્ષરપુષ્ટિ, ચ્યુતદત્તાક્ષરા, બિન્દુમતી, અર્થપ્રહેલિકા.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**વિશ્વનાથ**

> 'રસસ્ય પરિપન્થિત્વાન્નાલંકાર: પ્રહેલિકા,
> ઉકિતવૈચિત્ર્યમાત્રં સા ચ્યુતદતાક્ષરાદિકા.'(૧૧૩)

રસની વિરોધી હોવાથી પ્રહેલિકા અલંકાર નથી. એમાં કેવળ ઉક્તિનું વૈચિત્ર્ય છે, ચમત્કૃતિ છે. તેના ચ્યુતાક્ષરા, દત્તાક્ષરો વગેરે પ્રકારો છે.

આમ પ્રહેલિકા વિવિધ પ્રકારો સાથે, સ્વરૂપગત આગવું વૈશિષ્ઠ્ય ધરાવે છે. પ્રશ્નાર્થરૂપે મૂળ અર્થને ગોપિત રાખીને, સામેની વ્યક્તિને મૂંઝવણમાં નાખી દેતા આ સ્વરૂપમાં બુદ્ધિચાતુરી અને મનોરંજનનું તત્ત્વ કેન્દ્ર સ્થાને હોય છે. જેમાંથી શ્રોતા અને વક્તાને એક પ્રકારની ક્રીડાનો આનંદ પ્રાપ્ત થાય છે.

વૈદિક કાળથી પરંપરાગત રીતે રચાતી આવતી આ સ્વરૂપગત રચનાઓનો પ્રયોગ ગુજરાતી સાહિત્યમાં કવિ જયવંતસૂરિ કૃત 'શૃંગાર મંજરી' વાચક કુશલલાભ અને કવિ ગણપતિ કૃત 'માધવાનલ કામકન્દલા પ્રબંધ', હીરાણંદ રચિત 'વિદ્યાવિલાસ પવાડા' ઉપરાંત પ્રેમાનંદ, દલપતરામ, શામળભટ્ટ વગેરે સર્જકો દ્વારા અને મૌખિક પરંપરામાં બળકટ રીતે થયેલો જોવા મળે છે. આપણા અભ્યાસના અનુસંધાને થોડા ઉદાહરણો જોઈએ.

> 'મંદ ગતિ ઇં કુણ જાણી ઇ ? અરુણ ઉગમત ઉ કુણ ?
> સસ -લંછન કહુ કુણ હવઇ ? ઉતર દિઉ અમ્હ નિઉણ.'(૧૧૪)

મંદ ગતિવાળો કોણ? ઊગતો હોય ત્યારે રક્ત વર્ણો કોણ? જેને સસલારૂપી કલંક લાગ્યું છે તે કોણ? અમને જવાબ આપો.

અહીં ત્રણ પ્રશ્નો છે. તેમાં અનુક્રમે આ પ્રમાણે જવાબ મળે છે. (૧) મંદ -શનિનો ગ્રહ (૨) સૂર્ય ( ૩ ) ચંદ્ર

> 'પર્વત શિખરિ એક રથ જાઇ, ખેડેત્રી બઇ સઇ ભુંઇ ઠાંઇ,
> અતિ ઊછક ચાલઇ કરિ બાઉ, એક પગ નવિ આઘઉ થાઇ.'(૧૧૫)

પર્વતની ટોચ ઉપર રથ જાય છે. રથ ચાલક જમીન પર બેઠો છે. વાયુ વેગે રથ ચાલે છે. છતાં રથ એક ડગલું પણ આગળ જતો નથી. જવાબ : કુંભારનો ચાકડો .

> 'પાઇ પાણી, ગાઇ ગીયં, વર કુરંગ મારી ઊણ આણેઇ,
> તિન્ન મહિલાણ ભણિયં 'નત્થિ સરો' ઉત્તરં દેઇ.'(૧૧૬)

ત્રણ મહિલાઓ કોઈ એક જ માણસ પાસે એક પછી એક ત્રણ વસ્તુ માંગે છે. ૧. પાણી પાઓ. ૨. ગીત ગાઓ. ૩. ઉત્તમ હરણને મારીને લઈ આવો. ત્રણે નારીઓને એક જ જવાબ મળે છે. - સર નથી.

૧. સર નથી- સરોવર નથી તો પાણી કયાંથી લાવું ?
૨. સર નથી- સ્વર નથી તો ગીત કેમ ગાઉં ?
૩. સર નથી- સર, બાણ નથી તો હરણને કેવી રીતે મારી લાવું?



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

આ સિવાય આપણાં લોકજીવન અને સાહિત્યમાંથી પણ આ પ્રકારની અનેક પ્રહેલિકાઓ મળી આવે છે.

'પાંખ વિના ઉપર ચઢે વિના મુખ ભોજન ખાય,
એક અચરજ મેં જોયુ, પાણી પીવે તો મરી જાય.'(૧૧૭)
જવાબ : અગ્નિ .

'એક રાજા કી બારહ રાની, સબકે દો દો કુમાર,
હર કુમાર કે પન્દ્રહ સેવક, બૂઝો તો મેરે યાર.'(૧૧૮)
જવાબ : વર્ષ, મહિનો, પખવાડિયું, દિવસ.

'કાળો છે  પણ કાગ નહીં, લાંબો છે પણ નાગ નહીં ,
તેલ ચડે છે પણ હનુમાન નહી, ફૂલ ચડે છે પણ મહાદેવ નહીં.'(૧૧૯)
જવાબ : નારીનો ચોટલો.

'પડી પણ ભાંગી નહીં, કટકા થયા બે ચાર,
વગર પાંખે ઊડી ગઈ, તમે પંડિત કરો વિચાર.'(૧૨૦)
જવાબ : રાત.

**સમસ્યા**

સમસ્યા એ સંસ્કૃતના સમ+અસ્ય રૂપ પરથી ઉતરી આવેલો શબ્દ છે. 'શબ્દાનુશાસન'ની ટીકામાં તેના લક્ષણો દર્શાવતા કહ્યું છે કે -'યા સમાસાર્થા પૂરણીયાર્થા કવિ શકિત પરીક્ષણાર્થમ્ પૂર્ણત્તયૈવ પઠયમાણાર્થ વા સા સમસ્યા.' એટલે કે જેનો અર્થ પૂર્ણ કરવાનો હોય છે તે, અથવા કવિની શકિતની પરીક્ષા કરવા માટે જેને અપૂર્ણ અર્થનું વાક્ય આપવામાં આવે છે તેને 'સમસ્યા' કહે છે. આવા અપૂર્ણ અર્થના વાકયમાં ગૂઢાર્થયુકત સમસ્યા રાખવામાં આવે છે; જેનું મુખ્ય કારણ સામેની વ્યકિતનું જ્ઞાન કે તર્કશકિત તપાસવાનું હોય છે.

શૈલીગત અને અંત:સ્તત્ત્વની રીતે આ સ્વરૂપ પ્રહેલિકા સાથે નિકટવર્તી સામ્ય ધરાવે છે. તેથી સમસ્યા શબ્દ પ્રહેલિકાના પર્યાય તરીકે પણ પ્રયોજાય છે. 'ગુજરાતી સાહિત્ય કોશ'માં પણ વિદ્વાનોએ પ્રહેલિકા, સમસ્યા અને ઉખાણાને એક બીજાના પયાર્ય તરીકે જ ઓળખાવ્યા છે.(૧૨૧)

સમસ્યા અને પ્રહેલિકા સ્વરૂપ, વિષય અને અંત:સ્તત્ત્વની દ્રષ્ટિએ એક હોવા છતાં, બન્ને વચ્ચે તાત્વિક ભેદ એ છે કે સમસ્યામાં પૂછાયેલ પ્રશ્ન કે સમસ્યાનો જવાબ પાદપૂર્તિ રૂપે એટલે કાવ્યાત્મક રીતે આપવાનો હોય છે, જ્યારે પ્રહેલિકામાં પૂછાયેલ પ્રશ્નનો જવાબ કાવ્યાત્મક રીતે જ નહીં પણ ગદ્યમાં-એક શબ્દમાં પણ આપી શકાય. સમસ્યામાં સામાન્ય રીતે ચાર પંક્તિઓનો બંધ હોય છે. જેમાં પ્રથમ ત્રણ પંકિતમાં કોઈ નિગૂઢ પ્રશ્ન કે સમસ્યા મૂકવામાં આવે છે. અને અંતિમ ચોથી પંકિત તેના ઉતર રૂપે કંડારવામાં આવે છે. આને કારણે 'સમસ્યા'ને સમસ્યાપૂર્તિ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ જ બાબતને વિગતે સમજાવતા પ્રો. મંજુલાલ ર. મજમુદાર કહે છે કે-'જે શ્લોકબદ્ધ સમસ્યા હોય છે તેનાં ચાર ચરણો ઉપરથી ત્રણ વિભાગ પડે છે. જે સમસ્યાનું એક ચરણ પૃચ્છકે આપ્યા પછી તેનાં ત્રણ ચરણો કવિ પૂરે છે તે 'એક ચરણ સમસ્યા'; જેના બે ચરણો પૃચ્છક આપે છે, અને બે ચરણો કવિ ઉમેરીને અર્થ પૂર્ણ કરે છે તે 'દ્વિચરણ સમસ્યા', અને ત્રણ ચરણ



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પૃચ્છક આપે અને એક ચરણ કવિ ઉમેરીને અર્થ પૂર્ણ કરે તે 'ત્રિચરણ સમસ્યા' કહેવાય છે. વળી છૂટાં વચનો આપીને સમસ્યા પૂછવામાં આવે છે તેને 'વાક્ય સમસ્યા' કહે છે. આવી ચાર જાતની સમસ્યા પાદપૂર્તિ સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યમાં તથા મધ્યકાલીન ગુજરાતી કવિતામાં ખૂબ ખેડાઈ છે.(૧૨૨)
દા.ત.

**સમસ્યા**

'રથ્યાં સમ્મુહ પિઉ મિલ્યુ, જુહાર ન કીધુ જાઈ,
લા જી ચતુરા કંઠથી, હાર સ ત્રોડઈ કાંઈ ?'(૧૨૩)

શેરીમાં પ્રીતમ સામે મળ્યો તો તેણે નમન ન કર્યા ને ચતુર સ્ત્રી લાજી મરી, પોતાના કંઠમાંથી હાર તેણે શા માટે તોડી નાંખ્યો ?

**જવાબ**

'સાજન દીઠું આવતું, ત્રૂટઉ મોતી - હાર
લોક જાણઈ મોતી વીણઈ, નમી નમી કરઈ જુહાર'(૧૨૪)

શેરીમાં પ્રીતમને આવતો જોઈ, જાહેરમાં તેને નમન કરવામાં લાજ શરમ આવી તેથી તેણે પોતાના ગળાનો મોતીનો હાર તોડી નાખ્યો, પછી તે વીણવા વાંકી વળી અને તે બહાને તેણે પતિને જુહાર -પ્રણામ કરી લીધા.

**સમસ્યા**

'સુંદરિ ચોરઈ સંગ્રહી, સવી લીધા સિણગાર,
નાક-ફૂલ લીધું નહીં, કહિ પ્રીઉ ! કવણ વિચાર ?'(૧૨૫)

કોઈ સુન્દર સ્ત્રીને ચોરે પકડી અને તેના બધા જ ઘરેણાં ઉતારી લીધાં, પણ તેના નાકનું ઘરેણું તેણે લીધું નહીં. વ્હાલા ! શા વિચારે ચોરે તેમ કર્યુ હશે તે કહે.

**જવાબ**

'અહર રંગ રત્ત ઉ હુઉ, મુખિ કજ્જલ મસિવન્ન,
જાણિઉ ગુંજાહલ અછઈ તિણઈ ન ઢૂકઈ મન્ન.'(૧૨૬)

તે સુંદરીના હોઠનો રંગ લાલ હતો. આંખોમાં તેણે કાળું કાજળ આંજ્યું હતું. પરિણામે નાક ફૂલ (ચૂની)માં તે બન્ને રંગો ઝિલાતા હતા, તેથી ચોરને એમ લાગ્યું કે આ તો ચણોઠી છે, તેથી તેણે નાકનું ઘરેણું ચોર્યુ નહીં.

**સમસ્યા**

'કોણે હેમાળો સેવિયો ? કોણે સેવી આગ?
કોણે કરવત મુકાવિયાં ? કહો કંઈ રાણીને કાજ ?' (૧૨૭)

**જવાબ**

'કાથે હેમાળો સેવિયો, ચૂને સેવી આગ,
સોપારીએ કરવત મુકાવિયાં, રાણી નાગરવેલને કાજ.' (૧૨૮)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**સમસ્યા**

'ઊભો નથી કોઈ પારધી, લાગ્યું નથી કોઈ બાણ,
તને પૂછુ છું હે સખી ! આના કેમ ગયા છે પ્રાણ ?' (૧૨૯)

**જવાબ**

'જળ થોડાં નેહ ઘણાં, સામે સામા તાણ,
તું-પી; તું-પી બોલતાં, બેઉ છોડે પ્રાણ.' (૧૩૦)

આ ઉપરાંત આ પ્રકારની સમસ્યાઓનું કાવ્ય કૌશલ શામળ ભટ્ટની 'નંદબત્રીશી', 'ભોજ-પ્રબંધ' અને 'પ્રવિણ સાગર'માં સુપેરે પ્રગટ થયેલું જોવા મળે છે.

## ઉખાણું

ભારતીય વાઙમયમાં પ્રહેલિકા, સમસ્યા, કૂટકાવ્ય વગેરે શૈલી-સ્વરૂપોની જેમ ઉખાણું પણ સમૃદ્ધ રીતે ખેડાતું આવેલું સાહિત્ય સ્વરૂપ છે. શ્રી કે. કા. શાસ્ત્રી સંપાદિત 'બૃહદ ગુજરાતી કોશ'-ખંડ -૧ માં ઉખાણું શબ્દની વ્યુત્ત્પતિ અને અર્થ આ રીતે દર્શાવવામાં આવ્યા છે : ઉખાણું ન., -ણો પું. (સં. ઉપાખ્યાનક = પ્રા. ઉક્કખાણઅ, ઉકખાણઅ, ન.) દ્રષ્ટાંત-કથન. (૨) કોયડો, સમસ્યા. (૧૩૧) આમ 'ઉખાણું' શબ્દ સંસ્કૃતના 'ઉપાખ્યાન' પરથી ઉતરી આવ્યો છે. 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ' પ્રમાણે 'ઉપાખ્યાન' એટલે 'નાનું આખ્યાન' તેમજ 'આખ્યાન' નો એક અર્થ 'ભાવનું અભિધાન કરનાર પદ'(૧૩૨) એવો પણ આપવામાં આવ્યો છે.

ભારતની ભિન્ન ભિન્ન ભાષાઓમાં ઉખાણાં માટે વિભિન્ન શબ્દો પ્રયુકત થયેલા જોવા મળે છે. જેમ કે સંસ્કૃતમાં ઉખાણાં માટે બ્રહ્મોદ્યા, પ્રહવલ્લિકા, કૂટ, સમસ્યા, ગૂઢ,હૃદયાલિકા જેવા શબ્દોનો ઉપયોગ થયો છે. તો પ્રાકૃતમાં તેને માટે 'પહેલી' અને 'હિયાલિયા' શબ્દ મળે છે. જયારે મરાઠી, ગઢવાલી, પંજાબી, નેપાળી, હિન્દી, બંગાળી, ભોજપુરી વગેરે ભાષાઓમાં આ શબ્દના પર્યાયરૂપ અનુક્રમે આહણા, ઔખાણા, પહેલિ કે કાહરા, બૂઝૌણા, પ્રહેલિકા, બૂઝૌઉલ, બઇઠાવક જેવા શબ્દ પ્રયોગો થાય છે.

ગુજરાતી ભાષા - સાહિત્યમાં ઉખાણાં ઉપરાંત કોયડો કે કોહ્યડો, વરત, અરથ, સમસ્યા, પ્રહેલિકા, શિશુવેદ, ગૂઢાર્થ, પ્રશ્નોત્તર, કોડુ, અંતરાલાપ, કહેતી કે કહેવત વગેરે શબ્દો વપરાય છે. 'ભગવદ્ગોમંડળ'માં પણ 'ઉખાણું'ના પર્યાયરૂપે કહેવત શબ્દોનો ઉલ્લેખ છે.(૧૩૩)

મધ્યકાલીન સમયમાં આ શબ્દ કહેવત માટે પ્રયોજાતો હશે તેવું જણાય છે. જેની સાહેદી માંડણ, શ્રીધર, અખો, શામળ, વગેરેએ આ શબ્દને તેના રચના કૌશલમાં જે સંદર્ભે પ્રયોજાયો છે તેના ઉપરથી મળી રહે છે. જેમ કે માંડણ 'પ્રબોધબત્રીશી'માં કહે છે કે -

'ઉખાણે હરિ લાગંમન, યમ ઉકરડા માહિ રતન.'(૧૩૪)

અહીં 'ઉકરડામાં જ રતન પાકે' એ કહેવતના સંદર્ભે ઉખાણો શબ્દ પ્રયોજાયો છે. તો અખો ભગત કહે છે :

'તરણા ઓથે ડુંગર રહે, એવો ઉખાણો સહુકો કહે .
અખા ઉખાણું સાચું થયું, બોરાં સાટે ઘરેણું ગયું.'(૧૩૫)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

જોઈ શકાય છે કે અહીં અખાએ પ્રયોજાયેલ 'ઉખાણું' શબ્દ સંદર્ભ લોકોક્તિ અને કહેવતના અર્થે છે.

આમ મધ્યકાલીન સમયમાં ઉખાણું શબ્દ કહેવતના સંદર્ભે કે પર્યાય રૂપે પ્રયોજાયો છે. પરંતુ પછીથી સમયાંતરે તેમાં અર્થ પરિવર્તન આવતાં આ શબ્દ પ્રહેલિકા-સમસ્યા, વરત, અરથ, કોયડો, જેવા શબ્દાર્થે પરિવર્તન પામે છે. આ સંદર્ભે શ્રીભાયાણી સાહેબે કરેલા નિર્દેશો તપાસવા જેવા છે. તેઓ શ્રી 'ઉખાણાં'ની વ્યાખ્યા બાંધતાં કહે છે કે 'ઉખાણું ' એટલે બુદ્ધિ, વિદ્યા કે ચતુરાઈની કસોટી કરવા તેમજ વિનોદ અને રમત અર્થે પૂછાતો કોયડો છે.'(૧૩૬)

શ્રીભાયાણી સાહેબે આપેલી 'ઉખાણાં'ની આ વ્યાખ્યા ઉપરથી કહી શકાય કે 'ઉખાણું' એ સમસ્યા કે પ્રહેલિકા પ્રકારનું કાવ્યકૌશલ ધરાવે છે. અને તેનું પ્રયોજન પણ પ્રહેલિકાની જેમ બુધ્ધિકસોટી, જ્ઞાનની વૃદ્ધિ, મનોરંજન કે મનોવિનોદ છે. થોડાં ઉદાહરણોથી આ વાત વધુ સ્પષ્ટ થશે.

' એક જનાવર ઈતું પૂછડે પાણી પીતું.'(૧૩૭)
જવાબ : દીવો.

'બાપે જન્મી બેટડી, બેટીએ જનમ્યો બાપ,
તે અરથ કરો ઠાકરા ! બેટી વધી કે બાપ?'(૧૩૮)
જવાબ : આંબો

આંબો તે પિતા, તેણે કેરીને જન્મ આપ્યો. કેરીમાંથી ગોટલી નીકળી એને પુત્રી ગણી. આ ગોટલી (પુત્રી)માંથી પાછું આંબાનું સર્જન થયું, એટલે કે બેટીએ પિતાને જન્મ આપ્યો.

'નંદ બાબાને નવસો ગાય,
રાત્રે ચરે ને દિવસે ઘેર જાય.'(૧૩૯)
જવાબ : તારા

'તડકામાં સૂકાય નહીં છાંયામાં સૂકાય,
આ ઉખાણું કોણ ઉકેલે, પવન લાગે મરી જાય'(૧૪૦)
જવાબ : પરસેવો

'લીલું - સૂકું બધું ય ખાય,
પાણી પીએ તો મરી જાય'(૧૪૧)
જવાબ : અગ્નિ

'દેશ ગયો પરદેશ ગયો,
પાણી દેખી ટપ મરી ગયો.'(૧૪૨)
જવાબ : કાગળ

'બાપ સે બેટો બડો, પોતા હો સરદાર,
તીનો જન્મે એક દિન, જ્ઞાની કરો વિચાર.'(૧૪૩)
જવાબ: દૂધ-દહીં-ઘી



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

'બાપ સે બેટો બડો, નાતી બડો અમોલ,
જિનકે સુત ઐસે ભએ, દો કૌડી કે મોલ.'(૧૪૪)

જવાબ: દૂધ-દહીં-ઘી-છાશ

પ્રહેલિકા, સમસ્યા અને ઉખાણાં વિષયક ઉક્ત અભ્યાસના આધારે કહી શકાય કે આ ત્રણે સ્વરૂપો રચના કૌશલની દૃષ્ટિએ અવળવાણી સાથે સામ્ય ધરાવે છે. પરંતુ હેતુ, પ્રયોજન, અંતઃસ્તત્ત્વ, વસ્તુગત સહસંબંધક અને લક્ષ્યની દૃષ્ટિએ જુદાં તરી આવે છે. જેમ કે-

★ અવળવાણી એ મુખ્યતઃ યોગ-સાધનાકીય અલૌકિક અનુભૂતિની અભિવ્યક્તિ છે.જયારે પ્રહેલિકા, સમસ્યા અને ઉખાણું એ બુદ્ધિ ચાતુરી અને વ્યવહાર જ્ઞાનની અભિવ્યકિત છે.

★ એક બીજા સાથે પારસ્પરિક સામ્ય ધરાવતા પ્રહેલિકા સમસ્યા અને ઉખાણાંની શૈલી અવ-ળવાણીની જેમ અસંબદ્ધ પ્રતીક ધર્મી છે. જેમ કે 'પાંખ વિના ઉપર ચઢે, વિના મુખ ભોજન ખાય.'; 'બાપે જન્મી બેટડી, બેટીએ જનમ્યો બાપ'; 'તડકામાં સૂકાય નહીં, છાંયામાં સૂકાય' વગેરે... પરંતુ અહીં પાયાનું ભેદત્ત્વ એ છે કે-પ્રહેલિકા, સમસ્યા અને ઉખાણાંમાં પ્રયોજાયેલ પ્રતીકો બુદ્ધિ અને જ્ઞાનની કસોટી રૂપે હોય છે.જયારે અવળવાણીમાં પ્રયોજાયેલ પ્રતીકો અધ્યાત્મજ્ઞાન અને આત્મપરિક્ષણના દ્યોતક બને છે. આમ એકનું પ્રયોજન બુદ્ધિ-કેન્દ્રી છે. તો બીજાનું પ્રયોજન આત્મકેન્દ્રી છે.

★ 'અવળવાણી'માં પરાવિદ્યાને ગોપિત રાખવામાં આવે છે. એટલે કે તેમાં પારલૌકિક એવા બ્રહ્મજ્ઞાનના રહસ્યોને નિગૂઢ રીતે વર્ણવવામાં આવે છે.જયારે પ્રહેલિકા વગેરેમાં અપરાવિધાને ગોપિત રાખવામાં આવે છે. અને તેમાં ઇહલોકના વ્યવહારિક જ્ઞાનના રહસ્યોને ગોપિત રાખવામાં આવે છે.

★ એકનું લક્ષ્ય પરમાત્માને પામવાનું છે. એટલે કે સાધનાશ્રયી છે.જયારે બીજાનું લક્ષ્ય મનોવિનોદનું છે. એટલે કે તર્કાશ્રયી છે. પ્રહેલિકા સમસ્યા, ઉખાણાં કોઈને કોઇ સ્વરૂપે બાહ્ય ઘટના પર આધારિત છે. જ્યારે અવળવાણી મોટેભાગે આંતરિક-આત્મિક ઘટના પર આધારિત છે.

★ પ્રહેલિકા, સમસ્યા અને ઉખાણાંમાં કર્તાનું કાવ્યકૌશલ અને વિદ્‌ગ્ધતા પ્રગટ થાય છે, પરિણામે તે છેતરામણું કથન બની જાય છે. જ્યારે અવળવાણી આવું છેતરામણું કથન નથી. એ તો છે પરમતત્ત્વને પામી ગયાનું પ્રમાણ. તેથી તેમાં અહમ્ નહીં પણ કારુણ્ય પ્રગટે છે.

★ પ્રહેલિકા, સમસ્યા અને ઉખાણાંમાં ગુપ્ત સંકેતોનો અર્થ મોટે ભાગે એક શબ્દમાં જ નિહિત હોય છે. જ્યારે અવળવાણી માંહેનો સંકેતાર્થ એક શબ્દમાં નહીં પણ સમગ્ર કાવ્ય કે કાવ્ય-ખંડમાં પડેલો હોય છે.

આમ જોઇ શકાય છે કે પારસ્પરિક સામ્ય ધરાવતા એવા આ સાહિત્ય સ્વરૂપો રચના કૌશલની દૃષ્ટિએ અવળવાણી શૈલીને મળતા આવે છે. પરંતુ દરેક સ્વરૂપોને પોતાના આગવા લક્ષણો, હેતુઓ, અને પ્રયોજનો હોવાથી તે અવળવાણી નિહિત અંતઃસ્તત્ત્વને પ્રગટાવી શકતા નથી. પરિણામે આ સ્વરૂપો અવળવાણી સમકક્ષ બને છે. પરંતુ અવળવાણીનું અણીશુદ્ધ રૂપ ધારણ કરી શકતાં નથી.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## સંધા ભાષાની કેટલીક રચનાઓ

બૌદ્ધ પરંપરામાં સહજયાની બૌદ્ધ-સિદ્ધો દ્વારા રચાયેલ ચર્યાગીતોની શૈલી સંધા ભાષા કે સંધ્યા ભાષા તરીકે ઓળખાય છે. હેવજ્રતંત્રમાં આ ભાષાને 'મહાસમય' અને 'મહાભાષમ્' તરીકે ઓળખવામાં આવી છે. જેમ કે -

'વક્ષેઽહં વજગમોંઽયમ્ શ્રૃણુ ત્વમ્ એક ચેતસા,
સન્ધ્યા ભાષં મહાભાષં સમય સંકેત વિસ્તરં.'(૧૪૫)

ડો. પ્રબોધચન્દ્ર બાગચી સંધાભાષા સંદર્ભે પોતાના વિચારો વ્યક્ત કરતાં લખે છે કે 'ઈસ ભાષા કે દ્વારા સિદ્ધ પુરૂષ પરમાર્થ તત્ત્વ કા કથન કરતે હે.ઈસમેં પ્રયોક્તા કા અભિપ્રેત અર્થ શબ્દ કી સન્ધિ મેં પ્રચ્છન્ન બના રહતા હૈ. અર્થાન્તર કે દ્વારા ઉસ અભિપ્રેત અર્થ કા પ્રતિપાદન હોતા હૈ. જો ઈસ અદ્‌ભૂત સામર્થ્યવાળી ભાષા કો આદર પૂર્વક કથન કા માધ્યમ નહીં બનાતા, નિશ્ચય હી ઉસે સિદ્ધાંત-ખંડન કા દોષ લગતા હૈ.'(૧૪૬)

હિન્દી ભાષા-સાહિત્યના વિદ્વાન ડૉ. શ્રી વિનયતોષ ભટ્ટાચાર્ય પણ 'હિન્દી સાહિત્ય કી ભૂમિકા 'ગ્રંથમાં આ શબ્દ સંદર્ભે પોતાના વિચારો વ્યક્ત કરતા દર્શાવ્યુ છે કે 'સંધ્યા કા અર્થ પ્રકાશ ઔર અંધકાર કે મધ્ય કી સ્થિતિ વાલી ભાષા હૈ, કયોંકિ યહ ભાષા ન તો સર્વથા ગુહ્ય હી હોતી હૈ ઓર ન સહજ ગમ્ય હી.(૧૪૭)

સંધાભાષા વિષયક વિદ્વાનોના આ મંતવ્યો અને આ જ પ્રકરણના પૂર્વાર્ધમાં આ શૈલી વિષયક કરેલ ચર્ચા તેમજ આપેલ ઉદાહરણોને આધારે કહી શકાય કે અવળવાણી શૈલીના મૂળ સંધાભાષામાં પડેલા છે. આ શૈલીએ જ અવળવાણી શૈલીને વિષયવસ્તુ, રચના કૌશલ, અસંબદ્ધ પ્રતીક યોજના એમ બધી જ રીતે પ્રભાવિત કરી, અવળવાણી શૈલીના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

આ ઉપરાંત આ બન્ને સ્વરૂપોની આગવી લાક્ષણિકતા એ છે કે સંધા ભાષામાં અસંબદ્ધ પ્રતીક યોજના એ અનિવાર્ય તત્ત્વ નથી. એટલે કે બૌદ્ધ-સિદ્ધોની પરંપરામાં જે રચનાઓમાં પ્રતીક કે અસંબદ્ધ પ્રતીક યોજના ન હોય તેવી રચનાઓને પણ સંધાભાષા તરીકે ઓળખવામાં આવે છે. જયારે અવળવાણીમાં અસંબદ્ધ પ્રતીક યોજના એ અનિવાર્ય તત્ત્વ છે. એટલે કે જેમાં અસંબદ્ધ પ્રતીક યોજના ન હોય તેને અવળવાણી નહીં પણ ભજન કે પદ તરીકે ઓળખવામાં આવે છે. બીજી રીતે કહીએ તો ભજન પરંપરામાં 'ભજન' શબ્દ જેમ વ્યાપક અર્થ સંદર્ભે પ્રયોજાય છે. તેમ 'સંધાભાષા' શબ્દ માત્ર અવળવાણી પ્રકારની રચનાઓ માટે જ નહીં પણ 'ભજન' શબ્દની જેમ વ્યાપક અર્થ-સંદર્ભ ધરાવે છે.

## હરિયાળી

'હરિયાળી' એ ગૂર્જર જૈન કવિઓ દ્વારા રચાયેલ અમૂક પ્રકારની વિશિષ્ટ એવી કાવ્ય શૈલી માટે પ્રયોજાતો શબ્દ છે. આ શબ્દના મૂળ સંસ્કૃતમાં પડેલા જોઈ શકાય છે. જો કે સંસ્કૃત ભાષામાં કયાંય 'હરિયાળી' એવો શબ્દ પ્રયોગ થયેલો જોવા મળતો નથી. પણ સંસ્કૃતનાં 'હૃદયન' ઉપરથી 'હૃદયાલી' એવો શબ્દ પ્રયોજાયોલો જોવા મળે છે. સંસ્કૃતમાં પ્રયોજાયેલ આ 'હૃદયન 'શબ્દના અર્થ ગુપ્તવિદ્યા; સાચુ કે દિવ્ય જ્ઞાન, વેદ (૧૪૮) એવા આપવામાં આવ્યા છે. જે જૈન સાહિત્યમાં



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

અધ્યાત્મપરક રચનાઓ માટે પ્રયોજાતા 'હરિયાળી' શબ્દના ગર્ભિતાર્થને પ્રગટ કરે છે. પ્રાકૃત ભાષામાં આ શબ્દ 'હિયાલિયા'રૂપે પ્રયોજાયો છે. તો પાઇય ભાષામાં તે 'હિયાલી' તરીકે પ્રયોજાયેલો જોવા મળે છે. 'હિન્દી' તથા 'ગુજરાતી' શબ્દકોશમાં 'હરિયાળી' શબ્દનો અર્થ લીલોતરી એવો દર્શાવવામાં આવ્યો છે.(૧૪૯) જે જૈન કવિઓની વિશિષ્ટ એવી કાવ્યશૈલી માટે પ્રયોજાતા 'હરિયાલી' શબ્દના ગૂઢાર્થને પ્રગટ કરવા સક્ષમ નથી.

જૈન પરંપરામાં પ્રયોજાતા 'હરિયાળી' શબ્દ સંદર્ભે શ્રી અગરચંદજી નાહટા કહે છે કે – 'જૈન કવિયોંને 'હિયાલી' સંજ્ઞક ઐસી બહુત સી રચનાએઁ કી હૈ જો બડી હી સમસ્યામૂલક હોતી હૈ. હિયાલી શબ્દ કા સબસે પ્રાચીન ઉલ્લેખ પ્રાકૃત ભાષા કે 'વજાલગ્ગ' ગ્રન્થમેં દેખને કો મિલતા હૈ.(૧૫૦) આમ અગરચંદ નાહટાના મંતવ્ય પ્રમાણે જૈન સાહિત્યમાં પ્રયોજાતો હરિયાળી શબ્દ સમસ્યા, પ્રહેલિકા કે ઉખાણાંના પર્યાયરૂપ છે. શ્રી અગરચંદ નાહટાના આ મંતવ્યને અનુમોદન મળી રહે તેવા સંદર્ભો આપણને રાજસ્થાની લોકવ્યવહારમાં પ્રયોજાતા 'હીયાલી' શબ્દમાંથી પણ મળી રહે છે. રાજસ્થાનમાં લોક વ્યવહારમાં જમાઈની પરીક્ષા કરવા માટે શ્વશુરપક્ષ તરફથી પ્રહેલિકાઓ અને અટપટા કોયડાઓ પૂછવામાં આવે છે. જેને માટે 'હીયાલીયા' એવો શબ્દ પ્રયોગ થાય છે જેમ કે –

'આઠ કૂઆ ને નવ વાવડી રે વો તો દોનોં સમાય તલાબ મ્હારા રાજ.
હાથી ઘોડા ડૂબ ગયા રે પણિહારી ખાલી જાય મ્હારા રાજ.
મારી રે હીયાલીનો અરથ કરો.
જે થાને અરથ ન ઉકેલે રે, થારે કાકોજી ને તેડાવો મ્હારા રાજ
મારી રે હીયાલીનો અરથ કરો.'(૧૫૧)
( ઉત્તર – કાચ, દર્પણ )

'હરિયાળી' સ્વરૂપ–શૈલીને વ્યાખ્યાયિત કરતો એક શ્લોક આપણને 'સ્વયંભૂ છંદ' ગ્રંથમાંથી મળી રહે છે. જે અત્રે ઉલ્લેખનીય છે.

'સુણ્ણાઈ અકખરાઈ ણાણા છંએસુ જત્થ બજ્ઝંતિ,
હિઅએ વિવસઈ અત્થો હિઆલિઆ ભણ્ણએ એસા'(૧૫૨)

અર્થાત્, જેમાં જુદા જુદા પ્રકારના છંદોમાં શૂન્ય અક્ષરો બાંધવામાં આવે છે અને હૃદયમાં પણ જેનો અર્થ વસે છે તેને હિયાલિકા કહેવામાં આવે છે.

આ સંદર્ભો ઉપરથી એવું તારણ પણ કાઢી શકાય કે 'હરિયાળી' મૂળ રાજસ્થાનના 'હીયાલી' શબ્દ પરથી ઉતરી આવ્યો હશે. અને તેના કેન્દ્રમાં સમસ્યા, ઉખાણું કે અરથનું પ્રાધાન્ય છે.

આમ ગૂર્જરજૈન કવિઓ દ્વારા રચાયેલ 'હરિયાળી' કુળની રચનાઓના મૂળમાં 'અવળવાણી' નહીં પણ સમસ્યા કે પ્રહેલિકાનું તત્ત્વ પડેલું છે.

જૈન સાહિત્યમાં હરિયાળી શબ્દપ્રયોગ વાળી અને અવળવાણી સાથે સામ્ય ધરાવતી રચના વિ.સં. ૧૫૦૦ થી ૧૫૨૨ ના સમયમાં વિદ્યમાન કવિ દેપાલ ભોજક અને સં. ૧૬૭૭માં 'જંબુ દ્વિપ વિચાર સ્તવન' રચનાર કવિ સુધનહર્ષ પાસેથી પ્રાપ્ત થાય છે. જેમ કે–



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

'વરસે કંબલ ભીંજે પાણી, માછલીએ બગ લીધો તાણી,
ઉડ ઉડ રે આંબા, કોયલ મ્હોરી કલીયાં સીંચતા ફલીઅ બીજો રે.
ડોકરી દૂઝી ભેંસ વહુકે, ચોર ચોર ને તલાર બાંધી મૂકે,
એ હરિયાળી જે નર જાણે, મુખે કવિ દેપાલ વખાણે.'(૧૫૩)

'ગુણવતી કહે પ્રભુ ! અવધારી એક હરિયાલી કહો સુવિચારી,
મોટાં પાંચ ધ્યેયનાં નામ આરાધઈ સવિ સીઝઈ કામ.
ત્રણ અક્ષર માંહી તે જાણી ઈહ પરભવિ સુખીઆ અમ આણી,
મુજ હરિયાળી કવણ વિચાર તે કહેજો પ્રભુ અરથ ઉદાર.'(૧૫૪)

આ ઉપરાંત કવિ ધર્મબર્દ્ધન રચિત એક ઉદાહરણ જોઈએ. જેમાં કવિએ માનવમનનું વર્ણન ગૂઢાર્થ શૈલીમાં સમસ્યા કે કોયડા સ્વરૂપે પ્રગટ કર્યુ છે.

'અરથ કહૌ તુમ બહિલૌ, એહનો, સગર હિયાલી હૈ સાર
એક પુરૂષ જગ માહૈ પરગડૌ, સહુ જાણે સંસાર.
પગ બિહુણો પરદેસે ભમેં, આવૈ તુરતઉ જાય,
બૈઠી રહૈ આપણે ઘરિ બાપડૌ, તૌ પિણ ચપલ કહાય.
કોઇક તો તેહનૈ રાજા કહૈ, કોઈ તો કહૈ રંક
સાંચૌ સરલ સુજાંણ કહૈ સહું, બલિ તિણ ગાહૈ રે બંક.
પૌતે સ્વરથ સું પાંચાં મિલૈ, આપ મુરાદૌ રે એહું,
ધન તિકે નર કહૈ શ્રી ધર્મસી, જોયૈ તેહ રે જેહ.'(૧૫૫)

આ ઉપરાંત શ્રીઆનંદઘનજી, ચિદાનંદ, બુદ્ધિસાગરસૂરિ, પદ્મવિજય, જ્ઞાનવિમલસૂરિ, વિનયસાગરજી... વગેરે જૈન કવિઓ પાસેથી મળી આવતી હરિયાળી પ્રકારની રચનાઓ તેમજ શ્રીઅભયપ્રભગણિથી માંડી આચાર્ય બુદ્ધિસાગરસૂરિ, પ્રો. હીરાલાલ કાપડીયા, પંન્યાસ ધરણેન્દ્ર સાગર વગેરે વિદ્વાન સંપાદકો દ્વારા સંપાદિત થયેલી આ પ્રકારની મોટા ભાગની રચનાઓની પ્રકૃતિ પણ કૂટકાવ્ય સમસ્યા કે પ્રહેલિકા પ્રકારની છે.

જૈન સાહિત્યમાં હરિયાળીની જેમ સજ્ઝાય અને ગહૂંલી શૈલી સ્વરૂપ પણ બળૂકી રીતે ખેડાયું છે. આ સજ્ઝાય અને ગહૂંલીકાવ્ય સ્વરૂપ અંતર્ગત મળી આવતી કેટલીક રચનાઓ પણ કૂટકાવ્ય, પ્રહેલિકા કે અવળવાણી પ્રકારની છે. પરિણામે 'હરિયાળી'ને એક શૈલી વિશેષ તરીકે અલગ સ્વરૂપે સ્થાપિત કરવું મુશ્કેલ બની જાય છે.

મધ્યકાળમાં ભારતમાં ઉઠેલ ભક્તિઆંદોલના પ્રર્વતક લોક-સંતોના પગલે પગલે જૈન પરંપરામાં પણ શાસ્ત્રજ્ઞાન-વાણીને બદલે અનુભૂતિના જ્ઞાનનું મહાત્મ્ય વધ્યું હોય. અને તેની ફલશ્રૂતિરૂપ જૈન કવિઓ દ્વારા પણ એવી રચનાઓ રચાઈ હોય, કે જેની પ્રકૃતિ તત્ત્વત: અવળવાણી પ્રકારની હોય. ' હરિયાળી ' મૂળમાં કૂટકાવ્યની જેમ બુદ્ધિકેન્દ્રી છે. એટલે કે તેનાં રચના કૌશલમાં અધ્યાત્મ અનુભૂતિ નહીં પણ વ્યાવહારિક જ્ઞાનની કસોટી રૂપ બુદ્ધિચાતુરીનું કાવ્યકૌશલ છે. બન્નેવચ્ચે સૂક્ષ્મ ભેદ એ છે કે 'હરિયાળી આધ્યાત્મિક જ્ઞાન માટે ઉપયોગી છે. જયારે અવળવાણી આધ્યાત્મિક યાત્રા માટે ઉપયોગી બની રહે છે.' 'અવળવાણીનો કાવ્યદેહ દૃઢ રીતે અસંબદ્ધ પ્રતીકોથી બંધાયેલો હોય છે.જયારે હરિયાળીમાં આવા પ્રતીકોની ચુસ્તતા હોતી નથી.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## વિશ્વ સાહિત્યમાં અવળવાણી-નિકટવર્તી શૈલી-સ્વરૂપો

માનવ સહજ જિજીવિષા, જિજ્ઞાસા, કુતૂહલ, અહ્મ અને ગુપ્ત રાખવાની વૃત્તિને પોષતુ અવળવાણી પ્રકારનું રચના કૌશલ વિશ્વભરમાં વિવિધ નામે -ઠામે સમૃદ્ધ રીતે ખેડાતું આવ્યું છે. ગ્રીકમાં આ પ્રકારની રચનાઓ માટે 'એનિગ્મા'શબ્દ પ્રયોજાય છે. તો આજ પ્રકારની રચનાઓ માટે જર્મન ભાષામાં'રાતસેલ' અને અંગ્રેજી ભાષામાં'રીડિલ'શબ્દ પ્રયોજાય છે. આ ઉપરાંત પૅરેબિલ, મિસ્ટ્રી, ઓકલ્ટ જેવા નામે પણ આ પ્રકારની રચનાઓ મળી આવે છે. અવેસ્તામાં જરસ્થુસ દ્વારા રચાયેલ અવળવાણી પ્રકારની અનેક રચનાઓ મળી આવે છે. ચીનમાં તો આ પ્રકારનું સાહિત્ય પ્રાચીનકાળથી રચાતું આવ્યું છે. લાઓત્ઝુ કૃત TAO - TE - CHING આનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડે છે. આ પ્રકારની સૌથી વધુ રચનાઓ અગિયારમી સદીમાં થઈ ગયેલ અરબી ભાષાના સર્જક 'અલ-હરીરી'એ આપી છે.[૧૫૯]

આ સાથે એ પણ ઉલ્લેખનીય છે કે 'ઓલ્ડ ટેસ્ટામૈટ' ના ચૌદમાં અધ્યાયમાં વર્ણિત સૈમ્સનની આ પ્રકારની રચનાઓ અને યૂનાની ચિંતક એરિસ્ટોટલે કરેલા વિશ્લેષણથી એ સ્પષ્ટ થાય છે કે મનુષ્યે પોતાની સંકલ્પ-વિકલ્પની પળોમાં આ પ્રકારની વાણી દ્વારા પોતાની શક્તિનો પરિચય કરાવ્યો છે.

વિશ્વભરમાં વિવિધ નામે-ઠામે રચાયેલ અવળવાણી પ્રકારની રચનાઓનું વિહંગાવલોકન કરતાં એટલું સ્પષ્ટ થાય છે કે આ રચનાઓનું કાવ્યકૌશલ બાહ્ય દ્રષ્ટિએ અવળવાણી-ને મળતું આવે છે. પરંતુ આંતરિક દ્રષ્ટિએ તો તે આપણે ત્યાં પ્રયોજાતા કૂટકાવ્ય, પ્રહેલિકા, સમસ્યા કે ઉખાણાંની સાથે નિકટવર્તી સામ્ય ધરાવે છે. એટલે કે અનિગ્મા, રાતસેલ, રીડિલ, મિસ્ટ્રી, પૅરેબિલ, પઝલ્સ વગેરે કાવ્ય શૈલીઓમાં પણ કૂટકાવ્ય, પ્રહેલિકા, સમસ્યાની જેમ બુદ્ધિચાતુરી, બુદ્ધિપરીક્ષા કે બૌધિક વ્યાયામ કેન્દ્ર સ્થાને હોય છે. જ્યારે અવળવાણીમાં સાધનાની ફળશ્રુતિરૂપે આત્મજ્ઞાન કેન્દ્ર સ્થાને હોય છે. વિશિષ્ટ એવા આ શૈલી સ્વરૂપના અભ્યાસના આધારે એટલું ચોક્કસ કહી શકાય કે આ શૈલીએ સમ્રગ માનવ સમાજના ઐતહાસિક, બૌદ્ધિક સામાજિક અને આધ્યાત્મિક વિકાસમાં મહત્ત્વનું યોગદાન પુરૂં પાડયું છે. આ વિશિષ્ટ એવી વાણી એ જ માનવ સહજ કુતૂહલ, જિજ્ઞાસા,અહમ્ અને જિજીવિષા જેવા ભાવોનું સાધારણી કરણ કરી, માનવ પ્રજ્ઞાને તેજસ્વી, ધારદાર બનાવી છે.

અંતમાં અવળવાણીના નિકટવર્તી સાહિત્ય સ્વરૂપોનો અભ્યાસ કર્યો પછી એટલું ચોક્કસ કહી શકાય કે અવળવાણી ઉપરોક્ત શૈલી સ્વરૂપોથી અલગ-આગવું શેલી સ્વરૂપ છે. બાહ્ય રીતે કેટલાક સ્વરૂપો સાથે સામ્ય ધરાવતી અવળવાણી તેના અંતઃતત્ત્વથી સાવ જ ભિન્ન કહી શકાય તેવું રૂપ ધરાવે છે. સાધના પથના ગૂઢ રહસ્યોને પોતાનામાં સમાવતી અવળવાણી પરમતત્ત્વના અલૌકિક આલોકને વિરોધમૂલક સાહચર્યો દ્વારા પ્રગટાવી પોતાનું આગવું સ્વરૂપ પ્રસ્થાપિત કરે છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

# સંદર્ભ સૂચિ


(૧) શતપથ બ્રાહ્મણ - ૧/૪/૪/૬

(૨) મુંડકોપનિષદ - ૩/૮/૧

(૩) તૈતિરીયોપનિષદ - બ્રહ્માનંદવલ્લી, અનુવાદ-૪

(૪) કઠોપનિષદ - ૧/૨/૨૧

(૫) મરો હે જોગી મરો - આચાર્ય રજનીશ- પૃ. ૨, પ્રકા. ઓશો આશ્રમ-પૂના.

(૬) એજન. પૃ. ૯

(૭) કબીર ગ્રંથાવલી, સંપા. શ્યામસુન્દરદાસ - પૃ. ૯૦ - પ્રકા. નાગરી પ્રચારિણી સભા-કાશી.

(૮) દાદૂ દયાલકી બાની - સનત સુધાસાર - પૃ. ૪૬૭

(૯) રવિએ રમતાં દીઠો - ડૉ. નાથાલાલ ગોહિલ, પૃ. ૪૨

(૧૦) મરમી સંતોનું દર્શન - સંપા. જયંતીલાલ આચાર્ય- પૃ. ૧

(૧૧) એજન - પૃ. ૧/૨

(૧૨) બૃહદારણ્યોકોપનિષદ્ - ૪/૨/૨

(૧૩) વિદ્યા હ વૈ બ્રહ્માણામાજગામ ગોપાય મા શેવધિષ્ટેઽહમસ્મિ,
અસૂયકાયનૃજવેયતાય ન મા બ્રૂયા વીર્યવતી તથાસ્મામ.
-નિરુક્તમ્ ૨/૧

(૧૪) વેદા બ્રહ્માત્મ વિષયાસ્ત્રિકાણ્ડ વિષયા ઈમે,
પરોક્ષવાદા ઋષયઃ પરોક્ષં મમ ચ પ્રિયમ્.
- શ્રીમદ્ભાગવત, ૧૧/૨૧/૩૫

(૧૫) (૧) 'વિદ્યયા સહ મર્ત્તવ્યં, ન ચ દેયા કુશિષ્યકે',
(૨) 'નૈતદ્વિદસ્ત્વયોગ્યેભ્યો દદત્યેનં તથાપિ તુ,
હરિભદ્ર ઇદં પ્રાહ નૈતેભ્યો દેય આદરાત્.
અવજ્ઞેહ કૃતાઽલ્પાપિ યદનર્થાય જાયતે, અતસ્તત્પરિહારાર્થ.'
-યોગદષ્ટિસમુચ્ચય-૨૨૬-૨૭
ઉદ્ધૃતઃ સેતુબંધ ( હરિવલ્લભ ભાયાણી અને મકરંદ દેવના પત્રો)
સંપા.શ્રી વિજયશીલચન્દ્રસુરિ મ.સા. પૃ. ૧૦ પ્રકા. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી સ્મૃતિ સંસ્કાર શિક્ષણ નિધિ, અમદાવાદ -પ્ર.આ. ઈ.સ. ૨૦૦૨

(૧૬) 'ગ્રન્થગ્રન્થિરિહ ક્વચિત્ ક્વચિદપિ ન્યાસિ પ્રયત્નાન્મયા
પ્રાજ્ઞંમન્યમના હઠેન પઠિતી માઽસ્મિન્ ખલઃ ખેલતુ ,
શ્રદ્ધારાદ્ધગુરુશ્લથીકૃતદૃઢગ્રન્થિઃ સમાસાદય-
ત્વેતત્કાવ્યરસોર્મિમજ્જનસુખવ્યાસજ્ઞનં સજ્જનઃ.' ( ૨૨-૧૫૨)
ઉદ્ધૃતઃ સેતુબંધ ( હરિવલ્લભ ભાયાણી અને મકરંદ દેવના પત્રો)




PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૭) 'તેષાં સુશબ્દવાદિનાં સુશબ્દગ્રહવિનાશાય અર્થશરણતામાશ્રિત્ય ક્વચિદ્ વૃતે અપશબ્દઃ, ક્વચિદ્ વૃત્તે યતિભઙ્ગઃ, ક્વચિદ્ અવિભાજકં પદમ્ ,કવતિચદ્ વર્ણસ્વરલોપઃ, ક્વચિદ્ વૃત્તે દીર્ઘો હ્રસ્વઃ, હ્રસ્વોઽપિ દીર્ઘઃ, ક્વચિત્ પઞ્ચમ્યર્થે સપ્તમી, ચતુર્થ્યર્થેષષ્ઠી ક્વચિત્ પરસ્મૈપદિનિ ધાતૌ આત્મનેપદં, આત્મનેપદિનિ પરસ્મૈપદમ્, ક્વચિદેકવચને બહુવચનં, બહુવચને એકવચનમ્ , પુંલિઙ્ગે નપુંસકલિઙ્ગં, નપુંસકે પુંલિઙ્ગમ્ , ક્વચિત્ તાલવ્યશકારે દન્ત્ય - મૂર્ધન્યૌ, ક્વચિત્ મૂર્ધન્યે દન્ત - તાલવ્યૌ, ક્વચિદ્ દન્ત્યે તાલવ્યમૂર્ધન્યા, એવમન્યેઽપિ અનુસર્તવ્યાઃ તન્ત્રદેશિકોપદેશેનેતિ, ઈત્યેવમાદયોઽપ્યપશબ્દાસ્ત-દન્યેઽપિ યોગિનાઽવગન્તવ્યા આગમપાઠાદિતિ , એવં ટીકાયામપિ સુશબ્દભિમાનનાશાય લિખિતવ્યં મયા અર્થશરણતામાશ્રિત્ય ઈતિ .''
(કૌલજ્ઞાનનિર્ણય, સં. પ્રબોધચન્દ બાગચી, કલકત્તા સંસ્કૃત સિરીઝ નં. ૩, ઈ. ૧૯૩૪)
ઉદ્ધૃતઃ સેતુબંધ ( હરિવલ્લભ ભાયાણી અને મકરંદ દેવના પત્રો)
સંપા. વિજયશીલચન્દ્ર સુરિ, પૃ. ૧૦ - પ્રકા. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી સ્મૃતિ સંસ્કાર શિક્ષણ નિધિ, અમદાવાદ -પ્ર.આ. ઈ.સ. ૨૦૦૨.

(૧૮) ગૃહ્ય સમાજ તંત્ર - સં. વિનયતોષ ભટ્ટાચાર્ય.

(૧૯) યોગવાશિષ્ઠ - ૬/૨૯/૩૯/૪૧

(૨૦) હઠયોગ પ્રદીપિકા - અનુ. શ્રીવાસુદેવ મહાશંકર જોશી - પૃ ૧૦ - શ્લોક-૧૧, પ્રકા. સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય - મુંબઈ, આવૃત્તિ ચોથી, ઈ.સ. ૧૯૭૯.

(૨૧) મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કાવ્યધારાની ભૂમિકા - લે. સુરેશ જોષી, પૃ. ૧૩/૧૪.

(૨૨) કબીર સાહિત્ય કી પરખ - લે. આચાર્ય પરશુરામ ચતુર્વેદી, પૃ.૧૫૧/૧૫૨

(૨૩) કબીર એક વિવેચન -ડૉ. સરનામ સિંહ શર્મા, પૃ. ૩૨૨

(૨૪) હિન્દી સંતો કા ઉલટવૉસી સાહિત્ય - ડૉ. રમેશચંદ્ર મિશ્ર, પૃ. ૮

(૨૫) માનક હિન્દી કોશ - ખંડ - ૧ - પૃ. ૩૮૦ (સાહિત્ય સમ્મેલન, પ્રયાગ)

(૨૬) ભગવદ્ગોમંડળ - ભા. ૧ -અ.સં. - પૃ. ૫૬૫

(૨૭) સંત સાહિત્ય શબ્દકોશ - પૃ. ૩૫, સં. જેઠાલાલ ત્રિવેદી, પ્ર.આ. સન. ૧૯૮૪, ગૂર્જર પ્રકાશન

(૨૮) હીરાબેન પરબતભાઈ રાદડીયા - એક મુલાકાત

(૨૯) રઢિયાળી રાત(બૃ. આ. ૧૯૯૭)સં.ઝવેરચંદ મેઘાણી - પૃ ૩૧૮ પ્રકા. પ્રસાર - ભાવનગર.

(૩૦) દાનેવદર્શન ( સામયિક) જૂન : ૨૦૦૨, પૃ. ૧૮

(૩૧) બૃહદ્ કાવ્ય દોહન ભાગ-૨ પૃ. ૭૩૦, સંપા. મનસુખ સલ્લા

(૩૨) એજન ભાગ-૨, પૃ. ૧૧૭/૧૧૮,

(૩૩) સૌરાષ્ટ્રના હરિજન ભકત કવિઓ, નાથાલાલ ગોહિલ, પૃ. ૩૧૦

(૩૪) એજન- પૃ. ૩૧૭

(૩૫) ગોરખબાની - સંપા.ડૉ. પિતામ્બરદત્ત બડથ્વાલ, પૃ. ૧૪૨ - પ્રકા. હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગ

(૩૬) કબીર ગ્રંથાવલી - સંપા. શ્રી શ્યામ સુન્દરદાસ - પૃ. ૧૪૧- આવૃત્તિ, પાંચમી.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૩૭) સુંદર ગ્રંથાવલી ખંડ-૨, સંપા. પુરોહિત હરિનારાયણ શર્મા, પૃ. ૫૦૪ - પ્રકા. રિસર્ચ સોસાયટી - કલકતા આવૃત્તિ ઈ.સ. ૧૯૯૩
(૩૮) ઘટ રામાયણ ભાગ-૨, તુલસી સાહેબ હાથરસવાળા - પૃ. ૧૪૨ અને ૧૭૭, પ્રકા. બેલવેડિયર પ્રિન્ટીંગ પ્રેસ, પ્રયાગ-ઈ.સ. ૧૯૬૦
(૩૯) કબીર ગ્રંથાવલી. સંપા. શ્રી શ્યામ સુન્દરદાસ - પૃ. ૯૩- આવૃત્તિ, પાંચમી
(૪૦) ધની ધરમદાસ કી શબ્દાવલી. પૃ. ૩૨,બેલવેડિયર પ્રેસ, પ્રયાગ ૧૯૫૧
(૪૧) મૂલુકદાસજીકી બાની પૃ. ૩ બેલવેડિયર પ્રેસ-પ્રયાગ ૧૯૫૧
(૪૨) જગજીવન સાહેબકી શબ્દાવલી-ભાગ-૨, પૃ. ૪૭ બેલવેડિયર પ્રેસ- પ્રયાગ
(૪૩) ચારી સાહેબ કી રત્નાવલી, પૃ. ૧૭, બેલવેડિયર પ્રેસ, પ્રયાગ
(૪૪) દરિયા સાગર. પૃ. ૪૯ બેલવેડિયર પ્રેસ, પ્રયાગ, ૧૯૫૩
(૪૫) દરિયા સાહેબ કી બાની, પૃ-૩૭ બેલવેડિયર પ્રેસ, પ્રયાગ, ૧૯૫૧
(૪૬) દૂલન દાસજીકી બાની, પૃ. ૫, બેલવેડિયર પ્રેસ, પ્રયાગ
(૪૭) બુલ્લા સાહેબકા શબ્દ સાગર, પૃ. ૧૪, બેલવેડિયર પ્રેસ, પ્રયાગ ૧૯૫૧
(૪૮) ચરનદાસકી બાની ભાગ-૨, પૃ. ૧૮, બેલવેડિયર પ્રેસ, પ્રયાગ ૧૯૫૧
(૪૯) સંતબાની સંગ્રહ ભાગ-૧ પૃ. ૧૭૨ બેલવેડિયર પ્રેસ, પ્રયાગ બી.આ. ૧૯૧૫,
(૫૦) ભીખા સાહેબ કી બાની પૃ. ૨૦ બેલવેડિયર પ્રેસ, પ્રયાગ પ્ર.સા. ૧૯૧૯
(૫૧) સાર બચન-છંદબંદ ભાગ-૨,-પૃ.૪૫૬/૪૬૪રાધાસ્વામી ટ્રસ્ટ-આગરા. આ. ૧૩
(૫૨) એકતારાની ગૂઢાર્થવાણી, કર્તા. શ્રી શંકર મહારાજ-પૃ. આમુખ
(૫૩) એજન- પૃ. આમુખ
(૫૪) એજન- પૃ. આમુખ
(૫૫) એજન- પૃ. આમુખ
(૫૬) રઢિયાળી રાત-સં. ઝવેરચંદ મેઘાણી- પૃ.૩૧૮ -પ્રકા. પ્રસાર, ભાવનગર -બૃ. આ.૧૯૯૭
(૫૭) ગુજરાતી સાહિત્ય સંમેલન - અધિવેશન બારમું , અહેવાલ તથા નિબંધ સંગ્રહ - પૃ. ૧૩૧ પ્રકા. ગુ.સા. પરિષદ - અમદાવાદ
(૫૮) ભકતોની વાણી, પૃ. ૭૫ - પ્રકા. હેમરાજ દયાળજી
(૫૯) ભગવદ્ગોમંડલ - ભાગ : ૧ - પૃ. ૫૬૫
(૬૦) હિન્દી - કાવ્ય મેં નિર્ગુણ સમ્પ્રદાય - ડૉ. પિતામ્બરદત્ત બડથ્વાલ-અનુ. શ્રી પરશુરામ ચતુર્વેદી - પૃ. ૪૦૯, પ્રકા. અવધ પબ્લિકેશન હાઉસ - લખનઉ.
(૬૧) હિન્દી સાહિત્ય કી ભૂમિકા - આચાર્ય હજારી પ્રસાદ દ્વિવેદી, પૃ. ૩૩ - પ્રકા. હિન્દી-ગ્રંથ-રત્નાકર કાર્યાલય, મુંબઈ - બીજી આવૃત્તિ : ૧૯૬૩.
(૬૨) કબીર - આચાર્યહજારી પ્રસાદ દ્વિવેદી - પૃ. ૮૩/૮૫ - પ્રકા. હિન્દી-ગ્રંથ-રત્નાકર કાર્યાલય, મુંબઈ - ઈ.સ. ૧૯૫૦.
(૬૩) કબીર સાહિત્ય કી પરખ -ડૉ. પરશુરામ ચતુર્વેદી - પૃ. ૧૫૦ - ભારતીય ભંડાર - પ્રયાગ, સવંત ૨૦૧૧
(૬૪) સિદ્ધ સાહિત્ય -ડૉ. ધર્મવીર ભારતી - પૃ. ૪/૬/૭ - કિતાબ મહલ પ્રકાશન, પ્રયાગ ઈ.સ.૧૯૫૫.
(૬૫) કબીર - એક વિવેચન. સરનામસિંહ શર્મા - પૃ. ૩૧૮ - પ્રકા. હિન્દી સાહિત્યસંસાર, દિલ્હી.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૬૬) એજન – પૃ. ૩૨૯.
(૬૭) હિન્દી વક્રોક્તિ જીવિત – ડૉ. નગેન્દ્ર – પૃ. ૨૫૩ – પ્રકા. આત્મારામ એન્ડ સન્સ, દિલ્લી – ઈ.સ. ૧૯૫૫
(૬૮) ગોરખનાથ ઔર ઉનકા યુગ. ડૉ રાંગેય રાઘવ – પૃ. ૨૧૧ – પ્રકા. આત્મારામ એન્ડ સન્સ, દિલ્લી ઈ.સ. ૧૯૬૩.
(૬૯) હિન્દી સન્ત સાહિત્ય કે સ્રોત, ડૉ. વિનીતા કુમારી – પૃ. ૨૯૬ – પ્રકા. સંજય પ્રકાશન દિલ્લી – પ્ર.આ. ઈ.સ. ૨૦૦૪.
(૭૦) નાથપંથ ઔર નિર્ગુણ સંત કાવ્ય – ડૉ. કોમલસિંહ સોલંકી – પૃ. ૩૫૨ – પ્રકા. વિનોદ પુસ્તક મંદિર – આગરા.
(૭૧) સોરઠી સંતવાણી – શ્રી ઝવેરચંદ મેઘાણી – પૃ. ૧૭ (પ્રવેશક) – પ્રકા. પ્રસાર, ભાવનગર – આવૃત્તિ ઈ.સ. ૧૯૮૭
(૭૨) અમથી ડોશીની અવળવાણી. નિરંજન વર્મા – જયમલ્લ પરમાર – પૃ. ૯ (પ્રસ્તાવના) પ્રકા. ભારતી સાહિત્ય સંઘ લી. મુંબઈ–૨ – પ્ર.આ. ઈ.સ. ૧૯૪૬
(૭૩) શ્રી મકરન્દભાઈ સાથેની મુલાકાત તા. ૧૨–૯–૨૦૦૨ ( ઓડિયો કેસેટ, સાઈડ–એ )
(૭૪) મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કાવ્યધારની ભૂમિકા. ડૉ. સુરેશ જોષી – પૃ. ૫/૬/૧૩/૧૪ અને ૯૫ – પ્રકા. મ.સ.યુનિ. – વડોદરા, પ્ર.આ. ૧૯૭૮
(૭૫) 'ગુજરાત' દીપોત્સવી અંક– ભાગ–૧, વિ. સં. ૨૦૫૮ – પૃ. ૩૪/૩૫ પ્રકા. માહિતી ખાતું ગુજરાત રાજય, ગાંધીનગર.
(૭૬) સંતવાણી : તત્ત્વ અને તંત્ર – ડૉ. બળવંત જાની – પૃ. ૨૮ – પ્રકા. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર –પ્ર.આ. ઈ.સ. ૧૯૯૬
(૭૭) ભજન મીમાંસા – ડૉ. નિરંજન રાજયગુરુ – પૃ. ૨૩/૨૪ – પ્રકા. સંત સાહિત્ય સંશોધન કેન્દ્ર, ઘોઘાવદર, પ્ર.આ. ઈ.સ. ૧૯૯૦.
(૭૮) ભજન રૂપદર્શન – ડૉ. નાથાલાલ ગોહિલ – પૃ. ૬૬ – પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન– અમદાવાદ – પ્ર.આ. ઈ.સ. ૨૦૦૩
(૭૯) ગર્ભદીપ – મકરન્દ દવે – પૃ. ૯૧/૯૮ – પ્રકા. નવભારત સાહિત્ય મંદિર – અમદાવાદ, આવૃત્તિ ઈ.સ. ૧૯૮૩
(૮૦) સાંઈ બુલ્લેશાહ – જે.આર. પુરી – પૃ. ૮૬/૮૭ – પ્રકા. રાધાસ્વામી સત્સંગ બ્યાસ – અમૃતસર , પંજાબ, આવૃત્તિ ઈ.સ. ૧૯૮૫
(૮૧) મુંડકોપનિષદ્ – ૩/૧/૮
(૮૨) શ્રી મકરન્દભાઈ સાથેની મુલાકાત તા. ૧૨–૯–૨૦૦૨ ( ઓડિયો કેસેટ સાઈડ–એ )
(૮૩) 'ગુજરાત' દીપોત્સવી અંક– ભાગ–૧, વિ. સં. ૨૦૫૮ – પૃ. ૩૪/૩૫ પ્રકા. માહિતી ખાતું ગુજરાત રાજય, ગાંધીનગર.
(૮૪) ધીરા ભગતનાં પદો– સંપા. ડુંગરશી ધરમશી સંપટ – પૃ. ૭૦ – પ્રકા. સસ્તુ સાહિત્ય, અમદાવાદ આ.ચોથી, સં. ૨૦૧૮
(૮૫) કબીર કી ઉલટ વાંસિયા – અભિલાસ દાસ, પૃ. ૫૭, પ્રકા. કબીર પારખ સંસ્થાન, ઈલાહાબાદ – આ. ૨૦૦૧
(૮૬) એકતારાની ગૂઢાર્થ વાણી – કર્તા : શ્રી શંકર મહારાજ, ઉનાવાવાળા, પૃ. ૫ જન સેવા પરિવાર, અમદાવાદ–૭, – આ.નવમી, ઈ.સ. ૧૯૮૬



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૮૭) અખાની કાવ્યકૃતિઓ. સંપા. ડૉ. શિવલાલ જેસલપુરા - પૃ. ૫ - પ્રકા. ગિરીશ સેજલપુરા - અમદાવાદ , પ્ર. આ. ઈ.સ. ૧૯૮૮
(૮૮) ધીરા ભગતનાં પદો- સંપા. ડુંગરશી ધરમશી સંપટ - પૃ. ૫૧ - પ્રકા. સસ્તુ સાહિત્ય, અમદાવાદ, આ.ચોથી, સં. ૨૦૧૮
(૮૯) મુલાકાત - હિરાબેન પરબતભાઈ રાદડીયા
(૯૦) સંગ્રહિત લોકગીતો - ભાગ-૧, સંકલન હરેનદ્ર પ્ર. ભટ્ટ - પ્રકા. વીરડો ટ્રસ્ટ, પ્ર.આ. ઈ.સ. ૧૯૮૪
(૯૧) ઊલટવાણી - કર્તા. શ્રી શંકર મહારાજ પૃ. ૧૩
(૯૨) કબીર કી ઉલટવાઁસિયા - સં. અભિલાસ દાસ, પૃ. ૮૬
(૯૩) સાહિત્ય વિવેચના - ડૉ. બેચરભાઈ ર. પટેલ - પૃ. ૨૫૬ - પ્રકા. યુનિર્વસિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ - આવૃત્તિ પ્રથમ, ઈ.સ. ૧૯૭૪
(૯૪) ગોરખબાની- સંપા. રામલાલ શ્રીવાસ્તવ, મુખ પૃષ્ઠ-૨, પ્રકા. શ્રી ગોરક્ષનાથ મંદિર- ખોરખપુર આવૃત્તિ બીજી, સંવત : ૨૦૫૧
(૯૫) એજન-પૃ-૮૪
(૯૬) સન્ત રજ્જબ અલી વાણી ઔર વિચાર - ડૉ. રમેશચંદ્ર મિશ્ર - પૃ. ૧૧૮, પ્રકા. સન્ત સાહિત્ય સંસ્થાન -૩૬૧૧, નેતાજી સુભાષ માર્ગ, દરિયાગંજ, નઈ દિલ્હી - ૧૧૦૦૦૨
(૯૭) ઋગ્વેદ-૧,૧૭૫-૩
(૯૮) કૂટકાવ્ય એક અધ્યયન-ડૉ.રામધન શર્મા-પૃ.૬૪
(૯૯) ઉધૃત:કૂટકાવ્ય:એક અધ્યયન.-લે. ડૉ. રામધન શર્મા-પૃ.૯૨/૯૩
(૧૦૦) એજન-પૃ.૯૭
(૧૦૧) એજન-પૃ.૯૭/૯૮
(૧૦૨) એજન-પૃ.૧૪૯
(૧૦૩) ઉદ્ધૃત: ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો.-લે.પ્રો.મંજુલાલ ર.મજમુદાર-પૃ.૫૮/૫૯
(૧૦૪) ઋગ્વેદ-૧/૧૬૪/૪૮
(૧૦૫) ઋગ્વેદ-૪/૪૮/૩
(૧૦૬) અથર્વવેદ-૨૦/૧૨૯/૧-૨
(૧૦૭) સંસ્કૃત ઈંગ્લિશ ડિક્સનરી-ઓરિએન્ટલ પબ્લિશર્સ-દિલ્હી.પૃ.૬૯૧
(૧૦૮) અભિધાન ચિંતાનણિકોશ-શ્રી હેમચંદ્રાચાર્ય. કાંડ-૨/શ્લોક-૨૫૯
(૧૦૯) ઐતરેય બ્રાહ્મણ-૩/૭/૬/૩૩
(૧૧૦) વિદગ્ધમુખમંડન
(૧૧૧) કાવ્યદર્શ -દણ્ડી-૩/૯૭
(૧૧૨) શૃંગાર પ્રકાશ-ભોજ-પરિચ્છેદ-૨
(૧૧૩) સાહિત્ય દર્પણ-વિશ્વનાથ-પરિચ્છેદ-૧૦
(૧૧૪) શૃંગારમંજરી-કવિ જયવંતસૂરિ-પ્રહેલિકા-૩૭૭
(૧૧૫) માધવાનલ-કામકુંદલા ચોપાઈ-વાચક કુશલલાભ-સં.મુનિ શ્રી સંપત વિજયજી- પ્રહેલિકા-૬
(૧૧૬) એજન.
(૧૧૭) માહિતીદાતા: ભાદા ગોકળ ઢોલરિયા-તા.૭/૨/૦૫



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૧૮) એજન.
(૧૧૯) મૌખિક પરંપરા
(૧૨૦) એજન.
(૧૨૧) ગુજરાતી સાહિત્યકોશ-ખંડઃ ૩. સં. ચંદ્રકાન્ત ટોપીવાળા-પૃ. ૫૭/૪૦૫/૫૬૫
(૧૨૨) ગુજરાતી સાહિત્યના સ્વરૂપો-પદ્ય વિભાગ-લે.પ્રો.મંજુલાલ ર.મજમુદાર-પૃ.૫૦/૫૧
(૧૨૩) શૃંગારમંજરી-કવિ જયવંતસૂરિ-શ્લોક-૪૪૦
(૧૨૪) એજન-શ્લોક-૪૪૧
(૧૨૫) માધવાનલ-કામકુંદલા ચોપાઇ-વાચક કુશલલાભ-સં.મુનિ શ્રી સંપત વિજયજી દુહો-૧૭
(૧૨૬) કચ્છી લોકસહિત્યઃ એક અધ્યયન-લે. ડૉ. ગોવર્ધન શર્મા-પૃ. ૧૦૯
(૧૨૭) લોક ગુર્જરી અંકઃ૧૨. ૧૯૮૮-પૃ. ૧૮૯
(૧૨૮) એજન.
(૧૨૯) મૌખિક પરંપરા
(૧૩૦) એજન.
(૧૩૧) બૃહદ્ ગુજરાતી કોશ ખંડઃ૧, સં. કે.કા. શાસ્ત્રી- પૃ.૨૭૫
(૧૩૨) સાર્થ ગૂજરાતી જોડણી કોશ-સં. ગૂજરાત વિદ્યાપીઠ- પૃ. ૧૧૫
(૧૩૩) ભગવદ્‌ગોમંડળ-ભા.૩ -પૃ.૨૦૮૮
(૧૩૪) ગુજરાતી સાહિત્યના સ્વરૂપો-લે. મંજુલાલ ર. મજમુદાર-પૃ.૪૫
(૧૩૫) એજન.
(૧૩૬) ઉદ્ધૃતઃ લોક ગુર્જરી અંક-૧૨-સં. જશવંત શેખડીવાલા-પૃ.૧૮૭
(૧૩૭) કંઠસ્થ પરંપરા
(૧૩૮) ઉદ્ધૃતઃ લોક ગુર્જરી અંક-૧૨-સં. જશવંત શેખડીવાલા-પૃ.૧૯૧
(૧૩૯) એજન- પૃ.૧૯૨
(૧૪૦) કંઠસ્થ પરંપરા
(૧૪૧) એજન.
(૧૪૨) ઉદ્ધૃતઃ લોક ગુર્જરી અંક-૧૨-સં. જશવંત શેખડીવાલા-પૃ.૧૮૮
(૧૪૩) હિન્દી પહેલિયોંકા સાંસ્કૃતિક અધ્યયન-લે. ડૉ. રાજેન્દ્રપ્રસાદસિંહ-પૃ.૧૩૧
(૧૪૪) એજન.
(૧૪૫) ઉદ્ધૃતઃ ચર્યાગીતિકોશ-સં. પ્રબોધચંદ્ર બાગચી-ઉપોદ્‌ઘાત-પૃ.૧૦
(૧૪૬) એજન. પૃ. ૧૨
(૧૪૭) હિન્દી સાહિત્યકી ભૂમિકા-લે. આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદી-પૃ. ૩૪
(૧૪૮) બૃહત્ કોશ(સંસ્કૃત-ગુજરાતી)સં.પ્રા. રતિલાલ સાં. નાયક -પૃ.૪૯૦
(૧૪૯) હિન્દી ગુજરાતી કોશ. સં. મગનભાઇ પ્રભુદાસ દેસાઇ-પૃ. ૫૬૧
(૧૫૦) પ્રાચીન કાવ્યોંકી રૂપ પરંપરા-લે. શ્રી અગરચંદ નાહટા-પૃ. ૧૪૭
(૧૫૧) હરિયાળી સ્વરૂપ અને વિભાવના-લે. ડૉ. કવિન શાહ-પૃ.૪૧
(૧૫૨) સ્વયંભૂ છન્દ-મહાકવિ સ્વયંભૂ-પૃ. ૫૯
(૧૫૩) અકલંક ગ્રંથમાળા. પુષ્પ-૧૭૭-પૃ. ૩૯
(૧૫૪) હરિયાળી સ્વરૂપ અને વિભાવના-લે. ડૉ. કવિન શાહ-પૃ.૨૫



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૫૫)પ્રાચીન કાવ્યોંકી રૂપ પરંપરા-લે. શ્રી અગરચંદ નાહટા-પૃ. ૧૪૯
(૧૫૬)હિન્દી પહેલિયોં કા સાંસ્કૃતિક અધ્યયન-લે. ડૉ. રાજેન્દ્ર પ્રસાદ સિંહ-પૃ. ૪૭



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

# પ્રકરણ – ૩

## અવળવાણી: પૂર્વ પરંપરા

(૧) ભૂમિકા.
(૨) વૈદિક સાહિત્યમાં અવળવાણી.
(૩) પૌરાણિક સાહિત્યમાં અવળવાણી.
(૪) બૌદ્ધ-સિદ્ધોની પરંપરામાં અવળવાણી.
(૫) નાથ પરંપરામાં અવળવાણી.
(૬) ભારતીય સંતસાહિત્યમાં અવળવાણી.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## ભૂમિકા

સંતોનો ઉદ્દેશ કાવ્ય સર્જન કરી, કવિ તરીકે પ્રસ્થાપિત થવાનો ન હતો. તેમનો ઉદ્દેશ તો લોક સમાજમાં ચેતના પ્રગટાવવાનો અને અધ્યાત્મ ક્ષેત્રે તેમને થયેલાં પરબ્રહ્મ પરમાત્માના સાક્ષાત્કારને અભિવ્યકત કરવાનો હતો. આ માટે તેમણે વાણીનો સહારો લીધો, ને એમ તેઓ લોકધર્મના સંસ્થાપક અને સંસ્કૃતિના સંવર્ધક બન્યા. તેમનું સર્જન-સાહિત્ય; હિન્દુ-મુસ્લીમ, કર્મકાંડ, બાહ્યાડંબર, સંકુચિત આચાર-વિચાર તથા રૂઢિવાદી દુરાગ્રહોથી ઉપર ઊઠી માનવીય પ્રેમની આધારશિલા પર પ્રતિષ્ઠિત થયું. અહીં પ્રશ્ન એ છે કે એ કેવો સ્રોત હતો, કે જેમાંથી પ્રેરણા મેળવી સંતોએ આટલી સુંદર, શાશ્વત, સર્વજનભોગ્ય, સર્વકાલીન વિચારધારા લોકસમાજાર્થે પ્રગટ કરી?

અહીં આ પ્રકરણમાં આ પ્રશ્નના જવાબ અર્થે, અવળવાણી રચનાઓનું પૂર્વોકત રૂપ આપણાં પ્રાચીન વાઙ્મયમાં કયાં-કેવા સ્વરૂપે પડેલું છે, તેને સંશોધી-પ્રકાશમાં લાવી, પ્રાચીન વાંઙમયમાંથી મળી આવતા પ્રચ્છન ઉદાહરણોને આધારે અવળવાણી શૈલીની આ ધારા, છેક આદિકાળથી કઇ રીતે વહેતી આવી છે તેને સમજવાના પ્રયત્નો કર્યા છે.

સંતોની પ્રકૃતિ સારગ્રાહી રહી છે. 'સાર-સાર કો ગહિ લિયે, થોથા દિય ઉડ઼ાય.' આ પંકિતને સાર્થક કરતા સંતોએ પૂર્વપરંપરાઓમાં પ્રચલિત કેટલાંક સિદ્ધાંતો અને માન્યતાઓનો સહજ સ્વીકાર કર્યો, તો સાથે તત્કાલીન કેટલીક વિકૃત રૂઢિઓ, બાહ્યાડંબર, સંકુચિત આચાર-વિચાર અને માન્યતાઓને, પરિમાર્જિત કરી નવ્ય સ્વરૂપે સ્વીકારી.

આ સંદર્ભે ડૉ.પીતામ્બરદત્ત બડ઼થ્વાલ કહે છે કે, 'ભારતીય જીવન મેં સંચાર કરનેવાલી આધ્યાત્મિક પ્રવૃત્તિ કી ઇસ ધારા કે ઉદ્‌ગમ અત્યંત પ્રાચીનતા કે કુહર મેં છિપી હુઇ હૈ, યુગ યુગાન્તર કો પાર કરતી હુઇ યહ ધારા અબાધ રૂપ સે બહતી ચલી આ રહી હૈ. પ્રવાહ ભૂમિ કે અનુરૂપ કભી સિમટતી, કભી ફૈલતી હુઇ, કભી બાલુકા મેં વિલીન હોતી ઔર ફીર પ્રગટ હોતી હુઇ વહ અનેક રૂપ અવશ્ય ધારણ કરતી આઇ હૈ, પરંતું ઉસકા પ્રવાહ કભી બન્દ નહીં હુઆ.'(૧)

અવળવાણીની પૂર્વપરંપરા સંદર્ભે ડૉ.સુરેશ જોષીના નિરીક્ષણો પણ ધ્યાનાર્હ છે. તેઓ લખે છે કે, 'પરમતત્ત્વના વર્ણનમાં ભાષા અધૂરી લાગવાના કારણે અવળવાણીનો આશ્રય લેવાની જરૂર સાધકોને પક્ષે ઊભી થાય છે. વેદકાળમાં પણ લાંબી યજ્ઞ-યાગની ક્રિયા દરમિયાન વચ્ચે મળતા અવકાશમાં પુરોહિતો એકબીજાની આગળ 'બ્રહ્મોદ્યા'ને નામે ઓળખાતી પ્રહેલિકાઓ રજૂ કરીને મનોવિનોદ કરતા. સાધકોના વિપુલ સાહિત્યમાં આવી અવળવાણી, ઉલટબાંશિ, દૃષ્ટકૂટ, સંધ્યાભાષા, હૅયાલિ, હરિયાળી વેદથી માંડીને ઉપનિષદોમાં, દોહા સાહિત્માં, સહજયાનીઓમાં, સંતસાહિત્યમાં તેમજ આપણી જ્ઞાનમાર્ગી પરમ્પરાના સાહિત્યમાં સારા પ્રમાણમાં જોવા મળે છે.'(૨)

આમ વિદ્વાનોના આ મંતવ્યોને આધારે કહી શકાય કે અવળવાણી પ્રકારની રચનાઓના મૂળ ગોરખ, કબીર, નાનક,સુન્દરદાસ,પલટૂ સાહેબ વગેરે ભારતીય સંત કવિઓ અને સિદ્ધોની સંધાભાષા તેમજ થોડાં વધારે પાછા જઇને કહીએ તો વૈદિક સંસ્કૃતમાં પડેલા જોઇ શકાય છે. વિશ્વ સાહિત્યમાં પણ રિડિલ (અંગ્રેજી), રાતસેલ (જર્મન), ઍનિગ્મા (ગ્રીક), પૈરેબિલ, મિસ્ટ્રી,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ઓકલ્ટ વગેરે નામે-રૂપે અવળવાણી શૈલી-સ્વરૂપની રચનાઓ પ્રયોજાયેલી જોવા મળે છે. આમ ગૂઢ, વિરોધગર્ભિત પ્રતીકાત્મક શૈલીની ઉદાત્ત પરંપરા આપણે ત્યાં વૈદિકકાળથી અવિરત પણે વહેતી આવી છે. સમયાંતરે એમાં વૈયક્તિક અને ધાર્મિક પરિવર્તન આવવા છતાં, એના મૂળ સ્વરૂપમાં કોઇ વિશેષ પરિવર્તન કે અંતર નથી આવ્યું. દા.ત. ઉપનિષદમાં કહ્યું છે કે-

> 'અપાણિપાદો જવ?નો ગૃહીતા, પશ્યત્યચક્ષુ: સ શ્રૃણોત્યકર્ણ:,
> સ વેત્તિ વેદ્યં ન ચ તસ્યાસ્તિ વેત્તા, તમાહુરગ્રયં પુરૂષં મહાન્તમ્:'(૩)

અર્થાત્, તેને હાથ કે પગ નથી છતાં તે ગ્રહણ કરે છે અને દોડે છે (ગતિશીલ છે) આંખ નથી છતાં જુએ છે. કાન નથી છતાં સાંભળી શકે છે તે બધાને જાણે છે પણ તેને કોઇ જાણતું નથી. તે જ બધાનો આદિ અને મહાન પુરૂષ છે.

આપણાં લોકસંતોએ પણ આનો જ પડઘો પાડતાં વિરોધમૂલક અવળવાણી શૈલીમાં પરમતત્ત્વના સંદર્ભે કહે છે કે-

**કબીર** 'બિના હાથનિ પાંઇન બિન કાંનનિ, બિન લોચન જગ સૂઝે,
બિન મુખ ખાઇ ચરન બિનુ ચાલે, બિન જીભ્યા ગુણ ગાવે.'(૪)

**દાદૂદયાલ** 'દાદૂ નૈન બિન દેષિબા અંગ બિન પેષિબા,
રસન બિન બોલિબા, બ્રહ્મ સેતી,
શ્રવણ બિન સુનિબા, ચરન બિન ચાલિબા,
ચિત્ત બિન ચિતિવા, સહજ એતી.''(૫)

**સુન્દરદાસ** 'અન્ધા તીનોં લોક કોં સુન્દર દેષૈ નૈન,
બાહિરા અનહદ નાદ સુનિ અતિ ગતિ પાવૈ ચૈન.'(૬)

**અખો** 'અંધે તે અક્ષર વાંચિયા રે, બહેરે સુણી વાત;
મુંગે ચરચા બહુ કરી રે, તેની વેદ પુરે છે સાખ...'(૭)

**શંકર મહારાજ** 'ઊલટી વાણી સાંભળી, ખૂબ કરી વિચાર.
જીભ વિનાનાં બહુ જનો ત્યાં, ગાય અવિચળ વાણી,
કાન વિનાનાં સુણવા બેઠાં, મોટી સભા ભરાણી...ઓ સુરતા
હાથ વિનાનાં માનવીઓ ત્યાં, ખુબ જ કરતાં લહાણી,
પગ વિનાનાં નાચે બહુ ત્યાં, ઝાઝું કહું શું શાણી ...ઓ સુરતા' (૮)

આ જ સંદર્ભે શ્રી ઝવેરચંદ મેઘાણીએ કરેલું નિરીક્ષણ પણ ધ્યાનાર્હ છે. તેઓ લખે છે કે,- 'ઉપનિષદે કહ્યું 'યતો વાચો નિવર્તન્તે:' લોક સંતોએ ઝીલ્યું: ' ધણી ! તારો પાર ન પાયો: ' બન્ને એક. ગીતાએ કહ્યું : 'ઉર્ધ્વમૂલમધ: શાખા: ! લોક સંતે પડઘો દીધો -

> 'જમીં આસમાન બાવે મૂળ વિણ રોપ્યાં હો...જી,
> થંભ વિણ આભ ઠેરાવ્યો,
> એ વારી ! વારી ! વારી ! '(૯)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

આમ ભારતીય સંતસાહિત્ય અંતર્ગત અવળવાણી પ્રકારની રચનાઓનું વિહંગાવલોકન કરતા એ બાબત સ્પષ્ટ થાય છે કે અવળવાણી પ્રકારની રચનાઓના મૂળ પુરાણ, ઉપનિષદ અને વેદમાં પડેલાં જોઈ શકાય છે.

## વૈદિક સાહિત્યમાં અવળવાણી

બ્રહ્માંડની ઉત્પત્તિ, તેનું સર્જન અને વિસર્જન, જીવ અને શિવ, જન્મ અને મૃત્યુ, પરમાત્માનો સાક્ષાત્કાર, માયા અને મુક્તિ વગેરે વિશે જાણવું અને તેને અભિવ્યક્ત કરવું એ માનવજાતની આદિમ વૃત્તિ રહી છે. આ વૃત્તિને સંતોષવા મનુષ્ય આદિકાળથી મથામણ કરતો આવ્યો છે. વૈદિક કાળમાં ઋષિ-મુનિઓએ પણ બ્રહ્માંડના રહસ્યો અને પરમ સત્યને તાગવા સાધનાકીય ક્ષેત્રે અથાગ પ્રયોગો-પ્રયત્નો કર્યા. આ પ્રયોગમાંથી પસાર થતા તેઓએ એવું આત્મસાત કર્યું કે, આ ભૌતિક દશ્યમાન જગતનું સંચાલન કરનાર જે શકિત છે તે અદશ્ય, અલૌકિક, રહસ્યપૂર્ણ અને મૂલ્યવાન છે. આ રહસ્યાત્મક એવી શક્તિને સામાન્ય ભાષામાં અભિવ્યક્તિ કરવાનું મુશ્કેલ બનતા, વૈદિકકાળમાંજ તેની અનિર્વચનીયતા, મૂલ્યવત્તા અને વિશેષતાને ધ્યાનમાં લઈ, તેને દશ્યમાન બનાવવા ઋષિ-મુનિઓએ ગૂઢ,રહસ્યાત્મક, અસંબદ્ધ પ્રતીક ધર્મી શૈલી અપનાવી.

વૈદિક પરંપરામાં 'પ્રવહિલતા' કે 'પ્રવલ્હિકા' તરીકે ઓળખાતા મંત્રોની ભાષા અત્યંત જટિલ અને દુર્બોધ હોવાથી 'યાસ્ક' તેને 'પરોક્ષકૃતા'(૧૦) તરીકે ઓળખાવે છે. તો ઋગ્વેદના મંત્રોના વિષયોનું વર્ણન ગૂઢાર્થ, વિરોધ મૂલક કે અસંબદ્ધ પ્રતીકાત્મક રીતિએ થયેલું હોવાથી ડૉ.રામધન શર્મા અને ડૉ.રમેશચંદ્ર મિશ્ર તેને 'કૂટ કાવ્ય' (૧૧) કે 'ઉલટવાંશી' – 'અવળવાણી' (૧૨) ના પ્રાચીનરૂપ તરીકે ઓળખાવે છે.

વેદોમાં અનેક એવા મંત્રો મળી આવે છે કે જેમાં માનવ શરીર અને બ્રહ્માંડના રહસ્યો તેમજ દેવો અને તેના વિસ્મય જનક કૃત્યોનું વર્ણન પરોક્ષકૃતા એવી અસંબદ્ધ પ્રતીકાત્મક શૈલીના સહારે કરવામાં આવ્યું છે. દા.ત.

માનવ શરીરની રચના કે પિંડ શોધન સંદર્ભે 'ઋગ્વેદ સંહિતા' માં કહેવાયું છે કે, -'ઇદં વપુર્નિવચનં જનાસશ્વરન્તિ યન્નદ્યસ્તસ્પુરાય:'(૧૩) અર્થાત્, 'હે મનુષ્યો, આ શરીર ખરેખર ધ્યાન દેવા યોગ્ય છે. તેમાં નદીઓ વહે છે અને જલ સ્થિર છે.આ જ રીતે બ્રહ્માંડના રહસ્યો અને તેની વ્યુત્પત્તિના રહસ્યોને પ્રગટ કરતાં વેદ કહે છે. -

> 'ય ઈ ચકાર ન સો અસ્ય વેદ ય ઈ દદર્શ હિરુગિન્નુ તસ્માત,
> સમાતુર્યોના પરિવીતો અન્તર્બહુ પુજા નિર્ઋતિમાજગામ.'(૧૪)

અર્થાત્, જેમણે તેને બનાવ્યો તે એના વિશે કશું જ જાણતો નથી. જેમણે તેને જોઈ લીધો તેનાથી પણ તે સંતાયેલો છે. (જેને તે જુએ છે તેને તે બતાવી શકતો નથી.) તે પોતાની માતાના ગર્ભમાં છે છતાં તેને અનેક બચ્ચાંઓ – સંતાનો છે છતાં તે વિનાશ અને મૃત્યુના દેવતા છે.

આવો જ વિરોધાભાસ વૈદિક ઋચાઓમાં દેવો અને તેના વિસ્મયજનક કૃત્યોના વર્ણનમાં પણ પ્રગટ થતો જોવા મળે છે. જે તેની પ્રતીકાત્મક અભિવ્યક્તિને કારણે દુર્બોધ બની રહે છે. દા.ત., 'તિગ્સમેકો વિમર્તિહસ્ત આયુર્ધ શુચિરુપો જલાષ ભેષજ:'(૧૫) અર્થાત્, અને તે એક દેવતાએ પોતાના હાથમાં તીક્ષ્ણ શસ્ત્ર ધારણ કર્યું છે, તેમ છતાં તે દયાળું છે અને સૌનું કલ્યાણ વાંછે છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

સંતોએ સાધનાવસ્થા દરમ્યાન થયેલા વિસ્મયકારક અનુભવને અભિવ્યક્ત કરવા જે પ્રકારની શૈલીનો સહારો લીધો તેના મૂળ પણ આપણે વૈદિક પરંપરામાં જોઇ શકીએ છીએ. વૈદિક પરંપરાના ઋષિગણ પણ પ્રકૃતિના સૌંદર્ય અને રહસ્યને વિસ્મયથી જુએ છે. આ વિસ્મયને સાધારણ ભાષામાં અભિવ્યક્ત કરવું મુશ્કેલ હોવાથી તેને પ્રતીકાત્મક અને રૂપકના સહારે વ્યક્ત કરે છે. જેમ કે -

'એકપાદ્ ભૂયો દ્વિપદો વિચક્રમે દ્વિપાદ ત્રિપાદમભ્યેતિ પશ્ચાત,
ચતુષ્પાદેતિ, દ્વિપદામમિસ્વરે સમ્પશ્યન્ પંચીરુપતિષ્ઠમાન્'(૧૬)

અર્થાત્, એક પગવાળો બે પગવાળાથી વધારે દોડે છે. બે પગવાળો ત્રણ પગવાળાથી આગળ નીકળી જાય છે. બે પગવાળો પોકાર કરે તો ચાર પગવાળો આવે છે. જયાં પાંચનો સમૂહ રચાય છે. ત્યાં દેવો હાજર થાય છે.

આ ઉપરાંત વિષય-વસ્તુને વિરોધાત્મક રીતે પ્રગટ કરતા, અવળવાણી શૈલીને મળતાં અનેક શ્લોક ઋગ્વેદમાંથી મળી આવે છે. દા.ત.

'દ્વા સુપર્ણા સયુજા સખાયા સમાનં વૃક્ષં પરિષસ્વજાતે,
તયોરન્ય: પિપ્પલં સ્વાદ્વાત્યનશ્નન્નન્યો અભિચાકશીતિ.'(૧૭)

અર્થાત્, સદાય સાથે રહેવાવાળા, સુંદર ગતિવાળા બે મિત્રો એક જ વૃક્ષ ઉપર (નિવાસ કરે છે.) બેઠા છે. તેમાનો એક તે વૃક્ષના સ્વાદિષ્ટ ફળોનો ભોક્તા છે અને બીજો માત્ર દૃષ્ટા બની જુએ છે. અહીં ચમત્કાર એ છે કે એક જ પરિસ્થિતિમાં સાથે જીવનારા બે પક્ષીઓની પ્રવૃતિ અને પ્રકૃતિ અલગ અલગ છે. પારસ્પરિક વિરોધી પ્રકૃતિવાળા જીવ અને શિવ (જીવાત્મા અને પરમાત્મા) એક જ દેહ (વૃક્ષ)માં રહે છે. નશ્વર એવા આ દેહમાં જીવાત્મા સુખ-દુ:ખ, પાપ-પુણ્યરૂપ કર્મોનો ભોક્તા છે. જયારે પરમાત્મા એનો દૃષ્ટા માત્ર છે.

ઋગ્વેદનો આ શ્લોક તેની વિશિષ્ટ શૈલીને કારણે ઉપનિષદ અને પુરાણકાલીન સાહિત્યમાં પણ બહુ ઓછા પાઠ ભેદ સાથે સ્થાન મેળવે છે.

'દ્યૌર્મે પિતા જનિતા નાભિરત્ર બન્ધુર્મે માતા પૃથિવીમહીયમ્
ઉત્તાનયોશ્ચમ્બોર્યોનિરન્તરત્રા પિતા દુહિતુર્ગર્ભમાધાત્.'(૧૮)

અર્થાત્, 'આકાશ મારા જન્મદાતા, પિતા અને બંધુ છે. આ પૃથ્વી મારી માતા છે. આ બન્નેના મધ્યભાગમાં સોમપાત્રના આકારની યોનિ ફેલાયેલી છે. પિતાએ પુત્રીની યોનિમાં ગર્ભાધાન કર્યુ છે. અહીં આ શ્લોકની બીજી પંકિતમાં વિધિ-વિરોધ એટલે કે લોક મર્યાદાનો વિપર્યાસ થયેલો જોવા મળે છે. જે અવળવાણીના લક્ષણને તાકે છે.

'અપાઙ-પ્રાઙ, એતિ સ્વધયા ગૃભીતોઽમત્યોમર્ત્યના સયોનિ:,
તા શાશ્વન્તા વિષૂચીના વિયન્તાન્યન્યં ચિકયુર્નનિચિકયુરન્યમ્.'(૧૯)

અર્થાત્, 'મૃત્યુ ન પામનાર, મૃત્યુ પામનાર સાથે એક યોનિમાં ઇચ્છા કે અનિચ્છાએ ભોગવૃતિથી બંધાઇને પડ્યો છે. તે ક્યારેક નીચે આવે છે તો કયારેક ઉપર આવે છે. તે બંને એક સાથે રહે છે અને બધા સ્થાને ફરવાવાળા છે. પરંતું તેમાંથી એક (મૃત્યુ પામનાર)ને લોકો જાણે છે. અને બીજાથી અજાણ છે.' માનવ શરીરમાં વ્યાપ્ત જીવ અને શિવના મરમને પ્રગટ કરતા આ શ્લોકનો વાચ્યાર્થ વિરોધ ગર્ભિત અને રહસ્યાત્મક છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

'ચત્વારિશૃંગ ગા ત્ર્યો અસ્ય પાદા દ્વૈ શીર્ષે સપ્ત હસ્તાસો અસ્ય,
ત્રિધા બદ્ધો વૃષભો રોરબીતિ મહોદેવો મત્ર્યાઆવિવેશ.'[૨૦]

અર્થાત્, 'એક બળદ છે. જેને ચાર સીંગ, ત્રણ પગ, બે મસ્તક અને સાત હાથ છે. ત્રણ બાજુથી બંધાયેલો એ ગર્જના કરી રહ્યો છે. અહીં વિચિત્ર એવા બળદનું વર્ણન વિરોધગર્ભિત અસંબદ્ધ કથન શૈલીએ થયેલું હોવાથી પ્રત્યક્ષરૂપે તો આ કથન નિરર્થક લાગે પણ ધ્યાનપૂર્વકના વાચન અને વિચારથી એના ચોકકસ અર્થની પ્રતીતિ થાય છે. ઋગ્વેદ સંહિતાના ભાષ્યકાર 'સાયણે' આ શ્લોકના કરેલા વિવિધ અર્થો માંહેનો એક અર્થ જોઈએ તો - આ વિચિત્ર બળદ તે સૂર્ય છે. જેના ચાર સીંગ ચાર દિશાઓ છે. ત્રણ પગ ત્રણ પ્રહર છે. સવાર, બપોર અને સાંજ. બે મસ્તક દિવસ અને રાત્રી છે. તે ત્રણ રીતે બંધાયેલો છે; પૃથ્વી, અંતરિક્ષ અને આકાશ. તે વૃષ્ટિ-વરસાદ આપનારો છે. તેથી તેને વૃષભ કહેવામાં આવે છે.'

'માતુર્દિધિષુમબ્રવં સ્વસુર્જારઃ શૃણોતુ નઃ,
ભ્રાતેન્દ્રસ્ય સખા મમ.'[૨૧]

અર્થાત્, 'પૂષન પોતાની માતાનો પતિ અને સહોદરનો પ્રેમી છે.' અહીં માતાનો પતિ અને સહોદરનો પ્રેમી એ વાચ્યાર્થ વિધિ-વિધાન મૂલક વિપર્યાસ ઊભો કરે છે. જેનો ગૂઢાર્થ સમજતાં એવો અર્થ પ્રાપ્ત થાય છે કે પૂષન એટલે સૂર્ય પોતાની માતા એટલે કે રાત્રીનો પતિ છે અને સહોદર એટલે કે ઉષાનો પ્રેમી છે.

'તદ્વામૃતં રોદસી પ્રબ્રવીમિ જાયમાનો માતરા ગર્ભોઅત્તિ,
નાહં દેવસ્ય મર્ત્યશ્ચિકેતાંગ્નિઙ્ગ વિચેતાઃ સપ્રચેતાઃ '[૨૨]

અહીં પ્રથમ પંક્તિના બીજા ચરણનો અભિધાગત અર્થ થાય છે -'તે જન્મતાની સાથે જ પોતાની માતાઓનું ભક્ષણ કરી જાય છે.' જન્મ લેતાની સાથે જ કોઈ બાળક પોતાની જન્મદાત્રીનું ભક્ષણ કરી જાય, એવા કથનમાં જ ત્રણ પ્રકારનો વિરોધ સમાયેલો છે.(૧) નવજાત બાળકમાં માતાનું ભક્ષણ કરવાનું સામર્થ્ય ન હોય. (૨) કોઈ બાળક પોતાની જન્મદાત્રીનું ભક્ષણ ન કરે. (૩) જન્મદાત્રી માતા એક જ હોય અનેક નહીં. વાચક કે શ્રોતાના મનમાં ઊઠતા આ પ્રશ્નો કે વિરોધનું સમાધાન આ રીતે કરી શકાય. આ અગ્નિનું વર્ણન છે. અગ્નિ ત્રણ પ્રકારે પ્રગટે છે. (૧) આકાશમાં સૂર્યના તાપથી (૨) જળમાં વિદ્યુત રૂપે અને (૩) પૃથ્વી પર બે સમિધ (લાકડા)ના ઘર્ષણથી. અહીં પૃથ્વી પર બે લાકડાના ઘર્ષણથી પ્રગટતા અગ્નિનું વર્ણન છે. આ બન્ને સમિધ અગ્નિની માતાઓ છે. અને અગ્નિ ને જન્મ આપતાં જ પુત્ર રૂપ અગ્નિ દ્વારા બન્ને માતાઓનું ભક્ષણ થઈ જાય છે.

અહીં ઉદ્ધૃત કરેલ ઋગ્વેદની ઋચાઓ ઉપરાંત અથર્વવેદના 'કુન્તાપષૂકત', 'કવષએલુષ' વગેરે સુક્તો તેમજ વૈદિકકાળનાં અંતિમ તબક્કામાં રચાયેલ વેદાંત એટલે કે 'ઉપનિષદો'માં પણ અવળવાણીની સમકક્ષ વિરોધ ગર્ભિત, અસંબદ્ધ, પ્રતીકાત્મક શૈલી-પ્રયોગ થયેલા જોવા મળે છે. જેમ કે-

'અર્વાગ્ વિલશ્ચમસ ઊર્ધ્વ બુધ્નસ્તસ્મિન્ યશો નિહિતં વિશ્વરૂપમ્,
તસ્યાસત ઋષયઃ સપ્ત તીરે વાગષ્ટમી સંવિદાના ઈતિ.'[૨૩]

અર્થાત્, 'એક એવું પાત્ર છે કે જેનું મુખ નીચે તરફ છે અને તેનું તળિયું ઉપર તરફ છે. તેના



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

કિનારા ઉપર સાતઋષિ અને આઠમી વાગ્દેવી બેઠી છે.' અહીં ઊંધા મુખવાળું પાત્ર એ વિલક્ષણ અને અવળું કથન બને છે.

> 'આસીનો દૂરં બ્રજતિ શયાનો યાતિ સર્વતઃ
> કસ્તંમદામદં દેવં મદન્યો જ્ઞાતુમર્હતિ.'(૨૪)

અર્થાત્, તે સ્થિર હોવા છતાં દૂર સુધી પહોંચી જાય છે. સૂતાં સૂતાં જ બધી જ જગ્યાએ ફરી વળે છે. મદ તથા અમદની સ્થિતિવાળા એ દેવને મારા વિના કોણ જાણી શકે ? અહીં સ્થિર રહીને એટલે કે ચાલ્યા વિના ચાલવું અને સૂતાં સૂતાં જ બધી જગ્યાએ ફરી વળવું એવા કથનમાં વિરોધ પ્રગટ થયો જોવા મળે છે.

> 'ઊર્ધ્વમૂલોઽવાકશાખ એષોઽશ્વત્થઃ સનાતન,
> તદેવ શુકલં તદ્ બ્રહ્મ તદેવામૃતમશ્નુતે.'(૨૫)

અર્થાત્, જેના મૂળ ઉપર તરફ અને શાખાઓ નીચે તરફ છે, એવું આ અશ્વત્થ વૃક્ષ સનાતન છે. તે શુકલ છે, બ્રહ્મ છે અને તે અમૃતનો ઉપભોગ કરે છે. પ્રકૃતિના ધર્મ પ્રમાણે કોઈ પણ વૃક્ષનું મૂળ નીચે અને શાખાઓ ઉપર તરફ હોય છે, જ્યારે અહીં વાચ્યાર્થ, 'મૂળ ઉપર તરફ અને શાખાઓ નીચે તરફ એવો ઉલટો છે. પરિણામે તે ઉલટી કે અટપટી વાણીનું ઉદાહરણ બને છે. આ શ્લોક થોડા પાઠભેદે 'બૃહદારણ્યકોપનિષદ' અને 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'(૨૬)માં પણ ઉલટા વૃક્ષરૂપી સંસારના રહસ્યને પ્રગટ કરવા પ્રયોજાયો છે.

> 'તદેજતિ તન્નૈજતિ તદ્દૂરે તદ્વન્તિકે,
> તદન્તરસ્ય સર્વસ્ય તદુ સર્વસ્યાસ્ય બાહ્યતઃ'(૨૭)

અર્થાત્, 'તે ચાલે છે છતાં નથી ચાલતો, તે દૂર છે છતાં નજીક છે. તે સર્વની ભીતર છે અને સર્વની બહાર પણ છે.' અહીં જોઈ શકાય છે કે વિરોધમૂલક શૈલી વડે સૂક્ષ્મ તત્ત્વને કેટલી સરળતાથી અભિવ્યક્ત કરી શકાયું છે !

> 'ન તત્ર સૂર્યોભાતિ ન ચન્દ્ર તારકં, નેમા વિદ્યુતો ભાન્તિ કુતોઽયમગ્નિઃ,
> તમેવ ભાન્તમનુભાતિ સર્વ, તસ્ય ભાષા સર્વમિદં વિભાતિ.'(૨૮)

અર્થાત્, 'ત્યાં સૂર્ય પ્રકાશતો નથી, ચંદ્ર, તારા અને વીજળીનો પ્રકાશ પણ ત્યાં નથી, તેમ છતાં તે આટલું બધું પ્રકાશિત કેમ છે ? આ બધા તેના પ્રકાશથી જ પ્રકાશિત થાય છે. અહીં સૂર્ય, ચંદ્ર, તારા, વીજળી વગરના પ્રકાશિત બ્રહ્માંડની કલ્પના જ વિસ્મયકારક ગૂઢોકિત બની જાય છે.

> 'સહસ્રશીર્ષા પુરૂષઃ સહસ્રપાત્,
> સ ભૂમિં વિશ્વતો વૃત્વાત્યતિષ્ઠદ્દશાઙ્ગુલમ્.'(૨૯)

અર્થાત્, તે પુરૂષ હજાર મસ્તક, હજાર નેત્ર અને હજાર પગવાળો છે. સમગ્ર ભૂમિમાં વ્યાપ્ત એવો તે દશાઙ્ગુલ જેવડાં હૃદયમાં સમાય જાય છે. અહી વાચ્યાર્થમાં વિરોધ અને અદ્ભૂત તત્ત્વનો ચમત્કાર છે.

આમ વેદ અને ઉપનિષદમાં પિંડ-બ્રહ્માંડના રહસ્યને અભિવ્યક્ત કરવા; અનિર્વચનીય, અલૌકિક તત્ત્વને આલોકિત કરવા, અધ્યાત્મ રહસ્યને ગુપ્ત રાખવા કે ભાવાભિવ્યક્તિની મુશ્કેલીના



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

વિકલ્પે પ્રતીકધર્મી અવળવાણી શૈલીનો આશ્રય લીધો હોય તેમ જણાય છે.

## પૌરાણિક સાહિત્યમાં અવળવાણી

જેના ઉપર ભારતીય સમાજ પ્રતિષ્ઠિત થતો આવ્યો છે તે પૌરાણિક વાઙ્મય ભારતીય સંસ્કૃતિનો આધાર સ્તંભ છે. પૌરાણિક સાહિત્યે ભારતની સુદીર્ઘ ધાર્મિક, સાંસ્કૃતિક પરંપરાને જીવંત અને અખંડ રાખવામાં મહત્ત્વનું યોગદાન પુરું પાડ્યું છે. પૌરાણિક કથાઓ, પૌરાણિક સત્યો, પૌરાણિક નીતિ અને આચાર-વિચાર પ્રત્યે લોકસમાજને અતૂટ શ્રદ્ધા રહી છે. જેનું સાક્ષ્ય આપણને રામાયણ અને મહાભારત જેવા મહાકાવ્યો પુરું પાડે છે. વૈદિક ધર્મ જ્યારે પોતાની ગૂઢતાને કારણે બ્રાહ્મણ પૂરતો સીમિત બની ગયો હતો. 'સ્ત્રી શૂદ્રૌ નાધીયતામ્' એ સ્મૃતિ સૂત્ર અનુસાર વેદોનું પઠન સ્ત્રી અને શૂદ્ર માટે વર્જ્ય બની ગયું હતું, ત્યારે પુરાણોએ તેને સંવર્ધિત કરી, સર્વભોગ્ય બનાવી, સર્વ માટે ખુલ્લું મુકયું. સાથે તેમાં એક બાજુથી સામાન્યજન માટે આદર્શ જીવન અને કર્મની વિભાવના કરવામાં આવી, તો બીજી બાજુએથી ધાર્મિક સાધના માટે અનેકવિધ માર્ગોનો નિર્દેશ કરવામાં આવ્યો. જેને કારણે અન્ય ધાર્મિક સાહિત્યના મુકાબલે પુરાણ-સાહિત્ય વધારે લોકપ્રિય બન્યું. ધર્મ-અધ્યાત્મક્ષેત્રે બૌદ્ધ, જૈન, સિદ્ધો અને લોક સંતો ઉપર પણ તેનો પ્રભાવ વર્તાયો.

પોતાની સત્ત્વશીલ ધાર્મિકતા અને લોકાનુગ્રહને કારણે આજ સુધી ભારતીય સાહિત્યને અનુપ્રાણિત કરતા આવતા આ વાઙ્મયે મધ્યકાલીન લોક સંતો ઉપર પણ પ્રભાવ પાડયો. ખાસ કરીને સાધનાકીય ક્ષેત્રે થતાં અમૂર્ત-સૂક્ષ્મ ભાવોને કુશળતાથી અભિવ્યક્ત કરવા લોક સંતોને પૌરાણિક સાહિત્ય સંદર્ભો સહાયરૂપ બન્યા.

અહીં એ ઉલ્લેખનીય છે કે - પૌરાણિક યુગમાં અધ્યાત્મક્ષેત્રે ધર્મ, સાધના, ઉપાસના, પ્રભુ ભક્તિ વગેરેને સર્વગમ્ય અને સર્વ ભોગ્ય બનાવવા વેદકાલીન નિર્ગુણ-નિરાકારની સાધનાને બદલે સગુણ-સાકાર એવા ઈશ્વરની ઉપાસના પ્રસ્થાપિત થાય છે. પરિણામે અનુભૂતિની સૂક્ષ્મતાનું સ્થાન અનુષ્ઠાનમાં પરિણમે છે. એટલે કે ગૂઢ સાધના કરતા ભક્તિ, ઉપાસના અને નામ-સ્મરણનું મહાત્મ્ય વધે છે. આવા ભકત કે ઉપાસકને પોતાના અનુભવની અભિવ્યક્તિ માટે પ્રતીકધર્મી અવળવાણી પ્રકારની શૈલી પ્રયોજવાની ખાસ જરૂરિયાત ઊભી થતી નથી.

ટૂંકમાં આ યુગમાં સમયની માંગ મુજબ અધ્યાત્મ ક્ષેત્રે પરિવર્તન આવતા આ યુગના સાહિત્ય-સર્જન ક્ષેત્રે અવળવાણી શૈલીનો પ્રવાહ મંદ પડે છે. આમ છતાં પરંપરાના નિર્વાહ અર્થે આ યુગના વાઙ્મયમાંથી અવળવાણી શૈલીને મળતા જે ઉદાહરણો મળી આવે છે તે નોંધનીય છે. દા.ત.

> 'તન્ત્રં ચેદં વિશ્વરૂપે યુવત્યૌ વયસસ્તંતૂન સતતં વર્તયન્ત્યૌ,
> કૃષ્ણાન સિતાંશ્ચૈવ વિવર્તયન્ત્યૌ ભૂતાન્યજસ્રં ભુવનાનિ ચૈવ:'(૩૦)

અર્થાત્, 'વિશ્વરૂપા એવી બે યુવતીઓ, એક સફેદ અને બીજી કાળા ધાગાથી નિરંતર (વસ્ત્ર) વણી રહી છે, અને તમામ જીવો તથા લોકોને વિવર્તિત કરી રહી છે.' અહીં સતત પ્રવાહમાન, પરિવર્તનશીલ એવા સંસાર ચક્રનું વર્ણન અસંબદ્ધ પ્રતીકશૈલીથી કરવામાં આવ્યું છે. બે યુવતીઓ તે બાલ્યાવસ્થા અને વૃદ્ધાવસ્થા એવી સંસાર ચક્રની બે અવસ્થા છે. તો સફેદ અને કાળો ધાગો જીવમાત્રને આવૃત્ત રાખનાર સુખ અને દુ:ખ છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

અવળવાણીના વિવિધ પ્રયોજનો માહેનું એક પ્રયોજન એ છે-'પારંપરિક આધ્યાત્મિક રહસ્ય કુપાત્રના હાથમાં ન જાય માટે તેને સાંકેતિક ભાષામાં અભિવ્યક્ત કરી ગુપ્ત રાખવું. રહસ્ય નો ગુપ્ત રાખવાની આ પરંપરા 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' માં પણ જોવા મળે છે. દા.ત.

'એકાયનોઽસૌ દ્વિફલસ્ત્રિમૂલશ્ચતૂરસઃ પંચવિધઃ ષડાત્મા,
સપ્તત્વગષ્ટવિટપો નવાક્ષો દશચ્છદી દ્વિખગો હ્યાદિવૃક્ષ.'(૩૧)

અર્થાત્, 'આ સનાતન વૃક્ષ છે. આ આદિવૃક્ષને એક અયન છે, બે ફળ છે, ત્રણ મૂળ છે, ચાર રસ છે, પાંચ પ્રકાર છે, છ આત્મા છે, સાત વલ્કલ છે, આઠ શાખા છે, નવ આંખ છે, દશ પાંદડા છે અને આ વૃક્ષ ઉપર બે પંખી બેઠા છે.' અહીં વૃક્ષને એક અયન, બે ફળ, ત્રણ મૂળ વગેરે રહસ્યને ગૂઢ-ગુપ્ત રાખવા સાંકેતિક પરિભાષા પ્રયોજાયેલી છે. જેનો ગૂઢાર્થ આ રીતે સમજી શકાય. વૃક્ષ=સંસાર, એક અયન=પ્રકૃતિ, બે ફળ= સુખ અને દુ:ખ, ત્રણ મૂળ=સત્ત્વ,રજ અને તમ, ચાર રસ=ધર્મ,અર્થ,કામ અને મોક્ષ, પાંચ પ્રકાર=પંચેન્દ્રિય, છ આત્મા=છ સ્વભાવ - ઉત્પત્તિ,સ્થિતિ,ઉન્નતિ,પરિવર્તન,ધૃતિ(ઘટવું)અને વિનાશ, સાત વલ્કલ=રસ, રૂધિર , માંસ, મેદ,અસ્થિ,મજ્જા અને શુક્ર, નવ આંખ=બે નેત્ર, બે કાન, બે નાસિકા દ્વાર, મુખ, ગુદા અને લિંગ, દશ પાંદડા=પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન, નાગ, કૂર્મ, કૂકલ, દેવદત અને ધનંજય, બે પક્ષી=આત્મા અને પરમાત્મા (જીવ અને બ્રહ્મ).

'દ્વૈ અસ્ય બીજે શતમુલસ્ત્રિનાલઃ પંચસ્કંધઃ પંચરસપ્રસૂતિ,
દશૈકશાખો દ્વિસુપર્ણનીડસ્ત્રિવલ્કલો દ્વિફલોઽર્ક પ્રવિષ્ટઃ '(૩૨)

અર્થાત્,'આ આદિવૃક્ષને બે બીજ, સો મૂળ, ત્રણ નાડી, પાંચ જ્ઞાનની શાખા, અગિયાર ડાળી, બે પક્ષીના માળા, ત્રણ વલ્કલ અને બે ફળ છે. અહીં પણ પ્રતીકાત્ત્મક શૈલીથી સંસારરૂપી વૃક્ષનું વર્ણન કરવામાં આવ્યું છે. આ વિશ્વરૂપી વૃક્ષને પાપ અને પુણ્ય નામના બે બીજ છે. હજારો પ્રકારની ઈચ્છાઓ તેના મૂળ છે. સત્ત્વ, રજ અને તમ એ ત્રણ નાડીઓ છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ તત્ત્વો તેના સ્કંધ છે. પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને મન સહિત અગિયાર તેની શાખાઓ છે. જીવ અને શિવ એમાં માળો બાંધીને નિવાસ કરે છે. ત્રણ લોક તેના વસ્ત્રો છે અને સુખ-દુ:ખ તેના બે ફળ છે. આ જ ભાવનો એક શ્લોક 'શ્રીમદ્ ભવતદ્ ગીતા'માંથી પણ મળી આવે છે. જેમ કે -

'ઊર્ધ્વમૂલમધઃ શાખમશ્વત્થં પ્રાહુરવ્યયમ્,
છંદાસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદસવેદવિત્.'(૩૩)

અર્થાત્, 'જેના મૂળ ઉપર તરફ અને શાખાઓ નીચે તરફ છે તેમજ વેદ જેના પાંદડા છે એવા અશ્વત્થ વૃક્ષને જે જાણે છે. તેજ સાચો વેદ વેત્તા છે.' અહીં પણ આગળના શ્લોકોની જેમ ગૂઢ રીતે સંસારરૂપી સનાતન વૃક્ષના રહસ્યને અભિવ્યકત કરવામાં આવ્યું છે. શ્લોકના અંશોમાં આવતાં 'યસ્તં વેદ સવેદવિત્'માં તો 'સોઈ પંડિત સો તત ગ્યાતા, જો ઈહિ પદહિ બિચારે'નો ધ્વનિ સંભળાય છે. તો આજ રહસ્યને ગુજરાતી ભાષા-સાહિત્યમાં અવતારતા સંત કવિ 'છોટમ' કહે છે કે-

'અવળું વૃક્ષ કોઈ જો જો નિહાળી, થડ છે ઊંચુ ને નીચી છે ડાળી.'(૩૪)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પ્રાચીન ધાર્મિક-વ્યાખ્યાન કાવ્ય ઉપરાંત 'અવળવાણી' પ્રકારની રચનાઓનું પૂર્વોક્ત રૂપ આપણને 'શિવ પુરાણ' અને 'હઠયોગ પ્રદીપિકા' જેવા ગ્રંથોમાંથી પણ મળી રહે છે. જેમ કે -

'એ તે પરસ્પરોત્પન્ના ધારયન્તિ પરસ્પરમ્,
પરસ્પરેણ વર્ધન્તે પરસ્પરમનુવ્રતા:'(૩૫)

અર્થાત્, એ ત્રણે એક બીજાથી ઉત્પન્ન થયા છે, એક બીજાને અરસ પરસ ધારણ કરે છે. એક બીજા દ્વારા વૃદ્ધિ કરે છે અને એક બીજાને અનુકૂળ આચરણ કરે છે.

'ગોમાંસં ભક્ષ્યેન્નિત્યં પિબેદમરવારૂણીમ્,
કુલીનં તમહંમન્યે ચેતરે કુલ ઘાતક:'(૩૬)

અર્થાત્, જે યોગી દરરોજ ગાયનું માંસ ખાય છે અને શરાબનું સેવન કરે છે, તેને અમે કુલીન-ખાનદાન માનીએ છીએ.અન્ય લોકો તો કુળ ઘાતક છે. અહીં યોગીએ ગૌ માંસ ખાવું અને શરાબ પીવો તેમજ આવો દુરાચાર કરનાર ને જ ખાનદાન માનવો અને અન્યને કુલ ઘાતક સમજવો, જેવા વાચ્યાર્થમાં વિરોધ કે અસંબદ્ધ કથન જોવા મળે છે.

આમ, ભારતીય સંત સાહિત્ય અંતર્ગત અવળવાણી પ્રકારની રચનાઓનું વિહંગાવલોકન કરતા એ બાબત સ્પષ્ટ થાય છે કે અવળવાણી પ્રકારની રચનાઓના મૂળ પુરાણ, ઉપનિષદ અને વેદમાં પડેલાં છે.

## બૌદ્ધ-સિદ્ધોની પરંપરામાં અવળવાણી

ભગવાન બુદ્ધના મહાપરિનિર્વાણ બાદ લગભગ પાંચ સો વર્ષ પછી 'મહાયાન' તેની તંત્ર સાધનાને કારણે સમગ્ર ભારતમાં પ્રતિષ્ઠિત થઇ ચૂકયો હતો. સમયાંતરે આ ધારાના બૌદ્ધ ભિક્ષુઓમાં સાધના કે આચરણ નિષ્ઠાને સ્થાને વિલાસિતતા અને કર્મકાંડની પ્રવૃત્તિ ફૂલીફાલી, મંત્ર-સિદ્ધિના બહાને ચમત્કારનું પ્રાચુર્ય અને મૈથુનપરક ક્રિયાઓ વધવા લાગી, જેના પ્રત્યાઘાતરૂપે બૌદ્ધ પરંપરાની આ મહાયાન શાખામાંથી લગભગ છઠ્ઠી-સાતમી સદી દરમ્યાન વજ્રયાન શાખાનો ઉદ્ભવ થયો. વજ્રયાન તેના નામ પ્રમાણે આમ સમાજ માટે કઠોર કષ્ટદાયક સાધના બની રહી, પરિણામે તેમાંથી સહજ સાધનારૂપ 'સહજયાન'નો પ્રાદુર્ભાવ થયો. ચૌરાશી સિદ્ધો આ વજ્રયાન અને સહજયાન શાખાના અનુયાયીઓ હતા. જેમણે બૌદ્ધ સાધના અને દર્શનને નવ્યરૂપ પ્રદાન કર્યુ. આ સિદ્ધોએ પાંડિત્યજ્ઞાનનો વિરોધ કરી સ્વાનુભવને પ્રાધાન્ય આપ્યું. કઠોર તપસ્યા કે વૈરાગ્યથી જ પરમતત્ત્વની પ્રાપ્તિ થાય એવી માન્યતાને ઉત્થાપી, સંસારની વચ્ચે રહી, સહજ સાધનાથી પણ પરમાત્માને પ્રાપ્ત કરી શકાય, એવી સમજ વિસ્તારી.

આમ,સિદ્ધોએ અધ્યાત્મ ક્ષેત્રે વૈરાગના સ્થાને રાગ, જ્ઞાનના સ્થાને અનુભૂતિ અને નિવૃત્તિના સ્થાને પ્રવૃત્તિની મહત્તા વધારી, તેમાં લોક જીવનની પ્રતિષ્ઠા કરી. જે આપણાં લોક સંતોને સહજ, સરળ, સુગમ, કલ્યાણકારી અને પરિણામગામી લાગી, પરિણામે તેનો તેઓએ સહજ સ્વીકાર કર્યો.

બૌદ્ધ સિદ્ધોનું સાહિત્ય'બૌદ્ધગાનઓ દોહા' (શૌરસેની અપભ્રંશ દોહા) તથા 'ચર્યાપદો'ના રૂપે પ્રગટ થયેલું છે. જેમાં સિદ્ધોએ પોતાની સાધનાકીય અનુભૂતિને એવી રીતે અભિવ્યક્ત કરી છે કે તેના મર્મને તેનો અનુયાયી દીક્ષિત વર્ગ જ પામી શકે. વામમાર્ગના અનુયાયીઓની જેમ આ સિદ્ધોએ



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પણ પોતાના સાધનાકીય રહસ્યોને ગુપ્ત રાખવા, ભલા-ભોળા લોકોને પ્રભાવિત કરવા અને પોતાના દર્શન-વિચારને આગવી રીતે પ્રસ્થાપિત કરવા લોકવાણીથી વિરુદ્ધ, ગૂઢ, રહસ્યાત્મક એવી પ્રતીકાત્મક શૈલી અખત્યાર કરી. જેને પરંપરાગત રીતે 'સંધ્યા' કે 'સંધા ભાષા' તરીકે ઓળખવામાં આવે છે.

બૌદ્ધ-સિદ્ધોના વાઙ્મયમાં કયાંય ઉલટવાંસી, ઉલટવાણી કે અવળવાણી એવો શબ્દ પ્રયોજાયેલો નથી. પરંતુ અવળવાણીનું સમ્યકરૂપ સૌ પ્રથમ આપણને સંધાભાષામાં જોવા મળે છે. જેમ કે -

'બદ્ધો ધાવઈ દશ દિસહિ, મુક્કો ણિચ્ચલ ટ્ઠાઅ,
એમઈ કરહા પેકઅ કહિ, વિવરિઅ મહુ પડિહાઅ.'(૩૭)

અર્થાત્, મન બાંધેલું રહે તો ચારે બાજુ (દશે દિશામાં) દોડયા કરે છે. અને જો તેને મુક્ત રાખવામાં આવે તો તે કયાંય દોડધામ કરતું નથી અને નિશ્ચિત જગ્યાએ પડયું રહે છે. (આવી રીતે કરવાથી બધું પ્રતિભાસિત અને વિપરિત લાગશે.) આમ અહીં બૌદ્ધ પરંપરાની વજયાન શાખાના સિદ્ધ સરહપાદ, ઉલટા કથન દ્વારા મનને કાબુમાં રાખવાની સુંદર તરકિબ બતાવી આપે છે. સંત શિરોમણી કબીર સાહેબ પણ આ અનુભૂતિને આ રીતે જ અભિવ્યકત કરે છે.-

'આ છે રહૈ ઠૌર નહિં છાડે દશ દિસહિં ફિરિ આવે.'(૩૮)

વજયાનની સિદ્ધ સરહપાદની શિષ્ય પરંપરા અંતર્ગત શબરપાદ, ગુંડરીપાદ, કાણ્હુપાદ, ધામપાદ વગેરે પાસેથી પણ સાધનાકીય રહસ્યોને પ્રગટ કરતી ગૂઢાર્થયુકત, અટપટી, અદ્‌ભૂત, પ્રતીક પ્રધાન, વિરોધ મૂલક શૈલીની રચનાઓ મળી આવે છે. જેમ કે -

**શબરપાદ**

'છાડ઼ છાડ઼ માઆ મોહા વિષમ દુન્દોલી,
મહાસુહે વિલસન્તિ શબરો બઈઆ સુખમેહેલી.
હેરિ સે મેરિ તઈલા બાડ઼ીં ખસમમે સમતૂલા,
સુકડ઼ એ સે રે કપાસુ ફુટિલા.
તઈલા બાડ઼િર પાસેંર જોહલા બાડ઼ી ઉએલા,
ફિટેલિ અનધારિ રે આકાશ ફુલિઆ.
ચારિવાસેં ભાઈલા રે દિઆ ચચ્ચાલી,
તહિં તોલિ શબરો ડાઈ કએલા કાન્દઈ સગુણ શિઆલી.
મારિલ ભવભત્તા રે દહદિહે દિધલિ બલી,
હેર સે સબર નિરવણ ભઈલા ફિટિલિ સબરાલી.'(૩૯)

**શબ્દાર્થ:** દુન્દોલી=દ્વન્દ્વ. મહાસુએ=મહાસુખ. શબરો= સાધક, ઉપાય, વજધાતુ. શબરી=પ્રજ્ઞા, નૈરાત્મા,રજધાતુ. ખસમ =આકાશ,શૂન્યતત્ત્વ. કપાસુ=શ્વેત ચંદ્રમા. ચારિવાસે=ચારે દિશા. ચચ્ચાલી=ચંચળ ઈન્દ્રિયોં. શિયાલી=મરણ આદિથી ભયભિત રહેતુ મન. નિરવણ=નિર્વાણ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**વાચ્યાર્થ:** મોહ-માયા રૂપ વિષય દ્વન્દ્વને છોડી, શબર (સાધક,ઉપાય,વજ્રધાતુ) શબરી (પ્રજ્ઞા,ગર્ભધાતુ) સાથે ક્રિડા કરી, અદ્વૈત બની જે મહાસુખ માણી રહ્યો છે, તે માણો. શૂન્ય સમાન મારી ત્રીજી વાડી (નાડી)ને જોઈને. શ્વેત ચંદ્રમા (કપાસ)પ્રગટ થયો છે. તેની પાછળ જ્યોત્સના ઉદિત થઈ છે. તેના પ્રકાશથી અંધકાર દૂર થતાં, સારું યે આકાશ પ્રકાશિત થઈ ગયું છે. બૌદ્ધિજ્ઞાન પ્રાપ્ત થતાં ચંચળ ઈન્દ્રિયો કાબુમાં આવી ગઈ છે. હવે શબર તેના પર સ્થિર થઈને મરણ આદિથી ભયમૂકત થયો છે. દશે ઈન્દ્રિયોને મારીને બલિ ચઢાવતા, શબર અને શબરીનું અદ્વૈત રચાતા, શબર નિર્વાણપદને પામી ગયો છે.

### ગુંડરીપાદ

'તિઅડ્ડા ચાપી જોઈણિ અંકવાલી, કમલ કુલિશ ઘાણ્ટ કરહૂં બિઆલી.
જોઈન તંઇ બિનું શ્વણીહિં ન જીવમિ, તો મુહ ચુમ્બી કમલરસ પીબમિ.
સાસુ ઘરે ઘાલિ કીચ્ચા લાલ, ચાન્દ સુજ બેણિ પખા ફાલ.
ભણઈ ગુણ્ડરી અમ્મે કુન્દુરે વીરા, નરઅ નારી માઝેં ઉભિલ ઉભિલ.' (૪૦)

**શબ્દાર્થ:** તિઅડ્ડા=ત્રણ નાડી (લલના,રસના,અવધૂતિ=ઈડા,પિંગલા,સુષમ્ણા) જોઈણિ=યોગિની. અંકવાલી=આનંદ આપનાર કે સાધકને પોતાનું સ્વરૂપ પ્રદાન કરનાર. કમલ-કુલિશ=યોન સંયોગ, અથવા સુરતિ-નિરતિ, શિવ-શક્તિ. કમલરસ=બોધિચિત. સાસુ=શ્વાસ. કીચ્ચાતાલ=અભેદ્ય તાળુ. ચાન્દ સુજ=ચંદ્ર-સૂર્ય. અથવા ઈડા-પિંગલા. કુન્દુરેવીરા=કલેશરૂપી સત્રુને હણનાર વીર.

**વાચ્યર્થ:** અહીં ગૂઢ-રહસ્યાત્મક શૈલી દ્વારા સિદ્ધૌની સાધના પદ્ધતિનું વર્ણન કરવામાં આવ્યું છે. સાધક જ્યારે લલના,રસના અને અવધૂતિ એ ત્રણ યોગ નાડીઓને સાધી, યોગિની સાથે યોન સંયોગ કરે છે, ત્યારે તેને પ્રજ્ઞા અને ઉપાય (યોગી અને યોગિની)ના સ્વરૂપ સાથે પોતાના સહજ સ્વરૂપનું જ્ઞાન થાય છે. કમલ-કુલિશરૂપ આ યોન-સંયોગથી તે અદ્વૈત કે શૂન્ય અવસ્થામાં પહોંચી જાય છે. આ અવસ્થા પ્રાપ્ત થતા હવે તેને અન્ય કયાંય પહોંચવાની તમન્ના રહેતી નથી. તેથી તે કમલ-કુલિશરૂપ સુરતિ-નિરતિમાં જ સ્થિર થઈ બોધિચિત્તરૂપ કમલ રસનું પાન કર્યા કરે છે.

આ અવસ્થા પ્રાપ્ત કરવા ગુંડરીપાદ કહે છે કે સાસુરૂપી શ્વાસ ઉપર કાબુ મેળવવો જોઈએ. અર્થાત્, પ્રાણને સાધવો જોઈએ. જો શ્વાસને તાળું મારી પ્રાણ સાધના થાય તો ચંદ્રનાડી અને સૂર્યનાડી પોતાનું ફળ આપે. ગુંડરીપાદ કહે છે કે હું સાસુરૂપી કલેશને હણનાર વીર છું. નર-નારીઓએ આ પ્રક્રિયા દ્વારા પોતાની પ્રતિષ્ઠા સ્થિર કરવી જોઈએ.

### કાણ્હુપાદ

'નગર બાહિરે રે ડોમ્બિ તોહારિ કુટિઆ, છોડ઼ છોડ઼ જાહિ સો બ્રાહ્મણ નાડ઼િયા.
આલો ડોમ્બિ તોએ સમકરિબો મો સાઙ્ગ, નિઘિન કાણ્હ કાપાલિ જોઈ લાઙ્ગ.
એક સૌ પદુમા ચૌષઠી પાખુડ઼ી, તહિં ચડ઼િ નાચઅ ડોમ્બિ બાપુડ઼ી.
હલો ડોમ્બિ તો પૂછમ સદભાવે, આઈસસિ જાસિ ડોમ્બિ કાહરિ નાવેં.
સરોવર ભાજિજઅ ડોમ્બિ ખાઅ મોલાણ, મારભિ ડોમ્બિ લેમિ પરાણ.'(૪૧)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**શબ્દાર્થ:** નગર=બાહ્યરૂપ-વિષયો, વિવાહ=બર્હિમુખી પ્રવાહને બાંધવો. ડોમ્બિ=સુરતા કે નૈરાત્મવસ્થા. નાડ઼િઆ=નાડીઓમાં પ્રધાન અવધૂતિ-સુષમ્ણાનાડ઼ી. નિધિન=લજ્જાદિ દોષ રહિત. કપાલિ=બોધિચિત્તનો રક્ષક. આઇસસિ-જાસિ=આવવું-જવું. પોલાણ=બોધિચિત્ત કે શુક્ર. પરાણ=અવધૂતિ માર્ગ.

**વાચ્યાર્થ:** અહીં સાધક શુદ્ર-અસ્પૃશ્ય એવી ડોમ્બિને કહે છે કે હે! ડોમ્બિ ! તારી ઝૂંપડી ગામની બહાર છે. બ્રાહ્મણો તારી પાસે આવતા નથી. અર્થાત્ તને અસ્પૃશ્ય ગણીને તને છોડીને ચાલ્યા જાય છે. ચાલ ડોમ્બિ હું તારી સાથે યૌન સંબંધ બાંધુ. હું નિર્દોષ કૃષ્ણ કાપાલિક યોગી છું. ચોસઠ પાંખડીવાળા એક કમળ ઉપર જે નૃત્ય કરી રહી છે, તે ડોમ્બિને હું સત્ભાવ પૂર્વક પૂછું છું કે તું કઈ નૌકા દ્વારા આવ-જા કરી રહી છો ? અથવા કેવી દોરીથી બંધાયેલી છો ? માન સરોવર છોડીને ડોમ્બિ શુક્ર કે બોધિચિત્તનું ભક્ષણ કરી રહી છે તેથી મેં ડોમ્બિને મારીને અવધૂતિ માર્ગ લીધો. અહીં અધ્યાત્મક્ષેત્રે સાધક કે યોગીને ન છાજે એવો સાધકનો ડોમ્બિ સાથે સહવાસ કરવાનો વ્યવહાર એ ઉલટું કથન બને છે.

**ધામપાદ**

'કમલ કુલિશ માઝેં ભવઈ લેલી, સમતાજોએ જલિલ ચણ્ડાલી.
ડાહ ડોમ્બિ ઘરે લાગેલિ આગિ, સસહર લઈ સિંચહૂં પાણી.
નઉ ખર જાલા ધૂમ ન દિસઈ, મેરુ શિખર લઈ ગઅણ પઈસઈ.
દાઢ઼ઈ હરિ હર બ્રાહ્મ ભડારા, દાઢ઼ઈ ણવગુણ શાસન પાડ઼ા.
ભણઈ ધામ ફુડ લેહું રે જાણી, પંચ નાલે ઉઠે ગેલ પાણી.'(૪૨)

**શબ્દાર્થ:** કમલ કુલિશ=શિવ-શક્તિ, યૌન સંયોગ. ડોમ્બિ=સુરતા, નૈરાત્મ. ભવઈ=ભવનદી. જલીલ=જલવું, સળગવું. ચાંડાલી=અવધૂતિ, સુષુમ્ણા. હરિહર=શુક્ર-મુત્ર નાડી. બ્રાહ્મ=મલ નાડી. ણવગુણ=નવગુણ. સસહર=પરિશુદ્ધ ચિત્ત, સદ્દગુરુની કૃપા. સસુરા=શ્વાસ.

**વાચ્યાર્થ :** ભવનદીરૂપ, કમલ-કુલિશરૂપ યૌન સંયોગનાં ક્રિયાયોગથી ચાંડાલી (કુંડલીની)સળગી રહી છે. જ્વળામુખી રૂપ ડોમ્બિના ઘરમાં આગ લાગી છે. તેને સસુરા એટલે કે, શ્વાસ (પવન)થી સિંચી પાણી છાંટો. આ અગ્નિમાં નથી તો જ્વાળા દેખાતી કે નથી તો ધૂમાડો દેખાતો. મેરુ શિખરને પાર કરી ડોમ્બિ શૂન્યમાં પ્રવેશી ગઈ છે. તેના અગ્નિએ મૂત્ર નાડી, શુક્ર નાડી અને મળ નાડીને બાળી નાંખી છે તેના અગ્નિથી શરીરના નવ દ્વારો પણ ભસ્મ થયા છે. ધામપાદ કહે છે કે, કમલ-કુલિશના સંયોગથી સહજાનંદ પ્રાપ્ત થતા હવે પંચેન્દ્રિયો વિષયરસ ને બદલે આનંદ કે અમૃતરસ પીવે છે. અહીં અગ્નિમાં અગ્નિ લાગવો અને તેને પવનરૂપી પાણી છાંટીને ઠારવો વગેરે કથનો અવળવાણી શૈલીના કથનો છે.

**કૃષ્ણાચાર્ય પાદ**

'નાડ઼િ શકિત દિઢ઼ ધરિઅ ખાટે, અનહા ડમરુ બાજઈ બીરનાદે.
કાહ્ન કપાલી યોગી પઈઠ અચારે, દેહ નઅરી વિહરઈ અકારે.
આલિ કાલિ ઘણ્ટા નેઉર ચરણે, રવિ શશિ કુણ્ડલ કિઉ આભરણે.
મારિઅ સાસુ નણન્દ ઘરે શાલી, માઅ મારિઆ કાહ્ન ભઈલ કપાલી.'(૪૩)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**શબ્દાર્થ:** નાડ઼િશક્તિ=નાડીઓમાં પ્રધાનનાડી અવધૂતિકા-સુષુમ્ણા. કાપાલિક=બોધિ-ચિત્તનો રક્ષક. ખાટે=હિંડોળે. અનહા=અનહદ. વિહરઈ=જ્ઞાનોદય રૂપ પ્રભાત. આલિ કાલિ= આલિ=લોક જ્ઞાન,સ્વર, વર્ણ,ચંદ્ર. કાલિ=લોક ભાષેન, વ્યજંન વર્ણ,સૂર્ય. સાસુ=શ્વાસ. નણંદ=ચક્ષુ આદિથી થતું ઈન્દ્રિય જ્ઞાન. કપાલિ=બોધિચિત્તનો રક્ષક.

**વાચ્યાર્થ:** યોગનાડી અવધૂતિકા(સુષુમ્ણા)ને ખાટ ઉપર બેસાડી અને જગાડી સાધકે અનાહત નાદ સાંભળવો જોઈએ. યોગી કૃષ્ણાચાર્યપાદ આ ક્રિયામાં પ્રવીણ બની ગયા છે તે હવે દેહ નગરીમાં એકનિષ્ઠ થઈને વિહાર કરે છે.(ચંદ્ર નાડી અને સૂર્ય નાડીની મધ્યમાં સુષુમ્ણા નાડીને હિંડોળા-ખાટની જેમ આવ-જા કરાવી શકે છે.) આ અવધૂતિકાના પગમાં આલિકાલિરૂપ ઝાંઝર ઝણકી રહ્યા છે. રવિ-શશિ, ચંદ્ર-સૂર્યનાડી રૂપ એના કાને કુંડળ શોભી રહ્યાં છે. સાસુ એટલે કે શ્વાસ ઉપર કાબુ મેળવી ઈન્દ્રિય જ્ઞાન અને મમતા રૂપી નણંદ અને માને મારીને કૃષ્ણાચાર્યપાદ હવે બોધિચિત્તનો રક્ષક બની ગયો છે. ગૂઢ રહસ્યાત્મક સાધનાકીય અનુભૂતિને વ્યક્ત કરતા આ ચર્યા-ગીતમાં અનાહત નાદ સાંભળવો, સાસુ,નણંદ, સાળી અને માને મારવી વગેરે કથનમાં વિરોધ પ્રગટ થયેલો જોઈ શકાય છે.

**ઢેણ્ઢણપાદ**

બૌદ્ધ-સિદ્ધોની પરંપરામાં અવળવાણી પ્રકારની શૈલીમાં ઉત્તમ ઉદાહરણ આપણને ટેંટણપાદ કે ધેનપાદ તરીકે ઓળખાતા ઢેણ્ઢણપાદ પાસેથી મળી આવે છે. જેમ કે-

'ટાલટ મોર ઘર નાહિ પડ઼વેશી,
હાડ઼ીત ભાત નાહિ નિતિ આવેશી.
બેડ ગસ સાપ વડ્ હિલ જાઅ,
દુહિલ દુધુ કિ ધેણ્ટે સમાઅ.
બલદ વિઆઅલ ગવિઆ બાઁઝે,
પિટા દુહિઅઈ એતિણા સાઁઝે.
જો સો બુધી સોધ નિબુધી,
જો સો ચોર સોઈ સાધી.
નિતિ નિતિ સિઆલા સિહે સમ જુઝઅ,
ઢેણ્ઢણપાએર ગીત વિરલે બુઝઅ.'[૪૪]

**શબ્દાર્થ:** ટાલટ=મહાસુખ ચક્ર. પડવેશી=પાડોશી. હાડ઼ીત=ઘડો. બેડગસ=દેડકો. બદલ=બળદ. પિટા=શૂન્યતારૂપ અધિષ્ઠાન છે તે, વાછરડો. નિબુધી=અજ્ઞાની,મૂર્ખ. સિઆલા=શિયાળ.

**વાચ્યાર્થ:** આ ઘર રૂપી શરીરમાં જે મહાસુખ રૂપ ચક્ર છે તેનો કોઈ પાડોશી નથી. ઘડો (હાંડી) ખાલી છે છતાં તેમાંથી ભાત(ખાદ્ય પદાર્થો) ખૂટતા નથી. દેડકાએ સાપને હરાવી દીધો છે. દોહેલું દૂધ ફરી પાછું સ્તનમાં સમાઈ રહ્યું છે. બળદને પ્રસુતિ થઈ છે. ગાય વાંજણી થઈ ગઈ છે અને વાછરડો ત્રણે પ્રહર દૂધ આપે છે. જે બુદ્ધિમાન છે તે જ મૂર્ખ છે, અને જે ચોર છે તે જ સાધુ છે. શિયાળ દરરોજ સિંહ સામે લડે છે ઢેણ્ઢણપાદના આ ગીતને કોઈ વિરલા જ સમજી શકે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ભુસુકપાદ**

> 'નિસિ અન્ધારી મુસા અચારા, અમિઅ ભખઅ મુસા કરઅ અહારા.
> માર રે જોઇઆ મુસા પવણા, જેણ તુટઅ અવણા-ગવણા.
> ભવ-બિન્દારઅ મુસા ખણઅ ગાતી, ચચ્ચલ મુસા કલિઆઁ નાશક થાતી.
> કાલાં મુસા ઉહણ વાણ, ગઅણે ઉઠિ કરઅ અમિઅ પાણ.
> તબ સે મુસા ઉચ્ચલ પાચ્ચલ, સદ્‌ગુરુ બોહે કરહ સો નિચ્ચલ.
> જબેં મુસા અચાર તુટઅ, ભુસુકુ ભણઅ તબે બાન્ધન ફિટઅ.'(૪૫)

**શબ્દાર્થ:** મુસા=ઊંદર. અચારા=વિહરવું. અહારા=આહાર. ભવ-બિન્દારઅ= ભવ પાર ઉતારનારી નાડી. અવણા-ગવણા=આવા-ગમન. કલિઆં=જીવન,યુવાની. કાલાં=કાળ. વાણ=વર્ણ. ગઅણે=ગગન. અમિઅ=અમૃત. ઉચ્ચલ પાચ્ચલ=ઉથલ-પાથલ.

**વાચ્યાર્થ:** અંધારી રાતમાં ઊંદર વિચરણ કરે છે અને પોતાના પોષણ માટે અમૃતનું ભક્ષણ કરી જાય છે. હે! જોગી આ ચંચળ પવનરૂપી ઊંદર ને મારી નાખ. જેથી તારું આવા-ગમનનું ચક્ર સમાપ્ત થઇ જાય. ભવવિદારક એવો આ ઊંદર બધું જ કોતરી નાખે છે. ચંચળ એવો આ ઊંદર જીવનનો નાશ કરી નાખે છે. કાળ રૂપી આ ઊંદરને કોઇ રૂપ,રંગ કે વર્ણ નથી. ગગન મંડળમાં તે ઉપર ચઢીને અમૃતનું પાન કરી જાય છે. પરંતું સદ્‌ગુરુ એ બતાવ્યા પ્રમાણે મન નિશ્ચલ રાખી સાધના કરી ત્યારથી આ ઊંદર બેચેન બની ગયો છે. ભુસુકપાદ કહે છે કે, જ્યારે આ ઊંદર અમૃતનું ભક્ષણ કરતો બંધ થાય ત્યારે આપણા ભવોભવના બંધન છૂટી જાય અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**કુકરીપાદ**

> 'દુલિ દુહિ પિટા ધરણ ન જાઅ,
> રુખેર તેન્તલિ કુમ્ભીરે ખાઅ.
> અઙ્‌ગણ ઘરપણ સુન ભો વિઆતી,
> કાનેટ ચૌરી નિલ અધરાતી.
> સુસુરા નિંદ ગેલ બહુડ઼ી જાગઅ,
> કાનેટચોરે નિલ કા ગઇ માગઅ.
> દિવસઇ બહુડ઼ી કાઉઇ ડરે માઅ,
> રાતિ ભઇલે કામરુ જાઅ.
> અઇસન ચર્યા કુક્કુરીપાએં ગાઇડ઼,
> કોડ઼િ માઝેં એક હિઅહિં સમાઇડ઼.'(૪૬)

**શબ્દાર્થ:** દુલિ=કાચબી,મહાસુખ રૂપ કમલ. રુખેર=વૃક્ષ. તેન્તલિ=મગર. કુમ્ભીર=કુંભક સમાધિ. વિઆતી=વાત. બહુડ઼ી=યોગિની,નૈરાત્મા,અવધૂતિ. કાઉઇ=કાગડો. કામરુ=મહાસુખ.

**વાચ્યાર્થ:** કાચબી(મહાસુખરૂપ કમળ)ને દોહવાથી વાસણ (વજ્રમણી) ભરાઇ ગયું. વૃક્ષ ઉપરનું ફળ મગરે ખાઇ લીધું અર્થાત્ કુંભક સમાધિ દ્વારા શરીર રૂપી વૃક્ષનું ફળ ચાખી લીધું. અરે ! આ વાત સાંભળો. ચોરે પોતે પોતાના ઘરમાં ચોરી કરી અર્થાત્ નિજ ઘરમાં પ્રવેશ કરીને ચોરની વસ્તુ અર્ધરાત્રીના સમયે લઇ જાઓ. સસરો ભર નિદ્રમાં સૂતો છે ને વહુ જાગે છે. આવી અવસ્થામાં ચોરાયેલ કર્ણાભૂષણ કોની પાસે માંગવા? દિવસે તો વહુ કાગડાથી પણ ડરે છે પણ રાત્રે



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પ્રાણી માત્રને કામ-રૂપતા પ્રદાન કરે છે. આવી ચર્ચા કુકકરીપાદે ગાઈ છે. પણ કરોડોમાંથી કોઈ એક જ એને સમજી શકે છે.

અહીં કાચબીના દૂધથી વાસણ ભરાઈ જવું, મગર દ્વારા વૃક્ષનું ફળ ખાવું, ચોર દ્વારા પોતાના જ ઘરમાં ચોરી થવી, સસરાનું ઉંઘવું અને વહુનું જાગવું વગેરેમાં વિરોધ ગર્ભિત વાચ્યાર્થ પ્રગટ થતો જોવા મળે છે.

ઉપરોકત, બૌદ્ધ-સિદ્ધ સાહિત્યમાં મળી આવતા આ ઉદાહરણો દ્વારા એ પ્રતિપાદિત થાય છે કે અવળવાણી શૈલીની પરંપરા પ્રાચીનકાળથી ચાલી આવી છે. પરંતુ, આ પ્રકારની શૈલીનો ક્રમિક વિકાસ અને લોકભાષામાં તેને પ્રયોગ સિદ્ધો દ્વારા જ થાય છે. અહીં એ ઉલ્લેખનીય છે કે સિદ્ધોએ પોતાની અધ્યાત્મ અનુભૂતિ કે બ્રહ્મતત્ત્વને શબ્દસ્થ કરવા વૈદિક પરંપરાની પરિભાષાની સાથે લોક વ્યવહારની પરિભાષાને કામે લગાડી, વ્યાવહારિક તત્ત્વોને પ્રતીકાત્મક રૂપે પ્રયોજી, આ પ્રકારની અભિવ્યક્તિનું ચોક્કસ સ્વરૂપ બાંધી આપ્યું. જે અવળવાણી શૈલીના વિકાસનું મહત્ત્વનું સોપાન બની રહે છે.

## નાથ પરંપરામાં અવળવાણી

બૌદ્ધ-સિદ્ધોની તંત્ર સાધના અંતર્ગત કમલ-કુલિશ સાધનમાં વ્યભિચાર અને અનૈતિકતા વધવા લાગી ત્યારે તેના પ્રત્યાઘત રૂપે ઈ.સ.ની નવમી સદીમાં નાથપંથનો ઉદ્ગય થયો.(૪૭)

તત્કાલીન બૌદ્ધ તંત્ર સાધનાને વિકૃત બનાવનારી રૂઢિઓનું ખંડન કરતા નાથ સંપ્રદાયના મુખ્ય પ્રવર્તક ગોરખનાથે સંયમ અને સદાચાર ઉપર ભાર મૂકી, શરીર શુદ્ધિ દ્વારા ચારિત્ર્ય નિર્માણની જીકર કરી. શરીર શુદ્ધિ અને શોધન દ્વારા નાથ યોગીઓએ એ પ્રસ્થાપિત કર્યુ કે 'જે પિંડમાં છે એ જ બ્રહ્માંડમાં છે.' 'યત્પિંડે તત્બ્રહ્માંડે'ના રહસ્યોને પામવા કયાંય બહાર ભટકવાની જરૂર રહેતી નથી. પિંડનું શોધન અને પરિચય થતાં બ્રહ્માંડનો પરિચય પણ આપોઆપ થઈ જાય છે. સાથે શરીરના-પિંડના રહસ્યોને પામી જવાથી સિદ્ધ દેહની પ્રાપ્તિ પણ થઈ જાય છે.

આ સિદ્ધ દેહની પ્રાપ્તિ માટે નાથ યોગીઓએ હઠયોગ,યંત્રયોગ,લયયોગ અને રાજયોગ જેવા યોગમાર્ગ પર ભાર મૂકયો. જેના ફલ સ્વરૂપ યોગમાર્ગ, બ્રાહ્મણોની સરમુખત્યારશાહીમાંથી મુક્ત બની, નવસંસ્કરણ પામી લોક ભોગ્ય બન્યો.

નાથ યોગીઓએ સિદ્ધદેહની પ્રાપ્તિ માટે ખાસ કરીને 'હઠયોગ' નિદર્શિત સંસારથી ઉલટો એવો 'મીનમાર્ગ' અપનાવ્યો. આ મીનમાર્ગનો સાધક એની સાધના પ્રણાલી પ્રમાણે સંસારને ઉલટા ક્રમથી જુએ છે. સામાન્ય રીતે લોકજીવનમાં બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ અથવા કામ, અર્થ, ધર્મ, અને મોક્ષ એવો સંસારનો ક્રમ છે. ત્યારે નાથ પરંપરા એને આ રીતે ન સ્વીકારતાં-સંન્યાસ, વાનપ્રસ્થ, ગૃહસ્થ અને બ્રહ્મચર્ય અથવા મોક્ષ, ધર્મ, અર્થ અને કામ એવા ઉલટાક્રમે સ્વીકારે છે.

નાથ પરંપરામાં ઉલટા સાધન તરીકે ઓળખાતી આ સાધના ધારામાં સમયાંતરે તંત્ર તથા શૈવ ઉપાસનાનો સમન્વય થાય છે. પરંતુ આ પરંપરાનું મુખ્ય અંગ તો ઉલટ સાધના જ બની રહે છે. આ ઉલટ સાધનાને કારણે જ આ પરંપરાના સાધકો પોતાનો ઉપદેશ અને સાધનાકીય અનુભૂતિની અભિવ્યક્તિ પણ વિપરિત વાકયોમાં કરવા લાગ્યા. જેને અનુગામી આચાર્યોએ વિપરિત કે 'ઉલટવાસી' એવી સંજ્ઞાથી ઓળખાવી.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

આ સંદર્ભે ડૉ.રમેશચંદ્ર મિશ્ર કહે છે કે, 'નાથો કે દ્વારા વિપરિત-માર્ગો કી સ્થાપના કા દૃષ્ટિકોણ યહ થા કી સીધે માર્ગ યા ભવ-ધારા કે અનુકૂલ ચલને સે જીવન કે મૂલ સ્રોત અર્થાત્ ઈશ્વર સે સભી પ્રાણી દૂર હોતે ચલે જા રહે હૈ ઔર ઈસ ધારા-ક્રમ સે વિપરિત ચલને પર અથવા વિપરિત ક્રમ કી વ્યવસ્થા કરને પર હી હમ આદિ ઉદ્‌ગમ તક પહુંચ શકતે હૈ.' (૪૮) તો આ જ બાબતને સ્પષ્ટ કરતાં ડૉ. હજારી પ્રસાદ દ્વિવેદીએ 'ગોરક્ષા સિદ્ધાંત સંગ્રહ'ના આધારે કહ્યું છે કે, 'નાથ-પંથી પુત્રક્રમ કી અપેક્ષા શિષ્યક્રમ કો પ્રધાનતા દેતે હૈ ઔર સાંસારિક વ્યવસ્થાઓં કો વિપરિતક્રમ સે સ્વીકાર કરતે હૈ, કયોંકિ શ્રેષ્ઠ કી પ્રતિષ્ઠા પહેલે હોની ચાહિએ. ઈસી લીયે યોગી લોગ દુનિયા સે ઉલટી બાત કહને કે અભ્યાસી હો ગયે થે.'(૪૯)

આમ, નાથ-પંથમાં વિપરિત કથનની પરંપરાના મૂળમાં મીનમાર્ગરૂપ ઉલટસાધના અંતર્ગત સંસારને ઊલટા ક્રમે સ્વીકારવાની સાથે 'આગમપંથ'(૫૦)થી વિરુદ્ધ- ચાલવું તેમજ પોતાના સાધનાકીય રહસ્યાત્મક અનુભવોને ગુપ્ત રાખવા, જેવા પરંપરાગત સિદ્ધાંતોએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ ઉલટી થાપના સંબંધે ગોરખનાથ સ્પષ્ટ રીતે કહે છે કે, -

'અવધૂ ઈશ્વર હમારા ચેલા ભણી જે, મચ્છિંદ્ર બોલિયે નાતી,
નિગુરી પરથી પરલૈ જાતિ, તાથૈ હમ ઊલટી થાપના થાપી.'(૫૧)

અર્થાત્, ઈશ્વર મારો શિષ્ય-ચેલો છે. અને મત્સ્યેન્દ્રનાથ તો મારો ભાઈ છે, ગુરુ વિના કયાંક પૃથ્વીનો વિનાશ ન થઈ જાય એટલા માટે અમે ઉલટી થાપના થાપી છે.

મધ્યકાલીન ભારતીય સંત સાહિત્ય ઉપર જેનો પ્રભાવ આજ પર્યંત વર્તાતો આવ્યો છે તે નાથ-પંથ અને તેના મુખ્ય પ્રવર્તક ગોરખનાથ તેમજ અન્ય નાથ યોગીઓ પાસેથી પ્રસ્તુત વિષયને અનુપ્રાણિત કરતી, ચોકકસ પ્રકારનો આકાર પામેલી અવળવાણી શૈલીની રચનાઓ માતબર સંખ્યામાં મળી આવે છે. જેમ કે,

**ગોરખનાથ**

ભારતીય સંત સાહિત્યના ઊતુંગ શિખર પર બેઠેલા ગોરખનાથ પાસેથી પ્રસ્તુત વિષયને સમૃદ્ધ અને અનુપ્રાણિત કરતી, હિન્દી-સધુકડી અને ગુજરાતીકરણ પામેલી કુલ ત્રીસ જેટલી અવળ-વાણીઓ મળી આવે છે.અત્રે એ ઉલ્લેખનીય છે કે ગોરખનાથના નામે મળી આવતી આ પ્રકારની વાણીઓનો પ્રભાવ એટલો બળૂકી રીતે વર્તાયો કે પરવર્તી સંતો, આચાર્યો, સંશોધકો આ પ્રકારની વાણીને 'ગોરખવાણી' કે 'ગોરખધંધા' ના નામે ઓળખાવવા પ્રેરાયા.અહીં પ્રસ્તુત મુદ્દાની મર્યાદાને કારણે બે જ વાણી ઉદ્ધૃત કરેલ છે, બાકીની વાણીઓનો સમાવેશ પરિશિષ્ટો માં કરેલ છે.

'આંબલિયૌ થલિ મૌરિયૌ, ઉપરિ નીંબ બિજૌરૈ ફલિયૌ.
સો ફલ ષાતાં લાગૈ મીઠો, જાંણૈ રે જિન ગુરુ પ્રસાદૈ દીઠો.
ઊંટ સિચાણૈ જબ ગ્રહ્યૌ જાઈ કૈરો ડાલી બૈઠૌ,
બાંઝે બેટા જનમિયૂં નૈણૈ પુરિષ ન દીઠૌ.
લાકડ ડૂબૈ સિલ તિરૈ, દેષતાં જગ જાઈ,
ઊંટ પ્રનાલૈ બહિગયો, સુસિલ્યૌ પૌલી ન માઈ.
ડુંગરિ મંછા જલિ સુસાં, પાંણી મેં દૌં લાગા,
અરહટ બહૈ તુસાલવાઁ, સૂલૈ કાંટા ભાગા.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

એક ગાઈં નૌ બછડ઼ા પંચ દુહેબા જાઈં
ઈક ફૂલ સોલહ કરંડિયાં માલનિ મન મૈં હરિષ ન માઈં.
પગાં બિહૂંડૈ ચોરી કીધી, ચૌરી નૈ આંણી ગાઈં
મછિંદ્ર પ્રસાદૈ જતી ગોરષ બોલ્યા, દૂઝૈ પાણીન બ્યાઈં.'(૫૨)

**શબ્દાર્થ :** આંબલિયો=આંબો, આત્મા, મનસા. થલિ=મૂળ. નીંબ=લીમડો, માયામૂળ. ઊંટ=મન, અહંકાર. સિચાણૈ=બાજ, કાળ, યમ. બાંઝૈ=વંધ્યા સ્ત્રી, માયા. પુરિષ=પુરૂપ, બ્રહ્મ. સિલ=શિલા, પથ્થર. પ્રનાલૈ=નહેર, બાકોરું, નીક. સુસિલ્યો=સસલો, મન, માયા (સૂક્ષ્મમાયા). પૌલી=દ્વાર, બારણું. મંછા=માછલી, મનસા, મન. જલિ=જલ, પાણી. સુસાં=સસલો, મન, માયા. અરહર=રેંટ ઉપરનો ઘડો. તુસાલવા=તરસ્યો, મુમુક્ષુ. ગાઈ=ગાય, આત્મા. નૌ બછડ઼ા=નવ વાછરડા, નવ દ્વાર. પંચ દુહેબા=પાંચ ઈન્દ્રિયો દ્વારા. ઈક ફૂલ=ચંદ્રમા. સોલહ કરંડિયા=સોળ કળા. માલનિ=માલણ, જીવાત્મા. પગાં બિહૂંડૈ=પગ વિના. પાણી=શમરસ, પ્રાણ બિન્દુ.

**વાચ્યાર્થ:** આંબો મૂળમાંથી મ્હોરી ઊઠયો છે અને તેના ઉપર લીમડાના ફળ લાગ્યા છે. ગુરુની કૃપાથી જાણ્યું કે આ ફળ ખરેખર મીઠું છે. બાજપક્ષી ઊંટને પકડીને વૃક્ષની ડાળ ઉપર બેસી ગયું છે. કોઈ પુરૂષને જોયા-મળ્યા વગર વાંઝણી સ્ત્રીએ બાળકને જન્મ આપ્યો. પથ્થર તરે છે અને લાકડું ડૂબી રહ્યું છે. (આ રીતે નષ્ટ થઈ રહેલાં સંસારને જગત જોઈ રહ્યું છે.) ઊંટ બાકોરાંમાંથી નિકળી ગયો અને સસલો દ્વાર પર આવીને અટકી ગયો. પાણીમાં આગ લાગતા માછલી ડુંગર ઉપર ચઢી ગઈ અને સસલો જળમાં પ્રવેશી ગયો. રેંટ ઉપરનો ઘડો (મુમુક્ષુ) તરસ્યો થાય અને શૂળથી કાંટો નીકળી જાય. એક ગાયને નવ વાછરડા છે. અને વાછરડાંને પાંચ જણાં દોહી રહ્યા છે. એક ફૂલ ખીલ્યું છે એને સોળ પાંખડીઓ છે. માલણ આ ફૂલ જોઈને મનમાં ને મનમાં હરખાઈ રહી છે. પગ અને પદરવ વિના ચોરે ગાયની ચોરી કરી છે. આ ગાય વિયાંયા વિના જ શમરસ કે અમૃત રૂપી દૂધ આપે છે. આમ મછિંદ્રના પ્રસાદથી જતી ગોરખ કહે છે.

'વરસે ધરતી ને ભીંજાયે આસમાન,
સવળી વાણીના ગુરુજી પૂરા પરવાના...વરસે ૦
રાઈકા થર ઉપર મેરુ ઠેરાણા,
અધર આસન પર શિવજી થપાણા...વરસે ૦
રામ નામનાં સાચાં કરિયાણાં,
વ્હોરી લો વસ્તુને પરખી લો નાણાં...વરસે ૦
નવા નવા વેપારી જૂનાં જૂનાં નાણાં,
કીડી કેરા મુખ મેં હસ્તિ સમાણા...વરસે ૦
ઓહં સોહં ગુરુએ લહરો રે ચઢાઈ,
સાતે સાગર એક બુંદ મેં સમાઈ...વરસે ૦
મછંદર પ્રતાપે બોલ્યા ગોરખ વાણી,
સુણો ગુરુજી મારી જોગ કમાણી...વરસે ૦'(૫૩)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ચૌરંગીનાથ**

> 'અંગીન સોતિ અંગનિ જાલિલા, પાની સેતી સોષિણા પાની,
> બાઈ સેતી બાઈ ફેરિબા, તબ આકાસ મુષિ બોલિબા બાંણી,
> માલી બો ભલ માલી બો, સીચૈ સહજ કિયારી,
> ઉનમની કલા એક પુહુપ નિપાયા, આવાગમન નિવારી.' (૫૪)

**શબ્દાર્થ:** અંગનિ=અગ્નિ. જાલિબા=જલાવવું, સળગાવવું. બાઈ=વાયુ, પવન. આકાશ=ગગન. મુષિ=મુખ. ઉનમની=સમાધિ, મનોન્મની. પુહુપ=પુષ્પ. નિપાયા=ઉત્પન્ન કરવું.

**વાચ્યાર્થ:** અગ્નિમાં અગ્નિને પ્રગટાવો, પાણીથી પાણીને શોષિ લ્યો, પવનથી પવનને ફેરવી લ્યો ત્યારે આકાશમુખીવાણી બોલવા માંડશે એટલે કે ગગન મંડળમાં અનાહત્ નાદ સંભળાશે. માળીની જેમ જો આ કિયારી એટલે કે બગીચાનું રોજ સિંચન કરવામાં આવે તો મનોન્મની રૂપ એક કમળ ઉત્પન્ન થશે અને આવા-ગમન મટી જશે. અહીં ગોરખનાથના ગુરુભાઈ ચૌરંગીનાથ આવા-ગમન એટલે કે જનમ-મરણના ફેરામાંથી મુક્તિ મેળવવા કેવા પ્રકારની સાધના કરવી જોઈએ. તે બતાવવા અગ્નિમાં અગ્નિ પ્રગટાવવો, પાણીમાંથી પાણી શોષવું, પવનથી પવન ઉલટાવવો. જેવા ગૂઢાર્થયુક્ત, વ્યવહારિક ભાષા સંરચનાથી ભિન્ન એવી વાકય રચના સંયોજે છે.

**જલંધ્રીપાવ**

રાજા ગોપીચંદની માતા મૈંણાવતી કે મયનામતી તથા ગોપીચંદના ગુરુ જલંધ્રીપાવ કે જાલંધરીપાદના નામે રચાયેલ એક અવળવાણી રચના મળી આવે છે. ઉદા.

> 'સુંનિ મંડલ મૈં મન કા વાસા,
> તહાં પ્રમ જોતિ પ્રકાશા.
> આપૈં પૂછૈ આપૈ કહૈ,
> સતગુરુ મિલૈ તૌ પ્રમ પદ લહૈ.
> એક અચંભા ઐસા હુઆ,
> ગાગરિ માંહિ ઉસારબા કૂબા.
> બોછી લેજ પહૂંચૈ નાંહી,
> લોક પયાસા મેરિ મરિ જાહીં' (૫૫)

**શબ્દાર્થ :** સુંનિ મંડલ=સહસ્રાર, ગમન મંડલ. પ્રમ=પરમ. આપૈં=આત્મા. ઉસારબા = ઉલેચવું. કૂબા=કૂવો. બોછી=ઓછી, ટૂંકી. લેજ=દોરી.

**વાચ્યાર્થ:** સુન મંડલ-સહસ્રાર ચક્રમાં મનનો વાસ થાય તો પરમ જ્યોત પ્રકાશિત થાય. આત્માએ આત્માને પૂછયું ને આત્માએ કહ્યું, સદ્‌ગુરૂ મળે તો પરમપદની પ્રાપ્તિ થાય. એક આશ્ચર્ય એવું થયું કે, ગાગરમાંથી પાણી ઉલેચાઈને કૂવો ભરાવા લાગ્યો. પણ દોરી (સિંચણ) ટૂંકી હોય તો પાણી સુધી પહોંચે નહીં અને લોકો તરસ્યા મરી જાય. અહીં કૂવામાંથી ગાગર ભરવાને બદલે 'ગાગરમાંથી કૂવો ભરવો' એ કથન અવળું કથન બને છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ગરીબનાથ**

'પાતાલ કી મીંડકી આકાશ જંત લાવૈ,
ચન્દ્ર-સૂરિજ મિલૈ ગંગ જમન ગીત ગાવૈ.
સકલ બ્રહ્માંડ ઉલટિ અધર નાચૈ ડીબ,
સતિ સતિ ભાષંત સિધ ગરીબ.'(૫૬)

**શબ્દાર્થ :** પાતાલ=મૂલાધાર ચક્ર. મીંડકી=દેડકી, કુંડલિની. જંત=જંતુ. ચંદ્ર=સહસ્રાર સ્થિત ચંદ્રમા. સૂરિજ=મૂલાધાર સ્થિત સૂર્ય. ગંગ=ઇંગલા. જમન=પિંગલા.

**વાચ્યાર્થ:** પાતાળમાં રહેતી દેડકી આકાશી જીવ-જંતુને પકડી લાવે એટલે કે મૂલાધારમાં રહેલી કુંડલિની જાગૃત થઇ ગગન મંડલ સુધી પહોંચી જાય તો ઉત્તમ અવિનાશી તત્ત્વને પ્રાપ્ત કરી લે. ચંદ્ર-સૂરજનું મિલન થાય તો ગંગા-જમના મંગલ ગીત ગાય અને સકલ બ્રહ્માંડ ઊલટું થઈને નાચી ઉઠે. ગરીબનાથ કહે છે કે આ વાત સનાતન સત્ય છે કે નાભિસ્થાનમાં બાર કળાનો સૂર્ય આવેલો છે અને સહસ્રારમાં સોળ કળાનો ચંદ્ર આવેલો છે. બાર કળાનો આ સૂર્ય, સોળ કળાનો ચંદ્રનું શોષણ કરી રહ્યો છે. જે સાધના ક્ષેત્રે હાનિકારક છે. પરંતુ સાધક જો હઠયોગ દ્વારા એટલે કે 'હ' અને 'ઠ' ની ઉલટ સાધના દ્વારા સહસ્રાર સ્થિત ચંદ્ર સાથે સૂરજનું એટલે કે શિવ અને શક્તિનું મિલન કરાવી દે તો સાધક ચંદ્રમાંથી ઝરતા મહારસનું પાન કરી શકે. અને કાળ ઉપર વિજય મેળવી શકે.

**ભરથરી**

'જોગી ભરથરી ભરમિ ન ભૂલા,
તલિ કરિ ડીબી ઊપરિ કરિ ચૂલ્હા.
દોઇ લકડી જુગતિ કરિ બાલી,
જોગી ભરથરી જીવૈ જુગ ચારી.
અવધૂ જલ બિન કંવલ કંવલ બિન મધુકર,
કોઇલ બૌલે કંઠ બિના.
થલ બિન મૃઘ મૃઘ બિન પારધ,
એક સર બેધે પંચ જના.'(૫૭)

**શબ્દાર્થ :** તલિ=નીચે, તળિયે. ડીબી=વાસણ, પાત્ર. ચૂલ્હા=ચૂલો, ચિત્ત. દોઇ=બે. લકડી=બરતણ, ઇંડા-પિંગલા નાડી. જલ=પાણી, બિંદુ, પ્રાણ, રામરસ. કંવલ=કમળ.

**વાચ્યાર્થ:** નીચે પાત્ર અને પાત્રની ઉપર ચૂલો (ચિત્ત) મૂકી, યુક્તિ પૂર્વક તેને બે લાકડી (ઇંડા અને પિંગલા)દ્વારા સળગાવી પકાવવામાં આવ્યો છે. તેથી રાજા ભરથરી હવે સત્, દ્વાપર, ત્રેતા અને કળયુગ એમ ચારે યુગમાં જીવશે. આવા વચન યોગી ભરથરી ભ્રમ કે ભૂલથી નહીં પણ સંપૂર્ણ જાગૃત થઈને કહે છે. હે અવધૂ ! અહીં જલ નથી છતાં કમળ ખીલ્યું છે. કમળ નથી છતાં મધુકર અમૃત પાન કરી રહ્યો છે. કંઠ વિના કોયલ બોલી રહી છે. વન નથી, મૃગલો નથી, પારધી નથી છતાં એક જ બાણે પંચેન્દ્રિયો એટલે કે મૃગલો વિંધાઈ ગયો છે.

નાથ પરંપરા અને ખાસ કરીને ગોરખનાથના નામે મળી આવતી અવળવાણીઓના આધારે કહી શકાય કે 'વૈદિકકાળથી પ્રયોજાતી આવતી આ શૈલીને સ્વરૂપબદ્ધ અને આકારબદ્ધ કરવાનો યશ



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ગોરખનાથના કાળે જાય છે.' પૂર્વ પરંપરામાં પ્રતીક પ્રધાન એવી આ શૈલીમાં પ્રતીકોનો પ્રયોગ મર્યાદિત હતો. જયારે નાથ પરંપરામાં પ્રતીક પ્રયોગ અર્થ સંકોચ અને અર્થ વિસ્તાર એમ બન્ને રીતે વિકાસ સાધે છે. સાથે સાંપ્રદાયિક સિદ્ધાંતો રક્ષવા, પરંપરિત પ્રતીકોને વિચ્છેદી નવ્ય પ્રતીકો પ્રયોજવાનું પ્રમાણ વધે છે. જેમ કે બૌદ્ધ પરંપરામાં વિકૃતિ સુધી પહોંચેલા યૌન વ્યભિચારના પ્રત્યાઘાત રૂપે નાથ પરંપરામાં ચારિત્ર્ય શુદ્ધિ અને અષ્ટાંગયોગની ક્રિયાનો આગ્રહ સેવાયો. પરિણામે સાધનાક્ષેત્રમાંથી નારીનો બહિષ્કાર થયો. આથી નાથ પરંપરામાં શૃંગાર પ્રધાન વાચ્યાર્થવાળી રૂપકાત્મક પદ રચનાઓનું રચનાકૌશલ મંદ પડ્યું. અને ડોમ્બિ, રસના, માતંગી, યોગિની, શબરી, છિનાલી, લલના, અવધૂતિ જેવા પ્રતીકોને ત્યજી ગંગા, જમના, પારધી, મૃગ, કીડા, શિયાળ, હંસ, માછલી વગેરે લોક જીવન સાથે જોડાયેલા પદાર્થો, પશુ-પક્ષીઓ અને પ્રાકૃતિક તત્ત્વોને પ્રતીક રૂપે પ્રયોજ્યા.

## ભારતીય સંતસાહિત્યમાં અવળવાણી

ભારતીય સંતસાહિત્યના પ્રાદુર્ભાવ સંદર્ભે સાંઇ મકરન્દ દવેનું નિરીક્ષણ ધ્યાનાર્હ છે. તેઓ લખે છે કે-'શંકરના જ્ઞાન અને ગોરખની યોગ ક્રિયા પછી રામાનુજને રૂપે ભારતની ક્ષિતિજ પર ઉપાસનાનો ઉદય થયો. એમ તો રામાનુજ પહેલાં પણ ભક્તિનું શીળું પ્રભામંડળ બંધાવા લાગ્યું. હતું. રામાનુજના દાદાગુરુ નાથમુનિએ 'નાડાયિરં પ્રબંધમ્' નામે આળવાર સંતોના ૪૦૦૦ ભજનોનો સંગ્રહ કર્યો હતો. આજે પણ દક્ષિણના મંદિરોમાં આ પદો ગવાય છે, અને 'તામિલ વેદ' તરીકે એનું સમ્માન થાય છે. દ્રાવિડ પ્રબંધમ્નાં આ પદોનો ગુંજાર ધીરે ધીરે ઉત્તર ભણી આગળ વધ્યો, અને જયદેવ, વિદ્યાપતિ, ચંડીદાસ વગેરેના કંઠમાં નવજીવન પામ્યો.'(૫૮)

રામાનુજની પાંચમી પેઢીએ સમગ્ર મધ્યકાળના ગુરુ રામાનંદ આવે છે. રામાનુજ સંપ્રદાયના આચાર બહુ કડક હતા તેથી તે આચારી સંપ્રદાય તરીકે ઓળખાય છે. રામાનંદ જ્યારે ભારતમાં પરિભ્રમણ કરી રહ્યાં હતા, ત્યારે આ આચારોનું સંપૂર્ણ પાલન કરવાનું તેમને મુશ્કેલ જણાયું. તેમને સમજાયું કે ભક્તિમાર્ગ આટલો કઠિન, કપરો અને નિયમબદ્ધ હોય તો સામાન્ય લોક સમાજ તેને કેમ પાળી શકે ? પરિણામે રામાનંદે પોતાનું કૃત્રિમ ઉચ્ચસ્થાન છોડી પ્રેમ અને ભક્તિનું સહજ સ્થાન સ્વીકાર્યું. સાધનાનો અધિકારી સૌ કોઈ બની શકે, માટે અધ્યાત્મનો ઉપદેશ સંસ્કૃત જેવી કઠિન ભાષાને ત્યજી લોકભાષામાં આપવા લાગ્યા. **પરિણામે સારાયે ભારતમાં શાસ્ત્ર વાણીને બદલે સંતવાણીનો મહિમા પ્રવર્તાયો.**

આમ ભારતીય સંત સાહિત્યના પ્રાદુર્ભાવમાં નાત-જાતના ભેદભાવ, અવતારવાદ અને વિધર્મિઓના આક્રમણ જેવા પરિબળો ઉપરાંત યુગોથી ચાલતા આવતા ભારતીય અધ્યાત્મ ચિંતનને લોકાભિવ્યક્તિનું રૂપ આપવાની પ્રવૃત્તિએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

અધ્યાત્મદર્શી પૂર્વસૂરિઓની જેમ લોક સંતોની પણ મુખ્ય સમસ્યા એ હતી કે સાધનાકીય ક્ષેત્રે તેને થયેલી અલૌકિક અનુભૂતિને અક્ષુણ્ણ રાખીને સામાન્ય લોક સમાજ સુધી કઇ રીતે પહોંચાડવી? જો તેને સરળભાષામાં અભિવ્યક્ત કરે તો તે કુપાત્રના હાથમાં પડી જાય અને તેના અનર્થો કે દુર્વ્યય થાય. અને જો તેને તે અભિવ્યક્ત ન કરે તો અધિકારી વર્ગ એનાથી વંચિત રહી જાય. આ બંને બાજુઓને ન્યાય મળી રહે એ માટે, લોક સંતોએ પૂર્વસૂરિઓમાંથી પ્રેરણા લઇ પોતાને થયેલ અલૌકિક અનુભૂતિને વ્યકત કરવા 'અવળવાણી'નો સહારો લીધો.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

સંત સાહિત્યના પ્રાદુર્ભાવ સંદર્ભે આગળ કહ્યું તેમ, સંત સાહિત્યની સરવાણી તો કબીર સાહેબ અને તેના દાદાગુરુ રામાનુજ પહેલાથી સજીવન થઇ ચૂકી હતી. જેનું વિકસિત રૂપ આપણે જ્ઞાનદેવ,નામદેવ,જયદેવ,ત્રિલોચન, સદન, બેની વગેરેમાં જોઇ શકીએ છીએ. અહીં કબીર સાહેબ પૂર્વે ઇ.સ. ૧૨૭૦ માં મહારાષ્ટ્રમાં જન્મેલ જ્ઞાનદેવના શિષ્ય સંત નામદેવના નામે મળી આવતી અવળવાણી શૈલીનું એક ઉદાહરણ જોઇએ.

**નામદેવ**

'અણમડિયા મંદલુ બાજૈ, બિનુ સાવણ ઘનહરુ ગાજૈ.
બાદલ બિનુ બરખા હોઇ, જઉ તતુ બિચારૈ કોઇ.
મોકઉ મિલિઓ રામુ સનેહી, જિહ મિલિએ દેહ સુદેહી.
મિલિ પારસ કંચનુ હોઇઆ, મુખ મનસા રતનુ પરોઇઆ.
નિજ ભાઉ ભઇઆ ભ્રમુ ભાગા, ગુર પૂછે મનુ પતીઆગા.
જલ ભીતરી કુંભ સમાનિઆ, સભ રામુ એકુ કરિ જાનિઆ.
ગુર ચેલે હૈ મનુ માનિઆ, જન નામે તતુ પિછાનિઆ'(૫૯)

**શબ્દાર્થ :** અણમઢિયા= મઢેલો નહીં એવો. મંદલુ= ઢોલ, મૃદંગ. ઘનહરુ= ઘનઘોર. તતુ = તત્ત્વ. રામુ સનેહી= રામ, પરમાત્માનો પ્રિય, સતગુરુ. પતિઆગા= વિશ્વાસ.

**વાચ્યાર્થ :** સદ્‌ગુરુની કૃપા થતાં, ચામડાથી મઢેલ ન હોતો તેવો ઢોલ-મૃદંગ વાગવા લાગ્યો. વર્ષાઋતુ નહોતી છતાં ઘનઘોર-ગાજ-વીજ થવા લાગી. વાદળ વિના જ વર્ષા થવા લાગી. આ તત્ત્વને કોણ ઓળખી શકે ? જેમ દેહ અને દેહી મળે એમ મને કોઇ પરમાત્માનો પ્યારો સદ્‌ગુરુ મળી ગયો છે. અને પારસમણીના સંસ્પર્શથી જેમ લોઢું કંચન બની જાય તેમ સદ્‌ગુરુના સંસ્પર્શથી હું કંચન બની ગયો અને પરમતત્ત્વને સમજી ગયો છું. સદ્‌ગુરુની કૃપાથી મારી તમામ ભ્રમણાઓ ભાંગી ગઇ. સ્વરૂપ સમજાતાં ઘડો મહાસાગરમાં સમાઇ ગયો. એટલે કે બુંદ સાગર બની ગયું, તત્ત્વના ભેદ મટી ગયા. ગુરુ પોતે જ ચેલો છે એવી પ્રતીતિ થતાં ગુરુના વચન (નામ)થી તત્ત્વને ઓળખી લીધું.

**કબીર સાહેબ**

ભારતીય સંત પરંપરામાં જેનું સ્થાન સૌથી મોખરાનું છે અને ગુજરાતી સંતો-ભક્તો ઉપર જેનો પ્રભાવ આજ સુધી વર્તાતો આવ્યો છે તે કબીર સાહેબના નામે હિન્દી-સધૂકડી અને ગુજરાતી કરણ પામેલ અનેક અવળવાણી શૈલીની રચનાઓ મળી આવે છે. અહીં એકાદ રચના જોઇએ. -

'એક અચંભા દેખા રે ભાઇ,ઠાઢ઼ા સિંહ ચરાવૈ ગાય.
પહલે પૂત પીછે ભઇ માઇ, ચેલા કે ગુરુ લાગૈ પાઇ.
જલ કી મછરી તરવરિ બ્યાઇ, પકડ઼િ બિલાઇ મૂસૈ ખાઇ.
બૈલહિ ડારિ ગૂંનિ ઘરિ આઇ, કૂતા કૂં લૈ ગઇ બિલાઇ.
તલિ કરિ સાષા ઉપરિ કરિ મૂલ, બહુત ભાંતિ જડ઼ લાગૈ ફૂલ.
કહૈં કબીર યા પદ કો બૂઝૈ, તાકૂં તીન્યૂ ત્રિભવન સૂઝૈ.'(૬૦)

**શબ્દાર્થ :** ઠાઢા= બળવાન. પૂત= પુત્ર. માઇ= મા,માતા. મછરી= માછલી. તરુવરિ= વૃક્ષ. બ્યાઇ= વિયાવુ. બિલાઇ= બિલાડી. મુરગૈ= મરઘો,કૂકડો. બૈલ= બળદ. ગૂંનિ= ગૂણ, કોથળો. કૂતા= કૂતરો. તલિ= નીચે, તળિયે. સાષા= શાખા, ડાળી. જડ઼= મૂળ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**વાચ્યાર્થ :** હે ભાઈઓ અમે એક આશ્ચર્ય જોયું કે, અત્યંત બળવાન એવો સિંહ ગાયોને ચરાવી રહ્યો છે. પહેલા પુત્રનો જન્મ થયો છે અને પછી માતા જન્મી છે. ગુરૂ ચેલાને પગે લાગી રહ્યો છે. જળમાં રહેનારી માછલી વૃક્ષ પર ચઢી ગઈ છે અને ત્યાં વિયાણી છે. કૂકડો બિલાડીને પકડીને ખાઈ ગયો છે. વજનદાર કોથળો બળદને ઉપાડીને ઘરે આવી ગયો. બિલાડી કૂતરાને ઉપાડી ગઈ. જેની શાખા-ડાળીઓ તળિયે છે અને મૂળિયા ઉપર તરફ છે એવા વૃક્ષના મૂળમાં વિવિધ પ્રકારના ફળ લાગ્યા છે. કબીર કહે છે જે કોઈ આ પદને સમજી શકે તેને ત્રણે લોકનું જ્ઞાન થઈ જાય.

**ધની ધરમદાસ**

'હમેં એક અચરજ જાનિ પડૈ.
જલ ભીતર ઈક બૃચ્છા ઉપજૈ, તા મેં અગિન જરે.
ઠાઢ़ી શાખા પવન ઝકોરે, દીપક જોતિ બરૈ.
માથે પર તિરબેની બહત હૈ, ચઢિ ઉપર અસનાન કરે.
લરજૈ ગરજૈ દામિનિ દમકૈ, કામિનિ કલસ ભરૈ.
મટ્ટી કા ગઢ़ કોટ બના હૈ, જા મેં ફૌજ લડ़ૈ.
સૂરબીર કોઉ નજરિ ન આવૈ, નાહક રાર કરૈ.
સાહેબ અમર મરૈ ના કબહૂઁ, નાહક સોચ કરૈ.
ધરમદાસ યા પદ કો ગાવૈ, ફિર કબહૂઁ ન ટરૈ.' (૬૧)

**શબ્દાર્થ :** બૃચ્છા=વૃક્ષ. અગિન=અગ્નિ, આગ. ઠાઢ़ી શાખા=સીધી ડાળી. તિરબેની=ત્રિવેણી. દાત્રિનિ=વીજળી. દમકે=ચમકે. કામિનિ=સુંદરી. કલસ=કળશ, ઘડો. રાર=ઝઘડો. સાહેબ=સ્વામી, પરમાત્મા. સોચ=ચિન્તા.

**વાચ્યાર્થ :** અમને એક અચરજ જોવા મળ્યું છે, પાણીની અંદર એક વૃક્ષ જનમ્યું છે ને તેમાં આગ લાગી છે. સીધી ડાળી એટલે કે મેરુ દંડમાં પવન આવ-જા થઈ રહ્યો છે ને ત્યાં દીવાનીજ્યોત પ્રગટી છે. માથા પર એટલે કે લલાટમાં ત્રણ નાડીઓનું સંગમ સ્થળ છે. ત્યાંથી ઉપર ચડીને સહસ્રારમાં સ્નાન કરે છે યાને એકરૂપ, તદાકાર બને છે. જ્યાં આત્મ જ્યોતિરૂપ વીજળી ચમકી રહી છે અને સાધક જીવ-સુરતિરૂપ સુંદરી શરીરરૂપી ઘડાને ભરી રહી છે. માટીથી બનેલા આ કિલ્લામાં સૈન્ય લડી રહ્યું છે. ત્યાં કોઈ શૂરવીર નથી, નાહકના બધાં ઝઘડો કરી રહ્યાં છે. અર્થાત્, શરીર રૂપી ગઢમાં ઈન્દ્રિયોરૂપી લશ્કર લડી રહ્યું છે ને ત્યાં કોઈ સાધક નથી. અંદર બેઠેલો સાહેબ-પરમાત્મા ક્યારેય કોઈથી મરતો નથી. આપણે નાહકની ચિંતા કરીએ છીએ. ધરમદાસ કહે છે જે કોઈ આ પદ ગાશે તે ક્યારેય વિચલિત નહીં થાય-

**સંત એકનાથજી**

'નાથ કે ઘર કી ઉલટી નિશાની, બેહદ પ્યાસા હો ગયા પાની.
ભીતર ગાગર બાહર પાની, પાની સે મિલ ગયા દેખો પાની,
આજ મૈને એક અજૂબા દેખા, ઓલતી કા પાની મુંડ़ેર તક ગયા.
કાષ્ટકારને ખેત કો બોયાં, ખેત રખવાલે કો નિગલ ગયાં.
હંડી ખા ગયે ચાવલ ડાલ દિયા, બકરે કે સામને દેવતા કો કાટ લિયા.
એકા જનાર્દની માર્ગ હૈ ઉલટા, જો જાને વહી ગુરૂ કા હૈ બેટા.'(૬૨)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**શબ્દાર્થ :** અજૂબા= અજાયબી. ઓલતી= નેવું. મુંડેર= મોભ. હંડી= હાંડલી,વાસણ. ચાવલ= અનાજ. જનાર્દન= વિષ્ણુ,કૃષ્ણ,ઈશ્વર.

**વાચ્યાર્થ :** નાથ પરંપરાની રીત ઉલટી છે. અહીં ખુદ તરસ્યો પોતે જ પાણી બની ગયો છે, અર્થાત્, પાણીને તરસ લાગી છે. અને આ પાણી ગાગરમાં ભરેલું નથી. પણ પાણીરૂપી વાસણમાં ગાગર ભરેલી છે. અને વળી પાણીમાં પાણી ભળી ગયું છે. મેં આજ એક એવી અજાયબી જોઇ કે નેવાંનાં પાણી મોભે ચડી ગયા છે. બીજું કાષ્ટકાર ખેતી કરી રહ્યો છે ને ખેતરને તેનો રખેવાળ જ ખાઇ રહ્યો છે. અનાજ રાંધવાનું વાસણ જ અનાજને ખાઇ ગયું. બકરાને દેવતાની બલિ ચડાવી દીધી. હે એકનાથ ઈશ્વરને પામવાનો માર્ગ ઉલટો છે. જે આ ઉલટી રીત જાણે છે એજ ગુરુનો સાચો દીકરો છે.

**દાદૂ દયાલ**

'મુંનૈ એહ અચંભૌ થાએ,
કીડિયે હસ્તી બિડારયૌ, તેન્હૈ બૈઠી ષાએ.
જાંણ હુતૌ તે બૈઠૌ હારે, અજાંણ તેન્હૈ તા બાહૈ,
પાંગુલૌ ઉજાવા લાગૌ, તેન્હૈ કર કો સાહૈ,
નાન્હૌ હુતૌ તૈ મોટો થાયો, ગગન મંડલ નહીં ભાએ.
મોટેરો વિસ્તાર ભંણીજૈ, તે તૌ કીન્હો ન જાએ.'(૬૩)

**શબ્દાર્થ :** મુંનૈ= મને. બિડારયૌ= માર્યો. જાંણ= જાણતલ,જ્ઞાનિ. પાંગુલૌ= અપંગ. ઉજાવા= ઉડવા. નાન્હૌ= નાનો,સૂક્ષ્મ. ભાએ= સમાવવું.

**વાચ્યાર્થ :** મને એ આશ્ચર્ય થાય છે કે કીડી હાથીનો શિકાર કરીને બેઠી બેઠી તેને ખાઇ રહી છે. જ્ઞાની હતો તે હારી ગયો છે અને અજ્ઞાનીએ જીત મેળવી છે. અપંગ આકાશમાં ઉડવા લાગ્યો છે તેનો હાથ કોણ પકડે. જે નાનો-સૂક્ષ્મ હતો તે સારાયે બ્રહ્માંડમાં સમાઇ ન શકે એટલો વિશાળ-મોટો થયો છે. આ મોટાનું જે વિશાળરૂપ છે તેને કેમ સમજાવવું ?

**સંત રજ્જબ**

'સંતો દેખ્યા અદ્‌ભૂત ખેલા,
મચ્છી મધ્ય સમુદ્ર સમાના, અજા સિંહ સૌ મેલા,
આદિત્ય માંહિ આકાશ ઉદીપયા, સીપ સમાની મોતી,
ઐસી હુઇ કહી કો સમજૈ દીસૈ સો અણહોતી,
આભોં બૂંદ અશમ સો વર્ષે, તીર કમાન ચલાવૈ,
ચીટી માંહિ ચકહુ સબ પૈઠી, ઢૂંઢયોં હાથ ન આવૈ,
પર્વત ઉડે પંખિ થિર બૈઠી, રાહુ કેતુ શશિ ખાઐ,
જન રજ્જબ જગપતિ કે મારગ, પંગુલ પર ચઢિ ધાયે.'(૬૪)

**શબ્દાર્થ :** અજા=બકરી. આદિત્ય=સૂર્ય. ચકહુ=પક્ષી. અણહોતી=અનહોની, અસંભવ.

**વાચ્યાર્થ :** સંતો ! મેં એક અદ્‌ભૂત ખેલ જોયો. માછલીમાં સમુદ્ર સમાઇ ગયો, બકરી અને સિંહનો મેળાપ થયો. સૂર્યમાં આકાશ પ્રગટ થયું અને મોતીમાં છીપ સમાઇ ગઇ. જે અસંભવ હતું તે સંભવ થયું એને કોણ સમજે? ઝાંકળનાં બુંદમાંથી આભ વરસી રહ્યું છે. તીરમાંથી કમાન છૂટી



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

રહી છે. પર્વત ઊડે છે ને પક્ષી સ્થિર બેઠું છે. ચંદ્ર રાહુ-કેતુને ગ્રસી રહ્યો છે. રજ્જબ કહે છે કે પરમાત્માના મારગે અપંગ દોડી રહ્યો છે.

**સુન્દરદાસ**

દાદૂ દયાળના શિષ્ય સુન્દરદાસ સંત પરંપરામાં સર્વાધિક શિક્ષિત, શાસ્ત્રજ્ઞ સંત કવિ છે. તેનો જન્મ ચૈત્ર સુદ ૯, સંવત ૧૬૫૩ માં જયપુર રાજયની પ્રાચીન રાજધાની ધૌસામાં થયો હતો. સર્જક ચેતનાથી ભરપુર સુન્દર દાસ પાસેથી ૪૨ જેટલાં ગ્રંથો પ્રાપ્ત થાય છે. અવળવાણી પ્રકારની રચનાઓ સંદર્ભે વિચારીએ તો કબીર સાહેબ પછી ઉત્તમ પ્રકારની અવળવાણી શૈલીની રચનાઓ સુન્દરદાસ પાસેથી પ્રાપ્ત થાય છે.

'કુંજરકૂં કીરી ગિલી બૈઠી, સિંઘહી ખાઈ અઘાનો શ્યાલ,
મછરી અગ્નિમાંહી સુખ પાયો, જલમેં બહુત હુતી બેહાલ ;
પંગુ ચઢયો પર્વતકે ઉપર, મૃતકહી દેખી ડરાનો કાલ,
જો કોઉ અનુભવી હોય સો જાનૈ, સુંદર ઐસા ઊલટા ખ્યાલ.'(૬૫)

**શબ્દાર્થ :** કુંજર=હાથી. કીરી=કીડી. ગિલિ બૈઠી=ગળી ગઈ. સિંઘ=સિંહ. સ્યાલ= શિયાળ. મછરી=માછલી. પંગુ=અપંગ. મૃતકહિ=મરેલ, મડદુ. દેષિ=દેખી, જોઈને. કાલ=કાળ, યમરાજ, મૃત્યુ. ઉલટાખ્યાલ=અવળો વિચાર, ઉલટવાસની અવસ્થાનો વિચાર.

**વાચ્યાર્થ :** હાથીને કીડી ગળી ગઈ. શિયાળ સિંહને ખાઈ ગયો. માછલીને પાણીમાં બહુ પીડા થઈ અને અગ્નિમાં પડી તો આનંદ થયો. અપંગ પર્વત ઉપર ચડી ગયો અને મૃતકને જોઈને કાળ ડરવા લાગ્યો. સુન્દર દાસ કહે છે કે જે અનુભવી હોય તે જ આ અવળા વિચારને સમજી શકે.

**હરિદાસજી**

'બેલી લો તતબેલી લો, કાટી બેલી બધેલી લો.
ચંદ સૂર દોજ સમ કરિ રાષ્યા, સાસ સબદ સંગ લાયા લો.
ગંગા મૂલ તહાં રસ ઉલટૈ, બેલિત કૌ રસ ષાયા લો.
ઈલા પિંગલા સુષમનિ મેલા, તા સુષ બેલિ સમાની લો.
તરવર અગમ અણી તહાં લાગી, બેલિ કીયા વિસ્તારા લો.
કાટી બેલી અમરફલ લાગા, બિન કાટી ફલષારા લો.
વાસ બિકટ કોઈ પાન ન પૈડે, મૃગ બસૈ તા માંહી લો.
પાઈક પાંચ પહરવા રાખ્યા, ઉદય અસ્ત દોઈ નાહીં લો.
ગગન મંડલ મેં બેલિ બિલૂંધી, મૂલ મતા મૈં આયા લો.
જન હરિદાસ આત્મા કે અંતરિ, સત્‌ગુર સાંચ બતાયા લો.'(૬૬)

**શબ્દાર્થ :** તતબેલી=માયા રૂપી વેલ, ચંદ સૂર=મૂલાધાર સ્થિત સૂર્ય અને સહસ્રાર સ્થિત ચંદ્ર. રાષ્યા=રાખ્યા. સાસ=શ્વાસ. સબદ=ધ્વનિ, ગુરુ વચન. ગંગા=ઈડા કે ઈંગલા નાડી. (ચંદ્રમાંથી ઝરતા અમૃતને સૂર્ય ઈડા નાડી દ્વારા અધોગામી બનાવી શોષી લે છે. જો તેને ઉલટાવી નાંખવામાં આવે તો અમૃતનો બચાવ થાય.) ઈલા પિંગલા સુષમનિ મેલા=ત્રિવેણી સંગમ, દશમું દ્વાર. ફલષારા=ખારા ફળ. વાસ બિકટ=ગાઢ જંગલ. મૃગ=પંચેન્દ્રિય, ઈન્દ્રિઓનો સમૂહ. પહરવા=પહેરેદાર. રાષ્યા =રાખ્યા. ગગન મંડલ=સહસ્રાર. મૂલમતા=મૂળરૂપ,સ્વરૂપ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**વાચ્યાર્થ :** આત્મા કે સ્વરૂપને જેણે ગ્રસી કે ઢાંકી દીધું છે તે માયારૂપી વેલડીને હું સમજી ગયો છું, આ વેલ એવી છે કે તેને કાપી નાખો તો વધે છે. શ્વાસોચ્છ્વાસ કે પ્રાણાયામની ક્રિયા અને ગુરુના વચનને આધારે ચંદ્ર-સૂર્ય બંનેને સાધી લીધા છે. પરિણામે હવે ઈડાનાડીનું વહેણ બદલતાં એટલે કે ઉલટ થતાં અમૃત સ્રાવ વેડફાતો નથી. અને વેલી એટલે કે માયા તેમાં સમાઈ ગઈ છે. વૃક્ષની ટોચ ઉપર વેલીનો વિસ્તાર થયો છે. આ વેલીને જ્યાં સુધી કાપી નહોતી ત્યાં સુધી તેના ફળ ખારા એટલે કે નાશવંત હતાં. પણ તેને કાપી નાંખતા તેમાં અમરફળ લાગ્યાં છે. અહીં કોઈ ગાઢ જંગલ નથી છતાં તેમાં મૃગે વાસ કર્યો છે. પાંચ ચોકીદાર રાખ્યાં છે. અહીં ઉદય કે અસ્ત કંઈ નથી. ગગન મંડલમાં વેલી ફાલીફૂલી છે. સદ્‌ગુરુના પ્રતાપે જન હરિદાસે આત્મામાં ઊતરી, મૂળરૂપ-સ્વરૂપના દર્શન કરી લીધા છે.

**સેવાદાસ**

'એક અચંભા એસા ભયા, ઉલટી સ્યાલ સિંઘ કું ગહ્યા,
બકરી ઉલટિ ચીતા કૂં ઘેર્‌યા, ફિરિ મૂસૈ ગહી મંજારી,
સુસૈ સ્વાંન કૂં બન મેં ઘેર્‌યા, અબ ભયા અચંભા ભારી,
ફિરિ સિંઘ ગાઈ કી રછ્યા કરહી, મીંડક સાપ વસિ કીયા,
મકડી કૂં માષી ગહિ રાષી, ચિંડે સિંચાણ ગહિ લીયા,
ફિરિ મુરગૈ દોડી બિલાઈ પકડીં તીતેર સિકરા માર્‌યા,
મૃઘ ભીલ કૂં ચૌડે રોકયાં, દાદર સરપ સિંઘ ડાર્‌યા,
રાજ કરૈ બાંઝ કૈં બૈટા, અરિદલ સબૈ સિંઘારૈ,
જાન સેવાદાસ સોઈ જન સૂરા, યા પદ કા અરથ બિચારે.'(૬૭)

**શબ્દાર્થ :-** અચંભો=આશ્ચર્ય. સ્યાલ=શિયાળ. સિંઘ=સિંહ. ચીતા=વાઘ. ઘેર્‌યા= ઘેરી લેવું, કબજામાં લેવું. મૂસૈ=ઊંદર. મંજારી=બિલાડી. સુસૈ=સસલું. સ્વાન=કૂતરો. ગાઈ= ગાય. મીંડક=દેડકો. મકડી=કરોળિયો. માષી=માખી. ચિંડે=ચકલો. સિંચાણ=બાજ. મુરગૈ= મુરઘો. મૃઘ=હરણ. દાદર=દેડકો.

**વાચ્યાર્થ :-** એક આશ્ચર્ય એવું થયું કે સિંહ શિયાળના કાબુમાં આવી ગયો. બકરીએ ચીત્તાને ઘેરી લીધો. ઊંદરે બિલાડીને કાબુમાં લઈ લીધી અને વનમાં સસલાએ કૂતરાને ઘેરી લીધો. વળી, ત્યારે બહું આશ્ચર્ય થયું કે સિંહ ગાયનું રક્ષણ કરવા માંડયો. દેડકાએ સાપને વશ કર્યો. માખીએ કરોળિયાને કાબુમાં લીધો, ચકલાએ બાજને પકડી લીધો. ફરી મુરઘાએ દોડીને બિલાડીને પકડી, તેતરે શકરાને માર્યો. હરણાએ ભીલને રોકી દીધો. દેડકાએ સાપને ડરાવ્યો. દુશ્મન બધા હારી ગયા અને વાંઝિયાનો બેટો રાજ કરે છે. સેવાદાસજી કહે છે કે આ પદનો જે અર્થ કરી આપે તેને હું શૂરવીર જાણું.

**ચારી સાહેબ**

'જમી બરખૈ અસમાન ભીંજૈ, બિન બાતિહિ તેલ જલાઈયે... જી.
ઉહાં નૂર તજલ્લી બીચ હૈરે, બેરંગી રંગ દિખાઈએ...જી,
ફૂલ બિના જદિ ફલ હોવૈ, તહિ હીર કી લજ્જત પાઈયે...જી,
ચારી કહૈ યહિ કૌન બૂઝૈ, યહ કા સોં બાત જનાઈયે ...જી.'(૬૮)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**શબ્દાર્થ :** જમીં = પૃથ્વી. બરખૈ = વરસે. અસમાન = આકાશ. બાતિ = અગ્નિ, જ્યોત, દિપક. નૂર તજલ્લી = દિવ્ય પ્રકાશ, બ્રહ્મ જયોત. બેરંગી = રંગ વિનાનું, વર્ણવિહિન. હીર = હીરો, પ્રકાશિત હીરો.

**વાચ્યાર્થ :** પૃથ્વી વરસી રહી છે અને આકાશ ભીંજાઇ રહ્યું છે. કોઇ પણ પ્રકારના ઇંધણ વિના જ દિવ્ય જ્યોત પ્રગટી છે. ત્યાં ત્રિકૂટિની મધ્યમાં કોઇ પણ પ્રકારના રંગ વિનાની, નિરાકાર એવી બ્રહ્મ જ્યોત દેખાઇ રહી છે. જ્યારે ફૂલ વિના જ સિધ્ધા ફળ આવે ત્યારે સાચા હીરાનો પ્રકાશ પામી શકાય છે. યારી સાહેબ કહે છે કે આ વાત કોણ સમજે? આ વાત મારે કયાં જઇને કરવી?

**દરિયા સાહેબ (બિહાર)**

'અવધૂ કહે સુને કા કોઇ,
જો કોઇ શબ્દ અનાહદ બૂઝૈ, ગુરુ જ્ઞાની હૈ સોઇ,
થાકે બાટ ચલત ના થાકે, થાકે મુનિવર લોઇ,
પ્યાસ વાલા કે મિલૈ ન પાની, અન પ્યાસે જલ બોહો,
પહિલે બીજ ફૂલ ફળ લાગા, ફૂલ દેખિ બીજ નસાઇ,
જહાં બાસ તહં ભોંરા નાહીં, અનબાસે લપટાઇ,
જહાં ગગન તહં તારા નાહીં, ચન્દ સૂર કા મેલા,
જહાં સૂરજ તહં પવન ન પાની, યેહિ બિધિ અવિગત ખેલા,
જબ સરૂપ તબ રૂપ ન દેખે, જહાં છાંહ તહં ધૂપા,
બિનું જલ નદિયા માંછ બિયાની, ઇક બકતા ઇક ચૂપા,
બૃચ્છ એક તૈંતિસ તન લાગા, અમૃત ફલ બિનુ પીયા,
કહેં દરિયા કોઇ સંત બિબેકી, મૂવત ઉઢિ કૈ જીયા.'(૬૯)

**શબ્દાર્થ:–** બૂઝૈ= સમજવું. લોઇ= લોક. બોહો= ટોવું, પાણી પીવું. બાસ = સુગંધ. બૃચ્છ= વૃક્ષ. મૂવત= મરેલા.

**વાચ્યાર્થ :–** હે અવધૂ ! સાંભળેલું તો સૌ કોઇ કહે છે પણ જે અનાહત શબ્દ (ધ્વનિ)ને સાંભળે કે સમજે છે તે જ સાચો ગુરુ જ્ઞાની છે. રસ્તો થાકી જાય છે પણ ચાલનાર થાકતો નથી. અર્થાત્ સાધનાના પંથે ચાલનાર મુનિવર કયારેય થાકતો નથી. તરસ્યાને પાણી મળતું નથી અને જેને તરસ નથી એને પાણી પાય છે. આ વૃક્ષ વિચિત્ર છે. એમાં પહેલા બીજ આવે છે. અને પછી ફૂલ અને ફળ લાગે છે અને વળી ફૂલ દેખીને બીજ નષ્ટ થઇ જાય છે. જ્યાં સુંગધ છે ત્યાં ભમરો જતો નથી. અને જ્યાં સુંગધ નથી તેમાં ભમરો મોહ પામે છે. આ આકાશ પણ વિચિત્ર છે. આ ગગનમાં ચંદ્ર-સૂરજ કે તારાઓ નથી. અહીં તો પવન અને પાણી પણ નથી એટલે કે સારા બ્રહ્માંડની રચના જે પંચતત્ત્વોથી થાય છે. તે પંચતત્ત્વ ન હોવા છતાં આ ખેલ-લીલા વિલસી રહી છે. જ્યાં છાંયો છે, ત્યાં તડકો છે. તેને સ્વરૂપ છે પણ રૂપ નથી. જળ વિના નદીઓ વહે છે અને તેમાં માછલીઓ વિયાણી છે. એક બોલે છે. અને એક ચૂપ છે. એક વૃક્ષમાં તેત્રીસ પ્રકારના ફળ લાગ્યા છે. દરિયા સાહેબ કહે છે કે સાચો સંત તો મરીને જીવે છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**દરિયા સાહેબ ( મારવાડ વાળા )**

'અબ મેરે સતગુરુ કરી સહાય,
ભરમ ભરમ બહુ અવધિ ગંવાઈ, મેં આપહિમેં થિત પાઈ.
હિરની જાય સિંઘ ઘર રોકા, ડરપ સિંહની હારી,
સોતા સાહ હોય કર નિર્ભય, બસ્તુ કરૈ રખવારી.
અજગર ઉડા શિખર કો ડાંકા, ગરુડ થકિત હોય બૈઠા,
ભૌમ ઉલટ કર ચઢી અકાસા, ગગન ભૌમ મેં પૈઠા.
સિંઘ ભયા જાય સ્યાલ અધીના, મચ્છા ચૈઢ અકાસા,
કુરમ જાય અગન મેં સોતા, દેખે ખલક તમાસા.
રાજા રંક મહલ મેં પૌઢા, રાની તહાં સિધારી,
જન દરિયા વા પદ કૌ પરસૈ, તા જન કી બલિહારી.'(૭૦)

**શબ્દાર્થ :** થિત=સ્થિરતા, હિરની=હરણ, ભૌમ=ધરતી, સિંઘ= સિંહ, સ્યાલ=શિયાળ, મચ્છા=માછલી, કુરમ=કાચબો, ખલક=લોકો, સિધારી=સેવા.

**વાચ્યાર્થ :** સદ્દગુરૂની સહાય થતાં ભ્રમણા ભાંગી અને મેં મારા અંતઃકરણમાં જ સ્થિરતા પ્રાપ્ત કરી. આ સ્થિતિમાં હરણરૂપ સાત્ત્વિક બુદ્ધિએ સિંહરૂપ મનને હરાવી દીધું. પરિણામે અંતર્મુખી સાત્ત્વિક મન હવે શાંત બની ગયું છે. જે હવે વિકલ્પોથી મુકત, નિઃશંક ભય રહિત બની શાંતિથી સૂતું છે અને વસ્તુરૂપ આત્મા તેની રખેવાળી કરે છે. મન અંતર્મુખી થવાથી બુદ્ધિમાં પડેલો અજગરરૂપી અહંકાર ઊડી મેરુ શિખર ઉપર આરૂઢ થઇ ગયો છે. વિચારની આ સૂક્ષ્મતાથી પ્રભાવિત થઇ ગરૂડરૂપી મનની શક્તિ ક્ષીણ થઇ ગઇ છે. એટલે હવે તે દર-બદર ભટકતી નથી. ધરતી ઉલટીને આકાશગામી બની અને આકાશ ધરતીમાં સમાયું. સિંહરૂપી કાળ શિયાળરૂપી ચતુર મનને આધિન થઇ ગયો અને માછલી આકાશ પર ચઢી ગઇ આવી સ્થિતિમાં કાચબારૂપ ઈન્દ્રિયો અગ્નિમાં શાંતિથી સૂતી છે અને લોક આ તમાશો જોઇ રહ્યું છે. આ અવસ્થામાં રજોગુણ પ્રધાન રાજારૂપ મન નિષ્ક્રિય બની સુખ શૈયામાં પોઢી ગયું છે અને રાણીરૂપી સાત્ત્વિકબુદ્ધિ તેની સેવા કરે છે. દરિયા સાહેબ કહે છે, જે આ પરમ પદને પામે છે તેનો બેડો પાર થઇ જાય છે.

**ગુલાલ દાસ**

'સુન્ન સરોવર-ઘાટ ફૂલ ઇક પાઇયા,
બિનુ ડાંડી કા ફૂલ કેતિક મન ભાઇયા.
અમી પિયાલા પિયા, ભંવર રસ પાઇયા,
કહૈ ગુલાબ અથિક રામ ગુન ગાઇયા.
નિર્મલ રૂપ અપાર સોં સુરતિ લગાઇયા,
બિનુ પગ ચાલૌ ચાલ અનંદપુર જાઇયા.
દેત દમામા ઢોલ સો જમહિં નચાઇયા,
કહે ગુલાલ સોઇ સૂર સહજ ઘર પાઇયા.'(૭૧)

**શબ્દાર્થ :** સુન્ન સરોવર=ગગન મંડળ, બિનુ ડાંડીકા ફૂલ= સહસ્ત્રદલ કમલ, અથિક = થાક્યા વિના, સહજ ઘર= મૂળ સ્વરૂપ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**વાચ્યાર્થ :** સુન્ન સરોવરના કિનારે એક ફૂલની પ્રાપ્તિ થઇ. દાંડી વિનાનું આ સુંદર ફૂલ મનને ખૂબ જ ગમી ગયું. ગુલાલ દાસ કહે છે અવિરત રામ ગુન ગાવાથી અમૃત પ્યાલો પીધો અને જાણે ભંવરરસની પ્રાપ્તિ થઇ. નિર્મલ અલૌકિક એવા પરમતત્ત્વ સાથે સુરતા લાગી ગઇ. પગ વિના ચાલો તો એ ચાલ આનંદપુર એટલે કે પરમાત્માના લોકમાં લઇ જાય. જ્યાં ઢોલ વાગે છે અને જમડા નાચે છે. ગુલાલ દાસ કહે આ ઢોલનો ધ્વનિ જ્યાં બજી રહયો છે, તેજ આપણું મૂળ ઘર કે મૂળ સ્વરૂપ છે.

**ચરનદાસ**

'કોઇ જાનૈ સંત સુજાન ઉલટે ભેદ કૂં.
બૃચ્છ ચઢૌ માલી કે ઉપર ધરતી ચઢી અકાસ,
નારિ પુરુષ બિપરિત ભયે હે દેખત આવૈ હાંસ.
બૈલ ચઢૌ સંકર કે ઉપર હંસ બ્રહ્મ કે સીસ,
સિંહ ચઢૌ દૈવી કે ઉપર ગુરૂહી કી બકસીસ.
નાવ ચઢી કેવટ કે ઉપર સુત કી ગોદી માય,
જો તું ભેદી અમર નગર કૌ તૌ તૂ અર્થ બતાય.
ચરનદાસ સુકદેવ સહાઇ અબકા કરિ હૈ કાલ,
બાંબી ઉલટિ સર્પ મેં પૈઢી, જબસૂં ભયે નિહાલ.'(૭૨)

**શબ્દાર્થ :** બૃચ્છ=વૃક્ષ, સુત=પુત્ર, માય=માતા, બાંબી=સર્પનું દર, નિહાલ=ઉદ્ધાર.

**વાચ્યાર્થ :** સાધનાના ઉલટા રહસ્યને કોઇ સંતજન જ જાણી શકે. વૃક્ષ માળીની ઉપર ચડી ગયું છે. અને ધરતી આકાશની ઉપર ચડી ગઇ છે. એ જોઇને આશ્ચર્ય થાય છે, કે સ્ત્રી પુરૂષ બની ગઇ છે અને પુરૂષ સ્ત્રી બની ગયો છે. પોઠિયો શંકરની ઉપર સવાર થઇ ગયો અને હંસ બ્રહ્માના મસ્તક ઉપર બેસી ગયો. સિંહે દેવી ઉપર સવારી કરી લીધી. આ બધી ગુરુની બક્ષીસ છે અર્થાત્ ગુરૂની કૃપાથી થયું છે. નાવિક ઉપર નાવ સવાર થઇ છે. અને પુત્રના ખોળામાં માતા બેઠી છે. જો તમે આ અમર નગરનો ભેદ જાણતા હો તો તેનો અર્થ સમજાવો. ચરનદાસ શુકદેવના સહારે કહે છે કે હવે કાળ અમારું શું ખરાબ કરી શકશે? સર્પનું દર (શરીર)ખૂદ ઉલટીને સર્પમાં પેસી ગયું એટલે કે જ્યારથી વસ્તુએ પોતે જ કાળ(મુત્યુ)માં પ્રવેશ કરી લીધો છે,ત્યારથી વસ્તુ કે જીવ -નો ઉદ્ધાર થઇ ગયો છે.

**તુલસી સાહેબ**

'દેખા અચરજ ભાઇ રે, કહું કહા ન જાઇ,
ચમરા લગન સોધિ લિખિ જાયે, બમ્હના ચામ ચઢાયે.
નઉવા નૈન સૈન સકુચાને,બ્યાહ બરાતી આઇ રે,
દુલહા મુવા ભઇ અહવાતી, ચોકે રાંડ કહાઇ
ચલી બરાત બ્યાહ ધન દુલહિન, અચલ સુહાગ સુહાઇ રે,
ધરતી ધુમર ગરજ જલ બરષા, બાદર ભીંજ બહાઇ
તુલસી ચન્દ્ર ચલે પાની મેં મછરી અકાસ અન્હાઇ રે.'(૭૩)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**શબ્દાર્થ :** ચમરા = ચામડાનો ધંધો કરનાર, બમ્હન = બ્રાહ્મણ, દુલહા = વરરાજા, અહવાતી = સુહાગણ, રાંડ = રંડાપો.

**વાચ્યાર્થ :** કહેવું છે પણ કહી ન શકાય એવું એક આશ્ચર્ય મેં જોયું. ચામડાનો ધંધો કરનાર લગ્નની કંકોતરી લખે છે અને બ્રાહ્મણ ચર્મકામ કરે છે. વરરાજા ને લઈ જાનૈયાઓ વાજતે ગાજતે જાન લઈને આવ્યાં છે. વરરાજો મૃત્યુ પામ્યો છે. અને જેને રંડાપો લાગ્યો છે તે સુહાગણ બની છે. લગ્ન કરીને જાને અચલ સુહાગની પ્રાપ્તિ કરી છે. ધરતી વરસી રહી છે. અને વાદળા ભીંજાઈ રહયાં છે. તુલસી સાહેબ કહે છે કે ચંદ્ર પાણીમાં ચાલી રહયો છે. અને માછલી આકાશમાં વિહરી રહી છે.

**પલટૂ સાહેબ**

'ખસમ બિચારા મરિ ગયા જોરૂ ગાવે તાન.
જોરૂ ગાવૈ તાન ફિરા અહિબાત હમારા,
ઝૂઠ સકલ સંસાર માંગ ભરિ સેંદુર ધારા.
હમ પતિબરતા નારિ ખસમ કો જિયતે મારી,
વા કો મૂડો મૂડ સરબર જો કરૈ હમારી.
દુતિયા ગઈ હૈ ભાગિ સુનૌ અબ રાંધ પરોસિન
પિયા મરે આરામ મિલા સુખ મોકહં દિન દિન.
પલટૂ ઐસે પદ કહે બૂઝે સોઈ નિરબાન
ખસમ બિચારા મરિ ગયા જોરૂ ગાવે તાન.'(૭૪)

**શબ્દાર્થ :** ખસમ=પતિ, જોરૂ=પત્ની, અહિબાત=સૌભાગ્ય-સુહાગ, મૂડો=મસ્તક, મૂડ=મૂંડન, સરબર =બરાબરી-સરભરા, દુતિયા=દ્વૈતભાવ

**વાચ્યાર્થ :**પતિનું મૃત્યુ થતાં પત્ની મંગલ ગીત ગાય છે કે હવે હું સુહાગણ સૌભાગ્યવતી બની છું. આ સકલ સંસાર જૂઠો છે. જીવતે જીવ પતિને મારી હું પતિવ્રતા બની છું અને હવે મેં સેંથામાં સિંદૂર ભર્યો છે. તેનું મુંડન કરીને તેને મારે લાયક બનાવ્યો છે. જે હવે મારી સરભરા કરે છે. પતિના મરવાથી દ્વૈતભાવ મટી ગયો છે તેથી ઐકય સધાયું છે અને તેનું સુખ દિન દિન વધતું જાય છે. પલટૂ સાહેબ કહે છે કે આ પદ જે સમજી બતાવે તે નિર્વાણ પદનો અધિકારી બને છે.

**સ્વામી શંકરદાસ**

'ઉલટા જ્ઞાન સમજ કે દેખા જદ યે મન પતિયાયા હૈ,
સુનકર અરજ ભકત માનતા કીડી ને હસ્તી ખાયા હૈ.
બુંદ માંહિ સોં સિંધુ નિકાસા માવસ મેં સે ચન્દા,
મોતિ મેં સે સીપ નિકાસી દેખત ભયા અનન્દા.
જોગી મેં સે મઢી નિકાસી પોટી કર કર ધન્દા,
ધાગા ઉઠ ગુદડી કો સીંવે દેખત હો શરમન્દા.
પદ કો કોઈ સમજે પૂરા આપ મેં આપ મિલાયા હૈ,
ઉલટા જ્ઞાન સમજ કે દેખા જદ યે મન પતિયાયા હૈ.
તરવર મેં સે બાગ નિકાસા વાસે ઉપજા એક માલી,
સાહ ચુરાવે અપને ધન કો ચોર કરૈ હૈ રખવાલી.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

સર્પ મેં સેં બામ્બી નિકાસી સ્વેત પીત નહીં કાલી,
તૃણ અન્દર પાખાન સમાના કુદરત દેખ નિરાલી.
સતગુરૂ ટેર શબ્દ કી દેકર સ્યાબત કર દર્શાયા હૈ,
ઉલટા જ્ઞાન સમજ કે દેખા જદ યે મન પતિયાયા હૈ.'(૭૫)

**શબ્દાર્થ :** પતિયાયા=વિશ્વાસ, ખાયા=નાશ કરવો, માવસ=અમાસ, સાહ=સાહુકાર, સ્યાબત = સાબિત

**વાચ્યાર્થ :** અવળા જ્ઞાનને સમજી ને જોયું ત્યારે આ મનને વિશ્વાસ બેઠો છે. ભક્તજન એ સ્વીકારે છે કે કીડીએ હાથીનો નાશ કર્યો છે. પાણીના બુંદમાંથી સમુદ્ર નિકળ્યો છે.અને અમાસની રાત્રે ચંદ્રોદય થયો છે. છીપમાંથી મોતી નહીં પણ મોતીમાંથી છીપને નીકળતી જોઈને આનંદ થયો છે. જોગીમાંથી મઢી બહાર નીકળી છે ને વળી તે ધંધાદારી બની ગઈ છે. એ જોઈને શરમ આવે છે. કે દોરો સોય વિના ગોદડીને સીવી રહ્યો છે. આમ અવળા જ્ઞાનને સમજીને જોયું ત્યારે મનને વિશ્વાસ આવ્યો છે. વૃક્ષમાંથી બગીચો નિકળ્યો અને તેમાંથી એક માળી જનમ્યો. શાહુકાર પોતે જ ધનની ચોરી કરી રહ્યો છે અને ચોર રખેવાળી કરી રહયો છે. જે નથી સફેદ, પીળું કે કાળું એવું દર સાપમાંથી બહાર આવ્યું છે. કુદરતની ગતિ નિરાળી છે કે સૂકાયેલા ઘાસમાં પર્ણ સમાયું છે. આ સર્વ સદગુરુએ શબ્દની સાન આપીને સાબિત કરી આપ્યું છે. આ અવળું જ્ઞાન સમજમાં આવ્યું છે ત્યારથી મનને વિશ્વાસ બેઠો છે.

**સંત શિવદયાલજી**

'ગુરૂ અચરજ ખેલ દિખાયા, સે તે નામ રતન ઘટ પાયા.
બકરીને હાથી મારા, ગઉ કીન્હા સિંહ અહારા.
ચીંટી ચઢ ગગન સમાઇ, પિંગલા ચઢ પર્વત આઇ.
ગૂંગા સબ રાગ સુનાવે, અન્ધા સબ રૂપ નિહારૈ.
મકખી ને મકડી ખાઇ, ભુનગે ને ધરન તુલાઇ.
ધરતી ચઢ વૃક્ષા બૈઠી, પક્ષી ને પવન ચુગાઇ.
જંગલ મેં બસ્તી બ્યાઇ, બસ્તી સબ ખિલકત ખાઇ.
મૂસે સે બિલ્લી ભાગી, પાની મેં અગ્ની લાગી.
કઉઆ ધુન મધુરી બોલૈ,મેંઢક અબ સાગર ખૌલે.
મૂરખ સે ચતુરા હારા, ધરતી મૈં ગગન પુકારા.
રાધા સ્વામી ઉલ્ટી ગાઇ ઉલ્લૂ કો સૂર દિખાઇ.'(૭૬)

**શબ્દાર્થ :** ઘટ = શરીર, ગઉ = ગાય, પિંગલા = જમણી-સૂર્યનાડી, ગૂંગા = મુંગો, મકડી = કરોળિયો, ભુનગે = પતગિયું, તુલાઇ = રજાઇ, ખિલકત = ભીડ, મૂસે =ઊંદર, કઉઆ = કાગડો, ઉલ્લૂ = ઘુવડ, સૂર = સૂર્ય

**વાચ્યાર્થ :** ગુરુએ આશ્ચર્યજનક ખેલ બતાડયો, તે એ કે નામરૂપી હીરો શરીરની અંદરથી જ મળ્યો. બકરીએ હાથીને માર્યો અને ગાયે સિંહનો આહાર કર્યો. કીડી આકાશમાં ચડી ગઈ અને સૂર્યનાડી સહસ્રારમાં વહેવા લાગી. મૂંગો રાગ-રાગિણી સંભળાવવા લાગ્યો અને આંધળો બધું જ નિરખવા લાગ્યો, માખી કરોળિયાને ખાઇ ગઇ અને પતંગિયાએ રજાઇ ઓઢી લીધી. ધરતી વૃક્ષ



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ઉપર ચઢીને બેસી ગઈ અને પક્ષીએ પવનને દાણા નાખ્યા. જંગલમાં વસ્તી જન્મી અને વસ્તી ભીડને ખાઇ ગઈ. ઊંદરથી ડરીને બિલ્લી ભાગી ગઈ અને પાણીમાં આગ લાગી. કાગડો મધુર વચન બોલવા લાગ્યો અને દેડકો મહાસાગરનો યાત્રી બન્યો. મૂર્ખે બુદ્ધિશાળી ને હરાવ્યો અને ધરતીમાં આકાશનો અવાજ થયો. રાધા સ્વામીએ અવળા વચન કહીને ઘુવડને સૂર્યના દર્શન કરાવ્યા.

**હંસ સાહેબ**

'હેલી-ચઢી સિખર પર જોઈયે, બેહદ કા પરમાણ.
હેલી-દો કમલો કે બીચ મે, ભ્રમરા કરત ગુંજાર.
હેલી-સુગંધ મહા અતિ ફૂલ કી, ફૂલે ફૂલ અપાર.
હેલી-ઉસ ભ્રમર કે પાંખ નહીં, બિના પાંખ ઉડ જાયે.
હેલી-અમી સરોવર જહાઁ ભરાયા, ઉનમે રહત સમાય.
હેલી-ઉન સરોવર કે પાર નહિ, નહિ સરોવર કે રૂપ.
હેલી-બિના પહાડ જિરના જિરે, ઐસા ખેલ અનૂપ.
હેલી-પ્રેમ પી કે ભ્રમરા છક્યા, પીવત તૃપ્તિ ન હોય.
હેલી-શ્રીભાણ કહે હંસ દાસ કું, ઐસા પદ હે સોય.' (૭૭)

**શબ્દાર્થ:** શિખર = ત્રિકુટી, બે કમળ =દઅનાહત અને આજ્ઞાચક્રની વચ્ચે, ભ્રમર = મન, સુરતા, ગુંજાર = અનાહદનાદ, ફૂલ = જ્ઞાન, શરીર, સરોવર = અમૃત, શુન સરોવર, ભંવરગુફા, પહાડ = બ્રહ્મરન્ધ્ર, ખલ = ખેલ, પ્રેમ = પરમાત્માની અનુભૂતિ.

**વાચ્યાર્થ:** શ્રીભાણના શિષ્ય હંસદાસ કહે છે કે ત્રિકુટી ઉપર ચઢીને જોયું તો બે કમળ એટલે કે જ્યાં બે પાંખડીનું કમળ ખીલ્યું છે તેવા આજ્ઞાચક્રમાં મનરૂપી ભમરો ગુંજાર કરી રહ્યો છે. આ ભ્રમરાને પાંખ નથી છતાં તે આકાશમાં ઊડી રહ્યો છે અને હવે કાબુમાં આવી જવાથી તે જ્ઞાનરૂપી ફૂલની દિવ્ય સુગંધ માણી રહ્યો છે.

આ શૂન્ય શિખર ઉપર એક એવુ સરોવર છે કે જેને કોઇ રૂપ નથી અને જે અમૃતથી ભરેલુ છે. પેલો ભ્રમરો હવે ત્યાં રમી રહ્યો છે.

અહીં કોઇ પહાડ નથી છતાં પહાડ ઉપરથી ઝરણું વહી રહ્યું છે અર્થાત બ્રહ્મરન્ધ્રરૂપી પહાડમાંથી અમૃત શ્રાવ થઇ રહ્યો છે. આ અમૃતરૂપી પ્રેમનો પ્યાલો પીને મનરૂપી ભ્રમરો પાગલ થઇ ગયો છે. અને આ પ્રેમરૂપી અમૃતનો સ્વાદ એવો મધુર છેકે તે એને પીધાં જ કરે તો પણ તેની પ્યાસ બુઝાણી નથી. હંસદાસ કહે છે કે મારા ગુરૂએ મારા મનરૂપી ભ્રમરાને આવું અલૌકિક પદ આપ્યું છે તેથી હું ધન્ય થઇ ગયો છું.

ઉપરોક્ત વૈદિક, પૌરાણિક, બૌદ્ધ-સિદ્ધ અને નાથ પરંપરા તેમજ ભારતીય સંતસાહિત્યમાંથી મળી આવતા અવળવાણી શૈલીના ઉદાહરણોથી એ પ્રતિપાદિત થાય છે કે 'અવળવાણી' શૈલીની પરંપરા ઋગ્વેદથી જન્મી ઉપનિષદોનું સંરક્ષણ પામી, પાલિ-પ્રાકૃત-અપભ્રંશ વગેરે ભાષાઓનાં મુખ્ય મથકોનું તીર્થાટન કરતી કરતી, યુગના સમાજિક ઈતિહાસ અને આધ્યાત્મિક સત્યને પોતાનામાં સમાવીને ગોરખનાથના સમયમાં 'ઉલ્ટીચર્યા' રૂપે પ્રતિષ્ઠિત થાય છે. સમયાંતરે પ્રાંતીય ભાષાઓના ઉદ્ભવ કાળે; નામે-રૂપે પરિવર્તન પામી, સાધનાશ્રયી, પ્રતીકજીવી, વિરોધ ગર્ભિત એવી આ ગૂઢવાણી ભારતીય લોક સંતો દ્વારા સારાયે ભારતમાં પોતાની મહેક પાથરે છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ખાસ કરીને સ્વામી રામાનંદ અને તેના પરવર્તી લોક સંતો દ્વારા સારાયે ભારતમાં ઉદ્ભવેલ ભકિત આંદોલનના પરિપાકરૂપ સંતવાણીનું આ નિર–નિરાળું રૂપ ભારતીય અન્ય પ્રાંતોની જેમ રાવત રણશી, અખો, દેવાયત પંડિત, ડાડા મેકરણ, ધીરો, ભીમસાહેબ, ભોજાભગત વગેરે ગુજરાતી લોક સંતો અને કવિ દેપાલ, શ્રી આનંદઘનજી, મુનિ શ્રીબુધ્ધિસાગર સૂરિજી, શ્રી સુધનહર્ષ, શ્રી વીરવિજયજી ગણિમહારાજ વગેરે ગૂર્જર જૈન પરંપરાના સંત કવિઓ દ્વારા ગુજરાતી ભાષા સાહિત્યમાં પણ બળૂકી રીતે આવિર્ભાવ પામ્યું છે. જેની વિગતે નોંધ હવે પછીના પ્રકરણમાં કરીશું.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

# સંદર્ભ સૂચિ

(૧) હિન્દી કાવ્ય મેં નિર્ગુણ સંપ્રદાય - લે. ડૉ. પીતામ્બરદત્ત બડ્થ્વાલ - પૃ. ૬૫
(૨) મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કાવ્યધારાની ભૂમિકા - લે. ડૉ. સુરેશ જોષી - પૃ.૧૩/૧૪
(૩) શ્વેતાશ્વરોપનિષદ્-૩/૧૯
(૪) કબીર ગ્રંથાવલી - સં. શ્યામ સુન્દરદાસ - પદ. ૧૫૯
(૫) દાદૂદયાલ ગ્રંથાવલી - સં. આચાર્ય પરશુરામ ચતુર્વેદી -પદ. ૧૭૮
(૬) સુન્દર સાખી ગ્રંથ - સં. ડૉ. રમેશ ચંદ્ર મિશ્ર - સાખી. ૨/૩
( ૭) અખાની વાણી - સસ્તુ સાહિત્ય -ભદ્ર પાસે -અમદાવાદ પૃ. ૧૦૩/ ૧૦૪
( ૮ ) એકતારાની ગૂઢાર્થવાણી. શ્રી શંકર મહારાજ - ઊનાવાવાળા પૃ. ૨૩૫/૨૩૬
(૯) સોરઠી સંતવાણી - સં. ઝવેરચંદ મેઘાણી, પૃ. ૧૩/૧૪
(૧૦) નિરુકત. - યાસ્ક - ૮/૧
(૧૧) કૂટ કાવ્ય એક અધ્યયન - લે. ડૉ. રામધન શર્મા - પૃ. ૫૧
(૧૨) સન્ત રજ્જબ અલી વાણી ઔર વિચાર - લે.ડૉ. રમેશચંદ્ર મિશ્ર - પૃ. ૧૧૬
(૧૩) ઋગ્વેદ સંહિતા - ૫/૪૭/૫
(૧૪) ઋગ્વેદ - ૧/૧૬૪/૩૨
(૧૫) ઋગ્વેદ - ૮/૨૯/૫
(૧૬) ઋગ્વેદ - ૧૦/૧૧૭/૮
(૧૭) ઋગ્વેદ સંહિતા - ૧/૧૬૪/૨૦
(૧૮) ઋગ્વેદ સંહિતા - ૧/૧૬૪/૩૩
(૧૯) ઋગ્વેદ સંહિતા - ૧/૧૬૪/૩૮
(૨૦) ઋગ્વેદ સંહિતા - ૪/૫૮/૩
(૨૧) ઋગ્વેદ સંહિતા - ૬/૫૫/૫
(૨૨) ઋગ્વેદ સંહિતા - ૧૦/૭૯/૪
(૨૩) અથર્વવેદ સંહિતા - ૧૦/૮/૯
(૨૪) કઠોપનિષદ્ - ૧/૨/૨૧
(૨૫) કઠોપનિષદ્ - ૨/૩/૧ બૃહદારણ્યકોપનિષદ - ૨/૬/૯
(૨૬) 'ઊર્ધ્વમૂલમધઃ શાખમશ્વત્થં પ્રાહુરવ્યયમ્,
છંદાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સવેદવિત્.'
શ્રીમદ્ ભગવત ગીતા - ૧૫/૧
(૨૭) ઈશાવાસ્યોપનિષદ - મંત્ર - ૫
(૨૮) શ્વેતાશ્વરોપનિષદ્- ૬/૧૪
(૨૯) શ્વેતાશ્વરોપનિષદ્ - ૩/૧૪
(૩૦) મહાભારત (આદિપર્વ) - ૧/૩/૧૪૭
(૩૧) શ્રીમદ્ ભાગવત્ મહાપુરાણ - ૧૦/૨/૨૬
(૩૨) શ્રીમદ્ ભાગવત્ મહાપુરાણ - ૧૧/૧૨/૨૨
(૩૩) શ્રીમદ્ભગવદ્ ગીતા -૧૫/૧
(૩૪) પરિચિત પદ સંગ્રહ- પૃ. ૧૨૨



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૩૫) કલ્યાણ - શિવોપાસનાઙ્ક -જા. ઈ.સ. ૧૯૯૩, વર્ષ - ૬૭ - પૃ. ૧૨૮
(૩૬) હઠયોગ પ્રદીપિકા - ૩/૪૮/૪૯
(૩૭) દોહાકોશ-પૃ.૯
(૩૮) કબીર ગ્રંથાવલી-સં. શ્યામ સુંદરદાસ-૫૬-૧૯૫
(૩૯) ચર્યાગીતિ કોશ-સં. પ્રબોધચંદ્ર બાગચી-પૃ. ૧૬૨
(૪૦) એજન-પૃ. ૧૨
(૪૧) એજન-પૃ. ૩૩
(૪૨) એજન-પૃ. ૧૫૪
(૪૩) એજન-પૃ. ૩૮
(૪૪) એજન-પૃ. ૧૦૮
(૪૫) એજન-પૃ. ૧૯
(૪૬) એજન-પૃ. ૬
(૪૭) હિન્દી સંત સાહિત્યકે સ્રોત-લે. ડૉ. વિનીતાકુમારી-પૃ. ૨૫૭/૨૫૮
(૪૮) હિન્દી સંતોકા ઊલટવાંસી સાહિત્ય-લે. ડૉ. રમેશચંદ્ર મિશ્ર-પૃ. ૮૪
(૪૯) કબીર (યોગ પરક રૂપક ઔર ઉલટવાંસિયો) લે. હજારી પ્રસાદ દ્વિવેદી-પૃ. ૮૦
(૫૦) 'વિમુખે આગમ પંથ રાક્ષિયે ગોપતે, ચલિલે વિમુખ પંથે સિદ્ધિ સર્વમતે.
સમુખેર શૈવ પંથ વિમુખ કરિયા, પલટી વિમુખ પંથે જાઈવ ચલિયા'
(૫૧) ગોરખબાની.-સં.રામલાલ શ્રીવાસ્તવ-પૃ.૬૩
(૫૨) ગોરખબાની.-સં.રામલાલ શ્રીવાસ્તવ-પૃ.૧૫૦
(૫૩) ગોરખનાથ આખ્યાન.-સં. કવિ શ્રી કેશવલાલ-પૃ.૨૦૧
(૫૪) નાથ સિદ્ધોં કી બાનિયા-સં. રુદ્રકાશિકેય-પૃ.૪૬
(૫૫) નાથ સિદ્ધોં કી બાનિયા-સં. રુદ્રકાશિકેય-પૃ.૫૨
(૫૬) એજન-પૃ.૧૩
(૫૭) એજન-પૃ.૯૯
(૫૮) સતકેરીવાણી-સં.મકરન્દ દવે-પૃ.૪૯/૫૦
(૫૯) સન્ત નામદેવ-સં. જે. આર. પુરી-પૃ.૬૮
(૬૦) કબીર કી ઊલટ વાંસિયાં-અભિલાષદાસ-પૃ.૨૧/૨૨
(૬૧) ધની ધરમદાસજી કી શબ્દાવલી (ભેદકા અંગ)શબ્દ-૬-પૃ.૫૦
(૬૨) લોક-સં.પીયુષ દઈયા-પૃ.૨૦૯
(૬૩) હિન્દી સન્ત સાહિત્ય કે સ્રોત.-લે.ડૉ.વિનીતાકુમારી-પૃ.૩૦૦
(૬૪) એજન-પૃ.૩૦૧
(૬૫) ઊલટી વાણીનું સ્પષ્ટીકરણ-શ્રી મન્નથુરામ શર્મા-પૃ.૨
(૬૬) નિરંજની સંપ્રદાય ઔર સન્ત તુલસીદાસ નિરંજની-ડૉ. ભગીરથ મિશ્ર. પૃ.૧૬૫
(૬૭) હિન્દી સંતોકા ઊલટવાંસી સાહિત્ય-લે. ડૉ. રમેશચંદ્ર મિશ્ર-પૃ.૧૯૧
(૬૮) યારી સાહબકી રત્નાવલી(ઝૂલના ૧૧)પૃ.૧૫
(૬૯) દરિયા સાહેબ-પ્રકા.બેલવેડિયર પ્રિંટિંગ વર્કસ-પૃ.૩૯/૪૦
(૭૦) હિન્દી સંતોકા ઊલટવાંસી સાહિત્ય-લે. ડૉ. રમેશચંદ્ર મિશ્ર-પૃ.૨૦૩
(૭૧) એજન-પૃ.૨૦૮



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૭૨) એજન-પૃ.૨૦૬
(૭૩) હિન્દી સન્ત સાહિત્યકે સ્રોત-લે. ડૉ. વિનીતાકુમારી-પૃ.૩૦૧
(૭૪) સન્ત પલટૂ-રાધાસ્વામી સત્સંગ બ્યાસ-પૃ.૨૮૫/૨૮૬
(૭૫) હિન્દી સંતોકા ઊલટવાંસી સાહિત્ય-લે. ડૉ. રમેશચંદ્ર મિશ્ર-પૃ.૨૧૬
(૭૬) એજન-પૃ.૨૧૭
(૭૭) શ્રી શબ્દસાગર- મહારાજ શ્રી હંસદાસજી, પ્રકા. ઢી રજપૂતાના પ્રિન્ટીંગ પ્રેસ, અજમેર, આ. વિ.સ. ૧૯૮૦



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

# પ્રકરણ-૪
## અવળવાણી: વર્ગીકરણ

(૧) ભૂમિકા.
(૨) અવળવાણી: વર્ગીકરણ.

(૧) વિષય પ્રમાણે.
   (૧) સાધના વિષયક.
   (૨) માયા વિષયક.
   (૩) ગુરુ મહિમા વિષયક.
   (૪) ઉપદેશ પ્રધાન.
   (૫) શિષ્યની કસોટી વિષયક.
   (૬) વૈરાગ્ય વિષયક.
   (૭) સિદ્ધિ વિષયક.

(૨) શૈલી પ્રમાણે.
   (૧) વિરોધ મૂલક.
      (૧) વિધિ-વિધાન મૂલક વિપર્યાસ.
      (૨) સ્વભાવ - પ્રકૃતિ મૂલક વિપર્યાસ.
      (૩) મૂળ ધર્મ વિરોધ મૂલક વિપર્યાસ.
   (૨) સાદશ્ય મૂલક.
   (૩) ગૂઢાર્થ મૂલક.

(૩) પ્રયોજન પ્રમાણે.
   (૧) સાધનાકીય અનૂભુતિની અભિવ્યક્તિ.
   (૨) ગૃહ્ય-ગુપ્ત પ્રવૃત્તિ પ્રધાન.
   (૩) કુતૂહલ કે વિસ્મય પ્રધાન.
   (૪) પંડિતાઇ સામે પડકાર પ્રધાન.
   (૫) પરમતત્ત્વને પામી ગયાનું પ્રમાણ.
   (૬) પરંપરાના નિર્વાહ અર્થે.

(૪) સ્વરૂપ પ્રમાણે.
   (૧) સાખી   (૨) પદ   (૩) છપ્પા
   (૪) કાફી   (૫) લોકગીત   (૬) હાલરડાં
   (૭) ગદ્ય



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## ભૂમિકા

છેક બૌદ્ધ - સિદ્ધો અને ખાસ કરીને નાથ પરંપરાથી શરૂ થયેલુ અવળવાણીનું આ ઝરણું પ્રકૃતિનાં ખોળે રમતું-રમતું દરેક પ્રદેશની માટીની મ્હેકને પોતાનામાં સંગોપતું, પરંપરાગત અધ્યાત્મનાં રહસ્યોને જાળવતું, પોતાની આગવી વિશિષ્ટ શૈલીને કારણે હર કોઇને આકર્ષતું સમગ્ર ભારતમાં ફરી વળ્યું. કયાંક તે 'સંધાભાષા' તરીકે ઓળખાયું તો કયાંક 'ઊલટબાઁસી' તરીકે ઓળખાયું. કયાંક 'ઊલટા બાઉલ' તરીકે ઓળખાયું તો કયાંક 'ભારૂડ' તરીકે ઓળખાયું, કયાંક'હિયાલી' તરીકે ઓળખાયું તો કયાંક 'અવળવાણી' તરીકે ઓળખાયું. આમ દરેક પંથ-પ્રદેશનાં રંગો ભળતા તેનું ક્લેવર ભાતીગળ બન્યું.

સંતસાહિત્ય-ભજનસાહિત્યના પેટા સ્વરૂપ એવી આ 'અવળવાણી' મૂળે તો ભજનની અભિવ્યક્તિનો એક વિશિષ્ટ શૈલીગત વિશેષ છે. આ શૈલીવિશેષ સાવ અલગથી અભ્યાસ માંગી લે તેટલા પ્રમાણમાં ખેડાયો છે. યોગ સાધનાના પથ પર ગતિ કરતાં સંત સાધકોએ જે અ-લૌકિક, અધ્યાત્માનુભૂતિનો અનુભવ કર્યો તે અનુભવ સરેરાશ ભજનવાણીની જેમ સહજતા અને સરળતાથી વ્યકત થવો શકય ન હતો. એ અનિર્વચનીય અનુભૂતિને વક્રતાથી, પ્રતીકાત્મક રીતે અને વિરોધમૂલક ઉપાદાનોથી વ્યકત કરવાનું અનિવાર્ય બન્યું.

### અવળવાણી: વર્ગીકરણ

અહીં હિન્દી, સધૂકડી અને ગુજરાતી ભાષા સાહિત્યમાંથી મળી આવેલ સંશોધન સામગ્રી રૂપ 'અવળવાણી'ઓમાંથી પસાર થતાં નજરમાં આવેલ એના વિવિધ શૈલીગત પ્રવાહો, રચનામાંથી પ્રગટતાં વિષયો નજરમાં આવેલા જુદા-જુદા સ્વરૂપો, કૃતિ અંતર્ગત મળી આવતાં પ્રયોજનો અને સ્વરૂપગત વૈવિધ્યને ધ્યાનમાં લઇ અવળવાણીઓને વિવિધ દષ્ટિકોણથી વર્ગીકૃત કરવાનો ઉપક્રમ સેવ્યો છે.

### (૧) વિષય પ્રમાણે વર્ગીકરણ

અવળવાણીનો મુખ્ય વિષય છે અધ્યાત્મ. અને એનો પ્રયોકતા છે ભજનિક- સંત- સાધક. આ સંત-ભજનિક કયારેય કોઇ વિચારધારામાં બંધાયો નથી. તે હઠયોગી પણ છે અને વેદાંતી પણ છે. તે નિર્ગુણ સાથે સગુણનો પણ ઉપાસક છે. તે શિષ્ય પણ છે અને ગુરુ પણ છે. તે વૈરાગી છે ને સાથે સંસારી પણ છે.

આમ, એકબાજુથી અધ્યાત્મ અને બીજી બાજુથી સંસાર એમ બન્ને પાસાંઓને આત્મસાત કરતા સંત-ભજનિકની અનુભૂતિનું વિશ્વ વૈવિધ્ય સભર છે. પરિણામે આપણે જોઇ શકીએ છીએ કે કોઇ અવળવાણીમાં માયા વિષય બનીને આવે છે તો કોઇમાં પરંપરિત યોગ સાધના અભિવ્યકિતનો વિષય બને છે. કોઇમાં સંસારના ચિત્રો છે તો કોઇમાં બ્રહ્મતત્ત્વનાં ચિત્રો છે. કોઇમાં સૂફિ વાદને પુષ્ટિ મળી છે તો કોઇમાં વેદ, ઉપનિષદનો પ્રભાવ જોવા મળે છે. આમ અહિં વિષયનો છોછ વરતાયો નથી.

આ બધી બાબતોને ધ્યાનમાં લઇ અવળવાણીને વિષય પ્રમાણે વર્ગીકરણ કરવા બેસીએ તો તેને મુખ્ય સાતેક ભાગોમાં વર્ગીકૃત કરી શકાય. (૧) સાધના વિષયક, (૨) માયા વિષયક,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૩) ગુરુમહિમા વિષયક, (૪) ઉપદેશ પ્રધાન, (૫) શિષ્યની કસોટી વિષયક, (૬) વૈરાગ્ય વિષયક, (૭) સિદ્ધિ જન્ય આનંદ વિષયક.

### સાધના વિષયક

અવળવાણીની શૈલી વિરોધ મૂલક અને પ્રતીકાત્મક છે પરંતુ અગમવાણીની જેમ અવળવાણીનો મુખ્ય વિષય તો સાધના છે. એટલે કે દરેક અવળવાણીની અંદર કોઈને કોઇ પ્રકારે સાધનાનું તત્ત્વ તો હોવાનું જ. પરંતુ જે રચનાની અંદર વિશેષત: સાંપ્રદાયિક શબ્દાવલી પ્રયોજીને સાધનાકિય અનુભવન સાથે સાધનાની પ્રક્રિયાનું વિવરણ કરવામાં આવ્યું હોય,તેને સાધના વિષયક અવળવાણી તરીકે ઓળખાવી શકાય. દા.ત.

**કબીર**

'યહી વિધિ રામ જપો રે પ્રાની, બૂઝે અકથ કહાની ;
હરિકર ભાવ હોય જાઉપરિ, જાગ્રત રેની બિહાની.
ડાયની ડારે સુનહા ડોરે, સિંહ રહે બન ઘેરે ;
પંચ કુટુંબ મીલી ઝુઝન લાગે, બાજત શબદ સંઘેરે.' (૧)

**અખો**

'શીલરૂપી ખડિયો કર્યો, માંઇ પ્રેમતણી રુશનાઈ ;
કલમ બુદ્ધિ સંતની રે, ત્યાં તો અદ્વૈત આંક ભરાઈ.
સૂરત નૂરતની દોરી લીટી, માંહી વિવેક તણી ઓળ ;
વિચારી અક્ષર ત્યાં લખ્યા રે, તેમાં ઉતારી પાટણપોળ.
અંધે તે અક્ષર વાંચિયા રે, બહેરે સુણી વાત ;
મૂંગે ચરચા બહુ કરી રે, તેની વેદ પૂરે છે સાખ.

**ડાડા મેકરણ**

'વરસે ધરતી, ભીંજે આસમાન,
સવરી વાણીરા પૂરા પરમાણ.
બારે બારે બછડા, સોરે સોરે ગાઇ,
દોતે ગોરખનાથ રેન વિહાઈ.
નવી નવી હાટડી, માંહી જૂનાં જૂનાં નાણાં,
પારખુ પારખો, પારખી લ્યો, નાણાં.'(૩)

**લક્ષ્મીદાસ**

'મન મતવાલો પિયાલો પાયો, પીધો પ્રેમ હુંદો,
જરણ મરણ વાકો નહિ, સદગુરુ વચને સિધ્યો.
બંક નાળેથી દમ ચાલીયો, બ્રહ્મ મધ્યે પર વારી,
ઈંગલા પિંગલા અને સુષમણા, ત્રિકોટીમાં લાગી તાળી.'(૪)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**રવિ સાહેબ**

'તન માહીં નીજ તત્ત્વ હે, દેખે કોઈ પૂરા,
તાથૈ તાતાથૈ હોઈ રહ્યા, બાજે અનહદ તૂરા,
મૂળ મંત્ર આરાધીયે, શિવ શકિતકા મેળા,
જીવ બ્રહ્મ ન્યારા નહિં, મન પવન હુવા ભેળા.
મન પવન ભેળા હુવા, બ્રહ્મ સાગરકે માંહી,'(૫)

**ત્રિકમ સાહેબ**

'કોણ નર ભરતા દાતાર, કોણ ઉઠતા હૈ, કોણ નિશાન ઠેરાતા હૈ.
ધર રે અધર પર આવાજ કૈસા હોતા હૈ ?
ઓહંગ નર ભરતા, સોહંગ ઉઠતા, સતગુરુ નિશાન ઠેરાતા હૈ.' (૬)

**દાસી જીવણ**

'અબધુ દીયા તખત પર ડંકા રે, સો ઘર સેજે પાયા રે જી,
નાભી કમલથી નટવર ચડીયા, પવન પુરુષ પલટાયા રે જી.
બંકનાળકી ખડકી ખોલી, ઉલટા રાહ ચલાયા રે.
જો ઝાલર વાગે બીન હાથે, બીન મોગરે બજાયા રે જી,' (૭)

**ધીરો ભગત**

'પ્રગટ ખેલ ખેલું રે, દેદાર તેને દેખાડું ;
મૃત સંજીવન રે, મહા મંત્ર સહેજે શિખવાડું.
વિના પાંખ ઊડી અસ્માન પર, ચર્ણ વિના મેરુ ચડું,
નવસેં નવાણું એક ઘર આણું, સિંધુ કૂદી પાર પડું ;
સાડા ત્રણ કરોડ રોમને રે, રમત રૂડી રમાડું.'(૮)

**ભોજા ભગત**

'સોહં જપો તમે મુમણા, તો અગમ તણી ગમ આવે.
ચારો કરતાં તે થડે મૂવા, સદા હોય રહી સાલ ;
વણ વાદળે વીજ ચમકે, ઘનઘોર ઘર આયો ;
આપે પ્રગટયો આપમાં, નયણે નૂર વરસાયો.'(૯)

**છોટમ**

'ઈંગલા પિંગલા દોનું છોડ કે, સુખમણા મધ્ય ધારા હો
તરવેણીમેં તાર મિલાઈ, અજંપા નામ ઉચ્ચારા હો.
જંત્ર અનાહત બજે અહોનિશ હોવત નાદ ઝનકારા હો
ઘન બિના અદ્‌ભૂત હોત ગર્જના, વરસે અમૃતધારા હો.'(૧૦)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ભાદુર દાસ**

'સોહં શબ્દ લો હેરી સંતો સોહં શબ્દ લો હેરી
નાભિ કમળસે પવન ઊલટયા ત્રિકુટીમાં દેખી હેરી
અણઘડ પુરુષ અખંડ અજિતા ત્યાં સુરતા લાગી હમેરી
સંતો સોહં શબ્દ લો હેરી...'(૧૧)

**સરજ્યુગીર**

'ઉર્ધ્વમૂળ એક તરૂવર દેખા,
મધ્યમે થડ ઓર નીચેકો સાખા.
શાખા સે પાની ઉપર ખેંચાતો,
ચંદ્ર કે ઘરમેં ભઈ સૂરજ લાવો,
સૂરજનો તમો ઘાટ બદલાવો,
સુખમણા ગંગામેં જઈને ન્હાવો તો,
પાપ ટળે નવ લિંગના રે.'(૧૨)

**શંકર મહારાજ**

'હંસા ! ઈડા પીંગલા બેઉ નારીઓ હે.
ત્રીજી સુખમણા સાહેલી સાથ, મારા વીરા ! રે...રે;
પાણીડાં ભરતી પણિયારીઓ હે.'(૧૩)

**દિનકરદાસ**

'મૂળને મારે પાતળને છેદે, ગગના શિખરે જાય,
બંકનાળમાં પવના ઊલટયા, ઉતરે અમીરસધાર.
કર વિણ માંહી જંતર વાગે, વિણ જીવ્હા ગુણ ગાય,
ગગન ગુફામાં રણુંકારમાં, આપ સમાવે આપ.'(૧૪)

## માયા વિષયક

સાધનાનાં ક્ષેત્રમાં સૌથી વિરોધી અડચણ રૂપ અને બાધારૂપ પ્રબલ કોઈ શકિત હોય તો તે માયા છે. આ માયાને વિષય બનાવીને ભારતિય વાંઙમયમાં વેદ થી માંડીને આજ સુધી કોઈને કોઈ રૂપે અનુચિંતન થતું રહ્યું છે. વેદ –ઉપનિષદ માયાને બ્રહ્મ તરીકે ઓળખાવે છે. તો બૌદ્ધ દર્શન તેને ભૌતિક એષણા તરીકે ઓળખાવે છે. શૈવ દર્શન માયાને અજ્ઞાન સ્વરૂપ માને છે. તો શંકરાચાર્ય માયાને બ્રહ્મરૂપ માને છે. – કબીર કહે છે – ' ઉપજી વિનસૈ મરે છે તે સર્વ માયા છે '

અહીં વર્ણ્ય વિષય અવળવાણી સંદર્ભે વિચારીએ તો અવળવાણીનો પ્રયોક્તા સાધક છે. આ સાધક જયારે સાધનાના પંથે, મોહ – માયાએ પાથરેલી માયાજાળમાંથી અનેક સંકટો વેઠી, પોતાના ગંતવ્ય સુધી પહોંચે છે ત્યારે તેને માયા, અજ્ઞાન આદિનું સાચું સત્ય લાધે છે. સાધનાના પંથે થયેલા માયાના આ વિભિન્ન દર્શનને તે શબ્દરૂપ આપે છે ત્યારે તેવી રચના માયા વિષયક અવળવાણી બને છે.

અવળવાણીમાં માયાના સ્વરૂપને કામધેનુ, કુંવારી, ડાકણ, ડોકરી, દોરી, નારી, નણંદ,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પુત્રી, બિલ્લી, માતા, લંકા, સાસુ, અર્પિણી, વેલ જેવા અનેક પ્રતીકોના સહારે પ્રસ્તુત કરવામાં આવે છે. જેમકે-

**ગોરખનાથ**

'આંખ વિના પાંખ વિના મુખ વિના એક નારી
સુરતા હોય તો જ્ઞાની લોને વિચારી...આંખ વિના ૦
એક કોરો કૂવો ને પાંચ પણિયારી
પાણીડા ભરે છે ન્યારી ન્યારી...આંખ વિના ૦
સૂકત કૂવો સૂક ગઈ વાડી
હાથ મસલકર ચલી પણિયારી...આંખ વિના ૦
અંગડાની ગોરી મુખડાની મીઠી
રામ સભામાં મેં રમતી દીઠી...આંખ વિના ૦
મછંદરનો ચેલો જતી ગોરખ બોલ્યા વાણી
માતા કુંવારી જેનો બાપ બ્રહ્મચારી...આંખ વિના ૦' (૧૫)

**કબીર**

'સંતો ! ભકિત સતગુરુ આની,
નારી એક પુરુષ દુઇ જાયા, બૂઝહુ પંડિત જ્ઞાની.
પાહન ફોરિ ગંગ એક નિકલી ચહુ દિશિ પાની પાની ;
તા પાની દુઇ પર્વત બૂડે, દરિયા લહર સમાની.
ઉડિ માંખી તરુવરકો લાગી, બોલૈ એૈકે બાની ;
વહિ મૉખીકો માખા નાહીં, ગર્ભ રહા બિનુ પાની.
નારી સકલ પુરુષહિં ખાયો, તાતે રહી અકેલા ;
કહહિ કબીર જો અબકી બૂઝૈ, સોઇ ગુરુ હમ ચેલા.' (૧૬)

**રવિ સાહેબ**

'એક વરખડી ભાળી , નહીં પાન ને ડાળી,
વેલો મૂળ વિના અધર ભયો.
આકાશથી આઘેરું ચાલતાં,
ફૂલ વિન એક ફળ થયો.
ફળ નામ અમર ટળે તમર, દેખતામેં દિલ ઠરે.
સત્ગુરુ મળેને સત પાળે, ભવસાગર સેજે તરે.
શિવ-પાર્વતી પાળી, ફળ ન શકયા ગાળી,
બ્રહ્મા બ્રહ્માણીને ભૂલીયા,' (૧૭)

**દાસ દિનકર**

'માયા રાણી વાત કરે ને હોશકોશ ઊડ જાય જી
મરમનો ભેદ મળે દિલને ટાઢક હોય જી...



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

વર વિના જાન હાલે ને જાનૈયા હરખાયજી
કીડી પરણે હાથીને તો કોઈ માને નહીંજી
રાણીની વાડીનો લીમડો મીઠાં મીઠાં ફળ દેયજી...' (૧૮)

**ચિદાનંદ**

'ઐસા જ્ઞાન વિચારો પ્રીતમ ! ગુરુગમ શેલી ધારી રે.
સ્વામી કી શોભા કરે સારી, તે તો બાળકુમારી રે,
જે સ્વામી તે તાત તેહનો, કહ્યો જગત હિતકારી રે.
અષ્ટ દીકરી જાઈ બાળા, બ્રહ્મચારિણી જોવે રે,
પરણાવી પૂરણ ચંદાથી, એક સેજ નવિ સોવે રે.
અથવા નર નારી નપુંસક, સહુકી એ છે માતા રેં,
ષટ્મત બાળકુમારી બોલત, એ અચરિજકી બાતાં રે.'(૧૯)

**શંકર મહારાજ**

'ઓ સુરતા રાણી ! સુણાવું અદ્દભુત કહાણી,
ઓ માયા રાણી ! જગમાં કરજો લહાણી.
એક નગર મેં એવું દીઠું, પાવક વરસે પાણી,
એ પાણીમાં દુનિયા ડૂબી, ડૂબ્યો ન એક પુરાણી.'(૨૦)

**સરજ્યુગીર**

'કુંવારી કન્યાએ એક બાલક જન્મ્યો,
તેને જોવા આવ્યું બધું ગામ, સાચો કોઈ માને નહિ.
એક નારીને બે મુખ દીઠા
એ તો બેઉ તરફથી ખાય, સાચો કોઈ માને નહિ.
મુવા પુરૂષ એક કાલને રે ખાધો,
બીજા લોગો કરે છે વિચાર સાચો કોઈ માને નહિ.' (૨૧)

## ગુરુ મહિમા વિષયક

ભારતીય સાધનાધારા અને સંતવાણીમાં સૌથી વિશેષ પ્રભાવક કોઈ તત્ત્વ હોય તો તે છે ગુરુ મહિમાં. આધ્યાત્મિક ક્ષેત્રે ઉપનિષદથી માંડી વર્તમાન સંત પરંપરા સુધી દષ્ટિપાત કરતાં જણાઈ આવે છે કે શૈવ, વૈષ્ણવ, જૈન, બૌદ્ધ એમ લગભગ તમામ વિચાર ધારાઓમાં ગુરુનો મહિમા વિશેષ રૂપે વર્ણવાયો છે.

સંતોની શબ્દ સાધનામાં ગુરુનો મહિમા બહુ મોટો છે, કારણ કે અહીં ગુરુના પ્રતાપે જ શિષ્યનો કાયા કલ્પ થાય છે. શિષ્ય જ્યારે ગુરુએ બતાવેલી સાન પ્રમાણે સાધના ક્ષેત્રે આગળ વધે છે અને ગુરુની કૃપાથી પરમપદને પામે છે, ત્યારે તે ગુરુએ કરેલા ઉપકારનું ઋણ ચૂકવવાં માટે કૃતજ્ઞતા પૂર્વક ગુરુનો મહિમા વર્ણવતા થાકતો નથી.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

સંતવાણીમાં ગુરુ મહિમાનાં પદ-ભજનની જેમ કેટલીક અવળવાણીઓમાં પણ ગુરુનો મહિમા પ્રગટ થયેલો જોવા મળે છે.   દા.ત.

**ગોરખનાથ**

'ચાંચ પાંખ નહીં કાયા ! એક પંખી નજરે આયા.
અજબ શહેર સે હંસા આયા, મોતીડા ચૂન ખાયા,
છઠ્ઠે માસે ગુરુ જ્ઞાન બતાયા, આપે કરી ઠેરાયા.
બિના પાળ એક સરોવર ભરિયા, નીર નજર નહીં આયા,
ગુરુ અમારા બહોત રંગીલા, વહાં બેઠ કર નહાયા.
બિના મૂળ એક તરુવર ઊભા, ડાલ પત્ર નહીં છાયા,
ગુરુ અમારા બહોત જ્ઞાની, વહાં બેઠ ફલ ખાયા.'[૨૨]

**કબીર**

'અબ મેં પાઈબો પાઈબો બ્રહ્મજ્ઞાન, સહજ-સમાધિ સુખમેં
રહીબો કોટિ કલ્પ બિશ્રામ.
ગુરુ કીપાળ કીપા જબ કીન્હી, હરદે કમલ બિગાસા ;
ભાગ્યા પરમ દશો દિશ સુપાયા, પરમ-જ્યોતિ પ્રકાશા.
મૃતક ઊઠયા ધનખ કર લીયા, કાલ અહેડી ભાગા;' [૨૩]

**અખો**

'કાગળ સદ્‌ગુરુ લખે, જેના વિરલા છે વાચણ હાર.
જ્ઞાન વૈરાગ્યના દેહ ધર્યો, માંહી જોગપણાનો છે જીવ ;
ભકિત-આભૂષણે મહેરિયા રે, એવા કોઈ એક સેવક શિવ.
શીલરૂપી ખડિયો કર્યો, માંઈ પ્રેમતણી રુશનાઈ ;
કલમ બુદ્ધિ સંતની રે, ત્યાં તો અદ્વૈત આંક ભરાઈ.' [૨૪]

**દેવાયત પંડિત**

'ગુરુ ! તારો પાર ન પાયો
એ જી ! તારો પાર ન પાયો
પૃથ્વીના માલિક ! તારો...જી...હો...જી...
હાં રે હાં ! ગવરીનો નંદ ગણેશ સમરીએ... જી...હો...જી...
એ...જી ! સમરું શારદા માત
એ વારી ! વારી ! વારી !
અખંડ ગુરુજીને ઓળખો... જી...હો...જી..'[૨૫]

**દાસી જીવણ**

'સતગુરુએ મુંને ચોરી શિખવાડી, ને જ્ઞાન ગણેશિયો ઘડાયો રે,
પવનરૂપી ઘોડો પલાણ્યો, ઊલટી ચાલ ચલાયો રે,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ગંગા-જમનાના ઘાટ ઉલંઘી, જઈને અલખ ઘરે ધાયો રે..
ધમણ ધમુંકે તિયાં વિજું ચમુંકે, અનહદ નોબત વાગે રે,
ઠારો ઠાર ન્યાં જ્યોતું જલત હૈ, ચેતન ચોકી માંઈ જાગે રે...'(૨૬)

**ધીરો ભગત**

'ભાંગી ગઈ ભવબેડીઓ, ઉઘાડયાં બ્રમભોવનનાં તાળાં રે ;
તિમિર ટળ્યાં ગુરુ અંજન ઝળહળ, ભાળ્યાં ભડ અજવાળાં રે.
મૂંગો તે ગાળા ઘાલી ગાય, કેને એ સંવાદ કહેવાય રે ;
દાસનો દાસ ધીરો સદ્ગુરુ ગમથી, એ ગુણ ગરવા ગાય રે.' (૨૭)

**બાપુ**

'સંશયરૂપી સ્વપનું રે, સદ્ગુરુ વીખવાળે,
એનું વળગણ કાઢી નાંખે રે, સોની જેમ સોનું ગળે.
એક હસ્તીએ બકરી જનમી, બીજું જનમ્યું ઊંટ,
ઊંટની ગરદન એવી લાંબી, પહોંચી ચારે ખુંટ,
ખુંટે બાંધેલું રહેશે રે, છુટે તો ઊંધું વાળે.' (૨૮)

**ભોજા ભગત**

'સંતો ! મુનિવરે મન સમજાયા.
સમજી ચાલ્યા શબ્દ સદગુરુજીકા, તો પરબ્રહ્મકુ પાયા.
પાંચ કુ મારી પચીશ કુ વારી, કામ ક્રોધ હઠાયા ;
હદ બેહદ અનહદ ગતિ આવી, કર્મ વિનાની કાયા.
કર્મ ધર્મની બ્રમણા ભાગી, એક લાલનસે લેહ લાયા,
અવળા હુતા તે સવળા કીધા, લખિયા ફેર લખાયા.'(૨૯)

**છોટમ**

'બિના મુખ ગીત ગાતા હૈ બિના જીભ પાની પીતા હૈ.
ખેલે બિન પાંવ ખલક સારી બિના કરતાન બજે તાલી.
ગુરુ ગમસે બૂજે સારા ખલક મેં ખેલને વાલા.
કહે છોટમ અજબ બાજી ગુરુ બિન ના લહે કાજી.' (૩૦)

**સરજ્યુગીર**

'અજબ તમાશા દેખા મેંને, પાનીમાં અગ્નિ લાગી ગુરુ,
સત્ગુરુ સાહેબ કીયા ઈશારા, તબ મારી બ્રમણા ભાગી હે જી.
બિન બાદલમેં બીજલી દેખી, બીના ઝાડકે ફૂવાડી ગુરુ,
દેહ બીનાનો માલી દેખ્યો, અજબ ખેલ દેખ્યો ભારી હે જી.
માને પુત્ર પરણે તે દેખ્યો, ગુમ હો ગઈ અકકલ મારી ગુરુ,
અંતર ખોજ કરી જબ મેંને, તબ સમજી મહિમા તારી હે જી.'(૩૧)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## ઉપદેશ પ્રધાન

આપણાં લોક સંતોએ પરમતત્ત્વની સાધના-ઉપાસનાની સાથે સાથે પોતાને લાધેલ સત્ય, જ્ઞાન અને સિદ્ધિના આધારે લોક સમાજના સર્વાંગીણ ઉત્કર્ષનું કાર્ય પણ કર્યું છે. તત્કાલીન સમાજમાં વ્યાપ્ત બાહ્ય આડંબર, અજ્ઞાનતા અને અંધશ્રદ્ધાને દૂર કરવા આ લોક સંતોએ પ્રત્યક્ષ ઉપદેશની સાથે પોતાની વાણી દ્વારા પણ ઉપદેશ આપ્યો છે.

માનવ સમાજના કલ્યાણાર્થે સંતોની વાણીમાં વ્યક્ત થતો ઉપદેશનો આ સૂર, કયારેક સ્નેહ નિતરતી સાદી - સરળ વાણીમાં વ્યક્ત થતો જોવા મળે છે. તો કયારેક છપ્પા, ચેતવણી કે ચાબખા વિંઝતી કરડાકી ભરી વાણી દ્વારા વ્યક્ત થતો જોવા મળે છે. તો વળી કયારેક ગૂઢાર્થભરી મર્મોક્તિ રૂપ અગમ કે અવળવાણીના રૂપે પણ પ્રગટ થતો જોવા મળે છે.

અહી અવળવાણી સંદર્ભે વિચારીએ તો જે અવળવાણીની અંદર પ્રયોક્તા સંત ભજનિકે ભોગ-વિલાસમાં આસક્તિ, બાહ્ય આડંબર, અજ્ઞાનતા, અંધશ્રદ્ધા, મનુષ્ય જીવનની ક્ષણભંગુરતા અને સાર્થક્ય જેવા સામાજિક, તેમજ જીવનું આવાગમન, સાફલ્ય, સંસારની અસારતા, વૈરાગ્યની મહત્તા, અહંકાર અને મમત્ત્વનો ત્યાગ, મોહમાયાની આંટીઘૂંટી, લખ ચોરાસીના ફેરા વગેરે જેવા આધ્યાત્મિક તત્ત્વોને વર્ણ્ય વિષય બનાવી ઉપદેશાત્મક રીતે અભિવ્યક્ત કર્યો હોય તેવી અવળવાણીને ઉપદેશાત્મક અવળવાણી તરીકે ઓળખાવી શકાય. દા.ત.

**ગોરખનાથ**

‘ભૂલા મન જાને અમર મેરી કાયા,
ધન રે જોબન સબ સપને સી માયા,
બાદલ કી સી છાયા.
એક કૂવા પાંચ પનિહારી,
જલ ભરત હૈ ન્યારી ન્યારી,
દટ જાયગા કૂવા, સૂક જાયગી કયારી,
હાથ મલ મલ ચલી પાંચો પનિહારી.’ (૩૨)

**કબીર**

‘અવધૂ જાગત નીંદ ન કીજૈ,
કાલ ન ખાઈ કલપ નહીં વ્યાપૈ, દેહી જુરા ન છીજૈ.
ઉલટી ગંગ સંમુદ્રહિ સોખૈ, સસિહર સૂર ગરાસૈ,
નવગ્રિહ મારિ રોગિયા બૈઠે, જલ મેં વ્યંબ પ્રકાસૈ.’ (૩૩)

**અખો**

‘સંતો સમજીને રહિયે જી ;
મનવાણી રે પોચે નહિ, અજરામર રહિયે.
પૃથ્વી વિના પગ માંડવો, વિણવાટે દીવો જી ;
જે ઘર જાવું મૂઆ પછી, તે ઘર જીવતાં જુવો જી.’(૩૪)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**નિરાંત**

'રામનામ તું રાખ હૃદયમાં,

કાઢ કલ્પના કાચી રે ;

આદ્ય, અંત ને મધ્યે બોલે,

તે વસ્તુ છે સાચી રે.

વિના મૂળનો એ છે વેલો,

મન વાણી પર વાધ્યો રે ;'(૩૫)

**છોટમ**

'ખોજો ખાવિંદ ખોજો ખાવિંદ આ તનમેં કયા તમાશા હૈ ?
ગગન ઘનઘોર નગારા હૈ નફેરી નાદ અપારા હૈ.' (૩૬)

**દાસ દિનકર**

'બામણ પોથી પાઠ કરે કલમા પઢે કાજી જી
અનુભવી તો મૂંગા ફરે ઢોંગી કરે ચતુરાઈજી...
દાસ દિનકર ગુરુ ચરણે વાણીનો ઉકેલ હોયજી
સત સમજણથી ભવસાગર ઉતરાય જી...' (૩૭)

**ગંગારામ**

'કર લે ગગન પર વાસા હંસા ! તું કરલે ગગન પર વાસા ;

સમરી લે સાસ ઉસાસા.

નામ કા ચોપટ ખેલ ખેલી લે, પ્રેમ પદારથ પાસા ;
સહજ સોગઠી ચલે ચેતના, ખેલ બનેગા ખાસા.' (૩૮)

**શંકર મહારાજ**

'જરા જીવ ! જોને દિલડા માંહ્ય, શિખર પર બેઠા આતમરાય.
શૂન્ય શિખરગઢ સરોવર ભરિયાં, અમૂલખ મોતી થાય,
હંસા હોય તે ઝટ ચરી જાવે, બગલા બગાસાં ખાય.
નરદમ નૂરના મેહુલા વરસે, મરજીવા નર નહાય,
પહાડ ઉપર તો પાણી ચડિયાં, ઢેફાં નવ ભીંજાય.'(૩૯)

**સરજ્યુગીર**

'હરીજન દેખો તપાસી, મટે સબ મનકી ઉદાસી.
તૃષ્ણા રૂપી નદીયા માંહી, કાયા નાવ ડૂબાય,
આ કાયાસે ભજન કરે તો, જન્મ મરણ મટી જાય.
પામર પ્રાણી કીડી જેવા, બેઠા સત્સંગ માંય,
સમઝ બીના તે ત્રાસે જાવે ઉલટા અવગુણ ગાય.'(૪૦)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## શિષ્યની કસોટી વિષયક

લોકસંતોની સાધના ધારા એ ગુરુ-શિષ્યના સહયોગથી પાંગરતી સાધનાધારા છે. સાધક શિષ્ય જ્યારે સાધનાકીય ક્ષેત્રે આગળ વધે છે ત્યારે સાંસારિક મોહ-માયા, કામ વાસના, આસક્તિ જેવા અનેક પ્રકારના વિઘ્નો કે કસોટીમાંથી તેને પાર ઉતરવું પડે છે. આવે સમયે ગુરુ પણ પોતાના શિષ્યનું વિત્ત પારખવા અને શિષ્યને મોહમાયાના ફંદામાંથી છોડાવવા શિષ્યપર અવનવી તરકિબો અજમાવી શિષ્યનું પારખુ કે કસોટી કરે છે.

અવળવાણીમાં એવા અનેક પદો મળે છે કે જેમાં ગુરુએ શિષ્યની સાધનાકીય કસોટી કરી હોય. આમ જે અવળવાણીમાં ગુરુ દ્વારા શિષ્યની કસોટીનું આલેખન થયું હોય તેને શિષ્યની પરીક્ષા કે કસોટી વિષયક અવળવાણી તરીકે ઓળખાવી શકાય. સંત પરંપરામાં આ પ્રકારની રચનાઓ રચવા પાછળનો મુખ્ય આશય, સાધક કે શિષ્યમાં જિજ્ઞાસા અને આત્મ વિશ્વાસ જગાડવા ઉપરાંત સાધકની સાધનાકીય કસોટી કરવાની હોય છે. આ પ્રકારની રચનાઓ સમસ્યા કે ઉખાણાંની જેમ, પ્રશ્નાર્થ રૂપે રચાયેલી જોવા મળે છે. દા.ત.

**ગોરખનાથ**

'ગઢ ગિરનારસે આયે ગોરખનાથ, શિવકી વાડીમેં એક રચના જી.
જાઓ મેરા ચેલા ! બસ્તીમેં જાના, આટા લેકર આવના જી;
કુમારીકા મત લેના પરણેલીકા મત લેના, ચકકીકા પીસેલા મત લાવના.
જાઓ મેરા ચેલા ! બસ્તીમેં જાના, મટકી લેકર આવના જી;
કચ્ચી મત લાવના પકકી મત લવાના, હાથકી ઘડેલી મત લાવના.
જાઓ મેરા ચેલા ! જંગલમે જાના, લકડી લેકર આવના જી;
લીલી મત લાવના સૂકી મત લાવના, હાથકી કાટેલી મત લાવના.
જાઓ મેરા ચેલા ! જંગલ મેં જાના, પાની લેકર આવના જી;
નદી કૂવાકી પાસ મત જાના, જમીમેં ઝમેલા મત લાવના.
મછંદર પ્રતાપે જતિ ગોરખ બોલ્યા, યહી શબદકા ખોજ કરના જી,
યહી શબદકા ખોજ કરે તો, મિટ જાવે આવના જાવના.' (૪૧)

**કબીર**

'માતા મૂયે એક ફલ, પિતા મુયે ફલ ચાર,
ભાઈ મુયે હાનિ હૈ, કહૈં કબીર વિચાર.' (૪૨)

★ ★ ★

'કૈસે નગરિ કરૌ કુટવારી, ચંચલ પુરષિ બિચષન નારી.
બૈલ બિયાઇ ગાઈ ભઈ બાંઝ, બછરા દૂહૈ તીન્યૂં સાંઝ,
મકડી ધરિ માષી છછિહારી, માસ પસારિ ચીલ્હ રખવારી,
મૂસા ખેવટ નાવ બિલઈયા, મીંડક સોવૈ સાંપ પહરઈયા,
નિતિ ઉઠિ સ્યાલ સ્યંઘ સૂં ઝુઝૈ કહે કબીર કોઈ બિરલા બુઝૈ.' (૪૩)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**સુંદર દાસ**

'કુંજરકૂં કીરી ગિલી બૈઠી, સિંહહી ખાઇ અઘાનો શ્યાલ,
મછરી અગ્નિમાંહી સુખ પાયો, જલમેં બહુત હુતી બેહાલ ;
પંગુ ચઢયો પર્વતકે ઉપર, મૃતકહી દેખી ડરાનો કાલ,
જો કોઉ અનુભવી હોય સો જાનૈ, સુંદર ઐસા ઊલટા ખ્યાલ.'(૪૪)

**ભોજા ભગત**

'કીડી બિચારી કીડી રે, કીડીના લગનિયા લેવાય,
પંખી પારેવડાને નોતર્યા, કીડીને આપ્યા સન્માન
હાલો કીડી બાઈની જાનમાં
કઈ કીડીને કોની જાન છે રે, સંતો કરજો વિચાર,
ભોજા ભગતની વિનતી સમજો ચતુર સુજાણ.'(૪૫)

**શંકર મહારાજ**

'અનુભવી કોઈ આવો રે, અનુભવ કરવા,
સાચો અર્થ શોધી લાવો રે, અનુભવ કરવા.
આભમાંથી તાણી તાણી, ભર્યું મેં મટુકીમાં પાણી,
પીવા જાતાં હું હું પિવાણી રે, અનુભવ કરવા.'(૪૬)

**સરજ્યુગીર**

'એક પ્રશ્ન મેં કરૂં હરિજનો, તેનો વરણામો કીજે,
જો વરણામો નહીં કરો તો, ભકત કહાવો તજ દીજે.
કોન કસાઈ મોક્ષપદ પાવે, કોન ભકત નરકે જાવે,
પહેલાં વૃક્ષ કે બીજ બતાવો, એનો ખુલાસો કરી દીજે.
બેટીને તો માતા ખાઈ, પુત્ર બાપને ગુમ કીધો,
પાંચ ઇંટને નોમન ગારો, દશ માલે બંગલો કીધો.'(૪૭)

## વૈરાગ્ય વિષયક

અધ્યાત્મ જગતમાં જ્ઞાન,ભક્તિ અને વૈરાગ્યનું અનન્ય મહાત્મ્ય છે. સંસારની મોહ માયામાંથી છૂટવા શિષ્ય જયારે અધ્યાત્મ પંથી બની ગુરુના સત્સંગથી અધ્યાત્મ ક્ષેત્રે આગળ વધે છે. ત્યારે તેની સંસાર પ્રત્યેની આસક્તિ વિગલિત થતી જાય છે. અને ધીમે ધીમે તેની ભીતર વૈરાગ્યનું ઝરણું પ્રગટે છે. આસક્તિ અને વિરક્તિના આ દ્વંદ્વમાંથી પસાર થયા પછી તે જ્યારે સંપૂર્ણ વૈરાગી બને છે ત્યારે તેની સંસાર પ્રત્યેની પૂર્વ ધારણાઓ ખરી પડે છે અને સંસારની અસારતાનું ભાન થાય છે. સંસારની આ અસારતાના ભાન સાથે સંત-ભજનિક પોતાની ભીતર પ્રગટેલા વૈરાગ્યના ઝરણાને વિષય બનાવી પોતાના ભાવ કે સંવેદનને શબ્દરૂપ આપે છે, ત્યારે વૈરાગ્ય પ્રધાન અવળવાણી બને છે. બીજી રીતે કહિયે તો જે અવળવાણીની અંદર સંસારની અસારતા સાથે વૈરાગ્યનું મહાત્મ્ય પ્રગટ થતું જોવા મળે તેને વૈરાગ્ય વિષયક અવળવાણી તરીકે ઓળખાવી શકાય. દા.ત.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ગોરખનાથ**

'અગ્નિનું કુંડું રે હાં, સંતો ! જળ કેરી ઝારી;
માતા કુંવારી જેના પિતા બ્રહ્મચારી;
આંખો વિના પાંખો વિના વિના મુખ નારી જી,
જીરે ગરવા દેવ હોય તો લોને વિચારી;
મછંદરનો ચેલો રે હાં, જતિ ગોરખ બોલ્યા;
મારી મારી મમતા ભયા રે અવધૂતા.' (૪૮)

**કબીર**

'સન્તો સસુરે કા પઠવો સંદેશ નૈહરવા મેં આગ લગી.
નાઉ મરિગે બારી મરિગે, મિરગા આવા જાહી,
રાન પરોસિન અનહૂં મરિગે, કો મોર બતિયા ચલાઈ.
દાઈ મરિગે બાબા મરિગે, જિન મોર લગન ધરાઈ,
દુલહા ભરિગા માડૌ જરિગા, દુલહિન ભઈ અહિબાતી.
કહહિં કબીર સુનો ભાઈ સાધો, રોવત ચલે બરાતી.' (૪૯)

**અખો**

'અંત ન આવહીં કૃત્ય ભાવહીં, રંજના દેહસોં સદા ;
મેં મમતા કર આપ પોખે, ત્યોં ત્યોં મન પાવૈ મુદા.
સ્વરૂપ જેસો પુત્ર વંધ્યા, કર્મ નિત ઐસેં કરે ;
આકાશકી નિત્ય મોટ બાધે, ભંડાર લે અપના ભરે.
અજાયે નર સુભટ યોદ્ધા, તાહીકી સેના રચી ;
ગાંધર્વ નગરી જીતીવેકો, ચલે રાય સુંદર શુચિ.
જય -પરાજય નિત્ય પાવે, હર્ષ - શોક હૃદે વિષે ;
તનમનકે આનંદ કારન, કર્મ માદક નિત ભખે.
અસંભાવના વિપરીતભાવના, તાહીકે હિયમેં રહી ;
કહે અખા એ જીવનલચ્છન, ઉત્પત્તિ સ્થિતિ વાકી કહી.' (૫૦)

**રવિ સાહેબ**

'હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશ કે નાહીં ;
આ દેશનો જીવ અભાગી, પલ પલમે પરલાહી.
પાંવ વિના ચલના, ચાંચ બિના ચુગના, પંખ વિના ઊડ જાઈ,
બિના સૂરતકી નૂરત હમારી, અનલ ન પહુંચે ત્યાંઇ.
નિરગુણ રૂપ હમારા સાધુ, શિરગુણ નામ ધરાઈ ;
કહે રવિરામ નિરંતર વાસા, સબ ઘટ ઝલકે ઝાંઇ.' (૫૧)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ધીરો ભગત**

'ભરપૂર બ્રહ્મ ભાસ્યો રે, બ્રહ્મજ્ઞાની કેમ ભટકે?
અનુભવ અજવાળું રે, આત્મદૃષ્ટિ કેમ અટકે?
સ્થાવર જંગમ ને સચરાચર, પશુ પંખી જંતુ જીવ,
પોતે કરતાં પોતે હરતાં, ઘટ ઘટ દેખ્યા શિવ.
ભ્રમણાઓ તો ભાગી રે, અલખ લ્હે લાગી લટકે,
મા મેડકીએ મણિધરને માર્યો, સમુદ્રને પી ગયો મીન,
અજાએ આભને ઉદરમાં રાખ્યું, ધણી પ્રજાને આધીન.' (૫૨)

**શંકર મહારાજ**

'અંતર્મુખ વૃત્તિ કરી, ખોલ્યું બ્રહ્મદ્વાર;
શંકર કહે ત્યારે થયો, આતમ સાક્ષાત્કાર.
ઝળહળ જ્યોતિ જાગી રે, જોયું મેં અંતરપટમાં,
મનડે માયા ત્યાગી રે, ઠરીને બેઠું નિજ ઘટમાં.' (૫૩)

**સરજ્યુગીર**

'વેદ નાહી પોચે રે, કેવી રીતે વરણ કરૂં,
રૂપ નથી જેનો રે, કેવી રીતે ધ્યાન ધરૂં.
વાંઝણી સ્ત્રી કે પુત્રજ નથી, તો કોનો પાડવો નામ,
અવિનાશી ઘટ ઘટ રમે, બીજા સહુ કલ્પિત ધામ.
કામ ન એકો આવે રે, સમજીને મન પાછો પડે,
મરીચી જલ શીતલ નહિ, વેળુમાં નહી તેલ.
વિના ગુરુ ગમ નહિં પડે, એવો કુદરતનો છે ખેલ,
મુરખા મીથ્યા કલ્પે રે, ઈશ્વર ન્યારો નિયારો.' (૫૪)

## સિદ્ધિ વિષયક

જ્ઞાન, ભક્તિ, યોગ, ધ્યાન એ સર્વે તો સાધકને માટે સાધન છે, એનું સાધ્ય તો છે સમાધિ જન્ય પરમ આનંદ કે પરમ તત્ત્વની પ્રાપ્તિ. સાધક જ્યારે સાધના ક્ષેત્રે અનેક સંકટો વેઠી, કુંડલિની શક્તિને જાગૃત કરીને સહસ્રાર સુધીની યાત્રામાં સફળતા મેળવે છે ત્યારે તે પોતાને સાધ્ય એવા પરમ પદ કે અલૌકિક એવા પરમ આનંદનો ભોક્તા બને છે. સાધનાકીય ક્ષેત્રે સિદ્ધિ જન્ય એવા આ અલૌકિક આનંદને અભિવ્યક્ત કરવા તે ભાષાની વિરોધ મૂલક પ્રતીકાત્મક શક્તિને કામે લગાડી જે રચનાનું નિર્માણ કરે છે તેને સિદ્ધિ વિષયક અવળવાણી તરીકે ઓળખાવી શકાય.

અવળવાણી પ્રકારની રચનાઓમાં સાધકની આ સિદ્ધિ જન્ય આનંદની અભિવ્યક્તિ બે સ્વરૂપે પ્રગટ થયેલી જોવા મળે છે. એક વૈચારિક રીતે અને બીજી ભાવાત્મક રીતે. વિચાર કે બુદ્ધિ પ્રધાન અવળવાણીમાં વિરોધી તત્ત્વોનું પ્રાધાન્ય હોય છે તો ભાવ પ્રધાન અવળવાણીમાં રૂપકનું તત્ત્વ મુખ્ય હોય છે. દા.ત.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## સિદ્ધિ જન્ય વિચાર પ્રધાન

### ગોરખનાથ

‘વરસે ધરતી ને ભીંજાયે આસમાના,
સવળી વાણીના ગુરુજી પૂરા પરવાના.
રાઇકા થર ઉપર મેરુ ઠેરાણા,
અધર આસન પર શિવજી થપાણા.
ઓહં સોહં ગુરુએ લહરો રે ચઢાઇ,
સાતે સાગર એક બુંદ મેં સમાઇ.
મછંદર પ્રતાપે બોલ્યા ગોરખ વાણી,
સુણો ગુરુજી મારી જોગ કમાણી.’ (૫૫)

### કબીર

‘હમ ન મરૈં મરિહૈં સંસારા, હમકા મિલા જિયાવનહારા.
સાકત મરહિં સંત જન જીવહિં, ભરિ-ભરિ રામરસાયન પીવહિં.
હરિ મરિહૈં તો હમહૂં મરિહૈં, હરિ ન મરૈ હમ કાહેક મરિહૈં.
કહૈ કબીર મન મનહિ મિલાવા, અમર ભયે સુખસાગર પાવા.’ (૫૬)

### રાવત રણસી

‘અણઘડ દેખા હે ગુરુ, શૂન શિખર ગઢ માંહિ,
ગુરુ દત્ત દેખા હૈ બંદા, ભમર ગુફાકે માંહિ,
હાથ જ નાંહિ વાંકુ પાંવજ નાંહિ, ગુરુ શિશ સુન ન રેખા,
ઉલટા સુલટા બીચ રમતા જોગી, ભમર ગુફા કે માંહિ.’ (૫૭)

### અખો

‘સેહેજમાં સાધન લાગે, અણલિંગી અનુભવ એહવો ;
વંધ્યાસુત જેમ સુખ સરાહે, અચવ્યો રસ પીવો નવો.
મુખ વિના રસપાન કરવું, એહવું તે બ્રહ્મજ્ઞાન ;
શ્રવણ વિના તે શબ્દ સુણવો, નેત્ર વિહોણું જેમ ધ્યાન’ (૫૮)

### દેવાયત પંડિત

‘ગુરુ ! તારો પાર ન પાયો
એ જી ! તારો પાર ન પાયો
પૃથવીના માલિક ! તારો...જી...હો...જી...
હાં રે હાં ! ગગન-મંડળમાં ગૌધેન વ્યાણી... જી...હો...જી...
એ...જી ! માખણ વિરલે પાયો
એ વારી ! વારી ! વારી !
અંખડ ગુરુજીને ઓળખો... જી...હો...જી...’ (૫૯)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ધીરો ભગત**

‘અલખ લ્હે લાગી રે,  જાગીને જોયું ઘટમાં.
ભ્રમણા સર્વે ભાગી રે, સુહાગી મળ્યા ઊલટમાં.
બ્રહ્મા વિષ્ણુ શિવ ડૂબ્યા રે, જોગી ડૂબ્યા ઝટપટમાં.
જનક દેશના વાસી વિરલા,  ગોરખ દત્ત કબીર.
એ જ દેશના વાસી શુકજી, દાદુ ધીરો સધીર.
જીવન્મુકિત નિત્ય માણે રે, એના મનરૂપી મઠમાં.’(૬૦)

**ભોજા ભગત**

‘નિશો આવ્યો જેને નામનો, હાલશે ધણી હજૂર રે ;
અભંગી સામા જઈ આફળ્યા, તનમાં વાગ્યા તુર રે.
નર આકારે તિયાં નહિ, નહિ રૂપ ને રંગ,
નહિ પુરૂષનો પ્રવેશ, નહિ નારીનો સંગ.
રેણી ને કરણી પૂગે નહિ, નહિ ધર્મ ને નેમ ;
પો’ચી ગયા પરબ્રહ્મને, હોય રહ્યા કુશળ ખેમ.’(૬૧)

**જેમલ ભારથી**

‘બન ગિયા ફકીર, ગુરુ તારા નામને જંજીર
બાવા, મેં બને ગિયા ફકીર જી.
લાગી લગના, ચડી ગગના, તરવેણીને તીર જી,
દેવી દેવતા મેળે મળિયા, ગુણપતિ ગંભીર.’(૬૨)

**શંકર મહારાજ**

‘હંસા ! ગઈ’તી ગુરુજીના દેશમાં,
જ્યાં છે ઝળહળ જ્યોત પ્રકાશ,
અગમ ઘેર જઈ ચડી.
હંસા ! અલખને જોતાં થઈ આંધળી,
તૂટયા જન્મ મરણ કેરા પાશ.
હંસા ! પાંગળી થાતાં રે પર્વત ચડી,
બહેરી થાતાં સુણ્યા બ્રહ્મનાદ.’(૬૩)

**સ્વામી સરજ્યુગીર**

‘અલખ પુરૂષ અવિનાશીને, સુમરૂં સુમરૂં શારદ માઈ રે જી
સદ્‌ગુરુચરણે શીશ નમાવું, ઘટ ભીતર જ્યોતિ દિખાઈ.
અખંડ સમાધી લાગી દિલ ભીતર ઉતરે ન બ્રહ્મ ખુમારી
ચંદ્ર સૂરજ બિન હોય ઉજવાલો, તો જગ મગ જયોતિ દિખાઈ
બોધ કમલ ખીલ્યા બહુ રંગે, શોભા વરણી ન જાઈ રે.’ (૬૪)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## સિદ્ધિ જન્ય ભાવ પ્રધાન

### કબીર

‘કોઈ આવો આવો દેશ હમારળે, જયાં સદાય જીવે સંત ;
શ્વાતું વરસે જીણે મોતીએ, ત્યાં તમે રહેજો નિશ્ચિત.
મૃદંગ બાજે બિન મઢયાં, મુખ બીન ગાવે ગીત ;
આશા તૃષ્ના મર ગઈ, ઐસા સંત સજીત.
ત્રિવેણીના તીરમાં, હંસા ચુગતા હીર ;
સોઈ હંસા કુ હેરી લીયા, સાચા સંત સુધીર.’ (૬૫)

### અખો

‘શાં શાં રૂપ વખાણું, સંતો રે શાં શાં રૂપ વખાણું ?
ચાંદા ને સૂરજ વિના, મારે વાયુ છે વહાણું.
નેજા રોપ્યા નિજ ધામમાં, વાજાં અનહદ વાજે,
ત્યાં હરિજન બેઠા અમૃત પીએ, માથે છત્ર વિરાજે.
નૂરત-સૂરતની શેરીએ, અનભે ઘર જોયું ,
ઝળહળ જ્યોત અપાર છે, ત્યાં મુજ મન મોહ્યું.’(૬૬)

### ડાડા મેકરણ

‘મેના બોલે પાંજરે, સુણ ભઈ મનવા રાજા,
પૂરા જાણે પારખા, આસમાની અવાજા.
વરણ-અવરણ કોઈ નહિ, દુનિયા દરવાજા ;
વણ દેવળ વણ દેવતા, વણ મસીદે વાજા.’(૬૭)

### દાસી જીવણ

‘અબધુ દીયા તખત પર ડંકા રે, સો ઘર સેજે પાયા રે જી,
નાભી કમલથી નટવર ચડીયા, પવન પુરુષ પલટાયા રે જી.
બંકનાળકી ખડકી ખોલી, ઉલટા રાહ ચલાયા રે.
જો ઝાલર વાગે બીન હાથે, બીન મોગરે બજાયા રે જી,
અટળ મોહોલમાં પુરુષ અભંગી, બંનગી કરી બોલાયા રે.
નૂરતેં સુરતેં સુહાગણ ખેલે, રંગ ભર રાસ રમાયા રે જી,
પ્રેમે પ્રેમે પ્રેમરસ પાયા, અમ્મર ચીર ઓઢાયા રે.’(૬૮)

### ધીરો ભગત

‘વિના પાંખ ઉડી અસ્માન પર, ચર્ણ વિના મેરૂ ચડૂં ;
નવસેં નવાણું એક ઘેર આણું, સિંધુ કૂદી પાર પડૂં ;
સાડા ત્રણ કરોડ રોમને રે, રમત રૂડી રમાડૂં .
પાવક વરસાવી પાષણ પલાળું, સાત વૈકુંઠને તારૂં;



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

જળ મધ્યે જાલંધર ધીકાવું, મરે નહીં તેને મારૂં ;
ચૌદને ચેતાવું રે, પંદરે રહી પાર પાડૂં .
કહો તો વિના અર્ક કરૂં અજવાળું, માહાનીધમાં માણૂં ;
એક સંગે આનંદરે, ભણેલાં બેને ભૂલવાડૂં .
વિના બૂટીએ વૈદ બનું ધન્વંતર, કાયા કરૂં નીરોગી ;
સતજુગ દ્વાપર ત્રેતા ને કળજુગ, ચાર જુગના અમો જોગી ;
ધીરા ધર ધારણ રે, સિંધૂ ગઢમાં સંતાડૂં .'(૬૯)

**હમીરો**

'મારી દુબળાઈ જોઈ જોઈ ને દાખવું,
શેલાણી સાંઈને હૃદયમાં રાખું.
વણ ઘરાએ આંબલો રોપ્યો,
એની પાડૂં (મૂળ) ગઈ પીયાળે ( પાતાળ),
ડાળે ડાળે ફળ લાગ્યાં એની નોધારિયું છે શાખું.
રામની આગળ હું રમત માંડુ, મારા ધણી આગળ નાચું,
દાસ હમીરો હીરા સાંઈને ચરણે, હવે વરસિયું છે સ્વાતું.'(૭૦)

**છોટમ**

'એજી અનહદ ડંકા બજા દેખલે, શુન મંડળકી મઝા,
ધીમી ધીમી નૌબત બાજે, હુડુ ગગન ઘનઘોર બાજે,
મોર નાદ મનોહર ગાજે, પંચ રંગકી, પ્રસિદ્ધ ફરકે,
એજી સત્યનામ પર ધજા... દેખલે
વેણું રવાજને શંખ શરણાઈ, ઝાંઝ મૃદંગ ભેરી સુખદાઈ.
ઔર રાગ કછુ કહ્યા ન જાઈ, એક ચિતસે સુનલે પ્યારે,
એજી ગગન રહતહે ગજા....દેખલે' (૭૦)

**શંકર મહારાજ**

'પ્રેમરસ પીને રે હાં, હું તો બન્યો છું દીવાનો,
ભાળું તેવું ભાખું માનો કે ન માનો,
અવસરિયો આજ મળ્યો છે મઝાનો જી,
જીરે સંતો ! હંસ એક પાંખ વિનાનો,
ઊડી રહ્યો આભે એ બનીને મસ્તાનો જી.'(૭૨)

**સરજ્યુગીર**

'અલખ પુરૂષ અવિનાશીને, સુમરૂં સુમરૂં શારદ માઈ રે જી
સદ્‌ગુરુચરણે શીશ નમાવું, ઘટ ભીતર જ્યોતિ દિખાઈ.
અખંડ સમાધી લાગી દિલ ભીતર ઉતરે ન બ્રહ્મ ખુમારી
ચંદ્ર સૂરજ બિન હોય ઉજવાલો, તો જગ મગ જયોતિ દિખાઈ
બોધ કમલ ખીલ્યા બહુ રંગે, શોભા વરણી ન જાઈ રે.'(૭૩)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## (૨) શૈલી પ્રમાણે વર્ગીકરણ

અવળવાણી મૂળે તો સંતોની સાધનાકીય - અધ્યાત્મ અનુભૂતિની અભિવ્યક્તિનો એક વિશિષ્ટ શૈલી પ્રકાર છે. જેમાં સંત - ભજનિક પોતાના કોઇ ભાવ, વિચાર કે ધારણાને વિરોધ મૂલક પ્રતીકો ઉપરાંત રૂપક, કલ્પના, ગૂઢાર્થ જેવા કાવ્ય સૌંદર્યનાં કલાત્મક તત્ત્વોને કામે લગાડી અભિવ્યક્ત કરે છે.

અવળવાણીમાં જે રૂપક, કલ્પના કે વિરોધ તત્ત્વ જોવા મળે છે તેમાં વ્યુત્પત્તિગત પ્રભાવક્તા જોવા ન મળે એ સ્વાભાવિક છે પણ પ્રતિભાજન્ય વિદ્‌ગ્ધતા તો જોવા મળે જ છે.

અવળવાણીમાં પ્રયોક્તા સંત-ભજનિક દ્વારા પ્રગટેલી આ પ્રતિભાજન્ય વિદ્‌ગ્ધતાને ધ્યાનમાં રાખીને અવળવાણી સાહિત્યને શૈલીગત રીતે વર્ગીકૃત કરવાના પ્રયત્નો કરીએ તો તેને મુખ્ય ત્રણ વિભાગમાં વર્ગીકૃત કરી શકાય. (૧) વિરોધ મૂલક, (૨) સાદશ્યમૂલક, (૩) ગુઢાર્થ પ્રતીતિ મૂલક

### વિરોધ મૂલક

વિપર્યાસ કે વિરોધ એ અવળવાણીનું અનિવાર્ય તત્ત્વ છે. શૈલીગત રીતે વિરોધનું આ તત્ત્વ સર્જકે સર્જકે અને રચનાએ રચનાએ વૈવિધ્ય સભર રીતે પ્રગટ થતું હોય છે. કોઇ અવળવાણીમાં સામાજિક સંબંધો કે વિધિ-વિધાનને લગતો વિપર્યાસ જોવા મળે તો કોઇમાં વસ્તુના ગુણ-ધર્મો કે પ્રકૃત્તિને લગતો વિરોધ જોવા મળે છે.

હિન્દી-સધૂકડી અને ગુજરાતી અવળવાણીના અભ્યાસના આધારે અવળવાણીઓમાંથી આપણે મૂળભૂત ત્રણ પ્રકારનાં વિરોધ કે વિપર્યાસ તારવી શકીએ.

**(૧) વિધિ-વિધાન મૂલક વિપર્યાસ**
**(૨) સ્વભાવ-પ્રકૃતિ મૂલક વિપર્યાસ**
**(૩) મૂળ ધર્મ વિરોધ મૂલક વિપર્યાસ**

### વિધિ-વિધાન મૂલક વિપર્યાસ

જે અવળવાણીમાં સામાજિક નીતિ-નિયમો, રૂઢિ, લોક મર્યાદાઓ અને શાસ્ત્રોક્ત વિધાન અન્વયે વિપર્યાસ કે વિરોધ પ્રયોજાયેલો જોવા મળે તેને 'વિધિ-વિધાન વિરોધ મૂલક' અવળવાણી તરીકે ઓળખાવી શકાય. જેમકે, ગોરખનાથ પોતાની એક રચનામાં 'અવધુ ઈશ્વર હમારા ચેલા ભણી જૈ, મચ્છિંદ્ર બોલિયે નાતી.' એમ કહે છે. ત્યારે જોઇ શકાય છે કે અહીં સામાજિક સંબંધે વિપર્યાસ સધાયો છે. આપણે જાણીએ છીએ કે મત્સ્યેન્દ્રનાથ એ ગોરખનાથના ગુરુ છે અને ઈશ્વર એ તો ગુરુના પણ ગુરુ છે. ત્યારે ગોરખનાથ પોતાના અને ઈશ્વર તેમજ ગુરુ સાથેના શાસ્ત્રોકત-સામાજિક એવા સંબંધને વિરોધાવી, ઈશ્વર મારો ચેલો છે અને મચ્છિંદ્ર મારો નાતિ- સંબંધી છે. એવો વિપર્યાસ ઊભો કરે છે. આમ અહિં સામાજિક સંબંધે વિરોધ પ્રગટ થયો છે. થોડાં અન્ય ઉદાહરણો જોઇએ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ગોરખ**

'જી રે જૂના જોગ વિચારો રે નાથજી !
કરણીનો આવે ન પાર. ગોરખનાથ !
માશી ભાણેજી ફોઈ ભત્રીજી રે નાથ!
ચારેનો એક જ ભરથાર, ગોરખનાથ!
પાંચ ભાઈઓએ મઢુલી બનાવી રે નાથજી !
છઠ્ઠો છે મહાચતુર સુજાણ, ગોરખનાથ !'(૭૪)

**કબીર**

'અરજી સુનજો મોરી રે ચરખો બોલે,
રામ નામ ભજ તુંહી, રામ ભજ તુંહી...ટેક
જળ ઉપર જળ નીપજ્યો જે જેમાં કીધો વાસ,
એક અચંબો એવો સુણ્યો, બેટીએ જન્મ્યો બાપ.
બેટી કહે છે બાપને મારે અજાણ્યો વર લાવ,
અજાણ્યો વર ના મળે તો તારે મારો ઘર વાસ.
રૂ પીંજવા હું ગઈ પીંજો પીજારા ભાઈ,
પીંજણ પીંજારાને ખાઈ ગઈ ત્યારે સદગુરુ અકકલ બતાઈ.'(૭૫)

**સુંદરદાસ**

'માઈબાપ તજી ધી ઉમડાની, હરખત ચલી ખસમકે પાસ,
બહૂ બિચારી બડી બખ્તાવર, જાકે કહે ચલતી હૈ સાસ ;
ભાઈ ખરો ભલો હિતકારી, સબ કુટુંબકો કીનો નાસ,
એસી વિધિ ઘર બસ્યો હમારો, કહી સમુજાવૈ સુંદરદાસ.'(૭૬)

**ગણપત**

'કૌતકની કહું છું વાત, કવિજન ધરો,
એક બેટિયે જનમ્યો બાપ તે સંદેહ ખરો.
પેલા પુરુષથી પુત્રી પ્રગટી, વેગે બોલી વાત રે ;
અણજાયા વરને મારે વરવું, નહિ માતને તાત.
પિતા કહે પુત્રી પરણાવું, પામે નહિ કોઈ પાર રે ;
અણજાયો વર તો નહિ મળે, તારે ને મારે ઘરબાર રે.'(૭૭)

**બનારસી**

'જિસકે દિલ પર વો પ્રભુ નામ બસતા હૈ,
ઉન મસ્તોકાં, દેખો, ઊલટા રસ્તા હૈ.
ઔર ભૂખ લગે, તો કૂછ ભોજન નહિ ખાતે ;
મૂરખ સે શીખે, પંડિતકું સમજાતે ;'(૭૮)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ચિદાનંદ**

'ઐસા જ્ઞાન વિચારો પ્રીતમ ! ગુરુગમ શેલી ધારી રે આ ૦
સ્વામી કી શોભા કરે સારી, તે તો બાળકુમારી રે,
જે સ્વામી તે તાત તેહનો, કહ્યો જગત હિતકારી રે.
અષ્ટ દીકરી જાઈ બાળા, બ્રહ્મચારિણી જોવે રે,
પરણાવી પૂરણ ચંદાથી, એક સેજ નવિ સોવે રે.
અષ્ટ કન્યા કા સુત વળી જાયે, દ્વાદશ તે વળી સોઈ રે,
તે જગ માંહે અજન્મા કહીએ, કરતા તાસ નહિં કોઈ રે.
માત-તાત સુત એક દિન જનમે, છોટે બડે કહાવે રે,'(૭૯)

**સરજયુગીર**

'પંગુ ચઢધો પર્વત ટોચ પર મૃત્યુ દેખી ડરાનો કાધ જી,
અનુભવ હોય તે જાણશે, એ સબ ઉલટો છે ખ્યાલ જી.
મછલી બગલાને ગલી ગઈ, ઉંદર ગલી ગયો સાંપ જી,
બેટી માતાને ખાઈ ગઈ, ખાયો બેટાને બાપ જી.
શિષ્ય ગુરુને ઉપદેશવે, રાજા કરે રંકની સેવ જી,
પુત્ર જણ્યો એક વાંઝણી, જેને ઘર ખોવાની ટેવ જી.
હંસ ચઢયો બ્રહ્મા ઉપરે, ગરૂડ વિષ્ણુ કી પીઠ જી,
સત્ય કહું જરા ઝુઠો નહીં, જ્ઞાની જાણે છે ભેદ જી.'(૮૦)

**સ્વભાવ-પ્રકૃતિ મૂલકવિપર્યાસ**

અવળવાણી અંતર્ગત કયારેક સંત-ભજનિક પોતાની અનુભૂતિને અભિવ્યક્ત કરવા માનવેતર એવા પ્રાકૃતિક તત્ત્વોનો પ્રતીકાત્મક રીતે વિપર્યાસ સાધે છે. જેમાં મોટા ભાગે કોઈ એક જીવનો સ્વભાવ અને તેના કાર્યોને બીજા જીવમાં આરોપિત કરવામાં આવે છે. જેમકે-

'સિંહનો સ્વભાવ નિર્ભય અને શિકાર કરવાનો છે. બિલ્લીનો સ્વભાવ ઊંદરનો શિકાર કરવાનો છે. માછલીની પ્રકૃત્તિ જળમાં રહેવાની છે. અજગરનો સ્વભાવ સુસ્તીથી પડયા રહેવાનો છે.' અવળવાણીનો સર્જક આ જીવોને તેના મૂળ સ્વભાવ-પ્રકૃત્તિથી વિરૂદ્ધનું વર્તન કરતાં બતાવે ત્યારે તેવી રચનાને સ્વભાવ વિરોધી અવળવાણી તરીકે ઓળખાવી શકાય. દા.ત

**ગોરખ**

'ચલિ રે અબિલા કોયલ મૌરી,
ગઈયાં બપડી સિંધ નૈ ધૈરે મૃતક પસૂ સૂદ્ર કૂં ઉચરૈ,
ચીંટ્યાં પરબત ઢોલ્યા રે અબધૂ, ગાયા બાઘ બિડાર્યાજી
સુસલૈ સમદાં લહરિ મનાઈ, મૃધાં ચીતા માર્યાજી.' (૮૧)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**કબીર**

'બુઝ લીજૈ બ્રહ્મજ્ઞાનિ.
ધૂરિ ધૂરિ બરસા બરસાવૈ, પરિયા બુન્દ ન પાની.
ચિઉંટી કે પગ હસ્તી બાઁધી, છેરી બીગ રખાવૈં.
ઉદધિ માઁહ તે નિકરિ છાઁછરી, ચૌડે ગ્રહ કરાવૈ.
મેઢુક સર્પ રહત એક સંગે, બિલૈયા સ્વાન બિયાઈ.
નિત ઉઠિ સિંહ સિયાર સો ડરપૈ, અદ્‌ભુદ કથ્યો ન જાઈ.'(૮૨)

**સુંદરદાસ**

'મછરી બગલાકૂં ગ્રહી ખાયો, મૂષા ખાયો કારો સાપ,
સુએ પકરી બિલાઈ ખાઈ, તાકે મુએ ગયો સંતાપ.
બેટી અપની મૈયા ખાઈ, બેટે અપનો ખાયો બાપ,
સુંદર કહે સુનોહો સંતો, તિનકૂં કોઉ ન લાગ્યો પાપ.' (૮૩)

**ધીરો ભગત**

'ભ્રમણાઓ તો ભાગી રે, અલખ લ્હે લાગી લટકે.
મા મેડકીએ મણિધરને માર્યો, સમુદ્રને પી ગયો મીન.
અજાએ આભને ઉદરમાં રાખ્યું, ધણી પ્રજાને આધીન.
તેતરે બાજને ઝડપ્યો રે, શ્વાન ભયથી સિંહ છટકે.'(૮૪)

**માંમદ**

'નુગરો શું જાણે રે ગુરુ ગતિ ગમની સારી,
સ્યાણા જન સમઝે રે અનુભવ ઉરમાં ધારી.
આઠ બકનું એક વ્રંદ તે બેઠું નદી કીનારે,
મચ્છએક મોટો આવીને તેનો કરી ગયો અહાર.
ખાંત્યેથી ખાધારે તેની સહુ રંડાણી નારી,
સ્વાન બીલીને ઝઘડો ચાલ્યો મીંદડીયે ગ્રહયો સ્વાન.
ગ્રીવાયે પકડીને ગોથાયો ભૂલ્યો પોતાનું ભાન,'(૮૫)

**દાસ ગોપાલ**

'સાધો ભાઈ ગૌ સિંહકો ખાયા, મોહે અચમ્બા આયા.
ચીડીયા જાય બાજકો ઝપટા, અગ્નિ માહે ઝોકાયા,
લાગત અગ્નિ શીતલ હો ગયા, બાર બાર સુખ પાયા.
મછલી ઉલટ કીરકો પકડા, લીના જાલ ફસાયા,'(૮૬)

**શંકર મહારાજ**

'કીડીએ ગજને બાંધી રાખ્યો, તેતરે બાજને મારી નાખ્યો ;
નહીં દિવસ કે નહીં ત્યાં રાત, ખૂબ વિચારજો રે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

સસલે સિંહને ખૂબ નચાવ્યો ; મૃગલે મૃત્યુથી તેને બચાવ્યો ;
ઉંદર બિલ્લીબાઈને હારાવે, ડોળા કાઢી ખૂબ ડરાવે ;'(૮૭)

**સ્વામી સરજ્યુગીર**

'શીયાલીએ કુંજર મારીઓ, તેને દેખી ડરાનો બાધ જી.
જલમાં મછલી થઇ અતિ દુઃખી, પામ્યો અગ્નિમાં સુખ જી,
કીડી કુંજરને ગલી ગઇ, તેની ગઇ સર્વે ભૂખ જી.
મછલી બગલાને ગલી ગઈ, ઉંદર ગલી ગયો સાંપ જી,'(૮૮)

**મૂળ ધર્મ વિરોધ મૂલક વિપર્યાસ**

ધર્મ એટલે પ્રાકૃતિક પદાર્થો, વ્યક્તિ વિશેષ અને વસ્તુ વિશેષમાં જે નિત યુક્ત ગુણ-ધર્મો રહેલા છે તે. જેનાથી તે ક્યારેય અલગ ન હોય કે ન હોય શકે. દા. ત. અગ્નિનો ધર્મ દાહ આપવાનો છે. તેમજ બીજ વિના વૃક્ષનું ફૂલવું-ફાલવું શક્ય નથી. આવા જે પ્રાકૃતિક ધર્મ વિશેષો હોય તેને શૈલીગત ઉલટાવીને કૃતિનો ઘાટ ઘડવામાં આવ્યો હોય, તેવી રચનાને ધર્મ વિપર્યાસમૂલક અવળવાણી તરીકે ઓળખાવી શકાય. દા. ત.

**ગોરખ**

'ઊંડા કૂવા સંતોજળ વિના, નીર ભરે પાણીઆરી જી;
અસત જુઠું નવ બોલીએ, બ્રહ્મા જુઓ વિચારી જી.
તળે કુંભાર ઉપર ચાકળો, એમ ફરતાં દીઠો જી,
કીડી રે કેરા નેત્રમાં, હસ્તી જાતાં જોયો જી.
નદી કેરાં નીર ઉલટી જઈ, પરવત પર બેઠા જી,
હરણીએ પાસો નાંખીઓ, માહેં પારધી પડીઓ ઊંડોજી.
તળેરે ભમર ઉપર કમળ છે, માળી છાબમાં દીઠોજી.'(૮૯)

**કબીર**

'જરા તુમ દેખોને લોકો રે, નાવમેં નદીયાં ડૂબ જાય.
ઘડા ન ડૂબે ઘડિ ન ડૂબે, હસ્તી મિલ મિલ નહાય ;
કોટ કાંગરે પાની ચડિયાં, કીડીયાં પ્યાસી જાય.
એક અચંબા હમને દેખા, કૂવેમેં લગ રહી આગ ;
કાદવ કીચડ જલ ગયા ઔર, મછિયાં હો ગઈ સાફ.
સાસુ કુમારી વહુ અમલમેં, નણંદ સુવાવડ ખાય ;
દેખનવાલીકો પૂત જનમિયા, પડોસન હલોલોલો ગાય.'(૯૦)

**સુંદર દાસ**

'રજની માંહી દિવસ હમ દેખ્યો, દિવસ માંહી દેખી હમ રાત,
તેલ ભર્યો સંપૂરન તામેં, દીપક જરૈ જરૈ નહિ બાત ;
પુરુષ એક પાનીમેં પ્રગટયો, તા નગુરાકી કૈસી જાત ?
સુંદર સોહી લહૈ અર્થકું, જો નિત કરૈ પરાઇ તાત.'(૯૧)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ધીરો ભગત**

'આંબાની ડાળે નારિયેળ વળગ્યાં, કદળીએ કેરીની લૂમ,
નાગરવેલે તો દ્રાક્ષ બિજોરાં, શોભા બની છે ખૂબ
ગગન દોહ્યો ઘટમાં રે, તેનાં દૂધ પીધાં સટમાં
પાવક વરસે પથ્થર ભીંજે, થઈ ગયું ચોદિશ પાણી,' (૯૨)

**હમીરો**

'વિના રે ધરતી એક આંબલો રચીયો, પાળ પિયાળે છે,
વિના રે ડાળે ફૂલડાં આવ્યાં, તેની સાખું તો નોધારી છે,'(૯૩)

**બાપુ**

'એક હસ્તીએ બકરી જનમી, બીજું જનમ્યું ઊંટ,
ઊંટની ગરદન એવી લાંબી, પહોંચી ચારે ખુંટ,
ખુંટે બાંધેલું રહેશે રે, છૂટે તો ઊંધું વાળે.
ઊંટ બકરીને સંજોગ થયો, એનાં બચ્ચાં થયાં વીશ ને સાત,'(૯૪)

**છોટમ**

'અવળું વૃક્ષ કોઈ જોજો નિહાળી, થડ છે ઊંચુ ને નીચી છે ડાળી,
ચાર ત્વચાઓ દીસે રૂપાળી તો મૂળ અદ્ધર આકાશમાં રે.
એ મૂળ થકી ઉપમૂળ થયાં છે પાંચ પ્રકારે અરૂપ રહ્યાં છે.
અખિલ - બ્રહ્માંડમાં ફેલી રહયા છે. તો વૃક્ષ રહયું છે તે વડે રે.
શાખાઓ નીચી ને ગુણ બહુ ન્યારા, કોઈ એક ખોટાને કાંઈ એક સારા.'(૯૫)

**બ્રહ્માનંદ**

'અચરજ દેખા ભારી સાધો અચરજ દેખા ભારી રે.
ગગન બીચ અમૃતકા કૂવા ઝરે સદા સુખકારી રે.
પંગુ પુરુષ ચઢે બિનસીઢી પીવે ભરભર ઝારી રે.
બિના બજાયે નિશદિન બાજેં ઘંટા શંખ નગારી રે.'(૯૬)

**ચિદાનંદ**

'સંતો અચરિજ રૂપ તમાસા, સંતો અચરિજ રૂપ તમાસા.
કીડી કે પગ કુંજર બાંધ્યો, જળમેં મકર પીયાસા.
કરત હલાહલ પાન રૂચિધર, તજ અમૃતરસ ખાસા ;
ચિંતામણિ તજ ધરત ચિત્તમેં, કાચ શકલકી આશા.
બિન બાદર વરસા અતિ બરસત, બિન દિગ બહત બતાસા;
વજ ગલત હમ દેખા જલમેં, કોરા રહત પતાસા.' (૯૭)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**બાપુ**

'જળમાં ભડકા મેં તો જોયા, કપડે ધોબીડાને ધોયા ;
માછલે મારી બગને લાત, હરિજન ! સાંભળો રે....
તરણે મેરુને ઉડાડયો, બિંદુએ સિંધુને બૂડાડયો ;
જોવા આવ્યા જગના તાત, હરિજન ! સાંભળો રે....
જોતાં પોતે ત્યાં ખોવાયા, નાહક નકટાંથી વગોવાયા ;'(૯૮)

**સરજ્યુગીર**

બાવળમાંથી ચંદન નીપજ્યો ચંદનમાં દુરગંધી રે હોજી,
મુરખને સહુ દુનીયા રે પૂજે જ્ઞાની કો નાંખ્યો બંધી,
મેરે સાધુ જલમાં અગ્નિ.
'એક અચંબા દેખ્યા મેને જલમાંહી અગ્નિ લાગી રે હોજી,
કાદવ કચરા સબહી જલ ગયા મછલોંકી ભો ભાગી,
મેરે સાધુ જલમાં અગ્નિ.'(૯૯)

**સાદશ્ય મૂલક**

સાદશ્ય બે પ્રકારના હોય છે. એક એ કે જેમાં આકાર-પ્રકારનું સામ્ય હોય છે અને બીજું એ કે જેમાં ગુણ, ક્રિયા અને ભાવનું સામ્ય હોય.

અવળવાણીનો પ્રયોગક્તા જ્યારે રૂપક તત્ત્વને આધારે આ સામ્યને પ્રતીપગામી બનાવી, પોતાની અનુભૂતિને અભિવ્યક્ત કરે છે ત્યારે સાદશ્ય મૂલક અવળવાણી બને છે. આવી અવળવાણી મોટે ભાગે ભાવાવેશમાં રચાતી હોય છે. જેમાં રૂપક તત્ત્વ અને પ્રતીકોના સાદશ્યથી કલ્પન રચાતું હોય છે.

રૂપક તે પ્રતીક નથી પણ રૂપકાતિશ્યોક્તિ અલંકાર પ્રતીકને મળતો છે. એમાં પણ પ્રતીકની જેમ પ્રસ્તુતનો ઉલ્લેખ કર્યા વિના, પ્રસ્તુત પર અપ્રસ્તુતનો આરોપ કરવામાં આવે છે. આજ રીતે કલ્પન પણ પ્રતીકની જેમ સંવેદન આદિની સૌંદર્યનિષ્ઠ અભિવ્યક્તિ કરીને એમાં એક જુદા જ પ્રકારની મૂર્તતા પ્રગટ કરે છે.

આમ અવળવાણીનો રચયિતા જ્યારે સાદશ્ય, રૂપક, કલ્પન, પ્રતીક વગેરે કાવ્યના કલાત્મક તત્ત્વોને પ્રતીપગામી બનાવી પોતાના દર્શન-ચિંતનને અભિવ્યક્તિ કરે ત્યારે તેવી અવળવાણીને સાદશ્ય મૂલક અવળવાણી તરીકે ઓળખાવી શકાય. દા.ત.

**કબીર**

'અટુક દઈને મટુક દઈને,
મિલન પાણીડાં જાયરે, મારા ઉંદર વરને.
આવળ બાવળ ને બોરડી, માથે કરેણી કામ રે.
દાતણ કરશે મિલન બાઈના કંથ
હાથમાં જારિયાં રે, ઝરિયાં
સેવ સુંવાળી લાપીસી ને, બીજા પકવાન પાંચરે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ભોજન કરશે મિલન બાઈના કંથ
હાથમાં વીંજણાં રે, વીંજણાં
તજ સોપારી એલચી ને, પાનનાં બીડાં પાંચ રે.
મુખવાસ કરશે મિલન બાઈના કંથ
મોઢાં રાતડાં રે, રાતડાં
સેજ સુંવાળા ઢોલિયાને, માથે ફૂલડાંના હાર રે.
પોઢણ કરશે મિલન બાઈના કંથ
હાથમાં વીંજણાં રે, વીંજણાં
અરડૂક ડોકી ને મરડૂક ડોકી
મિલન બાઈ તો રાંડિયા રે, રાંડિયા
કહત કબીરા સુણો ભાઈ સાધુ
મિલન બાઈએ બીજા ઘર માંડિયા રે માંડિયા.'(૧૦૦)

**અખો**

'સસાસિંગનું નાવ જ ઘડી, વંધ્યાસુત માંહે બેઠો ચઢી,
મૃગતૃષ્ણાનું નીર જ ભર્યું, તે ઉપર તે વાહણ જ તર્યું;
વ્યોમકુસુમની વહોરત કરી, તેહેનું વહાણ તો આણ્યું ભરી ;
અખા એ સર્વે છે મિથા (થ્યા), જયમ શેખસલીની ચાલી કથા.' (૧૦૧)

**ભોજા ભગત**

'કીડી બિચારી કીડી રે, કીડીના લગનિયા લેવાય,
પંખી પારેવડાને નોતર્યા, કીડીને આપ્યા સન્માન
હાલો કીડી બાઈની જાનમાં
મોરલે બાંધ્યો રૂડો માંડવો, ખજૂરો પીરસે ખારેક,
ઘૂડે રે ગાયા રૂડાં ગીતડાં, પોપટ પીરસે પકવાન.
મકોડાને મોકલ્યો માળવે રે, લેવા માળવિયો ગોળ,
પંડે રૂડોને કેડ પાતળી, ગોળ ઉપડયો ન જાય.
મીની બાઈને મોકલ્યા ગામમાં રે, એવાં નોતરવા ગામ,
સામા મળ્યા બે કૂતરા, બિલાડીના કરડયા બે કાન.
ઘોડે રે બાંધ્યા પગે ઘૂઘરા, કાકીડે છે બાંધી કટાર,
ઊંટે રે બાંધ્યા ગળે ઢોલકા, ગધેડો ફૂંકે શરણાઈ.
ઊંદરમામા હાલ્યા રીસામણે, બેઠા જઈ દરિયાને બેટ,
દેડકો તો બેઠો ડગમગે, રે મને કપડા પહેરાવ.
વાંસડે ચડયો એક વાંદરો, જાુએ જાનુની વાટ,
આજ તો જાનને લૂંટવી, લેવા સર્વેના પ્રાણ.
કઈ કીડીને કોની જાન છે રે, સંતો કરજો વિચાર,
ભોજા ભગતની વિનતી સમજો ચતુર સુજાણ.'(૧૦૨)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**છોટમ**

'અવળું વૃક્ષ કોઈ જોજો નિહાળી, થડ છે ઊંચુ ને નીચી છે ડાળી,
ચાર ત્વચાઓ દીસે રૂપાળી તો મૂળ અધ્ધર આકાશમાં રે.
એ મૂળ થકી ઉપમૂળ થયાં છે પાંચ પ્રકારે અરૂપ રહ્યાં છે.
અખિલ - બ્રહ્માંડમાં ફેલી રહયા છે. તો વૃક્ષ રહયું છે તે વડે રે.
શાખાઓ નીચી ને ગુણ બહુ ન્યારા, કોઈ એક ખોટાને કાંઈ એક સારા.
પંખી વસે બહુ ચરવાને ચારા તો પત્ર-પુષ્પ બહુ વાસના રે.
કડવા ને મીઠાં વળી ફળ એને, મન-મર્કટ ખૂબ ખાય છે તેને
આશાવેલી લપટેલી છે જેને, તો સંશયની જાળ છૂટો નહિ રે.
ડાળે ડાળે સહુ દેવોનું થાણું, મૂળ વિષે પરિબ્રહ્મં પ્રમાણું
અર્થ એનો જો ઉરમાં આણું તો છોટમ ભેદે જડે વેદનો રે.'(૧૦૩)

**સવા ભગત**

'અંગુઠો મરડીને પિયુને જગાડીયા, ગોરી કહે શાની આવે ઉંઘ
આડું જાય અવળું થાઈ નણદલ લેરીયું રે.
વર ઠુઠો ને અણવર પાંગળો રે, કન્યા વર વરવાને જાય
ઉમંગ થાય નણદલ લેરીયું રે.
વર પરણ્યાને ભાંગી વેલડી રે, મરાણો કાયાનો સરદાર
તમે સૂણો નરને નાર નણદલ લેરીયું રે.
પાંચ પારખને બોલાવ્યા રે, હાટડે પડી હડતાળ
ચતુર નર કરોને વિચાર નણદલ લેરીયું રે.
કીડીની હડફેટે હાથી મરાયો રે, બગલાને પછાડયો ઉંદર રે
એને પહોંચાડ્યો છે હેઠ નણદલ લેરીયું રે.
નર કઈ નગરીમાં વિવાહ થયા રે, નહીં કોઈ નર કે નાર
હુવો ઝણકાર નણદલ લેરીયું રે.
દાસ સવો કહે તમે સાંભળો રે, જન્મ મરણ દુ:ખ જોઈ
ગુરુ ગમથી ગાઈ નણદલ લેરીયું રે.'(૧૦૪)

**બનારસી**

'વન કાયામેં મન મૃગ ચારો તરફ ચોકડી ભરતા હૈ,
બિના પૈરસે દોડતા, બિના મુખ ચારા ચરતા હૈ.
બિના નેત્ર સે દેખે સબકો, બિના દાંત દાના ખાવે,
બિના જિહ્‌વા સે બાત કરે, ઔર બિના કંઠ ગાના ગાવે.
બિના સીંગ સે લડે ઔર બડે બડે દલ હટાવે,
બહુત સિંહ ડરતે ઈસસે યે કિસીસેભી નહીં ડરતા હૈ.
બિન ખુર ખોદે સકલ જગત કો, ઐસા યહ મદમાતા હૈ,
બિન ઈન્દ્રિ સે ભોગ કરતા હૈ, યહી કહલાતા હૈ,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

નહિં ઈસકે કોઈ તાત - માત, નહિ કુટુંબ - કબીલા નાતા હૈ,
આપી પૈદા હોઈ વો આપી મેં આપ સમાતા હૈ,
સબ રંગો સે ન્યારા હૈ, ઔર હર એક રૂપ કો ધરતા હૈ.
બિના જીવકા માંસ ખાય યે, કિસીકો ભી નહિ મારે હૈ,
જિસકો મારે એક પલ ભરમેં, ઉસે સુધારે હૈ,
ઐસે જ્ઞાનકો કોઈ ભી સાધુ - સંત બિચારે હૈ,
તીનો લોકમેં ફિરત યહ મૃગ ભવસાગરમેં તિરતા હૈ.
બિના નાસિકા લેવે વાસના, હર એક ચીજકી ખુશબોઈ,
આપી આપ હૈ અકેલા ઔર ન ઈસકે સંગ કોઈ,
દેવીસિંહ યહ કહે કિ જિસને બુદ્ધિ નિર્મળ કર ધોઈ,
આપની આત્મા જાનતા ઈસ મૃગકો જાને સો.'(૧૦૫)

**શંકર મહારાજ**

'ભીતર ખડકી ખોલતાં, અચરજ દીઠું એક ;
શંકર ! અગ્નિ ખાઈને, જીવે જીવ અનેક.
હો અવધૂત ! અચરજ નજરમાં આવે,ઓલ્યા મદારીને માંકડું નચાવે.
પલમાં હસાવે પલમાં રડાવે, પલમાં એ પીર બનાવે,
પલમાં ઘરોઘર ભીખ મંગાવે, પલમાં વાજાં વગડાવે.
કોઈ દિન કાશી કોઈ દિન મથુરા, કોઈ દિન ગંગામાં નવરાવે,
કોઈ દિન રણની રેતીમાં તપાવે, કોઈ દિન માર મરાવે.
કોઈ દિન લાડુ કોઈ દિન પેંડા કોઈ દિન પકવાન પડાવે,
કોઈ દિન સૂકા ટુકડા ન આપે, વનવન ખૂબ અથડાવે.
આ રે માંકડલે જોર ખૂબ માંડયું, અલખને ખોળા પથરાવે,
શંકર હરિગુરુસંત પ્રતાપે, હરદમ હરિગુણ ગાવે.'(૧૦૬)

## ગૂઢાર્થ મૂલક

અનુભૂતિની અભિવ્યક્તિ સંદર્ભે સંત-ભજનિકને મોટી મૂશ્કેલી એ પડે છે કે તે સાધનાકીય ક્ષેત્રે જે અનુભૂતિમાંથી પસાર થાય છે તે અનુભૂતિ એવી અલૌકિક અને સૂક્ષ્માતિસૂક્ષ્મ હોય છે કે તેને સામાન્ય લોકભાષામાં અભિવ્યક્ત કરી શકાતી નથી. અને વળી આ અનુભૂતિ એટલી સઘન અને પ્રબળ હોય છે કે તેને નિશ્રત કર્યા વિના પણ તેનાથી રહેવાનું નથી. આવી સ્થિતિમાં સંત-ભજનિક પોતાને થયેલ અલૌકિક, અનિવર્ચનીય એવી અનુભૂતિને વાણીનું રૂપ આપવા વિવિધ સાધના ધારાઓની પરંપરિત, ગૂઢાર્થભરી, પ્રતીકાત્મક શબ્દાવલીનો સહારો છે.

આ સંદર્ભે બધીજ અવળવાણીઓને તેની ગૂઢાર્થયુક્ત શબ્દાવલી અને શૈલીગત વિશિષ્ટતાને કારણે આ વર્ગમાં સમાવી શકાય. પરંતુ અહીં ખાસ કરીને જે રચનાઓમાં વિશેષ રીતે તિથિઓ, સંખ્યાઓ અને યૌગિક રૂઢ પરિભાષાનો પ્રયોગ થયો હોય તેવીજ રચનાઓને આ વર્ગમાં મૂકી શકાય કારણ કે, આવી અવળવાણીઓનું કાવ્ય સૌંદર્ય અને ચમત્કારનું તત્ત્વ એની રૂઢ યૌગિક શબ્દાવલીને આભારી હોય છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

આમ જે અવળવાણીનું પોત તિથિ તથા સંખ્યાવાચક ગણકો અને રૂઢ યૌગિક પારિભાષિક શબ્દાવલીથી વણાયું હોય તેને ગૂઢાર્થ પ્રતીતિ મૂલક અવળવાણી તરીકે ઓળખાવી શકાય. દા. ત.

**ગોરખ**

'જી રે નાથ ગોરખ ધંધાને જોગી, જોગ વિચારો રે નાથજી !
તારી કરણીનો પાર ના'વે દીનાનાથ જી રે.
માસી ભાણેજી ફુઈ ભત્રિજ રે નાથજી! એ ચારેનો એક ભરથાર.
લકડા બૂડેલા લોહા તરેલા રે નાથજી! ઈ તો વગર કાંટે જોખાય.
જમી વરસી આભ ભીંજેલા રે નાથજી! નેવલાનાં પાણી મોભે જાય.
પાંચ ભાઈએ મઢડી બનાવી રે નાથજી ! છઠ્ઠલો ચતુર સુજાણ.'(૧૦૭)

**કબીર**

ધરતી બરસે ગગન ભીંજે, ચંદ-સૂરજ મેલ ;
દોઉ મીલી તહાં ઝુલન લાગે, કરત હંસા કોલ.
એકવૃક્ષ ભીતર નદી ચાલી, કનક કલશ સમાઇ ;
પંચ સુડા ઊલટ બેઠા, ઉંદે ભઇ વનરાઇ ;
જહાંકો બિછુટયો તહાં લાગ્યો, ગગન બેઠો જોઇ ;
જન કબીર બટાઉવા, જીને મારગ લીનો ચાઇ.(૧૦૮)

**મેકરણ**

'વરસે ધરતી, ભીંજે આસમાન,
સવરી વાણીરા પૂરા પરમાણ.
બારે બારે બછડા, સોરે સોરે ગાઇ,
દોતે ગોરખનાથ રેન વિહાઇ.
નવી નવી હાટડી, માંહી જૂનાં જૂનાં નાણાં,
પારખુ પારખો, પારખી લ્યો, નાણાં.'(૧૦૯)

**ધીરો ભગત**

વિના પાંખ ઊડી અસ્માન પર, ચર્ણ વિના મેરુ ચડું,
નવસેં નવાણું એક ધર આણું, સિંધુ કૂદી પાર પડું ;
સાડા ત્રણ કરોડ રોમને રે, રમત રૂડી રમાડું.
પાવક વરસાવી પાષાણ પલાળું, સાત વૈકુંઠને તારુ,
જલ મધ્યે જાલંધર ધિકાવું, મરે નહિ તેને મારું ;
ચૌદને ચેતાવું રે, પંદરે રહી પાર પાડું.
કહો તો વિના અર્ક કરું અજવાળું, મહાનિધિમાં માણું,
શિવ, વિરંચિ, વિષ્ણુ વિવેકે, ત્રણેને તાણી અહીં આણું ;'(૧૧૦)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**બાપુ**

બ્રહ્મરૂપે બે બાળક જન્મ્યા, જેને વળગ્યા તે થયાં મૂર્ખ,
એવા બે બેટા રે, જન્મી જાણો ભોંય કોહળી.
એકનુ નામ તો તત્ત્વ મોટું બીજાનું ભાઈ અહંકાર,
એ અહંકારને ત્રણ છોકરાં હુઆ, તેના નામ કહૂં નિરધાર, '(૧૧૧)

**ચિદાનંદ**

'ઐસા જ્ઞાન વિચારો પ્રીતમ ! ગુરુગમ શેલી ધારી રે આ૦
સ્વામી કી શોભા કરે સારી, તે તો બાળકુમારી રે,
જે સ્વામી તે તાત તેહનો, કહ્યો જગત હિતકારી રે.
અષ્ટ દીકરી જાઈ બાળા, બ્રહ્મચારિણી જોવે રે,
પરણાવી પૂરણ ચંદાથી, એક સેજ નવિ સોવે રે.
અષ્ટ કન્યા કા સુત વળી જાયે, દ્વાદશ તે વળી સોઈ રે,
તે જગ માંહે અજન્મા કહીએ, કરતા તાસ નહિં કોઈ રે.
માત-તાત સુત એક દિન જનમે, છોટે બડે કહાવે રે,
મૂલ તીનોંકા સહુ જન જાણે, શાખ ભેદ ન પાવે રે. '(૧૧૨)

## (૩) પ્રયોજન પ્રમાણે

માનવજાતની કોઈ પણ પ્રવૃત્તિ નિર્હેતુક નથી હોતી. તેણે હાથ ધરેલ તમામ પ્રવૃત્તિ પાછળ કોઈને કોઈ પ્રગટ કે અપ્રગટ, પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ, ઉદ્દેશ કે પ્રયોજન હોય છે. એટલે જ તો સંસ્કૃતમાં કહેવાયું છે કે 'પ્રયોજનામ્ન મંદોદપિ પ્રવર્તતે' અર્થાત્, પ્રયોજન વગર મંદબુદ્ધિનો માણસ પણ કંઈ કાર્ય કરતો નથી. તો સરસ્વતિના ઉપાસક એવા સર્જકો તો પ્રયોજન વગર કેમ પ્રવૃત્ત થાય ? કલાકૃતિને આપણે સ્વયં સ્ફૂણાનું પરિણામ કહીએ તો પણ સ્વયં સ્ફૂરણાથી થતી મનોગત અભિવ્યક્તિને સર્જક બાહ્ય અભિવ્યક્તિ આપે છે તે તો પ્રયોજન પૂર્વક જ.

આમ, પ્રયોજન એ કોઈ પણ કળાકૃતિના નિર્માણનું મહત્ત્વનું સોપાન બની રહે છે. સહજ-સ્વાભાવિક છે કે અવળવાણી રચના પ્રવૃત્તિ પણ આનાથી મુક્ત ન જ હોય.

અવળવાણી પ્રકારની રચનાઓનું મુખ્ય પ્રયોજન તો પૂર્ણ વ્યક્તિત્ત્વને અપૂર્ણ એવા ભાષાના ઉપાદાનથી અભિવ્યક્તિ કર્યાનો પરિતોષ છે. પરિણામે કયું પદ કયા ચોકકસ પ્રયોજન માટે રચાયું હોય તે શુદ્ધ વૈજ્ઞાનિક દૃષ્ટિ કોણથી તારવવું મુશ્કેલ બની જાય તેમ છે. આમ છતાં અવળવાણી શૈલી દ્વારા અવ્યક્તને વ્યક્ત કરી શકયાનો પ્રયોક્તાને થતો પરિતોષ, પોતાને લાધેલું રહસ્યાત્મક એવું તત્ત્વ, સર્વસુલભ બની અન અધિકારીના હાથમાં ન જાય માટે અધિકારભેદવાદ કે રહસ્યને ગુપ્ત રાખવાની પરંપરા, પોતે અનુભવેલા વિસ્મય કે અદ્ભૂતને અદ્ભૂત રસ પ્રધાન શૈલી દ્વારા ભાવકમાં કુતૂહલ કે વિસ્મય જગાડી પોતાના ભાવ-વિચાર તરફ અભિમુખ કરવાની વૃત્તિ તેમજ પંડિતોની પુસ્તકીયા જ્ઞાન સામે જાતે અનુભવેલા પરાવિદ્યાના જ્ઞાને પ્રસ્થાપિત કરવાની પ્રતિબદ્ધતા જેવા પ્રયોક્તાના પ્રયોજનોને ધ્યાનમાં રાખી ઉપલબ્ધ અવળવાણીઓને નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## સાધનાકીય અનુભૂતિની અભિવ્યક્તિ

આપણે જાણીએ છીએ કે ભાષા એ ભાવાભિવ્યક્તિનું ઉત્તમ સાધન છે. પરંતુ રોજિંદા વ્યવહારની આ ભાષા ગહન અને જટિલ ભાવોની ઉત્કટ અભિવ્યક્તિ માટે અશક્ત બની જાય છે. અવળવાણીના પ્રયોકતા સંતભજનિકની સાધનાકિય અનુભૂતિની અભિવ્યક્તિ સંદર્ભે મોટી મુશ્કેલી એ છે કે તે સાધનાકીય ક્ષેત્રે જે અનુભૂતિમાંથી પસાર થાય છે તે અનુભૂતિ એવી શુક્ષ્મ અને અનિર્વચનીય હોય છે કે, તેને સામાન્ય લોકભાષામાં અભિવ્યક્ત કરી શકાતી નથી અને વળી આ અનુભૂતિ એટલી બળકટ હોય છે કે તેને નિશ્રત કર્યા વિના પણ તેનાથી રહેવાતું નથી. આવી સ્થિતિમાં પોતાના અનુભવને વ્યક્ત કરવા તે ગૂઢાર્થભરી પ્રતીકધર્મી અવળવાણી શૈલીનો સહારો લઈ પોતાના અનુભવને વચનીય બનાવે છે.

આમ નિગૂઢ અભિવ્યક્તિ દ્વારા પોતાના અનિર્વચનીય અનુભવોને સમ્યક રીતે વચનીય બનાવી એક પ્રકારનો પરિતોષ પ્રાપ્ત કરવો તે અવળવાણીના પ્રયોક્તાઓનું મુખ્ય પ્રયોજન છે. આ સંદર્ભે સામાન્ય રીતે બધીજ અવળવાણીઓને આ વિભાગમાં સમાવિષ્ટ કરી શકાય.પરંતુ અહીં વર્ગીકરણ સંદર્ભે વિચારીએ તો જે રચનાઓની અંદર વેદો-પોથીઓ વાંચીને કે અન્યો પાસેથી મેળવેલ જ્ઞાન કે પાંડિત્યને નહીં પરંતુ સાધક સંત કવિએ જાતે અનુભવેલા અલૌકિક એવા નિજી અનુભવો-સંવેદનો, વિરોધાત્મક કે રૂપાત્મક રીતે નિરૂપિત થયા હોય તેવી રચનાઓને આ વિભાગમાં સમાહિત કરી શકાય. દા.ત. 'ચાંચ પાંખ નહીં કાયા ! એક પંખી નજરે આયા. બિના પાળ એક સરોવર ભરિયા, નીર નજર નહીં આયા,(૧૧૩) અબ મેં પાઈબો પાઈબો બ્રહ્મજ્ઞાન, મૃતક ઊઠયા ધનખ કર લીયા, કાલ અહેડી ભાગા; અવિગત અલખ અનુપમ દેખ્યા કહેતાં કહ્યા ન જાઈ;'(૧૧૪) અહીં પાંખ વગરનાં પંખી અને પાળ વગરના સરોવરને જોવું, મૃતકનું બેઠાં થવું વગેરે સાધકના નિજી અનુભવો છે. જેને સામાન્ય લોકભાષામાં અભિવ્યક્ત કરવાનું અત્યંત કઠિન બની રહે છે. આ સંદર્ભે થોડાં અન્ય ઉદાહરણો જોઈએ-

### સુંદરદાસ

'હંસ ચઢયો બ્રહ્માકે ઉપર, ગરુડ ચઢયો પુની હરિકી પીઠ,
બેલ ચઢયો હૈ શિવકે ઉપર, સો હમ દીઠો અપની દીઠ ;
દેન ચઢયો પાની કે ઉપર, જરખ ચઢયો ડાયનીપર નીઠ
સુંદર એક અચંબા હુઆ, પાનીમાંહી જરૈ અગીન.' (૧૧૫)

### રાવત રણસી

'અણઘડ દેખા હે ગુરુ, શૂન શિખર ગઢ માંહિ,
ગુરુ દત્ત દેખા હૈ બંદા, ભમર ગુફાકે માંહિ,
હાથ જ નાહિ વાંકુ પાંવ જ નાહિ, ગુરુ શિશ સુન ન રેખા,
ઉલટા સુલટા બીચ રમતા જોગી, ભમર ગુફા કે માંહિ.'(૧૧૬)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**અખો**

'માનસરોવર ઝીલતાં, તું તો તારું તપાસે ,
તેને તીરે વસે નાગણી, જાળવજે નહિ તો ખાશે.
ઝગમગ જ્યોત અપાર છે, શૂન્યમાં ધૂન લાગી ,
અખો આનંદશું ત્યાં મળ્યો, ભવભ્રમણા ભાગી.'(૧૧૭)

**રવિ સાહેબ**

'સમજાય નહી બોલ્યું ત્રણ ભુવન પહોળું,
એવું પંખ વીના પંખી ભમે,
બે બચ્ચા તેની ગોદમાં, લઈ અધરનું અધર રમે,
થાન વીના જેને દુધ ઝરે, મુખ વીના બચ્ચા પીએ,
જે ઝીણા તેની જુગત જાણે, તોટા દેખીને બીએ.'(૧૧૮)

**દાસી જીવણ**

'દેખંદા કોઈ આ દિલમાંય, નિરખંદા કોઈ, પરખંદા કોઈ આ દિલમાંય,
ઝણણણ ઝણણણ ઝણ ઝાલર વાગે.
વિના તારને વિના તુંબડે, વિના મુખે મોરલી રે બજાય,
વિના દાંડીએ નોબત વાગે, એસા હે કોઈ વા ઘર જાય... ઝણણણ
સોઈ દુકાને દડ દડ વાગે, કર બીન વાજાં અહોનિશ વાય,
વિના અરીસે આપા સૂઝે , વિના દીપકે જ્યોતિ રે જલાય... ઝણણણ'(૧૧૯)

**ધીરો ભગત**

'ભ્રમણાઓ તો ભાગી રે, અલખ લ્હે લાગી લટકે
મા મેડકીએ મણિધરને માર્યો, સમુદ્રને પી ગયો મીન,
અજાએ આભને ઉદરમાં રાખ્યું, ધણી પ્રજાને આધીન.
તેતરે બાજને ઝડપ્યો રે, શ્વાન ભયથી સિંહ છટકે '(૧૨૦)

**મોરાર**

'અચરત નજરે આયા સંતો, જલમેં જ્યોતિ જગાયા.
બીનાં મૂળ એક તરુવર ઠાડા, ડાળ પાત નહીં છાંયા.
ફળ બીના ફુલ ફુલ બીન ફળીયા, તીન લોક છવરાયા.
વિનાં પાળ એક પંખી બેઠા, પગ પાંખ નહી કાયા.
વિના ચાંચ હંસા ચુગતા હે, મોતી ગોતી લાયા.
વિનાં મેઘ એક વિજ ચમુંકે, વિન વાદળ વરસાયા.'(૧૨૧)

**છોટમ**

'બાદલ બીના બીજ ચમકારા, બરસે મેઘ સુધારસ ધારા.
કૌટી કૌટી સુરજ ભયા ઉજીયારા, ઐસી શોભા નિરખો નિરંતર.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

એજી ઔર સુખ સબ તજા, દેખલે.
એ સુખ મુખસે કહ્યા ન જાવે, દેખે સોઈ પરમ પદ પાવૈ.
જીવ શિવ દોનો એક હો જાવે, જન છોટમ જંજાળ છોડકર.
એજી ઐસા સાધન કોઈ સજા, દેખલે.' (૧૨૨)

**માંમદ**

'નવ મણ કાજળ નેત્રમાં સારિયું એવી દીઠીમેં એક નાર રે.
સસલે જઈ નિજ સિંહને ગ્રાહ્યો કોઈ છોડાવો સુણી આ પોકાર રે.
પચીસ પદમણી પતિવ્રતા નારી છે તે પર એક જ ભરથાર રે.
તેહ નારીથી તન ઘણા ઉપજ્યા વધ્યો અનંત વિસ્તાર રે.
સાગર સળગ્યો ને મોટા મચ્છ તેમાં  મળી કરે આનંદ અપાર રે.
મામંદ કહે મીયા અશ્રફ મેહેરથી અર્ક વિના જોયા અંજવાર રે.'(૧૨૩)

## ગૃહ્ય-ગુપ્ત પ્રવૃત્તિ પ્રધાન

યોગ, ધ્યાન, તપ કે સાધનાથી પ્રાપ્ત થયેલ મહામૂલી સંપત્તિરૂપ જ્ઞાન, રહસ્ય કે સિદ્ધિઓ; કુપાત્ર કે અનઅધિકારીઓના હાથમાં ન જાય અને તેની પવિત્રતા જળવાઈ રહે એ માટે છેક વૈદિક-કાળથી રહસ્યને ગુપ્ત રાખવાની પરંપરા ચાલી આવે છે.

સમયાંતરે આ પરંપરા મધ્યકાલીન ભારતીય લોક સંતો પણ સ્વીકારે છે. કારણ કે સાધક-સંત કવિઓ પોતાની ગુપ્ત સાધના દ્વારા જે જ્ઞાન કે સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે તે પણ એવા પ્રકારની હોય છે કે જો તે અનઅધિકારી કે કૃપાત્રના હાથમાં જાય તો અનર્થ  સર્જાય અને તેની પવિત્રતા જોખમાય. માટેજ સરલચિત્ત સંતોએ પોતાના આ જ્ઞાનની પવિત્રતાની જાળવણી અર્થે કોઈ કુપાત્ર કે અનઅધિકારી તેનો ગેરલાભ ન ઉઠાવે તેમજ કોઈ મુમુક્ષુ, અધિકારીવર્ગ  કે સુપાત્ર આ જ્ઞાનથી વંચિત ન રહે તેવીદ્વિપરિણામી ખેવના અને ઉદ્દેશથી, પોતાની અલૌકિક એવી અનુભૂતિને અભિવ્યક્ત કરવા દુર્બોધ, સંદિગ્ધ અને ઉદ્વિગ્ન એવી અવળવાણી શૈલી અપનાવી.

આમ રહસ્યની ગુપ્તતા જાળવવી એ અવળવાણી પ્રકારની રચનાઓનું બીજું મહત્વનું પ્રયોજન બની રહે છે. અને આ સંદર્ભે આ રચનાઓની મૂલવણી કરીએ તો તમામ અવળાણી રચનાઓ આ વિભાગમાં આવી જાય. પરંતુ  અહીં અભ્યાસની સરળતા ખાતર જે રચનાઓમાં સાધનાકીય ગૂઢ પરિભાષા, યૌગિક સંખ્યા વાચક પ્રતીકો અને વિરોધમૂલક સંકેતો દ્વારા ગુપ્ત સાધના પ્રકિયાના રહસ્યો ગુહ્ય  રીતે પ્રસ્ફૂટિત થયા હોય તેને આ વર્ગમાં સમાવી શકાય દા.ત.

**ગોરખ**

'ગોરખ બાલુડા બોલે સતગુરુ વાણી રે,
જીવતાં ન પરણ્યાં તેને અગન ન પાણી.
ખીલો દૂઝે રે મારે ભેંસ વલોણે,
સાસુડી પારણિયે ને વહુજી હીંચોળે.
કોયલ મોરી આંબો વાળિયો,
ગગન માછલીએ બગલાને ગળિયો.'(૧૨૪)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**કબીર**

'મોકું રોકનવાલા કોન, મગનસેં જાઉં ચલી,
સદ્ગુરુ ! પકડો બાંય; મગનસેં.
ઈંડા હતા તબ બોલતા, બચ્ચા બોલત નાંઈ ;
ખટદર્શનમેં સંસા પડિયા, ગોરખકૂં ગમ નાંઈ.
આગેસેં તો આપ જનમિયા, પીછું બડા ભાઈ ;
ધામધૂમસેં બાવા જનમ્યા, પીછું જનમી માઈ.'(૧૨૫)

**મેકરણ**

'વરસે ધરતી, ભીંજે આસમાન,
સવરી વાણીરા પૂરા પરમાણ.
બારે બારે બછડા, સોરે સોરે ગાઈ,
દોતે ગોરખનાથ રેન વિહાઈ.
નવી નવી હાટડી, માંહી જૂનાં જૂનાં નાણાં,
પારખુ પારખો, પારખી લ્યો, નાણાં.'(૧૨૬)

**ધીરો ભગત**

'પ્રગટ ખેલ ખેલું રે, દેદાર તેને દેખાડું ;
મૃત સંજીવન રે, મહા મંત્ર સહેજે શિખવાડું. પ્રગટ ૦
વિના પાંખ ઊડી અસ્માન પર, ચર્ણ વિના મેરુ ચડું,
નવસેં નવાણું એક ઘર આણું, સિંધુ કૂદી પાર પડું ;
સાડા ત્રણ કરોડ રોમને રે, રમત રૂડી રમાડું. પ્રગટ ૦'(૧૨૭)

**શંકર મહારાજ**

'દિલ દરિયા મેં હમને દેખા, મેડક આગ મેં નહાય,
મગર બિચારા કયા કરે ? જબ જલ મેં લાગી લહાય.
અજબ તમાસા દૂસરા દેખા, મછિયાં બગ કુ ખાય,
બાદલ બિન વહાં મેહુલા વરસે, ઘટગંગા ઊભરાય.'(૧૨૮)

## કુતૂહલ કે વિસ્મય પ્રધાન

સંતો દ્વારા પ્રયુક્ત અવળવાણી રચનાઓનું એક મહત્ત્વનું પ્રયોજન પોતાના વિશિષ્ટ રચનાકૌશલ દ્વારા શ્રોતામાં કુતૂહલ કે વિસ્મયનો ભાવ જગાડી, પોતાના ભાવ વિચાર તરફ શ્રોતાનું ધ્યાન કેંદ્રિત કરી, પોતાને લાધેલ દર્શનને શ્રોતામાં પ્રસ્થાપિત કરવા ઉપરાંત શ્રોતામાં પરાશક્તિ પરત્વે વિશ્વાસ પ્રગટાવવાનું છે. શ્રોતા કે ભાવકમાં આ પ્રકારનો વિશ્વાસ કે શ્રદ્ધા પ્રસ્થાપિત કરવા અવળવાણીનો રચયિતા કુતૂહલ કે વિસ્મયનો સહારો લઈ કૃતિને અદ્ભૂત પ્રધાન બનાવે છે.

આમ જે રચનાઓમાં પરાશક્તિ પરત્વેનો વિશ્વાસ ઊભો કરવા અને પોતાન દર્શનને પ્રસ્થાપિત કરવા વિશેષ રીતે વિસ્મય, ચમત્કાર કે અદ્ભૂતનું તત્ત્વ પ્રયોજાયેલું હોય, તેવી રચનાઓને આ વિભાગમાં મુકી શકાય. દા.ત.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ગોરખ**

'એક અચંબા દેખ્યા મેરે ભાઈ,
બનમેં સિંહ ચરાવે ગાઈ.
પેલા જન્મ્યા પૂત પીછે જન્મી માઇ,
ગુરુ ઊઠ ચેલેકુ લાગે પાઈ.
જલકી મછલી થલમેં બ્યાઈ,
ગજહસ્તિકો લે ગઈ બિલાઈ.'(૧૨૯)

**કબીર**

'પહેલે પુત પીછે રે માઈ, ગુરુ લાગે ચેલેકે પાંઇ ;
એક અચરજ તુમ દેખો ભાઈ, દેખત સિંહ ચરાવત ગાઈ.
જલકી મછલી તરવર વિઆઈ, દેખત કૂતા લે ગઈ બિલાઈ ;
તલે રે ડાલી ઉપર મૂલા, તિસકે પેટ લગા ફલફૂલા.
ઘોડે ચડે ભેંસ ચરાવન જાઈ, બાહર બેલ ગોન ઘર આઈ ;
કહત કબીર જો ઈસ પદ બૂઝે, રામ રતન એ સબ કૂછ સૂઝૈ.' (૧૩૦)

**અખો**

'શાં શાં રૂપ વખાણું, સંતો રે શાં શાં રૂપ વખાણું ?
ચાંદા ને સૂરજ વિના, મારે વાયુ છે વહાણું.
નેજા રોપ્યા નિજ ધામમાં, વાજાં અનહદ વાજે,
ત્યાં હરિજન બેઠા અમૃત પીએ, માથે છત્ર વિરાજે.
વિના રે વાદળ, વિના વીજળી, જળસાગર ભરિયું ,
ત્યાં હંસારાજા ક્રીડા કરે, ચાંચે મોતીડું ધરિયું.'(૧૩૧)

**ધીરો ભગત**

'પ્રગટ ખેલ ખેલું રે, દેદાર તેને દેખાડું ;
મૃત સંજીવન રે, મહા મંત્ર સહેજે શિખવાડું.
વિના પાંખ ઊડી અસ્માન પર, ચર્ણ વિના મેરુ ચડું,
નવસેં નવાણું એક ઘર આણું, સિંધુ કૂદી પાર પડું ;
સાડા ત્રણ કરોડ રોમને રે, રમત રૂડી રમાડું.'(૧૩૨)

**ગણપત**

'એક અચંબો એવો રે દેખ્યો, અર્ક વિના જ્યાં ઉજિયાળાં
વણ વાદળ જ્યાં વિજળી ચમકે, જળધર વિણ વરસે ધારા.
બુદ્ધિ રે મનનું બળ નવ ચાલે, રામ અખંડ રમે જ્યાંહી ;
ગાંધર્વ વિના વાજાં વાજે, ઘોર શબદ ગાજે ત્યાંહી.'(૧૩૩)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**બ્રહ્માનંદ**

'અચરજ દેખા ભારી સાધો અચરજ દેખા ભારી રે.
ગગન બીચ અમૃતકા કૂવા ઝરે સદા સુખકારી રે.
પંગુ પુરુષ ચઢે બિનસીઢી પીવે ભરભર ઝારી રે.
બિના બજાયે નિશદિન બાજેં ઘંટા શંખ નગારી રે.
બહરા સુનસુન મસ્ત હોત હૈ તનકી ખબર બિસારી રે.
બિન ભુમિકે મહલ બના હૈ તામેં જોત ઉજારી રે.'(૧૩૪)

**શંકર મહારાજ**

'તમે આજે હાલોને મારા સંગમાં રે...વણઝારા જી રે !
કાયા નગરીમાં કૌતુક થાય રે... સોદાગર હંસા !
ધરતી વરસે ને ભીંજે આભલું રે...વણઝારા જી રે !
વણ અગ્નિએ ઘરો બળી જાય રે...સોદાગર હંસ !'(૧૩૫)

**સરજ્યુગીર**

'મેરે પ્યારે જીજ્ઞાસુ જનો આવજો હો રાજ,
સામે હમારો મુકામ છે.
અંધા બાંચે ચોપડી, બેહેરા સુને મન લાય,
અર્થ લગાવે બોંબડો, સુનનારા મરિ જાય,
ધ્યાન સોહંનો હૃદય ધરાવજો હોરાજ.
સાચી કથની મેં કથી, મિથ્યા નહી લગાર,
નરનારી જો ઉર ધરે, ઉપજે સુખ અપાર,
સંત સ્વામી સરજ્યુગીર મિલાવજો હોરાજ.'(૧૩૬)

## પંડિતાઈ સામે પડકાર પ્રધાન

મધ્યકાલીન સમયમાં ભારતીય અધ્યાત્મ ક્ષેત્રે લોકસંતો સામે સૌથી મોટા પડકારરૂપ કોઈ તત્ત્વ હોય તો તે પંડિતોનું પાંડિત્ય હતું. આ પાંડિત્યને ધારણ કરનાર પંડિતો પાસે જે જ્ઞાન હતું તે અપરાવિદ્યા એટલે કે વેદ-સમસ્તને વાંચીને મેળવેલું પુસ્તકીયું જ્ઞાન હતું. સંતોએ આ અપરાવિદ્યા એટલે કે વાંચિક જ્ઞાનને નિરર્થક અને સાર વિનાનું ગણાવી તેની સામે પરાવિદ્યા એટલે કે આત્માનુ-ભૂત્યાત્મક એવા આત્મ જ્ઞાનની સ્થાપના કરી અને પોતાને લાધેલ આ વિશિષ્ટ અને બહુમૂલા જ્ઞાનને અવળવાણી સ્વરૂપે પ્રસ્થાપિત કર્યું.

અહીં ખાસ કરીને જે રચનાઓમાં ઉખાણાં, સમસ્યા કે પ્રહેલિકા પ્રકારના રચના કૌશલથી બૂઝો પંડિતો, સમજો પંડિતો, ઉકેલો પંડિતો જેવા પ્રશ્નાર્થો-આજ્ઞાર્થો દ્વારા પંડિતો સામે એક પ્રકારનો પડકાર ફેંકવામાં આવ્યો હોય તેવી અવળવાણી રચનાઓને આ વિભાગમાં સમાવી શકાય દા.ત.

**ગોરખ**

'પંથ બિન ચલિબા અગ્નિ બિન જલિબા, અનિલ તૃષા જહટિયા,
સંસવેદ શ્રીગોરખ કહિયા બૂઝિલ્યૌ પંડિત પઢિયા.'(૧૩૭)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**કબીર**

'દેખિદેખિ જિય અચરજ હોઇ, યહ પદ બૂઝે વિરલા કોઇ.
ધરતી ઉલટિ આકાશહિ જાઇ, ચિંઉંટી કે મુખ હસ્તી સમાઇ.
બિનુ પવને જો પર્વત ઊડે, જીવ જંતુ સબ વૃક્ષહિ ચઢઇ.
સૂખે સરવર ઊઠે હિલોર, બિનુ જલ ચકવા કરે કિલોર.
બૈઠા પંડિત પઢે પુરાન, બિન દેખેકા કરૈ બખાન.
કહહિ કબીર જો યહ પદ જાન, સોઇ સંત સદા પરમાન.'(૧૩૮)

**સુંદરદાસ**

'કપરા ધોબીકૂં ગહી ધોવૈ, માટી બપરી ઘૅડે કુંભાર,
સુઈ બિચારી દરજીહી સીવૈ, સોના તાવૈ પકરી સોનાર ;
લકરી બઢઇકોં ગહી છીલૈ, ખાલ સુ બૈઠી ધમૈ લુહાર,
સુંદરદાસ કહે સો જ્ઞાની, જો કો ચાકો કરૈ બિચાર.'(૧૩૯)

**અખો**

'એક નહિ ત્યાંહાં બીજું કશું ? જણ્યું જ નહિ, શું વાસો વસ્યું ?
પંચ નહીં ત્યાંહાં કેહેની સાખ્ય ? વણરસના અચવ્યો રસ ચાખ્ય.
અખા સમઝે જો સમઝી જુએ, બાપના બાપને ગેહેલા રુએ.'(૧૪૦)

**શંકર મહારાજ**

'આ ઊલટ સૂલટની બાજી રે, કોઇ જ્ઞાન કરાવો કાજી રે,
હરખભર્યાં અમે આવિયાં હો.
બાળોભોળો બ્રહ્મચારી ત્રણ ત્રણ રાખે લુગાઇ રે ભાઇ !
ગાજી રહ્યો એ ઘટો રે ઘટમાં અદ્ધર સેજ બિછાઇ રે.'(૧૪૧)

**સરજ્યુગીર**

'એક પ્રશ્ન મેં કરૂં હરિજનો, તેનો વરણામો કીજે,
જો વરણામો નહીં કરો તો, ભકત કહાવો તજ દીજે.
કોન કસાઇ મોક્ષપદ પાવે, કોન ભકત નરકે જાવે,
પહેલાં વૃક્ષ કે બીજ બતાવો, એનો ખુલાસો કરી દીજે.'(૧૪૨)

## પરમતત્ત્વને પામી ગયાનું પ્રમાણ

સંત કવિ પ્રથમ સાધક છે પછી કવિ છે. કવિતા એનું સાધ્ય નથી. એનું સાધ્ય તો છે સાધનાજન્ય અનુભૂતિ. સાધક એવો આ સંત-કવિ સાધનાના ક્ષેત્રમાં જ્યારે આગળ વધે છે ત્યારે તેને જે અનુભૂતિ થાય છે તે અનુભૂતિ લૌકિક નહીં પણ અલૌકિક હોય છે. આ અવસ્થા દરમિયાન તે વાસ્તવના જગતથી કે તેના સત્યોથી વિચ્છેદાઇ કોઇ જુદા જ સત્યને પામે છે. બીજી રીતે કહીએ તો આ અવસ્થા દરમિયાન તે સંસાર કે લોકરૂઢિના સત્યોને ઉલ્લંઘી જાય છે. આવો સાધક સંત સુંદરદાસ કહે છે તેમ ' સુંદર સો ઊલટા ચલે, જિન સત્‌ગુરુ પાયો '(૧૪૩) અર્થાત્, જેને સત્‌ગુરુ રૂપ



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પરમ તત્ત્વનો સાક્ષાત્કાર થઇ જાય છે તે રૂઢિ થી જુદો જ એવો ઊલટો માર્ગ સ્વીકારે છે. અવળવાણીનો સર્જક પોતાને થયેલ અ-સામાન્ય અનુભૂતિ અને સાધનાક્ષેત્રે પોતાની કક્ષાને પ્રસ્થાપિત કરવા લોક રૂઢિનું ઉલ્લંઘન કરી પોતે પરમ તત્ત્વને પામી ગયો છે તેનું પ્રમાણ આપવા અવળવાણીની રચના કરે છે. દા.ત.

**ગોરખ**

'વરસે ધરતી ને ભીંજાયે આસમાન,
સવળી વાણીના ગુરુજી પૂરા પરવાના.
ઓહં સોહં ગુરુએ લહરો રે ચઢાઇ,
સાતે સાગર એક બુંદ મેં સમાઇ.
મછંદર પ્રતાપે બોલ્યા ગોરખ વાણી,
સુણો ગુરુજી મારી જોગ કમાણી.' (૧૪૪)

**કબીર**

'સંતો ઐસા દેશ હમારા જી, કોઇ મેરમ હોવે સો પાવે.
જે કોઇ બ્રહ્મ હોય કર બેઠા, કહે ન સુત સે ન્યારા ;
નામે નીયમ નામે ક્રિયાસબ, નામે કોઇ વેદ ઉચાર્યા.
વેદ કિતાબ વહાં નહી પોચે, એસા અગમ અપારા ;
કહેત કબીર સુનો ભાઇ સાધુ, પોચેગા કો એ હરીકા પ્યારા.' (૧૪૫)

**અખો**

'શાં શાં રૂપ વખાણું, સંતો રે શાં શાં રૂપ વખાણું ?
ચાંદા ને સૂરજ વિના, મારે વાયુ છે વહાણું.
નેજા રોપ્યા નિજ ધામમાં, વાજાં અનહદ વાજે,
ત્યાં હરિજન બેઠા અમૃત પીએ, માથે છત્ર વિરાજે.
ઝગમગ જ્યોત અપાર છે, શૂન્યમાં ધૂન લાગી,
અખો આનંદશું ત્યાં મળ્યો, ભવભ્રમણા ભાગી.'(૧૪૬)

**ડાડા મેકરણ**

'મેના બોલે પાંજરે, સુણ ભઇ મનવા રાજા;
પૂરા જાણે પારખા, આસમાની અવાજા.
વરણ-અવરણ કોઇ નહિ, દુનિયા દરવાજા;
વણ દેવળ વણ દેવતા, વણ મસીદે વાજા.
શૂન્ય શિખર પર શબ્દ હૈ, કર વણ વાજત વાજા ;
'મેકાજી' મેના જીવ હૈ, પિયુડા હૈ અવાજા.'(૧૪૭)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**રવિ સાહેબ**

'હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશ કે નાહીં ;
આ દેશનો જીવ અભાગી, પલ પલમે પરલાહી.
પાંવ વિના ચલના, ચાંચ બિના ચુગના, પંખ વિના ઊડ જાઈ,
બિના સૂરતકી નૂરત હમારી, અનલ ન પહુંચે ત્યાંઈ.'(૧૪૮)

**ધીરો ભગત**

'અલખ લ્હે લાગી રે, જાગીને જોયું ઘટમાં ;
ભ્રમણા સર્વે ભાગી રે, સુહાગી મળ્યા ઊલટમાં.
અંબાડીએ ગજરાજને ગળિયો, ઘોડાને ગળી ગયું જીન,
વસ્ત્ર ઉપર તો વાડ સુકાણી, સમુંદરને ગળી ગયું ફીણ.
સસલે સિંહને ઘેર્યો રે, શાર્દુલને રાખ્યો પટમાં,'(૧૪૯)

**બ્રહ્માનંદ**

'અચરજ દેખા ભારી સાધો અચરજ દેખા ભારી રે.
ગગન બીચ અમૃતકા કૂવા ઝરે સદા સુખકારી રે.
જીતા મર કરકે ફિર જીવે બિન ભોજન બલધારી રે.
બ્રહ્માનંદ સંતજન વિરલા સમઝે બાત હમારી રે.'(૧૫૦)

## પરંપરાના નિર્વાહ અર્થે

સંત સાહિત્ય અંતર્ગત અવળવાણી રચનાઓનું રચના કૌશલ પરંપરિત સાધનાધારાની પરિભાષાથી ખેડાતું આવ્યું છે. આમાંની કેટલીક રચનાઓ તપાસતા ઘણી વાર એવું પણ લાગે છે કે, આ રચનાઓ માત્ર પરંપરાનું અને પરિભાષાનું અનુકરણ કે અનુસરણ માત્ર છે-રચના નિહિત ભાવાનુભૂતિ કદાચ જે તે સર્જકની નિજી અનુભૂતિ ન પણ હોય તેવું પણ આપણને લાગે. આમ છતાં આપણે સંપૂર્ણ પ્રમાણભૂત રીતે કહી ના શકીએ કે આ રચનાઓ પૂર્વસૂરિઓનું સીધુ અનુકરણ માત્ર છે. ખાસ કરીને, અર્વાચીન સમયના આ ધારાના સર્જકોના નામે મળી આવતી રચનાઓ સામે અભ્યાસીઓના મનમાં આવા પ્રશ્નાર્થો જાગે એ સ્વાભાવિક છે. એટલે અહીં અર્વાચીન સમયના સર્જકોની કેટલીક રચનાઓ, માત્ર પરંપરાના નિભાવ માટે જ રચાઈ હોય એવી શંકા દાખવીને અહીં કેટલાક નિર્દેશો કર્યા છે.

**શંકર મહારાજ**

'સાધુભાઈ ! અમારી વાતો છે ઘણી મોટડી હેજી.
એને કોઈ કહી શકે નવ ખોટડી હેજી.
નજરે જોયું દિલડા માંહ્ય, નિત નિત નવાં કૌતુક થાય,
રાંધેલું રસોયાને ખાય જી;
સાધુભાઈ ! દૂધ દોનારીને દોવે ઝોટડી હેજી.'(૧૫૧)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**સ્વામી સરજ્યુગીર**

એક દિવસ હમે સુપના દેખ્યા બકરી જનમી વાઘ,
બકરી વાઘકા સંગ હુવા તબ જીવ ગયે સબ ભાગ.
કુવારી કન્યા બાલક જનમ્યો જનમ્યો મહા સેતા,
સગા સહોદર મારી નાખ્યા આપ વના મસ્તાન.'(૧૫૨)

**બનારસી**

'વન કાયામેં મન મૃગ ચારો તરફ ચોકડી ભરતા હૈ ;
બિના પૈરસે દોડતા, બિના મુખ ચારા ચરતા હૈ.
બિના નેત્ર સે દેખે સબકો, બિના દાંત દાના ખાવે,
બિના જિહ્વા સે બાત કરે, ઔર બિના કંઠ ગાના ગાવે.
બિના સીંગ સે લડે ઔર બડે બડે દલ હટાવે,
બહુત સિંહ ડરતે ઇસસે યે કિસીસેભી નહીં ડરતા હૈ.'(૧૫૩)

**ચિદાનંદ**

'અહો અલિકી સત્તાની એવી, રેલમ છેલ મચાવે રે,
બાળકને બાઘડની પેઠે, મહાભારત બિવરાવે રે.
વંધ્યા સુત થી સસલા શીંગે, હાથી જાય હણાતો રે,
મુવા વારિના મહા વમળમાં, મેરુ જાય તણાતો રે.
મીઠા મેરામણમાં મચ્છો, જળ તરસે તરફડતા રે,
આકાશે આખરી ઝાડીમાં, ભિલ્લો ભુલો પડતા રે.'(૧૫૪)

**દાસ દિનકર**

'માયા રાણી વાત કરે ને હોશકોશ ઊડ જાય જી
મરમનો ભેદ મળે દિલને ટાઢક હોય જી.
વર વિના જાન હાલે ને જાનૈયા હરખાયજી
મરસિયા ગાવેને કહે અમે ગાણાં ગાય જી.'(૧૫૫)

**નારણ રામ**

'એક એવો ખેલ દેખ્યો, સૂરજ ઊગ્યા વિના અખંડ અજવાળાં.
વિના વાદળ વાદળાં જોયાં, વિના વીજળી ચમકારા.
વાદળ વિના વરસે અખંડધારા, વરસે છે ચોધારાં,
મન,કર્મ વચને આવે નહીં ભાઈ, સોહમ્ ભર્યા છે ભરપૂર.
ડાંડી વિનાના ભાઈ વાગે નગારાં, શબ્દ વિનાની શરણાઈ,'(૧૫૬)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## (૪) સ્વરૂપ પ્રમાણે

ગુજરાતી ભાષા સાહિત્યના વિદ્વાન શ્રી નરેશ વેદ સાહિત્યના પ્રકારો અને સ્વરૂપ સંદર્ભે પોતાના વિચારો વ્યક્ત કરતા જણાવે છે કે ‘ સાહિત્યના મુખ્ય ચાર જ પ્રકારો છે.’ કાવ્ય, કથા, નાટ્ય અને નિબંધ. આગળ તેઓ કહે છે કે ગીત, ગઝલ, સોનેટ વગેરે કાવ્યના પ્રકારો નહીં. પણ કાવ્યના પેટા સ્વરૂપો છે. તેવી જ રીતે નવલકથા, લઘુનવલ, લઘુકથા, ટૂંકી વાર્તા વગેરે કથા સાહિત્યના પેટા સ્વરૂપો છે. (૧૫૭)

ડૉ. નરેશ વેદે સાહિત્યના પ્રકાર અને સ્વરૂપ વિષયક કરેલા આ સ્પષ્ટીકરણના આધારે કહી શકાય કે મધ્યકાળમાં સમૃદ્ધ રીતે ખેડાયેલ સંતવાણી કે ‘ભજન’ એ સાહિત્યનો પ્રકાર નહીં પણ કાવ્યનું પેટા સ્વરૂપ છે. અને સાખી, પદ, છપ્પા, ચાબખા, પ્યાલો, રવેણી, કાફી, આગમ, અગમ, અવળવાણી વગેરે તો આ પેટા સ્વરૂપ સંતવાણી-ભજનના પણ પેટા સ્વરૂપો છે.

મધ્યકાળમાં વિકસેલા ભજનના અન્ય પેટા સ્વરૂપો કરતાં ‘ અવળવાણી’સ્વરૂપની વિશેષતા એ છે કે તે પદ,સાખી,કક્કો, ચાબખા, છપ્પા કે કાફીની જેમ કોઈ ચોક્કસ બાહ્ય સ્વરૂપ-આકૃતિમાં બંધાયેલ નથી; કે નથી તેનો કોઈ ચોક્કસ બાહ્ય ઢાંચો. પરિણામે અવળવાણીને સ્વરૂપ કરતાં એક શૈલી વિશેષ તરીકે મૂલવવાનું વધારે ઉચિત લાગે છે.

આમ, અવળવાણીનું રચના કૌશલ સ્વરૂપ કરતા શૈલીગત વિશેષતા ધરાવતું હોવાથી અવળવાણી પ્રકારની રચનાઓ સાખી સ્વરૂપે, પદ સ્વરૂપે, છપ્પા સ્વરૂપે, ચાબખા સ્વરૂપે, કાફી સ્વરૂપે અને લોકગીત સ્વરૂપે એમ અનેક વિધ સ્વરૂપે મળી આવે છે.અહીં સંશોધન કાર્ય દરમિયાન મળી આવેલી અવળવાણી રચનાઓનો સ્વરૂપગત્ અભ્યાસ કરી, તેને સ્વરૂપ પ્રમાણે વર્ગીકૃત કરવાનો પ્રયત્ન કર્યો છે.

### સાખી સ્વરૂપે

‘માતા મૂયે એક ફલ, પિતા મુયે ફલ ચાર,
ભાઈ મુયે હાનિ હૈ, કહૈં કબીર વિચાર.’(૧૫૮)

‘જૂઠ કભી નહીં બોલના, ઐસી મેરી ટેક ;
શંકર ! શેર કી બીચ મેં, પીએ જલ અજ એક.’(૧૫૯)

### પદ સ્વરૂપે

‘જેને પિયુ મલવાનો પ્રેમ હોય તે, આવો દેશ અમારે જો,
આડે અર્ણવે ઊતરી, નાવડું આવે છે આરે જો.
દૂર બતાવે નાથને, તેને પ્રગટ પાસ દેખાડું જો,
એક સદગુરુની કૃપા વડે, તેને બ્રહ્મ લોક પહોચાડું જો.
એક અચરજ મારા દેશમાં, ગૌવા ને સિંહ રમે ભેળાં જો,
અવળાના સવાળાં થયાં, કરમદીએ લાગ્યાં કેળાં જો.’(૧૬૦)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

### છપ્પા સ્વરૂપે

'એક નહિ ત્યાંહાં બીજું કશું ? જણ્યું જ નહિ, શું વાસો વસ્યું ?
પંચ નહીં ત્યાંહાં કેહેની સાખ્ય ? વણરસના અચવ્યો રસ ચાખ્ય.
અખા સમજે જો સમઝી જુએ, બાપના બાપને ગેહેલા રુએ.'(૧૬૧)

### કાફી સ્વરૂપે

'સમજ્યા તે સુખ પામ્યા રે, સમ્યા તે સત્ય શેરડીએ ;
હરખ શોક સમ તુલ્ય રે, અલખ લેહ્‌રડિયે.
હસ્તામળ રવિ પ્રકટયો ઘરમાં, જળ બિંબ જ્યોતિ પ્રકાશ ;
સેજ સમાધિ અનહદ ધૂન લાધી, અસિપદ આનંદ ઉજાસ,
અદ્વૈત મગ્ન ઊગ્યું રે, લલુતા પ્રેમ પાંખડિયે.
જ્ઞાન મેકડે કાળ મણિધર માર્યો, મન મોહ દધીનો કીધો આહાર,
અજ અનુભવે આભ શોષ્યો, બગ બુદ્ધિએ માર્યો અહંકાર,
તૃષ્ણા સિંહ નાઠો રે, સંતોષ શ્વાન ચઢયો કેડિએ.
હરિનામ નાવે ઉદક ત્યાં ન ચઢિયું, ચરૂ , અસત્ય, સત્ય ચૂલ ;
અસ્વાર અધર્મ ધર્મ તુરંગમ, અસ્વારી ઊલટ અમૂલ્ય,
ક્ષમા દયા દોડાડી રે, ક્રોધ કામ બાંધી બેલડિયે.
પોતાના બનાવ્યા પોતે પ્રકટયા, સોનાએ ઘડયો સોનાર ;
કીડી કુંજરને નાચ નચાવે, એમ કાદવે કીધો કુંભાર ;
ધીર ધણી ભેટયા રે, પ્રકટયા ઘટ પ્રેમ ઝડિયે.'(૧૬૨)

### લોકગીત સ્વરૂપે

'સાંભળોને પાંચ પાંડવ અવળી છે વાણી,
છલતી ગાગર ઉપર હોય રે પાણીયારી.
કોશીયો કુવામાને કોસ પૈયામા,
ઊભી કોદારી પાણતીયાને વારે.
ખીલો દૂજે ને ભેંસ વલોવે,
હેઠ રવાયો ઉપર ગોરસ ઘૂમે.
ધરતી વરસે ને આભ ભીંજાય છે,
નેવાના પાણી મોભારે ચડસે.
સસરો પરણીયેને વહુ હિસોળે,
સુઇ જાવ મારા સસરાજી બાઘડા રે બોલે.'(૧૬૩)

### હાલરડાં સ્વરૂપે

'હાલો ભાઈને, હાલો ગોરી,
નવા નગરની ઊંચી બારી;
છોકરાં પરણે ને મા કુંવારી
જુઓ રે લોકો કળીનાં કૌતક;



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ઓ પેલા ચાંદાને કીડી ધાવે;
બહેરો કહે કે બચબચ બોલે;
આંધળો કહે કે જોવા જઈએ;
પાંગળો કહે કે દોડતા જઈએ;
નાગો કહે કે લૂંટાઈ જઈએ;
પાડો દુજે ને ભેંસ વલોવે;
મીનીબાઈ બેઠાં માખણ ચોરે;' (૧૬૪)

કાવ્યના ઉપરોકત વિવિધ સ્વરૂપો ઉપરાંત અવળવાણી શૈલીમાં ચૂંદડી, ઝાલરી, પ્યાલો, હેલી સ્વરૂપની રચનાઓ પણ મળી આવે છે.

**ગદ્ય સ્વરૂપે**

આશ્ચર્યની વાત એ પણ છે કે આ પ્રકારની રચનાઓનું પ્રવર્તન માત્ર મધ્યકાલીન પદ્ય સ્વરૂપોમાં જ નહીં પરંતુ મધ્યકાલીન ગદ્યના સ્વરૂપમાં પણ જોઈ શકાય છે. જેના મૂળ યોગવાશિષ્ઠના ઉત્પત્તિ પ્રકરણમાં કહેવાયેલી 'બાલાખ્યાયિકા'માં જોવા મળે છે. જેમાં બાળક પોતાની માતાને વાર્તા કહેવાનું કહે છે અને 'મા' બાળકને વાર્તા કહે છે. જેમકે-

એક બહુ જ મોટું મિથ્યા નગર હતું. એમાં ત્રણ રાજપુત્રો હતા. જેમાંના બે તો જનમ્યા જ નહોતા અને એક તો ગર્ભમાં પણ આવ્યો નહોતો. તે ત્રણે પુરુષાર્થી બનીને રસ્તામાં નિકળ્યાં, રસ્તામાં સૂર્યનો તાપ લાગવાથી એણે ત્રણ વૃક્ષ જોયા. આ ત્રણ વૃક્ષોમાં બે તો હતાજ નહીં અને હતા તો ઠૂંઠા હતા અને ત્રીજું તો ઉગ્યું જ નહોતું. રાજકુમારો આ વૃક્ષની શીતળ છાયા અને ફળ લઈને આગળ ચાલ્યા. રસ્તામાં એણે ત્રણ નદીઓ જોઈ, જેમાંની બે સૂકી હતી ને એક તો હતી જ નહીં. રાજકુમારો ત્યાંથી પાણી પી, નાહી-ધોઈને આગળ ચાલ્યા, ત્યાં તેણે એક નગર જોયું, જેમાં તેઓએ ત્રણ ભવ્ય મકાન જોયા જેમાંના બે તો હતા જ નહીં અને ત્રીજાની તો હજું દિવાલો પણ ઊભી નહોતી થઈ. ત્રણેએ એમાં પ્રવેશ કરીને વિચાર્યુ કે પહેલા બ્રાહ્મણને ભોજન કરાવીને પછી આપણે ભોજન કરવું જોઈએ. ત્રણ સોનાની થાળી મંગાવી જેમાં બે તો હતી જ નહી અને ત્રીજી તો માત્ર સોનાનો ભૂકો જ હતો. ત્રણેએ ભેગા મળીને ભોજન બનાવ્યું અને પહેલા ખૂબ ખાવાવાળા, મોઢા (મુખ) વિનાના બ્રાહ્મણોને જમાડ્યા અને પછી જે વધ્યું તે ત્રણેયે ખાધું. (૧૬૫)

સંતોની પ્રકૃતિ સારગ્રાહી રહી છે.'સાર સાર કો ગહી લિયે થોથા દિય ઉડાય' તે પંક્તિને સાર્થક કરી સંતોએ વેદ-ઉપનિષદથી માંડી પોતાના સમય સુધી પ્રચલિત સિદ્ધાંતો, માન્યતાઓને આત્મસાત કરી અને જરૂર જણાઈ ત્યાં પરિમાર્જિત કરી, છેક પ્રાચીનકાળથી ચાલી આવતી અવળવાણીની આ પાવક ધારાને પદ, ભજન, કાફી, દુહા, સાખી, પ્યાલો, હિયાલી, હેલી જેવા કાવ્ય સ્વરૂપોની સરાણે ચઢાવી પોતાની રીતે-ભાતે, આંતરસૂઝથી પરિસ્કૃત કરી. અને એ રીતે ભારતીય અધ્યાત્મ ચિંતનધારાને લૂપ્ત થતી અટકાવી તેનું સંરક્ષણ કર્યુ છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## સંદર્ભ સૂચિ

(૧) ઊલટી વાણીનું સ્પષ્ટીકરણ, સંપા. પૂ.પા. મહાત્મા શ્રી મન્નથુરામ શર્મા - પૃ. ૨૦ પ્રકા. આનંદ આશ્રમ, બિલખા, સં. ૨૦૫૧

(૨) અખાની વાણી, પૃ.૧૦૩-૧૦૪ સસ્તુ સાહિત્ય, ભદ્ર પાસે, અમદાવાદ આ. પાંચમી, સં. ૨૦૧૪

(૩) સતકેરી વાણી, સંપા. મકરન્દ દવે - પૃ. ૧૪૮ નવ ભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૧૯૭૦

(૪) સૌરાષ્ટ્રના હરિજન ભકત કવિઓ, સંપા. ડૉ. નાથાલાલ ગોહિલ - પૃ. ૩૦૫- પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન્સ, અમદાવાદ, આ. ઈ.સ. ૧૯૮૫

(૫) શ્રી યોગ વેદાંત ભજન ભંડાર, પૃ-૭૮, ૭૯-પ્રકા. પ્રેમવંશ જગદીશભાઈ ગોવિંદજીભાઈ

(૬) સૌરાષ્ટ્રના હરિજન ભકત કવિઓ, સંપા. ડૉ. નાથાલાલ ગોહિલ - પૃ. ૨૬ - પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન્સ, અમદાવાદ, આ. ઈ.સ. ૧૯૮૫

(૭) જીવણ જ્યોત, સં. રામજીભાઈ ભગત,પૃ. ૧૨૩, -પ્રકા. દાસી જીવણ સાહેબની જગ્યા, ઘોઘાવદર, પ્ર. આ. ઈ.સ. ૧૯૯૮

(૮) ધીરા ભગતનાં પદો, સંપા. ડુંગરશી ધરમશી સંપટ, પૃ. ૨૫, પ્રકા. સસ્તુ સાહિત્ય, અમદાવાદ, આ. ચોથી, સં. ૨૦૧૮

(૯) ભોજાભગતની વાણી, સંપા. મનસુખ સાવલિયા, પૃ. ૧૭૯/૧૮૦-પ્રકા. વેકો ફિલાનથ્રોપિક ટ્રસ્ટ, રાજકોટ. પ્ર.આ. ઈ.સ. ૧૯૮૩

(૧૦) સત્‌ગુરુ સત્‌ધારા, સંપા. સંતશ્રી પુરૂષોત્તમદાસ (બાપુજી)પૃ. ૨૯૦, પ્રકા.ગિરીશભાઈ એચ. પંચાલ, વડોદરા - પ્ર.આ. ૧૯૯૯

(૧૧) હાલો મારા હરિજનની હાટડીએ. સંપા. હરકિસન જોષી, પૃ. ૨૩૭-પ્રકા. પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, પ્ર.આ. ૨૦૦૪

(૧૨) અનુભવ પ્રકાશ મુક્તાવલી, ભાગ-૨ - લે.શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી- પૃ. ૭૮ પ્રકા. સેવકમંડલ સમસ્ત-મુ. બલોલ(જોશીમઠ) પ્ર. આ. ઈ.સ. ૧૯૪૬

(૧૩) એકતારાની ગૂઢાર્થ વાણી, કર્તા, શ્રી શંકર મહારાજ, ઉનાવાવાળા, પૃ. ૧૪ જનસેવા પરિવાર, અમદવાદ-૭, - આ. નવમી, ઈ.સ. ૧૯૮૬

(૧૪) દિનકરદાસ કહે, સંપા. દિનકરદાસ- પૃ. ૪૬, પ્રકા. પ્રવીણ ગૌરીશંકર ઠાકર, મુંબઈ, પ્ર. આ. ઈ.સ. ૧૯૯૫

(૧૫) હાલો મારા હરિજનની હાટડીએ, સંપા. હરકિસન જોષી, પૃ. ૭૪- પ્રકા. પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, પ્ર. આ. ૨૦૦૪

(૧૬) ઉલટવાણી, સંપા. શ્રી શંકર મહારાજ, પૃ.૩૩, પ્રકા. શ્રી શંકર મહારાજ - ઊનાવાવાળા, શ્રી શંકર આશ્રમ, પાલડી- આ. બીજી. ઈ.સ. ૧૯૫૮

(૧૭) રવિએ રમતા દિઠો, સંપા. ડૉ. નાથાલાલ ગોહિલ, પૃ. ૧૬૮, નવ ભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૧૯૯૭

(૧૮) દિનકરદાસ કહે, સંપા. દિનકરદાસ- પૃ.૩૫, પ્રકા. પ્રવિણ ગૌરીશંકર ઠાકર, મુંબઈ, પ્ર. આ. ઈ.સ. ૧૯૯૫



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૯) પદ્યાવલી-ભાગ-૧,૨-પૃ. ૯૫/૯૬-સંપા. સદ્‌ગુણાનુરાગી મુનિ કર્પુર વિજયજી મહારાજ, અનુ. કુંવરજી આણંદજી, પ્રકા. જિન શાસન આરાધના ટ્રસ્ટ, મુંબઇ .
(૨૦) એકતારાની ગૂઢાર્થ વાણી, કર્તા, શ્રી શંકર મહારાજ, ઉનાવાવાળા, પૃ. ૨૩૫/૨૩૬ જનસેવા પરિવાર, અમદવાદ-૭, - આ. નવમી, ઈ.સ. ૧૯૮૬
(૨૧) અનુભવ પ્રકાશ મુક્તાવલી-ભાગ-૨. લે. શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી - પૃ. ૯૦/૯૧ પ્રકા. સેવકમંડલ સમસ્ત- મુ. બલોલ (જોશીમઠ) પ્ર.આ. ઈ.સ. ૧૯૪૬
(૨૨) ગોરખનાથ આખ્યાન, સં. કવિશ્રી કેશવલાલ , પૃ. ૨૦૦, પ્રકા. શ્રી પુસ્તક મંદિર, અમદાવાદ, ઈ.સ. ૧૯૯૯
(૨૩) ઊલટી વાણીનું સ્પષ્ટીકરણ, સંપા. પૂ. પા. મહાત્મા શ્રીમન્નથુરામશર્મા - પૃ. ૨૨, પ્રકા. આનંદ આશ્રમ બિલખા, સં. ૨૦૫૧
(૨૪) અખાની વાણી, પૃ. ૧૦૪, સસ્તુ સાહિત્ય, ભદ્ર પાસે, અમદાવાદ.
(૨૫) સોરઠી સંતવાણી, સંપા.ઝવેરચંદ મેઘાણી, પૃ. ૯,૧૦-પ્રકા. જયન્ત મેઘાણી, પ્રસાર, ભાવનગર. આવૃતિ-૧૯૮૭
(૨૬) સૌરાષ્ટ્રના હરિજન ભકત કવિઓ, સંપા. ડૉ. નાથાભાઇ ગોહિલ-પૃ. ૩૧૭-પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન્સ, અમદાવાદ, આ. ઈ.સ. ૧૯૮૫
(૨૭) ધીરા ભગતનાં પદો, સંપા. ડુંગરશી ઘરમશી સંપટ, પૃ. ૩૭, પ્રકા. સસ્તુ સાહિત્ય, અમદાવાદ, આ. ચોથી, સં. ૨૦૧૮
(૨૮) બૃહત્ કાવ્ય દોહન ભાગ-૨, સંપા. મનસુખ સલ્લા -પૃ. ૨૯૪ - ઈ.સ. ૧૯૯૯
(૨૯) ભોજા ભગતની વાણી, સંપા. મનસુખલાલ સાવલિયા-પૃ. ૧૧૧-પ્રકા. વેકો ફિલાનથ્રોપિક ટ્રસ્ટ, રાજકોટ - પ્ર. આવૃ. ઈ.સ. ૧૯૮૩
(૩૦) સત્‌ગુરુ સત્‌ધારા, સંપા. સંતશ્રી પુરૂષોત્તમદાસ(બાપુજી) પૃ. ૨૬૨, પ્રકા.ગિરીશભાઈ એચ. પંચાલ, વડોદરા - પ્ર.આ. ૧૯૯૯
(૩૧) અનુભવ પ્રકાશ મુક્તાવલી, ભાગ-૨. લે. શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી પૃ.૨૪૮/૨૪૯ પ્રકા. સેવકમંડલ સમસ્ત-મુ. બલોલ (જોશીમઠ) પ્ર. આ. ઈ.સ. ૧૯૪૬
(૩૨) ગોરખનાથ, સં. હસમુખભાઈ પટેલ, પૃ. ૧૦૧ પ્રકા. સસ્તુ સાહિત્ય વર્ધક-અમદાવાદ, આવૃત્તિ બીજી-૨૦૨૮
(૩૩) કબીર ગંથાવલી, સંપા. શ્રી શ્યામ સુંદરદાસ, પૃ. ૧૬૨, ના. પ્ર. સભા કાશી, સંવત, ૨૦૧૮
(૩૪) અખાની વાણી, પૃ. ૧૦૨, સસ્તુ સાહિત્ય, ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ, આ. પાંચમી,સં. ૨૦૧૪
(૩૫) સંતવાણી, સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ - પૃ. ૧૧૩, પ્ર.આ. ઈ.સ. ૧૯૭૨,
(૩૬) સત્‌ગુરુ સત્‌ધારા, સંપા. સંતશ્રી પુરૂષોત્તમદાસ (બાપુજી) પૃ. ૨૬૨, પ્રકા. ગિરીશભાઈ એચ. પંચાલ, વડોદરા - પ્ર.આ. ૧૯૯૯
(૩૭) દિનકરદાસ કહે, સંપા.દિનકરદાસ- પૃ. ૩૫, પ્રકા. પ્રવિણ ગૌરીશંકર ઠાકર, મુંબઈ, પ્ર.આ. ઈ.સ. ૧૯૯૫
(૩૮) કચ્છના સંતો અને કવિઓ, ભાગ-૨, લે. દુલેરાય કરાણી, પૃ. ૮૯- પ્રકા. ગિરીશ આર. ઠક્કર, મુંબઈ - બીજી આ. સંવત : ૨૦૪૫



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૩૯) એકતારાની ગૂઢાર્થ વાણી, કર્તા, શ્રી શંકર મહારાજ, ઉનાવાવાળા, પૃ. ૧૧૯ જન સેવા પરિવાર, અમદવાદ-૭ - આ. નવમી, ઈ.સ. ૧૯૮૬

(૪૦) અનુભવ પ્રકાશ મુક્તાવલી - ભાગ,૨ - લે. શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી - પૃ.૨૧૯ પ્રકા. સેવકમંડલ સમસ્ત- મુ. બલોલ (જોશીમઠ) પ્ર. આ. ઈ.સ. ૧૯૪૬

(૪૧) ઊલટવાણી, ભાગ-૧, શ્રી શંકર આશ્રમ, પાલડી સરદાર પુલ પાસે, અમદાવાદ-૭, - પૃ. ૧૩૯, આ. બીજી, સં. ૨૦૧૪

(૪૨) કબીર કી ઉલટ વાંસિયા, અભિલાસ દાસ, પૃ. ૬૦, પ્રકા. કબીર પારખ સંસ્થાન, ઈલાહાબાદ - આવૃત્તિ- ૨૦૦૧

(૪૩) કબીર બીજક, સંપા. વિચારદાસ શાસ્ત્રી, પૃ-૯૫ આવૃત્તિ ઈ.સ. ૧૯૫૪

(૪૪) ઊલટીવાણીનું સ્પષ્ટીકરણ, પૂ. મહા. શ્રી મન્નથુરામ શર્મા, પૃ. ૨,આનંદ આશ્રમ-બીલખા, આ. પાંચમી ૨૦૫૧

(૪૫) ભોજાભગતની વાણી, સંપા. મનસુખ સાવલિયા, પૃ.૬૦/૬૧-પ્રકા. વેકો ફિલાનથ્રોપિક ટ્રસ્ટ, રાજકોટ. પ્ર.આ. ઈ.સ. ૧૯૮૩

(૪૬) એકતારાની ગૂઢાર્થ વાણી, કર્તા, શ્રી શંકર મહારાજ, ઉનાવાવાળા, પૃ. ૯૦ જન સેવા પરિવાર, અમદાવાદ-૭, - આ. નવમી, ઈ.સ. ૧૯૮૬

(૪૭) અનુભવ પ્રકાશ મુક્તાવલી - ભાગ,૨ - લે. શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી પૃ. ૨૧૪ પ્રકા. સેવકમંડલ સમસ્ત-મુ. બલોલ (જોશીમઠ) પ્ર. આ. ઈ.સ. ૧૯૪૬

(૪૮) ઊલટવાણી, ભાગ-૧, શ્રી શંકર આશ્રમ, પાલડી સરદાર પુલ પાસે, અમદાવાદ-૭ - પૃ.૧૩૬, આ. બીજી, સં. ૨૦૧૪

(૪૯) કબીર કી ઉલટ વાંસિયા, અભિલાસ દાસ, પૃ. ૯, પ્રકા. કબીર પારખ સંસ્થાન, ઈલાહાબાદ - આ. ૨૦૦૧

(૫૦) અખાની વાણી, પૃ. ૧૮૦, સસ્તુ સાહિત્ય, ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ,આ. પાંચમી,સં. ૨૦૧૪

(૫૧) રવિએ રમતાં દીઠો - ડૉ. નાથાલાલ ગોહિલ, પૃ. ૧૭૨, પ્રકા. નવભારત-અમદાવાદ, પ્ર. આ. ઈ.સ. ૧૯૯૭

(૫૨) ઊલટવાણી, ભાગ-૧, કર્તા, શ્રી શંકર મહારાજ - પૃ. ૧૫૩ શ્રી શંકર આશ્રમ, પાલડી સરદાર પુલ પાસે, અમદાવાદ-૭,

(૫૩) એકતારાની ગૂઢાર્થ વાણી, કર્તા, શ્રી શંકર મહારાજ, ઉનાવાવાળા, પૃ. ૫૬ જન સેવા પરિવાર, અમદાવાદ-૭- આ. નવમી, ઈ.સ. ૧૯૮૬

(૫૪) અનુભવ પ્રકાશ મુક્તાવલી, ભાગ-૨ - લે.શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી પૃ.૧૯૫ પ્રકા.સેવકમંડલ સમસ્ત-મુ. બલોલ ( જોશીમઠ ) પ્ર. આ. ઈ.સ. ૧૯૪૬

(૫૫) ગોરખનાથ આખ્યાન, સં. કવિશ્રી કેશવલાલ , પૃ. ૨૦૧, પ્રકા. શ્રી પુસ્તક મંદિર, અમદાવાદ, ઈ.સ. ૧૯૯૯

(૫૬) કબીર કી ઉલટ વાંસિયા, અભિલાસ દાસ, પૃ. ૩૨, પ્રકા. કબીર પારખ સંસ્થાન, ઈલાહાબાદ - આ. ૨૦૦૧

(૫૭) આપણી ભજનવાણી, સં. ગંગદાસ પ્રાગજી મહેતા પૃ. ૩૩૮/૩૩૯ કુસુમ પ્રકાશન-અમદાવાદ. ૧૯૯૭ સંવર્ધિત આવૃત્તિ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૫૮) અખાની વાણી, પૃ. ૩૩૫/૩૩૬ સસ્તુ સાહિત્ય, ભદ્ર પાસે, અમદાવાદ આ. પાંચમી, સં. ૨૦૧૪
(૫૯) સોરઠી સંતવાણી, સંપા. ઝવેરચંદ મેઘાણી, પૃ. ૯,૧૦ - પ્રકા. જયન્ત મેઘાણી, પ્રસાર, ભાવનગર. આવૃત્તિ-૧૯૮૭
(૬૦) ઊલટવાણી, ભાગ-૧, કર્તા, શ્રી શંકર મહારાજ - પૃ. ૧૪૭ શ્રી શંકર આશ્રમ, પાલડી સરદાર પુલ પાસે, અમદાવાદ-૭,
(૬૧) ભોજાભગતની વાણી, સંપા. મનસુખ સાવલિયા, પૃ. ૧૭૯/૧૮૦-પ્રકા. વેકો ફિલાનથ્રોપિક ટ્રસ્ટ, રાજકોટ. પ્ર. આ. ઈ.સ. ૧૯૮૩
(૬૨) સંત પરંપરા વિમર્શ, ડૉ. રાજેન્દ્રસિંહ રાયજાદા - પૃ. ૯૦, પ્રકા. પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ. પ્ર. આ. ૧૯૮૯
(૬૩) એકતારાની ગૂઢાર્થ વાણી, કર્તા, શ્રી શંકર મહારાજ, ઉનાવાવાળા, પૃ. ૬/૭ જન સેવા પરિવાર, અમદાવાદ-૭ - આ. નવમી, ઈ.સ. ૧૯૮૬
(૬૪) અનુભવ પ્રકાશ મુક્તાવલી - ભાગ,૨ - લે. શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી પૃ. ૧૯૩/૧૯૪ પ્રકા. સેવકમંડલ સમસ્ત-મુ. બલોલ (જોશીમઠ) પ્ર. આ. ઈ.સ. ૧૯૪૬
(૬૫) શ્રી યોગ વેદાંત ભજન ભંડાર, પૃ-૮/૯ - સંપા. પ્રકાશન, અવાચ્ય.
(૬૬) ભજન રસ, મકરન્દ દવે, પૃ.- ૧૭૦, નવભારત સાહિત્ય મંદિર-અમદાવાદ.
(૬૭) કચ્છના સંતો અને કવિઓ, ભાગ-૨, લે. દુલેરાય કરાણી, પૃ. ૮૫- પ્રકા. ગિરીશ આર. ઠક્કર, મુંબઇ - બીજી આ. સંવત : ૨૦૪૫
(૬૮) જીવણ જ્યો, સં. રામજીભાઈ ભગત,પૃ. ૧૨૩,-પ્રકા. દાસી જીવણ સાહેબની જગ્યા, ઘોઘાવદર, પ્ર. આ. ઈ.સ. ૧૯૯૮
(૬૯) બૃ.કા.દો. ભાગ-૨ સંપા. ઈચ્છારામ સુર્યરામ દેશાઇ, પૃ. ૭૬૪, મુંબઇ ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસ, ઈ.સ. ૧૯૮૭
(૭૦) સૌરાષ્ટ્રના હરિજન ભકત કવિઓ, સંપા. ડૉ. નાથાલાલ ગોહિલ - પૃ. ૪૧૪- પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન્સ, અમદાવાદ, આ. ઈ.સ. ૧૯૮૫
(૭૧) આત્મવિલાસ ભજન સાગર યાને યોગવાણી, ભાગ-૧ - પૃ. ૨૦૫ પ્રકા. સોમાજી ગોરાભાઈ મકવાણા, બેડીપરા - રાજકોટ. પ્ર. આ. ઈ.સ. ૧૯૬૦
(૭૨) ઊલટવાણી, ભાગ-૧, શ્રી શંકર મહારાજ, ઉનાવાવાળા, પૃ. ૧૦૮/૧૦૯- શ્રીશંકર આશ્રમ, પાલડી સરદાર પુલ પાસે, અમદાવાદ-૭, આ. બીજી- ઈ.સ. ૧૯૫૮
(૭૩) અનુભવ પ્રકાશ મુક્તાવલી, ભાગ,૨ - લે. શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી પૃ. ૨૩૯ પ્રકા. સેવકમંડલ સમસ્ત- મુ. બલોલ (જોશીમઠ) પ્ર. આ. ઈ.સ. ૧૯૪૬
(૭૪) ઊલટવાણી, ભાગ-૧, શ્રી શંકરઆશ્રમ, પાલડી સરદાર પુલ પાસે, અમદાવાદ-૭- પૃ. ૧૪૧, આ. બીજી, સં. ૨૦૧૪
(૭૫) કબીર તથા સંતોષ નાથજી ભજન, - પૃ. ૩, પ્રકા. બાલ કવિ બેડીનાકા રોડ,જામનગર. આ. ઈ.સ. ૧૯૩૭
(૭૬) ઊલટીવાણીનું સ્પષ્ટીકરણ, સ્પ. કરનાર પૂ. મહા. શ્રી મન્નથુરામશર્મા, પૃ. ૧૦,૧૧ આનંદ આશ્રમ-બીલખા, આ. પાંચમી ૨૦૫૧
(૭૭) શ્રી ભજન સાગર, ભાગ-૧,૨,- પૃ. ૧૪૨, ૧૪૩, સસ્તુ સાહિત્ય, અમદાવાદ આ. બીજી, સં. ૨૦૧૪



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૭૮) શ્રી ભજન સાગર, ભા.૧-૨, પૃ. ૪૯૩, -ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય -અમદાવાદ - સવંત ૨૦૧૪
(૭૯) પદ્યાવલી, ભાગ-૧, ૨ - પૃ. ૯૫/૯૬ - સંપા. સદ્‌ગુણાનુરાગી મુનિ કર્પુર વિજયજી મહારાજ, અનુ. કુંવરજી આણંદજી, પ્રકા. જિન શાસન આરાધના ટ્રસ્ટ, મુંબઈ આ. ૨૦૫૧
(૮૦) અનુભવ પ્રકાશ મુક્તાવલી, ભાગ,૨ - લે. શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી પૃ. ૨૩૧ પ્રકા. સેવકમંડલ સમસ્ત- મુ. બલોલ (જોશીમઠ) પ્ર. આ.ઈ.સ. ૧૯૪૬
(૮૧) ગોરખબાની, સંપા. ડો. પીત્તામ્બરદત્ત બડથ્વાલ, પૃ. ૧૫૨ પ્રકા. હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગ - બી. આ. - ૨૦૦૩
(૮૨) કબીર કી ઉલટ વાંસિયા, અભિલાસ દાસ, પૃ. ૯૧, પ્રકા. કબીર પારખ સંસ્થાન, ઈલાહાબાદ - પ્ર. આ. ૨૦૦૧
(૮૩) ઊલટીવાણીનું સ્પષ્ટીકરણ, સ્પ. કરનાર પૂ. શ્રી મન્નથુરામશર્મા, પૃ. ૩, આનંદ આશ્રમ- બીલખા, આ. પાંચમી ૨૦૫૧
(૮૪) ઊલટવાણી, ભાગ-૧, કર્તા,શ્રી શંકર મહારાજ - પૃ. ૧૫૩ શ્રી શંકર આશ્રમ, પાલડી સરદાર પુલ પાસે, અમદાવાદ-૭
(૮૫) માંમદ મુક્તમણી ગ્રંથ, પૃ.૬૬ સં.મનુભાઈ જાડેજા(સંધી)પ્રકા. દીપુભાઈ કામલભાઈ મુ. નાના લીલિયા તા. મોટા લીલિયા ( અમરેલી)
(૮૬) નટવર ભજનાવલી-સં. રાજસિંહ ત્રીકમજી ચૌહાણ-પૃ.૨
(૮૭) ઊલટવાણી, ભાગ-૧, શ્રી શંકર મહારાજ , ઉનાવાવાળા, પૃ. ૧૨૬ - શ્રી શંકરઆશ્રમ,પાલડી સરદાર પુલ પાસે, અમદાવાદ-૭, આ. બીજી - ઈ.સ. ૧૯૫૮
(૮૮) અનુભવ પ્રકાશ મુક્તાવલી, ભાગ,૨ - લે. શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી પૃ. ૨૩૧ પ્રકા. સેવકમંડલ સમસ્ત- મુ. બલોલ ( જોશીમઠ ) પ્ર. આ. ઈ.સ. ૧૯૪૬
(૮૯) બૃ.કા.દો. ભાગ-૨, પૃ. ૭૮૮, સંપા. મનસુખ સલ્લા, પ્ર. ગુજરાત સા. અકાદમી,
(૯૦) ઉલટવાણી, સંપા. શ્રી શંકર મહારાજ, પૃ. ૧, પ્રકા. શ્રી શંકર મહારાજ - ઊનાવાવાળા, શ્રી શંકર આશ્રમ, પાલડી- આ. બીજી. ઈ.સ. ૧૯૫૮
(૯૧) ઊલટીવાણીનું સ્પષ્ટીકરણ, સ્પ. કરનાર પૂ. મહા. શ્રી મન્નથુરામશર્મા, પૃ. ૬/૭ આનંદ આશ્રમ-બીલખા, આ. પાંચમી ૨૦૫૧
(૯૨) ઊલટવાણી, ભાગ-૧, કર્તા, શ્રી શંકર મહારાજ - પૃ. ૧૪૭ શ્રી શંકર આશ્રમ, પાલડી સરદાર પુલ પાસે, અમદાવાદ-૭
(૯૩) સૌરાષ્ટ્રના હરિજન ભકત કવિઓ, સંપા. ડૉ. નાથાલાલ ગોહિલ - પૃ. ૪૧૪/૪૧૫- પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન્સ, અમદાવાદ, આ. ઈ.સ. ૧૯૮૫
(૯૪) બૃહત્ કાવ્ય દોહન, ભાગ-૨ સંપા. મનસુખ સલ્લા -પૃ. ૨૯૪ - ઈ.સ. ૧૯૯૯
(૯૫) પરિચિત પદ સંગ્રહ, પૃ. ૧૨૨ - લેખક પ્રકા. અવાચ્ય.
(૯૬) બ્રહ્માનંદ ભજનમાળા, પ્રકા. હરિહર પુસ્તકાલય, સુરત-પૃ. ૧૫૨, આવૃતિ ઈ.સ. ૨૦૦૧
(૯૭) પદ્યાવલી, ભાગ-૧, ૨ - પૃ. ૪૬/૪૭ - સંપા. સદ્‌ગુણાનુરાગી મુનિ કર્પુર વિજયજી મહારાજ, અનુ. કુંવરજી આણંદજી, પ્રકા. જિન શાસન આરાધના ટ્રસ્ટ, મુંબઈ આ. ૨૦૫૧



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૯૮) ઊલટવાણી, ભાગ-૧, શ્રી શંકર મહારાજ , ઉનાવાવાળા, પૃ. ૧૩૧ -શ્રી શંકર આશ્રમ, પાલડી સરદાર પુલ પાસે, અમદાવાદ-૭- આ. બીજી - ઈ.સ. ૧૯૫૮
(૯૯) અનુભવ પ્રકાશ મુક્તાવલી, ભાગ-૨, લે. શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી પૃ. ૨૭૮ પ્રકા. સેવકમંડલ સમસ્ત- મુ. બલોલ (જોશીમઠ) પ્ર. આ. ઈ.સ. ૧૯૪૬
(૧૦૦) આપણી ભજન વાણી, પૃ. ૧૭/૧૯ - સંપા. ગંગદાસ પ્રાગજી મહેતા- કુસુમ પ્રકાશન આવૃતિ ઈ.સ. ૧૯૮૭
(૧૦૧) અખાની કાવ્યકૃતિઓ, સંપા. ડૉ. શિવલાલ જેસલપુરા - પૃ. ૩૨૨- પ્રકા. ગિરીશ સેજલપુરા - અમદાવાદ, પ્ર. આ. ઈ.સ. ૧૯૮૮
(૧૦૨) ભોજાભગતની વાણી, સંપા. મનસુખ સાવલિયા, પૃ. ૬૦/૬૧-પ્રકા. વેકો ફિલાનથ્રોપિક ટ્રસ્ટ, રાજકોટ. પ્ર. આ. ઈ.સ. ૧૯૮૩
(૧૦૩) પરિચિત પદ સંગ્રહ, પૃ. ૧૨૨ - લેખક-પ્રકા. અવાચ્ય.
(૧૦૪) દાનેવ દર્શન, ૧૦, જુન - ૨૦૦૨, પૃ. ૨૪, પ્રકા. આપાદાનાની જગ્યા, ચલાલા
(૧૦૫) શ્રી ભજન સાગર, ભા.૧-૨, પૃ. ૪૯૭-ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી, સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય -અમદાવાદ - સવંત ૨૦૧૪
(૧૦૬) એકતારાની ગૂઢાર્થ વાણી, કર્તા, શ્રી શંકર મહારાજ, ઉનાવાવાળા, પૃ. ૧૩૭ જનસેવા પરિવાર, અમદાવાદ-૭- આ. નવમી, ઈ.સ. ૧૯૮૬
(૧૦૭) ગોરખવાણી, સં. અનવર આગેવાન, પૃ. ૫૧, પ્રકા. સસ્તુ સાહિત્ય વર્ધક.અમદાવાદ, પ્ર. આ. સં. ૨૦૦૮
(૧૦૮) ઊલટીવાણીનું સ્પષ્ટીકરણ, સ્પ. કરનાર પૂ. મહા. શ્રી મન્નથુરામશર્મા, પૃ. ૨૧, આનંદ આશ્રમ-બીલખા, આ. પાંચમી ૨૦૫૧
(૧૦૯) સતકેરી વાણી, સંપા. મકરન્દ દવે - પૃ. ૧૪૮ નવ ભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્ર. આ. ૧૯૭૦
(૧૧૦) ધીરા ભગતનાં પદો, સંપા. ડુંગરશી ધરમશી સંપટ, પૃ. ૨૫, પ્રકા. સસ્તુ સાહિત્ય, અમદાવાદ, આ. ચોથી, સં. ૨૦૧૮
(૧૧૧) બૃહત્ કાવ્ય દોહન, ભાગ-૨, સંપા. મનસુખ સલ્લા -પૃ. ૨૯૪ - ઈ.સ. ૧૯૯૯
(૧૧૨) પદ્યાવલી, ભાગ-૧, ૨ - પૃ. ૯૫/૯૬ - સંપા. સદ્‌ગુણાનુરાગી મુનિ કર્પુર વિજયજી મહારાજ, અનુ. કુંવરજી આણંદજી, પ્રકા. જિન શાસન આરાધના ટ્રસ્ટ, મુંબઈ આ. ૨૦૫૧
(૧૧૩) ગોરખનાથ આખ્યાન, સં. કવિશ્રી કેશવલાલ , પૃ. ૨૦૦, પ્રકા. શ્રી પુસ્તક મંદિર, અમદાવાદ, ઈ.સ. ૧૯૯૯
(૧૧૪) ઊલટીવાણીનું સ્પષ્ટીકરણ, સ્પ. કરનાર પૂ. મહા. શ્રી મન્નથુરામશર્મા, પૃ. ૨૨,
(૧૧૫) ઊલટીવાણીનું સ્પષ્ટીકરણ, સ્પ. કરનાર પૂ. મહા. શ્રી મન્નથુરામશર્મા, પૃ. ૫, આનંદ આશ્રમ-બીલખા, આ. પાંચમી ૨૦૫૧
(૧૧૬) આપણી ભજનવાણી, સં. ગંગદાસ પ્રાગજી મહેતા પૃ.૩૩૮/૩૩૯ કુસુમ પ્રકાશન- અમદાવાદ. ૧૯૯૭ સંવર્ધિત આવૃત્તિ
(૧૧૭) ભજન રસ, મકરન્દ દવે,પૃ-૧૭૦, નવભારત સાહિત્ય મંદિર, પ્ર. આ. ૧૯૮૭
(૧૧૮) શ્રી યોગ વેદાંત ભજન ભંડાર, પૃ-૧૯૧ - સંપાદક-પ્રકાશન અવાચ્ય



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૧૯)મોરલો મરત લોકમાં આયો, સં. ડૉ. નાથાલાલ ગોહિલ - પૃ. ૨૬૫/૨૬૬, પ્રકા. પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ- પ્ર.આ.૨૦૦૪
(૧૨૦)ઊલટવાણી, ભાગ-૧, કર્તા, શ્રી શંકર મહારાજ - પૃ. ૧૫૩ શ્રી શંકર આશ્રમ, પાલડી સરદાર પુલ પાસે, અમદાવાદ-૭
(૧૨૧)ચૂંટેલા ભજન, સંપા. નરોત્તમ પલાણ, પૃ. ૫૨, પ્રકા. ગુજરાત સાહિત્ય અકાદમી- અમદાવાદ, પ્ર. આ. ઈ.સ. ૨૦૦૪
(૧૨૨)આત્મવિલાસ ભજન સાગર યાને યોગવાણી, ભાગ-૧-પૃ. ૨૦૫ પ્રકા. સોમાજી ગોરાભાઈ મકવાણા, બેડીપરા - રાજકોટ. પ્ર. આ. ઈ.સ. ૧૯૬૦
(૧૨૩)માંમદ મુક્તમણી ગ્રંથ, પૃ.૫૪ સં. મનુભાઈ જાડેજા(સંધી) પ્રકા. દીપુભાઈ કમલભાઈ મુ. નાના લીલિયા તા. મોટા લીલિયા ( અમરેલી)
(૧૨૪)ગોરખવાણી, સં. અનવર આગેવાન, પૃ. ૫૦, પ્રકા. સસ્તુ સાહિત્ય વર્ધક. અમદાવાદ, પ્ર. આ. સં. ૨૦૦૮
(૧૨૫)ઊલટી વાણીનું સ્પષ્ટીકરણ, સંપા. પૂ.પા. મહાત્મા શ્રીમન્નથુરામશર્મા - પૃ. ૧૭/૧૮ પ્રકા. આનંદ આશ્રમ બિલખા, સં. ૨૦૫૧
(૧૨૬)સતકેરી વાણી, સંપા. મકરન્દ દવે - પૃ. ૧૪૮ નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્ર. આ. ૧૯૭૦
(૧૨૭)ધીરા ભગતનાં પદો, સંપા. ડુંગરશી ધરમશી સંપટ, પૃ. ૨૫, પ્રકા. સસ્તુ સાહિત્ય, અમદાવાદ, આ. ચોથી, સં. ૨૦૧૮
(૧૨૮)એકતારાની ગૂઢાર્થ વાણી, કર્તા, શ્રી શંકર મહારાજ, ઉનાવાવાળા, પૃ. ૧૨૦ જન સેવા પરિવાર, અમદાવાદ-૭- આ. નવમી, ઈ.સ. ૧૯૮૬
(૧૨૯)ઊલટવાણી, ભાગ-૧, શ્રી શંકર આશ્રમ, પાલડી સરદાર પુલ પાસે, અમદાવાદ-૭- પૃ. ૨૦૯, આ. બીજી, સં. ૨૦૧૪
(૧૩૦)શ્રી ભજન સાગર, ભા. ૧-૨, પૃ. ૪૩-ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી, સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય -અમદાવાદ - સવંત ૨૦૧૪
(૧૩૧)ભજન રસ, મકરન્દ દવે, પૃ.- ૧૭૦, નવભારત સાહિત્ય મંદિર, પ્ર. આ. ૧૯૮૭
(૧૩૨)ધીરા ભગતનાં પદો, સંપા. ડુંગરશી ધરમશી સંપટ, પૃ. ૨૫, પ્રકા. સસ્તુ સાહિત્ય, અમદાવાદ, આ. ચોથી, સં. ૨૦૧૮
(૧૩૩)શ્રી ભજન સાગર, ભાગ-૧,૨, - પૃ. ૧૨૩, ૧૨૪, સસ્તુ સાહિત્ય, અમદાવાદ આ. બીજી, સં. ૨૦૧૪
(૧૩૪)બ્રહ્માનંદ ભજનમાળા, પ્રકા. હરિહર પુસ્તકાલય, સુરત-પૃ. ૧૫૨, આવૃત્તિ, ઈ.સ.૨૦૦૧
(૧૩૫)એકતારાની ગૂઢાર્થ વાણી, કર્તા, શ્રી શંકર મહારાજ, ઉનાવાવાળા, પૃ. ૧૪૮/૧૪૯ જન સેવા પરિવાર, અમદવાદ-૭-આ. નવમી, ઈ.સ. ૧૯૮૬
(૧૩૬)અનુભવ પ્રકાશ મુક્તાવલી-ભાગ,૨ -લે શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી પૃ. ૯૨/૯૩ પ્રકા. સેવકમંડલ સમસ્ત-મુ. બલોલ (જોશીમઠ) પ્ર. આ. ઈ.સ. ૧૯૪૬
(૧૩૭)ગોરખબાની, સં. રામલાલ શ્રીવાસ્તવ, પૃ - ૯ પ્રકા. ગોરખનાથ મંદિર- ગોરખપુર, આ. બીજી, સં. ૨૦૫૧
(૧૩૮)ઉલટવાણી, સંપા. શ્રી શંકર મહારાજ, પૃ. ૨૮, પ્રકા. શ્રી શંકર મહારાજ - ઊનાવાવાળા, શ્રી શંકર આશ્રમ, પાલડી- આ. બીજી. ઈ.સ. ૧૯૫૮



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૩૯)ઊલટીવાણીનું સ્પષ્ટીકરણ, સ્પ. કરનાર પૂ. મહા. શ્રી મન્નથુરામશર્મા, પૃ. ૫-૬, આનંદ આશ્રમ-બીલખા, આ. પાંચમી ૨૦૫૧
(૧૪૦)અખાની કાવ્યકૃતિઓ, સંપા. ડૉ. શિવલાલ જેસલપુરા-પૃ. ૫-પ્રકા. ગિરીશ સેજલપુરા અમદાવાદ, પ્ર. આ. ઈ.સ. ૧૯૮૮
(૧૪૧)એકતારાની ગૂઢાર્થ વાણી, કર્તા, શ્રી શંકર મહારાજ, ઉનાવાવાળા, પૃ. ૧૭૯ જન સેવા પરિવાર, અમદાવાદ-૭- આ. નવમી, ઈ.સ. ૧૯૮૬
(૧૪૨)અનુભવ પ્રકાશ મુક્તાવલી, ભાગ-૨, લે. શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી પૃ. ૨૧૪ પ્રકા. સેવકમંડલ સમસ્ત-મુ. બલોલ (જોશીમઠ ) પ્ર. આ. ઈ.સ. ૧૯૪૬
(૧૪૩)સંત રજ્જબઅલી વાણી ઔર વિચાર, ડૉ. રમેશચંદ્ર મિશ્ર - પૃ. ૧૧૮, પ્રકા. સન્ત સાહિત્ય સંસ્થાન , નેતાજી સુભાષ માર્ગ, દરિયાગંજ, નવી દિલ્હી, પ્ર. આ. ૨૦૦૨
(૧૪૪)ઊલટવાણી, ભાગ-૧, શ્રી શંકરાશ્રમ, પાલડી સરદર પુલ પાસે, અમદાવાદ-૭- પૃ. ૨૦૧, આ. બીજી, સં. ૨૦૧૪
(૧૪૫)બૃહત્ ભજન સાગર, પૃ. ૩૪-લેખક/પ્રકાશક અવાચ્ય-રેફ. પારઘી સાહેબ -જૂનાગઢ.
(૧૪૬)ભજન રસ, મકરન્દ દવે, પૃ.-૧૭૦, નવભારત સાહિત્ય મંદિર, પ્ર. આ. ૧૯૮૭
(૧૪૭)કચ્છના સંતો અને કવિઓ, ભાગ-૨, લે. દુલેરાય કરાણી, પૃ. ૮૫- પ્રકા. ગિરીશ આર. ઠક્કર, મુંબઈ - બીજી આ. સંવત- ૨૦૪૫
(૧૪૮)રવિએ રમતાં દીઠો, ડૉ. નાથાલાલ ગોહિલ, પૃ. ૧૭૨, પ્રકા. નવભારત-અમદાવાદ, પ્ર. આ. ઈ.સ. ૧૯૯૭
(૧૪૯)ઊલટવાણી, ભાગ-૧, કર્તા, શ્રી શંકર મહારાજ - પૃ. ૧૪૭ શ્રી શંકરાશ્રમ, પાલડી સરદાર પુલ પાસે, અમદાવાદ-૭,
(૧૫૦)બ્રહ્માનંદ ભજનમાળા, પ્રકા. હરિહર પુસ્તકાલય, સુરત-પૃ. ૧૫૨, આવૃત્તિ ઈ.સ. ૨૦૦૧
(૧૫૧)એકતારાની ગૂઢાર્થ વાણી, કર્તા, શ્રી શંકર મહારાજ, ઉનાવાવાળા, પૃ. ૫ જન સેવા પરિવાર, અમદવાદ-૭- આ. નવમી, ઈ.સ. ૧૯૮૬
(૧૫૨)અનુભવ પ્રકાશ મુક્તાવલી, ભાગ-૨, લે. શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી પૃ. ૨૯૬ પ્રકા. સેવક મંડલ સમસ્ત- મુ. બલોલ( જોશીમઠ ) પ્ર. આ. ઈ.સ. ૧૯૪૬
(૧૫૩)શ્રી ભજન સાગર, ભાગ-૧-૨, પૃ. ૪૯૭-ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી, સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય -અમદાવાદ - સવંત ૨૦૧૪
(૧૫૪)વેદાન્તના ભજનનો સંગ્રહ, કર્તા, સ્વામી માધવ તીર્થ, પૃ. ૨૭ - પ્રકા. વેદાન્ત આશ્રમ - અમદાવાદ, પ્ર. આ. ૧૯૭૭
(૧૫૫)દિનકરદાસ કહે, સંપા.દિનકરદાસ- પૃ. ૩૫, પ્રકા. પ્રવિણ ગૌરીશંકર ઠાકર, મુંબઈ, પ્ર. આ. ઈ.સ. ૧૯૯૫
(૧૫૬)નારણરામની અમૃતવાણી, પ્રા. અમરસિંહ સોસા - પૃ. ૪૦, પ્રકા. શ્રી સત્‌નામ સત્‌સંગ આશ્રમ, મિતિયાજ, પ્ર. આ. ઈ.સ.૨૦૦૩
(૧૫૭)કથાયોગ, નરેશ વેદ, પૃ. ૩૨-પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ-પ્ર. આ. ૨૦૦૦
(૧૫૮)કબીર કી ઉલટ વાંસિયા, અભિલાસ દાસ, પૃ. ૫૭, પ્રકા. કબીર પારખ સંસ્થાન, ઈલાહાબાદ - આ. ૨૦૦૧
(૧૫૯)એકતારાની ગૂઢાર્થ વાણી, કર્તા, શ્રી શંકર મહારાજ, ઉનાવાવાળા, પૃ. ૫ જનસેવા પરિવાર, અમદઅવાદ-૭- આ. નવમી, ઈ.સ. ૧૯૮૬



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૬૦)ધીરા ભગતનાં પદો, સંપા. ડુંગરશી ધરમશી સંપટ - પૃ. ૭૦-પ્રકા. સસ્તુ સાહિત્ય, અમદાવાદ, આ. ચોથી, સં. ૨૦૧૮
(૧૬૧)અખાની કાવ્યકૃતિઓ, સંપા. ડૉ. શિવલાલ જેસલપુરા-પૃ. ૫-પ્રકા. ગિરીશ સેજલપુરા અમદાવાદ , પ્ર. આ. ઈ.સ. ૧૯૮૮
(૧૬૨)ધીરા ભગતનાં પદો, સંપા. ડુંગરશી ધરમશી સંપટ - પૃ. ૫૧ -પ્રકા. સસ્તુ સાહિત્ય, અમદાવાદ આ. ચોથી, સં. ૨૦૧૮
(૧૬૩)મુલાકાત -હિરાબેન પરબતભાઈ રાદડીયા
(૧૬૪)સંગ્રહિત લોકગીતો, ભાગ-૧, સંકલન હરેન્દ્ર પ્ર. ભટ્ટ - પ્રકા. વીરડો ટ્રસ્ટ, પ્ર. આ. ઈ.સ. ૧૯૮૪
(૧૬૫)યોગવાશિષ્ઠ કા સંતકાવ્ય પર પ્રભાવ, લે. પ્રમિલા શર્મા-પ્રકા. નેશનલ પબ્લિશિંગ હાઉસ- પ્ર. આ. ૧૯૯૪



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

# પ્રકરણ-૫

## અવળવાણી અર્થઘટન: સમસ્યા અને સમાધાન

(૧) ભૂમિકા.
(૨) અવળવાણી: કેટલાંક નિરીક્ષણો.
(૩) અસંબદ્ધ પ્રતીકાત્મકતા.
(૪) પારિભાષિક શબ્દાવલી.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## ભૂમિકા

લોક સંતો દ્વારા પ્રયુક્ત; વિરોધમૂલક-પ્રતિકધર્મી અવળવાણી પદ રચનાઓએ ભારતીય અધ્યાત્મ સંસ્કારોને ઘડવામાં મહત્ત્વનું યોગદાન પુરૂં પાડ્યું છે. આ પ્રકારની રચનાઓના માધ્યમે જ સંતોએ ધ્યાન-યોગ, પિંડ શોધનની ક્રિયાઓ, સાંપ્રદાયિક અને સાધનાજન્ય અનુભવોને સાકાર રૂપ આપ્યું છે. તેમજ નૂતન પ્રયોગ-પ્રતીક દ્વારા પોતાની કલ્પના શક્તિ અને સર્જન શક્તિનો પરિચય કરાવ્યો છે. સીધી વાતને પણ ઊલટ રીતે પ્રગટ કરી, ભાવકમાં વિસ્મયનો ભાવ પ્રગટાવી, પોતાની વિદગ્ધતાનો પરિચય પૂરો પાડ્યો છે.

અલૌકિક, અવર્ણનીય, અરૂપને રૂપાયિત કરવા સક્ષમ એવી આ શૈલીનું સ્વરૂપ કંઈ રાતો-રાત નથી ઘડાયું; કે નથી તો રાતો-રાત વિકાસ પામ્યું. એના ઘડતર અને વિકાસની તો આ સંશોધન ગ્રંથના 'અવળવાણી મૂળ અને કુળ' નામક પ્રકરણમાં જોયું તેમ બહુ લાંબી યાત્રા છે. પ્રત્યક્ષ-પરોક્ષ રૂપે છેક વૈદિક કાળથી માંડી, નાથપંથી યોગીઓ સુધીની વક્ર કથન શૈલી જ અવળવાણીના રૂપે વિકાસ પામે છે.

અલૌકિકને આલોકિત કરતી, છતાં ગુપ્તવિદ્યાને પોતામાં સંગોપી રાખતી એવી આ શૈલીમાં વર્ણિત વિષયના અંગ ઉપાંગો ભલે અલગ-અલગ હોય, પણ તેનું મૂળ અંગ તો 'સાધના' છે. આ શૈલીનું વર્ણાત્મક રૂપ ચમત્કાર છે. પણ તેનું ભાવવિશ્વ અલૌકિક અનુભૂતિ છે. ગોરખ વગેરે દ્વારા પ્રયુક્ત આ પ્રકારની રચનાઓમાં આવી દિવ્ય અલૌકિક અનુભૂતિનું વિશ્વ વિવિધ સ્વરૂપે પ્રગટ થયેલું જોવા મળે છે. તો કબીર અને કબીરના સમકાલીન તેમજ પરવર્તી સંતો દ્વારા પ્રયુક્ત આ પ્રકારની રચનાઓમાં વિષય વૈવિધ્ય ઉપરાંત કાવ્યાત્મક સૌંદર્યનો પરિષ્કાર પણ ભળેલો જોવા મળે છે. આધુનિક યુગના સંત સાહિત્યમાં અવળવાણી પ્રકારની રચનાઓનો પ્રવાહ મંદ પડે છે. તેની પાછળનું મુખ્ય કારણ સમયનો તકાદો અને અધ્યાત્મ અનુભૂતિનો અભાવ હોઈ શકે. પરિણામે આધુનિક સમયમાં અવળવાણી પ્રકારની જે રચનાઓ પ્રાપ્ત થાય છે તે રચનાઓમાં અલૌકિક અનુભૂતિની અભિવ્યક્તિ કરતા પરંપરાનો નિર્વાહ, અનુકરણ અને દેખા-દેખીનું તત્ત્વ વધારે પડતું જોવા મળે છે. આમ છતાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સ્વરૂપોની તુલનાએ, આ પ્રકારની રચનાઓ આજ પર્યંત કંઠોપકંઠ પરંપરામાં ઝીલાતી-જીવાતી અને રચાતી આવી છે એ તેનું જમાપાસું છે.

અહીં આ પ્રકરણનાં પ્રથમ મુદ્દામાં પ્રતિનિધિરૂપ અવળવાણી રચનાઓના પ્રતિકાર્થ અને ભાવાર્થને સમજાવવાનો ઉપક્રમ સેવ્યો છે. બાદમાં આ પ્રકારની રચનાઓના ગૂઢાર્થ અને પ્રતિકાર્થને ઉદ્‌ઘટિત કરવા, રચના અંતર્ગત પ્રયોજાયેલ નિગૂઢ-અસંબદ્ધ પ્રતિકો અને શબ્દાર્થોને અલગ તારવી, ઉદાહરણો સાથે ઉકેલી બતાવવાના પ્રયત્નો કર્યો છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે આ શોધનિબંધના પરિશિષ્ટ-૧ માં ૩૪ ગુજરાતી સંત કવિઓની ૧૫૮ અવળવાણી રચનાઓ અને ૮ છપ્પાઓ સંપાદિત કરેલ છે. તો પરિશિષ્ટ-૨ માં જૈન ગૂર્જર કવિઓના નામે મળી આવતી ૧૭ કવિઓની ૩૪ રચનાઓને સંપાદિત કરી છે. અને પરિશિષ્ટ-૩ માં જે સર્જકોનો પ્રભાવ ગુજરાતી સંત સાહિત્ય ઉપર બળુકી રીતે વર્તાયો છે તે ગોરખનાથ, કબીર સાહેબ અને સુંદરદાસની કુલ ૮૦ હિન્દી અવળવાણી રચનાઓ અને ૧૭ સાખીઓને સમાવિષ્ટ કરેલ છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## અવળવાણી: કેટલાંક નિરીક્ષણો

અહીં આ વિભાગમાં વિષય વ્યાપની મર્યાદાને ધ્યાનમાં રાખી ગુજરાતી સંત સાહિત્ય ઉપર, ખાસ કરીને અવળવાણી સંદર્ભે જે સંતોનો પ્રભાવ વધારે બળુકી રીતે વર્તાયો છે તેવા ગોરખનાથ-કબીર સાહેબ અને સુંદરદાસ તથા ગુજરાતી સંત સર્જકો દ્વારા રચાયેલ પ્રતિનિધિરૂપ અવળવાણી રચનાઓનો માત્ર પ્રતીકાર્થ અને ભાવાર્થ આપવાનો ઉપક્રમ સેવ્યો છે.

### ગોરખનાથ

વિ.સં.૧૦૫૦માં પેશાવર (પાકિસ્તાન)માં જન્મેલા ગોરખનાથ અને તેમની વાણી, ભારતીય સંત સાહિત્યના ભવનના પાયાનો બુનિયાદી પથ્થર છે. એના ઉપરજ ભારતના સંત સાહિત્યનું આખુ ભવન ઊભું છે. નાથ પરંપરાના મસ્ત્યેદ્રનાથના શિષ્ય એવા ગોરખનાથના નામે આપણને ૨૮ જેટલાં સંસ્કૃત ગ્રંથો અને ૪૦ જેટલાં હિન્દી ગ્રંથો મળી આવે છે.

ગુજરાતી સંત સાહિત્યમાં 'અવળવાણી' પ્રકારની રચનાઓના મુખ્ય આધાર સ્થંભ ગોરખનાથ છે. તેમની પાસેથી 'અવળવાણી' પૂર્ણપદ રચનાઓ અને શબદી-સાખીઓ માતબર સંખ્યામાં મળી આવે છે.

### 'વાણી રે વાણી'

'વાણી વાણી રે મારા સતગુરુની વાણી,
જીવતાં પરણાવી બાપે મૂવા ઘેર આણી.
ખીલો દૂઝે રે મારે ભેંસ વલોણે,
સાસુડી પારણિયે ને વહુજી હીંચોળે...વાણી ૦
ખેતર પાકયું રે રખોલિયાને ખાધો,
ઊલટો મરઘે પારાધિને બાંધ્યો...વાણી ૦
હેંઠે હાંડી ઉપર ચૂલો ચડિયો,
જળ કેરી માછલીએ બગલાને ગળિયો...વાણી ૦
આભ પરસે રે જમી વરસે,
નેવાંનાં નીર તે મોભે જ ચડશે...વાણી ૦
બાવો બોલ્યા રે મછંદરકા પૂતા,
મેલી મમતા ને ભયા અવધૂતા...વાણી ૦'(૧)

### પ્રતીકાર્થ

વાણી=શબદ-સાન-મંત્ર-જ્ઞાન, જીવતા=સંસાર, મૂવા=મરેલ-સાધક, ખીલો=જીવાત્મા-આત્મા, ભેંસ=અવિચારી જીવ, કાયા, સાસુ=સુરતા, વહુ=બુદ્ધિ, ખેતર=ક્ષેત્ર-શરીર, રખોલીયો=જીવાત્મા, મરઘો=મન, પારધિ=આત્મા, હાંડી=કાયા-શરીર, ચૂલો=ઉદ્દીપ્તચિત્ત, જળ=માયા, માછલી=કુંડલિની, બગલો=અહંકાર-વિષયી મન, આભ=આકાશ-સહસ્રાર, જમી=ધરતી-મૂલાધાર, નેવાં=મૂલાધાર, મોભ=મેરૂદંડ-સહસ્રાર



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ભાવાર્થ**

આ વાણીમાં, શિષ્ય પોતાના સદગુરુએ આપેલ જ્ઞાનોપદેશનો મહિમા કરે છે. અહીં 'વાણી રે વાણી મારા ગુરુજીની વાણી' એવા પ્રયોગને સદ્‌ગુરુએ આપેલ શબ્દ-જ્ઞાન-સાન-મંત્ર એમ અનેક અર્થ સંદર્ભે પામી શકાય. મારા ગુરુએ વાણી કહેતા મને શબદ જ્ઞાન આપ્યું, મને પરમોદ્‌યો. પરંતુ આટલી બાબત તો સંસારના વ્યાવહારિક સગપણ પુરતી સીમિત હતી એટલે કે ગરુએ, 'હું' સામાન્ય સંસારી જીવન જીવી રહ્યો હતો ત્યારે પોતાની શબદ-જ્ઞાન રૂપ વાણીનું મારી સાથે સગપણ કરાવ્યું પણ વાણીને મારી સાથે પરણાવી-વળાવી નહીં. એ તો જ્યારે 'હું'મૃત્યુ પામ્યો-મડદું બન્યો એટલે કે સાચો સાધક બન્યો, ત્યારે જ એણે પોતાની આ અમૃત દિવ્ય વાણીને મારે ઘેર વળાવી. અહીં સાધક મૃત છે, વાણી અમૃત છે. ગોરખનાથ અન્ય એક પદમાં કહે છે.'નાથ બોલે અમૃતવાણી બરિષેગી કવલી ભીજેગા પાણી'. તો અન્ય એક પદમાં એમ પણ કહે છે -'મરો એજોગી મરો,મરણ હૈ મીઠા, ઇસ મરણી મરૌ જીસ મરણી ગોરખ મરી દીઠા'આ પંથ તો મરેલાએ મરેલાને મળવાનો છે. આ રસ્તે મૃત બનો તો જ અમૃત મળે.

ગુરુની અમૃતવાણીનો પ્રસાદ પ્રાપ્ત થતાં, સાધક શિષ્યને સમજાય છે કે ભેંસરૂપી અવિવેકી મન ખીલારૂપ જીવાત્માને વલોવી-દોહી રહ્યું છે. બીજી રીતે કહીએ તો ભેંસ એટલે કે કાયા-શરીર. આ કાયાનો આધાર જીવાત્મા છે. જીવાત્મા છે તો કાયા-શરીર છે. જીવાત્મા નથી તો કાયા-શરીરનું કોઈ મૂલ્ય નથી. પરંતુ અહીં વિડંબના એ છે કે આ કાયા જ જીવાત્માનું શોષણ કરી રહી છે. તો બીજી બાજું વહુ રૂપી બુદ્ધિ, સાસુ રૂપી સુરતાને પારણીએ પોઢાડી -ઊંઘાડી રહી છે. પરિણામે સુરતા જાગતી નથી અને પરમાત્મગામી બનતી નથી. આવી જ રીતે પાક ઉપર આવેલું ખેતર એટલે કે માયાવી ધન-ધાન્યથી લચી પડેલું શરીર, રખોલીયા રૂપી આત્માને ખાઈ રહ્યું છે. પારધી એટલે કે આત્માને મનરૂપી મૃગ બાંધીને બેઠો છે. એટલે તો મામંદ કહે છે-'મન રૂપી મૃગલાને મારો'. વળી હાંડી એટલે કે કાયા ઉપર ઉદીપ્ત એવું ચૂલા રૂપી ચિત્ત સવાર થઈને બેઠું છે. પરિણામે જીવાત્માનો ઉદ્ધાર થતો નથી. સાધક એવા શિષ્યે પોતાના આત્માને પરમ આત્મા બનાવવો હોય તો પોતાના ગુરુના નિર્દેશ મુજબ કાયાને સિદ્ધ કરવી જોઈએ. ગુરૂએ પ્રબોધેલ જ્ઞાન મુજબ શિષ્ય જો સાધના કરે અને કાયસિદ્ધિ પ્રાપ્ત થાય, તો માયા રૂપી જળમાં રહેલી માછલી રૂપ કુંડલિની જાગૃત થાય અને અહંકાર રૂપ બગલાને ગળી જાય.

લોકસંતોની અનુભૂતિ છે કે સાધના દ્વારા શરીરમાં સ્થિત જલ એટલે કે વીર્યને ઊર્ધ્વમુખ કરીને યોગાગ્નિમાં પકાવી શકાય છે. અને આ જલબિંદુને યૌગિકક્રિયા દ્વારા ઉપર ચઢાવી સહસ્ત્રારમાં દ્રવિત અમૃતમાં પરિવર્તીત કરી શકાય છે. આ અમૃતથી સહસ્ત્રાર પરિપ્લાવિત થાય છે. અને સાધકને સિદ્ધ દેહની પ્રાપ્તિ થાય છે. સાધનાકીય એવી આ રહસ્યાત્મક ક્રિયા-અનુભૂતિને સંતોએ અવળવાણીમાં 'આભ પરસે રે જમીં વરસે' અને 'નેવાના નીર તો મોભે ચડશે' જેવા ઊલટા કથન દ્વારા અભિવ્યક્ત કરી છે.

મછંદરનો પુત્ર ગોરખનાથ કહે છે કેમમતાને મારી હવે હું અવધૂત બન્યો છું. ('અવધૂતોપનિષદ' 'અવધૂત'ની વ્યાખ્યા આપતાં કહે છે કે-જેણે સાંસારિક વાસનાઓને ભષ્મ કરીને અવિનાશી પદ પ્રાપ્ત કર્યુ છે અને જે સર્વત્ર પૂજનીય બન્યા છે તેમજ જેનું લક્ષ્ય તત્, ત્વમ, અસિ છે તે 'અવધૂત'છે.)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## કબીર

સંત શિરોમણી એવા કબીરના જીવનનો આધારભૂત પરિચય આપી શકે એવી સામગ્રી આજ સુધી ઉપલબ્ધ થઇ નથી. કબીર સાહેબે પોતે પોતાના જીવન વિશે કંઇ પણ લખ્યું નથી, પણ કબીરના જન્મ વિષયક વિગતો આપતો એક દુહો કબીરપંથ-પરંપરામાંથી મળી આવે છે.-

'ચૌદહ સૌ પચપન સાલ ગએ, ચન્દ્રવાર એક ઠાઠ ઠએ,
જેઠી સુદ બરસાયત કો, પૂનરમાસી તિથિ પ્રગટ ભએ.'

આ દોહરામાં અપાયેલી વિગતો અને'ઇન્ડિયન ક્રોનોલોજી'ના આધારે ડૉ.માતાપ્રસાદ - ગુપ્તે તૈયાર કરેલ કબીરના કાલ નિર્ણય અનુસાર, કબીર સાહેબ સંવત ૧૪૫૫માં થઇ ગયા હોવાનું જાણવામાં આવે છે. કબીરનો જન્મ કાશીમાં થયો હતો. જ્ઞાતિએ તે હિન્દુ હતા કે મુસલમાન, જુલાહા હતા કે બ્રાહ્મણ? તે આજ સુધી નક્કી કરી શકાયું નથી.

ઉપરોક્ત કબીર સાહેબના જન્મ વિષયક દુહાની જેમ કબીર સાહેબના મૃત્યુ વિષયક પણ એક દોહરો મળી આવે છે.-

'સંવત પંદ્રહ સૌ પછતરા કિયો મગહર ગૌન
માઘ સુદી એકાદશી રલૌ પૌન મેં પૌન.'

આ દુહા મુજબ કબીર સાહેબે ૧૨૦ વર્ષનું લાંબું આયુષ્ય ભોગવી. સંવત ૧૫૭૫માં પોતાની જીવનલીલા સંકેલી હતી.

સંત સાહિત્ય અંતર્ગત કબીર સાહેબના નામે મળી આવતી સાખી, પદ, રમૈની અને અન્ય ભજન-વાણી, સંખ્યાની દષ્ટિએ તો સર્વાધિક છે જ પણ સત્ત્વશીલતાની દષ્ટિએ પણ બેજોડ અને ઉત્કૃષ્ટ છે.

ભજનવાણીની જેમ કબીર સાહેબના નામે મળી આવતી 'અવળવાણી' પ્રકારની રચનાઓ પણ સંખ્યાની દષ્ટિએ સર્વાધિક અને સત્ત્વશીલતાની દષ્ટિએ ઉત્કૃષ્ટ છે. જેનું સાક્ષ્ય આપણને શ્રી શ્યામસુંદરદાસ સંપાદિત 'કબીર ગ્રંથાવલી' અને વિચારદાસ શાસ્ત્રી સંપાદિત 'કબીર-બીજક' જેવા ગ્રંથોમાંથી મળી રહે છે. આ ગ્રંથોમાં ૭૦ જેટલી અવળવાણી મૂલક સાખીઓ, ૧૨૫ અવળવાણી પદ રચનાઓ અને ૭ રમૈની પ્રકારની અવળવાણી મૂલક રચનાઓ સંપાદિત થયેલ છે.

પ્રયોગની દષ્ટિએ કબીર સાહેબની અવળવાણી પૂર્વવર્તી બૌદ્ધ-સિદ્ધૌ અને નાથ યોગીઓની અવળવાણી રચનાઓનું વિકસિત અને પરિષ્કૃત રૂપ છે. તો વિષય, પ્રતીક, રૂપકત્વ અને વિસ્મયી સૃષ્ટિની દષ્ટિએ પરવર્તી સંતો માટે પ્રેરકરૂપ છે.

સંત સાહિત્યની મર્યાદાઓ માંહેની એક મર્યાદા એ છે કે આ સાહિત્ય મુદ્રિત સ્વરૂપ કરતા કંઠોપકંઠ સ્વરૂપે જીવાતુ-ઝીલાતું આવ્યું છે. પરિણામે કોઇ એક કૃતિના અનેક પાઠાંતરો હાથ લાગે છે. ક્યારેક તો લોક સ્મૃતિની મર્યાદાને કારણે મૂળ કૃતિના ભાવથી જુદા જ ભાવ અર્થને પ્રગટ કરતા પાઠાંતરો પણ થાય. મૂળ સર્જકને સ્થાને અન્યનું નામાકરણ પ્રવેશી જાય. પરિણામે મૂળ પાઠની વાચના તૈયારકરવી મુશ્કેલ બની જાય.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

અહીં અવળવાણી અર્થઘટન-ભાવાર્થ માટે પસંદ કરેલ કબીર સાહેબની એક રચનાના ત્રણ પાઠ મળે છે. -અભ્યાસની સરળતા ખાતર અહીં ત્રણે પાઠને ઉદ્ધૃત કર્યા છે.

## 'તને રોકણ હારૂ નૈ કોઇ'

(૧)

'તને રોકણ હારૂ નૈ કોઇ, મગન સે ચાલી જા,
વા..વા.. મગન સે ચાલી જા.
કીડી હાલી સાસરે, નવમણ કાજળ લગાઈ,
હાથી લીધો ગોદમાં, ઊંટ લિયો લટકાઈ.
વા..વા.. મગન સે ચાલી જા.
પહેલે સે જબ મેં જનમિયા, પીછું બડેરા ભાઈ,
ધામધૂમ સે પિતા જનમિયા, ફેર જન્મી માઈ.
વા..વા.. મગન સે ચાલી જા.
પહલે સે જબ દૂધ જમાયા, પીછું દોહી ગાય,
વાછરું ગાય ના પેટમાં, એના ધૃત હાટે વેચાય.
વા..વા.. મગન સે ચાલી જા.
ઇંડા હતાં ત્યારે બોલતાં, બચ્ચા બોલે નાઈ,
જ્ઞાની થઈને ચેતજો, એવી ગોરખને ગમ પાઈ.
વા..વા.. મગન સે ચાલી જા.'[૨]

-ગોરખનાથ

(૨)

'મોકું રોકનવાલા કોન, મગનસેં જાઉં ચલી,
સદ્ગુરુ ! પકડો બાંય; મગનસેં...ટેક ૦
ઇંડા હતા તબ બોલતા, બચ્ચા બોલત નાંઈ ;
ખટદર્શનમેં સંસા પડિયા, ગોરખકૂં ગમ નાંઈ...મગનસેં ૦
આગેસેં તો આપ જનમિયા, પીછું બડા ભાઈ ;
ધામધૂમસેં બાવા જનમ્યા, પીછું જનમી માઈ...મગનસેં ૦
આગેસેં તો દૂધ જમાયા, પીછું દોઈ ગાઈ ;
બછરે ગાઉકે પેટમેં વાકો, ધૃત હાટોહાટ બિકાઈ...મગનસેં ૦
કીડીબાઈ ચાલી સાસરે, નવ મણ કાજળ વાઈ ;
હસ્તી લીયા હાથમેં અરુ, ઊંટ ઝપટ લે જાઈ... મગનસેં ૦
કહત કબીર ફકીર મસ્તાના, યહ પદ હે નિરવાઈ ;
યહ પદ તો કો વિરલા બૂઝે, હંસા ઊતર ગયા ખાઈ...મગનસેં ૦'[૩]

-કબીર



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૩)

'તોહિ રોકન વાલા કૌન, મગન સે જાવ ચલી.
ચિંઉટી ચાલી સાસુરે, નવ મન કાજલ લાય.
હાથી વાકી ગોદ મેં, ઉંટ લિયા લટકાય.
અંડા થા તબ બોલતા, બચ્ચા બોલત નાહિં.
ષટ્દર્શન મેં સંશય પડી, જીવોં કો ગમ નાહિં,
પહિલે દહી જમાઈએ, પીછે દુહિયે ગાય.
બછડા વાકે પેટ મેં, માખન હાટ બિકાય.
પહિલે તો મેં જનમિયા, પીછે બડા ભાઈ.
ધૂમધામ સે બાબા જનમે, પીછે મોરી માઈ.
કહે કબીર સૂનો ભાઈ સાધો, યહ પદ કો અર્થાવો.
યહિ પદ કો જો બૂઝિ ચલત હૈ, વહી મોક્ષ પદ પાવો.'(૪)
-કબીર

**પ્રતીકાર્થ**

ચિંઉટી/કીડી=સુક્ષ્મ સાત્ત્વિક બુદ્ધિ કે સુરતા, સાસરે=પરમાત્માનું ધામ, નવમણ કાજળ=ચાર અંત:કરણ(મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર)અને પાંચ ઈન્દ્રિયો, હાથી=કામવાસના-વિષયી મન, ઊંટ=અહંકાર, અંડ/ઈંડું=મોહ-અજ્ઞાનથી ઢંકાયેલ જીવ કે અપરા વિદ્યા, બચ્ચું=નિર્મોહ કે પરાવિદ્યા, ષટ્દર્શન=છ દર્શન, દહીં=સદ્‌બુદ્ધિ કે વીર્યનુંસ્થૈર્ય-ઊર્ધ્વીકરણ કરવું તે, ગાય=ચંદ્ર રૂપ કામધેનું-સોળ કળાના ચંદ્રમાથી અમૃત ઝરવું તે, વાછડો=બાર કળાનો સૂર્ય-પરાશ્રિત કે પ્રાણ, માખણ=દિવ્યતત્ત્વ, મેં=વૈરાગ્ય, મોટાભાઈ=વિવેક, બાબા=આત્મજ્ઞાન, માઈ=મોક્ષ-મુક્તિ.

**ભાવાર્થ**

કબીર સાહેબ કલ્યાણમાર્ગી એવી સાત્ત્વિક મનોવૃત્તિ કે સુરતા રૂપ કીડીને કહે છે કે -તું પ્રસન્નતા પૂર્વક સાસરે એટલે કે પરમાત્માને ધામ ચાલી જા. સંસારની કોઇ માયાજાળ તને રોકનાર નથી. કારણ કે જે રોકનાર હતું તે નવમણ કાજળને જ તેં સંગાથે લઇ લીધું છે. એટલે કે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ ચાર અંત:કરણ અને પાંચ ઈન્દ્રિયોને તે સાધી લીધી છે. આ ઉપરાંત પરમાત્મામાં લીન થવામાં અડચણરૂપ થનાર કામરૂપી હાથીને તે કાંખમાં બેસાડ્યો છે અને અહંકાર રૂપી ઊંટને તે હાથમાં લટકાવ્યો છે. એટલે હવે તને કોઇ રોકનાર નથી.

ઉપનિષદમાં જ્ઞાનના બે પ્રકાર દર્શાવ્યા છે. એક. પરાવિદ્યા અને બીજું. અપરાવિદ્યા. અપરા-વિદ્યા એટલે પુસ્તકીયું જ્ઞાન અને પરાવિદ્યા એટલે સાધનાજન્ય આત્મજ્ઞાન-બ્રહ્મજ્ઞાન. અહીં'ઈંડાં થા તબ બોલતા, બચ્ચા બોલત નાહીં'માં ઈંડું એ અપરાવિદ્યા કે પંડિતાઇનું દ્યોતક છે. અને બચ્ચું એ પરાવિદ્યા કે સાચા સાધકનું દ્યોતક છે. બીજી રીતે જોઇએ તો ઈંડું એ મોહ-માયાના આવરણથી ઢંકાયેલા જીવનની સ્થિતિ છે. જીવ જ્યાં સુધી આ મોહ-માયાથી ઢંકાયેલો રહે છે ત્યાં સુધી બકવાસ કર્યા કરે છે. જયારે તે પરમાત્માના ધ્યાનમાં લય-લીન બની, મોહ-માયાને હટાવી



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

અંતર્મુખી બની, બચ્ચા સ્વરૂપે બહાર આવે છે ત્યારે તે પરમ શાંતિને પામી, મૌન બની જાય છે. છ દર્શનમાં અટવાયેલા પંડિતો આ બાબત નથી જાણતા એટલે એ પરમ શાંતિને અંદર શોધવાને બદલે બાહર શોધ્યા કરે છે.

પહેલાં દહીં જમાવ્યું એટલે કે વીર્ય ઊર્જાના ચાંચલ્યને ટાળી તેને અપાનના ઊર્ધ્વીકરણ દ્વારા સ્થિર કર્યુ, બાદમાં ગાયનું દોહન કર્યુ, એટલે કે ચંદ્રરૂપ કામધેનુંમાંથી ટપકતાં અમૃતરૂપ દૂધનું ખેચરી મુદ્રા વડે પાન કર્યુ. પહેલા જે ગાયનું દૂધ વાછડો એટલે કે બાર કળાનો સૂર્ય પી જતો હતો તે હવે સોળ કળાના ચંદ્રરૂપ કામધેનુંના પેટમાં છે. ને આ ગાયનું ઘી એટલે કે દિવ્ય તત્ત્વ હવે હાટ કહેતા સારાયે શરીરમાં વિલસી રહ્યું છે.

યોગ-સાધનાના યાત્રિકોનો સ્વાનુભવ છે કે આ રસ્તે ચાલનાર માટે પહેલાં 'મેં' એટલે કે વૈરાગ્યનો જન્મ થાય છે. ભીતરમાં વૈરાગ્યના પ્રાગટ્ય બાદ મોટાભાઈ એટલે કે વિવેકનો જન્મ થાય છે. આ બન્નેના જન્મ પછી સાધકની ભીતર ધામધૂમથી આત્મજ્ઞાન પ્રગટે છે અને ત્યારબાદ મુક્તિ કે મોક્ષ રૂપી માનો જન્મ થાય છે.

કબીર સાહેબ કહે છે કે હે સંતો આ પદને જે સમજે છે અને તે પ્રમાણે જે આચરણ કરે છે તે મોક્ષ પદનો અધિકારી બને છે.

અહીં વિશેષ ઉલ્લેખનીય બાબત એ છે કે આ રચના અંતર્ગત 'પહિલે તો મેં જનમિયા, પીછે બડા ભાઈ, ધૂમ-ધામ સે બાબા જન મેં, પીછે મોરી માઈ.'પંક્તિઓને કબીર સાહેબ ઉપરોક્ત અર્થ મુજબ અધ્યાત્મ અનુભૂતિના સંદર્ભે પ્રયોજે છે. જ્યારે આજ પંક્તિ થોડી પાઠભેદે લોકસાહિત્યની મૌખિક પરંપરામાં પ્રહેલિકા, સમસ્યા, ઉખાણા સ્વરૂપે પ્રયોજાય છે. જેમકે -'બાપ સે બેટો બડા નાતી બડો અમોલ, નિજકે સુત ઐસે ભયે, દો કોડી કે મોલ'.(૫)-જવાબ : દૂધ, દહીં, ઘી, છાસ.

## સુંદરદાસ

ભારતીય સંતપરંમાં સર્વાધિક શિક્ષિત અને શાસ્ત્રજ્ઞ સંતકવિ તરીકે જેણે નામના મેળવી છે તે સંત શ્રી સુંદરદાસનો જન્મ ચૈત્ર સુદ નોમ, સંવત ૧૬૫૩માં જયપુરની પ્રાચીન રાજધાની ધૌસા નગરમાં થયો હતો. તેમના પિતાનું નામ પરમાનંદ અને માતાનું નામ સતી હતું. છ વર્ષની નાની વયે સંતશ્રી દાદૂદયાળનું શરણ સ્વીકાર્યુ. એક વર્ષે ગુરુની નિશ્રામાં રહી કાશી ચાલ્યા ગયા. અહીં ૧૯ વર્ષ સુધી સંસ્કૃત સાહિત્યનું અધ્યયન કર્યુ. બાદમાં ફતેહપુર સેખાવાટીને કાયમી વસવાટ બનાવી જીવનના મહત્તમ દિવસો સંત સાહિત્યના સર્જનમાં વિતાવ્યા. સંવત ૧૯૪૬માં સાંગાનેર(જયપુર)માં આવી પોતાની જીવનલીલાને સંકેલી લે છે.

સંત સાહિત્ય અંતર્ગત સુંદરદાસ પાસેથી ૪૨ જેટલા ગ્રંથો અને માતબર સંખ્યામાં સત્ત્વશીલતાની દષ્ટિએ ઉત્તમ પ્રકારની અવળવાણી રચનાઓ મળી આવે છે.

### 'કુંજરકૂં કીરી'

'કુંજરકૂં કીરી ગિલી બૈઠી, સિંહહી ખાઈ અધાનો શ્યાલ,
મછરી અગ્નિમાંહી સુખ પાયો, જલમેં બહુત હુતી બેહાલ ;



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પંગુ ચઢયો પર્વતકે ઉપર, મૃતકહી દેખી ડરાનો કાલ,
જો કોઉ અનુભવી હોય સો જાનૈ, સુંદર ઐસા ઊલટા ખ્યાલ.'(૬)

### પ્રતીકાર્થ

કુંજર/હાથી=વિષયી મન, કીરી/કીડી=સૂક્ષ્મ સાત્ત્વિક બુદ્ધિ, સિંહ=ક્રોધ, શ્યાલ/શિયાલ = પ્રબુદ્ધ જીવાત્મા-વિવેક, મછરી/ માછલી = અંતર્મુખી વૃત્તિ, અગ્નિ=જ્ઞાનાગ્નિ-બ્રહ્મવિચાર, જલ=માયા, પંગુ=સાધક-નિવૃત્ત મન, પર્વત=મેરુશિખર, મૃતક=સાધક, કાળ=યમ-મૃત્યુ.

### ભાવાર્થ

સંતશ્રી દાદૂદયાળના શિષ્ય સુંદરદાસ પાસેથી ભારતીય સંત સાહિત્યને સવૈયા સ્વરૂપે માતબર સંખ્યામાં અવળવાણી રચનાઓ મળે છે. પ્રતીક પ્રયોજન સાથે ચૂસ્ત છંદોબદ્ધ એવી આ રચનાઓ કાવ્યકલાની દૃષ્ટિએ પણ ઉત્કૃષ્ટ છે.

ઉક્ત સવૈયાનો વાચ્યાર્થ હરકોઇને વિચિત્ર લાગે. પરંતુ રચના અંતર્ગત પ્રયુક્ત પ્રતીકોના સંકેતાર્થો સમજાય જાય તો સર્જક અભિપ્રેત વ્યંગ્યાર્થને સહજતાથી પામી શકાય છે.

સુંદરદાસ કહે છે-અંતર્મુખી સાધક સાધના કરતા કરતા એવી સ્થિતિએ પહોચી જાય છે કે એમની સાત્વિક બુદ્ધિ સૂક્ષ્માતિસૂક્ષ્મ રૂપ ધારણ કરી ભીતરમાં વૈરાગ્યભાવ પ્રગટાવી લે છે. તેમજ ચતુર શિયાળરૂપ પ્રબુદ્ધ જીવત્મા સિંહરૂપી ક્રોધને આંતરિક શક્તિ દ્વારા પોતાને વશ કરી લે છે. આમ સાત્વિક બુદ્ધિના પ્રબળ પ્રતાપે, સાધક કામ અને ક્રોધરૂપ બન્ને શત્રુઓ ઉપર વિજય મેળવે છે.

વૈરાગ્યવસ્થા પહેલાની માછલીરૂપ વૃત્તિઓ માયારૂપી જળમાં ક્ષુલ્લક સુખ માણતી હતી. જને સિદ્ધાવસ્થા બાદ સુખનું સાચું જ્ઞાન થતા, હવે તે જળમાં દુ:ખી થવા લાગી અને બ્રહ્મ વિચારરૂપ જ્ઞાનાગ્નિમાં સુખનો અનુભવ કરવા લાગી. સિદ્ધદેહની પ્રાપ્તિ પૂર્વે જીવ માત્રનું બહિર્મુખી મન પર્વતરૂપી અહંકારથી પ્રભાવિત હોય છે. પણ સાધક જ્યારે બહિર્મુખ એવા આ મનને યોગ-સાધનાની ક્રિયા દ્વારા અંતર્મુખ બનાવી તેની ચંચળતાને હણી નાખે છે એટલે કે મનને પંગુ બનાવી દે છે ત્યારે ક્રિયા પલટી જાય છે. અને પર્વતરૂપી અહંકાર અંતર્મુખી મનના કાબુમાં આવી જાય છે. બીજી રીતે કહીએ તો પંગુ એટલે સાધક અને પર્વત એટલે મેરુ-શિખર. સાધક યોગ-સાધનાની ક્રિયા દ્વારા મેરુ-શિખર ઉપર અધિષ્ઠિત થઇ જાય છે. આવા સાધકને પછી કાળનો ભય લાગતો નથી. ઉલટો કાળ(મૃત્યુ)આવા સાધકથી ડરવા લાગે છે. અર્થાત અજ્ઞાન અવસ્થામાં જીવાત્મા વિવિધ પ્રકારની ભ્રાંતિઓ અને વાસનાઓને કારણે મૃત્યુના ભયમાં જીવતો હોય છે. જે જ્ઞાનાવસ્થામાં અભય બની મૃત્યુ ઉપર વિજય મેળવી લે છે. સુંદરદાસ કહે છે-આવા વિપરિત લાગતાં રહસ્યને તો જે બ્રહ્મવેત્તા કે બ્રહ્મના અનુભવી હોય તે જ જાણી-સમજી શકે છે.

### રાવત રણશી

ગુજરાતી સંત પરંપરામાં રાવત રણસિંહ કે રાવત રણશી તરીકે ખ્યાત થયેલા ઢેલડી નગર મોરબીના રાજવી એવા આ સંત-ભક્ત કવિના, જીવન-કવન અને મૃત્યુ વિષયક કોઇ આધારભૂત વિગતો સાંપડતી નથી. આ સંતકવિ વિષયક કંઠોપકંઠ પરંપરામાંથી જે ઐતિહાસિક વિગતો સાંપડે છે તે મુજબ; તેમણે ખીમરા કોટવાળ અને સતી દાળલદે પાસેથી મહાપંથની દીક્ષા લીધી હતી. તેમના



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

નામે મળી આવતી 'પરથમ પહેલા સમરિયે સ્વામી તમને સુંઢાળા...'એ ભજન પરંપરામાં ગણપતિ સ્થાપન અંતર્ગત ગવાતી અત્યંત લોકપ્રિય રચના છે. અવળવાણી ક્ષેત્રે તેમની પાસેથી એક જ રચના ઉપલબ્ધ થાય છે.

**'અણઘડ દેખા હે'**

'અણઘડ દેખા હે ગુરુ, શૂન શિખર ગઢ માંહિ,
ગુરુ દત્ત દેખા હૈ બંદા, ભમર ગુફા કે માંહિ.
હાથ જ નાહિ વાંકુ પાંવજ નાહિ, ગુરુ શિશ સુન ન રેખા,
ઉલટા સુલટા બીચ રમતા જોગી, ભમર ગુફા કે માંહિ.
ફૂલ નાહી  ફૂલવાડી નાહી, નાહીં સુગંધા વાહી,
પ્રેમ નામી રટત રટત, વાસ ત્રિવેણી કે માહીં.
બિના બાદરી બીજ ચમૂકે, ગુરુ અખંડ વરસે વાહી,
તેલ બાતી બિન દિપ જલકત હૈ, હીરા ઝલકત હે તાહી.
અંધાધૂંધ નગારા વાગે, ગુરુ નરકસ ગોલાં માંહિ,
સુખમન નારી સેજ બિછાવે, ત્યાં પોઢે નકલંક રાઈ.
પાંચ સાત નવ બાર મેરા, તેતરીસસે સવાયા,
રાવત રણસી બોલિયા, ગુરુ ગેબી ગગન કે માંહિ.' (૭)

**પ્રતીકાર્થ**

અણઘડ=પરમાત્મા(ઈશ્વર), શૂનશિખર=ત્રિકુટી/શૂન સરોવર, ભમરગૂફા=ત્રિકુટી/બ્રહ્મરંધ્ર-શૂન સરોવર, ઉલટા સુલટા=શ્વાસ-ઉચ્છ્વાસ(અરધ-ઉરધ કે ઘાટ), ત્રિવેણી=ત્રિકુટી-જ્યાં ઈડા, પિંગલા અને સુષમ્ણા નાડી મળે છે તે સ્થાન(ભ્રૂમધ્યનું સ્થાન), બીજ/વીજ=જ્ઞાન, દીપ/જ્યોત=જ્ઞાન-બ્રહ્મતત્ત્વ, હીરો=જ્ઞાન, નગારું=અનહદનાદ, સુખમન=સુષમ્ણા, નકલંક=જેને કોઈ કલંક નથી તે, પાંચ=કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર-પાંચવિકાર(કાન, નાક, જીભ, આંખ, ત્વચા-પંચેન્દ્રિય, સાત=સંસાર-સાત ધાતુ-રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા શુક્ર. સાત ખંડ-શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, મન, બુદ્ધિ. નવ=ચાર અંતઃકરણ(મન, બુદ્ધિ, ચિત, અહંકાર)અને પાંચ ઈન્દ્રિયો. બાર=અનાહત ચક્ર, સૂર્યની બાર કળા, બાર પાંખડીનું કમળ, તેતરીસ=તેંત્રિસ કોટિ દેવતા, ગગન=બ્રહ્મરંધ્ર

**ભાવાર્થ**

ભારતીય સંત સાધનામાં જ્ઞાન, ભક્તિ, યોગ, સાધનાની સાથે પીંડ શોધનની પ્રક્રિયા ઉપર પણ એટલો જ ભાર મૂકવામાં આવ્યો છે. પીંડ શોધનની આ ક્રિયા-પ્રક્રિયામાંથી સંતોએ પોતાના પીંડને પસાર કરીને એવું દર્શન આપ્યું કે 'જે કંઈ છે તે પીંડમાં છે, પીંડની બહાર કશું જ નથી.'

સતી ડાળલદેના શિષ્ય રાવત રણશી આવી પીંડ શોધનની પ્રક્રિયામાંથી પસાર થઈને કહે છે કે-જેને કોઈ રૂપ નથી, કોઈ ઘાટ નથી એવા નિરંજન,નિરાકારના મને શૂન શિખર પર દર્શન થયા છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ભમરગૂફા એટલે કે શૂન્ય શિખર પર બેઠેલા આ ગુરુદત્ત અર્થાત્, પરમાત્માને નથી હાથ, પગ, શીર્ષ કે અન્ય કોઈ અંગ-ઉપાંગ. આમ છતાં શ્વાસનું જે આવા-ગમન થાય છે તેની વચ્ચે એટલે કે સુષમ્ણામાં આ યોગી રમી રહ્યો છે. બીજી રીતે કહીએ તો શ્વાસને અંદર લીધા પછી એ જ્યાંથી પાછો વળે છે તેમજ શ્વાસને બહાર ફેંક્યા પછી એ જ્યાંથી પાછો લેવાય છે, એ જગ્યાએ અરૂપ એવો યોગી નૃત્ય કરી રહ્યો છે. વળી આ નિરંજન-નિરાકાર એ કોઈ પૂજા-પાઠ કે ધૂપ-દીપના પ્રલોભનથી પ્રગટ નથી થતાં, એ તો પ્રગટે છે 'પ્રેમ'થી. રાવત રણશી કહે છે-'પ્રેમ નામી રટત, રટત, વાસ ત્રિવેણી કે માંહી' મેં ભીતરમાં પ્રેમ તત્ત્વ પ્રગટાવી, પ્રેમના પાથરણા કીધા કે એ તુરત જ ત્રિવેણી ઘાટ પર આવીને બેસી ગયા.

પરમતત્ત્વના આ રીતના પ્રાગટ્યથી હવે ઘટ ભીતર કોઈ વાદળ ન હોવા છત્તાં જ્ઞાનરૂપી બીજ ચમકવા માંડી છે અને દિવ્યજ્ઞાનની હેલી મંડાણી છે. આવી જ રીતે કોઈ સ્થૂળ દીપક ન હોવા છતાં ભીતરી આકાશમાં દિવ્ય જ્યોત પ્રગટી છે-જાણે હીરાના અજવાળે હીરો ઝબકી રહ્યો છે. બીજી બાજુ અલૌકિક એવા આ અનુભવની સાથે અનાહત નાદ સંભળાય રહ્યો છે, ને સુષુમ્ણા નાડીમાં પ્રાણનો પ્રવેશ થતાં ત્યાં પોઢેલા ન-કલંક રાયના દર્શન થાય છે.

સંતકવિ રાવત રણશી કહે છે કે, મારા ઘટ ભીતર નિરંતર, નિરાકાર, અણઘડ એવા પરમાત્મા (નકલંક)ના આ રીતના પ્રાગટ્યથી, પાંચ ઈન્દ્રિય, સાત ધાતુ અને અનાહત ચક્ર કે બાર પાંખડીના કમળવાળો આ પીંડ, તેત્રીસકોટી દેવતોથી સવાયો બની ગયો છે.

અહીં અણઘડ, શૂન શિખર, ભમરગૂફા, ત્રિવેણી, સુખમન વગેરે શબ્દ પ્રયોગો અને 'હાથ જ નાહીં વાકું પાવજ નાહીં, ઉલટા સૂલટા બીચ રમતા જોગી, બિના બાદરી વીજ ચમૂકે, તેલ બાતી બિના દિપ જલકત, પાંચ, સાત, નવ, બાર મેરા.' વગેરે વાક્યાંશો આ રચનાને અવળવાણી બનાવે છે. પરંતુ અવળવાણી સ્વરૂપ સંદર્ભે આ રચનાને તપાસીએ તો આ રચના પૂર્ણપદ અવળવાણી ન બનતા અંશપદ અવળવાણી બને છે. ગુજરાતી ભાષા-સાહિત્યના વિદ્વાન ડૉ. હસુ યાજ્ઞિક આ પ્રકારની રચનાઓને અવળગંધી રચનાઓ તરીકે ઓળખાવે છે.

## અખો

જ્ઞાનમાર્ગી કવિતાના શિખર પર બેઠેલા ગુજરાતી ભાષાના વીર્યવંત કવિ અખાના જીવન વિષયક આધારભૂત વિગતો સાંપડતી નથી. અખા ભગતના નામે મળી આવતી 'ગુરૂ-શિષ્ય સંવાદ' (ઈ.સ. ૧૬૪૫) અને 'અખેગીતા'(ઈ.સ. ૧૬૪૯) ના રચના કાળના આધારે વિદ્વાનો અખાનો જીવનકાળ ૧૭મી સદીનો પૂર્વાર્ધ અને તેનો કવન કાળ ૧૭મી સદીનો પાંચમો દાયકો હોવાનું અનુમાને છે.

જનશ્રૃતિ અનુસાર અખા ભગત અમદાવાદ પાસેના જેતલપુરના વતની હતાં અને બાદમાં પિતા સાથે અમદાવાદ આવી વસેલા.

ઐહિક અને પારલૌકિક જગતનું અસાધારણ જ્ઞાન ધરાવનાર આ કવિને પુસ્તકીયા કે દાર્શનિક જ્ઞાન કરતા, પીંડમાં થતાં પરમતત્ત્વના અનુભવજન્ય જ્ઞાનમાં વિષેશ શ્રદ્ધા છે.

આ કવિએ ખાસ કરીને છપ્પામાં, તત્કાલીન ધાર્મિક-સામાજિક આચાર વિચારની બારીક પરીક્ષા કરી છે. જરૂર પડ્યે દંભી ભક્તો, પાખંડી ગુરૂઓ, વહેમ, અંધશ્રદ્ધા, કર્મકાંડ, ભૂત-પ્રેત,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

જ્યોતિષ, આભડ છેટ વગેરે ઉપર નિર્મમ પ્રહારો કર્યા છે. જે તેની જાગૃત વિચાર શક્તિનો આપણને પરીચય કરાવે છે.

અખા ભગત માત્ર સમાજચિંતક કે ચિકિત્સક નથી પણ સમગ્ર માનવ જાતને ઊંચે લઈ જવા માંગનાર સંત છે. જેનો પરિચય આપણને તેમની અગમ અને અવળવાણી પ્રકારની રચનાઓમાંથી મળી રહે છે.

### ‘શાં શાં રૂપ વખાણું’

‘શાં શાં રૂપ વખાણું, સંતો રે શાં શાં રૂપ વખાણું ?
ચાંદા ને સૂરજ વિના, મારે વાયુ છે વહાણું. સંતો ૦
નેજા રોપ્યા નિજ ધામમાં, વાજાં અનહદ વાજે,
ત્યાં હરિજન બેઠા અમૃત પીએ, માથે છત્ર વિરાજે. સંતો ૦
નૂરત-સૂરતની શેરીએ, અનભે ઘર જોયું ,
ઝળહળ જ્યોત અપાર છે, ત્યાં મુજ મન મોહ્યું. સંતો ૦
વિના રે વાદળ, વિના વીજળી, જળસાગર ભરિયું ,
ત્યાં હંસારાજા ક્રીડા કરે, ચાંચે મોતીડું ધરિયું. સંતો ૦
માનસરોવર ઝીલતાં, તું તો તારું તપાસે ,
તેને તીરે વસે નાગણી, જાળવજે નહિ તો ખાશે. સંતો ૦
ઝગમગ જ્યોત અપાર છે, શૂન્યમાં ધૂન લાગી ,
અખો આનંદશું ત્યાં મળ્યો, ભવભ્રમણા ભાગી. સંતો ૦’(૮)

### પ્રતીકાર્થ

નેજો/ધજા= નિશાની, નિજધામ=સ્વરૂપ/આત્મસ્વરૂપ, વાજાં= અનહતનાદ, નૂરત= વૈરાગ્ય, સૂરત= પરમાત્મામાં તલ્લીનતા, અનભે= નિર્ભય, જળસાગર= સહસ્ત્રાર, હંસારાજા = આત્મા, માનસરોવર= સહસ્ત્રાર, નાગણી= માયા, શૂન્ય= બ્રહ્મરન્ધ્ર, ભવ= જન્મ-જન્માંતરના ફેરા.

### ભાવાર્થ

પ્રસ્તુત રચનામાં સંત-ભક્ત કવિ અખો પોતાને થયેલ અલૌકિક-વિસ્મયકારક એવા દર્શનની અનુભૂતિને અભિવ્યક્ત કરતા કહે છે- મને જે અરૂપ એવા પરમતત્ત્વનું રૂપાયતન થયું છે, તે રૂપના વખાણ હું કેવી રીતે કરું? કારણ કે પ્રકૃતિના નિયમ પ્રમાણે તો ઇહલોકના કોઇ પણ પદાર્થને જોવા માટે, કાંતો દિવસ(સૂર્ય) જોઇએ; કાં તો રાત્રી(ચંદ્ર) જોઇએ. પ્રકાશને જોવા માટે સૂર્ય જોઇએ તો અંધકારને જોવા માટે રાત્રી જોઇએ. આ બન્નેની ગેરહાજરીમાં કોઇ પણ પદાર્થ-વસ્તુના રૂપને નિહાળી ન શકાય. જ્યારે અહીં ઘટના સાવ જુદી અને વિચિત્ર ઘટી છે. અને એટલે જ અખાનો અહોભાવ છલકાય છે અને કહે છે કે મને જે રૂપ દર્શાયું છે તે ચંદ્ર-સૂર્યની ગેરહાજરીમાં દર્શાયું છે. તેથી તેના રૂપના વખાણ મારે કેમ કરવા? આ સંદર્ભે શ્રી મકરન્દ દવે કહે છે તેમ ‘રૂપં રૂપં પ્રતિરૂપો બભૂવ’ આ ઉપનિષદ દર્શન અખાએ આંજ્યું છે પણ જે આંખોમાં ઊગ્યું તેને વાણીમાં ઉતારી શકાતું નથી.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

નિજધામ એટલે કે પોતાના નિજરૂપમાં માયા અને ઈન્દ્રિયોની જીતનો વિજયી ધ્વજ ફરકાવ્યો પરિણામે અંગાંગમાં અનહતનાદ સંભળાવા લાગ્યો. શ્રી મકરન્દભાઈ કહે છે તેમ નિરહં-અવસ્થામાં નિજધામ આવેલું છે અને ત્યાંજ મનુષ્ય માટે નિત્ય આનંદનું ગાન છે, અમૃતનું પાન છે, અહીં જ તેને માટે એક માત્ર અભય છત્ર છે. બાકી બીજે સ્થળે ભય અને ભેદની ભૂતાવળો ખાઉં ખાઉંના હાકલા કરતી જ રહે છે.

મહાકાળના રાજ્ય વચ્ચે કોઈ નેજા રોપી, વાજાં વગાડી, નિર્ભય બની અમૃત પીતા બેઠા હોય એ દશ્ય જ વિરલ છે. પણ કાળી રાત અને નિશાચરોની ગર્જનાઓથી ઘેરાયેલા હોવા છતાં હરિજન આવી મહેફિલ જમાવે છે. મધરાતે સૂરજના અજવાળાનો તે અનુભવ કરે છે અને અમૃતનું પાન કરે છે.

નુરત એટલે વૈરાગ્ય અને સુરત એટલે પરમાત્મામાં તલ્લીનતા. ઘટમાં વૈરાગ્ય પ્રગટે તો પરમાત્મામાં લયલીન બની જવાની વૃત્તિ જન્મે. આ બન્ને વાના શક્ય બને તો તુરતજ સાંકડી શેરીમાં સાજન સામા મળે. દુન્યવી મોહ-માયામાંથી મન ઊઠી જાય અને સુરતા પરમાત્મામાં લાગી જાય તો શેરીના નાકે જ આપણને પ્રકાશથી ઝળહળતું આપણું નિજરૂપ એટલે અભય એવું આત્મરૂપ જોવા મળે છે. અખો કહે છે આ ઘર-આ રૂપમાં મારું મન મોહ્યું છે.

રૂપાતીત એવા આ ઘરની વિશેષતા તો એ છે કે ત્યાં કોઈ સરોવર નથી, કોઈ વાદળ નથી, કોઈ વીજ ચમકતી નથી, કોઈ વરસાદ નથી, છતાં આ સરોવરમાં મોતી પાક્યા છે અને હંસા રાજા એનો ચારો ચરી રહ્યા છે. આ ઘર-સરોવરમાં વિરાજમાન આત્મા નિષ્કામ કર્મ કરી રહ્યો છે.

સમાજની પીઠ પર ચાબખા ફટકારતી અખાની વ્યક્તિતા અહીં અવળવાણીમાં પણ પ્રગટી જાય છે. જેમકે-

> 'માન સરોવર ઝીલતાં, તું તો તારું તપાસે,
> તેને તીરે વસે નાગણી, જાળવજે, નહીં તો ખાશે.

અહીં 'તું તો તારું તપાસે'માં મીઠા ઠપકા સાથે આંતર-ખોજની ધારદાર દષ્ટિ કામ કરી ગઈ છે. જે માનસરોવરનાં નિર્મલ નીરમાં મોતી પાક્યા છે અને હંસા રાજા ક્રીડા કરી રહ્યો છે. એજ નીરમાં નાગણી પણ વસે છે. જો સુરતા તૂટી તો પેલી નાગણી તને ભરખી જશે. આ પંક્તિના વિશેષાર્થને સમજાવતા સંતવાણીના મરમી કવિ સાંઈ મકરન્દ કહે છે. 'આત્મ દર્શનના નિર્મલ, નિર્વિક્ષેપ અને નિરાવરણ સ્વરૂપને પ્રાપ્ત કરતાં પહેલાં મોહ-માયાનો અતિ સૂક્ષ્મ તંતુ રહી જવાનો સંભવ છે. એજ માનસરોવરને તીરે રહેતી નાગણી છે. અહીં નાગણીનો અર્થ કુંડલિની લેવાનો નથી. એ તો ભગવતી શક્તિ છે. અહીં માયા એજ સર્પિણી છે. ગોરખનાથે પણ એને મારવાનું કહ્યું છે:

> 'મારૌ મારો સ્રપની નિરમલ જલ પૈઠી
> ત્રિભૂવન ડસતી ગોરખનાથ દીઠી.'

માયાનો હ્રાસ કરતાં પહેલાં માયાનો ગ્રાસ ન થઈ જવાય તેની સાવચેતી રાખજે, ભાઈ! એમ અંતિમ બિંદુ સુધી સાવધ રહેવાનું અખો સમજાવે છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

શૂન્ય એટલ કે બ્રહ્મરંધ્રમાં જ્યોત પ્રગટી ચૂકી છે. જેનો પ્રકાશરૂપી આનંદ આખા શરીરમાં ફેલાઇ રહ્યો છે. હવે ભવ(જન્મ જન્માંતરના ફેરા)ની તમામ ભ્રમણાઓ ભાંગી ગઇ છે. અર્થાત્, અખો હવે આ ભવના ફેરામાંથી મૂક્ત થઇ ગયો છે.

### ડાડામેકરણ

કચ્છ-સૌરાષ્ટમાં લક્ષ્મણજતિના અવતાર તરીકે ખ્યાત થયેલા, ડાડા મેકરણનો જન્મ વિ.સં. ૧૮મી સદીની પ્રથમ પચ્ચીસીના ઉતરાર્ધમાં, કચ્છના ખોંભડી ગામે, ભટ્ટી રજપૂત હરધોળજીને ત્યા પબાંબાઇની કૂખે થયો હતો. બાર વર્ષની નાની વયમાં જ ગુરુ ગંગારાજા કાપડી પાસે દીક્ષા લઇ, માનવ-સેવાધર્મ અંગિકાર કર્યો. સિદ્ધ દેહની પ્રાપ્તિ અર્થે કચ્છ-સૌરાષ્ટ્ર અને હિમાલય સુધીના તીર્થ ક્ષેત્રોમાં કઠોર તપસ્યા કરી. જીવનના મહત્તમ દિવસો માનવ-સેવાધર્મમાં વિતાવી, કચ્છના ધ્રંગ-લોડાઇ ગામે, સંવત ૧૭૮૬માં અગિયાર શિષ્યો સાથે જીવતા સમાધિ લીધી.

તેમની મુખ્ય રચનાઓ કચ્છી બોલીમાં છે. ગુજરાતી ભાષામાં પણ તેમના નામે સાખી, પદ, ભજન પ્રકારની રચનાઓ મળી આવે છે.

**'વરસે ધરતી ભીંજે આસમાન'**

'વરસે ધરતી, ભીંજે આસમાન,
સવરી વાણીરા પૂરા પરમાણ.
બારે બારે બછડા, સોરે સોરે ગાઇ,
દોતે ગોરખનાથ રેન વિહાઇ.
નવી નવી હાટડી, માંહી જૂનાં જૂનાં નાણાં,
પારખુ પારખો, પારખી લ્યો, નાણાં.
મારો મારો નીંદરા, જગાડી લ્યો ભમરા,
હમીરસ પીવે તાકું જખ મારે જમરા.
ગુરુમુખ વચન, ગગન ઘર રહેણા,
બોલ્યા શ્રી મેકા પ્રેમ પુરાણા.' (૯)

### પ્રતીકાર્થ

ધરતી=મૂલાધાર, આસમાન=શૂન્યમંડળ/બ્રહ્મરંધ્ર, બારે બારે બછડા=બારકળાનો સૂર્ય, સોરે સોરે ગાય=સોળકળાનો ચંદ્ર/ચંદ્રનાડી, હાટડી=શરીર, નાણાં=આત્મા, પારખુ=સાધક, ભમરા=મન, હમીરસ=અમૃત, જમરા=કાળ.

### ભાવાર્થ

ભારતીય સાધનાધારા અંતર્ગત ધ્યાન-યોગની પરિભાષા મુજબ મૂલાધાર ચક્રને 'ધરતી' અને સહસ્રાર ચક્રને આકાશ તરીકે ઓળખવામાં આવે છે. સાધક જ્યારે યૌગિક ક્રિયાઓ દ્વારા મૂલાધાર ચક્રને સાધી લે છે, ત્યારે મૂલાધાર સ્થિત ભગવતી શક્તિરૂપ કુંડલિની જાગૃત થઇ ઉર્ધ્વગામી બને છે અને તેને કારણે સહસ્રાર પરિપ્લાવિત થાય છે. અર્થાત્, મહાશક્તિરૂપ કુંડલિનીનું શિવ સાથે ઐક્ય



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

સધાય છે. યૌગિક ક્રિયા દરમિયાન અંતર્મુખી સાધકે અનુભવેલ આવી અલૌકિકઅનુભૂતિને અભિવ્યક્ત કરતા'ડાડા મેકરણ' કહે છે-'વરસે ધરતી, ભીંજે આસમાન'(મુલાધાર જાગૃત થતાં સહસ્રાર પરિપ્લાવિત થાય છે.) કદાચ ભૌતિક જગતના જીવોને આ ઘટના'અવળી' લાગે, પરંતુ સાધના સેવી જીવ માટે તો આ અવળી લાગતી ઘટના જ સવળી છે. એટલે ડાડા મેકરણ કહે છે-'સવરી વાણીરા પૂરા પરમાણ.'

'બારે બારે બછડા' એટલે બારકળાનો સૂર્ય અને 'સોરે સોરે ગાય' એટલે સોળકળાનો ચંદ્ર. આવી જ રીતે 'હઠયોગ' મુજબ 'હ' એટલે સૂર્ય કે સૂર્યનાડી અને 'ઠ' એટલે ચંદ્ર કે ચંદ્રનાડી એવો અર્થ થાય છે. હઠયોગી સાધક આ 'હ' અને'ઠ'ની સાધના દ્વારા શ્વાસની ક્રિયાને ઊલટાવી, મૂલાધાર સ્થિત બાર કળાના સૂર્યને સાધી લે છે અને સહસ્રાર સ્થિત સોળકળાના ચંદ્રમાંથી ટપકતા અમૃતને બચાવી તેનું સેવન કરે છે. પરિણામ સ્વરૂપ સાધક અજ્ઞાનરૂપી અંધકારને મીટાવી, સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરે છે. ભજનવાણીના મરમી શ્રી મકરન્દ દવે આ પંક્તિના રહસ્યને ખોલતા કહે છે -' બારે બારે બછડા અને સોરે સોરે ગાય'-બારકળાના સૂરજરૂપી વાછડો અને સોળકળાના ચંદ્રરૂપી ગાય. આ ગાયનું દૂધ વાછડો પી જતો હતો. બ્રહ્મરંધ્રમાંથી થતો અમૃત-સંચાર મૂલાધારમાં રહેલ સૂર્ય શોષી જતો હતો પણ ગોરખનાથે ગગનમાં રહેલી આ ગાયને દોહીને દૂધ પીધું અને અજ્ઞાનની રાત વિતાવી દીધી.

આ હાટડી એટલે કે, દેહ. જે નવા નવા જન્મ ધારણ કર્યા કરે છે. પરંતુ તેની અંદર આત્મારૂપી જે નાણું છે એ તો પુરાણું છે. તમે પારખું હો તો એ પુરાણા ધનને પારખી લો.

'મારો મારો નીંદરા' એટલે કે અજ્ઞાનરૂપી નિદ્રાને દૂર કરો અને અજ્ઞાનના અંધકારમાં સૂતેલા ભમરારૂપી જીવને જગાડો. જે આવી રીતે જીવને જગાડી , અંધકારરૂપી અજ્ઞાન અને માયાને હટાવી,અમૃતનું પાન કરે છે તેને યમનું તેડું આવતું નથી એટલે કે મૃત્યુંજય બની જાય છે.

પ્રેમનું પુરાણ ખોલીને મેકરણ કહે છે કે ગુરુએ આપેલા વચનનું પાલન કરવું અને ગુરુએ દર્શાવેલ ગગનઘર એટલે કે શૂન્ય મહેલમાં રહેવું.

## રવિ સાહેબ

ભાણ સાહેબના તેજસ્વી શિષ્ય રવિ સાહેબનો જન્મ ભરુચ જિલ્લાના આમોદ તાલુકાના 'તણછા' ગામના વતની વીસા શ્રીમાળીવણિક મંછારામને ત્યાં તા.૬-૧૨-૧૭૨૭ ને ગુરૂવારના રોજ થયો હતો. તેમની માતાનું નામ ઈચ્છાબાઈ હતું. તા.૧૪-૨-૧૭૫૩માં ભાણ સાહેબ પાસેથી દીક્ષા લઈ, માનવસેવા અને વસ્તી ચેતવવાનો સતધર્મ  નિભાવ્યો. મોરાર સાહેબ, ગંગ સાહેબ, લાલ સાહેબ વગેરે ૧૯ જેટલાં શિષ્યોને દીક્ષા આપી. ઈ.સ.૧૮૦૮ માં વાંકાનેરમાં જઈ , શિષ્યને આપેલ વચન પ્રમાણે દેહત્યાગ કર્યો. ત્યાંથી સેવકો તેના દેહને પાલખીમાં ખંભાલીડા લઈ ગયા અને ત્યાં સમાધિ મંદિર સ્થપાયું.

માનવસેવાની સાથે-સાથે અફાટ સર્જક ચેતના ધરાવતા આ સંત પાસેથી સંતસાહિત્ય અંતર્ગત યોગ સાધના, તત્ત્વજ્ઞાન, વૈરાગ્ય, ગુરુમહિમા, ઉપદેશ અને ભક્તિશૃંગારને વર્ણવતી ૪૦૦ જેટલી પદરચનાઓ, રવિગીતા, બોધચિંતામણિ, સિદ્ધાંત પ્રકાશ, રામગુંજાર ચિતામણિ આદિ દીર્ઘ રચનાઓ અને ૩૦૦ જેટલાં છપ્પાઓ મળી આવે છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

વિપુલ પ્રમાણમાં સંત સાહિત્યનું સર્જન કરનાર આ સંત કવિના સર્જનમાં અધ્યાત્મ અનુભૂતિની અભિવ્યક્તિ બળકટ રીતે આલેખાઇ છે.

### 'એક વરખડી ભાળી'

'એક વરખડી ભાળી , નહીં પાન ને ડાળી,
વેલો મૂળ વિના અધર ભયો.
આકાશેથી આઘેરું ચાલતાં,
ફૂલ વિન એક ફળ થયો.
ફળ નામ અમર ટળે તમર, દેખતામેં દિલ ઠરે.
સત્ગુરુ મળેને સત પાળે, ભવસાગર સેજે તરે.
શિવ-પાર્વતી પાળી, ફળ ન શકયા ગાળી,
બ્રહ્મા બ્રહ્માણીને ભૂલીયા.
વિષ્ણુ થઇ લક્ષ્મી વર્યા,
ફળ અધરના અધર રહ્યાં.
ફળ કબીરે ગ્રહ્યાં, સુખદેવે લહ્યાં,
જેના જસ માતમ જુગમે રહ્યા.
ગૂઢ ભાણ દેવે ભેદ બતાયા,
રવિદાસ અમર થઇ રહ્યા.
એક વરખડી ભાળી નહિ પાન ને ડાળી.'(૧૦)

**પ્રતીકાર્થ**

વરખડી/વેલ=માયા, ગૂઢ=રહસ્યાત્મક, ભેદ=રહસ્ય

**ભાવાર્થ**

સંત પરંપરામાં કામધેનું, કુમારી, ગાય, ડાકણ, નાગણી, નારી, બેટી, માતા, વૃક્ષ, વરખડી, વાંઝણી, વેલ, વેલડી વગેરેને માયાના પ્રતીક તરીકે પ્રયોજવામાં આવે છે.

રવિ સાહેબ અહીં વરખડી એટલે કે વેલને માયાના પ્રતીક તરીકે પ્રયોજી પોતાની પ્રતીતિને અભિવ્યક્ત કરતાં કહે છે કે 'મેં એક એવી વેલ-વરખડી જોઇ કે જેને કોઇ ડાળ નથી, પાન નથી તેમજ કોઇ મૂળ નથી, એટલે કે તેની કોઇ ઉત્પત્તિ નથી. છતાં તે વધતી રહે છે અને ઉપરને ઉપર ચડતી રહે છે. વળી આ માયા વેલ એવી વિચિત્ર છે કે તેને ફૂલ વિના સીધા જ ફળ લાગે છે. અને આ ફળ એવા રહસ્યાત્મક છે કે જો તેને વેડતા ન આવડે તો વેડનાર પોતે જ માયામાં ફસાઇ જાય છે. અને જો તેને વેડતા આવડે તો તેજ ફળ તેના માટે મુક્તા ફળ બની માયા-સંસારથી મુક્તિ અપાવે છે. રવિરામ કહે છે કે સદ્ભાગ્યે મારા ગુરુએ મને આ ફળને વેડવાની તરકીબ બતાવી, જેને કારણે હું ભવસાગર એટલે કે સંસાર તરી ગયો.

અરૂપ એવી આ માયાના માયાવી રૂપને પ્રગટ કરતા ગોરખનાથે કહ્યું છે- 'સિષ્ટિ ઉતપની



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

બેલી પ્રકાશ, મૂલ ન થી ચઢી અકાશ, અરધ ગોઢ કિયો બિસ્તાર, જાંણ નૈ જોસી કરૌ વિચાર.' અર્થાત્, સકલ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ આ માયા છે. તેને કોઈ મૂળ નથી, છતાં તેણે પોતાનો વિસ્તાર છેક બ્રહ્મરંધ્ર સુધી ફેલાવી દીધો છે. અને પોતાની મલિન છાંયાથી બ્રહ્મરંધ્રને આચ્છાદિત કરી દીધું છે. અન્ય એક પદમાં આ માયાના વિવર્તનને પ્રગટ કરતાં ગોરખનાથ કહે છે:

'બ્રહ્મા બિષ્નુ નૈ આદિ મહેસ્વર, યે તીન્યૂં મૈં જાયા,
ઈન તિહવા ની મૈં ઘર ઘરણી દ્વૈકર મોરી માયાજી.'

અર્થાત્, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણે મારા સંતાનો છે. અને એ ત્રણેયની હું ઘરવાળી(પત્ની)છું. અહીં જોઈ શકાય છે કે માયા કેટલી સહજતાથી રંગ બદલી શકે છે. એનું રૂપ કેવું વિચિત્ર અને વિરોધાભાસી છે. એક બાજુથી તે મુક્તિદાતા છે તો બીજી બાજુથી તે બંધન કારિણી છે. વળી તે એવી તો મોહક છે કે બ્રહ્માદિ દેવો પણ એના મોહપાશમાંથી છૂટી શકતા નથી. એટલે રવિ સાહેબ કહે છે-

'શિવ-પાર્વતી પાળી, ફલ ન શક્યા ગાળી,
બ્રહ્મા બ્રહ્માણીને ભૂલીયા, વિષ્ણુ થઈ લક્ષ્મી વર્યા.'

જન્મ, જીવન અને મૃત્યુ જેના હાથમાં છે. તે દેવો પણ માયારૂપી વેલના મુક્તાફળને વેળી ન શક્યા.

આગળની પંક્તિમાં રવિ સાહેબ સત ધરમના(સંત)ના મહાત્મ્યને પ્રસ્થાપિત કરતા કહે છે કે જે ફળનો સ્વાદ બ્રહ્માદિ દેવો નથી પામી શક્યા, તે ફળનો સ્વાદ કબીર, સુખદેવ વગેરે સંતોએ માણ્યો છે. કારણ કે આ સંતો માયા દ્વારા જ, માયાને પામી, માયાને છોડવાનો કિમીયો જાણતા હતા. મારા સદ્‌ભાગ્યે માયાના મુક્તાફળને વેડવાનો આ ગૂઢ ભેદ મારા ગુરુ ભાણસાહેબે મને સમજાવ્યો. જેને પરિણામે આ મુક્તાફળને આરોગી હું અમર થઈ ગયો. અર્થાત્ મેં મૃત્યુ ઉપર વિજય મેળવી લીધો.

## ધીરો ભગત

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કાફીઓથી ખ્યાત થયેલ ધીરા ભગતનો જન્મ ઈ.સ.૧૭૫૩ માં વડોદરા જિલ્લાના સાવલી પાસે આવેલ ગોઠડા ગામના વતની પ્રતાપ બારોટને ત્યાં થયો હતો. તેમની માતાનું નામ દેવબા હતું. જનશ્રુતિ અનુસાર ધીરા ભગતને શાસ્ત્ર-પુરાણનું જ્ઞાન ગોઠડાના શાસ્ત્રી જીવાભાઈ પાસેથી મેળવેલું પરંતુ આત્મજ્ઞાન તો કોઈ હઠયોગી સિદ્ધ પુરૂષની કૃપાથી પ્રાપ્ત થયેલું. આ હઠયોગીએ જ ધીરા ભગતને હઠયોગ અને રાજયોગના પાઠ ભણાવ્યા હશે, તેમજ તેમની સિસૃક્ષાને સંકોરી હશે. હઠયોગ અને રાજયોગ ઉપરાંત શબ્દના ઉપાસક એવા આ ભક્તે ૭૨ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું.

સત્તર વર્ષની નાની ઉંમરમાં 'રણયજ્ઞ' નામની કૃતિ રચનાર ધીરા ભગત પાસેથી બહોળી સંખ્યામાં કાફીઓ ઉપરાંત ધોળ, ગરબી, પદ, બારમાસી, કક્કો, વાર, ખયાલ, અવળવાણી વગેરે સ્વરૂપ શૈલીની રચનાઓ મળી આવે છે. ધીરાની કૃતિઓ બહુધા તત્ત્વવિચારાત્મક, અધ્યાત્મ



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

અનુભવવિષયક અને ઉપદેશાત્મક છે. અખા ભગતની જેમ ધીરા ભગતે પણ સમાજમાં વ્યાપ્ત દંભ, આડંબર, મિથ્યાભિમાન ઉપર બળકટ વાણીમાં પ્રહારો કર્યા છે.

યોગ સાધનાના ઉપાસક એવા આ ભક્ત કવિનો ખલતો આત્મજ્ઞાન અને સાધનાજન્ય અલૌકિક અનુધૂતિથી ભરેલો છે. પોતાના આ ભંડારને પૂર્વસૂરિઓમાંથી પ્રેરણા લઈ, અવળવાણી શૈલીના માધ્યમે આલોકિત કર્યો. પરિણામે આપણને આ ભક્ત કવિ પાસેથી સંખ્યા અને સત્ત્વની દ્રષ્ટિએ ઉત્તમોત્તમ અવળવાણી રચનાઓ સાંપડે છે.

ધીરાની અવળવાણી પ્રકારની આ રચનાઓમાં કવિનો પોતાનો અવાજ પ્રગટ થતો જોવા મળે છે. અહીં પરંપરાની પ્રેરણા છે પણ અનુકરણ નથી. અનુભૂતિની અભિવ્યક્તિગત જરૂર જણાઈ ત્યાં પોતાની રીતે-ભાતે 'નાગરવેલ', 'તરણું', 'નાળિયેર', 'કદળી', કેરી જેવા વનસ્પતિ સૃષ્ટિના નવ્ય પ્રતીકો પ્રયોજે છે. તો ક્યારેક 'સિંહ', 'શાર્દૂલ', 'હાથી' વગેરે પરંપરાગત પ્રતીકોને નવ્યઅર્થ સંદર્ભે પ્રયોજે છે.

ટૂંકમાં આ સંત કવિ પાસેથી ગુજરાતી ભાષાની સમૃદ્ધિમાં વધારો કરી શકે તેવી સક્ષમ અવળવાણી રચનાઓ સાંપડે છે.

### 'અલખ લ્હે લાગી રે'

'અલખ લ્હે લાગી રે, જાગીને જોયું ઘટમાં ;  
ભ્રમણા સર્વે ભાગી રે, સુહાગી મળ્યા ઊલટમાં.  
અંબાડીએ ગજરાજને ગળિયો, ઘોડાને ગળી ગયું જીન,  
વસ્ત્ર ઉપર તો વાડ સુકાણી, સમુંદરને ગળી ગયું ફીણ.  
સસલે સિંહને ઘેર્યો રે, શાર્દુલને રાખ્યો પેટમાં,  
આંબાની ડાળે નારિયેળ વળગ્યાં, કદળીએ કેરીની લૂમ.  
નાગરવેલે તો દ્રાક્ષ બિજોરાં, શોભા બની છે ખૂબ,  
ગગન દોહ્યો ઘટમાં રે, તેનાં દૂધ પીધાં સટમાં.  
પાવક વરસે પથ્થર ભીંજે, થઈ ગયું ચોદિશ પાણી,  
એ પાણીમાં દેવી દેવતા ડૂબ્યાં, રાજા રંક ને રાણી.  
બ્રહ્મા વિષ્ણુ શિવ ડૂબ્યા રે, જોગી ડૂબ્યા ઝટપટમાં,  
જનક દેશના વાસી વિરલા, ગોરખ દત્ત કબીર.  
એ જ દેશના વાસી શુકજી, દાદુ ધીરો સધીર,  
જીવનમુકિત નિત્ય માણે રે, એના મનરૂપી મઠમાં.'(૧૧)

**પ્રતીકાર્થ**

અલખ લ્હે=પરમાત્માને પામવાની લગની, ઘટ=અંત:કરણ,શરીર, ભ્રમણા=ભ્રાંતિઓ, અજ્ઞાન, સુહાગી=પ્રિયતમ, અંબાડી=માયા, બાહ્યરૂપ, ગજરાજ=બ્રહ્મરૂપ, સ્વ-રૂપ, ઘોડો=આત્મારૂપ, જીન=મન, વસ્ત્ર=અજ્ઞાન, સમુંદર=બ્રહ્મ,સત્,ફીણ=પ્રપંચ, સસલું=મન,સિંહ=આત્મા, વાઘ=જીવાત્મા, આંબો = સંસાર, નાળિયેર = શુભ ફળ, શુકન,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

કદળી=દૈવી સંપતિ, કેરી=લક્ષ્ય, સુખ, નાગરવેલ=સુષમ્ણા, દ્રાક્ષ=શુભ, ગગન=આકાશ, બ્રહ્માનુભૂતિ, બ્રહ્મરન્ધ્ર, દૂધ=અમૃત, પાવક=જ્ઞાનાગ્નિ, બ્રહ્મજ્ઞાન, પાણી=દિવ્યલોક, મૂળમાયા

**ભાવાર્થ**

આત્મજ્ઞાની ધીરો કહે છે- જાગૃત થઈને અંત:કરણમાં જોયું તો 'અલખ લ્હે લાગી'. એટલે કે પરમાત્માને પામવાની લગની લાગી. પરમાત્મા પ્રત્યે પ્રીતિ ઉપજી. પરિણામે પ્રિયતમ સાથે મારું મીલન થયું, અને મારી તમામ પ્રકારની ભ્રાંતિઓ ભાંગી ગઈ. ભ્રાંતિઓ દૂર થતાં મને સાચું સત્ય દર્શાયુ, તે એ કે માયારૂપી અંબાડીએ જ બ્રહ્મરૂપ ગજરાજને ગ્રહી લીધો છે. અને એવી જ રીતે આત્મારૂપ ઘોડાને મનરૂપી જીન ગળીને બેઠું છે. અજ્ઞાનરૂપી વસ્ત્ર (બાહ્ય આડંબર)ઉપર બ્રહ્મવિચારરૂપ વાડ સુકાણી હોય એવું મને દેખાય છે. એટલું જ નહીં પણ બ્રહ્મરૂપી સમુદ્રને પ્રપંચરૂપી ફીણ ગળી ગયું હોય એમ મને પ્રતીત થાય છે. મનરૂપી સસલાએ આત્મરૂપ સિંહને ઘેર્યો છે અને જીવાત્મારૂપ વાઘને બગલ કે પડદામાં રાખ્યો છે.

યોગ-સાધના પૂર્વે માનવ શરીર અંતર્ગત સદ્‌વૃત્તિઓ ઉપર અસદ્‌વૃત્તિઓનો કેવો પ્રભાવ વર્તાતો હોય છે તેનો સમ્યક ચિતાર આપ્યા બાદ, ધીરો ભગત આ જ વૃત્તિઓમાં સિદ્ધાવસ્થા બાદ કેવું આશ્ચર્યજનક પરિવર્તન આવે છે, તેનો ચિતાર આપતા કહે છે- 'આંબાની ડાળે નાળિયેર વળગ્યાં, કદળીએ કેરીની લૂમ...એટલે કે સંસારરૂપી આંબાની ડાળે શુભ-શુકનવંતા નાળિયેરરૂપ વિવેકના ફળ લાગ્યા છે. અને દૈવી સંપતિરૂપ કેળના વૃક્ષમાં આમ્રફળ લાગ્યા છે. સુષમ્ણારૂપ નાગરવેલને પણ કલ્યાણકારી ફળ લાગ્યા છે. અને આ બધું એવું શોભી રહ્યું છે કે એની શોભાનો કોઈ પાર નથી.

યૌગિક ક્રિયાઓ વડે સાધક જ્યારે સ્વ-રૂપને પામે છે ત્યારે તે ગગનગામી બની જાય છે. અને આ ગગન એટલે બ્રહ્માનુભૂતિને દોહીને તેના અમૃતનું પાન કરે છે. આ સંદર્ભે ગોરખનાથે કહ્યું છે કે-'ગોરષ લો, ગોપાલ લો, ગગન ગાય દૂહિ પીવૈ લૌ.' આજ બ્રહ્માનુભૂતિને અહિં અભિવ્યક્ત કરતા ધીરો ભગત કહે છે-'ગગન દોહ્યાં ઘટમાં રે, તેના દૂધ પીધાં સટમાં.'

આ રીતે દિવ્ય એવી બ્રહ્માનુભૂતિ થતાં અને એના અમૃતમય દૂધનું પાન કરતાં, હવે સારાયે પીંડમાં બ્રહ્મરૂપ જ્ઞાનાગ્નિની વર્ષા થઈ રહી છે. અને વાસનાઓથી દઢ પથ્થરરૂપ દેહ ભીંજાય રહ્યો છે. અર્થાત્, જ્ઞાનાગ્નિમાં વાસનાઓ બળીને ભસ્મ થઈ ગઈ છે. પરિણામે સર્વત્ર આનંદરૂપ જલ છવાઈ ગયું છે. અવળવાણી અંતર્ગત પાણીનો એક અર્થ મૂળમાયા તરીકે પણ કરાયો છે. આ મૂળમાયા પોતેજ બ્રહ્મરૂપ કે દિવ્યાનંદરૂપ છે. સર્વોત્તમ એવા આ આનંદરૂપ દિવ્યલોકમાં બ્રહ્માદિ દેવો, રાજા-રંક અને રાણી બધાં જ ડૂબી ગયાં, એટલું જ નહીં યોગીઓ પણ ઝડપથી આવીને આ દિવ્ય જલલોકમાં ડૂબી આનંદ માણવા લાગ્યા. એટલે કે આનંદરૂપ બની ગયા.

જે દિવ્ય લોકના વાસી દેવતાઓ બન્યા છે એજ લોકના વાસી ગોરખ, કબીર, શુકદેવ, દાદૂ અને ધીરો છે. આવા આનંદ લોક કે સ્વ-રૂપમાં વસનારા આ સંતો નિત્ય જીવન મુક્તિનો આનંદ માણે છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## મોરાર સાહેબ

રવિ સાહેબના પ્રતાપી શિષ્ય મોરાર સાહેબનો જન્મ ઈ.સ.૧૭૫૮માં બનાસકાઠાં જિલ્લાના થરાદ ગામે, વાઘેલા રજપૂત કુળમાં થયો હતો. પિતા ખાનજી વાઘેલાના અવસાન બાદ શેરખી આવી, રવિ સાહેબ પાસે ઈ.સ. ૧૭૭૮માં 'સાહેબ સંપ્રદાય'ની દીક્ષા લીધી. ગુરૂ આજ્ઞાએ જામનગર પાસેના ખંભાલીડા ગામે જઈ ઈ.સ.૧૭૮૬માં જગ્યા બાંધી. હોથી, ચરણ સાહેબ, દલુરામ, દુર્લભરામ, કરમણ, જીવા ખત્રી, ધરમશી ભગત જેવા પ્રતાપી શિષ્યોની ફોજ તૈયાર કરી. ઈ.સ.૧૮૪૯માં જગ્યામાં જ જીવતા સમાધી લીધી.

સાહેબ પરંપરાનાં સમર્થ એવા આ સંતકવિ પાસેથી ૧૦૮ જેટલી ભજન રચનાઓ, બારમાસી, ચિંતામણી જેવી દીર્ઘ રચનાઓ ઉપરાંત જ્ઞાન-વૈરાગ્ય પ્રેરક કુંડળિયા, કૃષ્ણ, શિવ, ગણપતિ, રામ વગેરે દેવતાઓની સ્તુતિપરક પદરચનાઓ મળી આવે છે.

જ્ઞાન, વૈરાગ્ય, બોધ-ઉપદેશ, પ્રેમલક્ષણા ભક્તિ, યોગ અને વિરહ જેવા ભાવોને કવિએ બળકટ રીતે આલેખ્યા છે. સાધનાજન્ય અલૌકિક અનુભૂતિને વ્યક્ત કરતી એક અવળવાણી રચના પણ મોરાર સાહેબના નામે મળી આવે છે.

### 'અચરત નજરે આયા સંતો'

'અચરત નજરે આયા સંતો, જલમેં જ્યોતિ જગાયા,
બીનાં મૂળ એક તરુવર ઠાડા, ડાળ પાત નહીં છાંયા.
ફળ બીના ફૂલ ફૂલ બીન ફળીયા, તીન લોક છવરાયા...એક અચરત.
વિનાં પાળ એક પંખી બેઠા, પગ પાંખ નહી કાયા.
વિના ચાંચ હંસા ચુગતા હે, મોતી ગોતી લાયા...એક અચરત.
વિનાં મેઘ એક વિજ ચમુંકે, વિણ વાદળ વરસાયા.
અધર દરિયા સૂભર ભરિયા, સમુદ્ર લહેર સમાયા...એક અચરત.
બીન પૃથ્વી એક પરવત ઠાડા, તા પર જલ જમાયા.
ઉન જલ બીચ એક જોગી બેઠા, નૂરતે નાદ બજાયા...એક અચરત.
જુગત બેટીયેં માતા જાયા, પુત્ર પિતાકું જાયા.
રજ મોરાર રવિ કે ચરણે, તુરત તમાસા પાયા...એક અચરત.'(૧૨)

## પ્રતીકાર્થ

અચરત=આશ્ચર્ય, જલ=અમૃત, જ્યોતિ=જ્ઞાન, તરુવર=બ્રહ્મરંધ્ર(જલકી મછલી તરુવર વિઆઈ), ફળ=વિષય વાસના, પંખી=આત્મતત્ત્વ, હંસા=આત્મા, મોતી=સ્વરૂપ, વીજ=દિવ્યતત્ત્વ, પરવત=બ્રહ્મરંધ્ર, જોગી=આત્મા-પરમાત્મા, નુરત=વૈરાગ્ય, નાદ= અનાહતનાદ, બ્રહ્મરંધ્ર, જુગત=યુક્તિ, કપટ, બેટી=અસદબુદ્ધિ, માતા=માયા, પુત્ર=જ્ઞાન, સદ્‌બુદ્ધિ, પિતા=આત્મા, પરમાત્મા



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ભાવાર્થ**

સાહેબ પરંપરામાં નુરત-સુરતની સાધનાનો બહુ મોટો મહિમાં છે. શ્રી મકરંદભાઈ કહે છે તેમ નુરત એટલે ઘટ ભીતર વૈરાગ્યનું પ્રગટવું અને સુરત એટલે પરમાત્મા પ્રત્યે ઉત્ત્કટ પ્રીતિ જાગવી કે તલ્લીન થવું. મોરાર સાહેબ એક ભજનમાં કહે છે-

'મૈયા મેરો મનવો હુવો વૈરાગી,
મારી લે'તો ભજનમાં લાગી.'

નુરત-સુરતની આ સાધના દરમ્યાન મોરાર સાહેબને જે આશ્ચર્યકારક અનુભૂતિ થઈ તેને સંતોની સામે વ્યક્ત કરતાં કહે છે કે, હે સંતો! મને એક આશ્ચર્યકારક વસ્તુ જોવા મળી છે. તે એ કે 'જલ મેં જ્યોતિ જગાયા.'

આપણે જાણીએ છીએ કે વાસ્તવ જગતમાં જલની અંદર જ્યોત ન પ્રગટે. કારણ જળની પ્રકૃતિ તો અગ્નિને ઠારવાની છે. આમ છતાં મોરાર સાહેબને જે દર્શાયું છે તે ખોટું નથી. સાધનાકીય અંત:દૃષ્ટિએ તો એજ સાચું છે. આમ કહીને એને દર્શાવવું તો એ છે કે- આ સમગ્ર સૃષ્ટિની રચના જલમય પ્રકૃતિથી થઈ છે. એટલે કે પિંડમાં જ પરમાત્મા છે. અને મને તેના દિદાર થઈ ગયા છે.

'બીના મૂલ એક તરૂવર ઠાડા, ડાળ પાત નહીં છાયા,
ફળ બીના ફૂલ ફૂલ બીન ફળીયા, તીન લોક છવરાયા.'

અર્થાત્, મેં એક એવું વૃક્ષ જોયું કે જેને મૂળ નથી, ડાળ નથી, પર્ણ નથી અને તેની કોઈ છાંયા એટલે કે પડછાયો પણ નથી. અને છતાં આ વૃક્ષ ત્રણે લોકમાં પથરાયું છે. અને તેને ફૂલ વિના સીધા જ ફળ લાગ્યા છે.

ભારતીય અધ્યાત્મ પરંપરામાં વૃક્ષ; મેરૂદંડ, બ્રહ્મરંધ્ર, માયા કે સંસારચક્રના પ્રતીક તરીકે પ્રયોજાતું આવ્યું છે. અહીં મોરાર સાહેબ વૃક્ષને માયા એટલે કે સંસારના પ્રતીક તરીકે પ્રયોજી, પોતાની અલૌકિક અનુભૂતિને અભિવ્યક્ત કરતા કહે છે કે, સંસારરૂપી વૃક્ષને કોઈ મૂળ નથી, ડાળ નથી, પાંદડા નથી અને તેમાં ફૂલ વિના એટલે કે પરમતત્ત્વના સંસ્પર્શ-સુગંધ વિના સીધા જ વિષયવાસનારૂપી ફળ લાગ્યા છે. કબીર સાહેબે પણ આ જ સંદર્ભે કહ્યુ છે-

'તરૂવર એક મૂલ બિન ઠાડા, બિન ફૂલા ફલ લાગા,
શાખા, પત્ર કછૂ નહિ વાકે, અષ્ટ ગગનમૂખી બાગા.'

વાસ્તવ જગતથી જુદા જ પ્રકારના આ વિચિત્ર વૃક્ષને નિહાળ્યા બાદ, આગળની પંક્તિમાં આ પ્રકારના જ આશ્ચર્યને પ્રગટ કરતા મોરાર સાહેબ કહે છે- મેં એક એવું પક્ષી જોયું કે જેને નથી પગ, પાંખ, ચાંચ કે કાયા, એટલે કે સ્થૂળ શરીર જ નથી. વળી તે 'વિના પાળ' બેઠું છે. અહીં પંખી એ સ્વ-રૂપ કે આત્માનું પ્રતીક છે. આ આત્મા ને કોઈ સ્થૂળ શરીર નથી, તેમજ તેને બેસવા માટે કોઈ પાળ કે કિનારાની પણ જરૂર નથી. કારણ કે એ પોતે નિરંજન, નિરાકાર અને સ્વાશ્રયી છે. 'મોતી ગોતી લાયા' આ આત્મરૂપ સ્વચ્છ મોતીને મેં શોધી લીધું છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ચિદાકાશમાં વાદળ એટલે કે કોઈ પ્રકારના આવરણ વિના આત્મરૂપ વીજળી ચમકી રહી છે. અને એના પ્રકાશથી આનંદરૂપ વર્ષા થઈ રહી છે. બ્રહ્મતત્ત્વનું વિશાળ-વિરાટરૂપ આ પીંડમાં સમાવી ન શકાય એટલે મહાસાગરરૂપ બ્રહ્મતત્ત્વની વ્યાપકતા એક લહરમાં સમાઈ ગઈ છે.

'બીન પૃથ્વિ એક પરવત ઠાડા, તા પર જલ સમાયા,
ઉન જલ બીચ એક જોગી બેઠા, નુરતે નાદ બજાયા.'

અર્થાત્, વાસ્તવ જગતમાં પર્વતનું હોવું આકાશ કે પાતાળમાં ન હોય, પરંતુ પર્વતનું હોવું તો જ શક્ય બને કે પૃથ્વી હોઈ. અહીં પૃથ્વીનો અર્થ મૂલાધાર એવો નથી લેવાનો પણ પર્વતના હોવા માટે જે આધારભૂત છે તે પૃથ્વી. એવો સ્થૂળ વાચ્યાર્થ લેવાનો છે. અહીં આશ્ચર્ય એ છે કે મોરાર સાહેબે પૃથ્વીના આધાર વિના જ એક પર્વતને જોયો અને જ્યાં જલ હોવાની સંભાવના ન હોય(પર્વતની ટોચ) ત્યાં તેને જલ હોવાની પ્રતીતિ થઈ. યોગની પરિભાષામાં પર્વતનો સંકેતાર્થ જ્યાં અમૃતનો કુંભ ભરેલો છે એ બ્રહ્મરંધ્ર એવો થાય અને જલનો અર્થ અમૃત થાય.

નુરત એટલે ભીતરમાં વૈરાગ્ય પ્રગટતા મોરાર સાહેબે આ પર્વતરૂપી બ્રહ્મરંધ્ર ઉપર પાણીરૂપી અમૃતની વચ્ચે જોગી એટલે કે પરમાત્માને બેઠેલા જોયા.

અંતમાં મોરાર સાહેબ માનવ સંસારમાં વ્યાપ્ત સદ્‌બુદ્ધિ અને અસદ્‌બુદ્ધિ કેવો તમાશો રચે છે તે દર્શાવતા કહે છે- માયા કપટરૂપી અસદ્‌બુદ્ધિ(પુત્રી) જીવને મોહ-માયામાં ફસાવનાર 'મા' એટલે કે, 'માયા' ને જન્મ આપે છે. અને સદ્‌બુદ્ધિ(પુત્ર)પરમાત્મા(પિતા)ને જન્મ આપે છે. ગુરૂ રવિ સાહેબના પ્રતાપે બુદ્ધિ અને કુબુદ્ધિ, બ્રહ્મતત્ત્વ અને માયાનો આ તમાશો એટલે કે ખેલ મને જોવા મળ્યો.

## છોટમ

ભક્ત કવિ છોટમનો જન્મ ઈ.સ.૧૮૧૨માં ખેડા જિલ્લાના મલાતજ ગામના વતની, ત્રવાડી કાલીદાસને ત્યાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ મલાતજમાં જ પૂર્ણ કરી, તલાટી તરીકે કામગીરી બજાવી. સમયાંતરે સારસાના કુબેરદાસ મહારાજની પ્રેરણાથી સાહિત્ય તરફ વળ્યાં, અને પુરૂષોત્તમ નામે કોઈ સિદ્ધ યોગીના આશિર્વાદ તેમજ શ્રી વી. કે. શાસ્ત્રીની સહાયથી સંસ્કૃત શાસ્ત્રો, યોગ, વેદાન્ત અને પુરાણોનો અભ્યાસ કરી, જ્ઞાન પ્રાપ્તિ કરી.

સિદ્ધ યોગીના કૃપાપાત્ર એવા આ કવિ પાસેથી ૪૦૦ જેટલી પદ રચનાઓ, ૩૫ જેટલાં જ્ઞાનપ્રધાન ખંડકાવ્યો અને ૨૦ જેટલાં આખ્યાનો મળી આવે છે.

બ્રહ્મજ્ઞાન અને અધ્યાત્મ અનુભૂતિથી સભર એવા આ ભક્ત કવિએ ધર્મ, નીતિ અને તત્ત્વદર્શનના વિષયોને વિશદ રીતે પદ્યમાં વ્યક્ત કર્યા છે. તેમનું અવસાન તા.૫-૧૧-૧૮૮૫માં થયું હતું.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## 'ખોજો ખાવિંદ ખોજો ખાવિંદ'

'ખોજો ખાવિંદ ખોજો ખાવિંદ આ તનમેં કયા તમાશા હૈ ?
ગગન ઘનઘોર નગારા હૈ નફેરી નાદ અપારા હૈ.
બિના જ્યાં નીર મોતી હૈ બિના રવિચંદ્ર જ્યોતિ હૈ.
બિના મુખ ગીત ગાતા હૈ બિના જીભ પાની પીતા હૈ.
ખેલે બિન પાંવ ખલક સારી બિના કરતાન બજે તાલી.
બિના દૃષ્ટ દેખના સારા પરિમલ નાક બિના પ્યારા.
નહિ જ્યાં રૂપ કે કાયા નહિ જ્યાં મન કે માયા.
ગુરુ ગમસે બૂજે સારા ખલક મેં ખેલને વાલા.
કહે છોટમ અજબ બાજી ગુરુ બિન ના લહે કાજી.'(૧૩)

### પ્રતીકાર્થ

તન=શરીર, તમાશા=ખેલ, ગગન=બ્રહ્મતત્ત્વ, બ્રહ્મરંધ્ર, નગારું=અનાહતનાદ, મોતી=આત્મતત્ત્વ, જ્યોતિ=સ્વરૂપ, બિના મુખ, આંખ, કાન, નાક, પગ=અંતર્મુખી સાધક,પરમાત્મા, દૃષ્ટ=દૃષ્ટિ, ખલક=સંસાર,જગત

### ભાવાર્થ

ગુજરાતી સાહિત્યમાં અલ્પખ્યાત એવા સંત કવિ છોટમ પાસેથી અવળવાણી શૈલીની ચાર રચનાઓ સાંપડે છે. તેમની આ પ્રાપ્ય રચનાઓ ઉપરથી જણાય છે કે આ સાધક સંત કવિએ પણ નાથ પરંપરા નિદર્શિત ઉલટ સાધવાની સાધના કરી છે.

ઉપદેશ પ્રધાન એવી આ રચનામાં છોટમ મુમુક્ષોને નશ્વર એવા આ સ્થૂળ શરીરની ક્ષણ-ભંગુરતા સમજાવી, અંતઃ શરીરમાં બેઠેલા અમર્ત્ય, આત્મરૂપ ગોવિંદને શોધી લેવાનું કહે છે. આ સંદર્ભે ગોરખનાથે ગાયું છે- 'ગોરખ લો, ગોપાલં લો, ગગન ગાય દુહિ પીવૈ લો.' બ્રહ્મરંધ્રમાં જ્યાં ગાયના દૂધરૂપ અમૃતશ્રાવ થઈ રહ્યો છે અને જ્યાં અનાહત્‌નાદ બજી રહ્યો છે, ત્યાંથી તમને આ ગોપાલની પ્રાપ્તિ થશે. આ સંદર્ભે હઠયોગમાં પણ દર્શાવાયું છે કે સાધક જો પોતાના પ્રાણને સુષુમ્ણા નાડી દ્વારા બ્રહ્મરંધ્રમાં લઈ જાય તો ત્યાં તેને જ્યોતિરૂપ અલખિ નિરંજનના દિદાર થાય છે.

ગગન એટલે કે બ્રહ્મરંધ્રમાં સ્થિત એવા આ ગોપાલના બેસણા અને સ્વરૂપ કેવું છે? તેને વર્ણવતા છોટમ કહે છે કે 'ગગન ઘનઘોર નગારા હૈ નફેરી નાદ અપારા હૈ, બિના જ્યાં નીર મોતી હૈ, બિના રવિ ચંદ્ર જ્યોતિ હૈ.' અર્થાત્‌, જ્યાંથી અનાહત્‌નાદ સંભળાઈ રહ્યો છે તે ગગન મંડળમાં મોતી એટલે કે સ્વ-રૂપ એવો પરમાત્મા સ્વયં જ્યોતિરૂપે પ્રકાશી રહ્યો છે.

નિરંજન નિરાકાર એવા આ ગોપાલની રહસ્યાત્મકતા તો એ છે કે એને કોઈ રૂપ, રંગ, આકાર નથી. મુખ નથી છતાં મધુરી મોરલી વગાડી રહ્યો છે. પગ નથી છતાં એ સારાયે જગમાં વિલસી-વિચરી રહ્યો છે. વિના આંખ એ જોઈ રહ્યો છે ને વિના નાસિકાએ તે દિવ્ય સુગંધને માણી રહ્યો છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

અંતમાં છોટમ કહે છે-આવા માયાવી, છતાં માયાથી પર એવા બાજીગરના મને દર્શન થયા છે. ગુરૂગમ અર્થાત્, ગુરૂના ઉપદેશે હું આ બાજીગરના ખેલ(લીલા)ને પામી ગયો છું.

### ગણપત

નિરાંત સંપ્રદાયના ગોવિંદરામના શિષ્ય ગણપતરામનો જન્મ ઈ.સ.ની ૧૯ મી સદીના પૂર્વાર્ધમાં ભરૂચ જિલ્લાના ઝણોર ગામે મેવાડા સુથાર જ્ઞાતિમાં થયો હતો.

અધ્યાત્મસેવી એવા આ સંત પાસેથી અધ્યાત્મ અનુભવ, ગુરૂમહિમા, વૈરાગ્ય બોધ, જ્ઞાન અને ભક્તિ વિષયક પદ-ભજન રચનાઓ મળી આવે છે.

### 'કૌતકની કહું છું વાત'

'કૌતકની કહું છું વાત,
કવિજન ધરો, એક બેટિયે જનમ્યો બાપ તે સંદેહ ખરો.
એક અચંબો એવો દેખ્યો, મડું કાળને ખાય રે ;
બિંદુમાંહિ સિંધુ સમાયો, તમ સૂરજ લઈ જાય...કવિજન.
પેલા પુરુષથી પુત્રી પ્રગટી, વેગે બોલી વાત રે ;
અણજાયા વરને મારે વરવું, નહિ  માતને તાત...કવિજન.
પિતા કહે પુત્રી પરણાવું, પામે નહિ કોઈ પાર રે ;
અણજાયો વર તો નહિ મળે, તારે ને મારે ઘરબાર રે...કવિજન.
નહીં નર ને નહીં નારી, નહીં વૃદ્ધ નહીં બાળ રે ;
એ દેશમાં એક દેવ નિરંજન, ગણપત લે સંભાળ...કવિજન.'(૧૪)

### પ્રતીકાર્થ

બેટી=માયા, બાપ=જીવાત્મા, મડું=સાધક, કાળ=યમ-મૃત્યુ, બિંદુ=આત્મા, સિંધુ=પરમાત્મા, તપ=અજ્ઞાન, સુરજ=જ્ઞાન, પુરૂષ=મૂળપુરૂષ,બ્રહ્મ, પુત્રી=માયા, અણજાયો=પરમાત્મા,બ્રહ્મ, બાળક=નાનું, વૃદ્ધ=મોટું

### ભાવાર્થ

કાવ્ય શાસ્ત્રજ્ઞો કહે છે કે કવિતા એ 'આત્મ સંભાષણ' છે. કવિ પ્રથમ તો પોતાની જાત સાથે સંવાદ સાધતો હોય છે. આ સંદર્ભે અહીં આ રચનામાં સંત કવિ ગણપતરામ પોતે જ પોતાની જાતને કવિ તરીકે સંબોધી, આત્મ સંભાષણ કરતા કહે છે કે મેં એક કૌતુક જોયું કે -

'બેટીએ જનમ્યો બાપ તેહ સંદેહ ખરો,
એક અચંબો એવો દેખ્યો મડું કાળને ખાય.'

અહીં પ્રયોજાયેલ 'બેટીએ જનમ્યો બાપ' એ પંક્તિ, ગુજરાતી ભાષા સમાજમાં ઊખાણાં રૂપે પણ પ્રયોજાતી આવી છે. જેમ કે-



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

'બાપે જનમી બેટડી, બેટીએ જનમ્યો બાપ,
તે અરથ કરો ઠાકરા, બેટી વધી કે બાપ.'

જવાબ :-આંબો

અર્થાત, આંબો તે પિતા; તેણે પુત્રી એટલે કે કેરીને જન્મ આપ્યો આ કેરીમાંથી ગોટલી નિકળી તેને વળી પુત્રી ગણી, આ પુત્રી(ગોટલી)માંથી પાછું આંબાનું સર્જન થયું, એટલે કે બેટીએ પિતાને જન્મ આપ્યો.

ઉપરોક્ત પંક્તિની બીજી વિશેષતા એ છે કે તે ભારતીય મીમાંસા મુજબ અજહત્સ્વાર્થા લક્ષણાનું રૂપ ધારણ કરે છે. એટલે કે અહીં વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ બન્ને ગ્રાહ્ય છે. વાચ્યાર્થ રૂપે જોઈએ તો અંગ્રેજીમાં એક કહેવત છે-The child is father of the man. દરેક બાળક માણસનું પિતા છે. અર્થાત્, જ્યાં સુધી સાંસારિક દુનિયામાં સંતાનની પ્રાપ્તિ નથી થતી. ત્યાં સુધી જે તે વ્યક્તિ પિતા બની શકતો નથી.

સમજી શકાય કે સંત કવિ ગણપતરામ ઉક્ત અર્થ સંદર્ભે આ પંક્તિ પ્રયોગ ન કરે. આ પંક્તિ દ્વારા એમણે તો એ દર્શાવવું છે કે બેટી એટલે કે માયાએ પિતા એટલે કે જીવાત્માને જન્મ આપ્યો છે.

બીજું આશ્ચર્ય તેમને એ છે કે-'મડું કાળને ખાઇ રહ્યું છે.' અહીં આ પંક્તિ પણ વ્યવહાર જગતમાં 'મડાને વીજળીનો ભય ન હોય' એવા વાચ્યાર્થની દ્યોતક બને છે. પરંતુ આગળની પંક્તિની જેમ અહીં પણ ગણપતરામને વાચ્યાર્થ અભિપ્રેત નથી. તેમણે તો એ દર્શાવવું છે કે મડું એટલે સાધક અને કાળ એટલે સમય. અર્થાત્ સમાધિસ્થ સાધકને સમયનો કાટ લાગતો નથી. આ સંદર્ભે ગોરખનાથે પણ કહ્યુ છે કે-

'મરો એ જોગી મરો, મરણ હૈ મીઠા,
ઈસ મરણી મરો, જીસ મરણી ગોરખ મરી દીઠા.'

અર્થાત્, જો તમારે મૃત્યુ ઉપર કાબું મેળવવો હોય તો સાધક બનો. અને જો સાધના પંથે સાચી રીતે આગળ વધશો તો 'બિંદુ માંહિ સિંધુ સમાયો, તમ સુરજ લઈ જાય.' એટલે કે બિંદુરૂપ આત્મામાં સિંધુરૂપ પરમાત્મા સમાઈ જશે. અંધકાર દૂર થશે ને સર્વત્ર પ્રકાશ પથરાશે.

સાધનાજન્ય આટલાં રહસ્યોને ઉદ્ઘાટિત કરીને હવે પછીની પંક્તિમાં ગણપતરામ માયા અને બ્રહ્મના રહસ્યનું નિદર્શન કરાવતા કહે છે કે -

'પેલા પુરૂષથી પુત્રી પ્રગટી, વેગે બોલી વાત રે,
અણજાયા વરને મારે વરવું, નહિ માતને તાત.'

અર્થાત્, મૂળ પુરૂષ- બ્રહ્મતત્ત્વથી પુત્રીરૂપી માયાનો જન્મ થયો છે. અને આ પુત્રી પોતાના(બીજા)પિતા જીવાત્માને કહે છે કે મને અણજાયા એટલે કે જેને જન્મ નથી, મૃત્યુ નથી, મા નથી, બાપ નથી એવા પરબ્રહ્મ પુરૂષ સાથે પરણાવ. અને જો અણજાયો વર નહીં મળે તો હું તારી સાથે લગ્ન કરીશ. એટલે કે તને (જીવાત્માને) માયામા લપટાવીશ. અર્થાત્, સાધક જો બ્રહ્મ તત્ત્વને પામી જાય તો માયાથી આપોઆપ મુક્ત બની જાય છે. અને સાધક જો માયાના મોહમાં ફસાય જાય તો તે પરમાત્માગામી ન બની શકે અને માયાની માયાજાળમાં ફસાઈ જાય છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

અંતમાં ગણપતરામ ફરી પોતાને જ ઉદ્દબોધીને કહે છે. જ્યાં નરનારી કે અન્ય કોઈપણ પ્રકારના ભેદભાવ નથી. જ્યાં કોઈ મોટું નથી કે કોઈ નાનું નથી ત્યાં નિરંજન નિરાકારનો વાસ છે. – હે ગણપત એ દેશને, આંતરિક થાનકને તું બરાબર સંભાળ.

## મામંદ

હિન્દુ-મુસ્લિમ સમન્વયના ગાયક સંત કવિ મામંદનો જન્મ ઈ.સ.૧૮૮૧(સં.૧૯૩૭)માં અમરેલી જિલ્લાના નાનાલીલિયા ગામે રહેતા સંધી મનુભા જાડેજાને ત્યાં થયો હતો. લીલિયા ગામમાં જ રહેતા ફકીર અશરફમિયાં (હાલ અશરફ મિયાંની કબર લીલિયા ગામની મધ્યમાં છે.)ના પ્રભાવથી પ્રભાવિત થઈ, પૂર્વાશ્રમના શિકારી એવા મામંદે 'મનરૂપી મૃગલાને મારી' ફકીર જીવન અપનાવ્યું.

ધરમપુરના નવાબ તરફથી પ્રસિદ્ધ થયેલ 'મામદ મુક્તામણિ' ગ્રંથમા મામંદ રચિત ભજન, ધોળ, પદ, કાફી પ્રભાતિયા વગેરે સ્વરૂપની કુલ ચારસો જેટલી રચનાઓ સંપાદિત થયેલી છે.

### 'ગુરુ તમે ગોતજો રે'

'ગુરુ તમે ગોતજો રે હા આ અનુભવ અપાર રે
નુગરાને હારદ હાથ ન આવે જાયે કદી સકળ સંસાર.
ઘટા ઘનઘોર તે ગરજવા લાગ્યો વરસ્યો છે અખંડ ધાર રે
એલી રચી તેણે મધરા ભીજાતે બૂંદ પડયું લગાર રે.
નવ મણ કાજળ નેત્રમાં સારિયું એવી દીઠીમેં એક નાર રે
સસલે જઈ નિજ સિંહને ગ્રાહ્યો કોઈ છોડાવો સુણી આ પોકાર રે.
પચીસ પદમણી પ્રતિવ્રતા નારી છે તે પર એક જ ભરથાર રે
તેહ નારીથી તન ઘણા ઉપજ્યા વધ્યો અનંત વિસ્તાર રે.
સાગર સળગ્યો ને મોટા મચ્છ તેમાં મળી કરે આનંદ અપાર રે
મામંદ કહે મીયા અશ્રફ મેહેરથી અર્ક વિના જોયો અંજવાર રે.'[૧૫]

## પ્રતીકાર્થ

નુગરો=અજ્ઞાન, હારદ=હાર્દ,મરમ, ઘટાઘનઘોર=અંતઃકરણ, બુંદ=અમૃત, નવમણ કાજળ=ચાર અંતઃકરણ(મન,બૃદ્ધિ,ચિત્ત, અહંકાર)અને પાંચ ઈન્દ્રિય(કાન,નાક, જીભ, આંખ, ત્વચા), એક નાર=ઈચ્છા, કામના, માયા, સસલો=વ્યામોહ વૃત્તિ(અજ્ઞાન), સિંહ=પ્રબળમન, પચ્ચીસ પદમણી=પચ્ચીસ પ્રકૃતિ(૧.પૃથ્વી-અસ્થિ, ૨.માંસ,૩.નાડી, ૪.ત્વચા,પ.રોમ, ૬.જળ-શુક્ર, ૭.શોણિત, ૮.લાળ, ૯.મૂત્ર, ૧૦.સ્વેદ, ૧૧.અગ્નિ-ક્ષુધા, ૧૨.તૃષા, ૧૩.આળસ, ૧૪.નિદ્રા, ૧૫.કાંતિ, ૧૬.વાયું-ચલન, ૧૭.વલન(વલણ), ૧૮.ધાવન(દોડવું), ૧૯.પ્રસરણ-ફેલાવું, ૨૦.આકુંચન-સંકોચ, ૨૧.આકાશ-કામ, ૨૨.ક્રોધ, ૨૩.શોક, ૨૪.મોહ, ૨૫.ભય.), પતિવ્રતા = એકનિષ્ઠબુદ્ધિ, એક ભરથાર = જીવાત્મા , મન, તન = દીકરો , પુત્ર, સાગર=સંસાર, મચ્છ=કામના, અર્ક=સૂર્ય,સત્ત્વ



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## ભાવાર્થ

ગુરૂ અશરફ મિયાંની કૃપા દષ્ટિએ મામંદ 'મનરૂપી મૃગલાને મારી' અંત:કરણમાં ઊંડા ઉતરી ધ્યાનસ્થ બની જીવ, માયા, પ્રકૃતિ, મન વગેરેને સાક્ષીભાવે જુએ છે. અને પછી તેની જુબાની આપતા કહે છે-

'ગુરૂ તમે ગોતજો રે હા...આ અનુભવ અપાર રે
નુગરાને હારદ હાથ ન આવે જાયે કદી સકળ સંસાર.'

અર્થાત્, જેની પાસે અધ્યાત્મ અનુભૂતિનું ભાથું હોય એવા ગુરૂને તમે શોધી લેજો. જો આમ નહીં કરો તો નુગરા એટલે કે અજ્ઞાની રહેશો. અને આખો જન્મારો મથી-મથીને પૂર્ણ કરી નાખશો તો પણ પરમતત્ત્વનું હાર્દ હાથમાં નહી આવે.

પરમતત્ત્વના વરસાદની ઝડી તો પડી રહી છે, પણ ચિદાકાશ ઘટાટોપ વાદળોથી ઢંકાઇ ગયું છે. પરિણામે પરમતત્ત્વની અમૃતરૂપ વર્ષાનું એક બુંદ પણ ઝીલાતું નથી.

સમગ્ર સંસાર માયાથી કેવો પ્રભાવિત છે અને કામણગારી એવી આ માયા સંસારી જીવોને પોતાની જાળમાં ફસાવવા કેવા કામણ કરે છે તેનો ચિત્તાર આપતાં મામંદ કહે છે-

'નવમણ કાજળ નેત્રમાં સારિયું, એવી દીઠી મેં એક નાર રે,
સસલે જઇ નિજ સિંહને ગ્રાહયો, કોઈ છોડાવો સુણી પોકાર રે.'

અર્થાત્, જેણે પોતાની આંખમાં નવમણ કાજળ (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ ચાર અંત:કરણ અને કાન, નાક, જીભ, આંખ, ત્વચા એ પાંચ ઈન્દ્રિયો)આંજી સંસારી જીવોને પોતાની જાળમાં ફસાવ્યા છે, એ માયાવી નારને મેં જોઈ છે. તેમજ રાહુ જેમ સુર્ય-ચંદ્રને ગ્રહી લે તેમ વ્યામોહ(અજ્ઞાન)વૃત્તિરૂપ સસલાએ પ્રબળ મનરૂપી સિંહને ગ્રહી લીધો છે, ને સિંહ તેનાથી મુક્ત થવા પોકારી રહ્યો છે, તે હું સાંભળી રહ્યો છું.

બીજી બાજુ પચ્ચીસ પદમણી એટલે કે પચ્ચીસ પ્રકૃતિરૂપ કામશાસ્ત્રની જાણકાર એવી પદ્મિનીઓએ પોતાના ભરથાર એટલે કે જીવાત્મા ઉપર પોતાની માયા પ્રસારી દીધી છે. પરિણામે સ્થૂળ શરીર અનંત વાસનાઓ-કામનાઓથી ઘેરાઇ ગયું છે.

'સાગર સળગ્યોને મોટા મચ્છ તેમાં મળી કરી આનંદ અપાર રે,
મામંદ કહે મીયા અશ્રફ મહેરથી અર્ક વિના જોયો અજવાસ રે.'

સંસારરૂપી સાગરમાં આગ લાગી છે અને વાસનાઓરૂપી માછલાઓ તેમાં ભરાઈને સ્થૂળ આનંદની ભ્રમણાંમાં રાચે છે. મામંદ કહે છે-ગુરૂ અશ્રફમિયાની મહેરબાનીથી સૂર્યના પ્રકાશ વિના જ પ્રકાશ પથરાયો છે, અને તે પ્રકાશના અજવાળે દષ્ટા બનીને મેં સાક્ષીરૂપે બધું નિહાળ્યું છે.

## શ્રી શંકર મહારાજ

શ્રી શંકરમહારાજનો જન્મ સિદ્ધપુર તાલુકાના ઉનાવા ગામે તા.૪-૮-૧૯૦૫ના રોજ



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

થયો હતો. તેમની માતાનું નામ ગુલાલબા અને પિતાનું નામ ગોપાળજી દવે હતું. પ્રખર જ્યોતિષી એવા ગોપાળજીને કુલ ત્રણ સંતાનો હતા. (સૌથી મોટા ગિરજા શંકર, ત્યાર પછી શંકર મહારાજ અને ત્રીજી પુત્રી આનંદી બહેન.)શંકર મહારાજે ધોરણ ૧થી ૪ સુધીનું શિક્ષણ પિતાના મોસાળ માતરપુરમાં લીધું હતું. ધોરણ પાંચ અને છ નો અભ્યાસ પાટણમાં પૂર્ણ કર્યો. બાદમાં તેઓ ઉંઝા ચાલ્યા ગયા. ત્યાં ધોરણ દશ સુધીનો અભ્યાસ કર્યો. સાથે અહીં યોગમઢીના મહંત ગિરનારી બાવા પાસે યોગાભ્યાસ કર્યો. સાધુજીવ એવા આ બાળયોગીને હવે લૌકિક અભ્યાસમાં રુચિ ન રહી, તેથી હરદ્વાર અને ત્યાંથી કનખલ જઈ સ્વામી સ્વરૂપાનંદજીનું શરણ સ્વીકાર્યુ. ગુરૂ કૃપાએ આત્મ સાક્ષાત્કારનો અનુભવ કરી ઊનાવા આવ્યા. અમદાવાદ પાલડીમાં શંકર આશ્રમની સ્થાપના કરી. તા.૧૦-૨-૧૯૮૩ ના રોજ ૭૮ વર્ષનું આયુષ્ય ભોગવી તિરોભાવને પામ્યા.

યોગ સાધનાના ઉપાસક એવા આ અર્વાચીન યુગના સંત પાસેથી 'દીદારદીપ', 'મનના તરંગો', 'શ્રી શંકર વિલાસ ખંડ-૧-૨', 'ભક્તિરસ પદમાળા', 'આત્મચિંતન નાનું', 'એકતારાની ગૂઢાર્થવાણી', 'ઊલટીવાણી', 'નિજાનંદની મસ્તી', આખ્યાન માલિકા', 'અંતરની જ્યોત', 'શ્રી શંકરાશ્રમ ભજનાવલિ'વગેરે ભજન, યોગ, અધ્યાત્મ અને ભારતીય દર્શનને લગતા ગ્રંથો મળી આવે છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે આ સંત કવિએ ગોરખ, કબીર, ધીરો ભગત વગેરેની ઉલટવાણી રચનાઓનું અર્થોદ્‌ઘાટન કરતી ઉલટવાણી સામે સુલટવાણી પ્રકારની નવ્ય પ્રયોગાત્મક રચના, અને તેનું વિવેચન પણ આપ્યું છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે જ્યારે 'ઉલટવાણી' જેવું શૈલી સ્વરૂપ મૃતપાય બન્યું હોય, તેવા સમયે આ સંત પાસેથી ૩૨ જેટલી અવળવાણી રચનાઓ પ્રાપ્ત થાય છે. જે સંત સાહિત્ય પરંપરા સંદર્ભે આનંદની ઘટના છે.

નિબંધની મર્યાદાને ધ્યાનમાં લઈ આ સંતકવિ રચિત એક અવળવાણી અને તેની પ્રતિકૃતિરૂપ તેમના દ્વારાજ રચાયેલી સુલટવાણી (સમરાગી)તેમજ આ રચનાનું તેમણે કરેલું અર્થઘટન અહીં મૂળના સ્વરૂપે ઉદ્ધૃત કરેલ છે.

### 'ખૂબ વિચારજો રે'

'મ્હારી ખુલ્લી એક જાહેરાત, ઉરમાં ધારજો રે,
મ્હારી સાચેસાચી વાત, ખૂબ વિચારજો રે....ટેક
કાયામાં એક કૌતુક જોયું, જોવા જાતાં ખોટું ખોયું ;
ત્યારે ખરું થયું સાક્ષાત, ખૂબ વિચારજો રે....
કીડીએ ગજને બાંધી રાખ્યો, તેતરે બાજને મારી નાખ્યો ;
નહીં દિવસ કે નહીં ત્યાં રાત, ખૂબ વિચારજો રે...
સસલે સિંહને ખૂબ નચાવ્યો ; મૃગલે મૃત્યુથી તેને બચાવ્યો ;
જળ પર પાડી રૂડી ભાત, ખૂબ વિચારજો રે...
મૂંગો ચારે વેદ ભણે જ્યાં, ઠૂંઠો ઠીકરાં ઠીક ગણે ત્યાં ;
પંગુ મારે પહાડને લાત, ખૂબ વિચારજો રે...



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ઉંદર બિલ્લીબાઈને હારાવે, ડોળા કાઢી ખૂબ ડરાવે ;
નાચે છછુંદરું દિન રાત, ખૂબ વિચારજો રે...
ખોટું લાગે તો ખરું ન માનો, શંકર કેવળ પ્રેમ દીવાનો,
ઊગ્યું ખરા બપોરે પ્રભાત, ખૂબ વિચારજો રે...'(૧૬)

## સમરાગી અર્થ

'મ્હારી એક મજાની વાત, ઉરમાં ધારજો રે;
છોડી દઈ સઘળા ઉત્પાત, ખૂબ વિચારજો રે...ટેક૦
જ્યારે ભીતર ખોલી જોયું, જોતાં વેંત જ ખોટું ખોયું;
ત્યારે ખરું થયું સાક્ષાત, ખૂબ વિચારજો રે-૦
બુદ્ધિએ મોહને બાંધી રાખ્યો, ત્યાગે લોભને મારી નાખ્યો;
ત્યાં તો નથી દિવસ કે રાત, ખૂબ વિચારજો રે-૦
ધીરજે ક્ષોભને ખૂબ નચાવ્યો, મૈત્રીએ મૃત્યથી એને બચાવ્યો;
મન પર પાડી રૂડી ભાત, ખૂબ વિચારજો રે-૦
ધ્યાની ચારે વેદ ભણે જ્યાં, તાની તત્ત્વો ઠીક ગણે ત્યાં;
દાની મારે દોષને લાત, ખૂબ વિચારજો રે-૦
દમ ઉંદર હીણપતને હરાવે, ડોળા કાઢી ખૂબ ડરાવે;
નાચે પ્રાણ દિવસ અને રાત, ખૂબ ચિારજો રે-૦
ખોટું ત્યાગી ખરું વિચારો, ત્યારે થાશે અલખ દીદારો;
શંકર ધ્યાને જ્ઞાન પ્રભાત, ખૂબ વિચારજો રે-૦'(૧૭)

## વિવેચન

પરમાત્મતત્ત્વમાં એકનિષ્ઠા ધારણ કરીને રહેલો જીવાત્મા આજે એક સુંદર જાહેરાત સંભળાવી રહ્યો છે. હે મુમુક્ષુઓ ! ખૂબ પ્રેમથી સાંભળો, વિચારો અને આનંદ પામો. 'ઉપલક દૃષ્ટિએ જોઈ જવાથી વસ્તુનું સાચું જ્ઞાન પ્રાપ્ત થતું નથી.' માટે જ મહાપુરૂષો આપણને સ્થિર ચિત્તે વાંચવાનું અને વિચારવાનું કહે છે.

બહાર ભટકતી વૃત્તિઓને સર્વ બાજુથી પાછી ખેંચીને અંતરાત્મા તરફ વાળી જ્ઞાનરૂપી ચક્ષુથી મેં ભીતરમાં ડોકિયું કર્યું. અંતર દૃષ્ટિ થતાંની સાથે જ અસત્ ભાવો ખોવાઈ ગયા અને સદ્રૂપ બ્રહ્મમાં અચળ નિષ્ઠા થઈ. 'ખોટું ખોયા વિના ખરૂં હાથ લાગતું નથી અને ખરૂં હાથ લાગે છે ત્યારે ખોટામાં પ્રેમ થતો નથી.' એ પ્રસિદ્ધ ન્યાય છે. વિરાગપૂર્ણ બુદ્ધિરૂપી કીડીએ મોહરૂપી હાથીને બાંધી રાખ્યો અને ત્યાગરૂપી તેતરે લોભરૂપી બાજપક્ષીને મારી નાખ્યો ત્યારે મને ખૂબ આનંદ થયો. સારી માનસ સૃષ્ટિમાં જય જયકાર વર્તાયો અને દૈવી સંપતિ જન્ય ભાવો ગૌરવ ધારણ કરીને બેઠા. અહીં રાત્રિ કે દિવસ જેવું કંઈ જ નથી. 'સમ્યક જ્ઞાન કોઈની અપેક્ષા કરતું નથી. રાત્રિ અને દિવસ એ કાળ વિભાગો એને બાધ કરે તેમ નથી. તે તો સ્વયં વિરાજે છે. 'મુમુક્ષુએ દરેક બાબતમાં ખૂબ ઝીણવટથી જોવું અને વિચારવું આવશ્યક છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ઊતાવળા થઈ કોઈપણ બાબત માટે સારો કે ખોટો ખ્યાલ બાંધી લેવો એ ઈચ્છનીય નથી. અડગ ધીરજરૂપી સસલાએ ક્ષોભરૂપી સિંહને ખૂબ નચાવ્યો ત્યારે મૈત્રીરૂપી મૃગલાએ એના ઉપર દયા લાવી મૃત્યુના મુખમાંથી ઉગારી લીધો અર્થાત્ શાંતિપૂર્વક સમજાવી હાંકી કાઢ્યો. આ પ્રસંગે મનરૂપી જળ ઉપર સુંદર પ્રભાવ પાડ્યો. મનને આ વાત ખૂબ ગમી અને ધીરજ તથા મૈત્રીને સપ્રેમ-સહૃદય ધન્યવાદ આપવા માંડ્યું. 'જ્ઞાનારૂઢ મન અજ્ઞાનથી ઉત્પન્ન થનારાં તત્ત્વોને સમૂળાં ઊખેડી ફેંકી દેવા માગે છે, કારણ કે અજ્ઞાન કાળમાં એને બહુ કડવો અનુભવ થયો છે. જેના ઉપર એક વખત અભાવ થઈ જાય છે તેના ઉપર ફરી ભાવ થતો નથી એ દીવા જેવી વાત છે.'

મિથ્યા વાણી-વિલાસ રહિત ધ્યાનરૂપી મૂંગો જે ભૂમિકામાં ચારે વેદોના રહસ્યોને વિચારે છે તે જ ભૂમિકામાં સંકલ્પ વિકલ્પ રહિત તાનીરૂપી ઠૂંઠો તત્ત્વ નિરીક્ષણ કરે છે. ભૂમિકા એક હોવા છતાં ધ્યેય અલગ-અલગ છે. બીજી બાજું તર્કવિતર્ક રહિત જ્ઞાનીરૂપી પંગૂ પરદોષદર્શનરૂપી પહાડને લાત મારી સમત્વ ધારણ કરે છે. આ બધી રમતો જ્ઞાનકાળમાં જ દષ્ટિગોચર થાય છે. દમ (ઇંદ્રિયનિગ્રહ) રૂપી ઊંદર હીણપત (હલકાઈભરી વૃત્તિ)રૂપી બિલ્લીબાઈને જમીન દોસ્ત કરી નાખી એવો ભય બતાવે છે કે ફરી ઊંચી આંખ કરી શકે નહીં. જ્યારે પ્રાણતત્ત્વરૂપી છછુંદરું આવું જોઈને ખૂબ આનંદમા આવી રાત દિવસ નાચ્યા કરે છે.

હે મુમુક્ષુઓ ! ' જો સાચો આનંદ મેળવવા માગતા હો તો ખોટી વસ્તુઓનો ત્યાગ કરી ખરી વસ્તુઓનું ગ્રહણ કરો.' તમારી મનોકામનાઓ પૂર્ણ થશે અને સનાતન સત્ય હાથમાં રહેલા આમળાની પેઠે પ્રત્યક્ષ થશે. 'અલખ પુરૂષનું દર્શન થવું એ કંઈ નાના બાળકના ખેલ નથી. સાચું આત્મ-સમર્પણ કરનારને જ માર્ગ મળે છે.' દેહાદિમાં અહંતા-મમતા ધારણ કરી રહેલા પામર જીવો એ માર્ગમાં પ્રવેશી શકતા નથી.

અંતમાં દાસાનુદાસ શંકર કહે છે કે સવિકલ્પ ધ્યાનરૂપ ખરા બપોરના સમયમાં સમ્યક જ્ઞાનરૂપ પ્રભાત મારા જોવામાં આવ્યું અર્થાત્ સવિકલ્પ ધ્યાનની પરાકાષ્ટામાં જ સમ્યક્ જ્ઞાનનો ઉદય માનવામાં આવ્યો છે એ વાત પ્રત્યક્ષ થઈ.

## શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી

શ્રીયૂત સ્વામી સરજ્યુગીરના જન્મ વિષયક ચોક્કસ વિગત મળતી નથી. પરંતુ તેમણે તેમના ગુરૂ શ્રી મોહનગીરીજીના સમાધી સ્થળનો સંવત ૧૯૯૨ ના વૈશાખ વદી બીજના દિવસે જીર્ણોદ્ધાર કરાવેલ, તેમજ પોતાની રચનાઓના સંગ્રહરૂપ 'અનુભવ પ્રકાશ મૂક્તાવલી ગ્રંથ-ભાગ-૧-૨' તેમણે પોતે ઈ.સ. ૧૯૪૬ માં પ્રગટ કરેલ. ઉપરોક્ત બન્ને આધારોના આધારે એવું અનુમાની શકાય કે શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજીનો જન્મ ઈ.સ. ૧૯૦૦ થી ૧૯૧૦ ની આસપાસ થયો હશે.

સ્વામી સરજ્યુગીરનો આશ્રમ મહેસાણા જિલ્લાના જોટાણા સ્ટેશન પાસેના બલોલ ગામમાં આવેલો છે. જ્યોતિમઠથી પ્રખ્યાત એવી આ ફક્કડની જગ્યા હાલ રામદત્તીના નામથી ઓળખાય છે.

સર્જક ચેતના ધરાવતા શ્રીયૂત સ્વામી સરજ્યુગીર પાસેથી આત્મજ્ઞાન, પ્રેમલક્ષણાભક્તિ, ઉપદેશ, ગુરૂમહિમા અને સાધનાની અનુભૂતિને આલેખતી ગરબી, આરતી, પદ, ધોળ, સાખી, ગઝલ, ભજન, આખ્યાન વગેરે પ્રકારની રચનાઓ માતબર સંખ્યામાં મળી આવે છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## 'અજબ તમાશા દેખા મેંને'

'અજબ તમાશા દેખા મેંને, પાનીમાં અગ્નિ લાગી ગુરુ,
સત્ગુરુ સાહેબ કીયા ઈશારા, તબ મારી ભ્રમણા ભાગી હે જી.
બિન બાદલમેં બીજલી દેખી, બીના ઝાડકે ફૂવાડી ગુરુ,
દેહ બીનાનો માલી દેખ્યો, અજબ ખેલ દેખ્યો ભારી હે જી.
માને પુત્ર પરણે તે દેખ્યો, ગુમ હો ગઈ અકકલ મારી ગુરુ,
અંતર ખોજ કરી જબ મેંને, તબ સમજી મહિમા તારી હે જી.
નોમન ભાર ખાય ગઈ કીડી, તોહૂ ઈચ્છા ખાવાની ગુરુ,
સાત સમુંદર પાની પી ગઈ, તોહૂ ન તૃષા ઉલાણી હે જી.
ઉર્ધ્વમૂલ એક તરૂવર દેખ્યા, ભાત ભાત કે ફલ દેખ્યા ગુરુ,
નૂરત સૂરત જબ ચઢી આકાશે, તબ અનહદ વાજા વાગ્યા હેજી.
બીના દોર નટ ખેલ કરત હે, મોહમાં દુનિયાં લપટાણી ગુરુ,
ગુરુ ગમ જેને લાગી અંતર, સમજે કોઈ નર જ્ઞાની હે જી.
અકકલ વાલા ફરે ભટકતા, નહિં સમજે તે સુખપાવે ગુરુ,
સ્વામી સરજ્યુગીર ગુરુ પ્રતાપે, બેઠા અનુભવી વાણી ગાવે હે જી.'[૧૮]

### પ્રતીકાર્થ

તમાશા=ખેલ,લીલા, પાની=સંસાર, અગ્નિ=વૈરાગ્ય, ભ્રમણા=અજ્ઞાન, બિના બાદલ = સ્વચ્છ આકાશ, બીજલી=જ્ઞાન, દેહ વિનાનો માલી=પરમાત્મા, મા=મૂળમાયા, પુત્ર = પરમાત્મા, નોમનભાર=ચાર અંતઃકરણ અને પાંચ ઈન્દ્રિય, કીડી=સૂક્ષ્મ બુદ્ધિ, સાત સમુંદર = બ્રહ્મતત્ત્વ,સંસાર, વૃક્ષ=બ્રહ્મરંધ્ર,સંસાર, નુરત=વૈરાગ્ય, સુરત=પરમાત્માને મળવાની ઉત્કટ ઝંખના, વાજા= અનાહતચક્રમાં સંભળાતો અનાહત નાદ, દોર=શ્વાસ-ઉચ્છ્વાસ,સુરતા, નટ=નટવર, અક્કલવાલા=પંડિત-જ્ઞાની

### ભાવાર્થ

સાધકની સુરતા જ્યારે અંતર્મુખી બની, લૌકિક જગતને પરહરી અલૌકિક જગતમાં પ્રવેશ પામે છે ત્યારે એ જગત તેને કેવું વિસ્મયકારક લાગે છે તેનો ચિત્તાર અહીં આ રચનામાં પ્રગટ થતો જોવા મળે છે.

શ્રીયૂત સરજ્યુગીર કહે છે સંસારરૂપી પાણીમાં વૈરાગ્યરૂપી અગ્નિ પ્રગટ્યો છે. અર્થાત્ ભીતરમાં વૈરાગ્ય પ્રગટવાથી હવે સંસાર અસાર લાગે છે. અંતઃકરણમાં ભભૂકી ઊઠેલા આ વૈરાગ્ય અને સદ્ગુરૂની કૃપાથી મને પરમાત્માની અજબ લીલા નિહાળવાનું સદ્ભાગ્ય સાંપડ્યું છે. સદ્ગુરૂની કૃપાથી જ ચિદાકાશ નિર્મળ થયું છે; ભ્રમણાઓરૂપી વાદળો દૂર થયા છે. એટલે કે વિના વાદળ વિજળી ચમકી રહી છે.

આ દિવ્યલોકની વિશિષ્ટતા તો એ છે કે અહીં એકપણ વૃક્ષ કે ફૂલછોડ નથી, છતાં અહીં રમણીય ઉપવનની સૃષ્ટિ રચાણી છે. અને એ ઉપવનમાં દેહ વગરનો માળી વિહાર કરી રહ્યો છે. અહીં ઉપવન એ સહસ્રાર કે શૂન્યચક્રનું પ્રતીક છે અને દેહ વિનાનો માળી એ નિરંજન નિરાકાર એવા



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પરમાત્માનું પ્રતીક છે. સાધકની સુરતા જ્યારે ષટચક્રને ભેદીને સહસ્રાર કે શૂન્યમાં પ્રવેશ પામે છે ત્યારે તેને હજાર પાંખડીવાળા કમળરૂપી ઉપવન અને નિરાકાર પરમાત્માના દર્શન થાય છે.

સુરતાની આ યાત્રામાં લૌકિક બુદ્ધિ બેર મારી જાય એવી ઘટના તો એ જોવા મળી કે અહીં માતાને પુત્ર પરણી રહ્યો છે. અર્થાત્, સૃષ્ટિનું સર્જન કરનાર મૂળમાયાએ પરમાત્મા સાથે લગ્ન કરી લીધા છે. તેમજ કીડીરૂપી સુરતા; મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચાર અંત:કરણ અને પંચેન્દ્રિયોને કાબુમાં લઈ સંસાર સાગર તરી ગઈ છે.

મૂલાધારથી સહસ્રાર સુધીની નુરત-સુરતની આ યાત્રાના અંતે શ્રીમદ્ભગવદ્ગીતા જેને 'ઊર્ધ્વમૂલધ:શાખા' કહે છે. એવા સંસાર વૃક્ષના રહસ્યને સાધક પામી જાય છે.

'નુરત-સુરત જબ ચઢી આકાશે, તબ અનહદ વાજા વાગયા'

નુરત-સુરતની આરાધના દ્વારા સાધક જ્યારે પ્રાણને સાધી, સુષુમ્ણા નાડીમાં પ્રવાહિત કરી, આ પ્રાણને સુષુમ્ણાની મધ્યમાં આવેલી બ્રહ્મ નાડીમાં પ્રવેશ કરાવે છે ત્યારે શરીરમાં સ્થિત ચોસઠ નાડીઓ ઝંકૃત થઈ ઊઠે છે. અને પ્રાણ અનાહત ચક્રમાં પ્રવેશી જાય છે. અહીં આ ચક્રના નામ મુજબ સાધકને અન-આહત એવો નાદ સંભળાય છે. જેને લોક સંતોએ બંસરી, ખંજરી, મૃદંગ, ઝાલરી,વાજા, વગેરે ઉપનામોથી ઓળખાવ્યો છે.

યોગ-સાધનાના અંતિમ પડાવરૂપ સાધકની સુરતા જ્યારે સહસ્રાર ચક્રમાં સ્થિર થાય છે ત્યારે સાધક સમાધિસ્થ બની જાય છે. અહીં હવે તેને સમયનો કાટ લાગતો નથી. અને કોઈપણ આધાર વિના નટ એટલે કે નટવર જે ખેલ ખેલી રહ્યો છે તે લીલાના તેને દર્શન થાય છે. જેના દિદાર માયામાં લપટાયેલા લંપટ જીવોને ક્યારેય થતાં નથી.

સ્વામી સરજ્યુગીર કહે છે કે આ ક્ષેત્ર પંડિતો કે જ્ઞાનીઓનું નથી. આ ક્ષેત્ર તો અનુભવીઓનું છે. ગુરુના પ્રતાપે હું આ અનુભવોમાંથી પસાર થયો છું અને આ અનુભવવાણી ગાઈ રહ્યો છું.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## અસંબદ્ધ પ્રતીકાત્મકતા

આપણે જાણીએ છીએ કે ભાવાભિવ્યક્તિ એ માનવ જીવનની સ્વાભાવિક પ્રવૃત્તિ છે, અને ભાષા આ અભિવ્યક્તિનું ઉત્તમ સાધન છે. પરંતુ ભાવોમાં જ્યારે ગહરાઇ અને સંકુલતા આવી જાય છે ત્યારે ભાષાની અભિવ્યક્તિગત કાર્યશક્તિ થોડી પંગુ બની જાય છે. આવે સમયે મનુષ્ય પોતાના સંકુલ ભાવોને અન્યોમાં અવગત કરાવવા પ્રતીકોનો સહારો લે છે. આપણે એ પણ જાણીએ છીએ કે પ્રતીકો એ સાંકેતિક અભિવ્યંજનાગત શૈલીનું પ્રધાન અંગ છે. અને તેનું કાર્ય અમૂર્ત, અગોચર અને અગ્રાહ્યને મૂર્ત, ગોચર અને ગ્રાહ્ય બનાવવાનું છે. વાસ્તવ જગતમાં એવા અનેક તત્ત્વો, પદાર્થો અને ભાવો હોય છે કે જેની આપણને અનુભૂતિ થાય છે પણ તેનું રૂપ અમૂર્ત, અગોચર અને સંકુલ તેમજ અગ્રાહ્ય હોવાથી પ્રત્યક્ષ-દષ્ટિગત થતું નથી. આવા અમૂર્ત, સંકુલ ભાવોને મૂર્ત રૂપે પામવા આપણે પરિચિત પદાર્થો-તત્ત્વોનો પ્રતીકાત્મક રૂપે સહારો લેવો પડે છે. અર્થાત્ એક બાજુ આપણું બાહ્ય જગત છે અને બીજી બાજુ આપણું આંતરિક જગત છે. આ બન્નેમાં આપણા આંતરિક જગતની વૃત્તિઓ જટિલ અને સૂક્ષ્મ હોય છે. વાણી જ્યારે આ આંતરિક જગતની અમૂર્ત, નિગૂઢ અને સૂક્ષ્મ અનુભૂતિને સફળ, સરળ અને પ્રભાવક રીતે અભિવ્યક્ત કરવા ઉપયુક્ત થાય છે ત્યારે તેણે પરિચિત વિશ્વના આધારે પ્રતીકોનો સહારો લેવો પડે છે.

આમ પ્રતીક યોજના એ આપણા અમૂર્ત, અગોચર, અગ્રાહ્ય અને સંકુલ ભાવોને પરિચિત પદાર્થો દ્વારા પ્રત્યક્ષ રૂપમાં ચિત્રિત કરવાની પ્રક્રિયા છે. મનુષ્યના સંકુલ એવા આ ભાવો-લાગણીઓને પ્રતીકાત્મક શૈલી દ્વારા, જેટલી સહજ, સરળ અને સાહજિક રીતે અભિવ્યક્તિ કરી શકાય છે, તેટલી સહજ-સરળ રીતે અન્ય કોઇ શૈલી દ્વારા પ્રગટ કરી શકાતા નથી.

પ્રતીકનું ક્ષેત્ર માત્ર ભાષાકીય અભિવ્યક્તિ પુરતું સીમિત નથી પરંતુ વિશ્વવ્યાપી છે. જીવનના તમામ ક્ષેત્રો-કલા, ધર્મ, જ્ઞાન, વિજ્ઞાન, સમાજ, રાજનીતિ, દર્શન, સાહિત્ય વગેરેમાં પ્રતીકોનો પ્રસાર થયેલો જોવા મળે છે. વાસ્તુ-શિલ્પકલા, દેવાલયો, મૂતિઓ, ધર્મગ્રંથ, ધાર્મિક અનુષ્ઠાન, મંત્ર-તંત્ર, યજ્ઞ-યાગ, પૂજા-પાઠ, સ્વપ્ન, શુકન-અપશુકન, વગેરે સંબંધી ચિહ્નો પણ પોતાની સાંકેતિકતાને કારણે પ્રતીકો જ છે.

વિશ્વવ્યાપી એવા તમામ પ્રતીકોને મુખ્ય બે વર્ગોમાં વિભાજિત કરી શકાયઃ દશ્ય અને શ્રાવ્ય. ધાર્મિક અનુષ્ઠાન, મંત્ર-તંત્ર, શુકન-અપશુકન વગેરે સંબંધિત ચિહ્નોને દશ્ય પ્રતીકોમાં સમાહિત કરી શકાય, તો ભાષા લિપિ સંબંધિત ચિહ્નો ને શ્રાવ્ય પ્રતીકોમાં સમાહિત કરી શકાય.

વ્યક્તિથી માંડી સમષ્ટિ સુધી વ્યાપ્ત એવા આ પ્રતીકોની ઉદાત્ત પરંપરા છેક વૈદિક કાળથી અવિરત પણે વહેતી આવી છે. વૈદિક ઋષિઓએ જ્યારે અંતર્મુખી બનીને પ્રકૃતિના રહસ્યોનો તાગ મેળવ્યો ત્યારે તેઓને સમજાયું કે આ બ્રહ્માંડની રચના અને તેને ચલાવનાર શક્તિ તો અદશ્ય અને રહસ્યાત્મક છે. આ અદશ્ય શક્તિને બોધગમ્ય બનાવવા આ ઋષિઓએ તત્કાલિન પ્રકૃતિમાં વ્યાપ્ત અને જીવનમાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓને પ્રતીક તરીકે પ્રયોજી પોતાની અલૌકિક અનુભૂતિને અભિવ્યક્ત કરવાના પ્રયત્નો કર્યા. જેમકે -

'દ્વા સુપર્ણા સયુજા સખાયા સમાનં વૃક્ષં પરિષસ્વજાતે,
તયૌરન્યઃ પિપ્પલં સ્વાદ્વત્યનશ્નન્નન્યો અભિચાકશીતિ.'[૧૯]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

અહીં જોઇ શકાય છે કે વૈદિક ઋષિએ વૃક્ષ અને પક્ષીઓને પ્રતીકાત્મક રીતે પ્રયોજી માનવ સંસાર-જીવ અને બ્રહ્મના નિગૂઢ રહસ્યને ઉદ્દ્ઘાટિત કરી આપ્યું છે. આવી જ રીતે અથર્વવેદ(૧૪/૨/૬૪)માં ચક્રવાક યુગલ દ્વારા સ્ત્રી-પુરૂષ દંપતિના વિશેષાર્થને પ્રગટ કરવામાં આવ્યો છે. તો અનેક જગ્યાએ 'ગૌ'ના પ્રતીક દ્વારા વાણીનું ચિત્રણ કરવામાં આવ્યું છે.

વૈદિક કાવ્યમાં પ્રયુક્ત એવી આ પ્રતીકાત્મક શૈલીની પરંપરા ઉપનિષદ અને પૌરાણિક યુગમાં વિકસિત રૂપે પ્રગટ થયેલી જોવા મળે છે. ઉપનિષદોમાં પ્રતીકાત્મક શૈલી દ્વારા જીવ, આત્મા, સંસાર, માયા,પ્રકૃતિ, પુરૂષ, બ્રહ્મતત્ત્વ વગેરેને બોધગમ્ય બનાવવાના સફળ પ્રયોગો થયા છે. કઠોપનિષદમાં[૨૦] અશ્વત્થવૃક્ષના પ્રતીક દ્વારા સૃષ્ટિની રચના પ્રક્રિયાના રહસ્યને ઉદ્દ્ઘાટિત કરવામાં આવ્યું છે. તો શ્વેતાશ્વતરોપનિષદમાં 'હંસ'ને આત્માના પ્રતીક તરીકે પ્રયોજી નવદ્વાર રૂપી દેહમાં સ્થિત નિર્ગુણ, નિરાકાર, અરૂપ એવા આત્માને રૂપાયિત કરવાના પ્રયત્નો થયા છે. જેમકે-

'નવદ્વારે પુરે દેહી હંસો લેલાયતે બહિઃ,
બશી સર્વસ્ય લોકસ્ય સ્થાવરસ્ય ચરસ્ય ચ.'[૨૧]

આ ઉપરાંત ઉપનિષદોમાં વસુ, હોતા, અતિથિ, રથી, સારથી,રથ વગેરેને મન, બુદ્ધિ, શરીર,આત્માના પ્રતીક તરીકે પ્રયોજી અવ્યક્તને વ્યક્ત કરવાના સફળ પ્રયોગો થયા છે. પુરાણ કાવ્યમાં તો દેવતાઓના વાહન, ઊંદર, ગરુડ, મોર,હંસ, સર્પ, કાચબો વગેરેને પ્રતીકાત્મક રીતે પ્રયોજી અલૌકિકને લૌકિક રૂપ આપ્યું છે.

ઉપનિષદ કાળના ઉતરાર્ધમાં પ્રવર્તેલ તંત્ર-વિદ્યાના તાંત્રિક ગુરુઓએ, તંત્રવિદ્યાની ગુપ્તતા જાળવવા પરંપરાગત પ્રતીકધર્મી શૈલી અપનાવી અને તાંત્રિક ક્રિયાઓ સંપન્ન કરી. તારાતંત્ર, ષોડશીતંત્ર, ધૂમાવતીતંત્ર, ત્રિપુરસુન્દરીતંત્ર વગેરેમાં ગુપ્ત સાધના પદ્ધતિ પ્રતીકાત્મક શૈલીએ વર્ણવાઇ છે. તંત્રસાધનાના દશ્યાત્મક પ્રતીકોએ સહજયાની સિદ્ધોને પ્રભાવિત કર્યા. સમયાંતરે સહજયાની સિદ્ધોએ તંત્રવિદ્યાના આ પ્રતીકોને સંદર્ભીય રૂપ આપી સંધાભાષાના માધ્યમે 'ચર્યા-ગીતો'માં શ્રાવ્ય પ્રતીકો રૂપે પ્રયોજ્યા.

પ્રતીક પ્રયોજન-પ્રયોગની દષ્ટિએ ચર્યાગીતોનો યુગ સમૃદ્ધ છે. આ યુગમાં અધ્યાત્મ જ્ઞાનસાધના અને તત્સંબંધી ક્રિયા-કલાપો પ્રતીકાત્મક રીતે જ કહેવામાં આવતા.પરિણામ સ્વરૂપ આજે પણ ચર્યાગીતોમાં પ્રયુક્ત પ્રતીકોનો અર્થ ન સમજાય ત્યાં સુધી પ્રયોક્તાના ઈપ્સિત અર્થને આપણે પામી શકતા નથી.

નાથ-યુગ આવતાં પ્રતીક પ્રયોગને વધારે ગતિ સાંપડે છે. નાથ પરંપરાના યોગીઓએ હઠયોગ અંતર્ગત સાધના અને તત્જન્ય અનુભૂતિને પ્રતીકાત્મક શૈલી દ્વારા અભિવ્યક્ત કરી છે. જીવ-જગતની માયામય પ્રકૃતિ બ્રહ્મતત્ત્વ તથા સિદ્ધાવસ્થાને ચિત્રિત કરવામાં આ પ્રતીકાત્મક અભિવ્યક્તિએ મહત્ત્વનું યોગદાન પુરું પાડ્યું છે.

નાથયુગ પછી ભારતીય અધ્યાત્મ ક્ષેત્રે લોક સંતોના યુગનો પ્રારંભ થાય છે. અધ્યાત્મલક્ષી વિવિધ ધારાઓનો સમન્વય સાધનારા, આ લોક સંતોની મૂંઝવણ એ હતી કે સાધના ક્ષેત્રે પોતાને થયેલ દિવ્યાનુભૂતિ તો ગુંગાએ ખાધેલ ગોળ જેવી છે. તેને અભિવ્યક્ત કેમ કરવી? તેને સર્વ સુલભ કેમ બનાવવી? સાથે બીજી મૂંઝવણ એ પણ હતી કે પોતાને જે આત્મજ્ઞાનરૂપી ધન સાંપડ્યું છે, તેની ગુપ્તતા નહીં જળવાય તો તેની પવિત્રતા જોખમાશે. તેને સર્વ સુલભ બનાવવા જતાં ક્યાંક તે



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

કુપાત્રને હાથ લાધી જશે અને તેનો દુરુપયોગ થશે. પોતાની આ મૂંઝવણ અને સમસ્યાનું સમાધાન સાધવા ઉદારદિલ સંતોએ પૂર્વસૂરિઓમાંથી પ્રેરણા લઈ પોતાની અલૌકિક અનુભૂતિને અભિવ્યક્ત કરવા પ્રતીકાત્મક શૈલીનો સહારો લીધો. એવું નથી કે આ સમસ્યા કે મુંઝવણનો સામનો લોકસંતોએ જ કરવો પડ્યો છે? પરંતુ તેમની પૂર્વ પરંપરામાં વૈદિક ઋષિઓ, મનીષીઓ બૌદ્ધ-સિદ્ધો, નાથ યોગીઓ વગેરેને પણ આ સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. અને આવે સમયે તેઓએ પણ પોતાની સૂક્ષ્માતિસૂક્ષ્મ અલૌકિક અનુભૂતિને લૌકિક પ્રતીકોના આધારે જ અભિવ્યક્ત કરી હતી. લોકસંતોએ આ જ પરંપરાને આત્મસાત કરી અને જરૂર જણાઈ ત્યાં પરંપરિત દુર્બોધ પ્રતીકોનો પરિહાર કરી પોતાના જમાનાના લૌકિક પ્રતીકો પ્રયોજી પોતાની વિશિષ્ટાનુભૂતિને અવળવાણીના માધ્યમે, પ્રતીકાત્મક શૈલીના બળે અભિવ્યક્ત કરી છે.

'અવળવાણી'ની રૂપ-રચના જ પ્રતીકાત્મક છે. એટલે કે તેનું સમગ્ર કલેવર પ્રતીક પર નિર્ભર છે. વળી આ પ્રતીક યોજના અસંબદ્ધ હોવાથી ભાવક માટે દુર્બોધ બની રહે છે. એટલે કે ભાવક જ્યાં સુધી પ્રયોક્તાએ પ્રયોજેલ પ્રતીક અને તેમાં આરોપિત અર્થને આત્મસાત નથી કરતો, ત્યાં સુધી રચનાના ગૂઢાર્થને તે પામી શકતો નથી.

અહીં આ મુદ્દામાં 'અવળવાણી' રચનાઓમાં પ્રયોજાયેલ, અવળવાણીને સમજવાની ચાવીરૂપ એવા પ્રતીકોના પ્રતીકાર્થને, ઉદાહરણો સાથે સમજાવવાના પ્રયત્નો કર્યા છે.

પ્રતીકની જેમ અવળવાણી રચનાકૌશલની બીજી વિશેષતા તેમાં પ્રયોજાયેલ શબ્દવૈભવ છે. જે શબ્દકોશમાં આપેલા અર્થ મુજબની અર્થછાયા નથી પ્રગટાવતો, પણ ગુરુએ આપેલી 'સાન'પ્રમાણે અર્થછાયા પ્રગટાવે છે. એટલે કે અવળવાણીમાં પ્રયોજાયેલ શબ્દ ગુરુમુખી હોય છે. જેના અર્થો પરંપરા સાથે જોડાયેલા હોય છે. અહીં અવળવાણીમાં પ્રયોજાયેલ ચાવી રૂપ એવા શબ્દોને અલગ તારવી, તેનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી, તેના અર્થઘટનો આપવાના પ્રયત્નો કર્યા છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## અવળવાણીમાં પ્રયુક્ત પ્રતીકાર્થ

### અનાહતનાદ

**વાજાં :** ગેબી વાજાં વાજે (અ.ભ.ગુ.પ.ત્રિ.-પૃ.પ૬)
**વાજીંતર:** વિણ વાદક વાજીંતર વાગે (ઊ.વા.શં.મ.-પૃ.૧પ૦)
**નગારું :** અંધાધૂંધ નગારા વાગે (આ.ભ.વા. મહેતા-પૃ.૧પ૦)
ગગન ઘનઘોર નગારા હૈ નફેરી નાદ અપારા હૈ (સ.સ.-પૃ.૨૬૨)
**ડંકા :** એજી અનહદ ડંકા વાજા (આ.વિ.ભ.સા.- પૃ.૨૦પ)
**વેણું/રવાજ/શંખ/શરણાઈ/ ઝાંઝ/મૃદંગ/ભેરી :** વેણું રવાજ ને શંખ શરણાઈ, ઝાંઝ મૃદંગ ભેરી સુખદાઈ (આ.વિ.ભ.સા.-પૃ૨૦પ)
**નોબત :** અનહદ નોબત વાગે રે (સૌ.હ.ભ.ક.ગોહિલ-પૃ.૩૧૭)
**ઝાલર :** ઝણણ ઝણણ વાગે છે ઝાલર (સૌ.હ.ભ.ક.ગોહિલ-પૃ.૩૧૭)
**મોરલી :** વિના મુખે મોરલી બજાય (મો.મ.આ.ગોહિલ-પૃ.૨૬પ)
**સિંગી :** શૂન્ય મંડળ મેં સિંગી વાગે. (હા.મા.હ.હા.-પૃ.૨૩૭)
**જંતર :** કર વિણ માંહીં જંતર બાજે.(દિ.ક.દિનકરદાસ-પૃ.૪૬)
**શંખ, તૂર, ભૂંગળ, ત્રાંસા** વગેરે.

### અમૃત

**અમૃત:** ત્યાં હરિજન બેઠા અમૃત પીએ, માથે છત્ર વિરાજે. (ભ.ર.મ.દ.-પૃ.૧૭૦)
**અચવ્યો રસ :** સંતો રે અચવ્યો રસ ચાખો.(અ.વા.સ.સા.પૃ.૩૨)
**હમીરસ :** હમીરસ પીવે તાકું જખ મારે જમરા (સ.કે.વા.મ.દ.-પૃ૧૪૮)
**દૂધ :** થાન વિના જેને દૂધ ઝરે મુખ વીના બચ્ચા પીએ. (ક.સં.ક.કારાણી-પૃ.૧૩૯)
ગગન દોહ્યા ઘટમાં રે, તેના દૂધ પીધાં સટમાં (ઊ.વા.શં.મ.-પૃ.૧૪૭)
**પિયાલો :** મુને મતવાલો પિયાલો પાયો.(સૌ.હ.ભ.ક.-ગોહિલ-પૃ.૩૦પ)
**અમરફળ :** એક અમૃતફળ મારા મુલકમાં,તેના ભાગીદારી ત્રિપુરારી(ધી.ભ.પ.સંપટ-પૃ.૩૯)
**જલ :** બીન પૃથ્વિ એક પરવત ઠાડા, તા પર જલ જમાયા.(ચૂ.ભ.પલાણ-પૃ.૩૯)
હરષિ હરષિ જલ પીવે કબીર.(ક.ગ્રં.શ્યામ.૧૪૦)
**પાણી :** પાળ વિના જ્યાં પાણી ભરિયાં. (શ્રી ભ.સા.સ.સા.-પૃ.૧૪૨)
**ભોજન :** સુન્દર જીમત અતિ સુખ પાયૌ, અબકે ભોજન કીયૌ અઘાઈ.(સુ.ગ્ર.શર્મા.૨૨)
**મધુકરી :** દસવૈ દ્વારિ અબધૂ મધુકરી માંગૈ. (ગો.બા. પ.પ૩)
**મહારસ :** ધરણી મહારસ ખાવા (ગો.બા. પ.પ૬)

### અજ્ઞાન

**કાંટા:**(અજ્ઞાન-ભ્રમ) સુલૈ કાંટા ભાગા. (ગો.બા.પ.૨૦)
**ઈંડુ :** ઈંડા હતા તબ બોલતા બચ્ચા, બચ્ચા બોલતા નાઈ,(ઊ.વા.સ્પ.શર્મા.-પૃ.૧૭)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**તરણું :** તરણાં ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહી. (ધી.ભ.૫.સંપટ. -પૃ.૩૯)
**સર્પ :** સરપ મરૈ બાંબી ઊઠી નાચૈ. (ગો.બા.પૃ.૨૪૪)
**નીંદર :** મારો મારો નીંદરા જગાડી લ્યો ભમરા. (સ.કે.વા.મ.દ. -પૃ.૧૪૮)
**ભ્રમણા :** ભ્રમણા સર્વે ભાગી રે, સુહાગી મળ્યા ઊલટમાં. (ઊ.વા.શં.મ. -પૃ.૧૪૭)
**નુગરો :** નુગરો શું જાણે રે ગુરુગતિ ગમની સારી. (મા.મુ.ગ્રં. -પૃ.૬૬)
**દેડકો :** મેડક આગમેં નહાય. (એ.ગૂ.વા.શં.મ.પૃ.૧૨૦)
મેઢકને જળ કાગ કો મારા. (એ.ગૂ.વા.શં.મ. -પૃ.૨૮૧)
**અંધકાર :** રાત પડે પણ સૂર્ય ન જાવે અંધકાર ગભરાવે. (હ.સ્વ.વિ.શાહ. -પૃ.૧૨૯)
અંધારે સૂરજ ખોવાયો, શોધ પતંગ પ્રકાશે. (વે.ભ.સં. -પૃ.૨૭)
**ગધેડો :** એક અચમ્ભા હમને દેખા ગદહા કે દો સીંગ. (ક.ઉ.અભિ. -પૃ.૧૧)
**ભેંસ :** ભેંસ પદ્‌મિની ચૂહા આશિક. (ક.ઉ.અભિ. -પૃ.૧૩)
**વસ્ત્ર :** વસતર ઉપર વાડ સૂકાણી. (ઊ.વા.શં.મ. -પૃ.૧૪૭)
**તિમિર :** તિમિર ટળ્યાં ગુરુ અંજન ઝળહળ. (ધી.ભ.૫.સંપટ. -પૃ.૨૫)
**ભાર :** જ્યારે આપોપાનો ભાર જ ગયો. (અ.કા. કૃ. -પૃ.૩૨૯)
**સસલો :** સસલે જઈ સિંહને ગ્રાહ્યો. (મા.મુ.ગ્રં. - પૃ.૫૪)

**અંત:કરણ**

મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને અંત:કરણ ચતુષ્ઠય તરીકે ઓળખવામાં આવે છે. સ્યંધ બૈઠા પાન કતરે, ઘૂસ ગિલૌરી લાવે, ઉંદરી બપુરી મંગલ ગાવે કછુએક આનંદ સુનાવે. (ક.ગ્રં.પૃ.૯૨) સ્યંધ = સિંહ = મન, ઘૂંસ = બુધ્ધિ, ઉંદરી = ચિત્ત, કછુઆ = અહંકાર.

**ચારવ્યક્તિ:** જના ચારિ મિલિ, લગન સુધાયો. (ક.બી. -પૃ.૧૬૬)
**આંબાની ડાળ :** આંબાની ડાળે નારિયેળ વળગ્યા. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૨૩)
**ગગન:** ગગન ઘટા લ્યો ગોતી. (શ્રી.ભ.સા.સ.સા. -પૃ.૧૧૭)
**કૂવો :** કૂવામાં લગ રહી આગ. (ઊ.વા. શં.મ. -પૃ.૧)
**કીડી :** કીડીબાઈ ચાલી સાસરે, નવમણ કાજળ વાઈ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૮)
**ચોક :** વિપ્ર રસોઈ કરનૈ લાગો, ચોકા ભીતરી બૈઠૌ આઈ. (સું.ગ્રં.શર્મા-અં.૨૨)

**અંતર્મુખી** (અંતદ્રષ્ટિસાધક)

**અંધ :** અંધે તે અક્ષર વાંચિયા રે. (અ.વા.સ.સા. -પૃ.૧૮૦)
**બહેરો :** બહેરે સુણી વાત. (અ.વા.સ.સા. -પૃ.૧૮૦)
**મૂંગો :** મુંગે ચર્ચા બહુ કરી. (અ.વા.સ.સા. -પૃ.૧૮૦)
**પંગુ, ઠૂંઠો, નકટો વગેરે:** ચરણ વિના મેરુ ચડું. (ધી.ભ.૫.સંપટ-પૃ.૨૫)
**ઘાતક :** પ્રથમ મેં તો મારી માતાને, મારી પિતાને ગયો પરવારી,
મામા માર્યા મોટા મહિપતિ માર્યા, જેના પીલીને કાઢી નાખ્યા ઘાણા. (કંઠસ્થ પરંપરા)
હિંસકનો સંકટ મટે, પાવે અવિચલ ધામ. (અ.પ્ર.મૂ. સર. -પૃ.૧૯૩)
**મરેલ :** મરેલાને જો મરેલા મળે, તો એને આવાગમન ન હોય. (સ.સ.નિ.ગુ. -પૃ.૨૨)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ઊંદર :** ઊંદર બિલ્લીને મારે રે, ભોરંગ વિચાર કરે. (ઊ.વા.શં.મ. -પૃ.૬૩)
**મૂર્ખ :** મૂરખ હોય તે સમજશે, નહી ડાહ્યાનો કામ. (અ.પ્ર.મૂ.સર-પૃ.૭૮)
**પથ્થર :** જલમેં ડૂબી તૂંબડી અને તરી પથ્થરની નાવ. (અ.પ્ર.મૂ.સર-પૃ.૧૯૬)
જે જળમાં લોહ બૂડી જતું તે ઉપર દીસે રમતું. (અ.કા.કૃ. -પૃ.૩૨૯)
**ઘુવડ :** ઉલ્લુ કો સૂર દિખાઇ. (સા.બા.છં.બં.ભા.ર. -પૃ.૪૫૪)
ઘૂવડના ઘેર સુરજ ઊગ્યો. (અ.પ્ર.મૂ.સર -પૃ.૨૭૮)

**અહંકાર**

**પર્વત :** તરણાં ઓથે ડુંગર રે ડુંગર કોઇ દેખે નહીં. (ધી.ભ.પ.સંપટ-પૃ.૩૯)
પર્વત ઉપર લોક ડૂબી મૂઆ. (ક.ગ્રં.પ૬.૧૭૬)
**પિતા :** પિતા બિના મૂવા છોરુલા. (ગો.બા.શ્રીવાસ્તવ ૨૧)
**ગર્ભ :** ગરભ રહા બિનુ પાની. (ઊ.વા.શં.મ. -પૃ.૩૩)
**બાપ :** પહિલો જન્મ પૂત્ર કો ભયઉ,બાપ જનમિયા પીછે. (ક.ઉ.અભિ.પૃ.૭૪)
**મેરુ :** મરઘો મેરુ લઇને ઉડ્યો, જઇ બેઠો આસમાન. (ઊ.વા.શં.મ. -પૃ.૯૦)
મેરુ ઉપર એક હાથી ચડિયો, કીડીની ફૂંકે હેઠો પડિયો(ગ.સં. -પૃ.૯૫)
**સર્પ :** ડોળા કાઢી ઊંદર નાગને ડરાવેજી. (ઊ.વા.શં.મ.પૃ.૧૧૧)
**હાથી :** કીડી કુંજરને નાચ નચાવે. (ધી.ભ.પ.સંપટ-પૃ.પ૧)
**બગલો :** મછલી બગલાને ગલી ગઇ, ઉંદર ગલી ગયો સાપ. (અ.પ્ર.મૂ.સર. -પૃ.૨૩૧)
**ગુરુ :** ચેલા કે ગુરુ લાગૈ પાઇ. (ક.ઊ.અભિ. -પૃ.૨૧)

**આત્મા**

**ખીલો :** ખીલો દૂજે રે મારે ભેંસ વલોણે. (ગો.વા.સ.સા. -પૃ.૪૮)
**રખોલિયો :** ખેતર પાક્યું રે રખોલિયાને ખાધો. (ગો.વા.સ.સા. -પૃ.૫૦)
**બિંદુ :** બિંદુ માંહિ સિંધુ સમાયો, તમ સૂરજ લઇ જાય. (શ્રી ભ.સા.સ.સા. -પૃ.૧૪૨)
**અંગાર :** ધવણિ ધવંતી રહી ગઇ બુઝિ ગએ અંગાર. (ક.ગ્રં.શ્યામ.૨૧)
**હંસ :** ત્યાં હંસા રાજા ક્રીડા કરે. (ભ.ર.મ.દ. -પૃ.૧૭૦)
**પક્ષી :** વિના પાળ એક પંખી બેઠા. (ચૂં.ભ.પલાણ-પૃ.પર)
**પુરૂષ :** અલખ પુરૂષ અવિનાશીને સમરું. (અ.પ્ર.મૂ.સર. -પૃ.૨૩૯)
**કુંભાર :** તળે કુંભાર ઉપર ચાકળો. (બૃ.કા.દો.ભા.ર. -પૃ.૭૮૮)
**માળી :** માળી છાબમાં દીઠોજી. (બૃ.કા.દો.ભા.ર. -પૃ.૭૮૮)
**સસરો :** સસરો હમારો બાલો ભોલો. (ઊ.વા.શં.મ. -પૃ.૧૩)
સસરો સૂતો વહુ હિંચોળે. (હ.સ્વ.વિ.શાહ. -પૃ.૭૭)
**પિતા/બાપ:** પહિલો જન્મ પૂત્ર કો ભયઉ, બાપ જનમિયા પીછે. (ક.ઊ.અભિ. -પૃ.૭૪)
**જોગી :** ઉલટા સુલટા વીર રમતા જોગી, ભમર ગૂફા કે માંહિ. (આ.ભ.વા. -મહેતા. -પૃ.૩૩૮)
**સુતારી :** એક ન મરો મારો છેલ સુતારી ચરખાનો ઘડનાર. (ક.તથા સં.ભ.પૃ.૩)
**નકલંક :** ત્યાં પોઢે નકલંક રાય. (આ.ભ.વા.મહેતા.પૃ.૩૩૮)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**પીર :** દેખ્યા અણઘડ પીર. (સં.પ.વિ.-પૃ.૯૦)
**અણઘડ :** અણઘડ દેખા હે ગુરુ શૂન શિખર ગઢ માંહિ. (આ.ભ.વા.મહેતા.-પૃ.૩૩૮
**અણજાયો :** બેટી કહે છે બાપને, વણજાયો વર લાવ. (ક.તથા સં.ભ.-પૃ.૩)

**ઈચ્છા-કામના**

**કામિની :** કામિની કોઇ કોપે ચઢી, નિજનાથને મારે. (હ.સ્વ.વિ.-શાહ.-પૃ.૧૭૫)
**કોયલ :** કોયલ મોરી આંબો વાળિયો. (ગો.વા.સ.સા.-પૃ.૪૮)
**ખાટ :** સોવનહારી કે ઉપર ખાટ. (ક.ઊ.અભિ.પૃ.૬૫)
**બકરી :** એક હસ્તીએ બકરી જનમી. (બૃ.કા.દો.ભા.૨.-પૃ.૨૯૪)
**પત્નિ :** ફૂલવંતી નારી કંથ નચાવે. (ગ.સં-પૃ-૯૬)
**નદી :** તૃષ્ણા રૂપી નદીયાં માહીં કાયા નાવ ડૂબાય. (અ.પ્ર.મૂ.સર.-પૃ.૨૧૯)
**નારી :** ચંચલ પુરષિ બિચષન નારી. (ક.બી.-૮૦)
**ભૂખ :** નોમન ભાર ખાય ગઈ કીડી, તોહ ઈચ્છા ખાવાની. (અ.પ્ર.મૂ.સર.-પૃ.૨૧૯)
**માછલી :** જલમાં માછલી થઇ અતિ દુ:ખી, પામ્યો અગ્નિમાં સુખ. (અ.પ્ર.મૂ.સર.-પૃ.૨૩૧)
**માખી :** મકડી ધરી માષિ છછિહારી. (ક.બી.પૃ.૮૦)
**બિલ્લી :** પકડી બિલાઇ મુરગેં ખાઇ (ક.ઊ.અભિ. પૃ.૨૧)
**ડાકણ, ધોબણ, વિજળી, યોગીની, માલણ, બગલી, તરંગ, ગાયત્રી** વગેરે.

**કુંડલિની**

**ઊલટીગંગા :** ઊલટીગંગ મેરકું ચલી. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૯)
**નદી :** એક વૃક્ષ ભીતર નદી ચલી. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૨૧)
**ધરતી :** વરસે ધરતી, ભીંજે આસમાન. (સ.કે.વા.-મ.દ.૧૪૮)
**પંખી :** પગ, પાંખ વિનાનો પંખી નામનો ફરે. (સૌ.હ.ભ.ક.ગોહિલ.-પૃ.૩૧૬)
**પનિહારી :** ઊંડા કૂવા સંતો જળ વિના, નીર ભરે પાણીયારી જી. (બૃ.કા.દો.ભા.૨.-પૃ.૭૭૮)
**વસ્તી :** જંગલ મેં બસ્તી બ્યાઇ. (સા.બ.છં.બં.-ભા.૨.-પૃ.૪૫૩)
**માછલી :** ઝાડે ચડતા એક માછલી દેખી. (ન.ભ.ચૌહાણ.-પૃ.૧)
**સુષુમણા :** ઈંગલા પિંગલા દોનું છોડકે, સુષુમણા મધ્યધારા હો. (સ.સ.નિ.ગુ.-પૃ.૨૯)
**વેલડી :** એક વરખડી ભાળી, નહીં પાન ને ડાળી. (૨.૨.દી.-ગો.-પૃ.૧૬૮)
**ભુવંગમ :** ઐસા ભુવંગમ જોગી કરે, ધરતી સોષૈ અંબર ભરે. (ગો.બા.શ્રીવાસ્તવ.-પૃ.૨૨૮)
**નાગણી, કરોડિયો, જોગણી** વગેરે.

**ગુરૂ**

**સુતાર :** જો ચરખા જરિ જાય બઢૈયા ન મરે. (ક.ઊ.અભિ.-પૃ.૧૦૨)
**ધણી :** ધીર ધણી ભેટ્યા રે. (ધી.ભ.પ.સંપટ.-પૃ.૫૧)
**સુહાગી :** સુહાગી મળ્યા ઊલટમાં. (ઊ.વા.શં.મ.-પૃ.૧૪૭)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**બાવા :** બાવા, મેં બનગિયા ફકીર જી. (સં.પ.વિ.-પૃ.૯૦)
**ધોબી :** ધોબી કો નહિં દેહ ધરહી મેં આપ છૂડાવે. (ક.બી.-પૃ.૮૦)
**રંગરેજ:** એરી રંગરેજ મીલે કોઈ ચતુર રંગઈયા. (તુકારામ શબદી.-૨૬૮)
**માલમી :** માલમીએ મુંને મૂક્યો રે (સૌ.હ.ભ.ક.-ગોહિલ)
**સોની, કુંભાર, પારસમણી, વૈદ્ય, જાદુગર, ગારૂડી** વગેરે

**ચિત્ત**

**કાગ :** મેઢકને જબ કાગ કો મારા. (એ.ગૂ.વા.શં.મ.-પૃ.૨૮૧)
(કપટી ચિત્ત) કાબરે માર્યો કાગને. (એ.ગૂ.વા.શં.મ.-પૃ.૯૮)
**ચકવો :** ચકવા બૈસી અંગાર નિગલે. (ક.ગ્રં.પ.૧૨)
**ચરખો :** મૈં કાતોં સુત હજાર, ચરખૂલા જિન જરૈ. (ક.ઊ.અભિ.પૃ.૧૦૨)
**ચીતો/વાઘ :** બકરે માર્યો વાઘ. (એ.ગૂ.વા.શં.મ.-પૃ.૧૧૯)
**ચૂલો :** હેઠે હાંડી ઉપર ચૂલો ચડિયો. (ગો.વા.સ.સા.-પૃ.૪૮)
ચરુ પર ચડિયો ચૂલ. (ઊ.વા.શં.મ.-પૃ.૧૫૩)
**પાત્ર :** પાત્ર માંહી ઝોલી ગહી રાખૈ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૮)
**માખી :** ઊડી માંખી તરુવર કો લાગી. (ઊ.વા.શં.મ.-પૃ.૩૩)
માંખી મૂંડ મૂંડાવત લાગી. (ક.ઊ.અભિ.-પૃ.૯૪)
**શિષ્ય :** શિષ્ય ગુરુ હી ઉપદેશન લાગ્યો. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૪)
**હળ :** હાલી માંહી નિપજ્યો ખેત. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૭)
**ઘંટી :** ઘરરરર... ઘરરરર...ઘંટી ફરતી, ફેરવનાર ન કોઈ. (હ.સ્વ.વિ.શાહ.-પૃ.૧૨૮)
**ચકલી :** ચિડિયા જાય બાજ કો ઝપટા. (ન.ભ.ચૌહાણ)
**સસલો :** સસલે જઈ સિંહને ગ્રાહ્યો. (મા.મૂ.ગ્ર.- પૃ.૫૪)

**જીવાત્મા**

**નારી :** પહલાં પુરિષ કે નારીજી. (ગો.બા.રામલાલ-પૃ.૧૨૬)
**કામિનિ :** કામિનિ જલૈ અંગીઠી તાપૈં. (ગો.બા.રામલાલ-પૃ.૧૯૨)
**સુહાગણ :** સુરતા સોહાગણ પાણિયારી જો. (ધી.ભ.પ.સંપટ-પૃ.૭)
**દુલહન :** દુલહિનિ સજી બારાત લૈ. (તુકારામ શબદી ભા.૧-પૃ.૧૧૨)
**પતિવ્રતા :** પચીસ પદમણી પતિવ્રતા નારી છે. (મા.મુ.ગ્રં.-પૃ.૫૪)
**ધી/પુત્રી :** માય બાપ તજી ધી ઉમડાની. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૦)
**બેટી :** બેટી અપની મૈયા ખાઈ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૩)
**વૈશ્યા :** વેશ્યા સતી કહેવાય. (અ.પ્ર.મૂ.સર.ભા.૨-પૃ.૧૯૩)
**વહુ :** સાસુડી પારણિયે ને વહુજી હીંચોળે. (ગો.વા.સ.સા.-પૃ.૪૮)
**પિયુ/ખસમ :** પિયુ હમારો પારણિયે ઝૂલે. (ઊ.વા.શં.મ.-પૃ.૧૩)
ખસમ પર્યો જોરૂ કે પી છે. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૪)
**ભરથાર :** એ ચારેનો એક ભરથાર. (ગો.વા.સ.સા.-પૃ.૫૧)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**પુત્ર :** માને પુત્ર પરણે તે દેખ્યો. (અ.પ્ર.મૂ.સર.ભા.૨-પૃ.૨૪૮)
**ચેલો :** ચેલા કે ગુરુ લાગે પાઈ. (ક.ગ્રં.૫૬-૧૧)
ચેલે ને જુગ ચુન ચુન ખાયા. (હ.સ્વ.વિ.શાહ.-પૃ.૧૦૩)
**પારધી :** ઉલટો મરઘે પારધીને બાંધ્યો. (ગો.વા.સ.સા.-પૃ.૪૮)
**મદારી :** ઓલ્યા મદારીને માંકડું નચાવે. (એ.ગૂ.વા.શં.મ.-પૃ.૧૩૭)
**માળી :** ફૂલ માળીને ચૂંટે રે. (ઊ.વા.શં.મ.-પૃ.૬૩)
**ધોબી :** કપરા ધોબી કૂં ગહી ધોવૈ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૫)
**મુસાફર/પંથી :** પંથીમાંહી પંથ ચલી આયો. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૫)
**રાજા :** રાજા ફિરે વિપત કો માર્યો. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૩)
**ભમરો :** મારો મારો નિંદરા, જગાડી લ્યો ભમરા. (સ.કે.વા.મ.દ.-પૃ.૧૪૮)
**હંસ :** કરત હંસા કોલ. (ઊ.વા.સ્પ.શર્મા-૨૧)
**ચકવા/ચક્રવાક :** બિનુ જલ ચકવા કરે કિલોર. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૨૮)
**મેના :** મેકાજી મેના જીવ હૈ. (ક.સં.ક.કારાણી.-પૃ.૮૫)
**માછલી :** પાની મેં મીન પ્યાસી. (બૃ.ભ.સા.પૃ.૪૩)
**બિલ્લી/મંજાર :** મૂસા તો મંજાર ખાયો. (ઊ.વા.શં.મ.-પૃ.૩૧)
**વાછરડો :** ગઈયા પિવૈ બછરુવૈ દુહિયા. (ક.ઊ.અભિ.-પૃ.૮૩)

**જ્ઞાન**

**અગ્નિ/ભઠ્ઠી :** અગ્નિ પાણીને ઠારે રે. (ઊ.વા.શં.મ.-પૃ.૬૩)
ગગન મંડળમાં ભઠી જલે. (સૌ.હ.ભ.ક.-ગોહિલ.-પૃ.૩૦૫)
**ગરુડ :** ગરુડ ચડ્યો પુની હરિકી પીઠ. (ઊ.વા.સ્પ.શર્મા- પૃ.૫)
**ધૃત/ઘી :** ધૃત હાટે વેચાય. (વહી-વર્ષ-૩-અંક.૧-પૃ.૫૬)
**ચોર :** સાહ કી રક્ષા કરને લાગો ચોર. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૩)
**જ્વાળા/વીજ :** આભ વિના એક વીજ ઝબુકે. (ઊ.વા.શં.મ.-પૃ.૧૫૦)
**તવા :** તવા ઉપર ચૂલો મેલી, પકાવી મેં રોટી પહેલી. (એ.ગૂ.વા.શં.મ.-પૃ.૯૦)
**દિવસ :** રજની માંહી દિવસ હમ દેખ્યો. (ઊ.વા.સ્પ.શર્મા.-પૃ.૬)
**દીપક :** દીપક બાલિ ઉજાલા કીયા. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૨૦૬)
તેલ બાતી બિન દીપ જલકત હૈ. (આ.ભ.વા.મહેતા-પૃ.૩૩૮)
**ધૂપ/તડકો :** સુંદર ધૂપ માંહી શીતલતા. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૯)
**પાવક/અગ્નિ :** પાવક વરસે પથ્થર ભીંજે. (ઊ.વા.શં.મ.-પૃ.૧૪૭)
**મેડક/દેડકો :** જ્ઞાન મેડકે મણિધર માર્યો. (ધી.ભ.પ.સંપટ-પૃ.૫૧)
**બચ્ચા :** ઈંડા થા તબ બોલતા, બચ્ચા બોલત નાઈ. (વહી-વર્ષ-૩ એક-પૃ.૫૬)
**પીપલ:** કઉવા કી ડાલી પીપલ બાસૈ. (ગો.બા.શ્રીવાસ્તવ-૫૬.૪૭)
**પુત્ર :** માને પુત્ર પરણે તે દેખ્યો. (અ.પ્ર.મૂ. સર.ભા.૨-૫.૨૪૮)
**ફૂલ :** ફૂલ માળીને ચૂંટે રે. (ઊ.વા.શં.મ.-પૃ.૬૩)
**વાછરડો :** બાંધો બાંધો બછડા પીઓ પીઓ ખીર. (ગો.બા.શ્રીવાસ્તવ-૫૬.૧૧)
**વાઘ :** ગાવડી કે મુખમેં બાલઘા બિવાઈલા. (ગો.બા.શ્રીવાસ્તવ-૫૬.૩૪)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**પિતા :** પિતા બિના મૂવા છોરુ લો. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૫૩)
**બાળક :** બાઝ કેરા બાલૂડા. (ગો.બા.શ્રીવાસ્તવ.-પૃ.૧૪૫)
**માખણ :** સુગરે શોધીને માખણ ખાધું. (ગો.વા.સ.સા.-પૃ.૫૨)
છાંછી છાંછી પંડિતા પીવી સિધા માષણ ષાયા. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૮૪)
**મોતી :** બીના જ્યાં નીર મોતી હૈ, બિના રવિ ચંદ્ર જ્યોતિ. (સ.સ.-પૃ.૨૬૨)
**સૂર્ય-ચંદ્ર :** કોટિ કોટિ રવિ શશિકી શોભા. (સ.સ.-પૃ.૯૦)
**જ્યોત :** જળ બિંબ જ્યોતિ પ્રકાશ. (ધી.ભ.પ.સંપટ-પૃ.૩૯)
**ભાણ :** કાયા નગરમાં ઊગ્યો ભાણ. (એ.ગૂ.વા.શં.મ.-પૃ.૯૮)
**રવિ :** હસ્તામળ રવિ પ્રકટ્યો. (ધી.ભ.પ.સંપટ-પૃ.૫૧)
**સૂરજ :** તમ સૂરજ લઈ જાય. (શ્રી ભ.સા.સ.સા.-પૃ.૧૪૨)
**વાણી :** વાણી રે વાણી મારા સત ગુરુની વાણી. (ગો.વા.સ.સા.-પૃ.૪૮)
**વાડ :** વસ્ત્ર ઉપર તો વાડ સુકાણી. (ઊ.વા.શં.મ.-પૃ.૧૪૭)

## ત્રિકુટી

**અંબર/આસમાન :** ભીંજે આસમાન. (સ.કે.વા.મ.હ.-પૃ.૧૪૮)
**ઊંધો કૂવો :** ઊંધો કૂવો સંતો જળ વિના. (ઊ.વા.શં.મ.-પૃ.૧૩૬)
**ત્રિવેણી :** તરવેણી ટંકશાળ પડે જ્યાં. (શ્રી ભ.સા.સ.સા.-પૃ.૧૧૭)
**ગગન મંડલ :** ગગન મંડલમાં ગૌધેન વ્યાણી. (સો.સં.-પૃ.૯)
**ગગન ગુફા :** ગગન ગુફામાં ચલી ગરજના. (શ્રી ભ.સા.સ.સા.-પૃ.૧૧૭)
**પૌલી(સિંહ દ્વાર) :** સુસિલ્યૌ પૌલી ન માઈ. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૫૦)
**શૂન્ય મંડલ :** શૂન્ય મંડલની શેરીએ. (અ.ભ.ગુ.પ.ત્રિ.-પૃ.૫૬)
**સુન શીખર :** સુન રે શિખર પર અલખ અખેડા. (સો.સં.-પૃ.૯)
**શૂન્ય શિખર :** શૂન્ય શિખર પર શબ્દ હૈ. (ક.સં.ક.કારાણી-પૃ.૮૫)
**વાડી :** એ વાડીમાં અખંડ સ્વામી. (શ્રી.ભ.સા.સ.સા.-પૃ.૧૧૭)

## પંચેન્દ્રિય

**કુટુંબ :** સઘળું કુટુંબ પરવાર્યુ રવિ કહે. (મા.દાતા.યાદવ)
**ગાય :** સિંહ ચરાવતી ગાય. (શ્રી.ભ.સા.સ.સા.-પૃ.૪૩)
**ઢોર/પશુ :** નિર્દય હોઈ તિરૈ પશુઘાતક. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૯)
**પંચ :** પંચ નહીં ત્યાંહાં કેહેની સાખ્ય? (અ.કા.કૃ.-પૃ.૫)
**પાંચ કટાર :** પંચ કટાર હે ભીતરિ નિમસ કરિ બેહાલ. (ગો.બા.શ્રીવાસ્તવ.૨૩૬)
**પાંચ પનિહારી :** એક કોરો કૂવો ને પાંચ પણિયારી. (હા.મા.હ.હા.-પૃ.૭૪)
પાણી ભરે છે ઓલી પાંચ પાણિયારી(ઊ.વા.શં.મ.-પૃ.૧૩૬)
**પંચ ભૂવંગા :** એકહી દાદુર ખાયો, પાંચહિ ભૂવંગા. (ઊ.વા.શં.મ.-પૃ.૩૧)
**પાંચ સુડા :** પાંચ સુડા ઊલટ બેઠા. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૨૧)
**પાંચ સખી/સાહેલી :** પંચ સખી મિલિ મંગળ ગાવૈ. (ક.ગ્રં.શ્યામ-પ.૮૧)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**પાંચ મૃગ :** ચરી ગયા મૃગલા ને પારધીને બાંધ્યો. (ગો.વા.શ્રીવાસ્તવ.પૃ.૫)
**વાછરડો :** બછરા દૂહૈ તીન્યૂં સાંઝ. (ક.ઉ.અભિ.-પૃ.૧૦૮)
**બરાત/તી :** ભાતે ઉલટિ બરાતિહિં ખાયો. (ક.ઊ.અભિ.-પૃ.૭૮)
**જાનૈયા :** વર વિના જાન હાલે ને જાનૈયા હરખાય જી. (દિ.ક.દિનકર દાસ-પૃ.૩૫)
**પાંચ ઇંટ :** પાંચ ઇંટ ને નોમન ગારો, દશ માલે બંગલો કીધો. (અ.પ્ર.મૂ.સર.-પૃ.૨૧૪)

**પંચવિકાર** (કામ,ક્રોધ, લોભ, મોહ, મત્સર )

**પંચ કુટુંબ :** પંચ કુટુમ્બ મીલી ઝૂઝન લાગે. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૨૦)
**પાંચ ભાઇ :** પાંચ ભાઇઓએ મઢૂલી બનાવી. (ઊ.વા.શં.મ.-પૃ.૧૪૧)
**પંચ જના :** પંચ જના મિલિ મંડપ છાયૌ. (ક.ગ્રં.શ્યામ-પૃ.૧૬૪)
**પાંચ સુડા :** પાંચ સુડા ઊલટ બેઠા. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૨૧)
**પાંચ ચેલા :** એક ગુરુના પાંચ ચેલા. (ગો.આ. કેશવલાલ-પૃ.૨૦૦)
**પંચ દુહેબા :** (પાંચ દોહવાવાળા) એક ગાય નૌ બછડા પંચ દુહેબા જાય. (ગો.બા.શ્રીવાસ્તવ - પૃ.૧૫૦)
**ભેંસ :** ખીલો દૂઝે રે મારે ભેંસ વલોણે. (ગો.વા.સ.સા.-પૃ.૪૮)
**પાડોશણ :** પાડોશણ હાલોલા ગાય. (ઊ.વા.શં.મ.-પૃ.૧)
**માતા-પિતા :** માતા મૂયે એક ફલ, પિતા મૂયે ફલ ચાર. (ક.ઊ.અભિ.પૃ.૬૦)

**પરમાત્મા** (ઇશ્વર)

**અણઘડ :** અણઘડ દેખા હે ગુરુ શૂનશિખર ગઢ માંહિ. (આ.ભ.વા.-મહેતા-પૃ.૩૩૮)
**અણજાયોવર :** અણજાયા વરને મારે વરવું. (શ્રી.ભ.સા.સ.સા.-પૃ.૧૪૨)
**અખંડ સ્વામી :** એ વાડીમાં અખંડ સ્વામી. (શ્રી.ભ.સા.સ.સા.-પૃ.૧૧૭)
**નિરંજન :** દશવૈ દ્વારે નિરંજન ઉનમન બાસા. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૩૧)
**પાની :** પાની મેં મીન પીયાસી. (બૃ.ભ.સા.-પૃ.૪૩)
**પિતા :** પિતા બ્રહ્મચારી. (ઊ.વા.શં.મ.-પૃ.૧૩૬)
**પિયુ/પ્રિતમ :** પીવ ને પોઢ્યો માઝૌ પાલનૈ. (ગો.બા શ્રીવાસ્તવ-પૃ.૧૨૬)
જેને પિયુ મલવાનો પ્રેમ હોય તે. (ધી.ભ.પ.સંપટ-પૃ.૭)
**પુરૂષ :** અલખ પુરૂષથી લેહ લાગી. (શ્રી.ભ.સા.સ.સા.-પૃ.૧૨૩)
અટળ મહેલમાં પુરુષ અભંગી. (જી.જ્યોત.રા.ભ.-પૃ.૧૨૩)
**પારસમણી :** પેસતાંને પારસમણી લાધી. (સૌ.હ.ભ.ક.-ગોહિલ-પૃ.૩૧૭)
**જોગી :** અમર નગરથી આવ્યો જોગી. (ઊ.વા.શં.મ.-પૃ.૧૮૧)
**માખા :** વહિં માંખી કો માખા નાહીં. (ઊ.વા.શં.મ.-પૃ.૩૩)
**સાસરુ :** ચિંઉટી ચાલી સાસુરે. (ક.ઊ.અભિ.-પૃ.૨૩)
**સસુર :** ખસમહિ છાડિ સસુર સંગ ગૌની. (ક.ઊ.અભિ.-પૃ.૭૨)
**ગુરુ :** અખંડ ગુરુજીને ઓળખો. (સો.સં.વા.-પૃ.૯)
**નટ :** બીના ડોર નટ ખેલ કરત હે, (અ.પ્ર.મૂ.સર. પૃ.૨૪૮)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## બુદ્ધિ

**કન્યા** (અપરિપક્વ બુદ્ધિ): ઘરઘર ફિરે કુમારી કન્યા, જને જને સો કરતી સંગ.
(ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૧)
**ગાય** (સાત્ત્વિક બુદ્ધિ) : બૈલ બિયાઇ ગાય ભઇ બાંઝ.(ક.બી.-૫૬.૮૦)
**ચીંટી/કીડી**(સૂક્ષ્મ બુદ્ધિ) : ચીંટી કેરા નેત્ર મેં ગજયેન્દ્ર સમાયેલા.(ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૭૩)
**ધી/દીકરી**(જ્ઞાનજન્ય બુદ્ધિ) : માઇ બાપ તજી ધી ઉમડાની.(ઊ.વા.સ્પ.-પૃ.૧)
**ધીય**(અસદ્ બુદ્ધિ) : માય ધરૈ પૂત ધિય સંગ જાય.(ક.બી. પૃ.૧૦૦)
**પતિવ્રતા**(એકનિષ્ઠ બુદ્ધિ): વૈશ્યા સુ તો ભઇ પતિબરતા એક પુરૂષ કે લાગી અંગ.(ઊ.વા.સ્પ. શર્મા-પૃ.૧૧)
**વેશ્યા**(અસ્થિર બુદ્ધિ) : વૈશ્યા સુ તો ભઇ પતિબરતા એક પુરૂષ કે લાગી અંગ.(ઊ. વા. સ્પ.શર્મા-પૃ.૧૧)
**પ્રજા**(બગ બુદ્ધિ) : ધણી પ્રજાને આધીન.(ઊ.વા.શં.મ.-પૃ.૧૫૩)
બગ બુદ્ધિએ માર્યો અહંકાર.(ધી.ભ.પ.સંપટ-પૃ.૫૧)
**ચિડિયા/ચકલી**(સુક્ષ્મ બુદ્ધિ) : ચિડિયા જાય બાજકો ઝપટા.(ન.ભ.ચૌહાણ.-પૃ.૨)
**વહુ**(એકનિષ્ઠ બુદ્ધિ) : સાસુ કુમારી વહુ અમલમે.(ઊ.વા.શં.મ.-પૃ.૧)
**ભેંસ**(તામસી બુદ્ધિ ): ભેંસ કે આગે ભવાની ચઢાઇ.(ગો.આ.કેશવલાલ-પૃ.૨૦૯)
**માછલી**(સત્ત્વ બુદ્ધિ-વૃતિ) : જળ કેરી માછલીએ બગલાને ગળિયો.(ગો.વા.સ.સા.-પૃ.૪૮)
**બગલો**(ધૂર્ત બુદ્ધિ) : જળ કેરી માછલીએ બગલાને ગળિયો.(ગો.વા.સ.સા.-પૃ.૪૮)
**લાકડું** (નિષ્ક્રિય બુદ્ધિ) : લાકડાએ સુથારને ઘડિયો.(એ.વા.ગૂ.શં.મ.-પૃ.૧૨૨)
**સમધી**(સમત્વ બુદ્ધિ) : સમધી કે ઘર લમધી આયે. (ક. ગ્રં. શ્યામ- પૃ. ૯૦)
**સૂઇ :** સૂઇ પોવૈ બામ્હણ મતવાલા.(ક.ગ્રં.શ્યામ.-પૃ.૯૧)

## બ્રહ્મતત્ત્વ

**અગ્નિમંથન :** અગ્નિ મથન કરિ લકરી કાઢી.(ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૮)
**ગગન ગાય :** ગોરષ લો ગૌપાલો ગગન ગાય દુહિ પીવૈ લો.(ગો.બા.શ્રીવાસ્તવ.-પૃ.૧૫૩)
**ગૌ :** ગગન મંડલમાં ગૌ ધેન બ્યાણી.(સો.સં.-પૃ.૯)
**કુંભાર :** બહુ વિધિ ભાંડે ઘડે કુંભાર(ક.ગ્ર.શ્યામ-પૃ.૫૩)
**ગાવત્રી :** ઐસી ગાવત્રી ઘરબારી હમારે.(ગો.બા.શ્રીવાસ્તવ.પૃ.૧૫૩)
**જલ :** ફૂટા કુંભ જલ જલહિ સમાના.(ક.ગ્રં.શ્યામ-પ.૪૪)
**જ્યોત :** જ્યોત મેં જ્યોત મિલાયારે.(હા.મા.હ.હા.-પૃ.૪૪)
**દૂધ :** તેના દૂધ પીધાં સટમાં (ઊ.વા.શં.મ.-પૃ.૧૪૭)
**પાની :** પાની મેં મીન પીયાસી.(બૃ.ભ.સા.-પૃ.૪૩)
**પાણી :** એ પાણીમાં દેવી દેવતા ડૂબ્યા.(ઊ.વા.શં.મ.-પૃ.૧૪૭)
**વહુ :** વહુ વીઆઇ સાસૂ જાઇ.(હ.સ્વ.વિ.શાહ.-પૃ.૭૭)
**બાપ :** બેટી બાપ કુ જાયા.(ગો.આ.કેશવલાલ-પૃ.૨૦૦)
હમ હી બાપ હરિ પૂત્ર હમારા.(ક.ઊ.અભિ.-પૃ.૧૧૦)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ભિક્ષા :** ભિક્ષા ફીરે બહુત ગુરુ તાકોં સો યહ ભિક્ષા ચેલે ખાઇ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૮)
**રોટી :** તવા ઉપર ચૂલો મેલી, પકાવી મેં રોટી પહેલી.(એ.ગૂ.વા.શં.મ.-પૃ.૯૦)
**સાગર :** સાત સાગર એક બુંદમાં સમાઇ.(ગો.આ.કેશવલાલ.-પૃ.૨૦૧)
**સાસ/સાસુ :** વહુ વીઆઈ સાસુ જાઇ.(હ.સ્વ.વિ-શાહ.પૃ.૭૭)
**શીતલતા :** સુરમાંહી શીતલતા ઉપજી, શીતલતામેં સુખ ભરપુર.(ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૪)
**સહજરૂપ :** સહજરૂપ સોહી પાયા.(ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૨૨)
**ડુંગર :** તરણાં ઓથે ડુંગર રે ડુંગર કોઇ દેખે નહીં.(ધી.ભ.પ.સંપટ.-પૃ.૨૨)
**કસ્તુરી :** કસ્તુરી મૃગ રાજન.(ધી.ભ.પ.સંપટ.-પૃ.૩૯)
**ઘર :** જે ઘર જાવું મુઆ પછી, તે ઘર જીવતા જુઓ.(અ.વા.સ.સા.-પૃ.૧૦૨)
**ગુરુજીનો દેશ :** હંસા ગઇ'તી ગુરુજીના દેશમાં.(એ.ગૂ.વા.શં.મ.-પૃ.૬)

**બ્રહ્મરન્ધ્ર**

**અંબર :** ધરતી બરસે અંબર ભીંજૈ.(ક.ગ્રં.શ્યામ.-પૃ.૧૬૨)
**આકાશ :** ધરતી ઊલટી આકાશ હી જાય.(ઊ.વા.શં.મ.-પૃ.૨૮)
**આસમાન :** વરસે ધરતી ભીંજે આસમાન.(સ.કે.વા.મ.દ.-પૃ.૧૪૮)
**ગગન :** ગગન મંડલ મૈ ગાય બિયાઇ.(ગો.બા. શ્રીવાસ્તવ-પૃ.૮૪)
ગગન બીચ અમૃત કા કૂવા.(બ્ર.ભ.હરિહર.-પૃ.૧૫૨)
**ડુંગર :** ડૂંગરિ મંછા જલિ.(ક.ગ્ર.શ્યામ-પ.૨૦)
**તરુવર/વૃક્ષ :** જલ કી મછલી તરુવર વિઆઇ.(શ્રી ભ.સા.સ.સા.-પૃ.૪૩)
**પર્વત :** નદી કેરાં નીર ઊલટી જઇ, પરવત પર બેઠા.(બૃ.કા.દો.-પૃ.૭૮૮)
**સરોવર :** બીના પાળ એક સરોવર ભરીયા.(ગો.આ.કેશવલાલ-પૃ.૨૦૦)
**માન સરોવર :** માન સરોવર ઝીલતાં રે.(ભ.ર.મ.દ.-પૃ.૧૭૦)
**શૂન્ય :** ઊલટી સરીતા ચાલી શૂન્યમાં.(ઊ.વા.શં.મ.-પૃ.૧૫૦)
**મહેલ :** ઓઇ મહેલમાં મેરમ બોલે.(મો.મ.આ.-ગોહિલ.-પૃ.૨૬૫)

**મન**

**ઊંટ :** ઊંટ પ્રનાલૈ બહિ ગયો.(ગો.બા.શ્રીવાસ્તવ.-પૃ.-૧૫૦)
**કઉઆ/કાગ :** કાબરે માર્યો કાગને.(એ.ગૂ.વા.શં.મ.-પૃ.૯૮)
**શ્વાન/કુતરો :** શ્વાન બીલીને ઝઘડો ચાલ્યો.(મા.મુ.ગ્રં.-પૃ.૬૬)
**કુંજર/હાથી :** કીડી કુંજરને નૃત્ય કરાવે.(ઊ.વા.શં.મ.પૃ.૧૫૩)
**કોટવાલ/કોટવાળ :** કોટવાળ કાટહુ કરી બાંધ્યો.(ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૩)
**ખૂંટા/ખીલો :** ગાડી પડરવા બાંધી લૈ ખૂંટા. (ગો.બા. રામલાલ-પૃ.૧૯૨)
ખીલો દૂઝે મારે ભેસ વલોણે. (ગો.વા.સ.સા.-પૃ.૫૦)
**ગજેન્દ્ર/હાથી :** અંબાડીએ ગજરાજને ગળિયો.(એ.ગૂ.વા.શં.મ.-પૃ.૯૦)
**ગરૂડ :** સાપે તો ગરૂડને ગળિયો.(એ.ગૂ.વા.શં.મ.-પૃ.૯૦)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ગુરુ :** શિષ્ય ગુરુને શિખામણ આપે. (એ.ગૂ.વા.શં.મ.-પૃ.૧૨૨)
**ગીધ :** માસુ ફૈલાઈ ગીધ રખવારિયા. (ક.ઊ.ભા.અભિ.-પૃ.૧૦૮)
**જરખ :** જરખ ચઢ્યો ડાઈનિ પરિ નીઠિ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૫)
**દરજી :** સુઈ બિચારી દરજી હી સીવૈ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૫)
**દાદુર/દેડકો:** એક હી દાદુર ખાયો પંચ ભૂવંગા. (ઊ.વા.શં.મ.-પૃ.૩૧)
**ચૂહા/ઊંદર :** મંજારી ચૂવે મારી. (ઊ.વા.શં.મ.-પૃ.૧૫૦)
**ધોબી :** કપરા ધોબી કો ગહિ ધોવૈ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૫)
**પુરૂષ :** ચંચલ પુરિષ બિચષન નારી. (ક.બી.-પૃ.૮૦)
**બંદર :** બંદર દૂહે ગાય. (ક.ઊ.અભિ. પૃ.૭)
**બગલો :** મછલી બગલાને ગલી ગઈ. (અ.પ્ર.મૂ.સ.સા.-પૃ.૨૩૧)
**બઢઈ/સુતાર :** લકડી બઢઈ કો ગહિ છીલૈ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૫)
**બ્રહ્મા :** હંસ ચઢ્યો બ્રહ્મા કે ઉપર. (અ.પ્ર.મૂ.સ.સા.-પૃ.૨૩૧)
**બાજ :** તેતરે બાજને ઝડપ્યો રે. (ઊ.વા.શં.મ.-પૃ.૧૫૦)
**વાઘ :** ગાયા બાઘ વિડારયાજી. (ગો.બા.શ્રીવાસ્તવ.-પૃ.૨૦૮)
**બૈલ/બળદ :** બૈલ બિયાઈ ગાઈ ભઈ બાંઝ. (ક.ઊ.અભિ.-પૃ.૧૦૮)
બૈલ ચઢ્યો હૈ શિવ કે ઉપર. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૫)
**ભમરો :** જેસા ભમરા પડે પુષ્પ પર. (ગો.નાથ.પટેલ.પૃ.૧૦૪)
**ભરથાર :** ચારેનો એક જ ભરથાર. (ઊ.વા.શં.મ.-પૃ.૧૪૧)
**માછલી/મચ્છ :** બ્રાહ્મણ તે મચ્છ મારે. (ગો.વા.સ.સા.-પૃ.૫૧)
**મૂર્ગો/મરઘો :** મરઘો મેરુ લઈ ઉડ્યો. (એ.ગૂ.વા.શં.મ.-પૃ.૯૮
**મૃઘ/મૃગ :**વન કાયા મેં મન મૃગ ચારો તરફ ચોકડી ભરતા હૈ. (શ્રી.ભ.સા.સ.સા.-પૃ.૪૯૭)
ચરી ગયો મૃગલો પારધીને બાંધ્યો. (ગો.વા.સ.સા.-પૃ.૫૦)
**મેઘ :** ઉન્યૌ મેઘ ઘટા ચહું દિશિ મેં. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૭)
**માંકડુ :** ઓલ્યા મદારીને માંકડુ નચાવે. (એ.ગૂ.વા.શં.મ.-પૃ.૧૩૭)
**મોર :** બરસૈ મોર કહુંકે સાવણ. (ગો.બા. રામલાલા-પૃ.૨૪૭)
**રાજા :** રાજાને રાજ ન ભાવે. (ગો.નાથ.પટેલ-પૃ.૧૦૪)
રૈયતથી રાજા ડરે. (ઊ.વા.શં.મ.-પૃ.૧૫૦)
**લુહાર :** ખાલ સુ બૈઠી ધમૈ લુહાર. (ઊ.વા. સ્પ.સ.સા-પૃ.૫)
**સિંહ :** સિંહ ચરાવત ગાય. (શ્રી ભ.સા.સ.સા-પૃ.૪૩)
**સાવજ :** ઘરઘર સાવજ ખેલે અહેરા. (ઊ.વા. શં.મ.-પૃ.૨૩)
**સુનાર/સોની :** સોનાએ ઘડ્યો સોનાર. (ઊ.વા. શં.મ.-પૃ. ૧૫૩)
**પંખી :** નામનો ફરે પંખી નામનો ફરે. (જી. જ્યોત. રા.ભા.-પૃ.૧૨૩)
**બકરી :** બકરી બેચે કસાઈ કો માંસ. (ગો. આ. કેશવલાલ-પૃ.૨૦૯)

**માયા**

**આંબો :** ચલિ રે અબિલા કોયલ મોરી. (ગો.બા. શ્રીવાસ્તવ-પૃ.૨૦૬)
**અગ્નિ :** અગ્નિ હોકર અગ્નિમેં મિલ જાય. (અ. કા.ખુશી-પૃ. ૫)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**કુંવારી/કુમારી :** અવલ કુવારીએ વિવાહ માંડયો. (દિ.ક.-દિનકરદાસ-પૃ.૪૬)
નહિ કુમારી નહિ પરણેલી. (ઊ.વા. શં.મ.-પૃ.૧૩)
**કામધેનુ :** અવધૂ કામધેનુ ગહી બાંધી રે. (ક.ગ્રં.શ્યામ. પદ-૨૪૧)
**ગંગ :** પાહન ફોરી ગંગ એક નિકલી. (ઊ.વા. શં.મ. પૃ.૩૩)
**ગાય :** ગાય તો નાહર ખાયો. (ક.બી.૧૧૧)
**જલ :** જલ મધ્યે જાલંધર ધિકાવું. (ધી.ભ.૫.સંપટ-પૃ.૨૫)
સાયર જલે સકલ બન દાઝે. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૨૦)
**ડાઈન/ડાકણ :** ડાયની ડારે સુનહા ડોરે. (ઊ.વા.સ્પ.શર્મા-૨૦)
**ડુકરિયા :** સોવૈ ડુકરિયા ઠૌરે ષાટ. (ગો.બા.શ્રીવાસ્તવ.-પૃ.૧૯૨)
**નણંદ :** નણંદ સહેલી ગરક ગહેલી. (ક.ગ્રં.શ્યામ.-૫.૨૩૦)
**નદી :** નીર વિનાની નદીઓના પુરમાં, દેખો બધો જગ ડૂબ્યો જાય. (અ.પ્ર.મૂ.સ.સા.-પૃ.૯૦)
**નારી :** પહલાં પુરિષ કે નારી જી. (ગો.બા.શ્રીવાસ્તવ.-પૃ.૧૨૬)
વામેં કૌન પુરૂષ?કોન નારી. (ઊ.વા.શં.મ.-પૃ.૧૩)
**પાણી :** એ પાણીમાં દુનિયા ડૂબી. (એ.ગૂ.વા.શં.મ.-પૃ.૨૩૫)
ચહુ દિશિ પાની પાની. (ઊ.વા.શં.મ.-પૃ.૩૩)
**પુષ્પ :** પુષ્પ બિના એક તરુવર ફલિયા. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૨૨)
**વાંઝણી :** વાંઝણી તે જનેતા બની. (અ.પ્ર.મુ.સ.સા.-પૃ.૧૪૭)
**બિટિયા/બેટી :** બેટીએ જનમ્યો બાપ. (બૃ.ભ.સા.-પૃ.૩૪)
**બિલ્લી :** કુતા કૂં લૈ ગઈ બિલાઈ. (ક.ગ્રં.શ્યામ.-૫.૧૧)
**વેલડી/વરખડી/વેલ :** એક વરખડી ભાળી, નહીં પાન ને ડાળી. (૨.૨.દી.ગો.-પૃ.૧૬૮)
**મેંડકી :** મા મેડકીએ મણિધર માર્યો. (ઊ.વા.શં.મ.-પૃ.૧૫૩)
**માઈ :** પહેલે પુત પીછે રે માઈ. (શ્રી ભ.સા.સ.સા.-પૃ.૪૩)
**માતા :** જુગત બેટીએ માતા જાયા. (ચૂં.ભ.પલાણ.-પૃ.૫૨)
માતા કુંવારી જેનો બાપ બ્રહ્મચારી. (હા.મા.હ.હા.-પૃ.૭૪)
**મૃગજળ :** મૃગતૃષ્ણાનું નીર જ ભર્યુ. (અ.કા.કૃ.-પૃ.૩૨)
**લંકા :** લંકા છાડી પલંકા જાયબા. (ગો.બા.શ્રીવાસ્તવ.-પૃ.૬૪)
**સર્પિણી/નાગણી :** તેને તીરે વસે નાગણી જાળવજે નહિતો ખાશે. (ભ.૨.મ.દ.-પૃ.૧૭)
**સાસુ/ડી :** સાસુડી પારણિયે ને વહુજી હીંચોળે. (ગો.વા.સ.સા.-પૃ.૪૮)
સાસુડી બાલ કુમારી. (ઊ.વા.શં.મ.-પૃ.૧૩)
**સુહાગણ :** એક સુહાગિન જગત પિયારી. (ક.ગ્રં.શ્યામ.-૫.૧૬૧)
પચીસ પદમણી પતિવ્રતા નારી છે. (મા.મુ.ગ્રં.-પૃ.૫૪)
**સમુદ્ર :** સમુદ્રને પી ગયો મીન. (ઊ.વા.શં.મ.-પૃ.૧૫૩)
**તરુવર :** બીના મુળ એક તરુવર ઠાડા. (ચૂં.ભ.પલાણ.-પૃ.૫૨)

**મૂલાધાર**

**પાતાલ :** સાધૈ તીર પાતાલ કૂં ફિરિ ગગનહિ મારૈ. (ક.ગ્રં.શ્યામ.-૫.૧૫૪)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ધરતી :** ધરતી વરસે ભીંજે આસમાન.(ઊ.વા.શં.મ.-પૃ.૧૪૧)
**નેવુ :** નેવલાંનાં નીર મોભે જાય.(ઊ.વા.શં.મ.-પસ.૧૪૧)
**ચૂલો :** સારી પૃથ્વી કા ચૂલા બનાયા.(હા.મા.હ.હા.-પૃ.૪૪)
**પૃથ્વી :** પૃથ્વીના માલિકા તારો પાર ન પાયો.(સો.સં.-પૃ.૯)
**ગાગર :** તળે રે ગાગર ઉપર પાણિયારી.(ઊ.વા.શં.મ.-પૃ.૧૩૬)

**યમ**

**શૂદ્ર :** મૃતક પશુ શુદ્રકુ ઉચરે.(ગો.બા.શ્રીવાસ્તવ.-પૃ.૨૦૬)
**સર્પ :** મીંડક સોવૈ સાંપ પહરઈયા.(ક.બી.-પૃ.૧૬૬)
**કાળ :** નીરભય હોય રહે સબ જગમેં કાલ કો નાચ નચાયા.(ન.ભ.ચૌહાણ.-પૃ.૨)

**શૂન સરોવર / માન સરોવર**

**શૂની શિખર :** શૂન્ય શિખર ગઢ દીઠા મીઠા.(શ્રી ભ.સા.સ.સા.-પૃ.૧૨૩)
**શૂન્ય મંડળ :** શૂન્ય મંડળની શેરીએ અગમ ઘર જોયું.(અ.ભ.ગુ.પ.ત્રિ.-પૃ.૫૬)
**ગગન મંડલ :** ગગન મંડલ મેં નોબત બાજે.(બૃ.ભ.સા.-પૃ.૩૪)
**ગગન ગુફા :** ગગન ગુફા મેં ચાલી ગરજના.(શ્રી ભ.સા.સ.સા.-પૃ.૧૧૭)
**ગગન ઘટા :** ગગન ઘટા લ્યો ગોતી રે.(શ્રી ભ.સા.સ.સા.-પૃ.૧૧૭)
**ભંવર ગુફા :** ગુરુ દત્ત દેખા રૈ બંદા ભમર ગુફા કે માંહિં.(આ.ભ.વા.-મહેતા.-પૃ.૩૩૮)
**દસવા દ્વાર :** દસવેં દ્વાર નિરંજન ઉનમન.(ગો.બા.શ્રીવાસ્તવ.-પૃ.૧૩૧)
**ઊંધો કૂવો :** ઊંધો કૂવો ને પાંચ પાનિયારી.(ગો.નાથ.પટેલ.-પૃ.૧૦૧)
**ઊંડો કૂવો :** ઊંડા કૂવા સંતો જળ વિના.(બૃ.કા.દો.-પૃ.૭૮૮)
**અટળ મોહોલ :** અટળ મોહોલમાં પુરૂષ અભંગી.(જી.જ્યો.રા.ભ.-પૃ.૧૨૩)
**ઔઘટ ઘાટ :** ઔઘટ અમ્મર છીજૈ.(ક.ઊ.અભિ.-પૃ.૧૦૪)
**મંદિર :** ત્રિકુટી કુણ્ડલ મધ્યે મંદિર બાજૈ.(ક.ઊ.અભિ.-પૃ.૧૦૪)
**છાબ :** માળી છાબમાં દીઠોજી.(બૃ.કા.દો.-પૃ.૭૮૮)
**કમળ :** તળે રે ભમર ઉપર કમળ છે.(બૃ.કા.દો.-પૃ.૭૮૮)
**નિજધામ :** નેજા રોપ્યા નિજ ધામમાં.(ભ.ર.મ.દ.-પૃ.૧૭૦)

**વિષય વાસના**

**આગ/અગ્નિ :** પાની મેં લાગી હૈ આગ.(ઊ.વા.શં.મ.-પૃ.૩૧)
**કઉવા/કાગડો :** કઉવા કી ડાલી પીપલ બાસૈ.(ગો.બા.શ્રીવાસ્તવ.-પૃ.૧૯૨)
**દૂધ-દહી :** દૂધ-દહી કી ઇચ્છા ભાગી જાકો મથી સકલ સંસાર.(ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૮)
**બકરી :** બકરી બિઘાર ખાયૌ.(ક.ગ્રં.શ્યામ.-પ.૧૬૦)
સુએ પકરી બિલાઇ ખાઇ.(ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૩)
**ભાત :** ભાતે ઉલટી બરાતિહિ ખાયો.(ક.ઊ.અભિ.-પૃ.૭૮)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**માંસ :** માંસ પસારી ચીલ્હ રખવારી. (ક.બી. -પૃ.૮૦)
**મિઠાઈ :** લાગી સબૈ મિઠાઈ ખારી. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૬)
**સાસુ :** સાસુ કી દુ:ખી સસુર કુ પ્યારી. (ક.ગ્રં.શ્યામ. -પ.૨૩૦)
**ફૂલ :** ફૂલવા કે છૂવત ભંવર મહિ જાય. (ક.ઊ.અભિ.પૃ.૧૦૦)
**સપનું :** સુપના હાથ ન આવે. (ગો.નાથ.પટેલ. -પૃ૧૪)
**છાશ :** સુગરે શોધીને માખણ ખાધું, તેની છાશે જગત ભમાવા. (ગો.વા.સ.સા. -પૃ.૫૨)
**હરણી :** હરણીએ પાસો નાંખીઓ. (બૃ.કા.દો. -પૃ.૭૮૮)
**કામિનિ :** કામિનિ જલૈ અંગિઠી તાપૈ. (ગો.બા.શ્રીવાસ્તવ. -પૃ.૧૯૨)
**ભૂભુરિ(ગરમ રેતી) :** પાનિ માંહી તલફી ભૂભુરિ, ધૂરિ હિલોરા દેઈ. (ઊ.વા.સ્પ. શર્મા-પૃ.૨૩)

**શરીર**

**અષ્ટકુલ પરવત :** અષ્ટકુલ પરબત જલ બિન તરિયા. (ગો.બા.શ્રીવાસ્તવ. -પૃ.૧૨૬)
**અંગીઠી :** કામિનિ જલૈ અંગિઠી તામૈ. (ગો.બા.શ્રીવાસ્તવ. -પૃ.૧૯૨)
સુન્દર એક અચમ્ભા હૂવા પાની માંહે જરે અંગીઠિ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૫)
અંગુઠો મરડીને પિયુને જગાડીયા. (દા.દ. જૂન-૨૦૦૨, પૃ.૨૪)
**કપડા :** કપરા ધોબી કૂં ગહી ધોવૈ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૫)
**કંબલી :** બરિષેગી કંબલી ભીજૈગા પાંણી. (ગો.બા.શ્રીવાસ્તવ. -પૃ.૧૯૨)
**કુંભ :** જલમેં કુંભ કુભમેં જલ. (ક.ગ્રં.શ્યામ. -પ.૪૪)
**કૂવો :** વૈરાગરૂપી અગ્નિ લાગી કાયા કૂવા કે માંય. (અ.પ્ર.મૂ.સર. -પૃ.૨૧૯)
**ખેતર :** હાલી માંહે નિપજ્યો ખેત. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૭)
**ઘટ/ઘડો :** અમરા પુરી નિજ ઘટમાં રે. (અ.વા.સ.સા. -પૃ.૧૩)
સબ ઘટમાં તો રહ્યો સમાય. (મો.મ.આ. -ગોહિલ)
**ચરખો :** ચરખા તેરા રુગ રગીલા. (બૃ.ભ.સા. -પૃ.૩૪)
**ઝોળી :** પાત્ર માંહિ ઝોલી ગહિ રાખે. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૮)
**દેવળ :** વણ દેવળ વણ દેવતા. (ક.સં.ક.કારાણી)
દેવળિયે દેવને જગાડ્યા. (એ.ગૂ.વા.શં.મ. -પૃ.૧૫૪)
**નગરી :** કૈસે નગરી કરો કુટવારી. (ક.બી. -પૃ.૮૦)
**નાવડી :** નાવડી ઉપર નીર ચડ્યુ. (ઊ.વા.સ્પ.શર્મા. -પૃ.૧૫૩)
**પર્વત :** અવધૂ અહૂઠ પરબત મંઝાર. (ગો.બા.શ્રીવાસ્તવ.પૃ.૧૬૧)
**પથ્થર :** પાવક વરસે પથ્થર ભીંજે. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૪૭)
**પિંજર :** મેના બોલે પાંજરે સુણ ભઈ મનવા રાજા. (ક.સં.ક.કારાણી. -પૃ.૮૫)
**ફૂલ :** ફૂલ માળીને ચૂંટે રે. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૬૩)
**બાંબી/દર :** સરપ મરે બાંબી ઊઠિ નાચે. (ગો.બા.શ્રીવાસ્તવ. -પૃ.૨૪૪।
**બંગલો :** દશ માળે બંગલો કીધો. (અ.પ્ર.મૂ.સર. -પૃ.૨૧૪)
**વાડી :** ગિર ગયા કૂવા રે સંતો સુકાઈ ગઈ વાડી. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૩૬)
**મસ્જિદ :** એક મસીત દશો દરવાજા. (ક.ગ્રં.શ્યામ. -પૃ. ૪૭)
**મંડપ :** પંચ જના મીલી મંડપ છાયો. (ક.ગ્રં.શ્યામ. -પૃ.૧૬૪)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**મઢૂલી :** પાંચ ભાઈઓએ મઢૂલી બનાવી. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૪૧)
**મંદિર :** મંદિર સદા અંધારા. (ક.ગ્રં.શ્યામ. -પૃ.૮૧)
**માટી :** માટી બપુરી ઘડે કુંભાર. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૫)
સાયર જલૈ સકલ બન દાઝૈ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૨૦)
**વન :** વન કાયા મેં મન મૃગ ચારો તરફ ચોકડી ભરતા હૈ. (શ્રી ભ.સા.સ.સા. -પૃ.૪૭૯)
**શહેર/શહર :** શહર જગે પહરુ સુખ સોવૈ. (ક.ઊ.અભિ.પૃ.૯૬)
**હાટડી :** નવી નવી હાટડી, માંહી જૂના જૂના નાણા. (સ.કે.વા.મ.દ. -પૃ.૧૪૯)
**હાંડી :** ખિચરી માંહિ હંડીયા રાંધી. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૧)

**વીર્ય**

**જલ :** જલમેં જ્યોતિ જગાયા. (ચૂં. ભ.પલાણ. પૃ.૫૨)
**પાણી :** ગર્ભ રહા બીનું પાની. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૩૩)
**બ્યંદ/બુંદ :** બુંદ માંહી સમુદ્ર સમાનો. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૩)
**સરોવર :** રાતિ સરોવર સોષ. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૫૩)
**બીજ :** બીજ બિનુ અંકુર. (ક.ઊ.અભિ. -પૃ.૭૬)
બીજ બિન નિસપતી મૂલ બિન બિરષા. (ગો.બા.શ્રીવાસ્તવ. -પૃ.૧૪૫)

**શબ્દ**

**ગાય :** ગગન મંડલ મૈં ગાય બિયાઇ કાગદ દહી જમાયા. (ગો.બા.શ્રીવાસ્તવ. -પૃ.૮૪)
**તીર :** બાહણ લાગા તીર. (ક.ગ્રં.શ્યામ. -પૃ.૬)
**બાણ/શર :** ધ્રુણહી બાંણ ન થી સરતાંણ. (ગો.બા.શ્રીવાસ્તવ. -પૃ.૧૬૧)
**કૂંચી :** શબદ હી તાલા શબદ હી કૂંચી. (ગો.બા.શ્રીવાસ્તવ. -પૃ.૫૦)
**વાણી :** વાણી રે વાણી મારા સતગુરુની વાણી. (ગો.વા.સ.સા. -પૃ.૪૮)
**બાણી :** સુણૌ ઉનોપમ બાંણી જી. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૨૦૮)
**વેદ :** ઢીમર બેઠો વેદ વાંચે. (ગો.વા.સ.સા. -પૃ.૫૧)
**તાળું :** શબદ હી તાલા શબદ હી કૂંચી. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૫૦)

**શ્વાસ-ઉચ્છ્વાસ**

**ઊંટ :** ઊંટ પ્રનાલૈ બહિ ગયો. (ગો.બા.શ્રીવાસ્તવ. -પૃ.૧૫૦)
**ખાલ :** ખાલ સુ બૈઠી ધમૈ લુહાર. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૫)
**ધાગા :** સહંસ ઈકીસ છસૈ ધાગા. (ક.ગ્રં.શ્યામ. -પૃ.૧૦૯)
**ઘોડો :** પવન રૂપી ઘોડો પલાણ્યો. (સૌ.હ.ભ.ક. -ગોહિલ. -પૃ.૩૧૭)
**ભુવંગમ :** ઐસા ભુવંગમ જોગી કરે. (ગો.બા.શ્રીવાસ્તવ. -પૃ.૨૨૮)
**ઓહંમ્-સોહંમ્ :** ઓહમ-સોહમ ગુરુએ લહેરો ચઢાઈ. (ગો.આ.કેશવલાલ. -પૃ.૨૧)
ઓહં ભરતા ને સોહં ઉડાતા. (ક.સં.ક.કારાણી. -પૃ.૧૩૯)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**પવન :** મન પવન અગમ ઉજિયાલા. (ગો.બા.શ્રીવાસ્તવ.-પૃ.૧૩૧)
**હિડોલન/હિંડોળો :** તિહાં હૂં હીંજ હિડોલન. (ગો.બા.શ્રીવાસ્તવ.-પૃ.૧૨૬)
**અરધ-ઉરધ :** અરધ ઉરધ કે ઘાટ કે અંદર. (શ્રી ભ.સા.સ.સા.-૧૧૭)
**અજંપા :** અજંપાના જાપ જપતા ચડે ઉલટી વીરજી. (સં.પ.વિ.-પૃ.૯૦)
**દોરી :** બીના દોર નટ ખેલ કરત હૈ. (અ.પ્ર.મૂ.સર. પૃ. ૨૪૮)

**સંસાર**

**કુટુંબ :** સઘળું કુટુંબ પરવાર્યુ રવિ કહે. (મૌ.પ.કરશનદાસ યાદવ)
**ખેતર :** ખેતર પાક્યું રે રખોલિયાને ખાધો. (ગો.વા.સ.સા.-પૃ.૫૦)
**ચોક :** ચૌક કે રંગિ ઘર્યો સગૌભાઈ. (ક.ગ્રં.શ્યામ.-પૃ.૯૨)
**ચોમાસુ :** ચાત્રિગમેં ચોમાસા બૌલે. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૭)
**જડ/મૂળ/થડ :** આંબલિયો થલિ મૌરિયો. (ગો.બા.શ્રીવાસ્તવ.-પૃ.૧૫૦)
**જંગલ :** યા જંગલ મેં પાંચો મૃગા. (ક.ગ્રં.શ્યામ.-૫.૫૧)
**ડાળ :** ડાલ ગહ્યા થૈ મૂલ ન સૂઝૈ. (ક.ગ્રં.શ્યામ.-૫.૧૬૨)
તરુવર એક મૂલ બિન ઠાડા. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૯)
**તરુવર :** જૂઓ ઝાડ એક ઉગ્યુ રે. (બૃ.કા.દો.-પૃ.૨૯૬)
**વૃક્ષ :** જીવ જંતુ સબ વૃક્ષ હિ ચઢઈ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૨૮)
**નદી :** સો નૈયા બિચ નદિયા ડૂબી જાય. (ક.ઊ.અભિ.-પૃ.૧૦)
**નીર/પાણી :** પાની મેં લગી હૈ આગ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૩૧)
**પહાડ/પર્વત :** બિન પવન જો પર્વત ઊડૈ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૨૮)
**નૈહર/પિયર :** સન્તો સસુરે કા પઢવો સંદેશ નૈહરવા મેં આગ લગી. (ક.ઊ.અભિ.-પૃ.૯)
**વન :** સાયર જલે સકલ બન દાઝૈ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૨)
વનમાં સિંહ ચરાવે ગાય. (ગો.આ.કેશવલાલ.-પૃ.૨૦૯)
**સાગર/સમુદ્ર :** સાયર જલે સકલ બન દાઝૈ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૨૦)
**નૌકા/નાવ :** નાવ મેં નદીયા ડૂબી જાય. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧)
**સરોવર :** સાધુ સરોવર ઝીલતા રે. (હ.સ્વ.વિ.શાહ.-પૃ.૧૧૯)
**રેંટ :** બિન બલદાં રેંટ ચલાવે. (ગો.નાથ.પટેલ.-પૃ.૧૪)

**સાધક**

**અહેરી/શિકારી :** એક અહેરી બન મેં આયો, ખેલન લાગો સિકાર. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૫)
**આંધળો/બહેરો/મુંગો :** અંધે તે અક્ષર વાંચીયા, બહેરે સુણી વાત
મુંગે ચરચા બહુ કરી તેની વેદ પુરે છે સાખ. (અ.વા.સ.સા.-પૃ.૧૫)
**ખેચરગત :** ખેચરગત ખેચર લહે ભુચરને દોહલું. (અ.વા.સ.સા.-પૃ.૧૦૦૩)
**ગ્વાલ/ગોવાળ :** જાતિ બિહુનાં લાલ ગ્વાલિયા. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૫૩)
**ચોર :** સદગુરુએ મને ચોરી શિખવાડી. (સૌ.હ.ભ.ક.ગોહિલ.-પૃ.૩૧૭)
**ગારૂડી :** ગોરખનાથ ગારૂડી પવન બેગિ લ્યાવૈ. ( ગો.બા.શ્રીવાસ્તવ પૃ. ૪૫)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**જોગી :** ચાર જુગના અમો જોગી. (ધી.ભ.પ.સંપટ.-પૃ.૨૫)
**ફકીર :** બનગિયા ફકીર, ગુરૂ તારા નામને જંજીર. (સં.પ.વિ.-પૃ.૯૦)
**ધોબી :** ધોબી ધોવૈ ત્રિવેણી કી ઘાટી. (ગો.બા.શ્રીવાસ્તવપ.પ૪)
**પંગુ :** પંગુ પુરૂષ ચઢે બિન સીઢી. (બ્ર.ભ.હરિહર-પૃ.૧૫૨)
**પંથી :** પંથી માહી પંથ ચલિ આયો. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૫)
**પારધી :** ચરી ગયા મૃગલા પારધી બાંધૂ. (ગો.બા.શ્રીવાસ્તવ-પ.૬૦)
**મરેલ/મૃત :** મરેલાને જો મરેલા મળે તો એને આવાગમન ના હોય. (સ.સ.નિ.ગુ.-પૃ.૨૨)
**વિપ્ર :** વિપ્ર રસોઇ કરને લાગો. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૧)
**પુરાનર :** પુરા નર તે પહોંચ્યા નિર્વાણ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૪૧)
**ભીલ :** ભીલડૈ તિહાં તાણિયો બાંણ. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૬૧)
**મરમી :** કોઇ મેરમ હો સો પાવે. (બૃ.ભ.સા.-પૃ.૩૪)
**માળી :** વાડી માહે માલી નિપજ્યો. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૭)
**બ્રાહ્મણ :** સૂઈપોવૈ બાહ્મણ મતવાલા. (ક.ગ્રં.શ્યામ.-પૃ.૯૧)
**સાધુ :** કરસન પાકુ રખવાલા સાધુ. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૨૧૧)
સાધુનો વૈકુંઠ વાસ. (ગો.વા.સ.સા.-પૃ.પ૧)
**શાણો :** સ્યાણાજન સમજે રે અનુભવ ઉરમાંધારી. (મા.મુ.ગ્રં.-પૃ.પ૪)
**સંત :** સાચા સંત સુધીર. (યો.વે.ભ.ભં.-પૃ.૮)
**સુગરો :** સુગરે શોધીને માખણ ખાધું. (ગો.વા.સ.સા.-પૃ.પ૨)
**હરિજન :** ત્યાં હરિજન બેઠા અમૃત પીએ. (ભ.૨.મ.દ.-પૃ.૧૭૦)

**સુરતી/સુરતા**

**ગાય :** ગાય તો નાહર ખાયો. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૩૧)
**ચીંટી/કીડી :** કીડી બિચારી કીડી રે, કીડીના લગનિયા લેવાય. (ભો.ભ.વા.-પૃ.૬૦)
એક ચીંટીએ પર્વત ઢાયો. (હ.સ્વ.વિ-શાહ-પૃ.૧૨૫)
**ડોરા/દોરી :** પ્રેમ દોર કોઇ ચડ ચલે. (યો.વે.ભ.ભં.-પૃ.૧૯૦)
ટૂટી ડોરી રસ કસ બહે. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૨૮)
**તાર :** તા કો તાર ન ટૂટે કબહુ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૦)
**દુલહન :** દુલહિન લીપી ચૌક બૈઠારી. (ક.ઊ.અભિ.-પૃ.૭૮)
**દેખનવાલી/જોવાવાળી :** દેખનવાલી કો પૂત જનમિયા. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧)
**બાતી :** દીપક જરૈ જરૈ નહિં બાતિ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૬)
**બેલિ/વેલ :** વેલો મૂળ વિના અધર ભયો. (૨.૨.દી.ગો.-પૃ.૧૬૮)
**રોટી :** રોટી ઉપર તવા ચડાઇ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૧)
**લાકડી :** અગ્નિ મથન કરી લકડી કાઢી. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૮)
**સાસુ :** બહુ બિચારી બડી બખ્તાવર જા કે કહે ચલતી હૈ સાસ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૦)
**સુઇ :** સુઇ બિચારી દરજી હી સીવૈ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૫)
**સરિતા :** ઊલટી સરિતા ચાલી શૂન્યમાં. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૫૦)
**સુહાગણ :** નૂરતેં સરતેં સુહાગણ ખેલે. (જી.જ્યો.રા.ભ.-પૃ.૧૨૩)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**મંછા-માછલી :** મંછા બસૈ પહાડી. (ક.ગ્રં.શ્યામ. -પૃ.૯૧)

## સંખ્યાવાચક પ્રતીકો

ભારતીય લોકસંતોએ ઉપયુક્ત પ્રતીકોની સાથે સંખ્યાવાચક પ્રતીકો દ્વારા પણ પોતાને થયેલ અધ્યાત્મ અનુભૂતિને આકલિત કરી છે. આ પ્રકારના પ્રતીકો ભારતીય ચિંતનધારામાં છેક વૈદિક કાળથી પ્રયોજાતા આવ્યા છે. લોક સંતોએ આ વૈદિક પરંપરાનો સહજ સ્વીકાર કરી, જરૂર જણાઈ ત્યાં નવા અર્થઘટનો આરોપી, પોતાની અનુભૂતિને વાચા આપી છે. જેને પરિણામે એકનું એક પ્રતીક વિવિધ અર્થછાયાઓ પ્રગટાવે છે. જેમકે સંખ્યાવાચક 'એક', શબ્દ, આત્મા, બ્રહ્મ, બ્રહ્મરન્ધ્ર, ચંદ્ર, શરીર, વિષય, વાસના એમ અનેક સંદર્ભે પ્રયોજાય છે. 'અવણવાણી'રચનાઓમાં પ્રયોજાયેલ આ પ્રકારના સંખ્યાવાચી પ્રતીકોને નીચે મુજબ વિભાજી શકાય.

### એક

**આત્મા :** એ ચારેનો એક જ ભરથાર. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૪૧)
એક ગાય નૌ બછડા. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૫૦)
**ચંદ્ર :** એક ફૂલ સોલહ કરંડિયા. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૫૦)
**બ્રહ્મ :** એક પંખી નજરે આયા. (ગો.આ.કેશવલાલ. -પૃ.૨૦૦)
બીના મૂળ એક તરુવર ઊભું. (ગો.આ.કેશવલાલ. -પૃ. ૨૦૦)
**બ્રહ્મરન્ધ્ર :** એક કોરો કૂવો. (હા.મા.હ.હા. -પૃ.૭૪)
બીના પાળ એક સરોવર ભરીયા. (ગો.આ.કેશવલાલ. -પૃ.૨૦૦)
**શરીર :** એક વૃક્ષ કેભીતર નદી ચાલી. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૨૧)
**વિષય વાસના :** એક હી દાદુર ખાયો પાંચ ભુવંગા. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૩૧)
**માયા :** નારી એક પુરૂષ દુઇ જાયા. (ઊ.વા. સ્પ.શર્મા-પૃ.૩૩)
**મન :** એક સગુણ ષટ ચક્રહિ બંધે. (ક.ઊ. અભિ. -પૃ.૧૦૪)

### બે

**ઈડા-પિંગલા :** દોઉ મીલી તહાં ઝૂલન લાગૈ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૨૧)
**જીવ-શીવ :** નારી એક પુરૂષ દુઇ જાયા. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૩૩)
**રાગ-દ્વેષ :** ગદહા કે દો સીંગ. (ક.ઊ.અભિ. -પૃ.૧૧)
**જ્ઞાન-વૈરાગ્ય :** ગગન મંડળમાં બે બાળક ખેલે. (સો.સં. -પૃ.૯),

### ત્રણ

**ત્રણ લોક :** (આકાશ, પૃથ્વી,પાતાળ)ત્રણે ભુવનમાં ઉસકી છાયા. (અ.પ્ર.મૂ.સર. પૃ.૨૨૧)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**ત્રણ ગુણ :** (સત્ત્વ, રજ, તમસ) તીની રાજ ત્રિબિધિ કુલં નાંહી. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૩૧)
**સુષમણા :** ત્રિદુતિ આસન પર બેઠા તેડી. (ધી.ભ.પ.સંપટ.-પૃ.૩૭)
**ત્રણ દુર્ગુણ :** (કામ,ક્રોધ,લોભ) જેઠ તીન ભોજાઇ જરિ ગઇ. (ક.ઊ. અભિ.-પૃ.૯)
**ત્રિવેણી/ત્રિકુટી :** ત્રિવેણીના તીરમાં હંસા ચુગતા હીર. (યો.વે.ભ.ભં.-પૃ.૮)
**ત્રણ દેવ :** (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ) ઈન તિનવાની મૈં ઘર ઘરણી. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૨૬)
**ત્રણ નાડી :** (ગંગા, યમુના, સરસ્વતી) તીનિ નદી તહં ત્રિકુટી માંહિ. (ક.ઊ.અભિ.-પૃ.૧૨૫)

**ચાર**

**ચારયુગ :** (સત, દ્વાપર, ત્રેતા, કલ) ચાર જુગના અમો જોગી. (બૃ.કા.દો.-પૃ.૭૬૪)
ચાર ચાર જુગ કી લકડી જલાઈ. (હા.મા.હ.હા.-પૃ.૪૪)
**સંસાર :** ચૌકે કે રંગિ ઘર્યો સગો ભાઇ. (ક.ગ્રં.શ્યામ.-પૃ.૯૨)
**અંત:કરણ ચતુષ્ઠય :** (મન, બુદ્ધિ, ચિત, અહંકાર) દુલહિન લીપી ચૌક બેઠારી. (ક.ઊ. અભિ.-પૃ.૭૮)
જના ચાર મિલિ લગન સુધાયો. (ક.બી.-પૃ.૧૬૬)
**તુરીયાવસ્થા :** ચૌથા પદમૈં જાઇ સમાવૈ. (સું.ગ્રં.શર્મા-પૃ.૧૫૨)

**પાંચ**

**પંચેન્દ્રિય** (કાન, નાક, જીભ, આંખ, ત્વચા) : એક કોરો કૂવો ને પાંચ પનિહારી. (હા.મા.હ.હા.-પૃ.૭૪)
**પંચપ્રાણ** ( અપાન,પ્રાણ,વ્યાન,ઉદાન, સમાન) : પાંચ ભાઇઓએ મઢૂલી બનાવી. (ઊ.વા.સ્પ.શર્મા.-પૃ.૧૪૧)
**સહસ્રાર :** પાંચ સહસ મે ષટ અપૂઠા. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૩૧)
**કૈવલ્યપદ :** શિવ સમાધિ પંચ ઘર મેલા. (ગો.બા.શ્રીવાસ્તવ.-પૃ.૨૪૭)
**પંચભૂત** (આકાશ, પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ) : પંચ ભૂત ને તીન ગુણ સેવે જગત તમામ (અ.પ્ર.મૂ.સર.-પૃ.૧૯૫)
**પાંચ જ્ઞાનેન્દ્રિય** (વાચા, હાથ, પગ, અપદ્વાર, ઉપસ્થ): પાંચ સૂડા ઉલટ બેઠા. (ઊ.વા.સ્પ. શર્મા- પૃ.૨૦)
**પાંચ શત્રુ** (કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર): પાંચકુ મારી પચીશકુ વારી કામ ક્રોધ હઠાયા. (ભો.ભ.વા.-પૃ.૧૧૧)

**છ**

**મન :** છઠ્ઠો છે મહા ચતુર સુજાણ. (ઊ.વા.સ્પ.શર્મા-પૃ.૧૪૧)
**આજ્ઞાચક્ર :** છઠે વાસે ગુરુજ્ઞાન બતાયા. (ગો.આ.કેશવલાલ.-પૃ.૨૦૦)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**અંતર્મુખ :** પાંચ સહસ મેં ષટ અપૂઠા.(ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૩૧)
**છ દર્શન :** ષટ દર્શન મેં સંશય પડીયા.(ક.ઊ.અભિ.-પૃ.૨૩)
**ષટચક્ર :** એક સગુણ પર ષટચક્ર હિ બંધે.(ક.ઊ.અભિ.-પૃ.૧૪)

**સાત**

**સંસાર :** સાતે સાગર એક બુંદ મેં સમાઈ.(ગો.આ.કેશવલાલ.-પૃ.૨૦૧)
**સાત સાધુ**(રસ, રક્ત, માંસ ,મેદ, અસ્થિ, મજ્જા ,શુક્ર): સપ્ત ધાતા કા કાયા કોટ બનાયા.
(બૃ.ભ.સા.-પૃ.૧૦૧)
**જ્યોત :** સપ્ત દ્વીપ અષ્ટ નારી. (ક. ગ્રં.શ્યામ.- પૃ.૭૮)
**સાત ખંડ** (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, મન, બુદ્ધિ) : સાત ખંડ સત મહલા જરિયા.
(ક.ઊ.અભિ.-પૃ.૯)

**આઠ**

**અષ્ટાંગ :** અષ્ટકુલ પરબત જલ બિન તિરિયા.(ગો.બા.શ્રીવાસ્તવ.-પૃ.૧૩૧)
**મહાશક્તિ :** સપ્ત દ્વીપ અષ્ટ નારી.(ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૩૧)

**નવ**

**નવદ્વાર :** નવે દરવાજા નવી રમત કા.(મો.મ.આ.-ગોહિલ.-પૃ.૨૬૫)
એક ગાય નવ બછડા.(ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૫૦)
**નવખંડ :** નવ ખંડ પૃથ્વી ઈકબીસ માંહી.(ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૩૧)
**નવમણ :** (ચાર અંતઃકરણ અને પાંચઈન્દ્રિય) કીડી ચાલી સાસરે નવમણ કાજળ લગાઈ.(વહી-વર્ષ- ૩.જાન્યુ.-પૃ.૫૬)
**નવનાડી :** નૌ નારી કો પાની પિયતુ હૈ.(ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૭૦)

**દશ**

**દશમુંદ્વાર/સહસ્રાર :** દસવે દ્વાર નિરંજન ઉનમન વાસા.(ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૩૧)
**બ્રહ્મરન્ધ્ર :** દશમેં મોલે ઓ દેખાય.(મો.મ.આ.ગોહિલ-પૃ.૨૬૫)

**અગિયાર**

**સુરતા (એકાગ્રતા) :** એકાદશી એકતારી.(ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૩૧)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## બાર

**અનાહત ચક્ર** (બાર પાંખડીનું કમળ): બારહ લૈ ઉર ધરિયા. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૨૪૫)
**સૂર્ય**(બાર કળા): બારે બારે બછડા સોરે સોરે ગાય. (સ.કે.વા.મ.દ.-પૃ.૧૪૮)

## ચૌદ

**ચૌદ લોક :** ચૌદ લોકમાં ઉસકી છાંયા. (અ.પ્ર.મૂ.સર.-પૃ.૧૯૫)
ચૌદ ને ચેતવું રે, પંદરે રહી પાર પાડું. (ધી.ભ.પ.સંપટ.-પૃ.૨૫)

## સોળ

**વિશુદ્ધ ચક્ર** (સોળ પાંખડી વાળું કમળ) : ષોડસ કવલ દલ સોળ બતી સો. (ગો.બા.શ્રીવાસ્તવ પૃ.૧૩૧)
**ચંન્દ્ર**(સોળ કળાનો ચંન્દ્ર) : એક ફૂલ સોલહ કરંડિયા. (ગો.બા.શ્રીવાસ્તવ-પૃ.૧૫૦)
બારે બારે બછડા સોરે સોરે ગાઈ. (સ.કે.વા.મ.દ.-પૃ.૧૪૮)

## પચ્ચીસ

**પચ્ચીસ પ્રકૃતિ :** પચ્ચીસ પદમણી પતિવ્રતા નારી છે તે પર એક ભરથાર. (મા.મુ.-પૃ.૫૪)
પાંચ-પચ્ચીસ પરબ્રહ્મ સે ઉપજે. (ભો.ભ.વા.-પૃ.૧૧૨)
એક ગુરુના પાંચ ચેલા પચ્ચીસ જોગણી લાયા. (ગો.આ.કેશવલાલ.પૃ.૨૦૦)

## નવસો નવાણું

**નાડી :** નવસેં નવાણું એક ઘર આણ્યું. (ધી.ભ.પ.સંપટ.-પૃ.૨૫)

## એકવીસ હજાર છસો

**શ્વાસોચ્છ્વાસ :** સહંસ ઈકીસ છસૈ ધાગા. (ક.ગ્રં.શ્યામ.-પૃ.૧૦૯)
એકવીસ હજાર છસ્સો મણિકા. (અ.પ્ર.મૂ.સર.-પૃ.૧૮૭)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## પારિભાષિક શબ્દાવલી

આપણે આગળ જોયું તેમ 'અવળવાણી' એ ધ્યાન, યોગ, સાધનાકીય અલૌકિક અનુભૂતિની અભિવ્યક્તિ છે. અને એના મૂળ છેક વેદકાળમાં પડેલા છે. પરિણામે અવળવાણી રચના કૌશલ માટે જે શબ્દ વૈભવ ખપમાં લેવાયો છે તે જેતે પરંપરા- સંપ્રદાયમાં પારિભાષિક રૂપે દ્રઢ થયેલો હોય છે. અને તેના ચોકકસ અર્થઘટનો પણ દ્દઢ થયેલા હોય છે.

શબ્દ જ્યારે કોઈ પંથ-પરંપરા કે સંપ્રદાય વિશેષમાં રૂઢ બની તેના ચોક્કસ અર્થનો ધારક બને ત્યારે તેવા શબ્દને પારંપરિક કે રૂઢ શબ્દ કહેવામાં આવે છે. અવળવાણી પદ પ્રયોજનમાં આવા અધિકાંશ શબ્દો હઠયોગી પરંપરામાંથી ઉતરી આવ્યા છે. પરંપરાગત રીતે પ્રયોજાયેલ આવા શબ્દોની રૂઢતા પારિભાષિકતાને પુષ્ટિ આપે છે. અર્થ ગ્રહણની દષ્ટિએ પારિભાષિક શબ્દની પોતાની સીમા હોય છે. પ્રતીકાત્મક શબ્દની જેમ પારિભાષિક શબ્દો અર્થ-વિસ્તાર નથી કરી શકતા. સહજયાની બૌદ્ધ-સિદ્ધ તથા નાથ યોગીઓની રચનાઓએ આવા શબ્દોને રૂઢ અને પારિભાષિક બનાવવામાં મહત્વનું યોગદાન પુરું પાડ્યું છે. જોકે ઉક્ત પરંપરાઓમાં પણ જે તે શબ્દો તત્સંબંધી શાસ્ત્રોમાંથી ગૃહિત થયાં છે. સંતોની અવળવાણી રચનાઓમાં આ પ્રકારની રૂઢ-પારિભાષિક શબ્દાવલીનો ઉપયોગ તો છે પરંતુ તેના મૂળ તો વેદ, ઉપનિષદ, સિદ્ધ, બૌદ્ધ, અને નાથ પરંપરા ઉપરાંત યોગમાં પડેલા જોઈ શકાય છે. અધ્યયનની સુવિધા ખાતર અહીં આવા રૂઢ પારિભાષિક શબ્દોના શબ્દાર્થો વિવિધ શબ્દકોશ અને તત્સંબંધી ગ્રંથોના આધારે આપવાના પ્રયત્નો કર્યા છે.

અખંડ ધામ= સહસ્રાર.

અગ્નિ= ક્ષુધા, તૃષા, આળસ, નિદ્રા, ક્રાંતિ. તિબ્બતીમાં તેનો અર્થ સાર અથવા હૃદય એવો કરવામાં આવ્યો છે. તેને વજ્રના સાર અથવા હૃદયના અર્થમાં પણ ગ્રહણ કરી શકાય છે.

અગ્નિની દસ કળા=હુમાન્ચી, ઉષ્મા, જવાલિની, જવલિની, ત્રિસુફલા, ગિની, શુશ્રી, સ્વરૂપા, કપિલા, હન્ય, વાહક, કન્યા.

અગપુરા= અગમ પદના.

અગમ= કળી ન શકાય તેવું - અગમ્ય.

અગમ પંથ= ગૂઢ માર્ગ.

અંગીઠી= મનસા, જીવાત્મા.

અજપા જાપ= સિદ્ધો આને વજ્ર જાપ તરીકે ઓળખવે છે. નાથ પરંપરામાં આ શબ્દ 'ગાયત્રી' અને 'સોહમ્'ના રૂપે પ્રચાર પામ્યો. સંત પરંપરામાં 'સોહમ્'તરીકે સ્વીકારાયો. જેનો શાબ્દિક અર્થ 'શ્વસોચ્છવાસના આવાગમન સાથે અહર્નિશ થતો જાપ એવો થાય છે.'

અજરાવંર= અજર અમર.

અજા= બકરી, માયા, જીવ, કુદરત, આત્મા (શિવ શકિતની માયા)

અજોવં= જેનું રહસ્ય જણાતું નથી તે - અભેદ્ય.

અણપરચૈ= અપરિચિત.

અદ્વૈત= જીવ અને શિવની એકતા સ્વીકારતો મત.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

અધર = શૂન્ય.

અનભે = અગમ, બ્રહ્માંડમય.

અનાહત્નાદ = સાધકને સાધનવસ્થા દરમ્યાન કોઈ પણ પ્રકારના શબ્દ કે આહત્ વિના સંભળાતો ધ્વનિ.

અનાદિ = પ્રારંભ રહિત.

અપાન = ઓગણ પચાસ વાયુ પૈકીનો એકવાયુ, આત્મજ્ઞાન, ચંદ્ર.

અંબર = શૂન્ય, બ્રહ્મરન્ધ્ર.

અંબર બરસે = સહસ્રારમાંથી અમૃત વર્ષા થવી.

અભેદ = ભેદી ન શકાય તેવું, જેનો ભેદ (રહસ્ય)ન પામી શકાય તેવું.

અમલી = નશાવાળા.

અમષે = અભક્ષ્ય.

અમૃત = નાથપંથ મુજબ શરીરમાં રહેલા ચંદ્રમાંથી ઝરતા રસને અમૃત કહેવામાં આવે છે.

અયોનિ = જે સ્વયંભૂ પ્રગટે છે તે.

અરધ = મૂલાધાર, અધોગામી શુક્ર.

અરધ-ઉરધ = અરધ=અધ:(નીચે) ઉરધ=ઉર્ધ્વ(ઉપર)-સાધક સાધના દ્વારા કુંડલિનીમાં સ્થિત બિંદુ કે સૂર્યને સહસ્રદલ કમલ કે ચંદ્ર સાથે સમાગમ કરાવે છે.

અલખ = બ્રહ્મ.

અલખ પુરૂષ = બ્રહ્મ પુરૂષ.

અલ્યંગન = મોહ, મમતા, લોભ.

અવધૂ = સંન્યાસી, સાધક, યોગાભ્યાસી, જીજ્ઞાસુ.

અવધૂ = સાધક, યોગભ્યાસી, વિરક્ત અથવા યોગી.

અવાઈ = અ-વાયુ.

અવિદ્યા = અજ્ઞાન, મોહ, માયા.

અષ્ટ પ્રકૃતિ = અવ્યકત, મહમ, અહંકાર, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ.

અષ્ટ સિદ્ધિ = અણીમા = નાનું સ્વરૂપ ધારણ કરવાની શકિત. મહિમા = મોટું સ્વરૂપ ધારાણ કરવાની શકિત. ગરિમા = ખૂબ જ વજનદાર થવાની શકિત. લઘીમા = ફૂલ જેવા હળવા થવાની શકિત. ઈશિત્વ = સર્વાપણું થવાની શકિત. પ્રાકામ્ય = ઈચ્છા પ્રમાણે બનવાની શકિત. પ્રાપ્તિ = લાભ. વશિત્વ = વશ કરવાની શકિત.

અષ્ટાંગ = બે હાથ, બે પગ, બે ઢીંચણ, છાતિ, કપાળ, અથવા હાથ-પગ, ઢીંચણ, છાતિ, મસ્તક, મન, વાણી અને દૃષ્ટિ.

અષ્ટાંગ યોગ = યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, સમાધિ.

અસબાર = ચેતનતત્ત્વ.

અસમ = અસમાન.

અસરાલં = ભેદ, રહસ્ય, દ્વન્દ્વ.

અહૂઠ પટણ = શરીર, કાયા.

અક્ષય = જેનો નાશ નથી થતો તે.

આકાશ = બ્રહ્મરન્ધ્ર, શૂન્ય, બ્રહ્મ.

આંગુના બોલ = ગર્ભમાં હતા ત્યારે પ્રભુને આપેલ વચન.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

આદ દરવેશ= આદિકાળથી આત્માને જાણનારો મરમી.

આદુ ધરમની= સર્વમાનવના મૂળ(આદિ) ધર્મની.

આદ્યન્વન્ત= આદિ અને અંતવાળા.

આંબલિયો= મનસા, આત્મા.

આંબો= મનસા, આત્મા.

આરાધ= ભજવું.

ઈડા પીંગલા= પ્રાણવાયુનું વહન કરતી નાડીઓ ડાબી બાજુની ઈડા અને જમણી બાજુની પીંગળા તરીકે ઓળખાય છે. ઈડાને ચંદ્ર નાડી અને પિંગલાને સૂર્યનાડી પણ કહેછે.

ઈન્દ્રિયો= મનને અનુભૂતિ કરાવનાર પાંચ જ્ઞાનેન્દ્રિયો= આંખ, કાન, નાક, જીભ અને ત્વચા તેમજ પાંચ કર્મેન્દ્રિયો=વાચા, હાથ, પગ, અપદ્વાર અને ઉપસ્થેંદ્રિય.

ઉનમુન= મનની સંકલ્પ-વિકલ્પાત્મક દશાથી પર પ્રશાંત સ્થિતિ, બ્રહ્મકાર વૃતિ.

ઉન્મની અવસ્થા =સમાધિ અવસ્થા, સાધક જ્યારે પ્રાણવાયુને સુષુમણામાં પ્રવેશ કરાવે છે ત્યારે મનની ગતિ સ્થિર થઈ જાય છે. સાધકની આ અવસ્થાને ઉન્મની અવસ્થા તરીકે ઓળખવામાં આવે છે.

ઉન્મુની મુદ્રા= પ્રાણને વશ કરી, દષ્ટિને નાસાગ્રે ઠેરવવી તે.

ઉરમ-ધૂરમ= મન-પવન/ અરધ-ઉરધ=શ્વાસ-પ્રશ્વાસ

ઉલટા કૂવા= (ઊંધો કૂવો) હઠયોગ પરંપરા અનુસાર ગગન મંડળમાં અર્થાત મસ્તકમાં એક સૂક્ષ્મ છિદ્ર આપેલું છે. જેને બ્રહ્મરંધ્ર તરીકે ઓળખવામાં આવે છે. જેનું મુખ નીચે તરફ હોવાથી તેને ઉલટાકૂવા તરીકે ઓળખવામાં આવે છે.

ઉલટી ગંગા= ઈડા નાડિને ગંગા તરીકે ઓળખવામાં આવે છે. ઉલટી ગંગાનો અર્થ થાય છે ઈડાના પ્રવાહને ઉલટાવવો. સામાન્યતઃ ઈડાનો પ્રવાહ નીચે તરફ વહેતો હોય છે. જેને કારણે બ્રહ્મરંધ્રમાં સ્થિત ચંદ્રમાંથી ઝરતો અમૃત પ્રવાહ મૂલાધાર સ્થિત સૂર્યમાં પડીને ભસ્મ થઈ જાય છે. આ અમૃત રસને બચાવવા અને એનું પાન કરવા સાધક ઈડા નાડીનાં (ગંગા નાડીના) પ્રવાહને ઉલટાવે છે.

ઊંટ= મન, અહંકાર, કાયા, શ્વાસ-પ્રશ્વાસ.

એક અખર= ૐ (એક અક્ષર).

એવંકારા= એકાર=ચંદ્રનાડી, વકાર=સૂર્યનાડી.

ઓડિયાણ= મહાસુખ ચક્ર.

ઓહમ્-સોહમ્=શ્વાસો શ્વાસની ક્રિયા સાથે જે ધ્વનિ પ્રગટે છે તે, અજપા જાપ, શ્વાસ બહાર નિકળે છે ત્યારે 'હ' ધ્વનિ પ્રગટે છે અને શ્વસા અંદર લેવાય છે ત્યારે 'સ' ધ્વનિ પ્રગટે છે અને આ બંને ધ્વનિ મળતા 'હંસો' શબ્દો બને છે. જેને ઉલટાવતા 'સોહમ્' શબ્દ બને છે.

ૐ/ૐકાર = મહાનિર્વાણ તંત્ર પ્રમાણે અકારનો અર્થ છે જગતત્રાતા ઉકારનો અર્થ છે સંહારકતા અને મકારનો અર્થ છે સૃષ્ટિના સર્જન કર્તા જેની માત્રાઓમાં ભૂઃ, ભૂવઃ, સ્વઃત્રણે લોકની શકિત સ્થિર છે, ૐ ને પ્રણવ મંત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે, જે શિવજીના મુખેથી પ્રથમ પ્રગટ થયેલ સુષુમણા અંદરનો જ્યોતિસ્તંભ છે, અ. ઉ. મ. એ ત્રણ અક્ષરના યોગથી, બ્રહ્મા, વિષ્ણુ અને શંકર પ્રતિપાદન થાય છે. વેદમાં પ્રણવ મંત્ર દ્વારા પર બ્રહ્મની ઉપાસના થાય છે એમ કહેવાયું છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ઐાંધા કૂવા=	સહસ્ત્રાર.

કપાલી=	કાપાલિક: /ચર્યાધરશ્ચ/ કં તવ સખંપાલિતું સમર્થ: (બૌ.દો.ચ.૧૦,એ.ટી.)
'કં સવૃત્તિ બોધિચિત્ત પાલયતી ઇતિ કાપાલિક:'(એજન.પૃ.૧૪,સં.ટી.)
સંવૃત્તિ બોધિચિત્તને પાળનાર અથવા સુખ પ્રદાન કરનાર -

કપિલ=	કાળા રંગની ગાય, કામધેનું

કબલી=	નિર્લેપ કર્મ.

કમલ=	મસ્તકસ્થ સહસ્ત્રદલ કમલ (પદ્મા,શકિત,પ્રજ્ઞા)

કમ્મ કુંભ=	બૌદ્ધ ઉપાસનામાં બે પ્રકારના જલપાત્ર કામમાં લેવામાં આવે છે. જેમાંનો એક કર્મ કુંભ કહેવાય છે અને બીજો વિજય કુંભ.

કરણીનો કોટવાલ=વિવેકરૂપી જાગૃત ચોકીદાર

કરંગ=	હરણ,મૃગ.

કલાલી=	દારૂ વેચનારી સ્ત્રી

કલી=	જીવન અથવા યુવાનીની પ્રારંભિક સ્થિતિ

કલ્પ=	બ્રહ્માનું એક અહોરાત્ર અને મહાકલ્પ (૪,૩૨૦,૦૦૦,૦૦૦વર્ષનો, બ્રહ્માનો ૧, દિવસ)

કંટક=	શિષ્ય

કંથા=	કાયા

કાગ=	કાલ,મન

કાગનકુ=	અભિલાષાને

કામધેનુ =	ગાય, પરમાનુભૂતિ-અધ્યાત્મ અનુભૂતિ

કામિની=	કામના

કાંમલિ=	કાયા

કાંવરુ=	કાયા

કુકર =	મન

કુજિબા=	બોલવું

કુટી=	સમુહ,કુલ

કુટવારી =	રક્ષા

કુલ=	શકિત, અકુલ,શિવ

કુંભ=	શિવ ભાવ સ્થિતિ

કુંજડિયું=	કુસંગ.

કુંજર=	હાથી=વિષયક આશકત મન, કામાશકત મન

કુંડલિની=	કંડલિની શકિત, આદ્યશકિતનું પ્રતીક, આ કુંડલિની જાગૃત થાય અને સહસ્રારમાં ચડે ત્યારે શિવ-શકિતનું, જીવ-શિવનું અનંત મિલન થાય. હઠયોગ અનુસાર તે મેરું દંડની નીચે સાડા ત્રણ આંટા મારીને સર્પાકાર પડેલી રહે છે.

કુંતીક=	યોગની એક ક્રિયા.

કેદાર=	બ્રહ્મદ્વાર.

કૈલાસ=	પ્રયાગ તીર્થ, જે સહસ્રદલ કમલમાં આવેલું છે. જ્યાં શિવજીનું નિવાસસ્થાન છે.

કૈવલ્ય=	મુકિતના પાંચ પ્રકારમાંનો એક પ્રકાર.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

કોયલા= કોલસો, મન-વિષય.
કોયલ= વાણી, મનસા.
કૌઆ= કાગડો=મન
ખટગુણ= છ ગુણ-સાહસ, ઉદ્યોગ, ધીરજ, બળ, બુદ્ધિ, પરાક્રમ.
ખટચક્ર= છ ચક્રો=(મૂલાધાર આદિ).
ખલકો= સાધુ ફકીરનો લેબાસ, દેહરૂપી ખલકો.
ખસમ= આકાશ તત્ત્વ, શૂન્યાવસ્થા, સહજા વસ્થા, એક પ્રકારની અવસ્થા-ભાવ.
ખીર= અમૃત.
ખેહ= નાશ.
ગઅણ= ગગન=મહાસુખ ચક્ર=મહાસુખ ચક્ર રૂપ ગગનમાં.
ગગન= સહસ્ત્રાર ચક્ર-બ્રહ્મ.
ગગન ગાય= મનસા, બુદ્ધિ.
ગગન શિખર= ગગન શિખર=મેરુ દંડનો ઉર્ધ્વભાગ, બ્રહ્મરન્ધ્ર.
ગગન મંડલ= શૂન્યાવસ્થા.
ગજિન્દ્ર= (ગજ=હાથી)=મન.
ગત= એક જ સંપ્રદાયના લોકો.
ગરુડ= મન.
ગંગા-જમના= ગંગા=ઈડાનાડી, જમના=પિંગલાનાડી.
ગ્રહને= ગ્રહણમાં.
ગાગર= કુંડલિની.
ગાય= પરમાનુભૂતિ.
ગુટિકા= ગોળી
ગુદડી= કાયા.
ગુપત ગોટકા= સિદ્ધ યોગી અભિમંત્રિત ગોળી મુખમાં રાખી ઈચ્છાનુંસાર વિચારી શકે તે.
ગૈવર= હાથી.
ગોડ વિદ્યા= બંગાળની જાદુકળા જેવી માયાજાળ.
ગોમાસ ભક્ષણ= ગૌ=જીભ (ખેચરી મુદ્રા).
ગૌ= પંચેન્દ્રિય.
ઘર= શરીર, સુમેરુ, શિખર
ઘટ= પંચતત્ત્વથી બનેલ ઘડો-શરીર.
ઘાટી= માર્ગ કે દ્વાર.
ચતુર્ધાતુ= બૌદ્ધ મત પ્રમાણે ચાર ધાતુ (એલિમેન્ટ્સ) સ્વીકારવામાં આવે છે.
ચન્દવા= અમૃત=વીર્ય.
ચરખો= રેંટિયો, સંતવાણીમાં દેહનું પ્રતીક, મનુષ્ય શરીર રૂપી પવન ચરખો.
ચષ્ષુ= આંખ.
ચંચાલી= ચંચલ વિષય અને ઈન્દ્રિય ગણ (બૌ.દો.ચ.પ., બં.ટી.).
ચંડાલી= પ્રકૃતિ પ્રભા, સ્વ રુપિણી ચણ્ડાલી (બૌ.દો.ચ.૪૯, બં.ટી.) સ્વ શકિત (એજન-૪૭) રત્ન કલી, તે વાયુરુપા પ્રકૃતિ શકિત જે નાભિમાં પ્રવાહિત હોય



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

| | |
|---|---|
| ચંદ્ર= | રજ (અંડકોષ) |
| ચંદ્ર-સૂર્ય સંગમ= | હઠયોગ પ્રમાણે 'હ'=ચંદ્ર તથા 'ઠ'=સૂર્ય. આ બંનેનો યોગ એટલે હઠયોગ. કુંડલિની જાગૃત કરીને ચંદ્રમાંથી ઝરતાં અમૃતને સૂર્યમાં પડતું અટકાવી ભસ્મ થતું બચાવી લે છે તેને ચંદ્ર-સૂર્ય સંગમ કહે છે. |
| ચંદ્ર-સૂર્ય સંગમ= | સહસ્રાર ચક્રમાં યોનિના આકારનું કોઈ ચંદ્ર સ્થાન માનવામાં આવે છે. જે અધોમુખી છે. જેમાંથી અમૃતનો નિરંતર સ્રાવ થયા કરે છે. તેવી જ રીતે મૂલાધાર ચક્રમાં કોઈ ગોળાકાર સ્થાન છે તેને સૂર્યના નામથી ઓળખવામાં આવે છે. જેમાંથી વિષનો પ્રવાહ વહે છે, જે પિંગલા યોગ-નાડી દ્વારા અધોગામી બને છે. જે સૂર્યમાં પડીને ભસ્મ થઈ જાય છે. પ્રારંભ કાળમાં 'જીવો'ની આ જ દશા રહેતી હોય છે, જેનાથી જરા-મૃત્યુની પ્રાપ્તિ થાય છે. સાધક યોગાભ્યાસથી અમૃત સ્રાવને અવરોધિ તેનો બ્રહ્માંડમાં જ લય કરે છે અને તેને સૂર્યકુંડમાં પડતો બચાવે છે. આજ ચન્દ્ર દ્વારા સૂર્ય નું ગ્રહણ અથવા ચંદ્ર-સૂર્ય સંગમ છે. |
| ચાબૂક= | ચિત. |
| ચારવાણી= | પરા,પશ્યન્તિ,મધ્યમા,વૈખરી. |
| ચૂલ્હૌ= | ચિત્ત. |
| ચોથુંપદ= | ચોથે પદ કી જે જન ચીન્હે, તિનહિ પરમપદ પાયા, ચોથુંપદ= પરમપદ= સમાધિ અવસ્થા. |
| ચૌદવિદ્યા= | ૪ વેદ, ૬ વેદાંગ, શિલ્પ, કલ્પ, વ્યાકરણ, નિરુકત, છંદ, તથા જયોતિષ, ઉપરાંત ૪ વિદ્યાઓ-ધર્મશાસ્ત્ર, પુરાણ, ન્યાય અને મીમાંસા(સત કેરી વાણી-પૃ.૯૮) |
| ચોંસઠ કોઠા= | ચોથું ચક્ર, નિર્માણ ચક્ર. |
| છડી= | ધર્મદંડ. |
| છૌરુ= | ઈન્દ્રિય. |
| જતિ= | પદવી. |
| જતે ને સતે= | સંયમ અને સત્યનિષ્ઠા. જત=શારીરિક સંયમ, સત=હૃદયનો દૃઢ ભાવ. |
| જમના= | પિંગલા. |
| જરાયલ= | જમ જરાયલ ઢોલિયે બાંધ્યા=યમરાજ અને કાળને ઢોલિયે બાંધવા-જરાયલનો એક અર્થ-જરા યોગથી, કાયાકલ્પથી કરેલો રસાયણ દેહ-રાવણ રસાયણ વિદ્ હતો, =જરાયલ=જરાથી યુકત શરીર=ભજનમાં 'અજરાયલ' શબ્દ વપરાય છે. |
| જરાયુકત= | દેહભાવથી પર થયેલો નિર્ભય અને જ્ઞાની યોગી. |
| જલ= | રજ,વીર્ય.જલ |
| જલ= | પાણી,બિંદુ,માયા,સંસાર/લોકોધારા, માયાનો પ્રભાવ/કાયા. |
| જલાલી= | ગુરુ. |
| જવાલા= | ઉર્ધ્વ ગમિત કૂંડલિની. |
| જળ= | શુક્ર,શોણિત,લાળ,મૂત્ર,સ્વેદ,(શોણિત=લોહિ). |
| જંજીર= | સ્થિરતા. |
| જંત= | જંતુ=યંત્ર. |
| જામો= | જામૈયો, જમેલો, ગત્યગંગા, ગુરુના સાન્નિધ્યમાં ભજનકીર્તન માટે ભેળો થયેલો અનુયાયી વર્ગ. |



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

જિનપુર= જિનપુરં મહાસુખપુરં.
જુગત= સમજ, રીત, ઉપાય, યુકિત.
જેવડી= રસ્સી-દોરી.
જોઈનિ= નૈરાત્મ યોગિની.
જોગિન= પ્રબુદ્ધ મનસા.
જોગી= યોગનો અભ્યાસી સાધક (સાધુ).
ઝાલ= વિરહાગ્નિ.
ઠકાર= ચંદ્ર.
ઠાકુર= રાજા અથવા અવિદ્યાગ્રસ્ત ચિત્ત.
ડમરુક= ઢોલક
ડાબી-જમણી= ઈડા-પિંગલા નાડી.
ડીબી= કુંડલિની.
ડુકરિયા= માયા, વાસના.
ડુંગરિ= મેરુ શિખર.
ડોકરી= આત્મા, જીવ.
ડોરી= સૂરતિ, સમાધિ.
ઢૂંસા= ફોતરા/પરાણ=દોરડું=ફોતરામાંથી દોરડું ન બને.
ઢૂંસાની પરાળ= વ્યર્થનો બકવાસ.
ઢોર= સંસાર.
તતવેલી= આત્મા.
તત્ત્વ= ઈશ્વર, વિચાર.
તિકોટી= જ્યાં ઈડા, પિંગલા અને સુષુમ્ણા નાડી મળે છે તે.
તુંડ= ચાંચ=મુખ.
ત્રણતર્કટ= સત્વ, રજ અને તમ.
ત્રય= તૂટેલું.
ત્રિકૂટિ= ઈડા, પિંગલા અને સુષુમ્ણાનું કપાળમાં બે ભમ્મર વચ્ચેનું મિલન સ્થાન.
ત્રિભુવન= ત્રિગુણાત્મક શરીર.
ત્રિવેણી= બ્રહ્મરંધ્ર અથવા દશમુદ્વાર, યોગ સાધનાથી ગંગા-યમુના અને સરસ્વતીનો બ્રહ્મરંધ્રમાં સંગમ થાય છે.
થેગલી= કાયા.
દશમદ્વાર= બ્રહ્મરન્ધ્ર.
દહિસર= રાવણ-દશ ઈન્દ્રિય જીતનાર, દશ મસ્તક ધરાવનાર.
દાનાગર= દાણા ખવડાવનાર-મુકિતદાતા.
દીદારી= દર્શન.
દીપક= બ્રહ્મ જયોતિ.
દાનૂં= દાનવ.
દીપા= દીવો=જીવન.
દીસ= દષ્ટિ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

દુતિયા= બીજો

દુર્દુર= અભવ્ય, દુર્જન.

દુબધા= દ્વિધા=મનની ડગુમગુ સ્થિતિ.

દુલિ= મહાસુખ કમલ, કચ્છપ, દ્વૈતભાવ જેમાં લીન થાય છે, તે મહાસુખ કમળ.

દુહેલા= વિકટ રમત, અઘરુકામ.

દૂઆ= આભાસ, લોકજ્ઞાન અથવા લોકભાસ રૂપ બે આભાસ.

દૂધ= સત્વગુણ, તીર્થ.

દેવલ= દેવળ=દેવાલય.

દેવી= કુંડલિની.

ધમણ-ચમણ= લોકજ્ઞાન અને લોકભાસ, શશિ-રવિ, આલિ, કાલિ

ધર્મ= પથ, નિર્વાણ, બ્રજ અને ધર્મ=વજ્ર અને નિર્વાણ એક છે.

ધાતુ= તત્ત્વ (એલિમેન્ટ) બૌદ્ધોએ છ ધાતુઓ માની છે. (૧) ચક્ષુધાતુ (૨) ક્ષેત્રધાતુ (૩) ઘ્રાણધાતુ (૪) જિહ્વાધાતુ (૫) કામધાતુ (૬) મનોધાતુ. તેવી જ રીતે છ વિષય અને છ પ્રકારના વિજ્ઞાન પણ માનવામાં આવ્યા છે.

નગર= વસ્તુ જગત-શરીર.

નણંદ= ઈન્દ્રિયો.

નદિયા= ઈડા-પિંગળા=નાડી.

નબેડા= છૂટકારો(નીવેડો).

ન્યૌલી= યોગની એક વિદ્યા.

નરવૈ= સમ્રાટ.

નવખંડ= ઈંદ્રખંડ, શેલખંડ, તામરખંડ, ગમાસ્તીખંડ, નાગાખંડ, સોમખંડ, ગાંધર્વખંડ, ભરતખંડ, અર્ણવખંડ.

નવ-પંદર= નવ એટલે પૃથ્વી, જળ, વાયુ અને આકાશ તથા મન, બુદ્ધિ, અહંકાર એ અપરા કે જડ પ્રકૃતિ અને જીવ મળીને પરા એટલે ચેતન પ્રકૃતિ એમ નવધા પ્રકૃતિ (ગીતા ૭/૪-૫) અને પંદર=પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો તથા પાંચ વિષયેન્દ્રિયો. (ગીતા ૧૩/૫).

નવધા ભકિત= શ્રવણ, સ્મરણ, કીર્તન, પદસેવન, અર્ચન, વંદન, દાસ્યત્વ, સખ્ય, આત્મ-નિવેદન.

નવાણ= સરવાણી.

નાથ= મુકિતદાતા.

નાદ= અવાજ, સ્વર, યોગ સાધનાની ક્રિયામાં કુંડલિની ઉપર ચઢે છે ત્યારે એનાથી જે સ્ફોટ થાય તેને નાદ કહે છે.

નાદ-બિંદુ= નાદ=શબ્દ=પરમતત્ત્વ.

નાભિ= કુંભક, કુંભ, નાભિકમળ.

નારી= માયા, ઈન્દ્રિય.

નાલા= નાડી.

નાવ= બોધિચિત્ત રુપ નૌકા.

નિંબાળી= માય મૂળ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

નિરવાણ= મોક્ષ ગતિ,ભવિષ્ય.
નિરાસી= વાસના રહિત.
નિરંજન= નિર=નિર્ગુણ બ્રહ્મ, પરાત્પર બ્રહ્મ, અજ્ઞાન અને અંધકારથી રહિત.
નિરંજન નૂર= બ્રહ્મ તેજ.
નિ:સ્વભાવ= શૂન્ય.
નીઝર ઝરિયા= અમૃતની વર્ષા.
નીડ઼ા= નજીક.
નુગરો= જેને ગુરુ નથી તે વ્યકિત, અજ્ઞાની.
નુરત-સુરત= નિ:રતિ-સુરતિ,નુરતા-સુરતા=નિ:રતિ=ઉદાસિનતા/સુરતિ=તલ્લીનતા.
નેમત= સ્વાદિષ્ટ ભોજન.
નૌવછ઼ડા= નવદ્વારા, નૌ ઈન્દ્રિયો પંચેન્દ્રિય સિવાયની મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર.
પઉણ= પવન.
પટંતરા= સમાનતા.
પડદાર= પરાઈ સ્ત્રી.પડરવા=મન.
પતીજ= ભરોસો, સાચી સમજ.
પહવીધાતુ= પહવીધાતુ, આપોધાતુ, તેજોધાતુ,વાયોધાતુ.
પનિહારી= કુણ્ડલિની.
પરગલ= દ્દઢ.
પરચા= આત્મસાક્ષાત્કાર.
પરતીત= ભરોસો,પ્રતીતિ.
પરદેશી પરોણો=જીવ.
પરજાલૈ= પ્રજ્જવલિત કરે છે.
પરિસાધું= પ્રસાદ.
પવન= આત્મા.
પસુવા= પશું.
પ્યંડ= પંડ, દેહ, શરીર.
પછિમઊગ્યા ભાણ =સુષમણાને પશ્ચિમ દિશા કહેવાય છે. તેથી કુંડલિનીની શકિતને જાગૃતિને પશ્ચિમ ઊગ્યા ભાણ કહેવાય છે.
પર્વત= અહંકાર.
પદ્મા= નિર્વાણ પદ્મ=કમળ.
પંગુ= કામનારહિત.
પંચ જણ= પાંચ સ્કંધ રુપ પાંચ જન.
પંચ પવિત્ર= વિષ્ઠા, ધારામૃત, શુક્ર, રકત અને મજ્જા એ પાંચ કહેવાય છે. (યોગ સાધનાના પરિપ્રેક્ષ્યમાં પવિત્ર ગણાય છે.)
પંચ ભોજન= ગૌમાસ, ગોઘૃત: ગોરકત, ગોક્ષીર, ગો દધી, ને પંચ ભોજન ગણવામાં આવે છે.
પંચ ‘મ’કાર= મદ્ય, મત્સ્ય,માંસ, મુદ્રા, મૈથુનને પાંચ ‘મ’ કાર તરીકે ઓળખવામાં આવે છે.
પંચ યોગ આસન= સિદ્ધાસન,પદ્માસન, ભદ્રાસન, વજ્રાસન, સ્વસ્તિકાસન.
પંષિ= પંખી=આત્મા.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પૃથ્વી= અસ્થિ, માંસ, નાડી, ત્વચા, રોમ.
પ્રવાણ= પ્રમાણ.
પાકા મનાં= જેમની મતિ હાલક-ડોલક થતી નથી તેવાં.
પાણી= વિષય રૂપ જળ.
પાતાળ= મૂલાધાર.
પાતિગ= પાપ.
પાધરે પછીમ મારગ= સીધી સુષુમ્ણામાં.
પાની= સાંસારિક કર્મ.
પારધી= મન.
પારા= બિન્દુ.
પાલં= પાલન.
પાહૂ= પથ્થર.
પાંચ ગ્વાલિન= પંચેન્દ્રિય.
પાંચ પ્રાણ= પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને મન તથા બુદ્ધિ મળીને પાંચ મહાભૂતથી અપંચી કૃત રચાયેલું સૂક્ષ્મ શરીર ભોગ ભોગવવાનું સાધન છે, પાંચ વાયુ.
પાંચ પચીસ= પાંચ ભૂતના બનેલા સ્થૂળ દેહ માટે અને પચીસ તેની પ્રકૃતિ માટે વપરાય છે.
પાંચમુદ્રા= ચાચરી, ભૂચરી, ખેચરી, અગોચરી, ઉનમની.
પાંડુ= પીળું.
પ્રાગ= આદિ.
પ્રાણ= સૂર્ય.
પિતા= અહંકાર.
પિપીલિકા માર્ગ= યોગસાધનાનો એક પ્રકાર,સ્નિગ્ધ દીવાલ ઉપર ચડવું= બાધાઓથી બચવું.
પિયાલા= હરિરસ.
પિયાળ= પાતાળ.
પિલિક= કીડી.
પિંગલા= સૂર્ય.
પુત્ર= જીવાત્મા, અવિચારી જીવ.
પુરુષ= મન.
પુરુષ= શિવ,બ્રહ્મરન્ધ.
પૂર્ણિમા= અમૃત.
પૂતળી= મન=મરગલો=મન રૂપી મૃગ.
ફૂનિ= ફરીને, પુનઃ
ફૂલ= યૌવન, જીવન, કામના.
બગલો= કાળ, મન, માયા.
બછડા= મૂલાધાર સ્થિત સૂર્ય, બળદ-ગાયનું આશ્રિત.
બતિસ જોઈણી= લલના, રસના, અવધૂતી આદિ બોધિચિત્તમાં સૂક્ષ્મ ૩૨ નાડિયો.
બદરા રાહુ= મૂલાધાર સ્થિત સૂર્ય.
બયાર= વાયુ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

| | |
|---|---|
| બલિવંડા= | બળવાન. |
| બહુનામી= | પ્રભુ. |
| બળદ= | દુષ્ટ વિષયો આપનાર બળવાળો ચિત્તરૂપી બળદ. (સક્રિય મનથી રૂપજગત ની સૃષ્ટિ સર્જાય છે. એટલા માટે બોધિચિત્તને બળદ કહેવામાં આવે છે.) |
| બાઈ= | વાયુ. |
| બાટ= | માર્ગ,રસ્તો. |
| બાધ= | જ્ઞાન. |
| બાધિન= | કામિની. |
| બાધિણી= | સ્ત્રી. |
| બાજ= | મૃત્યુ, કાળ. |
| બાપ= | ઈશ્વરઅંશ, અવિનાશી. |
| બાપુડી= | પાર્થિવ સંપતિનો પરિત્યાગ કરનાર. |
| બારહ મઝરા= | સૂર્યની બાર કળાઓ. |
| બાલરંડા= | બાલવિધવા-કુંડલિની. |
| બાવન= | આ સંખ્યા દૃશ્ય જગત માટે વપરાય છે. જેમકે બાવન અક્ષર, બાવન બજાર, |
| બાવર= | વીર મન. |
| બિનાણી= | આરંભ/વિજ્ઞાન. |
| બિનિજ= | અભ્યાસ, આવાગમન. |
| બિરોલે= | વિચાર. |
| બિલ્લી= | માયા, કુબુદ્ધિ. |
| બિસ્વા= | વેશ્યા, જીવાત્મા. |
| બગુલા= | બગલો= કાળ, મન, માયા. |
| બુદ્ધિ= | વહુ. |
| બૂઝે= | સમજ, સમજણ. |
| બે પંખી= | જીવ અને આત્મા. |
| બેટો= | જ્ઞાન-જીવાત્મા. |
| બેલી= | લતા, માયા. |
| બેસા= | વેશ્યા, ઈન્દ્રિયો. |
| બૈલ= | સદોશ મન. |
| બૈસંદર= | જ્ઞાનાગ્નિ. |
| બંગાલી= | અદ્વય જ્ઞાનને ધારણ કરનાર. |
| બાંઝ= | વંધ્યત્વ, માયા. |
| બાંઝ કા પૂત= | જ્ઞાન. |
| બ્યંદ= | બિંદુ,શુક્ર. |
| બ્રહ્મકુંડ= | બ્રહ્મદ્વાર. |
| ભવણઈ= | ભવરૂપી નદી. |
| ભવ નિવ્વાણે= | જન્મ-મૃત્યુરૂપ ભય તથા તેમાંથી મુકિતરૂપ નિર્વાણ. |
| ભાઈ= | અવિવેક. |



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ભાર = અજ્ઞાન.
ભીલ = આત્મરૂપી શિકારી.
ભુઆરે = નિજઘર.
ભુયંગમ = મન, શ્વસન ક્રિયા.
ભૂમિહઈ = દશ ભૂમિયાં, આધ્યાત્મિક પૂર્ણતા અથવા સિધ્ધિની દશ અવસ્થાઓ.
ભંડાર = બ્રહ્મસુખ.
ભૂંરા = ભમરો, ચંચળ મન, અજ્ઞાન.
ભેંસ = અજ્ઞાન.
ભૌંરા = ભમરો = ચંચળ - જીવાત્મા.
મકડી = માયારૂપી કરોડિયો.
મગર = મન.
મગરી = માયા.
મછ્ = મન.
મછરી = મન.
મછલી = અંતર્મૂખી વૃતિ.
મઠા = માયાની વસ્તુ.
મડલોક = મૃતલોક.
મડી = મૃતા.
મણિકુલે = મણિમૂલે = તાંત્રિક હિંદુમતની શબ્દાવલીમાં મૂલાધાર ચક્રમાં.
મધ્યમ = હિનયાનમાં તેનો અર્થ છે ભૌતિકવાદ અને આત્મવાદની વચ્ચેનો માર્ગ, મહાયાનમાં તેનો અર્થ છે સાપેક્ષતા, જે શૂન્ય છે.
મહાસુખ લીલા = સહજાનંદ.
મહેરામણ = દરિયો.
માખી = અંતમુર્ખી વૃત્તિ.
માછલી = મનસા.
માણેક = જીવન, કેવલ્ય.
માતંગી = હાથિણીના રૂપમાં કલ્પિત અવધૂતિ.
માનસરોવર = કૈલાસ, ગગન મંડળ.
માલની = માલણ, જીવાત્મા.
માસ = માયારૂપી અવિદ્યા.
મીનમાર્ગ = ધારાથી વિપરીત, ઉલટવાસ, નાડીઓને ઉલટાવવી.
મુસા = ઊંદર = અંતર્મુખી મન.
મુસાફર = જીવાત્મા.
મૂત્ર = કસ્તૂરિકા.
મૂલ = વીર્ય, આદિ પુરુષ.
મેરમ = પરમ પ્રિયતમ.
મેલે = મિલન, પ્રજ્ઞા અને ઉપાયનું મિલન.
મોટોભાઈ = સત્ય - અસત્યનો વિવેક કરનાર (વૈરાગ્યનો મોટોભાઈ).



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

મોતી= જ્ઞાન.
મોલાણ= કાયારૂપી સરોવરનું મૂલ બોધિચિત અથવા શુક્ર.
મોહનરુ= સંવૃતિ બોધિચિતં મોહરૂપ તરુ (વૃક્ષ), જેનું અધિષ્ઠાન બોધિચિતમાં છે.
મંછી= કુંડલિની (સુરતા).
મીંડક= મેઢક=દેડકો=ભ્રમમાં પડેલુ મન.
મૂંસા= મન, સૂક્ષ્મ પણે, અંતર્મુખી મન.
મૃગ= પંચેન્દ્રિયોમાં આસકત એવું મન.
મૃધ= મૃગ.
મૃધલા= ઈન્દ્રિય સમુહ, મનોરથ.
યાલ-યુમ= યાલ-યુમ=(બૌદ્ધ ધર્મ પ્રમાણે માતા-પિતા).
યોગ= ચંદ્ર-સૂર્યનું મિલન.
યોનિ= રહસ્યની ભાષામાં તેનો અર્થ છે બધી વસ્તુઓનો સ્રોત અને તે વસ્તુ, જેનાથી સંપૂર્ણ સંસાર પ્રકાશિત થયો છે.
રએણિ= કલેશાંધકાર રૂપ રજની, રાત્રિ.
રજકી= કર્મકુલી.
રણુકાર= નામ જપમાં.
રંડિયા= આત્મા.
રાવલ= રાજાઓની એક પ્રકારની પદવી, રાવલ વસ્તુતઃ લાકુલ શબ્દનું રૂપાંતર છે.
રુપા= વસ્તુ જગત, પંચ સ્કંધોમાં એક.
રેંત= વીર્ય, રેતસ્.
રૈણી= રાત.
લકકડ= સાંસારિક જીવ.
લગામ= લગન, સંયમ.
લછિં= લક્ષ્મી.
લલના, રસના, અવધૂતી = બત્રીસ નાડીઓમાં પ્રમુખ ત્રણ નાડીઓ.
લોઈ= લોહી=માયા.
લોહ= બ્રહ્મરન્ધ્ર.
વચન= શબદ, જ્ઞાનનો ઉપદેશ.
વરતી= વૃતિ, હંસા, આત્મા.
વજ્ર = હીરા, સામાન્ય તયા તેનો અર્થ વિજળી થાય છે. આ શૂન્યનું પ્રતીક છે.
વજ્રધર= તે વ્યકિત જે યોગિની-સત્ય પર, જે બધાનો સાર છે, તેજ વજ્રધર.
વજ્રસત્ત્વ= બોધિચિત્ત=સંધા ભાષામાં વજ્રનો અર્થ છે શૂન્યતા અને સત્ત્વનો અર્થ છે જ્ઞાન, શૂન્યતાનું જ્ઞાન.
વસ્તુ= મૂળ તત્ત્વ જે ખરું છે, સત્ય છે તે પરમ તત્ત્વ.
વાધ= જ્ઞાન.
વાધણ= સ્ત્રી.
વાછડા= સૂર્યના બાર કિરણો-કળાઓ.
વાછડો= ઈન્દ્રિય.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

વાજનાવ= વજ્ર રૂપી નૌકા, શૂન્યતા રૂપી નૌકા.

વાજી= પ્રાણરૂપી ઘોડો.

વારાહી= ચોસઠ યોગિનીઓમાંથી એક.

વારુણી= મદ્યપાનથી સુખ પ્રમોદની ઉત્પતિ થાય છે તેમ ધર્મકાર્યથી બોધિચિતને આનંદ થાય છે. તેનાથી ચિત્તની વારુણી સાથે તુલના થઈ છે, વારુણી=ચિત્ત(સત્ત્વ).

વાંઝણી= માયા, આત્મા, નિષ્ક્રિય બુદ્ધિ.

વાંઝણીના પુત્ર= જ્ઞાન.

વિખિયા= ઝેર.

વિતર્ક= આ મનની અર્ધ ચેતન ક્રિયા છે, વિતર્ક અને વિકલ્પ પ્રાયઃ સમાનાર્થી છે.

વિમન= વિશિષ્ટ મન પરિશુદ્ધમન.

વિવાહ= બહિર્મુખી પ્રવાહનો ભંગ કરવો.

વિષય= છ વિષય છે; રુપ, શબ્દ, ગંધ, રસ, સ્પર્શ, ધર્મ.

વિજ્ઞાન= છ વિજ્ઞાનઃ ચક્ષુ વિજ્ઞાન, શ્રોત વિજ્ઞાન, ઘ્રાણ વિજ્ઞાન, જિહ્વા વિજ્ઞાન, કાય વિજ્ઞાન, મનોવિજ્ઞાન.

વીર= વામાચારની સાધનાથી સિદ્ધિ પ્રાપ્ત કરનાર સાધક વીર કહેવાય છે.

વીરનાદે= શૂન્યનો સિંહનાદ.

વ્યંદ= બિંદુ.

શક્તિ= કુંડલિની.

શબદ= સંતોની અનુભવ વાણી, અનાહત નાદ-ધ્વનિ, સત્યનો ઉપદેશ.

શબ્દ સુરતિયોગ=ચિત્તમાં સ્થિર રહેવાની અવસ્થા.

શ્યાલ= ભય, જીવાત્મા, જીવ.

શાસન= ઈન્દ્રિયાદિ વિષયનો સમૂહ.

શિવપુરી= બ્રહ્મરન્ધ્ર.

શિશુપાલ= કાળ.

શુદ્ર= શિશુપાલ, કાળ.

શુંડિની= અવધૂતિકા, કયારેક તેને ડોંબી, ચંડાલી, શબરી આદિ નામોથી પણ સંબોધિત કરવામાં આવે છે.

શૂન્ય= બ્રહ્મરન્ધ્ર, પરમ તત્વ, કેવલાવસ્થા, બ્રહ્મ તત્વ, મહામુદ્રા, ગૃહ્ય સાધના, શિવલોક, પરમપદ, બ્રહ્મરંધ્ર, દશમ દ્વાર, ગગન મંડલ, નાદ તત્ત્વ.

ષટ્ચક્ર= કુંડલિની જાગૃત થતા જે છ ચક્રોનું ભેદન કરે છે તે (૧) મૂલાધાર, જે કુંડલિની ઉપર આવેલું છે. તે ચાર પાંખડીવાળુ છે. (૨) સ્વાધીસ્ઠાન ચક્ર, જે નાભિ પાસે આવેલું છે. તેને છ પાંખડી છે. (૩) મણીપુર ચક્ર, જે નાભિથી ઉપરના ભાગે આવેલું છે અને તે પણ છ પાંખડીવાળુ છે. (૪) અનાહત ચક્ર, જે હૃદય પાસે આવેલું છે અને તેને બાર પાંખડી છે. (૫) વિશુદ્ધચક્ર, જે કંઠની પાસે આવેલું છે અને તેને સોળ પાંખડીઓ હોય છે. (૬) આજ્ઞાચક્ર, જે બે ભ્રમરની વચ્ચે આવેલું છે જેને બે પાંખડી છે.

ષીર= અમૃત.

ષૂંટા= મન.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

સત્ત= હૃદયનું સત્ય.

સર્પ= સંશય.

સર્પીણી= કુંડલિની, જેનો આકાર સર્પની કુંડલિ જેવો છે, માયા.

સપ્તધાતુ= સાતધાતુ = રકત, રસ, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર.

સબરીબાલી= બાલિકા શબરી, વજ્રધર શબરીની ગૃહિણી, જ્ઞાનમુદ્રા નૈરાત્મા.

સમંદર= મૂલાધાર.

સમરસ કરણ= અનુકૂળ કે પ્રતિકૂળ બધા જ પ્રસંગોમાં આનંદમાં હોવું.

સમલોક= સમાધિનો લોક જ્યાં કરુણા અને શૂન્ય અથવા ઉપાય અને પ્રજ્ઞા બંને સંયુકત હોય છે.

સમુદ્ર= બ્રહ્મ, ગુરુ.

સરભંગી= સાર્વાંગી, (સરબંગી=હિન્દી).

સરોવર= શૂન્યચક્ર, આકાશ, મસ્તક, કૈલાસ.

સસહર= પરિ શુદ્ધ ચિત.

સહજ= કુદરત.

સહસ્રાર= છ ચિન્હોના ભેદન પછી સાધક સહસ્રારમાં પ્રવેશ કરી શકે છે. જેને સહસ્ત્ર પાંખડી છે. જેને ગગન મંડળ, કૈલાસ, કે શૂન્ય ચક્ર તરીકે પણ ઓળખવામાં આવે છે.

સાધના માર્ગ= હઠયોગમાં ત્રણ પ્રકારની સાધના છે. (૧) પિપિલિકા માર્ગ- જે સૂક્ષ્મ વૃત્તિઓનો સાધક છે. જેમાં કીડી જેમ સ્નિગ્ધ દીવાલ પર ચડે છે તેમ સાધક સાધના પંથે આગળ વધે છે. (૨) મીન માર્ગ- જેમાં સાધક માછલીની જેમ સામા પ્રવાહે સાધનામાં આગળ વધે છે. (૩) વિહંગ માર્ગ - જેમાં સાધક પક્ષીની જેમ સહજ માર્ગે અપનાવી પ્રગતિ કરે છે.

સાર્ધત્રિવલ્લી= સાડા ત્રણ ગૂંચળા વળેલી કુંડલિની.

સાવળ= સહાય માટે નાખેલી ધા, પોકાર.

સાસ= સાસુ, શ્વાસ, સુરતિ.

સુને= શૂન્ય, સ્વરૂપ સ્થિત ચિત્ત.

સુરતા= લય, ધ્યાન, આનંદ, સુખ.

સુરતિ= શબ્દોન્મુખ ચિત્ત, સ્મૃતિ, અંતરમુખી વૃત્તિ.

સુરતિ-નિરતિ= સુરતિ એટલે શ્રૃતિ અથવા નાદ અથવા શબ્દ. જેના પરથી નાથ પરંપરામાં શબ્દ સુરત યોગ એવો શબ્દ પ્રચારમાં આવ્યો છે. નિરતિ= સહજાવસ્થા માટે કે સમાધિ કે શૂન્યાવસ્થા માટે પ્રયોજાય છે.

સુરતિ-નિરતિ = ચિત્ત-પ્રવાહ, પ્રેમ ક્રિડા, શબ્દ સુરત યોગ, ચિત્તમાં અનાહત નાદ સાંભળવાની સ્થિતિ ઉત્પન્ન થઈ જાય-તે-સુરતિ-નિરતિ.

સુસુરા= શ્વશુર, શ્વાસ, વાયુ.

સુસ્સા= સસલુ, મન, માયા.

સૂઈ= સોય=સુરતિ.

સૂલ= કાંટો=વિરહ.

સુરતિ-નિરતિ= સુરતિ=ચિત્તમાં સ્થિર રહેવાની અવસ્થા, નિરતિ= નિરાલંબ અવસ્થા.

સોરંગા સાધ= જેનું અંત:કરણ હરિ પ્રેમમાં રંગાઈ ગયેલું છે તેવા સાધુ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

સોહં= જીવ, ઈશ્વર.

સોળ સહસ્ત્રી રાણીનો રાજા = સઘળી નાડીઓમાં મુખ્ય એવી સુષુમ્ણાનો સ્વામી, શિવરૂપ આત્મા, જે વાજિંત્ર વગાડે છે.

સાંટીલા= કપટી, મુકતા ફળ, મોતી.

સિંચાણૈ= કાલ, શબ્દ.

સિંધ= સિંહ, ક્રોધ, અંતર્મુખી પ્રબલ મન, સંશય.

સિંહાણે= સિરહાને, માથા પર.

સીંગી= સુરતિ, લગન.

સ્કંધ= સંધા ભાષામાં પાંચ સ્કંધ છે. રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર, વિજ્ઞાન.

સ્યાના= સમજુ.

સ્યાર= શિયાળ, પ્રબુદ્ધ જીવાત્મા.

સ્વર્ગ મર્ત્ય પાતાલ= કાય, વાક અને ચિત્ત.

હર= શુક્રનાડી.

હરિ= મૂત્રનાડી.

હરિણી= હરિણી રૂપી નૈરાત્મા.

હંસ= પ્રાણ, આત્મા.

હંસ હિંડોલા= શિવ શક્તિનો સંયોગ, પુરુષ અને પ્રકૃતિનો સંયોગ; હ અને ઠ નો સંયોગ. જેને હંસોની ક્રિડા તરીકે પણ ઓળખવામાં આવે છે. માનસરોવરમાં ‘હ’ અને ‘સ’ની ક્રિડા.

હંસા= જ્ઞાન સ્વરૂપ મુકત આત્મા.

હસ્તી= હાથી, મન.

હઁડી= દેહરૂપી આધાર.

હીરા= બ્રહ્મતત્ત્વ, નિરંજન.

હેરુક= બૌદ્ધ દેવતાઓમાં સાર્વધિક પ્રસિદ્ધ દેવતા છે.

હોડી-બેડી= કાયારૂપી હોડી.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## સંદર્ભ સૂચિ


(૧) ગોરખવાણી-સં. અનવર આગેવાન- પૃ.૪૮,પ્રકા.સસ્તુ સા. વર્ધક. અમદાવાદ. પ્ર. આ. સં. ૨૦૦૮

(૨) વહી-વર્ષ-૩, અંક-૧, જાન્યુઆરી-૨૦૦૨, પૃ. ૫૬

(૩) ઊલટીવાણીનું સ્પષ્ટીકરણ. સં. શ્રી મન્નથુરામ શર્મા-પૃ.૧૭/૧૮ પ્ર. આનંદ આશ્રમ બિલખા-સં. ૨૦૫૧

(૪) કબીર કી ઉલટ વાંસિયાં-અભિલાસદાસ. પૃ.૨૩-પ્રકા. કબીર પારક સંસ્થા-વિ.સં. ૨૦૫૩

(૫) હિન્દી પહેલિયોંકા સાંસ્કૃતિક અધ્યયન-ડૉ.રાજેન્દ્રપ્રસાદસિંહ-પૃ.૧૩૧, ભૂમિકા પ્રકાશન-ઈ.સ.૧૯૮૧

(૬) ઊલટીવાણીનું સ્પષ્ટીકરણ. સં. શ્રી મન્નથુરામશર્મા-પૃ.૨-આનંદ આશ્રમ બિલખા સં.૨૦૫૧

(૭) આપણી ભજનવાણી-સં. ગંગદાસપ્રાગજી મહેતા-પૃ.૩૩૮/૩૩૯

(૮) ભજનરસ - મકરન્દ દવે - પૃ.૧૭૦

(૯) સતકેરી વાણી-સં. મકરન્દ દવે-પૃ.૧૪૮

(૧૦) રવિએ રમાતાં દીઠો- સં.ડૉ.નાથાલાલ ગોહિલ-પૃ.૧૬૮

(૧૧) ઊલટવાણી. ભાગ-૧. શ્રી શંકર મહારાજ-પૃ.૧૪૭

(૧૨) ચૂંટેલા ભજન- સં. નરોત્તમ પલાણ-પૃ.૫૨-પ્રકા.ગુજરાત સાહિત્ય અકાદમી, અમદાવાદ -પ્ર. આ.૨૦૦૪

(૧૩) સત્‌ગુરૂ સતધારા- સં. સંતશ્રી પુરૂષોત્તમદાસ-પૃ.૨૬૨-પ્રકા. ગિરીશભાઈ એચ.પંચાલ, વડોદરા-પ્ર. આ.૧૯૯૯

(૧૪) શ્રી ભજન સાગર, ભાગ. ૧-૨.-પૃ.૧૪૨-૧૪૩, સસ્તુ સાહિત્ય, અમદાવાદ, આ. બીજી સં. ૨૦૧૪

(૧૫) મામદ મૂક્તામણીગ્રંથ-પૃ. ૫૪-સં. મનુભાઈ જાડેજા-પ્રકા. દીપુભાઈ કામલભાઈ. મુ. નાનાલીલિયા(અમરેલી)

(૧૬) ઊલટીવાણી-ભા-૧. શ્રી શંકર મહારાજ-પૃ. ૧૨૬ થી ૧૨૯ પ્રકા. શ્રી શંકરાશ્રમ, પાલડી, સરદાર પુલ પાસે અમદાવાદ-૭ આ. બીજી. ૧૯૫૮

(૧૭) એજન - પૃ. ૧૨૬ થી ૧૨૯.

(૧૮) અનુભવ પ્રકાશ મુક્તાવલી - ભાગ,૨ - લે. શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી - પૃ. ૭૮ પ્રકા. સેવક મંડલ સમસ્ત- મુ. બલોલ ( જોશીમઠ ) પ્ર. આ. ઈ.સ. ૧૯૪૬

(૧૯) ઋગ્વેદ -સંહિતા-૧/૧૬૪/૨૦

(૨૦) ઉર્ધ્વમૂલેઽવાક્‌શાખ એષોઽશ્વત્થઃ સનાતનઃ,
તદેવ શુકંતદ્‌બ્રહ્મ તદેવામૃતમુચ્યતે.-કઠોપનિષદ્‌-૨/૩/૧

(૨૧) શ્વેતાશ્વરોપનિષદ્‌-૩/૧૮




PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

# ઉપસંહાર

કહેવાય છે કે 'અષ્ટ સિદ્ધિ નવ નિધિ' માંહેની પ્રથમ ચાર નિધિનું જ ઐશ્વર્ય ઈહલોક ધરાવે છે. બાકીની પાંચ નિધિનું સુખ પારલૌકિક છે. પારલૌકિક એવી આ પાંચ નિધિના સુખને પામવા મનુષ્ય આદિકાળથી આંતર-બાહ્ય મથામણ કરતો આવ્યો છે. વિજ્ઞાન દ્વારા એણે ચંદ્ર ઉપર પદાર્પણ કર્યુ તો ધ્યાન, યોગ,ભક્તિ, જ્ઞાન કે શબ્દ સુરતયોગ દ્વારા તેણે આંતરિક ચંદ્રની યાત્રા કરી. આ યાત્રા દરમિયાન તેમણે જે દિવ્યાનંદ , સુખ-સંપતિ કે ઐશ્વર્યનો અનુભવ થયો તે અલૌકિક, અગમ, અગોચર, અસિમ, ઈન્દ્રિયાતીત અને અનિર્વચનીય હતો. છતાં પોતે અનુભવેલા આ દિવ્યાનંદનો અધિકારી હરકોઈ બની શકે એવા ઉમદા આશયથી આ યાત્રિકોએ પોતાના અનુભવને વાણીનું રૂપ આપી લૌકિક બનાવવાના પ્રયત્નો કર્યો. આ સંદર્ભે સંતવાણીના મરમી સાંઈ કવિ મકરન્દ દવેનું નિરીક્ષણ સ્તુત્ય છે. તેઓ પોતાના પુસ્તક 'સત કેરી વાણી'ની પ્રસ્તાવના માં હરજી ભાટીના ભજનની એક પંક્તિ ટાંકીને કહે છે-

'-- અને બાપજી, ભજન વિના
મારી ભૂખ ન ભાંગે ને
સમરણ વિના તલપ ન જાય.

માના ધાવણની સાથે જ માણસ હંમેશની ભૂખ લેતો આવ્યો છે. અને પછી એની પ્રકૃતિ અનુસાર એ ભૂખ વધતી જાય છે,બદલાતી જાય છે. એનામાં રહેલી ઈચ્છાશક્તિ, લાગણી અને જિજ્ઞાસા એને જંપવા દેતી નથી. માણસની ઈચ્છાશક્તિ એને આ ભૂમિનો વિજેતા થવા પ્રેરે છે. લાગણી કોઈને કાયમને માટે હૃદય સાથે જડી રાખવા ઝંખે છે. અને જિજ્ઞાસા આ અપાર રહસ્યમય સૃષ્ટિનો તાગ મેળવવા મથે છે. આદિકાળથી મનુષ્યની આ અદમ્ય ઝંખના ચાલી આવી છે અને અનંતકાળ સુધી ચાલ્યા કરશે; કારણ કે એને આખર સુધી સંતોષી શકે એવી કોઈ આ જગતની જીત નથી, પ્રીત નથી અને પૂરી પરતીત પણ નથી.

ભજનની શરૂઆત આવી એક ભયંકર નિરાશાથી થાય છે. આ દુનિયાની સર્વ ભોગોની ક્ષણભંગુરતા દીવા જેવી દેખાઈ આવે છે. કોઈ અવિનાશી તત્ત્વના આધાર વિના માણસનું મન ગળકાં ખાય છે. ત્યારે 'અનિત્યં, અસુખ લોકં ઈમમ પ્રાપ્ય ભજસ્વ મામ્' કહેતો કોઈ તારનારો અવાજ સંભળાય છે. નિત્ય વિલસતા સત્ય, શિવ કે સુંદરના કિનારા ભણી માણસની મીટ મંડાય છે. બીજાં હજાર પ્રલોભનો પડતાં મૂકી એકમાત્ર એને જ પ્રાપ્ત કરવા પછી તે તીવ્ર વેગે ધસે છે.

અને ત્યારે યોગી એને આત્મ રાજ્યની ચાવી આપે છે. ભક્ત એને ભગવાનની માધુરી મૂરત બતાવે છે. જ્ઞાનિ સૂક્ષ્મ દષ્ટિના અંજનથી એની આંખો ખોલે છે. કાળી નિરાશાને ભેટતાં એક અજબ કિલ્લોલના કિરણો જીવનના અણુએ અણુમાં ફૂટતાં જાય છે. અને આ ત્રિવિધ મારગે આગળ વધતાં જે અનુભવ થાય, આરત જાગે કે પડદા હટે એને વાચા આપ્યા વિના માણસથી રહેવાતું નથી. એ સ્વયમેવ આશ્ચર્યથી, આતુરતાથી કે આનંદથી ગાઈ ઊઠે છે. અને એનું આ સહજ ગાન પછી ભાવિક પથિકને ભજનરૂપે પ્રેરતું રહે છે.'



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

આમ પરમતત્ત્વને પામવાની આ ઝંખના અને પામ્યા પછી એને વાચા આપવાની ધખના ભારતીય અધ્યાત્મ ક્ષેત્રે અવિરત પણે વહેતી આવી છે. જેના ફલસ્વરૂપ વેદથી માંડી શ્રોતદર્શન, બૌદ્ધદર્શન, જૈનદર્શન, સૂફીદર્શન તેમજ અનેકવિધ સાંપ્રદાયિક દર્શનો જેવા કે શૈવ, શાક્ત, વૈષ્ણવ, તાંત્રિક, નાથ વગેરે  રૂપે ભારતીય ચિંતનનો ગંગા પ્રવાહ અવિરત પણે વહેતો આવ્યો છે.

સમયાંતરે ધર્મ-અધ્યાત્મ ક્ષેત્રે પાખંડ, વ્યભિચાર, બાહ્યાડંબર વધી જતાં આ પ્રવાહ રૂંધાયો. આપણે જાણીએ છીએ કે ભારતીય મધ્યકાલીન સમયમાં તો આ ક્ષેત્રે સર્વત્ર અંધકાર ફેલાઈ ચૂક્યો હતો. ત્યારે એવા કપરા કાળમાં લોકસંતોએ તત્કાલીન જનજાગૃતિ, સમાજ સુધારણા જેવા લૌકિક હેતુઓ સાથે લુપ્ત થતી જતી ભારતીય સંસ્કૃતિની ધરોહરરૂપ આ ચિંતનધારાને અક્ષૂણ રાખવા, પોતાની જાતને આકરા તાપે તાવી મહત્ત્વનું યોગદાન પુરું પાડ્યું.

મધ્યકાળમાં એવી સાધના પદ્ધતિની આવશ્યકતા હતી કે તત્કાલીન હિન્દુ-અદ્વૈતવાદ અને મુસ્લિમ-એકેશ્વરવાદ વચ્ચે ચાલતા વૈમનસ્યને મીટાવી શકે. જેના ઉકેલાર્થે લોકસંતોએ પ્રાચીનકાળથી ચાલી આવતી કર્મ, જ્ઞાન, યોગ અને ભક્તિ ઉપરાંત નાદ-બુંદ, શબ્દ સુરત યોગ, પ્રેમ પ્રધાન સૂફી સાધના, હઠયોગ વગેરે સાધના ધારાઓ ઉપર તટસ્થતાથી ચિંતન-મનન કરી, ગ્રહણ કરવા યોગ્ય તત્ત્વોનો પુરસ્કાર કરી, એક સમન્વયવાદી ધર્મ-સાધનાની સ્થાપના કરી. પરિણામે બ્રહ્મના સ્વરૂપને સગુણરૂપે, નિર્ગુણરૂપે અને સગુણ-નિર્ગુણ મિશ્રરૂપે એમ ત્રિવિધ રીતે પામવાનો દૃષ્ટિકોણ પ્રાપ્ત થયો. સંતોએ બ્રહ્મના નિર્ગુણ રૂપને અગમ, અગોચર, અદૃશ્ય, અરૂપ, અજન્મા, અનંત, ત્રિગુણાતીત, ઈન્દ્રિયાતીત, પૂર્ણ, સ્વયંપ્રકાશિત અને અનિર્વચનીય તરીકે ઓળખાવ્યું. તો બ્રહ્મના સગુણરૂપને ભક્તવત્સલ, સ્વામી, કૃપાળુ, સખા તરીકે ઓળખાવ્યું. તો વળી બ્રહ્મના સગુણ-નિર્ગુણ મિશ્ર રૂપને રામ, કૃષ્ણ, વિઠલ, હરિ, વિષ્ણુ, કેશવ, મુરારી, ગોપાલ આદિ નામે સંબોધિત કર્યુ.

કોઈને આમાંના નિર્ગુણ રૂપમાં ઉપનિષદ અને શાંકરવેદાંતનું અનુકરણ ભાષે, તો સગુણ રૂપમાં વૈષ્ણવ પરંપરાનું અનુકરણ લાગે. તો વળી કોઈને અવતારવાદનું અનુકરણ લાગે. પરંતુ સંતોનું બ્રહ્મદર્શન તત્ત્વતઃ એવું નથી. આ સંતોનો બ્રહ્મ ન તો વેદાંતીઓના બ્રહ્મ જેવો શુષ્ક અને નિર્ગુણ છે કે ન તો સગુણ ભક્તોના ઈશ્વર જેવો માનવ શરીરધારી કે અવતારી પુરૂષ છે. એ તો આ બન્નેથી પર ઈશાવાસ્ય ઉપનિષદ કહે છે તેમ 'ઈશાવાસ્યમિદં સર્વમ્ યત્કિશ્ચજગત્યાં જગત' જેવો છે.

આવા નિર્ગુણ-નિરાકાર છતાં સગુણ-સાકાર, દ્વૈત છતાં અદ્વૈત, ગોરખનાથ કહે છે તેમ 'બસતી ન શૂન્ય શૂન્યમ્ ન બસતી' એવા અગમ અગોચર બ્રહ્મનું નિરૂપણ સાદી-સરળ ભાષામાં અભિવ્યક્ત કરવાનું મુશ્કેલ બની જતાં, લોકસંતોએ અસંબદ્ધ પ્રતીક ધર્મી અવળવાણી શૈલીનો આશ્રય સ્વીકાર્યો.

સાધનાત્મક અલૌકિક એવી અનુભૂતિને અભિવ્યક્ત કરવા સાધક કવિ મનિષિઓ છેક વૈદિક કાળથી પ્રતીક-સંકેત, અસંબદ્ધોક્તિ, વિરોધમૂલક કથન વગેરેનો પ્રયોગ કરતા આવ્યા છે. જેના પુરાવા આપણને વૈદિક સાહિત્યમાં પ્રવલ્હિકા, બ્રહ્મોદ્યા કે પરોક્ષકૃતારૂપે મળી આવે છે. ઋષિમુનીઓએ વેદ-ઉપનિષદ્‌માં અનેક જગ્યાએ જીવ-બ્રહ્મ, માયા, બ્રહ્મ અને જીવનો પારસ્પરિક સંબંધ, સૃષ્ટિની રચના પ્રક્રિયા, મોક્ષ વગેરેનું વર્ણન પ્રતીકાત્મક શૈલી કે લૌકિક રીતે અસંબદ્ધ-અસંગત લાગે એવી રીતે કર્યુ છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

આમ સાધનાત્મક અનુભૂતિની અભિવ્યક્તિની સમસ્યાના સમાધાનરૂપ અવળવાણીનું મૂળરૂપ આપણને વૈદિક પ્રવલ્હિકા, બ્રહ્મોદ્યા કે મંત્રોમાંથી પ્રાપ્ત થાય છે.

ભારતીય સંસ્કૃત સાહિત્યના મધ્યકાલીમાં અવતારવાદની ધારણા પ્રસ્થાપિત થાતાં, વૈદિક અસંબદ્ધ પ્રતીકધર્મી પ્રવલ્હિકાનો વિકાસ કૂટકાવ્ય કે દૃષ્ટકૂટરૂપે થયેલો જોવા મળે છે.

અધ્યાત્મ અંતર્ગત પાલિ-ભાષાનું સાહિત્ય મોટાભાગે ઉપદેશ પ્રધાન રહ્યું છે. પરિણામે પાલિ ભાષામાં અવળવાણી શૈલી સ્વરૂપનું રચનાકૌશલ જોવા મળતું નથી. જોકે બુદ્ધવાણી અને ધમ્મપદમાં અત્ર-તત્ર અવળવાણી પ્રકારની ઉક્તિઓ મળી આવે છે પરંતુ તેના હેતુ-પ્રયોજન અવળવાણી શૈલીથી જુદા તરી આવે છે. પરંતુ ભગવાન બુદ્ધના પરિનિર્વાણ બાદ બૌદ્ધ પરંપરામાંથી છૂટી પડેલી 'મહાયાન', 'વજ્રયાન', અને'સહજયાન' જેવી શાખાઓમાં સ્વાનુભવનું પ્રાધાન્ય અને રહસ્યાત્મક પ્રવૃત્તિ વધતાં વામમાર્ગની જેમ સિદ્ધોએ પણ પોતાના સાધનાકીય રહસ્યોને ગુપ્ત રાખવા અને લોકોને પ્રભાવિત કરવા લોકવાણીથી વિરુદ્ધ, ગૂઢ રહસ્યાત્મક એવી પ્રતીકધર્મી શૈલી અખત્યાર કરી. જે પરંપરાગત રીતે સંધાભાષા તરીકે ઓળખાય છે. આ સંધાભાષામાં પ્રયુક્ત પંક્તિઓના થોડાક અંશો પરવર્તી ગોરખ, કબીર વગેરેની વાણીમાં થોડાં શબ્દ ફેરે અનુકરણરૂપે જોવા મળે છે.

બૌદ્ધ-સિદ્ધોની તંત્ર સાધનામાં વ્યભિચાર અને અનૈતિકતા પ્રવેશતા ઈ.સ. ની નવમી સદીમાં નાથપંથનો ઉદય થાય છે. નાથ સંપ્રદાયના મુખ્ય પ્રવર્તક ગોરખનાથ સદાચાર અને ચારિત્ર્ય નિર્માણ ઉપર ભાર મૂકી સિદ્ધદેહની પ્રાપ્તિ માટે 'યત્પિંડે તત્ત્વબ્રહ્માંડે'ના સૂત્ર સાથે 'હઠયોગ' નિદર્શિત 'મીનમાર્ગ' અપનાવે છે. આ મીનમાર્ગનો સાધક સંસારને ઊલટા ક્રમથી જુએ છે. ગોરખનાથ કહે છે-

'અવધૂ ઈશ્વર હમારા ચેલા ભણી જે, મચ્છિંદ્ર બોલિયે નાતી,
નિગૂરી પરથી પરલઈ જાતિ, તાથૈ હમ ઊલટી થાપના થાપી.'

વિષય અને શૈલીની દૃષ્ટિએ ગોરખનાથની અવળવાણી પ્રકારની રચનાઓ પરવર્તી સંતો માટે એક સુદૃઢ પૃષ્ઠ ભૂમિકા પુરી પાડી આપે છે.

ગોરખનાથમાંથી જ પ્રેરણા પીયૂષ પામી કબીર સાહેબ સત્ત્વ અને તત્ત્વની દૃષ્ટિએ એટલી સમૃદ્ધ અવળવાણી પ્રકારની રચનાઓ આપે છે કે પરવર્તી કોઈ સંતકવિ તેનું અતિક્રમણ નથી કરી શકતા. અધ્યાત્મ અનુભૂતિને યથાત્તથ પ્રગટ કરતી અને લોકજીવનની ઝાંખી કરાવતી કબીર સાહેબની અવળવાણી રચનાઓ લાંબા સમય સુધી લોક સમાજની ધાર્મિક જિજ્ઞાસા અને મનોવૃતિને જકડી રાખે છે.

અવળવાણી સંદર્ભે કબીર સાહેબ પછી વિષય, પ્રતીકાત્મકતા અને છંદની દૃષ્ટિએ ઉત્તમ પ્રકારની રચનાઓ આપણને સુંદરદાસ પાસેથી સાંપડે છે. આ સાથે પ્રતીક અને છંદ પ્રયોગની બાબતમાં સંત પલટૂ સાહેબ અને તુલસી સાહેબ (હાથરસવાળા)ની રચનાઓ પણ ઉલ્લેખનીય છે. તો અવળવાણી પદોમાં રૂપકાત્મક રીતે પોતાની અનુભૂતિને અભિવ્યકત કરવામાં ધની ધરમદાસ, યારી સાહેબ, જગજીવનદાસ વગેરેનો ફાળો નોંધનીય છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

અફાટ સર્જક ચેતના ધરાવતાં ગોરખ, કબીર અને સુંદરદાસ રચિત અવળવાણી રચનાઓનો પ્રભાવ ભારતના અન્ય પ્રાંતોની સાથે ગુજરાતી ભાષા સમાજમાં પણ સંતો-ભક્તો અને લોકસમાજ ઉપર પણ બળૂકી રીતે વર્તાયો. મૌખિક પરંપરામા ગોરખ-કબીરની રચનાઓના સીધા અનુકરણ અને અનુવાદો થયા. તો બીજી બાજુ અખો, ડાડા મેકરણ, રવિ સાહેબ, ત્રિકમ સાહેબ, દાસી જીવણ, મોરાર સાહેબ, ધીરો ભગત, ભોજો ભગત, છોટમ, મામંદ, ગણપત, શંકર મહારાજ, શ્રીયૂત સરજ્યુંગીર મહારાજ વગેરે ગુજરાતી સંતો ભક્તો અને શ્રી કવિ દેપાલદે, સુધનહર્ષ, આનંદઘન, શ્રી બુદ્ધિસાગરજી, શ્રી ઉદય રત્નજી, શ્રી ચિદાનંદજી વગેરે જૈન ગૂર્જર કવિઓએ પોતાની રીતેભાતે પોતાની અધ્યાત્મ અનુભૂતિને અવળવાણી શૈલીમાં આકલિત કરી.

સાખી, પદ, ભજન, કાફી, છપ્પા, ચાબખા, પ્યાલો, હેલી, ઝાલરી વગેરે જેવા મધ્યકાલીન સ્વરૂપોમાં રચાયેલી અવળવાણી પ્રકારની રચનાઓ આજ સુધી ગુજરાતી લોકસમાજની અધ્યાત્મરુચિ અને કુતૂહલને પોષતી રહી છે.

વિષય, કાવ્યાત્મકતા, પ્રતીક પ્રયોજન અને છંદ પ્રયોજનની દૃષ્ટિએ ઉત્તમ પ્રકારની અવળવાણી રચનાઓ આપણને અખા ભગત અને ધીરા ભગત પાસેથી મળી આવી છે. આ સર્જકો પોતાની આગવી અલૌકિક અનુભૂતિને ગુજરાતી પરિવેશમાં પ્રભાવોત્પાદક રીતે અભિવ્યક્ત કરે છે. પરંપરિત અસંબદ્ધ ઉપમાઓ અને પ્રતીકો સાથે, ખેચર, ભૂચર, વાજાં, અચવ્યોરસ, અંબાડી, જીન, વસ્ત્ર, વાડ, ફીણ, સમુદ્ર, આંબો, નાળિયેર વગેરે તળ ગુજરાતી તાસીરને પ્રગટ કરતાં નવ્ય પ્રતીકો પ્રયોજે છે. ધીરા ભગત રચિત 'તરણાં ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહીં' જેવી પંક્તિ તો લોકોક્તિનું રૂપ ધારણ કરી લે છે. આ સાથે આવી જ તાજગી સભર અવળવાણી રચનાઓ રવિ સાહેબ, મોરાર સાહેબ, ભોજો ભગત, છોટમ વગેરે પાસેથી મળી આવે છે. તો રૂપકાત્મક રીતે અનુભૂતિને અભિવ્યક્ત કરવામાં રવિ સાહેબ, ભોજો ભગત, અખૈયો, દાસ સવો વગેરેનો ફાળો નોંધનીય છે.

અર્વાચીન સમયમાં શંકર મહારાજ અને શ્રીયૂત સરજ્યુગીર પાસેથી માતબર સંખ્યામાં આ પ્રકારની રચનાઓ મળી આવે છે. બન્ને સંત કવિઓએ આ શૈલી વિશેષને પ્રયોગાત્મક રીતે પદ, ભજન, પ્યાલો, ઝાલરી જેવા ભજનના વિવિધ સ્વરૂપો ઉપરાંત લોકગીતના રાસ, ગરબા-ગરબી-કીર્તન જેવા લોકઢાળમાં ઢાળવાના સુંદર પ્રયત્નો કર્યા છે. જો કે આવી અર્વાચીન સમયની રચનાઓમાં નીજી અધ્યાત્મ અનુભૂતિ કરતાં અનુકરણ અને પરંપરાના નિર્વહણનું તત્ત્વ વધારે જોવા મળે છે. અહીં નોંધનીય બાબત એ છે કે શ્રી શંકર મહારાજ પૂર્વસૂરિઓ રચિત અવળવાણી રચનાઓનું અર્થોદ્‌ઘાટન કરતી'સમરાગી' સુલટવાણીઓ રચી અવળવાણી સામે ' સુલટવાણી' એવી નવ્ય શૈલી પણ અખત્યાર કરે છે.

જૈન ગૂર્જર કવિઓ પાસેથી મળી આવતી અવળવાણી પ્રકારની રચનાઓમાં બૌદ્ધ-સિદ્ધો,નાથ પરંપરા અને કબીર સાહેબની રચનાઓનો પડઘો સંભળાય છે. કેટલીક રચનાઓ તો સીધું અનુકરણ પામેલી છે. તો કેટલીક રચનાઓ અન્યોના નામે ચડાવી દેવામાં આવી છે. દા.ત. 'અવધૂ ઐસો જ્ઞાન વિચારો, વામે કૌન પુરૂષ કૌન નારી.', 'નાવમેં નદીયા ડૂબી જાય, અવધૂ સો જોગી ગુરુ મેરા' વગેરે કબીર સાહેબની રચના કવિશ્રી આનંદઘનના નામે ચડાવી દેવામાં આવેલ છે.

આ સમયમાં મોટા ભાગના સંતોએ શબ્દ સૂરતયોગ, નાદ-બૂંદ સાધના અને કંઈક અંશે હઠયોગ સાધના તેમજ જીવ, માયા, આત્મા, પરમાત્મા, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

અનાહતનાદ વગેરેને અસંબદ્ધ ઉપમાનો અને યૌગિક પારિભાષિક શબ્દાવલીના સહારે સાંકેતિક રીતે અભિવ્યક્ત કરવાના પ્રશંસનીય પ્રયત્નો કર્યા છે.

મધ્યકાલીન સંત-કવિઓનો મુખ્ય ઉદ્દેશ પોતાની જાતને કવિ તરીકે પ્રસ્થાપિત કરવાનો નહીં પણ પોતાને થયેલ જ્ઞાન-દર્શનને અધિકારી વર્ગ સુધી પહોંચાડવાનો અને ભારતીય ચિંતનધારાને પ્રવાહિત રાખવાનો હતો. બીજું આ સંત કવિઓ ન તો શિક્ષિત હતા કે ન તો તેમની પાસે કાવ્યશાસ્ત્રનું જ્ઞાન હતું. પરિણામે આ સંત કવિઓ દ્વારા રચાયેલ રચનાઓમાં કાવ્યકલાના કલાત્મક તત્ત્વો જોવા ન મળે તે સ્વાભાવિક છે. અને એટલે જ અહીં આ શોધ નિબંધમાં આ રચનાઓને કાવ્યશાસ્ત્રીય દૃષ્ટિકોણથી જોવા-મૂલવવાનો ઉપક્રમ સેવાયો નથી. આમ છતાં આ સંદર્ભે એટલું ચૌક્કસ કહી શકાય કે આ રચનાઓમાં અનેક જગ્યાએ પ્રયોજાયેલ લોક પ્રચલિત રૂઢિ પ્રયોગો અને કહેવતો તેમજ તત્કાલીન વસ્તુ-પદાર્થને અસંબદ્ધ ઉપમાનો કે પ્રતીકાત્મક રીતે પ્રયોજવાની પ્રયોક્તાની આગવી સૂઝ ઉપરાંત લોકવાણીના માધ્યમે રચના કૌશલમાં પ્રગટતો અનુભૂતિની સચ્ચાઈનો રણકો આ રચનાઓને તાજગી સભર બનાવી દે છે. અને એટલે જ કાવ્યશાસ્ત્રની દૃષ્ટિએ નબળી લાગતી આ રચનાઓનું મૂલ્ય ભાવાભિવ્યક્તિની દૃષ્ટિએ અનેકગણું વધી જાય છે.

સંતવાણીનો મૂળ ભાવ તો નિષ્કામ કર્મથી પ્રેરિત 'શમ'ભાવ છે. આ નિષ્કામ વૃત્તિ નિર્વેદ કે વૈરાગ્ય મૂલક નહીં પરંતુ આત્માના વિશ્રામરૂપ અંતઃકરણની પરમશાંતિનું પરિણામ છે. એટલે કે 'શમ'ની ભાવના જ નિષ્કામ વૃત્તિની જન્મદાતા છે. આ 'શમ'ભાવે જ સંતોને શાંતરસની પાવન ગંગામાં ડૂબકી મરાવી છે. નિર્વેદ તો એના માટે માત્ર સંચારી ભાવ છે. જો કે અવળવાણી રચનાઓમાં 'શમ'ભાવ જનિત શાંતરસ ઉપરાંત ભાવકને અભિભૂત કરતા હાસ જનિત હાસ્ય અને વિસ્મય જનિત અદભૂત રસની જલક પણ જોવા મળે છે.

જીવમાત્રના હિતચિંતક એવા આ સંતોની પાસે આગળ કહ્યું તેમ ન તો કાવ્યશાસ્ત્રનું જ્ઞાન હતું કે ન તો પરિનિષ્ઠિત, પરિમાર્જિત ભાષા હતી. સંતોએ કવિતા કરવાના ઉદ્દેશથી કવિતા નથી કરી. એમની વાણી તો એમના હૃદયનો ઉદ્ગાર છે. જે સાહજિક રીતે તેમના મુખેથી પ્રસ્ફૂટિત થયો છે. તેમાં કોઈ પણ પ્રકારની કૃત્રિમતા જોવા મળતી નથી. અને તેથી જ તે લોક સાહિત્યનું રૂપ ધારણ કરી, આજ સુધી સમગ્ર લોક સમાજને પ્રભાવિત કરતી આવી છે.

અંતમાં એટલું ચૌક્કસ કહી શકાય કે અવળવાણી એ 'શબ્દ બ્રહ્મ'ની સ્થાપના છે. એટલે કે શબ્દના ચમત્કારની સ્થાપના છે. શબ્દનો ગુણ-આકાશ છે. આકાશ શૂન્ય છે અને શૂન્ય બ્રહ્મ છે. સંતસાધકની ધરતીરૂપી જડ કાયા ઉલટ બની આકાશગામી બને છે. એ જ એની વાણી છે, એ જ શબ્દ-સુરતયોગ છે અને એ જ શબ્દનું આદ્યાંત અધ્યયન છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

# પરિશિષ્ટ

(૧) ભૂમિકા.
(૨) પરિશિષ્ટ-૧, સંત કવિઓની ગુજરાતી અવળવાણી.
(૩) પરિશિષ્ટ-૨, જૈન ગૂર્જર અવળવાણી.
(૪) પરિશિષ્ટ-૩, પ્રતિનિધિરૂપ હિન્દી સંત-કવિઓની અવળવાણી.
(૫) પરિશિષ્ટ-૪, સંદર્ભ ગ્રંથો.
(૬) પરિશિષ્ટ-૫, માહિતીદાતાઓ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## ભૂમિકા

એકવીસમી સદીના આ વૈજ્ઞાનિક યુગમાં ભાષા-સાહિત્ય સંશોધન ક્ષેત્રે વૈશ્વિક દષ્ટિપાત કરતાં ખ્યાલ આવે છે કે આજે મોટાભાગે લિખિત પરંપરાને મુકાબલે મૌખિક પરંપરા(ઓરલટ્રેડિશન) વિષયક વધુને વધું સંશોધન કાર્ય થઈ રહ્યું છે. જેનું મુખ્ય કારણ આજના માસમિડિયાના યુગમાં મૌખિક પરંપરાનું જે સાહિત્ય લૂપ્તપ્રાય બની રહ્યું છે તેને જાળવી લેવાનું છે. આ સંદર્ભે પશ્ચિમના વિદ્વાન 'એલન મેકકેલે' તો પોતાના અભ્યાસ ગ્રંથ 'ફંડામેન્ટલ ઓફ ફોકલોર'માં ફોક અને લોરની નવી વિભાવના બાંધી તેમાં મૌખિક પરંપરાને આમેજ કરી. સાથે તેની ગહનતા, વ્યાપકતા અને મહત્તાને પણ પ્રસ્થાપિત કરી. જેના ફલસ્વરૂપ 'એન્ટવીસ્ટલ', 'માલિંઝો, 'મેકિકમ મેરિયટ, 'મિલ્ટન', 'સીંગર', 'ડ્યુગલ', 'સત્યનારાયણસિંહ' અને 'રામાનુજ' જેવા અભ્યાસીઓ લિખિત પરાપરાને છોડી મૌખિક પરંપરા તરફ વળ્યા.

આ વિદ્વાન અભ્યાસીઓએ ઓરલ ટ્રેડિશનનો વૈજ્ઞાનિક દષ્ટિકોણથી અભ્યાસ કર્યો અને એવું પ્રતિપાદિત કર્યુ કે કોઈ પણ સમાજનો ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક વારસો તેનાં મૂળ સ્વરૂપે જે તે પ્રદેશની કંઠસ્થ પરંપરામાં જ જળવાયેલો હોય છે. એ જ એની નોળવેલ હોય છે. કોઈ પણ રાષ્ટ્રની રાષ્ટ્રિયતાનું સાચું રૂપ એમાં જ સંઘરાયેલું હોય છે. માટે આજના માસ મિડિયાના આક્રમક યુગમાં એ લૂપ્ત ન થઈ જાય તે પહેલા તેને જાળવી લેવું અત્યંત જરૂરી છે.

ઉપરોક્ત વૈશ્વિક દષ્ટિકોણ સાથે અહીં આ સંશોધન કાર્યનું એક પ્રયોજન કાળની ગર્તામાં લૂપ્તપ્રાય થતી જતી, સંત સાહિત્યના પરિપાક રૂપ એવી અવળવાણી રચનાઓને સંશોધી-જાળવી અને પ્રકાશમાં લાવવાનું છે.

ઉક્ત ઉદ્દેશ અંતર્ગત અહીં આ વિભાગમાં પ્રથમ પરિષ્ટિમાં મધ્યકાલીન ગુજરાતી સંત કવિઓના નામે મળી આવતી ૧૫૮ અવળવાણી રચનાઓનું સંકલન કરી, સર્જકના જન્મ-સર્જનકાળને ધ્યાનમાં લઈ સંપાદન રકવામાં આવ્યું છે. પરિશિષ્ટ બીજાની અંદર 'જૈન ગૂર્જર' કવિઓના નામે મળી આવતી ૩૪ રચનાઓને સમાવિષ્ટ કરી છે અને છેલ્લે પરિશિષ્ટ ત્રણમાં જે સર્જકોનો પ્રભાવ ગુજરાતી સંતસાહિત્યમાં વધારે પડતો ઝીલાયો છે તેવા ગોરખ, કબીર અને સુંદરદાસના નામે મળી આવતી ૮૦ હિન્દી અવળવાણી રચનાઓનું સંપાદન કર્યુ છે.

મૌખિક પરંપરા, હાથે લખેલી નોટ્સ અને બિન એકેડેમિક ચોપડીઓ તેમજ એકેડેમિક ગ્રથોમાંથી ઉદ્યૃત કરેલી આ રચનાઓની જોડણીઓ અને શબ્દોને મૂળપ્રત પ્રમાણે જ રાખ્યા છે.

આ સાથે પરિશિષ્ટ ચારમાં આ શોધકાર્ય અંતર્ગત ઉપયોગમાં લીધેલા ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી ગ્રંથો-સામયિકોની સંદર્ભસૂચિ અને પરિશિષ્ટ પાંચમાં આ શોધકાર્ય અંતર્ગત ઊઠેલા પ્રશ્નોના સમાધાન અર્થે જે વિદ્વદ્જનો પોતાનો કિંમતી સમય ફાળવી, મારા રાહબર બન્યા છે તેઓશ્રીની યાદી આપવામાં આવેલ છે.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

# પરિશિષ્ટ - ૧

## સંત કવિઓની ગુજરાતી અવળવાણી

**ગોરખ નાથ (૯મી સદી)**

(૧)

આંખ વિના પાંખ વિના મુખ વિના એક નારી
સુરતા હોય તો જ્ઞાની લોને વિચારી...આંખ વિના ૦
એક કોરો કૂવો ને પાંચ પણિયારી
પાણીડા ભરે છે ન્યારી ન્યારી...આંખ વિના ૦
સૂકત કૂવો સૂક ગઈ વાડી
હાથ મસલકર ચલી પણિયારી...આંખ વિના ૦
અંગડાની ગોરી મુખડાની મીઠી
રામસભામાં મેં રમતી દીઠી...આંખ વિના ૦
મછંદરનો ચેલો જતી ગોરખ બોલ્યા વાણી
માતા કુંવારી જેનો બાપ બ્રહ્મચારી...આંખ વિના ૦ [૧]

(૨)

અગ્નિનું કુંડું રે હાં, સંતો ! જળ કેરી ઝારી ;
માતા કુંવારી જેના પિતા બ્રહ્મચારી ;
આંખો વિના પાંખો વિના વિના મુખ નારી જી,
જીરે ગરવા દેવ હોય તો લોને વિચારી ;
તળે રે ગાગરડી ઉપર પાણિયારી જી... ટેક
ઊંડા શા કૂવા રે હાં, સંતો ! પાતાળ જળ પાણી ;
પાણી ભરે છે ઓલી પાંચ પાણિયરી.
ગિર ગયા કૂવા રે હાં, સંતો સુકાઈ ગઈ વાડી ;
હાથ ઘસે છે ઓલી પાંચ પાણિયારી.
છોટીસી નારી રે હાં, સંતો ! મુખડેથી પ્યારી ;
ભરી રે સભામાં મેં તો રમતી રે ભાળી.
મછંદરનો ચેલો રે હાં, જતિ ગોરખ બોલ્યા ;
મારી મારી મમતા ભયા રે અવધૂતા.[૨]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૩)

ગઢગિરનારસે આયે ગોરખનાથ, શિવકી વાડીમેં એક રચના જી... ટેક ૦
જાઓ મેરા ચેલા ! બસ્તીમેં  જાના, આટા લેકર આવના જી ;
કુમારીકા મત લેના પરણેલીકા મત લેના, ચકકીકા પીસેલા મત લાવના -૦
જાઓ મેરા ચેલા ! બસ્તીમેં જાના, મટકી લેકર આવના જી ;
કચ્ચી મત લાવના પકકી મત લવાના, હાથકી ઘડેલી મત લાવના -૦
જાઓ મેરા ચેલા ! જંગલમે જાના, લકડી લેકર આવના જી ;
લીલી મત લાવના સૂકી મત લાવના, હાથકી કાટેલી મત લવના -૦
જાઓ મેરા ચેલા ! જંગલ મેં જાના, પાની લેકર આવના જી ;
નદી કૂવાકી પાસ મત જાના, જમીમેં ઝમેલા મત લાવના -૦
મછંદર પ્રતાપે જતિ ગોરખ બોલ્યા, યહી શબદકા ખોજ કરના જી,
યહી શબદકા ખોજ કરે તો, મિટ જાવે આવના જાવના ૦[૩]

(૪)

જી રે જૂના જોગ વિચારો રે નાથજી ! કરણીનો આવે ન પાર, ગોરખનાથ ! ..ટેક
માશી ભાણેજી ફોઈ ભત્રીજી રે નાથજી ! ચારેનો એકજ ભરથાર, ગોરખનાથ ! - ૦
લકડા બૂડેલા ને લોહા તરેલા રે નાથજી ! એ તો વણ કાંટે જોખાય, ગોરખનાથ !  - ૦
ધરતી વરસી ને આભ ભીંજેલા રે નાથજી ! નેવલાંનાં નીર મોભે જાય, ગોરખનાથ ! - ૦
પાંચ ભાઈઓએ મઢુલી બનાવી રે નાથજી ! છઠ્ઠો છે મહાચતુર સુજાણ, ગોરખનાથ !  -૦
મછંદરનો ચેલો ગોરખ બોલ્યા રે નાથજી પૂરા નર તે પહોંચ્યા નિર્વાણ,ગોરખનાથ-૦[૪]

(૫)

ભૂલા મન જાને અમર મેરી કાયા,
ધન રે જોબન સબ સપને સી માયા,
બાદલ કી સી છાયા.
એક કૂવા પાંચ પનિહારી, જલ ભરત હૈ ન્યારી ન્યારી,
દટ જાયગા કૂવા, સૂક જાયગી કયારી,
હાથ મલ મલ ચલી પાંચો પનિહારી.
સૂકા સા કાઠ, હેઠ નાહીં છાયા, કહાં તેરા હંસા,
કહાં તેરી માયા.
વાલુ કી ભીંત પવનકા ખંભા, દેવલ દેખ,
ભયા હૈ અચંબા.
આદિનાથ મચ્છેન્દ્ર કા પૂતા,
યે જશ ગાય ગોરખ અવધૂતા.[૫]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૬)

હય કોઈ નિરગુણ જડ લખ પાવે.
ડર બિન કલમ, કલમ બિન કાગજ, બિન કલમા લખ પાવે,
બુધવા સઘળા વેદ ભૂલ જાવે, રાજાને રાજ ન ભાવે,
જપી તપી સંન્યાસી યે તો બહુવિધ ભેખ બનાવે,
રિદ્ધિ સિદ્ધિમેં ફિરે બાવરે, સુપના હાથ ન આવે.
ભૂ બિન કૂવા, ખેત બિન વાડી, બિન બલદાં રેંટ ચલાવે,
ધડ બિન શીશ, શીશ બિન નારી, બિન રસોં ભર લાવે.
જેસા ભમરા પડે પુષ્પ પર, સો જોજન સે ધાવે,
શરણ મછંદર ગોરખ બોલે, સમરથ ગુરુ લેખા હાંવે. (૬)

(૭)

વાણી વાણી રે મારા સતગુરુની વાણી,
જીવતાં પરણાવી બાપે મૂવા ઘેર આણી. (ટેક)
ખીલો દૂઝે રે મારે ભેંસ વલોણે,
સાસુડી પારણિયે ને વહુજી હીંચોળે...વાણી ૦
ખેતર પાકયું રે રખોલિયાને ખાધો,
ઊલટો મરઘે પારાધિને બાંધ્યો...વાણી ૦
હેઠે હાંડી ઉપર ચૂલો ચડિયો,
જળ કેરી માછલીએ બગલાને ગળિયો...વાણી ૦
આભ પરસે રે જમી વરસે,
નેવાંનાં નીર તે મોભે જ ચડશે...વાણી ૦
બાવો બોલ્યા રે મછંદરકો પૂત,
મેલી મમતા ને ભયો અવધૂત...વાણી ૦(૭)

(૮)
ગોરખ બાલુડા બોલે સતગુરુ વાણી રે,
જીવતાં ન પરણ્યાં તેને અગન ન પાણી... (ટેક)
ખીલો દૂઝે રે મારે ભેંસ વલોણે,
સાસુડી પારણિયે ને વહુજી હીંચોળે...જીવતાં ૦
કોયલ મોરી આંબો વાળિયો,
ગગન માછલીએ બગલાને ગળિયો...જીવતાં ૦
ખેતર પાકયું રે રખોલિયાને ખાધો,
ચરી ગયા મૃગલા ને પારાધીને બાંધ્યો...જીવતાં ૦
સીંગી નાદે જોગી પૂરા,
ગોરખનાથ પ્રન્યાં તિયાં મદ ન સૂરા...જીવતાં ૦(૮)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૯)

જી રે નાથ ગોરખ ધંધાને જોગી, જોગ વિચારો રે નાથજી !
તારી કરણીનો પાર ના'વે દીનાનાથ  જી...રે... ગોરખનાથ  (ટેક)
માસી ભાણેજી ફુઈ ભત્રિજ રે નાથજી ! એ ચારેનો એક ભરથાર...દિનાનાથ ૦
લકડા બૂડેલા લોહા તરેલા રે નાથજી ! ઈ તો વગર કાંટે જોખાય...દિનાનાથ ૦
જમી વરસી આભ ભીંજેલા રે નાથજી ! નેવલાનાં પાણી મોભે જાય...દિનાનાથ ૦
પાંચ ભાઈએ મઢડી બનાવી રે નાથજી !  છઠલો ચતુર સુજાણ...દિનાનાથ ૦
ઢીમર બેઠો વેદ વાંચે રે નાથજી !બ્રાહ્મણ તે મચ્છ મારે...દિનાનાથ ૦
મછંદરસુત જતી ગોરખ બોલ્યા રે નાથજી સાધુનો વૈકુંઠ વાસ..દિનાનાથ૦[૯]

(૧૦)

રમતા જોગી આયા નગરમેં, જોગી આયા હોજી... (ટેક)
જળ કેરી માછલી જળમાં વિયાણી, અધર ઇંડા જમા હોજી.
ઇંડામાં સીંડા વિના ચૈન કૈસે આયા ?...રમતા ૦
ગગનમાં ગોધન વિયાણી, તેના ગોરસ વિણ દૂધ જમાયાજી.
સુગરે શોધીને માખણ ખાધું, તેની છાશે જગત ભરમાયા.
ચાંચ વિના પંખી ચારો ચુગે રે, શીતળ ઉનકી છાયાજી.
મચ્છંદર પ્રતાપે જતી ગોરખ બોલ્યા, ચાલ્યા સો નર પાયા.[૧૦]

(૧૧)

ચાંચ પાંખ નહીં કાયા ! એક પંખી નજરે આયા.
અજબ શહેરસે હંસા આયા, મોતીડા ચૂન ખાયા,
છઠે માસે ગુરુ જ્ઞાન બતાયા, આપે કરી ઠેરાયા...ચાં ૦
બિના પાળ એક સરોવર ભરિયા, નીર નજર નહીં આયા,
ગુરુ અમારા બહોત રંગીલા, વહાં બેઠ કર નહાયા...ચાં ૦
બિના મૂળ એક તરુવર ઊભું, ડાલ પત્ર નહીં છાયા,
ગુરુ અમારા બહોત જ્ઞાની, વહાં બેઠ ફલ ખાયા...ચાં ૦
એક ગુરુના પાંચ ચેલા, પચ્ચીસ જોગણી લાયા,
એક અચંબા ઐસા હુવા, બેટી બાપકું જાયા...ચાં ૦
બિના સૂંઢ એક હસ્તી દેખ્યા, પાઉં નજર નહીં આયા,
મચ્છેન્દ્ર પ્રાતાપે ગોરખ બોલ્યા, સંતોની નજરે આયા...ચાં ૦[૧૧]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૨)

વરસે ધરતી ને ભીંજાયે આસમાન,
સવળી વાણીના ગુરુજી પૂરા પરવાના...વરસે ૦
રાઈકા થર ઉપર મેરુ ઠેરાણા,
અધર આસન પર શિવજી થપાણા...વરસે ૦
રામ નામનાં સાચાં કરિયાણાં,
વ્હોરી લો વસ્તુને પરખી લો નાણાં...વરસે ૦
નવા નવા વેપારી જૂનાં જૂનાં નાણાં,
કીડી કેરા મુખ મેં હસ્તિ સમાણા...વરસે ૦
ઓહં સોહં ગુરુએ લહરો રે ચઢાઈ,
સાતે સાગર એક બુંદ મેં સમાઈ...વરસે ૦
મછંદર પ્રતાપે બોલ્યા ગોરખ વાણી,
સુણો ગુરુજી મારી જોગ કમાણી...વરસે ૦[૧૨]

(૧૩)

એક અચંબા દેખ્યા મેરે ભાઈ,
બનમેં સિંહ ચરાવે ગાઈ.
પેલા જન્મ્યા પૂત પીછે જન્મી માઈ,
ગુરુ ઊઠ ચેલેકુ લાગે પાઈ.
જલકી મછલી થલમેં બ્યાઈ,
ગજહસ્તિકો લે ગઈ બિલાઈ.
ઊંચા ઊંચા પરવત હરિયલ ઘાસ,
બકરી બેચે કસાઈ કો માંસ.
ગોરખ કહે વાણી ઊલટાઈ,
ભેંસકે આગે ભવાની ચઢાઈ.[૧૩]

(૧૪)

રમતે રાવલ આયા મોરી ઉમર રે, જાહેર જોગ મેં પાયા...જી...ટેક
સપ્તધાતકા કાયા કોટ બનાયા, ઉસ પર ભમરા લોભાયા...જી.
બસતા શહર ઉજડ કર ડાલ્યા, ઉજડ ફેર બસાયા...જી.
જલ બિચ અગન, અગન બિચ પાની, પાનીરા પુરુષ બનાયા...જી.
જલકી મછલી થલમેં વિઆણી, ઇંડા અધર જમાયા...જી.
મૂસા જાઈ બિલી પર બેઠા, સસલે સિંહ કું ડરાયા...જી.
ચંદ્ર સૂરજ દોઉ મારગ હાલે, ભમર ગુફામેં સમાયા...જી.
ઉડકે હંસા ગગન પર બેઠા, સીતલ બનકી છાયા...જી.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

બિના ચાંચ પંખી ચારા ચુગત હૈ, ચાંચ પાંખ નહિ કાયા...જી.
અલખ પુરુષકી અલખ હૈ નગરી, સતગુરુ આપ લખાયા...જી
મછંદ્ર પ્રતાપે જતી ગોરખ બોલ્યા, ખોજયા સો નર પાયા...જી[૧૪]

(૧૫)

ઊંડા કૂવા સંતોજળ વિના, નીર ભરે પાણીઆરી જી;
અસત જુઠ નવ બોલીએ, બ્રહ્મા જુઓ વિચારી જી....ઊંડા.
તળે કુંભાર ઉપર ચાકળો, એમ ફરતાં દીઠો જી,
કીડી રે કેરા નેત્રમાં, હસ્તી જાતાં જોયો જી...ઊંડા.
નદી કેરાં નીર ઉલટી જઇ, પરવત પર બેઠા જી,
હરણીએ પાસો નાંખીઓ, માહેં પારધી પડીઓ ઊંડોજી...ઊંડા.
તળેરે ભમર ઉપર કમળ છે, માળી છાબમાં દીઠોજી.
તેનો રે વાયો પ્રેમલ વાયરો, લાગે મુજને મીઠોજી...ઊંડા.
તળે રે ગાગર ઉપર પનીઆરી, જળ ભરતા દીઠીજી,
ગોરખ બોલ્યા વિનતી, વાણી લાગે છે મીઠી જી...ઊંડા.[૧૫]

(૧૬)

તને રોકણ હારૂ નૈ કોઇ, મગન સે ચાલી જા,
વા..વા.. મગન સે ચાલી જા.
કીડી હાલી સાસરે, નવમણ કાજળ લગાઇ,
હાથી લીધો ગોદમાં, ઊંટ લિયો લટકાઇ.
વા..વા.. મગન સે ચાલી જા.
પહેલે સે જબ મેં જનમિયા, પીછું બડેરા ભાઇ,
ધામધૂમ સે પિતા જનમિયા, ફેર જન્મી માઇ.
વા..વા.. મગન સે ચાલી જા.
પહલે સે જબ દૂધ જમાયા, પીછું દોહી ગાય,
વાછરું ગાયના પેટમાં, એના ધૃત હાટે વેચાય.
વા..વા.. મગન સે ચાલી જા.
ઇંડા હતાં ત્યારે બોલતાં, બચ્ચા બોલે નાઇ,
જ્ઞાની થઇને ચેતજો, એવી ગોરખને ગમ પાઇ.
વા..વા.. મગન સે ચાલી જા.[૧૬]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## કબીર (ઈ.સ. ૧૩૯૮-૧૫૧૮)

(૧)

ઈતના હી ભેદ ગુરુ હમકો બતલાવો હમકો બતલાવો.
સમજ પકડ ગુરુ મેરી બૈયાં રે હો જી... ટેક.
સારી પૃથ્વીકા ચૂલા રે બનાયા.
તવા એના આસમાન ઠેરાયા રે હોજી
ચાર ચાર જુગકી લકડી રે જલાઈ
ધુંવા એના કહાં રે સમાયા રે હોજી...ઈતના હી.
જલ કેરી મછીયાં જલમેં વિયાણી
ઈંડા એના અદ્ધર ઠહેરાયા રે જી.
ઈ રે ઇંડામાં સીંડા રે નો'તા
પવન એમાં કહાં સે પધરાયા રે જી...ઈતના હી.
ગગન મંડળમાં ગૌવા રે વિયાણી
ગોરસ એના કહાં રે જમાયા રે જી
સબ સંત મિલકર કિયા રે વલોણા
માખણ કોઈ વિરલાને પાયા રે જી...ઈતના હી.
સુન રે શિખર પર ગગન ગુફામેં
જ્યોત મેં જ્યોત મિલાયા રે જી.
કહત કબીરા સુનો ધરમદાસા
ખોજ્યા સો નર પાયા રે જી...ઈતના હી [૧૭]

(૨)

મોકું રોકનવાલા કોન, મગનસેં જાઉં ચલી,
સદ્ગુરુ ! પકડો બાંય; મગનસેં...ટેક ૦
ઈંડા હતા તબ બોલતા, બચ્ચા બોલત નાંઈ ;
ખટદર્શનમેં સંસા પડિયા, ગોરખકૂં ગમ નાંઈ...મગનસેં ૦
આગેસેં તો આપ જનમિયા, પીછું બડા ભાઈ ;
ધામધૂમસેં બાવા જનમ્યા, પીછું જનમી માઈ...મગનસેં ૦
આગેસેં તો દૂધ જમાયા, પીછું દોઈ ગાઈ ;
બછરે ગાઉંકે પેટમેં વાકો, ઘૃત હાટોહાટ બિકાઈ...મગનસેં ૦
કીડીબાઈ ચાલી સાસરે, નવમણ કાજળ વાઈ ;
હસ્તી લીયા હાથમેં અરુ, ઊંટ ઝપટ લે જાઈ...મગનસેં ૦
કહત કબીર ફકીર મસ્તાના, યહ પદ હે નિરવાઈ ;
યહ પદ તો કો વિરલા બૂઝે, હંસા ઊતર ગયા ખાઈ...મગનસેં ૦[૧૮]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૩)

અબધૂ ! સો જોગી ગુરુ મેરા, જો યા પદકા કરે નિવેરા... ટેક.
તરુવર એક મૂલબિન ઠાડા, બિનફૂલાં ફલ લાગા ;
શાખા પત્ર કછુ નહિ વાકે, અષ્ટ ગગનમુખી બાગા...અબધૂ !
પાંવબિન નરત કરબિન બાજે, બિનજિહ્વા ગુન ગાવે ;
ગાવનહારે કૂં રૂપ ન રેખા, સદ્ગુરુ હોય લખાવે... અબધૂ !
પંછીકા ખોજ મીનકા મારગ, કહે કબીર વિચારી ;
અપરંપાર પાર પુરુષોત્તમ, વા મૂરતિકી બલિહારી...અબધૂ ![૧૯]

(૪)

એક અચંબા ઐસા ભયા, કરણીથેં કારણ મીટ ગયા.
કરણી કીયા કરમકા નાશ, પાવકમાંહી પહુપ પ્રકાશા ;
પહુપ માંહી પાવક પરજરે, પાપ પુન્ય દોઉ ભ્રમ ટરે...
પ્રગટી વાસ વાસના ધોઇ, કુલ પ્રગટયો કુલ ઘાલ્યો ખોઇ ;
ઉપજ ચિત ચીમટી ગઇ, ભે ભરમ ભાગા એસી ભઇ...
ઊલટી ગંગ મેરકૂં ચલી, ધરતી ઊલટી આકાશહી મીલી ;
દાસ કબીર તત્ત ઐસા કહે, શશિયર ઊલટી રાહુકૂં ગ્રહે...[૨૦]

(૫)

યહી વિધિ રામ જપો રે પ્રાની, બૂઝે અકથ કહાની ;
હરિકર ભાવ હોય જાઉપરિ, જાગ્રત રેની બિહાની...ટેક.
ડાયની ડારે સુનહા ડોરે, સિંહ રહે બન ઘેરે ;
પંચ કુટુંબ મીલી ઝુઝન લાગે, બાજત શબદ સંઘેરે...યહી ૦
રોવે મિરગ સસા બન ખેલે, પારધી બાન ન મેલે ;
સાયર જલે સકલ બન દાઝે, મચ્છ અહેરા ખેલે...યહી ૦
સોઇ પંડિત સોઇ તત્ત્વજ્ઞાતા, જો યા પદહી વિચારે ;
કહે કબીર સોઇ ગુરુ મેરા, આપ તરે મોહી તારે...યહી ૦[૨૧]

(૬)

યહી બિધિ રામસોં લ્યો લાઇ, યહી બિધિ રામસોં લ્યો લાઇ ;
ચરન પાખેં નૃત્ય કરનાં, બિન-જીભા ગુન ગાઈ. યહી વિ ૦
ધરતી બરસે ગગન ભીંજે, ચંદ-સૂરજ મેલ ;
દોઉ મીલી તહાં ઝુલન લાગે, કરત હંસા કોલ. યહી વિ ૦
એકવૃક્ષ ભીતર નદી ચાલી, કનક કલશ સમાઇ ;



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પંચ સુડા ઊલટ બેઠા, ઉંદે ભઈ વનરાઈ ; યહી વિ ૦
જહાંકો બિછુટયો તહાં લાગ્યો, ગગન બેઠો જોઈ ;
જન કબીર બટાઉવા, જીને મારગ લીનો ચોઈ. યહી વિ ૦(૨૨)

(૭)

અબ મેં પાઈબો પાઈબો બ્રહ્મજ્ઞાન, સહજ-સમાધિ સુખમેં
રહીબો કોટિ કલ્પ બિશ્રામ. ટેક.
ગુરુ ક્રીપાળ ક્રીપા જબ કીન્હી, હરદે કમલ બિગાસા ;
ભાગ્ય પરમ દશો દિશ સુપાયા, પરમ-જ્યોતિ પ્રકાશા.
મૃતક ઊઠયા ધનખ કર લીયા, કાલ અહેડી ભાગા ;
ઉદયા સૂર નિશી કિયા પયાના સોવત તેં જબ જાગા.
અવિગત અલખ અનુપમ દેખ્યા કહેતાં કહ્યા ન જાઈ ;
સૈન કરે મનહી મન હીસે, જયુ ગુંગે જાની મીઠાઈ.
પુષ્પ-બિના એક તરુવર ફલિયા, બિન કર તુર બજાયા ;
નારી-બિના નીર ઘટ ભરિયા, સહજ રૂપ સોઈ પાયા.
દેખત કાચ ભયા તન કંચન, બિન બાની મન માન્યા ;
ઊડયા વિહંગમ ખોજ ન પાયા, જ્યું જલ જલહીં સમાના.
પૂજયા દેવ બહુરી નહિ પૂજું, ન્હાયે ઉદક ન ન્હાઉં ;
ભાગ્યા ભ્રમ એકહીં કહેતાં, આયે બહુરી ન આઉં.
આપમેં તબ આપા નિરખ્યા, અપનપેં આપા બૂઝયા ;
આપે કહન સૂનત પૂની અપના, અપન પેં આપા સૂઝયા.
અપને પરચે લાગી તારી, અપનપેં આપ સમાના ;
કહે કબીર જો આપ વિચારે, મીટી જાય આવન જાના.(૨૩)

(૮)

જરા તુમ દેખોને લોકો રે...
નાવમેં નદીયાં ડૂબ જાય.... ટેક ૦
ઘડા ન ડૂબે ઘડિ ન ડૂબે, હસ્તી મિલ મિલ નહાય ;
કોટ કાંગરે પાની અહડિયાં, કીડીયાં પ્યાસી જાય - ૦
એક અચંબા હમને દેખા, કૂવેમેં લગ રહી આગ ;
કાદવ કીચડ જલ ગયા ઔર, મછિયાં હો ગઈ સાફ - ૦
સાસુ કુમારી વહુ અમલમેં, નણંદ સુવાવડ ખાય ;
દેખનવાલીકો પૂત જનમિયા, પડોસન હલોલોલો ગાય - ૦
કહત કબીર સુનો હે સાધો ! ઊલટા ભેદ દેખાય ;
યહી ભેદકા કરે નિવેરા તો, જન્મ મરન મિટ જાય - ૦(૨૪)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૯)

અવધૂ ! ઐસો જ્ઞાન વિચારો,
વામે કૌન પુરુષ ? કૌન નારી ?.... ટેક ૦
બ્રાહ્મણકે ઘર નહાતી ધોતી, યોગીકે ઘર ચેલી ;
કલમા પઢ પઢ ભયી તુરુકિનિ, કલિમેં રહી એકલી - ૦
નહિ કુમારી નહિ પરણેલી, પુત્ર જનિ જનિ હારી,
કાલા મૂંડકા કોઇ ન છોડયા, અજહુ બાલકુમારી - ૦
સસરો હમારો બાલો ભોલો, સાસુડી બાલકુમારી ;
પિયુ હમારો પારણિયે ઝૂલે, મૈ તો ઝૂલાવનારી - ૦
નહિ જાઉં સાસરે નહિ પિયરમેં, સ્વામીકે સંગ સુહાઇ ;
કહત કબીર સુનો હે સાધો ! જ્યોતમેં જ્યોત મિલાઇ - ૦[૨૫]

(૧૦)

સંતો ! બોલે તે જગ મારૈ,
અનબોલે તે કૈસે બનિ હૈ, શબ્દ હિ કોઇ ન વિચારે... ટેક ૦
પહિલો જન્મ પુત્રકો ભયઉ, બાપ જનમિયા પીછે ;
બાપ-બેટાકી એકહિ નારી, ઇ અચરજ કોઇકા છે - ૦
દુન્દુર રાજા ટીકા બૈઠે, વિષહર કરે ખવાસી ;
શ્વાન બાપુરા ધરિન ઢૉકતો, બિલ્લી ઘરમેં દાસી - ૦
કાગ દુકાગ કાગનકુ આગે, બૈલ કરે પટવારી ;
કહહિ કબીર સુનહુ સંતો ! ભૈંસે ન્યાય નિવારી - ૦[૨૬]

(૧૧)

હંસા ! સંશય છૂરી કહિયા,
ગૈયા પિબૈ બછરૂવૈ દુહિયા... ટેક ૦
ઘર ઘર સાવજ ખેલૈ અહેરા, પારથ ઓટા લેઇ ;
પાની મૉહિ તલફિ ભૂભુરિ, ધૂરિ હિલોરા દેઇ - ૦
ધરતી બરષૈ બાદલ ભીંજૈ, ભીઠ ભયા પૌંરાઉ ;
હંસ ઉડાને તાલ સુખાને, ચહલે બેધા પાઉં- ૦
જબ લગિ કર ડોલૈ પગુ ચલયે, તબ લગિ આશ ન કીજૈ ;
કહહિ કબીર જો ચલત નદીસે, તાસુ વચન કા લીજૈ - ૦[૨૭]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૨)

દેખિદેખિ જિય અચરજ હોઈ, યહ પદ બૂઝે વિરલા કોઈ... ટેક ૦
ધરતી ઉલટિ આકાશહિ જાઈ, ચિંઉંટી કે મુખ હસ્તી સમાઈ - ૦
બિનુ પવને જો પર્વત ઊડે, જીવ જંતુ સબ વૃક્ષહિ ચઢઈ - ૦
સૂખે સરવર ઊઠે હિલોર, બિનુ જલ ચકવા કરે કિલોર -૦
બૈઠા પંડિત પઢે પુરાન, બિન દેખેકા કરૈ બખાન -૦
કહહિ કબીર જો યહ પદ જાન, સોઈ સંત સદા પરમાન - ૦[૨૮]

(૧૩)

હૈ કોઈ ગુરુ જ્ઞાની જગમેં, ઊલટી વેદ બૂઝે,
પાનીમે લગી હૈ આગ, અંધહિ આંખિ ન સૂઝે... ટેક ૦
ગાઈ તો નાહર ખાયો, હરિન ખાયો ચિત્તા ;
કાગા નગરે ફૉંદિકે, બટેરન બાજ જીતા - ૦
મૂસા તો મંજાર ખાયો સ્યારે ખાયો શ્વાના ;
આદિકો ઉદેશ જાને, તાસુ ભેષ સુહાના - ૦
એકહિ દાદુર ખાયો, પાંચહિ ભુવંગા ;
કહહિ કબીર પુકારિ કે, હૈ દોઉ એક સંગા - ૦[૨૯]

(૧૪)

સંતો ! ભકિત સતગુરુ આની,
નારી એક પુરુષ દુઈ જાયા, બૂઝહુ પંડિત જ્ઞાની... ટેક ૦
પાહન ફોરિ ગંગ એક નિકલી ચહુ દિશિ પાની પાની ;
તા પાની દુઈ પર્વત બૂડે, દરિયા લહર સમાની - ૦
ઉડિ મૉખી તરુવરકો લાગી, બોલૈ એકૈ બાની ;
વહિ મૉખીકો માખા નાહીં, ગર્ભ રહા બિનુ પાની - ૦
નારી સકલ પુરુષહિં ખાયો, તાતે રહી અકેલા ;
કહહિ કબીર જો અબકી બૂઝે, સોઈ ગુરુ હમ ચેલા -૦[૩૦]

(૧૫)

સંતો ઐસા દેશ હમારા જી, કોઈ મેરમ હોવે સો પાવે...સંતો
જે કોઈ બ્રહ્મ હોય કર બેઠા, કહે ન સુત સે ન્યારા ;
નામે નીયમ નામે ક્રિયાસબ, નામે કોઈ વેદ ઉચાર્યા...સંતો
જલકી બુંદ વહે એકધારા, ના મીઠા ના ખારા ;
ગગન મંડલમેં નોબત બાજે, મોરલી બીન સતારા...સંતો



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

બિના બાદલે બિજલી ચમકે, રવિ શશિ બિન અજવાળાં ;
બિના નૈન વહાં મોતી પરોત હૈ, વહા રે શબ્દ ઝણકારા...સંતો
વેદ કિતાબ વહાં નહી પોચે, એસા અગમ અપારા ;
કહેત કબીર સુનો ભાઈ સાધુ, પોચેગા કો એ હરીકા પ્યારા...સંતો (૩૧)

(૧૬)

શુણ ચરખે વાલી, શુણ રેટ વાલી તેરા ચરખા બોલે
રામ નામ નિજ તુંહી તુંહી હર તુંહી અલખ તુંહી... ટેક
એ જલ માંહી થલ કરે ને, થલ માંહી ઘર વાશ,
એક અચંબો એશો દેખો, બેટીયે જનમ્યો બાપ રે... શુણ
બેટી કીએ છે બાપને તું, વણજાયો વર લાવ,
વણજાયો વર નહિ મલે તો મેરો તેરો ઘર વાસ રે.... શુણ
રૂ પીંજવા હું ગઈ ને, પીંજ પીજારા ભાઈ,
પીંજતાં પીંજતાં ઊંઘી ગયા રે મારે રૂઠડા રામ મનાએ રે.. શુણ
ચરખા તેરા રુગ રુગીલા, પૂણી લાલ ગુલાલ,
દાસ કબીરે ચરખો મેડયો, ઉલટ સુલટ સબ માંહે રે... શુણ(૩૨)

(૧૭)

પાણીમેં મીન પીયાસી રે, પાણીમે મીન પીયાસી ;
મુને અચરજ લાગે ઘણી હાંસી રે, પાણીમેં મીન પીયાસી...ટેક
મસીદ ચડકે મુલાં પુકારે, આડી જમ કેરી ફાંસી ;
જોગી હોકે જટા વધારે, બન બન ફીરત ઉદાસી રે... પાણી મેં
બેદી હોકે બેદજ વાંચે, તોએ ન મલે અવનાશી રે...
કસ્તુરી મૃગ નાભી બસત હે, ડોલત ફરે અબ ઘાંસી રે...પાણી મેં
દુરકી બાતે સચ કરી માનો, નિકટ પ્રગટ નહિં બાસી રે...
કહત કબીરા સુનો મેરે સાધુ, ગુરુ બીના નીચ્ચે ચોરાશી રે...પાણીમેં (૩૩)

(૧૮)

અટુક દઈને મટુક દઈને
મિલન પાણીડાં જાયરે...મારા ઉદર વરને,
આવળ બાવળ ને બોરડી, માથે કરેણી કામ રે... મારા
દાતણ કરશે મિલન બાઈના કંથ
હાથમાં જારિયાં રે, ઝરિયાં
સેવ સુંવાળી લાપીસી ને, બીજા પકવાન પાંચરે...મારા
ભોજન કરશે મિલન બાઈના કંથ



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

હાથમાં વીંજણાં રે, વીંજણાં
તજ સોપારી એલચી ને, પાનનાં બીડાં પાંચ રે...મારા
મુખવાસ કરશે મિલન બાઈના કંથ
મોઢાં રાતડાં રે, રાતડાં
સેજ સુંવાળા ઢોલિયાને, માથે ફૂલડાંના હાર રે...મારા
પોઢણ કરશે મિલન બાઈના કંથ
હાથમાં વીંજણાં રે, વીંજણાં
અરડૂક ડોકી ને મરડૂક ડોકી
મિલન બાઈ તો રાંડિયા રે, રાંડિયા કહત કબીરા સુણો ભાઈ સાધુ
મિલન બાઈએ બીજા ઘર માંડિયા રે માંડિયા (૩૪)

(૧૯)

દેખત આવે મોહિ હાંસી, પાનીમે મીન પીયાસી...ટેક
આતમ જ્ઞાન બીનાં સબ ભટકે, કોઈ મથુરાં કોઈ કાશી... પાની
જોગી હોકર રહે જંગલમેં, બન-બન ફીરે ઉદાસી...પાની
કસ્તુરીમૃગ નાભિ વસત હૈ, ઢૂંઢત હૈ બન વાંસી...પાની
પોથી પઢ-પઢ પંડીત ભૂલે, તવ ન મીલ્યા અવિનાસી..પાની
મસીત ચડકર મુલ્લાં પુકારે, તોઈ ન મીટે જમ ફાંસી...પાની
કહત કબીર સુનો ભાઈ સાધુ, ગુરુબીન ન ટળે ચોરાશી...પાની (૩૫)

(૨૦)

કોઈ આવો આવો દેશ હમારળે, જયાં સદાય જીવે સંત ;
શ્વાતું વરસે જીણે મોતીએ, ત્યાં તમે રહેજો નિશ્ચિત...કોઈ..ટેક
મૃદંગ બાજે બિન મઢયાં, મુખ બીન ગાવે ગીત ;
આશા તૃષ્ના મર ગઈ, ઐસા સંત સજીત...કોઈ
ત્રિવેણીના તીરમાં, હંસા ચુગતા હીર ;
સોઈ હંસા કુ હેરી લીયા, સાચા સંત સુધીર...કોઈ
પવન પુરુષકી પુતરી, ખેલે ગગન મોજાર ;
બીન વાટે દીપક જલે, રૂપ બીન નાચે મોર...કોઈ
સંત મેળવો ત્યાં કરે, જયાં હોય સાંકડા સેર ;
પગ ન ટકે પપીયલ તણા, ત્યાં સંતે કીધાં શહેર...કોઈ
આકાશથી ઉચેરડા, જેના નિશ્ચળ નામ ;
જ્ઞાન હીમાલય જઈ ગલ્યાં, પહોંચ્યાં પુરણ ધામ..કોઈ
આ કાયા કોટ લોહ તણો, દૃઢ મન રાખો ધીર ;
ગુરુ રામાનંદકા બાલકા, બોલ્યાં દાસ કબીર...કોઈ (૩૬)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૨૧)

પહેલે પુત પીછે રે માઈ, ગુરુ લાગે ચેલેકે પાંઈ ;
એક અચરજ તુમ દેખો ભાઈ, દેખત સિંહ ચરાવત ગાઈ.
જલકી મછલી તરવર વિઆઈ, દેખત કૂતા લે ગઈ બિલાઈ ;
તલે રે ડાલી ઉપર મૂલા, તિસકે પેટ લગા ફલફૂલા.
ઘોડે ચડે ભેંસ ચરાવન જાઈ, બાહર બેલ ગોન ઘર આઈ ;
કહત કબીર જો ઈસ પદ બૂઝે, રામ રતન એ સબ કૂછ સૂઝે. (૩૭)

(૨૨)

અરજી સુનજો મોરી રે ચરખો બોલે,
રામ નામ ભજ તુંહી, રામ ભજ તુંહી...ટેક
જળ ઉપર જળ નીપજ્યો જેમાં કીધો વાસ,
એક અચંબો એવો સુણ્યો, બેટીએ જન્મ્યો બાપ...અરજી.
બેટી કહે છે બાપને મારે વણજાયો વર લાવ,
વણજાયો વર ના મળે તો તારે મારો ઘર વાસ...અરજી.
રૂ પીંજવા હું ગઈ પીંજો પીજારા ભાઈ,
પીંજણ પીંજારાને ખાઈ ગઈ ત્યારે સદગુરુ અકકલ બતાઈ...અરજી
ચરખો મારો અજબ રંગીલો પુણીઓ લાલ ગુલાલ,
કાંતનવાલી છેલ છબીલી કાંઇ આંખથી નાખશે તાર...અરજી.
માતા મરજો પીતા મરજો મરજો ભરથાર,
એક ન મરો મારો છેલ સુતારી ચરખાનો ઘડનાર...અરજી.
રામાનંદનો ભણે કબીરો આ ચરખો કહેવાય,
ચરખાને જો ફેરવે તેનું જનમ મરણ મીટ જાય...અરજી (૩૮)

(૨૩)

આ પંડમા અપરાધી પાપી, રાજ કરતાં દેખ્યા રે....
ઝાડે ચડતા એક મછલી દેખી, સંસલે સિંહકું ડરાયા રે...
કીડી કુંજર દોનું લડતા દેખ્યા, તો કોણ હાર્યા ને કોણ જીત્યા રે..આ ૦
અગ્નિ કહે મુને શીત લગત હે, અને પાણી કહે મેં પ્યાસા રે...
અન્નદેવ કહે મુને ક્ષુધા લગત હૈ, અને ગરથ કહે મેં ભુખા રે...આ ૦
ઉજડ હતા ઇં તો વસ્તીમાં પોહચ્યા, વસ્તી ચાલી સબ લુંટ્યા રે...
એક વેલણીએં સબજુગ બાંધ્યાં, કોણ બાંધ્યાને કોણ છૂટયા રે..આ ૦
નાગો કે મારા ચીર હરાણાં, અંધલો કહે મેં દેખ્યા રે...
દહ દરિયામાં જે દી દા લાગ્યો, પાંગળો કહે મેં પોહોચ્યા રે...આ ૦
કહેત કબીરા સુણો મેરે સાધુ, આપ કહ્યું બૂઝે રે...
આપ તરે ને ઓરનકું તારે ત્રણ ભુવન કી ખબર પાવે રે..આ ૦ (૩૯)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## રાવત રણશી (૧૫-૧૬મી સદી)

(૧)

અણઘડ દેખા હે ગુરુ, શૂન શિખર ગઢ માંહિ,
ગુરુ દત્ત દેખા હૈ બંદા, ભમર ગુફા કે માંહિ,
હાથ જ નાહિ વાંકુ પાંવજ નાહિ, ગુરુ શિશ સુન ન રેખા,
ઉલટા સુલટા બીચ રમતા જોગી, ભમરગુફા કે માંહિ
ફૂલ નાહી  ફૂલવાડી નાહી, નાહીં સુગંધા વાહી,
પ્રેમ નામી રટત રટત, વાસ ત્રિવેણી કે માહીં
બિના બાદરી બીજ ચમૂકે, ગુરુ અખંડ વરસે વાહી
તેલ બાતી બિન દિપ જલકત હૈ, હીરા ઝલકત હે તાહી
અંધાધૂંધ નગારા વાગે, ગુરુ નરકસ ગોલાં માંહિ
સુખમન નારી સેજ બિછાવે, ત્યાં પોઢે નકલંક રાઈ
પાંચ સાત નવ બાર મેરા, તેતરીસસે સવાયા,
રાવત રણસી બોલિયા, ગુરુ ગેબી ગગનકે માંહિ. (૪૦)

## અખો (ઈ.સ.૧૬૦૦)

(૧)

સંતો રે અચવ્યો રસ ચાખો,
ચવ્યો ચિત્તમાંહે નવ ધરો, વિચારીને નાખો ;
સંતો રે અચવ્યો રસ ચાખો.
જે  વણસે તે ઊપજે, ઊપજે તે વણસે ;
પંચ વિષેથી જે રહે પરો, તેમાં શીદ ભળશે ? સંતો રે.
માપ અમાપમાં શાને ગણો ? આપ અળગું જાણો ;
જેમ દરશન સંપુટ ભીડતાં, જુઓ તન બંધાણો. સંતો રે.
પિંડબ્રહ્માંડ છે જે વડે, નથી તે કોઈ માટે ;
એવું ભર્યું ભાણું મૂકીને, જમ્યું ચપણ કોણ ચાટે ? સંતો રે.
લીલાવિગ્રહ વિશ્વનું, તે વિશ્વમાં મૂકો ;
અણ આયાસે પરમાત્મા, જોતાં નવ ચૂકો. સંતો રે.
પહેલો થાપે આપને, સાહામો થપાયે ;
થાપે સ્થિર તે નવ રહે, ધે ને ધાતા જાયે. સંતો રે.
તેજે ત્રિલોકી દેખીએ, તેજ તેજ ને રૂપ ;
જેમ ડોળા ચક્ષુ નિરમલા, તે જ સરખું રંક ભૂપ. સંતો રે.
દિવ્ય -દર્શીનું દેખવું, અખે કહી મેલ્યું ;
ખેચર ગતિ ખેચર લહે, ભૂચરને દોહલું. સંતો રે. (૪૧)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૨)

સંતો સમજીને રહિયે જી ;
મનવાણી રે પોચે નહિ, અજરામર રહિયે. (ટક)
પૃથ્વી વિના પગ માંડવો, વિણવાટે દીવો જી ;
જે ઘર જાવું મૂઆ પછી, તે ઘર જીવતાં જુવો જી. સંતો ૦
ચંદા નહિ, સૂરજ નહિ, નહિ કોઈ નવલખ તારા જી;
દિન ઊગે ને દીસે નહિ, વાકા તેજ અપારા જી. સંતો ૦
પવન નહિ, પુરુષ નહિ, નહિ કોઈ જ્યોત અંજવારા જી ;
હું નહિ, તું નહિ, તે નહિ, એસા અપરંપારા જી. સંતો ૦
કહે અખો ગુરુગમસે, સંતો જુઓ વિચારી જી ;
અન્ય પદ ઇચ્છે નહિ, જેણે મમતાને મારી જી. સંતો ૦[૪૨]

(૩)

કાગળ સદ્‌ગુરુ લખે, જેના વિરલા છે વાચણહાર... (ટક)
જ્ઞાન વૈરાગ્યના દેહ ધર્યો, માંહી જોગપણાનો છે જીવ ;
ભકિત-આભૂષણે મહેરિયા રે, એવા કોઈ એક સેવક શિવ. કાગળ ૦
શીલરૂપી ખડિયો કર્યો, માંઈ પ્રેમતણી રુશનાઈ ;
કલમ બુદ્ધિ સંતની રે, ત્યાં તો અદ્વૈત આંક ભરાઈ. કાગળ ૦
સૂરતનૂરતની દોરી લીટી, માંહી વિવેક તણી ઓળ ;
વિચારી અક્ષર ત્યાં લખ્યા રે, તેમાં ઉતારી પાટણપોળ. કાગળ ૦
સમજણ કાનો માતરા રે, માયા ઉપર શૂન્ય ;
તેમાં પરિપૂરણ બ્રહ્મ છે રે, ત્યાંહાં નહિ પાપ ને પુન્ય. કાગળ ૦
કોટિકોટિ પંડિત પચી મૂવા રે, પઢી પઢી વેદ પુરાણ,
તો યે અક્ષર એ કે ન ઊકલ્યો રે, સરવે થાકયા છે જાણસુજાણ. કાગળ૦
અંધે તે અક્ષર વાંચિયા રે, બહેરે સુણી વાત ;
મૂંગે ચરચા બહુ કરી રે, તેની વેદ પૂરે છે સાખ. કાગળ ૦
જોગપણું જુગતે લહ્યું રે, મન મળી મંગળ ગાય ;
વિચારી અક્ષર સૌ લખે રે, તો યે કાગળ કોરો કે'વાય. કાગળ ૦
અમરાપુરી નિજ ઘાટમાં રે, ત્યાંહાં છે તેહનો વાસ ;
કર જોડીને અખો કહે રે, એવા નિરમળ હરિના દાસ. કાગળ ૦[૪૩]

(૪)

અંત ન આવહીં કૃત્ય ભાવહીં, રંજના દેહસોં સદા ;
મેં મમતા કર આપ પોખે, ત્યોં ત્યોં મન પાવૈ મુદા.
સ્વરૂપ જેસો પુત્ર વંધ્યા, કર્મ નિત ઐસેં કરે ;



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

આકાશકી નિત્ય પોટ બાધે, ભંડાર લે અપના ભરે.
અજાયે નર સુભટ યોદ્ધા, તાહીકી સેના રચી ;
ગાંધર્વ નગરી જીતીવેકો, ચલે રાય સુંદર શુચિ.
જય -પરાજય નિત્ય પાવે, હર્ષ - શોક હૃદે વિષે ;
તનમનકે આનંદ કારન, કર્મ માદક નિત ભખે.
અસંભાવના વિપરીતભાવના, તાહીંકે હિયમેં રહી ;
કહે અખા એ જીવનલચ્છન, ઉત્પત્તિ સ્થિતિ વાકી કહી. (૪૪)

(૫)

સેહેજમાં સાધન લાગે, અણલિંગી અનુભવ એહવો;
વંધ્યાસુત જેમ સુખ સરાહે, અચવ્યો રસ પીવો નવો.
મુખ વિના રસપાન કરવું, એહવું તે બ્રહ્મજ્ઞાન;
શ્રવણ વિના તે શબ્દ સુણવો, નેત્રવિહોણું જેમ ધ્યાન.
વસ્તુગતે સેવક નહિ, અને સ્વામીને નહિ રૂપ,
ગ્રાહ્ય - ગ્રાહક - ભાવ નહિ, એહવું તે ધામ અનુપ.
જેહને વર્ણ વેષ ન રૂપ મુદ્રા, તેહ તણા સર્વ રંગ;
છાયા માયા નહિ જેહને, તેહના જાણો સર્વ ઢંગ.
સ્થાન માન જેહને નહિ, અકલ રૂપ અપાર;
તે વડે એ સર્વ શોભે આપે જાણણહાર.
વાણી માંહે જેહ ન આવે, તેહ તણી સર્વ વાણ્ય;
નેતિ નેતિ કરી સો કહીએ, તેહની જાણે સર્વ જાણ.
કૂટસ્થ આત્મા બ્રહ્મ કૈવલ્ય, તેહનો સર્વ પ્રસાર;
જેહને વિશેષણ એકે ન લાગે, તે વિલસી રહ્યો સંસાર.
જે કહેવો એક કહેવાય નહિ, શબ્દાતીત સદાય;
અનિર્વચની વચન બોલે, તે નાવે વાણીમાંય.
એ તો પ્રીછણહાર વિના પ્રીછવું, પદાર્થ-વોહોણી જે પ્રીછ;
આપે આપનું જે નિરીક્ષણ, ઇચ્છા-વોણી જે જે ઇચ્છ.
કહે અખો એ વાણ્ય-વર્જિત, નિજસ્ફુર્ણ મહંતને;
એ સમસ્યા તેણે લહી, જેણે સેવ્યા હરિ-ગુરુ-સંતને. (૪૫)

(૬)

શાં શાં રૂપ વખાણું, સંતો રે શાં શાં રૂપ વખાણું ?
ચાંદા ને સૂરજ વિના, મારે વાયુ છે વહાણું. સંતો ૦
નેજા રોપ્યા નિજ ધામમાં, વાજાં અનહદ વાજે,
ત્યાં હરિજન બેઠા અમૃત પીએ, માથે છત્ર વિરાજે. સંતો ૦
નૂરત-સૂરતની શેરીએ, અનભે ઘર જોયું ,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ઝળહળ જ્યોત અપાર છે, ત્યાં મુજ મન મોહ્યું.  સંતો ૦
વિના રે વાદળ, વિના વીજળી, જળસાગર ભરિયું ,
ત્યાં હંસારાજા ક્રીડા કરે, ચાંચે મોતીડું ધરિયું.  સંતો ૦
માનસરોવર ઝીલતાં, તું તો તારું તપાસે ,
તેને તીરે વસે નાગણી, જાળવજે નહિ તો ખાશે.  સંતો ૦
ઝગમગ જ્યોત અપાર છે, શૂન્યમાં ધૂન લાગી ,
અખો આનંદશું ત્યાં મળ્યો, ભવભ્રમણા ભાગી.  સંતો ૦ (૪૬)

(૭)

સંતો રે, શું કરી રે વખાણું ?
વણ ચંદા વણ સૂરજે, વાયું છે વહાણું.
શૂન્ય મંડળની શેરીએ, અગમ ઘર જોયું ;
ઝલહલ જ્યોતિ ઝળહળે, માહારું મન મોહ્યું.
નેજા ગાડી નિજ ધામમાં, ગેબી વાજાં વાજે ;
મુનિવર બેઠા મદ પીએ, ઉપર છત્ર બીરાજે.
વણ વાદળ, વણ વીજ ઘન, સાયર જલ ભરીયાં ;
હંસરાજા ક્રીડા કરે, મોતી ચંચે ગ્રહીયાં.
અગમ મેડીના મેહેલમાં, શૂન્ય ધૂન્યને છાજે;
અખોજી આવીને ત્યાંહાં રહ્યા, સંજનની પાસે. (૪૭)

## છપ્પા

(૧)

એક નહિ ત્યાંહાં બીજું કશું ? જણ્યું જ નહિ, શું વાસો વસ્યું ?
પંચ નહીં ત્યાંહાં કેહેની સાખ્ય ? વણરસના અચવ્યો રસ ચાખ્ય.
અખા સમઝે જો સમઝી જુએ, બાપના બાપને ગેહેલા રુએ. (૪૮)

(૨)

અત્ય જૂનું જેહેની નહિ આદ્ય, પણ કો કાળે પડે નહિ ખાધ્ય,
નિત્ય નિત્ય થાતું જાયે નવું, પણ કો નવ કહે મુજ આગળ હવું ;
અખા વિચારી જો એહને, પણ વળગેશ મા થયા દેહને. (૪૯)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૩)

આત્મલક્ષમાં નહિ પર-આપ, વણસંતાને કેહેનો બાપ ?
વણ જોનારે દરપણ જથા, બિંબ-પ્રતિબિંબની કોણ કહે કથા ?
અખા દ્વૈત થયે ઉપાધ્ય, તનમન વિના એ સાધન-સાધ્ય. (૫૦)

(૪)

નવ દીસે તેહને સત્ય જાણ્ય, દીસે તેહને નાશ પ્રમાણ્ય;
દૃષ્ટ પદારથ જૂઠો થાય, જયમ ઘાટ દૃષ્ટિ હેમે ઠહેરાય.
પ્રસર્યું આપ સચરાચર વિખે (ષે), એમ જોત પદ પામ્યું અખે. (૫૧)

(૫)

કાંઈ ન જાણ્યે જાણ્યો રામ, જાણપણે ભૂલ્યો નિજધામ,
જયમ જયમ અદકું જાણતો જાય, ત્યમ ત્યમ હુંના મળ બંધાય.
યદ્યપિ કથે જો બ્રહ્મજ્ઞાન, તોહે અખા ન મૂકે માન. (૫૨)

(૬)

સમઝયું તે અણસમઝયું થાય, અણસમઝ્યું સરખું સમઝાય ;
એહેની કો દેવા નહિ સાખ્ય, અનુભવ ઊપન્યો તેહેને દાખ્ય.
નિજ ઘરવર્તી જે કો હશે, અખા તે એહમાં પહોંચશે. (૫૩)

(૭)

સસાસિંગનું નાવ જ ઘડી, વંધ્યાસુત માંહે બેઠો ચઢી,
મૃગતૃષ્ણાનું નીર જ ભર્યું, તે ઉપર તે વાહણ જ તર્યું;
વ્યોમકુસુમની વહોરત કરી, તેહેનું વહાણ તો આણ્યું ભરી ;
અખા એ સર્વે છે મિથા (થ્યા), જયમ શેખસલીની ચાલી કથા. (૫૪)

(૮)

જે જળમાં લોહ બૂડી જતું, તે ઉપર દીસે રમતું ;
ત્યમ ભવસાગર હરિસાગર થયો, જ્યારે આપોપાનો ભાર જ ગયો.
અખા મધ્યથો તું જા ટળી, બંધ-મોક્ષ કથેશ મા વળી. (૫૫)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## દેવાયત પંડિત (ઈ.સ.૧૬૧૨)

(૧)

ગુરુ ! તારો પાર ન પાયો
એ જી ! તારો પાર ન પાયો
પૃથવીના માલિક ! તારો...જી...હો...જી...
હાં રે હાં ! ગવરીનો નંદ ગણેશ સમરીએ... જી...હો...જી...
એ...જી ! સમરું શારદા માત. એ વારી ! વારી ! વારી !
અખંડ ગુરુજીને ઓળખો... જી...હો...જી...
હાં રે હાં ! જમીં આસમાન બાવે મૂળ વિના માંડયાં... જી...હો...જી...
એ...જી ! થંભ વિણ આભ ઠેરાયો. એ વારી ! વારી ! વારી !
અખંડ ગુરુજીને ઓળખો... જી...હો...જી...
હાં રે હાં ! ગગન-મંડળમાં ગૌધેન વ્યાણી... જી...હો...જી...
એ...જી ! માખણ વિરલે પાયો. એ વારી ! વારી ! વારી !
અખંડ ગુરુજીને ઓળખો... જી...હો...જી...
હાં રે હાં ! સુન રે શિખર પર અલખ અખેડા... જી...હો...જી...
એ...જી ! વરસે નૂર સવાયો. એ વારી ! વારી ! વારી !
અખંડ ગુરુજીને ઓળખો... જી...હો...જી...
ગગન-મંડળમાં બે બાળક ખેલે ... જી...હો...જી...
એ...જી ! બાળકનો રૂપ સવાયો ! એ વારી ! વારી ! વારી !
અખંડ ગુરુજીને ઓળખો... જી...હો...જી...
શંભુજીનો ચેલો પંડિત દેવાયત બોલિયા ... જી...હો...જી...
એ...જી ! સાધુડાંનો બેડલો સવાયો ! એ વારી ! વારી ! વારી !
અખંડ ગુરુજીને ઓળખો... જી...હો...જી... [૫૬]

## ડાડા મેકરણ (ઈ.સ. ૧૬૭૦)

(૧)

વરસે ધરતી, ભીંજે આસમાન,
સવરી વાણીરા પૂરા પરમાણ.
બારે બારે બછડા, સોરે સોરે ગાઈ,
દોતે ગોરખનાથ રેન વિહાઈ.
નવી નવી હાટડી, માંહી જૂનાં જૂનાં નાણાં,
પારખુ પારખો, પારખી લ્યો, નાણાં.
મારો મારો નીંદરા, જગાડી લ્યો ભમરા,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

હમીરસ પીવે તાકું જખ મારે જમરા.
ગુરુમુખ વચન, ગગન ઘર રહેણા,
બોલ્યા શ્રી મેકા પ્રેમ પુરાણા. (૫૭)

(૨)

મેના બોલે પાંજરે, સુણ ભઈ મનવા રાજા,
પૂરા જાણે પારખા, આસમાની અવાજા. મેના ૦
વરણ-અવરણ કોઈ નહિ, દુનિયા દરવાજા;
વણ દેવળ વણ દેવતા, વણ મસીદે વાજા. મેના ૦
શૂન્ય શિખર પર શબ્દ હૈ, કર વણ વાજત વાજા;
'મેકાજી' મેના જીવ હૈ, પિયુડા હૈ અવાજા. મેના ૦ (૫૮)

## બ્રહ્માનંદ (ઇ.સ. ૧૬૭૫)

(૧)

અચરજ દેખા ભારી સાધો અચરજ દેખા ભારી રે. (ટેક)
ગગન બીચ અમૃતકા કૂવા ઝરે સદા સુખકારી રે.
પંગુ પુરુષ ચઢે બિનસીઢી પીવે ભરભર ઝારી રે.
બિના બજાયે નિશદિન બાજેં ઘંટા શંખ નગારી રે.
બહરા સુનસુન મસ્ત હોત હૈ તનકી ખબર બિસારી રે.
બિન ભુમિકે મહલ બના હૈ તામેં જોત ઉજારી રે.
અંધા દેખ દેખ સુખ પાવે બાદત બતાવે સારી રે.
જીતા મર કરકે ફિર જીવે બિન ભોજન બલધારી રે.
બ્રહ્માનંદ સંતજન વિરલા સમઝે બાત હમારી રે. (૫૯)

## ત્રિકમ સાહેબ (ઇ.સ.૧૭૨૬)

(૧)

કોણ નર ભરતા દાતાર, કોણ ઉઠતા હૈ, કોણ નિશાન ઠેરાતા હૈ.
ધર રે અધર પર આવાજ કૈસા હોતા હૈ ?
ઓહંગ નર ભરતા, સોહંગ ઉઠતા, સતગુરુ નિશાન ઠેરાતા હૈ.
ધર રે અધર પર અવાજ કૈસા હોતા હૈ ?
નહિ રે બંદૂક દાતાર, નહિ રે ગજ દારૂ, બિના ગોળીએ નિશાન લેતા હૈ.
ધર રે અધર પર આવાજ કૈસા હોતા હૈ !
ઈરિ અવાજ કોઈ જ્ઞાની નર સૂનતા, સમજ સમજ મુસકાતા હૈ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ધર રે અધર પર આવાજ કૈસા હોતા હૈ !
કહે ત્રિકમ ગુરુ ખીમને ચરણે, અનુભવી વહાં ઓળખાતા હૈ.
ધર રે અધર પર આવાજ કૈસા હોતા હૈ ! (૬૦)

(૨)

ધર અધર વચ્ચ આવજા કૈસા હોતા હૈ,
સૂનતા હૈ વો ઉનકો ગમતા હૈ
કોન નર ભરતા કોન નર ઉઠાતા
કીસકી સાજસે ઠેરાના હૈ.
ઔસે ભરતા, સૌંસે ઠહરતા,
સતકી શાન સે ચડતા હૈ.
વિના બંદૂક વિના દારૂ,
વિના ગોલી માર ખાતા હૈ.
ઈ અવાજ સુને કોઈ જ્ઞાની,
તારમેં તાર મિલાતા હે.
ત્રિકમ સાહેબ ખીમકે ચરણે,
અનુભવી અનુભવ લેતા હૈ. (૬૧)

## રવિ સાહેબ (ઈ.સ.૧૭૨૭)

(૧)

એક વરખડી ભાળી , નહીં પાન ને ડાળી, વેલો મૂળ વિના અધર ભયો.
આકાશથી આઘેરું ચાલતાં, ફૂલ વિન એક ફળ થયો...એક ૦
ફળ નામ અમર ટળે તમર, દેખતામેં દિલ ઠરે.
સત્ગુરુ મળેને સત પાળે, ભવસાગર સેજે તરે...એક ૦
શિવ-પાર્વતી પાળી, ફળ ન શકયા ગાળી, બ્રહ્મા બ્રહ્માણીને ભૂલીયા,
વિષ્ણુ થઈ લક્ષ્મી વર્યા, ફળ અધરના અધર રહ્યાં...એક ૦
ફળ કબીરે ગ્રહ્યાં, સુખદેવે લહ્યાં, જેના જસ માતમ જુગમે રહ્યા,
ગૂઢ ભાણ દેવે ભેદ બતાયા, રવિદાસ અમર થઈ રહ્યા....એક ૦ (૬૨)

(૨)

હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશ કે નાહીં ;
આ દેશનો જીવ અભાગી, પલ પલમે પરલાહી...હમ ૦
પાંવ વિના ચલના, ચાંચ બિના ચુગના, પંખ વિના ઊડ જાના.
બિના સૂરતકી નૂરત હમારી, અનલ ન પહુંચે ત્યાંઈ...હમ ૦



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

આઠો પહોર અધર રહે આસન, કબહુ ન ઊતરૈ આની ;
જ્ઞાની, ધ્યાની, વિજ્ઞાની થક ગયે, ઐસી અકથ કહાની...હમ ૦
છાંયે બેસું તો અગ્નિ વ્યાપે, ધૂપે બહુ શીતલાઈ ;
છાંયા ધૂપસેં સદ્‌ગુરુ ન્યારા, હમ હૈ સદ્‌ગુરુ માંહી...હમ ૦
નિરગુણ રૂપ હમારા સાધુ, શિરગુણ નામ ધરાઈ ;
કહે રવિરામ નિરંતર વાસા, સબ ઘટ ઝલકે ઝાંઈ...હમ ૦ (૬૩)

(૩)

ધર અધર સે અવાજ કૈસા હો જી ?
બિન દારૂ વો ઉડાતા હૈ ;
બંદૂક નોતી વાકું ગજ પણ નોતા જી,
બિન ગોળી મર જાત હૈ ; ધર ૦
કૌન ભરતા ને કૌન ઉડાતા જી,
કૌન નિશાન ઠેરાતા હૈ ;
ઓહં ભરતાને સોહં ઉડાતા જી,
નિરભે નિશાન ઠેરાતા હૈ ; ધર ૦
વોહી અવાજ કોઈ ગ્યાની નર સુનતા જી,
સમજ સમજ સુખ પાતા હૈ ;
કહે ' રવિદાસ ' ગુરુ ભાણ પ્રતાપે જી,
શબ્દ મેં સુરતી મિલાતા હૈ; ધર ૦(૬૪)

(૪)

સમજાય નહીં બોલ્યું ત્રણ ભુવન પહોળું
એવું પંખ વીના પંખી ભમે,
બે બચ્ચા તેની ગોદમાં, લઈ અધરનું અધર રમે,
થાન વીના જેને દુધ ઝરે, મુખ વીના બચ્ચા પીએ,
જે ઝીણા તેની જુગત જાણે, તોટા દેખીને બીએ.
એવાં ગૂંગા બચ્ચાં દુધે રચ્યાં, ગાયસું વળુધીયાં,
ચૌદ ભુવનમાંહી વાસ કરીને, કોઈક વીરલે શોધીયા.
એવી ગોરી ગાય રૂપ વર્ણી, ગગનમાં ગુપ્ત રહે,
જાણસે તે માણસે, રવિદાસ ગુરુ શબ્દે લહે. (૬૫)

(૫)

તન માહીં નીજ તત્ત્વ હે, દેખે કોઈ પૂરા,
તાથૈ તાતાથૈ હોઈ રહ્યા, બાજે અનહદ તૂરા,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

મૂળ મંત્ર આરાધીયે, શિવ શકિતકા મેળા,
જીવ બ્રહ્મ ન્યારા નહિં, મન પવન હુવા ભેળા...તન માહીં.
મન પવન ભેળા હુવા, બ્રહ્મ સાગરકે માંહી,
બાજા બાજે ગેબકા, પણ દીસત નાહીં...તન માહીં.
પ્રેમ દોર કોઇ ચડ ચલે, ગુરુ શબ્દ નિશાની,
રૂપ રેખ ઉન ઘર નહિં, નહિં વેદ અરૂ વાની...તન માહીં.
જપ તપ તિરથ ત્યાં નહિં, નહિં સેવાને પૂજા,
એક અકેલા રામ હે; અવર દેવ ન દૂજા...તન માહીં.
ચંદ નહિ સુરજ નહિ, નહિં ધૂપને છાયા,
પવન નહિ પાણી નહિં, નહિં કાયાને માયા...તન માહીં.
ધરણ નહિં આકાશ નહિં, નહિં દિવસને રાતી,
અલખ પુરુષ પ્રકાશીયા, નહિં દીવોને બાતી...તન માહીં
એસા કોન જોગેશ્વરા, વાકા રૂપ લખાવે,
બાજા બાજે ગેબકા, ત્યાં જઇ સૂરત લગાવે...તન માહીં.
અકથ કહાણી રામકી, કથણકી સેં ન્યારી,
આપેં ઉપન્યા આપસેં,એસી જુગત સંભારી...તન માહીં.
માપ થાપ કછુવે નહીં, એસા તોલ અતોલા.
રવિદાસ ભાણ પ્રસાદસેં, વસ્તુ પ્રગટ બોલા...તન માહીં. (૬૬)

(૬)

સઘળું કુટુંબ પરવાર્યુ રવિ કહે સો જાણ્યું મેં પરવાર્યું ,
પ્રથમ મેં તો મારી માતાને મારી પિતાને ગયો પરવારી,
પછી દુનિયા લાગી ગઇ ખારી ખારી...રવિ કહે.
મામા માર્યા મોટા મહિપતિ રાણા, જેના પીલીને કાઢી નાંખ્યા ઘાણાં,
પછી મટી ગયા તાણાં ને વાણાં... રવિ કહે.
ભાઇઓ માર્યા મોટા ભડ જ માર્યા, જેની ખોદીને કાઢી નાખી જડ,
જઇને બેઠો દરિયા કેરે તટ... રવિ કહે.
કાકા કુટુંબના મેં તો કરી નાંખ્યા કટકા,પછી રવિ ને ચડયા રંગના ચટકા,
મટી ગયા ભ્રમણા કેરા ભડકા,ભાણ ગુરૂ ભેટયા ગુરૂ મને દરસાણાં... રવિ કહે.(૬૭)

## લક્ષ્મી દાસ (અવસાન : ૧૭૮૯)

(૧)

મુને મતવાલો પિયાલો પાયો, પીધો પ્રેમ હુંદો,
જરણ મરણ વાકો નહિ, સદગુરુ વચને સુધો.
બક નાડેથી દમ ચાલીયો, બ્રહ્મ મધ્યે પર વારી,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ઈંગલા પિંગલા અને સુષમણા, ત્રિકોટીમાં લાગી તાળી.
વિના દીવેટ વિના કોડિયે, ધ્રથ વિના જાગે છે જ્યોતું,
વિના વાદળ વિના વીજળી, ધમકે મેઘાડમ્બર સોતું.
ગગન મંડળમાં ભઠ્ઠી જલે, વર્ષે અમીરસ ધારા,
ચંદા સૂરજ દોનું સાખિયા, સતગુરૂ ઉતારે પારા.
સોહ્‌મ્ નાદે સૂનકાર હોવે, ધીરા હોવે શ્રવાસા,
વ્રેહ મંડલસે ધારા વરસે, એમ બોલ્યા લક્ષ્મીદાસા. (૬૮)

## દાસી જીવણ ( ઈ.સ.૧૭૫૦)

(૧)

અબધુ દીયા તખત પર ડંકા રે, સો ઘર સેજે પાયા રે જી, (ટેક)
નાભી કમલથી નટવર ચડીયા, પવન પુરુષ પલટાયા રે જી.
બંકનાળકી ખડકી ખોલી, ઉલટા રાહ ચલાયા રે...સો ઘર ૦
જો ઝાલર વાગે બીન હાથે, બીન મોગરે બજાયા રે જી,
અટળ મોહોલમાં પુરુષ અભંગી, બંનગી કરી બોલાયા રે...સો ઘર ૦
નૂરતેં સુરતેં સુહાગણ ખેલે, રંગ ભર રાશ રમાયા રે જી,
પ્રેમે પ્રેમે પ્રેમરસ પાયા, અમ્મર ચીર ઓઢાયા રે...સો ઘર ૦
દેવળ તો એક દેહીમાં દેખ્યા, ભીમ ભેદ બતાયા રે જી,
દાસી જીવણ ગાઈ ગુલતાના, એસા ધરા સુખ આયા રે...સો ઘર ૦(૬૯)

(૨)

નામનો ફરે પંખી નામનો ફરે, પગ પાંખ વિનાનો પંખી નામનો...ટેક
ઝીણો ઝીણો જગતો લાટે, ડરાવ્યો ન ડરે રે,
બોલવું ત્યાં બોલ દિયે, કહું તે કામ કરે રે... પગ પાંખ
નગીનો થઈને નાચે, છળે છેતરે રે,
ધરણીથી આકાશે ઢૂંકે, પલમાં જઈ વળે રે...પગ પાંખ
હેતે પ્રીતે હાથ આવે, વાલપે વરે રે,
આ ગોકુળમાં એવું દીઠું, ભર્યામાં ભરે રે... પગ પાંખ
દાસી જીવણ ભીમ પ્રતાપે, ઠીક ઓ ઠરે રે,
ભજ્યા તે નર અનભે ભયા, વાણુ એમ ઓધરે રે... પગ પાંખ (૭૦)

(૩)

સતગુરુએ મુને ચોરી શિખવાડી, ને જ્ઞાન ગણેશિયો ઘડાયો રે,
પવનરૂપી ઘોડો પલણ્યો, ઊલટી ચાલ ચલાયો રે,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ગંગા-જમનાના ઘાટ ઉલંઘી, જઈને અલખ ઘરે ધાયો રે..
ધમણ ધમુંકે તિયાં વિજું ચમુંકે, અનહદ નોબત વાગે રે,
ઠારો ઠાર ન્યાં જ્યોતું જલત હૈ, ચેતન ચોકી માંઇ જાગે રે...
સાકડી શેરી ન્યાં વાટું વસમી, માલમીએ મુંને મૂકયો રે,
નામની તો નિસરણી કીધી, જઈને ધણીને મો'લે ઢૂકયો રે...
શીલ સંતોષનાં ખાતર દીધાં, પ્રેમે પેસારો કીધો રે,
પેસતાંને પારસમણિ લાધી, માલ મુગતિ લીધો રે...
આ રે વેળાએ હું ઘણું જ ખાટયો, માલ પૂરણ પાયો રે,
દાસી જીવણ સત ભીમને ચરણે, મારો ફેરો ફાવ્યો રે.. (૭૧)

(૪)

ઝાલરી ઝાલરી ઝાલરી ઝાલરી રે, ઝણણ ઝણણ વાગે છે ઝાલરી... ટેક
ઈંગલા પિંગલા સુખમણાં સાધી લે, માંઈ મેરમ સરખા દીસે છે માલરી... ઝણણ
વિના દીપક એક જ્યોતિ જલત હે, માંઇ ખન ખન ખૂબી દીસે છે ખ્યારી...ઝણણ
ઝીણે ઝીણેશ્વર ત્યાં જલમલ જ્યોતિ, માંઇ તનનન વાગે છે ઝીણી હો તાલરી...ઝણણ
દાસી જીવણ સત ભીમ કેરાં ચરણાં નાથજીને નેડલે થઈ છું ન્યાલરી... ઝણણ (૭૨)

(૫)

દેખંદા કોઈ આ દિલમાંય, નિરખંદા કોઈ, પરખંદા કોઈ આ દિલમાંય,
ઝણણણ ઝણણણ ઝણ ઝાલર વાગે...ટેક ૦
બોલે બોલાવે સબ ઘટ બોલે, સબ ઘટમાં તો રહ્યો સમાય,
જિયાં જેવો તિયાં તેવો, થિર કરી થાણા દિયા ઠેરાય... ઝણણણ
નવે દરવાજા નવી રમતકા, દશમે મોલે ઓ દેખાય,
ઓઈ મહેલમાં મેરમ બોલે, આપું ત્યાગે ઓ ઘર જાય....ઝણણણ
વિના તારને વિના તુંબડે, વિના મુખે મોરલી રે બજાય,
વિના દાંડીએ નોબત વાગે, એસા હે કોઈ વા ઘર જાય.... ઝણણણ
સોઈ દુકાને દડ દડ વાગે, કર બીન વાજાં અહોનિશ વાય,
વિના અરીસે આપા સૂઝે , વિના દીપકે જ્યોતિ રે જલાય.... ઝણણણ
જાપ અજંપા સો ઘર નાંહી, ચંદ સૂર ત્યાં પોંચત નાંહી,
સુસમ ટેકથી સો ઘર જાય, આપ આપને દીએ ઓળખાય.... ઝણણણ
અખર અજીતા અરજ સૂણજો, અરજ સૂણજો એક અવાજ,
દાસી જીવણ ભીમને ચરણે, મજરો માનો ગરીબ નિવાજ.... ઝણણણ (૭૩)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

**દાસ હમીરો ( ઈ.સ.૧૭૫૦ની આસપાસ)**

(૧)

કોરા રે કાગળ લાવો કાયા તણા, ગુરુ આગળ દાખો,
વેપારી થઈને આવો વિઠ્ઠલજી, ખંતે લખાવો ખાતું,
સેલાણી સાંઇ રુદિયામાં રાખો, દુઃખ હું કોની આગળ દાખું,
વિના રે ધરતી એક આંબલો રચીયો, પાળ પિયાળે છે,
વિના રે ડાળે ફૂલડાં આવ્યાં, તેની સાખું તો નોધારી છે,
ગુરુ મળ્યા અમને ગર -ગમ બતાવે, વિગતે બતાવે વાતું,
હાથે કરી માઈલા જીવડાને તારજો, ભળું બંધાવો ભાતું,
ગુરુ મળ્યા અમને જ્ઞાન બતાવ્યા, વિગતે બતાવી વાતું,
દાસ હમીરો હીરાસાંઈને ચરણે, પ્રેમની બતાવો તે પાત્યું. (૭૪)

(૨)

મારી દુબળાઈ જોઈ જોઈ ને દાખવું,
શેલાણી સાયને હૃદયમાં રાખું.
વણ ધરાએ આંબલો રોપ્યો,
એની પાડૂં (મૂળ) ગઈ પીયાળે ( પાતાળ),
ડાળે ડાળે ફળ લાગ્યાં એની નોધારિયું છે શાખું.
રામની આગળ હું રમત માંડુ, મારા ધણી આગળ નાચું,
દાસ હમીરો હીરા સાંયને ચરણે, હવે વરસિયું છે સ્વાતું.
તમારા સારુ મેં સેજ બિછાવી, વાલમ જોઉ તારી વાટું,
મીઠા રે માવા મારે મંદિર પધારો, પ્રેમની સાધી આવો પાખું. (૭૫)

**ધીરા ભગત ( ઈ.સ.૧૭૫૩)**

(૧)

અલખ લ્હે લાગી રે, જાગીને જોયું ઘટમાં ;
ભ્રમણા સર્વે ભાગી રે, સુહાગી મળ્યા ઊલટમાં...ટેક૦
અંબાડીએ ગજરાજને ગળિયો, ઘોડાને ગળી ગયું જીન,
વસ્ત્ર ઉપર તો વાડ સુકાણી, સમુંદરને ગળી ગયું ફીણ.
સસલે સિંહને ઘેર્યો રે, શાર્દુલને રાખ્યો પેટમાં -૦
આંબાની ડાળે નારિયેળ વળગ્યાં, કદળીએ કેરીની લૂમ,
નાગરવેલે તો દ્રાક્ષ બિજોરાં, શોભા બની છે ખૂબ
ગગન દોહ્યો ઘટમાં રે, તેનાં દૂધ પીધાં સટમાં -૦



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પાવક વરસે પથ્થર ભીંજે, થઇ ગયું ચોદિશ પાણી,
એ પાણીમાં દેવી દેવ ડૂબ્યાં, રાજા રંક ને રાણી.
બ્રહ્મા વિષ્ણુ શિવ ડૂબ્યા રે, જોગી ડૂબ્યા ઝટપટમાં -૦
જનક દેશના વાસી વિરલા, ગોરખ દત્ત કબીર,
એ જ દેશના વાસી શુકજી, દાદુ ધીરો સધીર.
જીવનમુકિત નિત્ય માણે રે, એના મનરૂપી મઠમાં -૦ (૭૬)

(૨)

સંત મળે સાચા રે, ત્યારે અગમની ખબર કરે.
ભાવે ભેટું તેને રે, જેથી મારાં કારજ સરે....ટેક ૦
ઊલટી સરિતા ચાલી શૂન્યમાં, વિણ વાદળ વરસાદ,
આભ વિના એક વીજ ઝબુકે, થાય છે ગેબી નાદ.
અખંડ ધારા વરસે રે, વરસીને એ સભર ભરે -૦
વિણ વાદક વાજીંતર વાગે, વિના કંઠ હોય ગાન,
હાથ વિના ત્યાં તાળી પડતી, મિલાવે તાનથી તાન.
વિના વાડી પુષ્પ જ રે, પાંખ વિના ભ્રમર ફરે -૦
તેતરે દોડી સિંચાણાને પકડયો, સસલે સમજાવ્યો સિંહ,
કાઢી ખડ્ગ કાયર રૂઠયો, ત્યારે શૂરે પાડી ચીસ.
મંજારી ચૂવે મારી રે, રૈયતથી રાજા ડરે -૦
વિદેહ કેરી આ વાતલડી, કોઇક ને જ કળાય,
ગુરુ મળ્યા જ્ઞાની ધ્યાની, લળી લળી લાગું પાય.
દાસ ધીરો કહે છે રે, તેથી મ્હારાં દિલડાં ઠરે -૦ (૭૭)

(૩)

ભરપૂર બ્રહ્મ ભાસ્યો રે, બ્રહ્મજ્ઞાની કેમ ભટકે ?
અનુભવ અજવાળું રે, આત્મદષ્ટિ કેમ અટકે ?...ટેક ૦
સ્થાવર જંગમ ને સચરાચર, પશુ પંખી જંતુ જીવ,
પોતે કરતાં પોતે હરતાં, ઘટ ઘટ દેખ્યા શિવ.
ભ્રમણાઓ તો ભાગી રે, અલખ લ્હે લાગી લટકે -૦
મા મેડકીએ મણિધરને માર્યો, સમુદ્રને પી ગયો મીન,
અજાએ આભને ઉદરમાં રાખ્યું, ધણી પ્રજાને આધીન.
તેતરે બાજને ઝડપ્યો રે, શ્વાન ભયથી સિંહ છટકે - ૦
નાવડી ઉપર નીર ચડિયું, ચરુ પર ચડિયો ચૂલ,
અસ્વાર ઉપર તુરગ ચડિયો, ભારે ભૂલવણીની ભૂલ.
કાયરે ક્રોધ કીધો રે, જોદ્ધાને ઝાલી પટકે -૦
ધણીના ધાર્યા વિણ વસ્તુ ઘડાણી, કાદવે ઘડયો કુંભાર,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

કીડી કુંજરને નૃત્ય કરાવે, સોનાએ ઘડયો સોનાર.
દાસ ધીરો કહે છે રે, ચડયો રંગ તે કેમ ફટકે -૦ [૭૮]

(૪)

પ્રગટ ખેલ ખેલું રે, દેદાર તેને દેખાડું ;
મૃત સંજીવન રે, મહા મંત્ર સહેજે શિખવાડું...પ્રગટ ૦
વિના પાંખ ઊડી અસ્માન પર, ચર્ણ વિના મેરુ ચડું,
નવસેં નવાણું એક ઘર આણું, સિંધુ કૂદી પાર પડું ;
સાડા ત્રણ કરોડ રોમને રે, રમત રૂડી રમાડું...પ્રગટ ૦
પાવક વરસાવી પાષાણ પલાળું, સાત વૈકુંઠને તારુ,
જલ મધ્યે જાલંધર ધિકાવું, મરે નહિ તેને મારું ;
ચૌદને ચેતાવું રે, પંદરે રહી પાર પાડું...પ્રગટ ૦
કહો તો વિના અર્ક કરું અજવાળું, મહાનિધિમાં માણું,
શિવ, વિરંચિ, વિષ્ણુ વિવેકે, ત્રણેને તાણી અહીં આણું ;
એક સંગે આનંદ રે, ભણેલાં બેને ભૂલવાડું...પ્રગટ ૦
વિના બૂટીએ વૈધ બનું ધન્વંતરી, કાયા કરું નીરોગી,
સતજુગ, દ્વાપર, ત્રેતા ને કલજુગ, ચારજુગના અમો જોગી ;
ધીરા ધર ધારણ રે, સિંધુ ગઢમાં સંતાડું...પ્રગટ ૦ [૭૯]

(૫)

ભાગી ગઈ ભવબેડીઓ, ઉઘાડયાં ભ્રમભોવનનાં તાળાં રે ;
તિમિર ટળ્યાં ગુરુ અંજન ઝળહળ, ભાળ્યાં ભડ અજવાળાં રે.
ચંદાસૂરજનાં ઘર પાછળ, ઝળમળ જ્યોતિઓ ઝળકે રે ;
ત્રિદુતિ આસન પર બેઠા તેડી, છે ઊલટાં ઉદાન સળકે રે.
ઝણ પડે, વાજે ઝાલરી, ઘૂઘરી નાદમાં ધમકે રે ;
વિના અર્ક અજવાળાં, ગગન વિના વિદ્યુત ચમકે રે.
વસુધા વિના સરિતા વહે, સિંધુ વિના જળ જોય રે ;
વાજિંત્ર વિના થાયે નાદ ને, મહાજન જાણે છે કોય રે ;
હરિ વિના ઠામ ઠાલો નહીં ને, જપે અજપા જાપ રે ;
બહાર ભીતર રમી રહ્યા, અમર અખંડ અપાર રે.
મૂંગો તે ગાળા ઘાલી ગાય, કેને એ સંવાદ કહેવાય રે ;
દાસનો દાસ ધીરો સદ્‌ગુરુ ગમથી, એ ગુણ ગરવા ગાય રે. [૮૦]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૬)

વિના પાંખ ઉડી અસ્માન પર, ચર્ણ વિના મેરૂ ચડૂં ;
નવસેં નવાણું એક ઘેર આણું, સિંધુ કૂદી પાર પડૂં ;
સાડા ત્રણ કરોડ રોમને રે, રમત રૂડી રમાડૂં...પ્રગટ ૦
પાવક વરસાવી પાષાણ પલાળું, સાત વૈકુંઠને તારૂં ;
જળ મધ્યે જાલંધર ધીકાવું, મરે નહીં તેને મારૂં ;
ચૌદને ચેતાવું રે, પંદરે રહી પાર પાડૂં. ..પ્રગટ ૦
કહોતો વિના અર્ક કરૂં અજવાળું, માહાનીધમાં માણૂં ;
એક સંગે આનંદ રે, ભણેલાં બેને ભૂલવાડૂં...પ્રગટ ૦
વિના બૂટીએ વૈદ બનું ધન્વંતર, કાયા કરૂં નીરોગી ;
સતજુગ દ્વાપર ત્રેતા ને કળજુગ, ચાર જુગના અમો જોગી ;
ધીરા ધર ધારણ રે, સિંધૂ ગઢમાં સંતાડૂં...પ્રગટ ૦ (૮૧)

(૭)

તરણાં ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં,
અજા જૂથ માંહે રે, સમરથ ગાજે સહીં...તરણાં.
સિંહ અજામાં કરે ગર્જના, કસ્તૂરીમૃગ રાજન,
તલને ઓથે જેમ તેલ રહ્યું છે, કાષ્ટમાં હુતાશંન,
દધી ઓથે ધૃત જ રે, વસ્તુ એમ છૂપી રહી...તરણાં.
કોને કહું ને કોણ સાંભળશે, અગમ ખેલ અપાર,
અગમ કેરી ગમ નહીં રે, વાણી ન પહોંચે વિસ્તાર,
એક દેશ એવો રે, બુદ્ધિ થાકી રહે તહીં....તરણાં.
મન પવનની ગતિ ન પહોંચે, છે અવિનાશી અખંડ,
રહ્યો સચરાચર ભર્યો બ્રહ્મ પૂરણ, જેણે રચ્યાં બ્રહ્માંડ,
ઠામ નહી કો ઠાલો રે, એક અણું માત્ર કહીં...તરણાં.
સદ્‌ગુરુએ કૃપા કરી ત્યારે, આપ થયા રે પ્રકાશ,
શાં શાં દોડી સાધન સાધે, પોતે પોતાની પાસ,
દાસ ધીરો કહે છે રે, જ્યાં જોઊં ત્યાં તુંહી તુંહી...તરણાં. (૮૨)

(૮)

સમજ્યા તે સુખ પામ્યા રે, સમ્યા તે સત્ય શેરડીએ ;
હરખ શોક સમ તુલ્ય રે, અલખ લેહ્‌રડિયે... ( ટેક )
હસ્તામળ રવિ પ્રકટયો ઘટમાં, જળ બિંબ જ્યોતિ પ્રકાશ ;
સેજ સમાધિ અનહદ ધૂન લાધી, અસિપદ આનંદ ઉજાસ,
અદ્વૈત મગ્ન ઊગ્યું રે, લલુતા પ્રેમ પાંખડિયે...સમજયા.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

જ્ઞાન મેડકે કાળ મણિધર માર્યો, મન મોહ દધીનો કીધો આહાર,
અજ અનુભવે આભ શોષ્યો, બગ બુદ્ધિએ માર્યો અહંકાર,
તૃષ્ણા સિંહ નાઠો રે, સંતોષ શ્વાન ચઢયો કેડિએ...સમજયા
હરિનામ નાવે ઉદક ત્યાં ન ચઢિયું, ચરૂ , અસત્ય, સત્ય ચૂલ ;
અસ્વાર અધર્મ ધર્મ તુરંગમ, અસ્વારી ઊલટ અમૂલ્ય,
ક્ષમા દયા દોડાડી રે, ક્રોધ કામ બાંધી બેલડિયે...સમજયા
પોતાના બનાવ્યા પોતે પ્રકટયા, સોનાએ ઘડયો સોનાર ;
કીડી કુંજરને નાચ નચાવે, એમ કાદવે કીધો કુંભાર ;
ધીર ધણી ભેટયા રે, પ્રકટયા ઘટ પ્રેમ ઝડિયે...સમજયા (૮૩)

(૯)

જેને પિયુ મલવાનો પ્રેમ હોય તે, આવો દેશ અમારે જો,
આડે અર્ણવે ઊતરી, નાવડું આવે છે આરે જો.... (ટેક)
દૂર બતાવે નાથને, તેને પ્રગટ પાસ દેખાડું જો,
એક સદગુરુની કૃપા વડે, તેને બ્રહ્મ લોક પહોચાડું જો...જેને
એક અચરજ મારા દેશમાં, ગૌવા  ને સિંહ રમે ભેળાં જો,
અવળાના સવાળાં થયાં, કરમદીએ લાગ્યાં કેળાં જો....જેને
એક સદા પુનમ મારા દેશમાં, અમાસ ભુવન નવ આવે જો,
શીત ને તાપ વ્યાપે નહીં, એક બકરો બળદને ધાવે જો....જેને
એક અમૃત ફળ મારા મુલકમાં, તેના ભાગદારી ત્રિપુરારી જો,
ભરે વારિ દોરી-ગાગર વિના, સુરતા સોહાગણ પણિયારી જો...જેને
એક અઝડ ઝડે પરજન્ય પડે, પૃથ્વીના પડ રહ્યાં કોરાં જો,
પોઢયા હંસરામ ચોગાન ચોતરે, તેને અંગે ન અડકે ફોરાં જો...જેને
એક કંઠ વિના ગાય નાયકા, ને ચર્ણ વિના તે ચાલે જો,
એક ધીર સખી પિયુ પાસ રમે, મહાનંદ સુખ મહાલે જો... જેને (૮૪)

## મોરાર સાહેબ (ઈ.સ.૧૭૫૮)

(૧)

અચરત નજરે આયા સંતો, જલમેં જ્યોતિ જગાયા,
બીનાં મૂળ એક તરુવર ઠાડા, ડાળ પાત નહીં છાંયા.
ફળ બીના ફૂલ ફૂલ બીન ફળીયા, તીન લોક છવરાયા...એક અચરત.
વિનાં પાળ એક પંખી બેઠા, પગ પાંખ નહી કાયા.
વિના ચાંચ હંસા ચુગતા હે, મોતી ગોતી લાયા...એક અચરત.
વિનાં મેઘ એક વિજ ચમુંકે, વિન વાદળ વરસાયા.
અધર દરિયા સૂભર ભરિયા, સમુદ્ર લેહેર સમાયા...એક અચરત.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

બીન પૃથ્વી એક પરવત ઠાડા, તા પર જલ જમાયા.
ઉન જલ બીચ એક જોગી બેઠા, નૂરતે નાદ બજાયા...એક અચરત.
જુગત બેટીયેં માતા જાયા, પુત્ર પિતાકું જાયા.
રજ મોરાર રવિ કે ચરણે, તુરત તમાસા પાયા...એક અચરત. (૮૫)

## અખૈયો (ઈ.સ.૧૭૬૨)

(૧)

જિયાં રે જોઉં તિયાં નર જીવતા, મરેલા ન મળે કોય ;
પણ મરેલાને જો મરેલા મળે, તો એને આવગમન નો હોય...જિયાં રે
મડદું પડયું મેદાનમાં, કોઈના કળ્યામાં ન આવે ;
કામ ક્રોધ ને ઈરખા, ઈ તો ત્રણેને ખાઈ જાવે...જિયાં રે
મડદાનો ખેલ મેદાનમાં, એને કોઈ રતિભાર ચાખે ;
એક રે અક્ષરનો અનુભવ કરી, એને રૂદિયામાં રાખે...જિયાં રે
જીવતા માણસને જોખમ ઘણાં, મરેલાને કોણ મારે ?
જોખો મટી ગ્યો જેને જીવનો, ઈ તો આવતા જમ પાછા વાળે...જિયાંરે
મન રે મારીને મેંદો કરે, ગાળીને કરે એનો ગાળો ;
ભૂતનાથ ચરણે અખૈયો ભણે જેણે લીધો સંતનો ઓળો...જિયાં રે(૮૬)

## નિરાંત (ઈ.સ.૧૭૭૭ - ૧૮૫૨)

(૧)

રામનામ તું રાખ હ્રદયમાં,
કાઢ કલ્પના કાચી રે ;
આદ્ય, અંત ને મધ્યે બોલે,
તે વસ્તુ છે સાચી રે...રામ ૦
વિના મૂળનો એ છે વેલો,
મન વાણી પર વાધ્યો રે ;
અનુભવિયાના અંતર માંહી,
નેહ નિરંતર બાંધ્યો રે...રામ ૦
વિના પંખનોએ છે ભમરલો,
વણ ઈન્દ્રિયે ભોગી રે ;
વિના પિંડનું એ છે પંખી,
વિના જોગ સંજોગી રે...રામ ૦
વાણીમાં આવે તે વણસે,
નિરવાણી તે સાચું રે ;



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

નામ રૂપ ને ગુણથી ન્યારું,
તે જાહેર પદ જાવું રે...રામ ૦
ઉદ્‌ભવ-પ્રલે' એને નહિ રે,
આદ્ય અનાદિ એવો રે ;
નિરાંત નામ ગુરુ તરન તારન,
સદા ઉદ્યોતને સેવો રે...રામ ૦ (૮૭)

**બાપુ ( ઈ.સ.૧૭૭૯)**

(૧)

જૂઓ ઝાડ એક ઉગ્યું રે, ફળ તેના લેજો ફોલી,
જાળવજો જુગતે રે, ત્રાજવામાં લેજો તોલી...ટેક,
બ્રહ્મરૂપે બે બાળક જન્મ્યા, જેને વળગ્યા તે થયાં મૂર્ખ,
એવા બે બેટા રે, જન્મી જાણો ભોંય કોહળી...જુઓ.
એકનુ નામ તો તત્ત્વ મોટું બીજાનું ભાઈ અહંકાર,
એ અહંકારને ત્રણ છોકરાં હુઆ, તેના નામ કહૂં નિરધાર,
કાન દઈ સૂણજો રે, ઝટપટ નાખું બોલી...જુઓ.
સત્ય, રજ અને તમ નામ તેનાં, કહું તેનો પરિવાર,
તમે મોટાં ભૂત નિપાયાં, વિષયાદિ અવિધાર,
રજે દશ ઈન્દ્રિ રે, બનાવી છાલી છોલી....જૂઓ.
સત્ત્વમાંથી મન આદિક જાણો, તેના દેવ તણો વિસ્તાર,
એ ભ્રમજળ છે મૃગજળ જેવું, શુદ્ધ બ્રહમે વૃક્ષને કરીએ ખુવાર,
ખાવા જોઈએ તે ઉછેરે રે, બાપુ વૃક્ષ મન ડોલી...જુઓ.(૮૮)

(૨)

સંશયરૂપી સ્વપનું રે, સદ્‌ગુરુ વીખવાળે,
એનું વગળ કાઢી નાંખે રે, સોની જેમ સોનું ગળે...સંશય
એક હસ્તીએ બકરી જનમી, બીજું જનમ્યું ઊંટ,
ઊંટની ગરદન એવી લાંબી, પહોંચી ચારે ખુંટ,
ખુંટે બાંધેલું રહેશે રે, છુટે તો ઊંધું વાળે.... સંશય
ઊંટ બકરીને સંજોગ થયો, એનાં બચ્ચાં થયાં વીશ ને સાત,
જ્ઞાની જન તો મગન થયાં છે, બીજા શું જાણે વાત,
જાણેલા ભેદુ ભૂલયાં રે, બળી મુવા બકરીના બારે..સંશય
બકરીનું જોર વાધ્યું ત્રણે લોકમાં, ઊંટને કરી નાંખી બકરી,
રાજા રંકનુ કાંઈના ચાલ્યું, બકરી તો એવી વકરી,
બકરીએ મારગ પકડયો રે, રબારી વિના સૌને ખાળે..સંશય



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ઊંટ બકરીને એક ચારનારો, હાથ પગ નહીં શીશ,
જ્ઞાની જન તો મગન થયાં છે, અજ્ઞાનીને ચડે રીશ,
બાપુ નામ સાચું રે, મરેના કદાપી કાળે...સંશય (૮૯)

## ભોજા ભગત ( ઈ.સ. ૧૭૮૫)

(૧)

કીડી બિચારી કીડી રે, કીડીના લગનિયા લેવાય,
પંખી પારેવડાને નોતર્યા, કીડીને આપ્યા સન્માન
હાલો કીડી બાઈની જાનમાં
મોરલે બાંધ્યો રૂડો માંડવો, ખજૂરો પીરસે ખારેક,
ઘૂડે રે ગાયા રૂડાં ગીતડાં, પોપટ પીરસે પકવાન...હાલો ૦
મકોડાને મોકલ્યો માળવે રે, લેવા માળવિયો ગોળ,
પંડે રૂડોને કેડ પાતળી, ગોળ ઉપડયો ન જાય....હાલો ૦
મીની બાઈને મોકલ્યા ગામમાં રે, એવાં નોતરવા ગામ,
સામા મળ્યા બે કૂતરા, બિલાડીના કરડયા બે કાન...હાલો ૦
ઘોડે રે બાંધ્યા પગે ઘૂઘરા, કાકીડે છે બાંધી કટાર,
ઊંટે રે બાંધ્યા ગળે ઢોલકા, ગધેડો ફૂંકે શરણાઈ...હાલો ૦
ઊંદરમામા હાલ્યા રીસામણે, બેઠા જઈ દરિયાને બેટ,
દેડકો તો બેઠો ડગમગે, રે મને કપડા પહેરાવ...હાલો ૦
વાંસડે ચડયો એક વાંદરો, જુએ જાનુની વાટ,
આજ તો જાનને લૂંટવી, લેવા સર્વેના પ્રાણ...હાલો ૦
કઈ કીડીને કોની જાન છે રે, સંતો કરજો વિચાર,
ભોજા ભગતની વિનતી સમજો ચતુર સુજાણ...હાલો ૦ (૯૦)

(૨)

સંતો ! મુનિવરે મન સમજાયા.
સમજી ચાલ્યા શબ્દ સદગુરુજીકા, તો પરબ્રહ્મકુ પાયા...
પાંચકુ મારી પચીશકુ વારી, કામ ક્રોધ હઠાયા ;
હદ બેહદ અનહદ ગતિ આવી, કર્મ વિનાની કાયા...
કર્મ ધર્મની બ્રમણા ભાગી, એક લાલનસે લેહે લાયા,
અવળા હુતા તે સવળા કીધા, લખિયા ફેર લખાયા...
સુરતા સાધી ને ચાલ્યા અકાસી, અનહદ નાદ બજાયા ;
આદ્ય હતા તે અંતે ઊઠી ધાયા, જઈ રૂપમાં રૂપ સમાયા ;
સૂક્ષ્મ વેદમાં સુરતા પહોચી, બાવન બા’ર બુઝાયા ;
ભોજો ભગન કહે ગુરુ પ્રતાપે, જન્મ મરણમાં ના’યા (૯૧)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૩)

નિશો આવ્યો જેને નામનો, હાલશે ધણી હજૂર રે ;
અભંગી સામા જઈ આફળ્યા, તનમાં વાગ્યા તુર રે.
નર આકારે તિયાં નહિ, નહિ રૂપ ને રંગ,
નહિ પુરૂષનો પ્રવેશ, નહિ નારીનો સંગ...
અટકળમાં આવે નહિ, લેખું નહિ લગાર ;
વાણીએ કેમ કરી વર્ણવું, વાતું પરા ને પાર...
પરાને પારથી પ્રીછીયે, જો સદ્દગુરુ ભેદ બતાવે;
સોહં જપો તમે મુમણા, તો અગમ તણી ગમ આવે.
ચારો કરતાં તે થડે મૂવા, સદા હોય રહી સાલ ;
રવિ પ્રગટયો રે'ણી તણો, કેમ કરી લોપશે કાળ...
રેણી ને કરણી પૂગે નહિ, નહિ ધર્મ ને નેમ ;
પો'ચી ગયા પરબ્રહ્મને, હોય રહ્યા કુશળ ખેમ...
નવતેરી નગરી વસે, ત્યાં તરવેણી તીર ;
અમર ધણીને આશરે, જઈ નાહ્યા નિર્મળ નીર...
મંડયા રહો મેદાનમાં, લે લગન લઈ આવો ;
રણંકાર રંગ મોહોલમાં, જઈ પિયુકી સેજ બિછાવો...
એ તો સંત નિર્મળા નીરખશે, શુન્ય શિખર પર શ્યામ ;
અદ્દભુત અવિનાશી ઓળગા, પછે રોમે પ્રગટયા રામ...
સ્થિરતા વાળા અડથડે, જન ન ચાલે જોર ;
તન તુરિયાના તિર્થ પર, પોતેગા કો શૂર....
મહાત્મા તો મરજીવા માણશે, ખેલ છે અપરંપાર ;
નૂરતે ચઢી નિશાન બજાવે, નીરખેગા નીરખણહાર...
વણ વાદળે વીજ ચમકે, ઘનઘોર ઘર આયો ;
આપે પ્રગટયો આપમાં, નયણે નૂર વરસાયો...
કયું ડરે કૃતાર્થી અભયા નક્ષત્ર આ યા ;
બરછીથી બી'ન્યા નહિ, જઈ છોટ અણીકી ખાયા...
નાદ ધૂની વાગી રહી, પૂરણ પરચા પાયા ;
ઊલટા ગુરુ ગમસે ખેલી, જઈ શૂન્યમે ડંક બજાયા...
વળગ્યા નહિ કોઈ વાતને, રામસે રાજી રહ્યા ;
ભોજો ભગત કહે ગુરુ પ્રતાપે, એ નર અનભે થયા... (૯૨)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## છોટમ (ઇ.સ.૧૮૧૨)

(૧)

ખોજો ખાવિંદ ખોજો ખાવિંદ આ તનમેં કયા તમાશા હૈ ?
ગગન ઘનઘોર નગારા હૈ નફેરી નાદ અપારા હૈ.
બિના જ્યાં નીર મોતી હૈ બિના રવિચંદ્ર જ્યોતિ હૈ.
બિના મુખ ગીત ગાતા હૈ બિના જીભ પાની પીતા હૈ.
ખેલે બિન પાંવ ખલક સારી બિના કરતાન બજે તાલી.
બિના દ્રષ્ટ દેખના સારા પરિમલ નાક બિના પ્યારા.
નહિ જ્યાં રૂપ કે કાયા નહિ જ્યાં મન કે માયા.
ગુરૂ ગમસે બૂજે સારા ખલક મેં ખેલને વાલા.
કહે છોટમ અજબ બાજી ગુરુ બિન ના લહે કાજી. (૯૩)

(૨)

ઇંગલા પિંગલા દોનું છોડ કે, સુખમણા મધ્ય ધારા હો
તરવેણીમેં તાર મિલાઇ, અજંપા નામ ઉચ્ચારા હો.
જંત્ર અનાહત બજે અહોનિશ હોવત નાદ ઝનકારા હો
ઘન બિના અદ્‌ભૂત હોત ગર્જના, વરસે અમૃતધારા હો.
કોટિ કોટિ રવિશશીકી શોભા, ઝગમગ જયોત ઉજિયારા હો
કહે છોટમ સદ્‌ગુરુ પરતાપે, દરશ્યા અલખ દીદાર હો. (૯૪)

(૩)

અવળું વૃક્ષ કોઇ જોજો નિહાળી, થડ છે ઊંચુ ને નીચી છે ડાળી,
ચાર ત્વચાઓ દીસે રૂપાળી તો મૂળ અધ્ધર આકાશમાં રે.
એ મૂળ થકી ઉપમૂળ થયાં છે પાંચ પ્રકારે અરૂપ રહ્યાં છે.
અખિલ - બ્રહ્માંડમાં ફેલી રહયા છે. તો વૃક્ષ રહયું છે તે વડે રે.
શાખાઓ નીચી ને ગુણ બહુ ન્યારા, કોઇ એક ખોટાને કાંઇ એક સારા.
પંખી વસે બહુ ચરવાને ચારા તો પત્ર-પુષ્પ બહુ વાસના રે.
કડવા ને મીઠાં વળી ફળ એને, મન-મર્કટ ખૂબ ખાય છે તેને
આશાવેલી લપટેલી છે જેને, તો સંશયની જાળ છૂટે નહિ રે.
ડાળે ડાળે સહુ દેવોનું થાણું, મૂળ વિષે પરિબ્રહ્મ પ્રમાણું
અર્થ એનો જો ઉરમાં આણું તો છોટમ ભેદ જડે વેદનો રે. (૯૫)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૪)

એજી અનહદ ડંકા બજા દેખલે, શુન મંડળકી મઝા,
ધીમી ધીમી ધીમી નૌબત બાજે, ઘડુડુ ગગન ઘનઘોર બાજે,
મોર નાદ મનોહર ગાજે, પંચ રંગકી, પ્રસિદ્ધ ફરકે,
એજી સત્યનામ પર ધજા... દેખલે
વેણું રવાજ ને શંખ શરણાઇ, ઝાંઝ મૃદંગ ભેરી સુખદાઇ.
ઔર રાગ કછુ કહ્યા ન જાઈ, એક ચિતસે સુનલે પ્યારે,
એજી ગગન રહતહે ગજા....દેખલે
બાદલ બીના બીજ ચમકારા, બરસે મેઘ સુધારસ ધારા.
કૌટી કૌટી સુરજ ભયા ઉજીયારા, ઐસી શોભા નિરખો નિરંતર.
એજી ઔર સુખ સબ તજા...દેખલે
એ સુખ મુખસે કહ્યા ન જાવે, દેખે સોઈ પરમ પદ પાવૈ.
જીવ શિવ દોનો એક હો જાવે, જન છોટમ જંજાળ છોડકર.
એજી ઐસા સાધન કોઈ સજા...દેખલે (૯૬)

## મામંદ ( ઈ.સ.૧૮૮૧)

(૧)

ગુરુ તમે ગોતજો રે હાં આ અનુભવ અપાર રે
નુગરાને હારદ હાથ ન આવે જાયે કદી સકળ સંસાર.
ઘટા ઘનઘોર તે ગરજવા લાગ્યો વરસ્યો છે અખંડ ધાર રે
એલી રચી તેણે મધરા ભીજાયે બૂંદ પડયું લગાર રે.
નવ મણ કાજળ નેત્રમાં સારિયું એવી દીઠીમેં એક નાર રે
સસલે જઈ નિજ સિંહને ગ્રાહ્યો કોઈ છોડાવો સુણી આ પોકાર રે.
પચીસ પદમણી પ્રતિવ્રતા નારી છે તે પર એક જ ભરથાર રે
તેહ નારીથી તન ઘણા ઉપજ્યા વધ્યો અનંત વિસ્તાર રે.
સાગર સળગ્યો ને મોટા મચ્છ તેમાં મળી કરે આનંદ અપાર રે
મામંદ કહે મીયા અશ્રફ મેહેરથી અર્ક વિના જોયો અંજવાર રે.(૯૭)

(૨)

નુગરો શું જાણે રે ગુરુ ગતિ ગમની સારી,
સ્યાણા જન સમઝે રે અનુભવ ઉરમાં ધારી.
આઠ બકનું એક વ્રંદ તે બેઠું નદી કીનારે,
મચ્છ એક મોટો આવીને તેનો કરી ગયો અહાર.
ખાંત્યેથી ખાધારે તેની સહુ રંડાણી નારી,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

સ્વાન બીલીને ઝઘડો ચાલ્યો મીંદડીયે ગ્રહયો સ્વાન.
ગ્રીવાયે પકડીને ગોથાયો ભૂલ્યો પોતાનું ભાન,
બંધ નથી બાંધ્યો રે કાંઇ નવ ફાવે કારી.
એક પાંડવને પાંચ પતિવ્રતા નારી,
અનંત સ્વાદ ઈ નારીયું ચાખે ભાળે એનો ભરથાર.
વિષયરસ માણે રે ભામનીયું ઈ પાંચે ભારી,
સાગરમાં મરછ અનેક દીઠા તરસ્યા છે તે સદાય.
પીયું પીયું એમ પોકારતા પાણી અમને કોઇ પાયે,
મામંદ કહે મુરસદ રે નીરખ્યું અચરજ ભારી. (૯૮)

## દાસ સવો (ઈ.સ.૧૮૬૧)

(૧)

અંગુઠો મરડીને પિયુને જગાડીયા,
ગોરી કહે શાની આવે ઉંઘ
આડુ જાય અવળુ થાઈ નણદલ લેરીયું રે.
વર ઠુઠો ને અણવર પાંગળો રે
કન્યા વર વરવાને જાય
ઉમંગ થાય નણદલ લેરીયું રે.
વર પરણ્યાને ભાંગી વેલડી રે
મરાણો કાયાનો સરદાર
તમે સૂણો નરને નાર નણદલ લેરીયું રે.
પાંચ પારખને બોલાવ્યા રે
હાટડે પડી હડતાળ
ચતુરનર કરોને વિચાર નણદલ લેરીયું રે.
કીડીની હડફેટે હાથી મરાયો રે
બગલાને પછાડયો ઉંદર રે
એને પહોંચાડયો છે હેઠ નણદલ લેરીયું રે.
નર કઈ નગરીમાં વિવાહ થયા રે
નહીં કોઈ નર કે નાર
હુવો ઝણકાર નણદલ લેરીયું રે.
દાસ સવો કહે તમે સાંભળો રે
જન્મ મરણ દુઃખ જોઇ ગુરુ ગમથી ગાઈ નણદલ લેરીયું રે. (૯૯)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## ગણપત ( ઈ.સ. ૧૯મી સદીનો પૂર્વાર્ધ)

(૧)

ગગનઘટા લ્યો ગોતી,
મારા સંતો, ગગન ઘટા લ્યો ગોતી રે જી... (ટેક)
અરધ ઉર્ધકા ઘાટકે અંદર, ત્યાં નહાતી ત્યાં ધોતી જી,
તરવેણી ટંક શાળ પડે જ્યાં, ઝળહળ ઝળકે જ્યોતિ... મારા.
પાળ વિના જ્યાં પાણી ભરિયા, સરિતા મળી સમોતી રે જી,
વણ મુખ બ્રહ્મા વેદ ભણે જ્યાં, નહીં પુસ્તક કે પોથી... મારા.
વણ વાવ્યે ફૂલી ફૂલવાડી, જાઇ -જૂઇ જુવતી જોતી હે જી,
એ વાડીમાં અખંડ સ્વામી, નીરખી મનમાં મોહની... મારા.
ગગન ગુફામાં ચલી ગરજના, હરદમ ધૂની હોતી રે જી,
કહે ગણપત વિરલા જન જાણે, પરમ પદમાં રહેતી... મારા. (૧૦૦)

(૨)

એક અચંબો એવો રે દેખ્યો, અર્ક વિના જ્યાં ઉજિયાળાં
વણ વાદળ જ્યાં વિજળી ચમકે, જળધર વિણ વરસે ધારા....એક
બુદ્ધિ રે મનનું બળ નવ ચાલે, રામ અખંડ રમે જ્યાંહી ;
ગાંધર્વ વિના વાજાં વાજે, ઘોર શબદ ગાજે ત્યાંહી....એક
પાળવિના જ્યાં પાણી ભરિયાં, બીજ વિના તરુવર ડોલે ;
અનહદ નાદ ઊઠયો એ વેળા, વાણી વિના હંસો બોલે...એક
શુન્ય શિખરગઢ દીઠા મીઠા, ઝળહળ જ્યોતિ જ્યાં લાગી ;
નર - નારીની નથી નિશાની, અલખ પુરુષથી લેહે લાગી...એક
ઘંટા નાદ ગગનમાં ગાજે, ઘૂઘરી કેરો ઘમકારો ;
કહે ગણપત ગુરુદેવ બતાવ્યો, દેખો દેશ એ અમારો...(૧૦૧)

(૩)

કૌતકની કહું છું વાત,
કવિજન ધરો, એક બેટિયે જનમ્યો બાપ તે સંદેહ ખરો.
એક અચંબો એવો દેખ્યો, મ્હું કાળને ખાય રે ;
બિંદુમાંહિ સિંધુ સમાયો, તમ સૂરજ લઇ જાય...કવિજન.
પેલા પુરુષથી પુત્રી પ્રગટી, વેગે બોલી વાત રે ;
અણજાયા વરને મારે વરવું, નહિ માતને તાત...કવિજન.
પિતા કહે પુત્રી પરણાવું, પામે નહિ કોઈ પાર રે ;
અણજાયો વર તો નહિ મળે, તારે ને મારે ઘરબાર રે...કવિજન.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

નહીં નર ને નહીં નારી, નહીં વૃદ્ધ નહીં બાળ રે ;
એ દેશમાં એક દેવ નિરંજન, ગણપત લે સંભાળ...કવિજન.[૧૦૨]

## દાસ દિનકર ( ઈ.સ.૧૯૦૩)

(૧)

માયા રાણી વાત કરે ને હોશકોશ ઊડ જાય જી
મરમનો ભેદ મળે દિલને ટાઢક હોય જી...
વર વિના જાન હાલે ને જાનૈયા હરખાયજી
મરસિયા ગાવેને કહે અમે ગાણાં ગાય જી...
મેઘવિણ નહીં જળ જળ વિણ આવે પૂર
નખશીખ નહીં ભીંજે નહીં મળે ઉતારજી...
રાજપથ તો સૂના વીરા શેરીઓ ઉભરાયજી
છાયા જળનો ભાત કરે મૃગજળની કઢી જી...
સોયની ભઈ અણી ઉપર ત્રણ નગરી હોયજી
એમાં બે તો ઉજ્જડ વીરા હજી ત્રીજી વસી નહીં...
કીડી પરણે હાથીને તો કોઈ માને નહીંજી
રાણીની વાડીનો લીમડો મીઠાં મીઠાં ફળ દેયજી...
કીડી જનમિયા દાદુર એક દાદુર નાગણ હોયજી
નાગણથી એક પંછી પ્રગટેને પંછીમાંથી હનુમાનજી...
બામણ પોથી પાઠ કરે કલમા પઢે કાજી જી
અનુભવી તો મૂંગા ફરે ઢોંગી કરે ચતુરાઈજી...
દાસ દિનકર ગુરુ ચરણે વાણીનો ઉકેલ હોયજી
સત સમજણથી ભવસાગર ઉતરાય જી...[૧૦૩]

(૨)

વાતું રે વાતું મારા ગુરુના ઘરની વાતું,
અગમ ઘરની વાતું, અરે કોને કહીએ વાતું....
મૂળને મારે પાતળને છેદે, ગગના શિખરે જાય,
બંકનાળમાં પવના ઊલટયા, ઉતરે અમીરસ ધાર...વાતું રે
કર વિણ માંહી જંતર વાગે, વિણ જીહ્‌વા ગુણ ગાય,
ગગન ગુફામાં રણુંકાર, આપ સમાવે આપ...વાતું રે
નહીં રે ચંદા નહીં રે સૂર્યા, નહીં રે દીપક માંય,
ઝગમગ ઝગમગ અખંડ પરકાશા, ગેબી ગરજના થાય..વાતું રે
અવલ કુંવારીએ વિવાહ માંડયો, અણજાયા વર સાથ,
નહીં બૂમ કે નહી બરાડા, એવી અજાયબ વાત...વાતું રે



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

મેરુગઢ ભીતર ભમર ગુફામાં, આતમ જ્યોત પરખાય,
દસમે દરવાજે હરિને બતાવે, દાસ દિનકરનો નાથ...વાતું રે[૧૦૪]

## શ્રી શંકર મહારજ (ઈ.સ.૧૯૦૫ - ૧૯૮૩)

(૧)

ઉલટી વાણી સાંભળી, ભડકી ઊઠે સંસાર,
શંકર ! કહે જો ગુરુ મળે, તો પામે જીવ પાર.
સાધુભાઈ ! અમારી વાતો છે ઘણી મોટડી હેજી...હોજી.
એને કોઈ કહી શકે નવ ખોટડી હેજી...હોજી ટેક-૦
નજરે જોયું દિલડા માંહ્ય,
નિત નિત નવાં કૌતુક થાય,
રાંધેલું રસોયાને ખાય જી;
સાધુભાઈ ! દૂધ દોનારીને દોવે ઝોટડી હેજી...હોજી
એને કોઈ કહી શકે નવ ખોટડી હેજી..હોજી-૦
અદ્ધર કૂવો નીચે નાર,
વચમાં પાણીડાંની ધાર,
હરિજન ! કરો કોઈ વિચાર જી ;
સાધુભાઈ ! કૂવા રે ઉપર એક કોટડી હેજી...હોજી
એને કોઈ કહી શકે નવ ખોટડી હેજી...હોજી-૦
એમાં વસે યોગીરાજ,
જેમનું ચૌદે લોકમાં રાજ.
દર્શન દીધાં અમને આજ જી ;
સાધુભાઈ ! મોટી વાતો થઈ ગઈ ત્યાં છોટડી હેજી...હોજી
એને કોઈ કહી શકે નવ ખોટડી હેજ...હોજી-૦
ગુરુએ આપી અમને સાન,
ત્યારે થયું આતમ જ્ઞાન.
શંકર બન્યા છે મસ્તાન જી,
સાધુભાઈ ! ગોંવિદ સાથે અમારે ગોઠડી હેજી...હોજી
એને કોઈ કહી શકે નવ ખોટડી હેજી.. હોજી-૦ [૧૦૫]

(૨)

અગમ અગોચર દેશમાં, આતમ જ્યોત પ્રકાશ,
શંકર ! કહે ત્યાં પહોંચતાં, છૂટે સઘળા પાશ.
હંસા ! ગઈ'તી ગુરુજીના દેશમાં, જ્યાં છે ઝળહળ જ્યોત પ્રકાશ,
અગમ ઘેર જઈ ચડી - ટેક ૦



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

હંસા ! અલખને જોતાં થઈ આંધળી, તૂટયા જન્મ મરણ કેરા પાશ - અગમ ૦
હંસા ! પાંગળી થાતાં રે પર્વત ચડી, બહેરી થાતાં સુણ્યા બ્રહ્મનાદ -અગમ ૦
હંસા ! હાથ વિના મેરુ તોલિયા, જીભ વિના ચાખ્યા મેં તો સ્વાદ- અગમ ૦
હંસા ! હું ને મારુ ના હવન કર્યા, હવે થઈ મારા હૈયામાં હાશ - અમગ ૦
હંસા ! શંકર મસ્ત સ્વરૂપમાં, પછી કહોને કોની કરે આશ ? - અગમ ૦ (૧૦૬)

(૩)

કાયા નગરીના વિષે, રાજા આતમ રામ ;
શંકર ! કહે નવખંડમાં, અમર એનું નામ.
હંસા ! કાયા રે નગર રળિયામણા હે...હેજી.
ઊગ્યા ઊગ્યા છે આથમણા ભાણ મારા વીરા ! રે...રે,
વા'ણેરાં વાયાને ઊઘડયાં બારણા હે હેજી...
ઘટમાં પાયા મેં તો ઘટડાના પ્રાણ મારા વીરા ! રે... રે,
પાવન થયાં રે પામરનાં પારણાં હે....હેજી...ટેક ૦
હંસા ! અદ્ધર કૂવો ને નીચાં આભલાં હે હેજી,
ત્યાં તો વરસે અમીના વરસાદ, મારા વીરા ! રે...રે,
પાણીડે પખાળ્યાં પિયુનાં પાવલાં હે...હેજી...
ચાખ્ય ચાખ્યા ચરણામૃતના સ્વાદ, મારા વીરા ! રે...રે,
હંસા ! ઈડા પીંગલા બેઉ નારીઓ હે...હેજી...
ત્રીજી સુખમણા સાહેલી સાથ, મારા વીરા ! રે...રે,
પાણીડાં ભરતી પણિયારીઓ હે....હેજી...
પાણીડાં ભરતાં હીરલો આવ્યો હાથ, મરા વીરા ! રે...રે,
હંસા ! ભેદૂ રે વિના નર ભટકી મરે હે ...હેજી...
દીવડા વિના ન હોય ઉજાસ મારા વીરા ! રે...રે,
સદ્‌ગુરુ મળે તો સહેજે તરે હે હેજી,
ગુણ ગાય છે શંકર દાસ મારા વીરા ! રે...રે, (૧૦૭)

(૪)

અંતર્મુખ વૃત્તિ કરી, ખોલ્યું બ્રહ્મદ્વાર ;
શંકર કહે ત્યારે થયો, આતમ સાક્ષત્કાર.
ઝળહળ જ્યોતિ જાગી રે, જોયું મેં અંતરપટમાં,
મનડે માયા ત્યાગી રે, ઠરીને બેઠું નિજ ઘટમાં...ટેક૦
પહાડ ઉપર પાણી ચડયું, ધરતી અડી અસમાન,
અજગરને બકરે ગળ્યો, મચી રહ્યું ઘમસાણ ;
ભાણ ઊગ્યો મારા ઘટમાં રે, ઊંઘ ઊડી ખટપટમાં...ઝળહળ ૦
વા'યો ભારે વાયરો, મેરુ ઊડયો જાય,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પણ તરણું હાલે નહીં, આ તે શું કહેવાય ?
લહાય હોલાણી ઘીથી રે, કૈક બળે જળપટમાં ...ઝળહળ ૦
ગોળ ગોળ બોલ્યા થકી, મુખ ગળ્યું નવ થાય,
પણ જો લઈને મુખમાં, મુકીએ તો સ્વાદ ચખાય ;
માતા શોધે બાળકને રે, બાળક બેઠું નિજ કટમાં...ઝળહળ ૦
ગુરુએ મારી કટારીઓ, રહી ન શુદ્ધ કે સાન,
ગર્વ ગળી ગયો દેહનો, ત્યારે થયું બ્રહ્મજ્ઞાન ;
દાસ શંકર કહે છે રે, નાગા ડૂબે નટખટમાં...ઝળહળ ૦ (૧૦૮)

(૫)

ચેતન વસ્તુ પામતાં, ચળકે ચારે ખુંટ ;
શંકર ! બકરી બાંધતાં, છટકી જાય ના ઊંટ.
અનુભવી કોઈ આવો રે, અનુભવ કરવા,
સાચો અર્થ શોધી લાવો રે, અનુભવ કરવા...ટકે ૦
આભમાંથી તાણી તાણી, ભર્યું મેં મટુકીમાં પાણી,
પીવા જાતાં હું હું પિવાણી રે, અનુભવ કરવા...અનુભવી ૦
તવા ઉપર ચૂલો  મેલી, પકાવી મે રોટી પહેલી,
પછી ખાઈ બની ઘેલી રે, અનુભવ કરવા...અનુભવી ૦
ખાંડણીએ મને ખાંડી, ત્યારે ઘંટી ગાવા માંડી,
છતાં ધણીએ હું તો રાંડી રે, અનુભવ કરવા...અનુભવી ૦
શંકરની એવી વાણી, વેદ પણ જ્યાં ભરે પાણી,
રાંકમાંથી બની રાણી રે, અનુભવ કરવા...અનુભવી ૦ (૧૦૯)

(૬)

ખોળ્યે ખોવાઈ જતું, બેઠે ઘાલે બાથ ;
શંકર ! મહાપદ મનડું, ઝટ નહીં આવે હાથ.
અજબ તમાસા જોયા રે, અજબ ઘરમાં,
જોઈ મોટા મુનિ મોહ્યા રે,અજબ ઘરમાં...ટેક ૦
બાજ ઉપર તેતર પડિયું, સિંહ સામે શિયાળ લડિયું,
ગેબી વાજુ ગડગડિયું રે, અજબ ઘરમાં...અજબ ૦
સાપે તો ગરુડને ગળિયો, જવાસો ચોમાસે ફળિયો,
માગ્યા વિના મોક્ષ મળિયો રે,અજબ ઘરમાં...અજબ ૦
આભ ઉપર ગાભ ગાજે, તેના પર મારો રામ રાજે,
સુણી સૌ લોકડિયા લાજે રે,અજબ ઘરમાં...અજબ ૦
પદ આ સૌથી અનોખું, ગાતાં ખોખું થયું બોખું,
કહે શંકર ચોખ્ખે ચોખ્ખું રે, અજબ ઘરમાં...અજબ ૦ (૧૧૦)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૭)

કાયા – નગરીના વિષે, કૌતુક થાય અનેક ;
શંકર કહે છે અનુભવી, સમજે કરી વિવેક.
શંકર ! કાયા નગરમાં ઊગ્યો ભાણ રે,
વાળ્યો વાળ્યો તિમિરનો કચ્ચરઘાણ રે, નેડો ધણીનો લાગ્યો... ટેક ૦
મરઘો મેરુ લઈ ઊડ્યો, જઈ બેઠો આસમાન,
કાબરે માર્યો કાગને, મારો ઊતરી ગયો અભિમાન રે...નેડો૦
એક અચંબો દેખિયો, દેડકે મારી દોટ,
ત્રણ મગરને એ ગળી ગયું, મછિયાં મારી ખાઈ ગયું ચડી ચોટ રે ...નેડો ૦
તમરાએ લીધો તંબૂરો, કીડીઓ ગાતી ગાન,
સસલું મંજીરા વગાડે, ચડિયું ચડિયું છછુંદરાને તાન રે...નેડો૦
શૂરવીર સંતો જાગિયા, જાગ્યા શંકર બાળ,
પણ ના જાગ્યા નૂગરા, જેને મીઠી લાગી માયાજાળ રે...નેડો૦[૧૧૧]

(૮)

શૂન્ય શિખરગઢ પર જઈ, જોયું કૌતુક એક;
શંકર કહે એક હંસને, અગ્નિસ્નાનની ટેક,
જરા જીવ ! જોને દિલડા માંહ્ય, શિખર પર બેઠા બેઠા આતમરાય...ટેક ૦
શૂન્ય શિખરગઢ સરોવર ભરિયાં, અમૂલખ મોતી થાય,
હંસા હોય તે ઝટ ચરી જાવે, બગલા બગાસાં ખાય...જરા જીવ ! ૦
નરદમ નૂરના મેહુલા વરસે, મરજીવા નર નહાય,
પહાડ ઉપર તો પાણી ચડિયાં, ઢેફાં નવ ભીંજાય...જરા જીવ!૦
એક અચંબો એવો જોયો, બકરે માર્યો વાઘ,
તેતરીએ ત્રણ બાજને માર્યા, દેડકે ગળિયો નાગ...જરા જીવ ! ૦
મોંઘીબાઈ તો મહિયર ચાલ્યાં, મારગ મૂકયો શિર,
સદ્‌ગુરુશરણે શંકર બોલ્યા, સમજે સોઈ નર પીર...જરા જીવ ! ૦ [૧૧૨]

(૯)

જૂઠ કભી નહીં બોલના, ઐસી મેરી ટેક ;
શંકર ! શેર કી બીચ મેં, પીએ જલ અજ એક.
ભલા કોઈ જ્ઞાની આવો રે, ભજન કા ભેદ બતાવો ! જી...ટેક ૦
દિલ દરિયા મેં હમને દેખા, મેડક આગ મેં નહાય,
મગર બિચારા કયા કરે ? જબ જલ મેં લાગી લહાય...ભલા કોઈ ૦
અજબ તમાસા દૂસરા દેખા, મછિયાં બગ કુ ખાય,
બાદલ બિન વહાં મેહુલા વરસે, ઘટગંગા ઊભરાય...ભલા કોઈ ૦



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પાજ બિના એક સરોવર ભરિયા, હંસા આ કર નહાય,
પાંખ બિના એક ભંવરા ઊડે, જીહ્વા બિન ગુન ગાય...ભલા કોઈ ૦
ગુરુચરન મેં ગાવત શંકર, ઊલટા ભેદ મનાય,
યહ પદ તો કોઈ વિરલા સમજે, ગાફલ ગોથાં ખાય ....ભલા કોઈ ૦(૧૧૩)

(૧૦)

તર્ક વિતર્કો ત્યાગીને, લે તું શ્રી હિરનામ ;
શંકર કહે તો થશે, સઘળાં તારાં કામ.
કરે મન ! ખોટા શા વિચાર ? ભજી લે ભાવે તું કિરતાર...ટેક ૦
કાયાનગરમાં જુઓ તપાસી, અજબ અચંબા થાય,
તુંબડીમાં એક તરુવર ઊગ્યું, ડાળીઓ ઝોલાં ખાય...કરે મન ૦
એક તમાસો એવો જોયો, હંસા મછલિયાં ખાય,
ઊલટી સરિતા ચડી ચડાવે, દરિયે લાગી લહાય...કરે મન ૦
સોનાએ સોનીને તાવ્યો લોઢે ઘડયો લુહાર,
લાકડએ સુથારને ઘડિયો, માટીએ ઘડયો કુંભાર...કરે મન ૦
શિષ્ય ગુરુને શિખામણ આપે, કુબજા માંડે કાન,
સદ્‌ગુરુચરણે શંકર બોલ્યા, સુગરા સમજે સાન...કરે મન ૦(૧૧૪)

(૧૧)

ઊલટાનું સૂલટુ કરી, જાણી લે જે અર્થ ;
શંકર કહે કે તે કદી, કરે ન ઝઘડા વ્યર્થ.
ભલા સહુ સંભળજો એક વાત, કહું છું ભાવ કરી હે ભ્રાત. ટેક ૦
જેવું જોઉં તેવું જ લખતો, જૂઠું લખું ન લગાર,
પાંખ વિનાનાં પંખીડાં બહુ, કરતાં વ્યોમવિહાર.... ભલા સહુ ૦
વાદળીએ વાયુને ખાધો, વીજળી બહુ ગભરાય,
ધરતીએ નભને ધ્રુજાવ્યું, મરકટ મંગળ ગાય......ભલ સહુ ૦
બકરીએ સિંહણને બાંધી, વાઘણ કરે વિચાર,
શિયાળ કરતી રોજ સલામી, સમરે સરજનહાર....ભલા સહુ ૦
સદ્‌ગુરુજીએ જ્ઞાન બતાવ્યું, શંકર વાણી ગાય,
સમજે તેની તો બલિહારી, એને કાળ ન ખાય...ભલા સહુ ૦ (૧૧૫)

(૧૨)

ભીતર ખડકી ખોલતાં, અચરજ દીઠું એક ;
શંકર ! અગ્નિ ખાઈને, જીવે જીવ અનેક.
હો અવધૂત ! અચરજ નજરમાં આવે, ઓલ્યા મદારીને માંકડું નચાવે...ટેક ૦



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પલમાં હસાવે પલમાં રડાવે, પલમાં એ પીર બનાવે,
પલમાં ઘરોઘર ભીખ મંગાવે, પલમાં વાજાં વગડાવે...હો અવધૂત ! ૦
કોઈ દિન કાશી કોઈ દિન મથુરા, કોઈ દિન ગંગામાં નવરાવે,
કોઈ દિન રણની રેતીમાં તપાવે, કોઈ દિન માર મરાવે...હો અવધૂત ! ૦
કોઈ દિન લાડુ કોઈ દિન પેંડા કોઈ દિન પકવાન પડાવે,
કોઈ દિન સૂકા ટુકડા ન આપે, વનવન ખૂબ અથડાવે...હો  અવધૂત ! ૦
આ રે માંકડલે જોર ખૂબ માંડયું, અલખને ખોળા પથરાવે,
શંકર હરિગુરુસંત પ્રતાપે, હરદમ હરિગુણ ગાવે...હો અવધૂત ! ૦ (૧૧૬)

(૧૩)

કાયાનગરીના વિષે, કૌતુક થાય અનેક ;
શંકર દેખી ખૂબ હસે, સમજે કરી વિવેક.
તમે આજે હાલોને મારા સંગમાં રે... વણઝારા જી રે !
કાયાનગરીમાં કૌતુક થાય રે... સોદાગર હંસા !તમે ૦
ધરતી વરસે ને ભીંજે આભલું રે...વણઝારા જી રે !
વિણ અગ્નિએ ઘરો બળી જાય રે...સોદાગર હંસ ! - તમે ૦
દરિયો સમાણો છોટી નહેરમાં રે.... વણઝાર જી રે !
નદીઓ દોડે કરતી કલ્લોલ રે.... સોદાગર હંસા ! - તમે ૦
સાચા સાહેબના દરબારમાં રે.. વણઝારા જી રે !
જરીએ ચલે નહીં પોલં પોલ રે.. સોદાગર હંસા ! - તમે ૦
કાને કરિયો મેં આતમસાક્ષાત્કાર રે.. વણઝારા જી રે !
આંખે ખોયો એળે જ અવતાર રે.. સોદાગર હંસ ! - તમે ૦
દાસ શંકરની એવી એક વિનતિ રે.. વણઝારા જી રે !
મરા ગુરુની દયાનો નહીં પાર રે. સોદાગર હંસા ! -તમે ૦ (૧૧૭)

(૧૪)

ઊલટી વાણી સાંભળી, પામે લોક નવાઈ ;
શંકર કહે સંતો રીઝે, સૂલટો અર્થ ઘટાઈ.
નમુ રે નકુલ કેરી નારને, ભીમસેન કેરી જે મૈયા,
યુધિષ્ઠિર ઘેર જે અવતર્યાં, વાણી આપો રે મૈયા !
અચરજ દીઠું મે તો દિલમાં રે... હાં... હાં...હાં...,
એથી ઉલટાં વચન ભાખ્યાં બાપજી!...ટેક ૦
અગ્નિ વરસે ભીંજે આભલું પૃથ્વી કરે રે પોકાર,
ભીંજાણાં તરુવર વન તણાં, ભીજ્યા પરવત સારા-અચરજ૦
બગલે હંસને ઘાલ્યો પાંખમાં, હોલો કરે રે હોંકારા,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પાંખો તોડીને હંસો નીસર્યો, સોહમ્ શબ્દ ખોંખાર્ય- અચરજ ૦
સસલે શિકારીને મારિયો, વનમાં થયા રે ધમસાણા,
પહાડ પર્વત લીધા હાથમાં, અડિયા અદ્ધર અસમાના-અચરજ ૦
ઊંડા રે દેવળમાં દરિયા દીઠા, નદીએ નીર ઉભરાણાં,
દેવળિયે દેવને જગાડિયા, ઝળહળ જ્યોતિ દરશાણાં - અચરજ ૦
સદ્‌ગુરુદેવ ચરણે બોલિયા, શંકર લાડકડા બાળા,
ઊલટી વાણી સમજે સુગરા, નુગરાનાં મુખ કાળાં - અચરજ ૦ (૧૧૮)

(૧૫)

ઊલટી સૂલટી વાણીને, સમજે કોઇક સંત ;
શંકર કહે અજ્ઞાનીઓ, તર્ક કરે જ અનંત.
આ ઊલટ સૂલટની બાજી રે, કોઇ જ્ઞાન કરાવો કાજી રે,
હરખભર્યાં અમે આવિયાં હો...જી-ટેક ૦
બાળોભોળો બ્રહ્મચારી ત્રણ ત્રણ રાખે લુગાઇ રે ભાઇ !
ગાજી રહ્યો એ ઘટો રે ઘટમાં અદ્ધર સેજ બિછાઇ રે.....હરખભર્યાં.....આ ઊલટ ૦
બ્રહ્મા વિષણુ મહાદેવ પહેલાં ગુરુએ કફની ધારી રે ભાઇ !
ચંદ્ર સૂરજ ને અગ્નિ પહેલાં પ્રગટી જ્યોતિ સારી રે... હરખભર્યાં ........આ ઊલટ ૦
આ જગ નહોતું, એ જગ નહોતું, જન્મ્યું કોઇ નહોતું જાણ્યું રે ભાઇ !
માતા પિતા મારું કોઇ જ નહોતું, તે દી સુખડું માણ્યું રે...હરખભર્યાં ...આ ઊલટ ૦
ગૌઆ વિયાણી ગગનમંડળમાં ત્રણ નર જન્મ્યા જ્યાંહી રે ભાઇ !
એ ગૌઆને મારા હરિજન સેવે, સુરતા સમાણી ત્યાંહી રે ...હરખભર્યા...આ ઊલટ ૦
સાદ્‌ગુરુ ચરણોમાં શંકર બોલ્ય, ઉલટ સૂલટની વાણી રે ભાઇ !
નુગરા નર તો ઠઠ્ઠો માને, સુગરા લેશે જાણી રે.... હરખભાર્યં ...આ ઊલટ ૦(૧૧૯)

(૧૬)

પ્રેમ તણી પ્યાલી પીતાં, ઊઘડયાં અગમ દ્વાર ;
શંકર કહે મન મરી જતાં, ભેટયા સરજનહાર.
કોઇ પીઓ પ્રેમરસ પ્યાલી, રગરગમાં સોહમ્ ચાલી,
મારી ભવની ભીડો ટાળી....
પ્યાલી પીધી મતવાલી, મને મળિયા શ્રી વનમાળી... ટેક ૦
અઘોર જંગલો અજબ તમાસા અજબ લીલાઓ નિહાળી, ભાઇ !
સસલાએ એક સિંહને માર્યો, ડુંગરે થઇ છે દિવાળી...કોઇ પીઓ ૦
પળની જનમી પોપટીએ વનને નાખ્યું બાળી, ભાઇ !
સાત સમુંદર એકી સંગાથે, પળમાં કીધા ખાલી... કોઇ પીઓ ૦
અમરનગરથી આવ્યો જોગી અવધૂત નિરાધારી, ભાઇ !
નહીં કુંવારો નહીં પરણેલો, જન્મેલ નહીં જટાધરી.... કોઇ પીઓ ૦



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ગંગા યમુના સવળાં ચાલે કુંવરી અવળી હાલી, ભાઈ !
સદ્‌ગુરુ ચરણે શંકર બોલ્યા, ઘટમાં જ્યોત ઉજાળી .. કોઈ પીઓ ૦ (૧૨૦)

(૧૭)

માનો કે માનો નહીં, છતાં કહું એક વાત ;
શંકર ! કાયાની ભીતર, જોયું જે સાક્ષાત.
કહ્યું રે માનો મારા કંથ કોડીલા !
જૂઠું બોલું તો રામ દુવાઈ રે વા'લીડા !
ગુરુજીએ જ્ઞાન બતાવ્યું હે...જી...જી...ટેક૦
તરુવરમાં ત્રણ નદીઓ મેં ભાળી,
તુંબડીમાં ત્રણે ગઈ સમાઈ રે વા'લીડા! ...ગુરુજીએ જ્ઞાન ૦
માંહ્યલા મંદિરિયામાં બાગ બગીચા,
માળીડે શી વાડીઓ રચાઈ ! વા'લીડા!...ગુરુજીએ જ્ઞાન ૦
આભલાના ચાંદલીએ રાહુને ગળિયો,
ગજને ગળી ગઈ કીડીબાઈ રે વા'લીડા! ...ગુરુજીએ જ્ઞાન ૦
માળીડે શી વાડીઓ રચાઈ ! વા'લીડા!...ગુરુજીએ જ્ઞાન ૦
આભલાના ચાંદલીએ રાહુને ગળિયો,
ગજને ગળી ગઈ કીડીબાઈ રે વા'લીડા! ...ગુરુજીએ જ્ઞાન ૦
ગોરખજીના ઘેટાંએ ગઢડો રે તોડયો,
ઝળહળ જ્યોતો દરશાઈ રે વા'લીડા !... ગુરુજીએ જ્ઞાન ૦
સદ્‌ગુરુચરણોમાં શંકર બોલ્યા,
વાણીને લેજો વધાઈ રે વા'લીડા ! ...ગુરુજીએ જ્ઞાન ૦(૧૨૧)

(૧૮)

ઊલટી બાની સંત કી, સમજે સંત સુજાન ;
શંકર ! જ્ઞાન કી બાત મેં, કયા સમજે નાદાન ?
અવધૂ ! અજબ તમાસા, ઈસ ઘટ મેં , કોઈ કર લો ખુલાસા, ઈસ ઘટ મે... ટેક ૦
મછલી મોજ ગગન મેં મારે, હરદમ હરિગુન ગાવે, બાવા !
પંછી છોડ ગગન કી લહેરે, ઊડ ઊડ ગિર જલ બિચ જલ જાવે..ઈસ અવધૂ ! ૦
લાગી આગ આપ કો ઠારે, ધરતી થરથર ડોલે, બાવા !
પંગુ ભયા પવનપાંખડી, ઘટઘટ સોહમ્ હંસ હી બોલે...ઈસ...અવધૂ ! ૦
શશી પર સિંહ સભા કે અંદર, સબ કા શિર ધુનાવે, બાવા !
તોડ તોડ ગુરુગમ સે ગરદન, પરમ પુરુષ કા વો પાઠ સુનાવે...ઈસ...અવધુ ! ૦
અગમ ખેલ આ ઊલટી બાની, ભેદુ ભેદ બતાવે, બાવા !
શંકર દાસ કછુ નવ જાને, ગુરુજી ગુફા મેં બૈઠ પદ પરખાવે...ઈસ...અવધુ ! ૦(૧૨૨)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૯)

ઊલટી વાણી સાંભળી, ખૂબ કરો વિચાર ;
શંકર કહે વિચારથી, ઊપજે જ્ઞાન અપાર.
ઓ સુરતા રાણી ! સુણાવું અદ્દભૂત કહાણી,
ઓ માયા રાણી ! જગમાં કરજો લહાણી – ટેક ૦
એક નગર મેં એવું દીઠું, પાવક વરસે પાણી,
એ પાણીમાં દુનિયા ડૂબી, ડૂબ્યો ન એક પુરાણી...ઓ સુરતા રાણી ! ૦
પાંખ વિનાનાં પંખીડાં બહુ, આવ્યાં પીવા પાણી,
પી પી મસ્ત બની ઊડી ગયાં, જેમની પ્યાસ બુઝાણી..ઓ સુરતા રાણી ! ૦
નામ ને રૂપ વિનાનો રાજા, અસંખ્ય જેને રાણી,
એની આણ ફરે નગરીમાં, ટકે ન પાપી પ્રાણી ....ઓ સુરતા રાણી ! ૦
જીભ વિનાનાં બહુ જનો ત્યાં, ગાય અવિચળ વાણી,
કાન વિનાનાં સુણવા બેઠાં, મોટી સભા ભરાણી.....ઓ સુરતા રાણી ! ૦
હાથ વિનાનાં માનવીઓ ત્યાં, ખૂબ જ કરતાં લહાણી,
પગ વિનાનાં નાચે બહુ ત્યાં, ઝાઝું કહું શું શાણી ? ...ઓ સુરતા રાણી ! ૦
બુદ્ધિ વગરનાં બૂઠાં જન તે, બોલે તાણી તાણી,
સમજુ જન તો સમજી લઈને, પામે પદ નિર્વાણી ....ઓ સુરતા રાણી ! ૦
ખોટું લાગે તે ખૂબ ખાશે, મેં તો મોજે માણી,
શંકર કહે સદ્દગુરુ પ્રતાપે, ભાખી ઊલટી વાણી......ઓ સુરતા રાણી ! ૦(૧૨૩)

(૨૦)

દેખો ખુલ્લી આંખ સે, ઔર કરો વિચાર ;
શંકર ! સબ કો છોડ કે, બૈઠો સિંધુ પાર.
દેખો દેખો દુનિયા કે લોગો ! દેખોજી કૌતુક એક,
દેખો દેખો મેરે પ્યારે સંતો ! દેખોજી કૌતુક એક.... ટેક ૦
જ્યોત જલી જબ ભયા અંધેરા,
આગ કે બીચ મેં લગાયા ડેરા,છૂટ ગયે સબ નેક ...દેખો દેખો ૦
મૂંગેને જબ ગીત લલકારા,
અંધેને પાયા અલખ દીદારા, ઠૂંઠેને કીયા વિવેક...દેખો દેખો ૦
મેઢક ને જબ કાગ કો મારા,
સારે જગ મેં હુઆ જયકારા, હો ગયી પૂરન ટેક ...દેખો દેખો ૦
શંકર ઊલટી બાની ગાવે,
જો સમજે સો ફિર ના આવે, પહોંચી જાવે છેક....દેખો દેખો ૦ (૧૨૪)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૨૧)

સાચેસાચી વાત છે, જૂઠી નહીં લગાર ;
શંકર કહે જે સમજશે, તેનો બેડો પાર.
જુઓ જુઓ ઓ જગના લોકો ! જુઓને આ શું જણાય ?
જુઓ જુઓ ઓ ભોળા લોકો ! જુઓને આ શું જણાય ?..ટેક ૦
પાણી પાવકને પરજાળે, વાયુ વ્યોમને બહુ પંપાળે,
ધરતી આંખો નીચી ઢાળે, મર્કટ મંગળ ગાય ...જુઓ જુઓ ૦
બકરી વાઘની પીઠ પર બેઠી, સિંહણ મૃગની સોડમાં પેઠી,
નેણવિહોણે નજરે દીઠી, જૂઠું કેમ મનાય ! ...જુઓ જુઓ ૦
મૂળ વિના એક તરુવર ડોલે, ડાળે ડાળે કોયલ બોલે,
ભેદ અગમના એ તો ખોલે, બ્રહ્માનંદ ઊભરાય ...જુઓ જુઓ ૦
જે કોઈ ખોજ કરી બતલાવે, તે જ પુરુષ મેરા મન ભાવે,
શંકર ઊલટી વાણી ગાવે, પાપી પણ ખુશ થાય...જુઓ જુઓ ૦ (૧૨૫)

(૨૨)

કોઈ અનુભવી આવો રે, ઉકેલાવો આંટી પડી,
ભેદ ભજનનો બતાવો રે, રહી જાય ન એકે કડી...ટેક ૦
દેવળ દેવને ઢૂણે રે, પૂજારી તો પોક મૂકે,
સિંહ સંતાણો ખૂણે રે, શિયાળ ન ફાળ ચૂકે...
ઉંદર બિલ્લીને મારે રે, ભોરંગ વિચાર કરે,
અગ્નિ પાણીને ઠારે રે, ધરતી બેઠી ધ્યાન ધરે...
ફૂલ માળીને ચૂંટે રે, ભ્રમર ભગવાન ભજે,
ધન ઢોંગીને લૂંટે રે, નિશાચર નામ તજે....
દાસ શંકરની વાણી રે, પાણી વિના પ્યાસ બૂઝે ;
કોઈ વિરલાએ જાણી રે, નુગરાને ન કાંઈ સૂઝે...(૧૨૬)

(૨૩)

ફૂટે છે રે, ફૂટે છે, બીજ બાળો તો, ઝાડા મોટું ફૂટ છે.... ટેક
રણમાં તે રમતાં માછલડાં જોયા ; કાગડાં તે કાળજાં ફૂટે છે...
બાવળની ડાળીએ બાઝી છે કેરીઓ ; અણબોલાં આમ - રસ લૂટે છે...
પાવકના પાંજરામાં પોઢયા પોપટજી ; આભલેથી અમીધારા છૂટે છે...
શંકરનું કહેવું સાચું કોણ માને ? એક જોડું તો તેર તૂટે છે...(૧૨૭)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

( ૨૪ )

અનુભવી કોઈ આવો રે, સાન કરી સમજાવો રે, અંતરમાં આંટી પડી રે - જી ૦
ઘણું કરુ પણ ઊકેલી નહીં ઊકેલાય ... ટેક ૦
જોર કરી જળદેવે રે, જીતી લીધું આભને રે-જી ;
પવને લીધાં પાણી પીવાનાં નેમ -૦
પૃથ્વીએ પડ ખોલી રે, પોલું કીધુ પેટને રે-જી ;
પોલામાં તો પોલાંને હોય જ પ્રેમ - ૦
મધરીએ મન ખેંચ્યુ રે, ત્યારે અગ્નિ ઊછળ્યો રે -જી ;
ભડભડ ભડભડ બળવા માંડયો સંસાર -૦
આવું કૌતુક જોઈ રે, કાળ રાજા કોપિયો રે-જી ;
તેમાં તેનું વળ્યું ન કાંઈ લગાર - ૦
ઝળહળ જ્યોતિ જાગી રે, જળદેવીના ઝુંપડે રે-જી ;
ત્યારે ફીકા પડિયા શશી અને સૂર -૦
હદ-બેહદ પર બેસી રે, શંકર વાણી બોલિયા રે જી ;
મનડું મ્હારું બ્રહ્મનશામાં ચકચૂર -૦ (૧૨૮)

( ૨૫)

ગડગડ નોબત વાગી રે, ઝળહળ જ્યોતિ જાગી રે,
કાયા ગઢના કાંગરે રે...જી,
સુરતા મ્હારી કાયમ કરે ત્યાં કલ્લોલ ...ટેક
કાળુડા મણિધરને રે, ઉંદર જ્યારે આભડયો રે...જી,
ત્યારે આખા જગમાં થયો હાહાકાર.
મંજારી મોં વાળી રે, બેઠી ઊંડા ઓરડે રે...જી,
વનનો રાજા બન્યો બકરીનો શિકાર.
જપ-તપની ત્રાજૂડીએ રે, તરણે મેરુ તોળિયો રે...જી,
માટીએ તો કીધાં હીરાનાં મોલ.
સસલીએ શર છોડી રે, વીંધી નાખ્યો વ્યાધને રે...જી,
હરણીઓ તો હવે કરે છે કલ્લોલ.
માછલીએ માછીને રે, મારી વહેંચી સાકરો રે...જી,
જળના જડબે આવ્યું હવે બહુ જોર.
મન બુદ્ધિ પર ખેલે રે, શંકર સાચાં સોગટાં રે...જી,
ટહુકે મીઠા મેરુ ઉપર મીઠા મોર -૦ (૧૨૯)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૨૬)

કોઈ ખોજણહારા ખોળે જી, બીજા તો ચડે ચગડોળે જી... ટેક
ધરતી ફાટી ને આગ ભભૂકી, મનવો મહારસ ઘોળે જી...
તેતર પક્ષીએ બાજને માર્યો, અજ અજગરને રોળે જી...
હોળી માંહી દિવાળી દેખી, આનંદ પોળે પોળે જી...
શંકર નવરોધૂપ થઈને, ઝૂલે બ્રહ્મ હિંડોળે જી...[૧૩૦]

(૨૭)

પ્રેમરસ પીને રે હાં, હું તો બન્યો છું દીવાનો,
ભાળું તેવું ભાખું માનો કે ન માનો,
અવસરિયો આજ મળ્યો છે મઝાનો જી,
જીરે સંતો ! હંસ એક પાંખ વિનાનો,
ઊડી રહ્યો આભે એ બનીને મસ્તાનો જી..
આંબાની ડાળે રે હાં એક હાથીડો ઊભો,
જોઈ જોઈ હસતો કાયાગઢનો સૂબો...
પાણીના મહેલે રે હાં, એક બગ કરે વાસો,
એવું જોઈ કોયલ નાખે નિસાસો...
છૂટેલા બળદોએ હાં, ખેડૂતને તાણી બાંધ્યો,
કાગડાના ટોળે જોવા તાર સાંધ્યો....
શંકરની વાણી રે હાં, સમજી સમજીને ગાવો,
માથાં મેલ્યા વિના મળે નાહીં માવો...[૧૩૧]

(૨૮)

સત્‌ના મારગડે રે હાં, સાચા સંત સિધાવે,
માંથા મેલીને એ મહાપદ પાવે,
મૃત્યુને જીતી અમર થઈ જાવે જી,
જી રે સંતો ! અચરજ એક નજરોમાં આવે,
ડોળા કાઢીને ઉંદર નાગને ડરાવે જી....
જળ કેરી કૂકડી રે હાં, અગ્નિ ખાઈને જીવે,
રામજીનાં વાઘા ઠૂંઠો દરજી સીવે...
તોતાના તપથી રે હાં, ત્રણે ભુવન ધ્રૂજે,
ઈંદ્ર આભો બન્યો કાંઈ પણ ન સૂઝે...
ઊંઘા વરખડે રે હાં, ઉલૂક અનેક ઝઝૂમે,
આવું જોઈને હંસો નિજ હાથ ચૂમે...
શંકરની વાણી રે હાં, ગાવે તે મરી જાવે,
પાછા વળી કોઈ અહીંઆં ન આવે...[૧૩૨]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

( ૨૯ )

સંતો ! સાચું કહું છું રે, જૂઠું જગ જાૂઠું માને જી...ટેક
ઘર લાગ્યું ત્યારે દરમાં પેઠો, ધૃતથી આગ બુઝાઈ રે ભાઈ !
મડદાં ઊભાં થઈને નાઠાં, જગને લાગી નવાઈ...
છછુંદરાએ સાપને ગળિયો, બિલ્લીને આવી વાઈ રે ભાઈ !
બાણ છૂટી પારધીને લાગ્યુ, મૃગલે આપી વધાઈ...
ધરતી ફાટી આભલું ચમકયું, જળે સમાધિ લગાઈ રે ભાઈ !
અંધા, મૂગા ને ઠૂંઠાએ, કીધી ઠીક ભવાઈ...
સદ્‌ગુરુ ચરણે શંકર ગાવે, હૈયે ખૂબ હરખાઈ રે ભાઈ !
કાન વિનાના સુણવા બેઠા, ઓર મજા કંઈ આઈ...(૧૩૩)

( ૩૦ )

મ્હારી ખુલ્લી એક જાહેરાત, ઉમરમાં ધારજો રે,
મ્હારી સાચેસાચી વાત, ખૂબ વિચારજો રે....ટેક
કાયમાં એક કૌતુક જોયું, જોવા જાતાં ખોટું ખોયું ;
ત્યારે ખરું થયું સાક્ષાત, ખૂબ વિચારજો રે....
કીડીએ ગજને બાંધી રાખ્યો, તેતરે બાજને મારી નાખ્યો ;
નહીં દિવસ કે નહીં ત્યાં રાત, ખૂબ વિચારજો રે...
સસલે સિંહને ખૂબ નચાવ્યો, મૃગલે મૃત્યુથી તેને બચાવ્યો ;
જળ પર પાડી રૂડી ભાત, ખૂબ વિચારજો રે...
મૂંગો ચારે વેદ ભણે જ્યાં, ઠૂંઠો ઠીકરાં ઠીક ગણે ત્યાં ;
પંગુ મારે પહાડને લાત, ખૂબ વિચારજો રે...
ઉંદર બિલ્લીબાઈને હારાવે, ડોળા કાઢી ખૂબ ડરાવે ;
નાચે છછુંદરું દિન રાત, ખૂબ વિચારજો રે...
ખોટું લાગે તો ખરું ન માનો, શંકર કેવળ પ્રેમ દીવાનો,
ઊગ્યું ખરા બપોરે પ્રભાત, ખૂબ વિચારજો રે... (૧૩૪)

( ૩૧ )

મ્હારી ટચૂકડી એક વાત, હરિજન ! સાંભળો રે ;
મધદિનમાં જોઈ મધરાત, હરિજન ! સાંભળો રે...ટેક
જળમાં ભડકા મેં તો જોયા, કપડે ધોબીડાને ધોયા ;
માછલે મારી બગને લાત, હરિજન ! સાંભળો રે...
તરણે મેરુને ઉડાડયો, બિંદુએ સિંધુને બૂડાડયો ;
જોવા આવ્યા જગના તાત, હરિજન ! સાંભળો રે...
જોતાં પોતે ત્યાં ખોવાયા, નાહક નકટાંથી વગોવાયા ;



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ઢીલાં થયાં ધરતીનાં ગાત, હરિજન ! સાંભળો રે...
પાવક પર મળ્યો પંખી મેળો, હું પણ ત્યાં હતો સૌના ભેળો ;
એક જ વિભુની થઇ જાહેરાત, હરિજન ! સાંભળો રે...
હું - તું - તે કે આ નહીં કોઇ, સૌએ બેઠા સૌને ખોઇ ;
કરી નિર્ણય ઊડી ગયો સંઘાત, હરિજન ! સાંભળો રે...
હું પણ પાછો અહીંયાં આવ્યો, સત્‌ના સંદેશા રૂડા લાવ્યો ;
શંકર વાણી થઇ વિખ્યાત, હરિજન ! સાંભળો રે....(૧૩૫)

## બનારસી

(૧)

વન કાયામેં મન મૃગ ચારો તરફ ચોકડી ભરતા હૈ ;
બિના પૈરસે દોડતા, બિના મુખ ચારા ચરતા હૈ...ટેક
બિના નેત્ર સે દેખે સબકો, બિના દાંત દાના ખાવે,
બિના જિહ્‌વા સે બાત કરે, ઔર બિના કંઠ ગાના ગાવે.
બિના સીંગ સે લડે ઔર બડે બડે દલ હટાવે,
બહુત સિંહ ડરતે ઇસસે યે કિસીસેભી નહીં ડરતા હૈ...બિના.
બિન ખુર ખોદે સકલ જગત કો, ઐસા યહ મદમાતા હૈ,
બિન ઇંદ્રિ સે ભોગ કરતા હૈ, યહી કહલાતા હૈ,
નહિં ઇસકે કોઇ તાત - માત, નહિ કુટુંબ - કબીલા નાતા હૈ,
આપી પૈદા હોઇ વો આપી મેં આપ સમાતા હૈ,
સબ રંગો સે ન્યારા હૈ, ઔર હર એક રૂપ કો ધરતા હૈ...બિના.
બિના જીવકા માંસ ખાય યે, કિસીકો ભી નહિ મારે હૈ,
જિસકો મારે એક પલ ભરમેં, ઉસે સુધારે હૈ,
ઐસે જ્ઞાનકો કોઇ ભી સાધુ - સંત બિચારે હૈ,
તીનો લોકમેં ફિરત યહ મૃગ ભવસાગરમેં તિરતા હૈ...બિના.
બિના નાસિકા લેવે વાસના, હર એક ચીજકી ખુશબોઇ,
આપી આપ હૈ અકેલા ઔર ન ઇસકે સંગ કોઇ,
દેવીસિંહ યહ કહે કિ જિસને બુદ્ધિ નિર્મળ કર ધોઇ,
આપની આત્મા જાનતા ઇસ મૃગકો જાને સો...બિના.(૧૩૬)

**નોંધ :** આ રચના 'શ્રી ભજન સાગર'માં બનારસીના નામે છપાયેલ છે, પરંતુ રચનાને અંતે દેવીસિંહનો નામોલ્લેખ છે.

(૨)

જિસકે દિલ પર વો પ્રભુ નામ બસતા હૈ,
ઉન મસ્તોકાં, દેખો, ઊલટા રસ્તા હૈ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

સર્દીમેં આસક, પીતે હે સરદાઈ ;
ગર્મી મેં શંખીયા ખાય રહે ગર્માઈ.
બારિસમેં સૂખે ધૂપ મેં હો હરિયાઈ ;
ઐસે મસ્તોસે સભી બાત બનિયાઈ.
વો દાગકો સમજે, દિલપર ગુલદસ્તા હૈ...ઊન
વો દિનકો સોવે, સારી રાતભર જાગે ;
શૂરો સે લડે, કાયર કો દેખકે ભાગે ;
નહીં મિલે તો માંગે ભીખ, મિલે તો ત્યાગે ;
ઐસે શાહો સે હરેક બાદશાહ માંગે.
અનમોલ હૈ સૌદા, વોભી ઉને સસ્તા હૈ.. ઊન
ખેતી કો સૂખા, ઊસરમે અન્ન ઉપજાવે ;
આશિક સાદિક જો, ચાહે વે કર દિખલાવે ;
ઐસે મરદ કો કોઈ, નહીં હંસતા હૈ.... ઊન
જબ પેટ ભરે તબ, ખાનેકું મંગવાતે હૈ ;
ઔર ભૂખ લગે, તો કૂછ ભોજન નહિ ખાતે ;
મૂરખ સે શીખે, પંડિતકું સમજાતે ;
કહે બનારસી હમ, નઈ નઈ બાતે ગાતે ;
ઈસ કદરસે જો કોઈ અપના દિલ કરતા હૈ...ઊન (૧૩૭)

**ભાદુરદાસ**

(૧)

સોહં શબ્દ લો હેરી સંતો સોહં શબ્દ લો હેરી
નાભિ કમળસે પવન ઊલટયા ત્રિકુટીમાં દેખી હેરી
અણઘડ પુરુષ અખંડ અજિતા ત્યાં સુરતા લાગી હમેરી
સંતો સોહં શબ્દ લો હેરી...
બિના મુખસે મોરલી વાગે નાદ સુનાવત ઘેરી
શુન્ય મંડળમેં સિંગી વાગે બહારસે ઊઠી લ્હેરી
સંતો સોહં શબ્દ લો હેરી...
નામ નિશાન નિરંતર નીરખ્યા સુરતા વામે પેરી
એક અજિત - અખંડિત પૂરણ મીટી રેન અંધેરી
સંતો સોહં શબ્દ લો હેરી...
પરા પારસે પરિબ્રહ્મ પ્રગટયા અગમ ખડકી ઊઘડી
રામદાસ ચરણે ભણે ભાદુરદાસ અલખ ખુમારી નેરી
સંતો સોહં શબ્દ લો હેરી...(૧૩૮)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## દાસ ગોપાલ

(૧)

સાધો ભાઈ ગૌ સિંહકો ખાયા, મોહે અચમ્બા આયા... ટેક
ચીડીયા જાય બાજકો ઝપટા, અગ્નિ માહે ઝોકાયા,
લાગત અગ્નિ શીતલ હો ગયા, બાર બાર સુખ પાયા.
મછલી ઉલટ કીરકો પકડા, લીના જાલ ફસાયા,
ખાકર માંસ મગન ભઈ મછલી, ફીર મેરે મન ભાયા.
ઉસ મછલી કે પુત્ર જનમીયા, રૂપ રંગ બીન કાયા,
નીરભય હોય રહે સબ જગમેં, કાલકો નાચ નચાયા.
સચ્ચીદાનંદ મીલીયા ગુરુપુરા, ઈસ વિધ મમ સમજાયા,
દાસ ગોપાલ ગુરુકૃપાસે, ઉલટ બોધ કથ ગાયા. (૧૩૯)

## ગંગા રામ

(૧)

કર લે ગગન પર વાસા હંસા ! તું કરલે ગગન પર વાસા ;
સમરી લે સાસ ઉસાસા. હંસા ૦
નામ કા ચોપટ ખેલ ખેલી લે, પ્રેમ પદારથ પાસા ;
સહજ સોગઠી ચલે ચેતના, ખેલ બનેગા ખાસા. હંસા ૦
અનહદ નોબત ઝાલર ઝણકત, ભેર ભૂંગળને ત્રાંસા ;
નુરત-સુરત ગાવણ કો લાગી, સંત કરત વિલાસા. હંસા ૦
બિના રૂપ એક નાર ખેલતી, રંગમહલ મેં રાસા ;
બિના બાતી જ્યોત જલત હૈ, અખંડ રહે ઉજાસા. હંસા ૦
'ગંગારામ' ગુરુ માવજી શરણે, નામ ભજન કા પ્યાસા;
મુગટમણી મહેકરણ સરીખા, ઈન ચરણન કા દાસા. હંસા ૦ (૧૪૦)

## જેમલ ભારથી ( ઈ.સ.૧૮મી સદીનો ઉત્તરાર્ધ)

(૧)

બન ગિયા ફકીર, ગુરુ તારા નામને જંજીર
બાવા, મેં બન ગિયા ફકીર જી.
લાગી લગના, ચડી ગગના, તરવેણીને તીર જી,
દેવી દેવતા મેળે મળિયા, ગુણપતિ ગંભીર....બાવા ૦
અજંપાના જાપ જપતાં, ચડે ઉલટી વીર જી,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

દશમે દ્વારે ચડીને જોયું, દેખ્યા અણઘડ પીર... બાવા ૦
અખંડ ધારા અમી વરસે, સુવાન્તુના નીર જી,
વિના પાળે સરવોર ભર્યા, હંસા નાહ્યા નરમળ નીર...બાવા ૦
જોત જાગી, ભ્રાંત ભાંગી હૈયે આવેલ ધીર જી,
જેમલ ભારથી બોલિયા, ગુરુ ભાંગી ભવની ભીર... બાવા ૦(૧૪૧)

## કવિ અનવર

(૧)

સાધુ આતમકો સિદ્ધિ કરો સભી સિદ્ધિકો તમ બિસરો (ટેક)
અગ્નિ ખાવે અગ્નિમે નાવે અગ્નિમેં કરે પથારી રે ભાઈ
અગ્નિ હોકર અગ્નિમે મિલ જાય, ફિર નીકળે સિદ્ધભારી... સાધુ
જલમેં ઘુસકર કોરે નીકળે જલ પર ચલને લાગે રે ભાઈ
જલમે જાકર જલ બન જાવે ફિર જલમેં સે જાગે...સાધુ
પવનમેં ચાલે પવનમેં બેઠે પવન પર અદ્ધર સોવે રે
પવનમેં મીલકર પવન હો જાવે ફીર પ્રગટ હોવે રે..... સાધુ
મીટ્ટીમે મીલકર મીટ્ટી હો જાવે મીટ્ટી બીચ સમાવે રે ભાઈ
યહા સમાવે કહી જા નીકળે ફીર યહા પર આવે રે... સાધુ
આકાશમે જો અલોપ હો જાવે જડ ના રહેવે કાયા રે
શસ્ત્ર કોઈ ચલે નહી ઉસ પર તબવો સિદ્ધ કહાયા રે... સાધુ
એક શરીર કે અનેક બનાવે જ્યાં ધારે વહાં જાવે રે ભાઈ
જો કુંછ મોસે બચન નિકાલે ઓહી તુરત હો જાવે રે...
સાધુ તબ હમ ઉસકો સિદ્ધ બિચારે ઔર સિદ્ધિ સબ ખોટી રે ભાઈ
દુનિયા ભીતર ઢોંગ ચલાવે બાત બનાવે મોટી રે...સાધુ
તિન કાલકી બાત બતાવે ચૌદ કાલકી જાને રે ભાઈ
અપની કાયા અમર રાખે તબ સિદ્ધિ પરમાને...સાધુ
રિદ્ધિ સિદ્ધ છોડ કે સંતો આત્મજ્ઞાન બિચારો રે ભાઈ
અપને સ્વરૂપકો આપ પિછાનો ઔર અપના ભવ તારો... સાધુ
જન્મ મરણ ફીર નહી હે સંતો જ્ઞાની કહેતે વાણી રે ભાઈ
ઈસ પિંજરેસે જિસ દિન છૂટે નહી આવે પ્રાણી...સાધુ (૧૪૨)

## લાલ સાહેબ

(૧)

હરહાં લાલ કહેજી લાલ ઝરૂખે લાલ દેખો અજબ તમાસા,
વિણ વાદળ વિણ વીજ કે વરસે અમૃત ધારા.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ચૈતન ચતુર સુજાણ પિવે દોઈ પિવનહારા,
વિણ શ્રવણ ઝણકાર નૈન બીન જો નિરધારા,
હરહા લાલ કહેજી બીન ચંખદા બીન સુર નિરંતર દેખ નિરાળા,
પુર્વે જન્મ કી પ્રિત પિયાસંગ પ્રગટ પાઇ આજ હાલકી નાહીં. (૧૪૩)

## શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી ( ઈ.સ.૧૯૦૫ - ૧૯૧૦ આસપાસ)

(૧)

ઉર્ધ્વમૂળ એક તરૂવર દેખા, મધ્યમે થડ ઓર નીચેકો સાખા.
શાખા સે પાની ઉપર ખેંચાતો, ફલ ફૂલ બહુ રંગ લાગિયા રે...ટેક.
તે વૃક્ષ ઉપર સાપ ઔર વિંછી રે રહેતા, બીન ડંક મારે તે મૃત્યુ રે કરતા,
ગુરુની કવચ કોઇ પેહેરીને ચઢતા તો, તેને વિખડા નથી વ્યાપતો રે.
તે વૃક્ષ ઉપર એક પંખી વિરાજે, તેને ઝાલે સહુ કારજ સાજે,
અનહદ નોબત તેની ગાજે તો, શબ્દ સુણે કોઇ શૂરમાં રે.
ચંદ્ર કે ઘરમેં ભઈ સૂરજ લાવો, સૂરજનો તમો ઘાટ બદલાવો,
સુખમણા ગંગામેં જઈને ન્હાવો તો, પાપ ટળે નવલિંગના રે.
જોગ કલા તો અનંત કહાવે, દત્ત દિગંબર નારદ ગાવે,
ખટ ચક્રભેદી ઉપર જાવે તો, તે બ્રહ્મજ્યોતિને ન્યાલતા રે.
જોગી અવધૂત એવો જ્ઞાન વિચારે, જોગ કલા લઈ વૃત્તિને વાળે,
સ્વામી સરજ્યુગિર જોગ સંભારે તો, ઔર બીજો નથી જાણતારે. (૧૪૪)

(૨)

હે સખી શું કહું આજની વાત, સાચો કોઈ માને નહિ... ટેક.
ગાય વિયાણી તેમાં વાઘરે જન્મ્યો ઓલી ગાય કરે છે વિચાર... સાચો કોઈ.
કુંવારી કન્યાએ એક બાલક જન્મ્યો, તેને જોવા આવ્યો બધુ ગામ... સાચો કોઈ.
એક નારીને બે મુખ દીઠા, એ તો બેઉ તરફથી ખાય... સાચો કોઈ.
મુવા પુરૂષ એક કાલને રે ખાધો, બીજા લોગો કરે છે વિચાર... સાચો કોઈ.
ઝાડ ઉખાડી મેં તો અગ્નિમાં રે રોપ્યો, તેમાં ફલફૂલ આવ્યા અપાર... સાચો કોઈ.
નીર વિનાની નદિયોના પૂરમાં, દેખો બધો જગત ડૂબ્યો જાય... સાચો કોઈ.
સૂતરના તાંતણામાં ચૌદ લોક બાંધ્યા, તેમાં છૂટવાનો લાગે ન દાવ... સાચો કોઈ.
ડાહ્યા પુરૂષ એનો મર્મ ન જાણે, પેલા અણસમજુ પાવે સાર... સાચો કોઈ.
સ્વામી સરજ્યુગીર ગુરુના પ્રતાપે, મૈને રમ્મત લખી છે લગાર... સાચો કોઈ. (૧૪૫)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૩)

મેરે પ્યારે જીજ્ઞાસુ જનો આવજો હો રાજ,
સામે હમારો મુકામ છે.
અંધા બાંચે ચોપડી, બેહેરા સુને મન લાય,
અર્થ લગાવે બોંબડો, સુનનારા મરિ જાય,
ધ્યાન સોહંનો હૃદય ધરાવજો હોરાજ... સામે મારો ૦
જોગી બેઠા ધ્યાનમેં, પંચ કૂટી કે બીચ,
ફૂલવાડી બહુ ભાતની, રહ્યો સર્વને સીંચ,
એવા જોગીને તમે ઓલખાવજો હોરાજ...સામે મારો ૦
ખાવાને ખેતી કરી, ખેતીને ખાયો કિસાન,
બંસીકી ધુનિ સાંભળી, ભઈ સખી બેભાન,
એવી રૂઢી સમજ ઉર લાવજો હોરાજ... સામે મારો ૦
વાઘ ગઉને આંતરી, સસલો પોકયો આય,
ગાય છુડાઈ પલકમેં, અને લીધો વાઘને ખાય,
એવા સસલાના ગુણ સઉ ગાવજો હોરાજ...સામે મારો ૦
સાચી કથની મેં કથી, મિથ્યા નહી લગાર,
નરનારી જો ઉર ધરે, ઉપજે સુખ અપાર,
સંત સ્વામી સરજ્યુગીર મિલાવજો હોરાજ...સામે મારો ૦ (૧૪૬)

(૪)

તારી કાયાનગરી માંય નોબત બાજે, કોઈ સુનો લગા કર કાન મુરલીઓ ગાજે,
ત્યાં શૂરા નરનો કામ કાયર ભાજે, માટે અલખ નામ સંભાર.
હોય ગરજના ગેબી ગગનમાં, અમૃતનો વરસાદ,
બિન જીભ્યા કોઈ અમૃત પીવે, તેને કાલ ન ખાય,
ભવ દુઃખ ભાજે...તારી ૦
અધર તખતપે જોગી બેઠા, જપે અજંપા જાપ,
એકવીસ હજાર છસો મણિકા, ફરતા આપો આપ,
જપના કાજે...તારી ૦
બિના અર્ક ત્યાં હોય ઉજાલો, જ્યોતિનો પ્રકાશ,
જીન દેખાતે હુવા દીવાના, તેને નહીં જગતની આસ,
આનંદ ગાજે...તારી ૦
બ્રહ્માનંદ સુખ કહ્યો ન જાવે, વાણીનો નહીં કામ,
અનુભવ હોય તો સમઝી લેજો, પાવો અવિચલ ધામ,
ભવ ભયે ભાજે...તારી ૦
પ્રેમ પાત્રમાં એ રસ ઠેરે, કરે ગુરુ પોકાર,
નાડી ભેદ જબ ગુરુ બતાવે, જ્ઞાન હોત નહિવાર,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

કારજ સાજે...તારી ૦
ગુરુ મોહનગીર દયા કરીને, સમજાવ્યો સબ ભેદ,
સ્વામી સરજ્યુગીર સદા મગન, રહે નહિં ઉપજે દિલખેદ ;
પૂરણ કાજે...તારી ૦ (૧૪૭)

(૫)

નરસે નારી નીપજીરે તેનો થયો પરિવાર, એનો મરમ તો વોહી રે જાણે,
એક અલખ આધાર બીજો ન માને, માટે અલખ નામ સંભાર
પિતા આમારો જન્મ્યા નાહિં, માતા પરણી નાંય,
બીના ભોગ જેને બાલક જન્મ્યો, તીન પાચ નૌ અગ્યાર, કોઇ જન જાણે... માટે ૦
એક એકનો સંભોગ કરતા, પ્રસરી સૃષ્ટિ અપાર,
એક બાલક પાછે એવો રે જન્મ્યો, બાલી કર્યો સબ ખાખ, કોઇ જન જાણે... માટે ૦
ના કોઇ જન્મયો ના કોઇ પરણ્યો, એ સબ આરપંપાર,
એક અનાદી આપ અકેલા, ભાસે અપરંપાર, કોઇ જન જાણે... માટે ૦
રજ્જુ મે સાપ સીપમાં રૂપો, એ સબ ભ્રાંતિ સે દેખાય,
સ્વામી સજ્યુગીર ગુરુ પ્રતાપે, જ્ઞાનમેં સબહી સમાય, કોઇ જન જાણે... માટે ૦ (૧૪૮)

(૬)

અગ્નીને ઉદયઇ લાગી રે, સોનાને દેખો કાટ ચડયો
પ્રજા મોજ માણે રે, રાજા દેખો જેલ પડયો... ટેક ૦
રાત દિવસનો સંગમ થયો, મેં દેખી એવી વાત
બ્રહ્માની સૃષ્ટિ મટી ગઇ, ના રહી વર્ણ કે જાત
નેવાના પાણી મોભે રે, સંતો દેખો જાય ચઢયો...અગ્ની ૦
જલમે ડૂબી તૂંબડી, અને તરી પત્થરની નાવ
સંત સાધુ પર શ્રદ્ધા ઉઠી, સલેલ ઊપર ભાવ
સસલાએ સિંહ માર્યો રે તે તો દેખો ભુંઇ પડયો...અગ્ની ૦
વાંઝણી તે જણેતા બની વેશ્યા સતી કહેવાય
વેદ ગુરુને કોઇ માને નહિ, એ કલજુગનો મહિમાય
બ્રાહ્મણ વિદ્યા મુકી રે, નીચ વેદ બહોત ભણ્યો...અગ્ની ૦
મુરખ હોય તે સમજશે, નહી ડાયાનો કામ
હિંસકનો સંકટ મટે, પાવે અવિચલ ધામ
સ્વામી સરજ્યુગીર કહે છે રે, ગુરુ ગમ મોતી મોહી જડયો...અગ્ની ૦(૧૪૯)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૭)

બિન બાદલ વીજળી ચમકે રે, ઝમર ઝમર મેહુલા પડે
પાણીમા અગ્ની લાગી રે, જ્ઞાની ધ્યાની તપાસ કરો... ટેક ૦
કરોળીયાની જાળમાં, ફંસો કેસરી સિંહ,
કાયર શૂરે મારીઓ, તે પાડી મોટી ચીસ
કીડીએ હાથી ઝાલ્યો રે, તે મુખમાં લઈને ફરે... બિન ૦
બ્રાહ્મણ ઘેર પરણી ઢેડની, માન્યો તેમા સુખ
અનુભવી હશે તે સમજશે, મુરખને લાગે દુઃખ
સાધુના ઘરમાં વેશ્યા રે, બેઠી દેખો રાજ કરે... બિન ૦
સુરજ તો ઝાંખો થયો વધ્યો રાત્રીનો જોર
રેતીમાં ચાલ્યો નાવડો, મચ્યો જગત્માં શોર
પાનીસે પીગલ્યા પત્થર રે, અગ્નિસે રૂઈ નાય બલે...બિન ૦
આંધળો દેખે તીનો લોકને, અને ઠુંઠો બજાવે તાલ
પંગુ ચઢયો પર્વત ટોચમે, તે રહ્યો સર્વને ભાલ
ગાંડાને પારસ પાઈ રે, ડાયા દેખી રૂદન કરે... બિન ૦
જગત સેવે વેલો વધે, સદ્ગુરુ સેવે જાય ની ખોજ
નિંદક પામે સ્વર્ગને, ધર્મીના માથે બોજ
સ્વામી સરજ્યુગીર કહે છે રે, સમજે તેહી જનમ ધરો...બિન ૦ (૧૫૦)

(૮)

વેદ નાહી પોચે રે, કેવી રીતે વરણ કરૂં
રૂપ નથી જેનો રે, કેવી રીતે ધ્યાન ધરૂં...ટેક ૦
વાંઝણી સ્ત્રી કે પુત્રજ નથી, તો કોનો પાડવો નામ.
અવિનાશી ઘટ ઘટ રમે, બીજા સહુ કલ્પિત ધામ
કામ ન એકો આવે રે, સમજીને મન પાછો પડે...વેદ ૦
મરીચી જલ શીતલ નહિ, વેરૂમાં નહી તેલ
વિના ગુરુ ગમ નહિં પડે, એવો કુદરતનો છે ખેલ
મુરખા મીથ્યા કલ્પે રે, ઈશ્વર ન્યારો નિયારો...વેદ ૦
નિરાકાર હે આત્મા, તેનો ઠેરાવે રૂપ
ભુલવણીમા ભરાઈ રહ્યા, જગત ભગતને ભુપ
સાક્ષી સહુનો ચેતન રે, તે તો સહુથી ન્યારો રહે...વેદ ૦
પંચભુતને તીણ ગુણ, સેવે જગત તમામ
અવિનાશી જાણ્યા વિના, સરે ન કોઈ કામ
અંતે જાશો ઠાલી રે, સમજાવુ તમને બચન્ ખરો...વેદ ૦
અકલકલા જગદીસની, સમજે કોઈ સંત
પોત પોતામાં ભળે, તબહી આવે અંત
સ્વામી સરજ્યુગીર કહે છે રે, તેહી જગતસે સહેજ તરો...વેદ ૦ (૧૫૧)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૯)

એક પ્રશ્ન મેં કરૂં હરિજનો, તેનો વરણામો કીજે,
જો વરણામો નહીં કરો તો, ભકત કહાવો તજ દીજે... ટેક ૦
કોન કસાઈ મોક્ષપદ પાવે, કોન ભકત નરકે જાવે,
પહેલાં વૃક્ષ કે બીજ બતાવો, એનો ખુલાસો કરી દીજે...એ ૦
બેટીને તો માતા ખાઈ, પુત્ર બાપને ગુમ કીધો,
પાંચ ઇંટને નોમન ગારો, દશ માલે બંગલો કીધો...એ ૦
ઉજડ ગાંવમે ઢોલક બાજે, બિન પગ નૃત્ય કરે નટડી,
બહેરા સાંભલે બોભડા બખાને, અંધા દેખે જૂકિત કરી..એ ૦
રૈયત ડંડ કરે રાજાનો, શિષ્ય ગુરુને પ્રબોધે,
જ્ઞાનીને તો ગમ નહીં ભાઈ, મૂરખ આતમ સુખ શોધે...એ ૦
સૂરજ ઉગતા થયો અંધારો, આપ વીના બીજો ન ભાલે,
સ્વામી સરજ્યુગીર પ્રશ્ન પૂછતા, સમજૂ કોઈ ઉત્તર આલે...એ ૦ (૧૫૨)

(૧૦)

હરીજન દેખો તપાસી, મટે સબ મનકી ઉદાસી...ટેક ૦
તૃષ્ણા રૂપી નદીયા માંહી, કાયા નાવ ડૂબાય,
આ કાયાસે ભજન કરે તો, જન્મ મરણ મટી જાય...હરી ૦
સત્સંગ રૂપી પાની માંહી, મન મેલો ધોવાય,
આનંદ રૂપી ઉભરો આવે, તે ઉરમાં ન સમાય...હરી ૦
પામર પ્રાણી કીડી જેવા, બેઠા સત્સંગ માંય,
સમઝ બીના તે ત્રાસે જાવે, ઉલટા અવગુણ ગાય...હરી ૦
બૈરાગ રૂપી અગ્નિ લાગી, કાયા કૂવા કે માંય,
કાદવ કચરા વિકાર જલકે, વૃત્તિ ચોખી થાય...હરી ૦
શુદ્ધ કર્મનો બીડો ચાવ્યો, વૃત્તિ કાયા માંય,
કાયા કૂપમાં અનહદ વાગે, મન મેંડક મંગલ ગાય...હરી ૦
સુષમણા સાસૂ સદા કુંવારી, બુદ્ધિ અમલ કે માંય,
સૂરતા કે એક બાલક જન્મ્યો, કીર્તી હાલો ગાય...હરી ૦
નિશ્ચય કીડી ચલી સ્વરૂપ ઘેર, વાસના કાજલ સાય,
મન મસ્ત હાથી લીયા ગોદમેં, અહંકાર મરી જાય...હરી ૦
કબીરદાસને ભજન બનાયા, સમજે કોઈ સુજાણ,
સ્વામી સરજ્યુગીર સમજે, વોહી આવે નિશ્ચય જ્ઞાન.હરી૦ (૧૫૩)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૧)

ભેદ કોઈ જ્ઞાનીને જાના, સમજ કર ઉર આનંદ આના..ટેક ૦
ઉલટી નદીયા વહે આકાશે શુનમેં સમાયા નીર,
હંસા બેઠા ન્હાવણ ન્હાવે, ત્રીવેણી કે તીર...ભેદ ૦
આકાશમાં એક તરૂવર દેખા, તેની ખુબી અપાર,
ત્રણે ભુવનમાં ઉસકી છાયા, સમજે નહિ ગમાર...ભેદ ૦
અનેક રંગ કે ફલફૂલ ઉસમેં, દેખત મન લલચાય,
લેવા જઈએ હાથ ન આવે, બીન પાયે દુઃખ થાય...ભેદ ૦
હંસા બેઠા મોતી ચુગે, બગલા કરે ઉપાસ,
કાગા સુમિરણ કરે પ્રભુનો, પોપટ ફરે ઉદાસ...ભેદ ૦
ભુવા બેઠા માલ ઉડાવે, દેવી કરે ઉચાટ,
મૌની મનમાં રહે ઉદાસી, મોજોં કરતા ભાટ...ભેદ ૦
સ્વામી સરજ્યુગીર કહે પુકારી, યહ પદ હે નિર્વાણ,
આ પદનો જે અર્થ વીચારે, આવે નિશ્ચય જ્ઞાન...ભેદ ૦ (૧૫૪)

(૧૨)

પ્રશ્ન કરૂં એક આપસે, તેનો કરજો વિચાર જી,
વિવેક કરી ઉત્તર આપજો, જો જ્યો ચઢે નહિં રીસ જી...ટેક ૦
અંધા દેખી તીન લોકને, બહેરા સુને બહુ રાગ જી,
શીયાલીએ કુંજર મારીઓ, તેને દેખી ડરાનો બાઘ જી...પ્રશ્ન ૦
જલમાં મછલી થઈ અતિ દુઃખી, પામ્યો અગ્નિમાં સુખ જી,
કીડી કુંજરને ગલી ગઈ, તેની ગઈ સર્વે ભૂખ જી...પ્રશ્ન ૦
પંગુ ચડ્યો પર્વત ટોચ પર મૃત્યુ દેખી ડરાનો કાલ જી,
અનુભવ હોય તે જાણશે, એ સબ ઉલટો છે ખ્યાલ જી...પ્રશ્ન ૦
મછલી બગલાને ગલી ગઈ, ઉંદર ગલી ગયો સાંપ જી,
બેટી માતાને ખાઈ ગઈ, ખાયો બેટાને બાપ જી...પ્રશ્ન ૦
શિષ્ય ગુરુને ઉપદેશાવે, રાજા કરે રંકની સેવ જી,
પુત્ર જણ્યો એક વાંઝણી, જેને ઘર ખોવાની ટેવ જી...પ્રશ્ન ૦
હંસ ચઢયો બ્રહ્મા કે ઉપરે, ગરૂડ વિષ્ણુ કી પીઠ જી,
સત્ય કહું જરા ઝુઠો નહીં, જ્ઞાની જાણે છે ભેદ જી...પ્રશ્ન ૦
જે ઘરમાં બહુ સુખ હતો, તેમાં રહે અબ કોણ જી,
એવો સમજી ધરી લેખની, સ્વામી સરજ્યુગીર મુન્ન જી...પ્રશ્ન ૦ (૧૫૫)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૩)

અલખ પુરૂષ અવિનાશીને, સુમરૂં સુમરૂં શારદ માઈ રે જી
સદ્‌ગુરુ ચરણે શીશ નમાવું, ઘટ ભીતર જ્યોતિ દિખાઈ...ટેક
અખંડ સમાધી લાગી દિલ ભીતર ઉતરે ન બ્રહ્મ ખુમારી
ચંદ્ર સૂરજ બિન હોય ઉજવાલો, તો જગ મગ જયોતિ દિખાઈ
બોધ કમલ ખીલ્યા બહુ રંગે, શોભા વરણી ન જાઈ રે ...અખંડ૦
અનહદ નાદ બાજે બહુરંગે તો સોહંગ શબ્દ સુનાઈ રે જી,
શુન્ન મંડલમેં અમૃત બરસે, જોગી પીએ કોઈ જાઈ રે...અખંડ ૦
પ્રાણપુરૂષ ત્યાં પ્રલય હોઈ, તો અનુભવ બિંદુ દિખાઈ
જોગ જુગતિ સદ્‌ગુરુ બતલાવે તેહિ પુરૂષ ત્યાં જાઈ રે...અખંડ ૦
બાગ વિના ત્યાં ફલફૂલ દીખે તો બિન દીપક જ્યોતિ સુહાઈ,
બિના સરોવર અગમ જલ ભરિયો, વિધિવિધ લહેરો દિખાઈ રે.અખંડ ૦
મેઘ વિના અખંડ જલ વરસે તો સાગર નીર ન માઈ
પાંખ વિના હંસો ઉડે રે આકાશે, સુંદર ચોચં સુહાઈ રે...અખંડ ૦
અકલ કલા વેદ ભેદ ન પાવે તો બુદ્ધિ રહી અટકાઈ
સ્વામી સરજ્યુગીર ગુરુ પ્રતાપે અનુભવ કી બાત બતાઈ રે...અખંડ ૦ (૧૫૬)

(૧૪)

અજબ તમાશા દેખા મેંને, પાનીમાં અગ્નિ લાગી ગુરુ,
સત્‌ગુરુ સાહેબ કીયા ઈશારા, તબ મારી ભ્રમણા ભાગી હે જી...ટેક
બિન બાદલમેં બીજલી દેખી, બીના ઝાડકે ફૂવાડી ગુરુ,
દેહ બીનાનો માલી દેખ્યો, અજબ ખેલ દેખ્યો ભારી હે જી...અ ૦
માને પુત્ર પરણે તે દેખ્યો, ગુમ હો ગઈ અકકલ મારી ગુરુ,
અંતર ખોજ કરી જબ મેંને, તબ સમજી મહિમા તારી હે જી...અ ૦
નોમન ભાર ખાય ગઈ કીડી, તોહૂ ઈચ્છા ખાવાની ગુરુ ,
સાત સમુંદર પાની પી ગઈ, તોહૂ ન તૃષા બુઝાણી હે જી...અ ૦
ઉર્ધ્વ મૂલ એક તરૂવર દેખ્યા, ભાત ભાત કે ફલ દેખ્યા ગુરુ,
નૂરત સૂરત જબ ચઢી આકાશે, તબ અનહદ વાજા વાગ્યા હેજી...અ ૦
બીના દોર નટ ખેલ કરત હે, મોહમાં દુનિયાં લપટાણી ગુરુ,
ગુરુ ગમ જેને લાગી અંતર, સમજે કોઈ નર જ્ઞાની હે જી...અ ૦
અકકલ વાલા ફરે ભડકતા, નહિં સમજે તે સુખપાવે ગુરુ,
સ્વામી સરજ્યુગીર ગુરુ પ્રતાપે, બેઠા અનુભવી વાણી ગાવે હે જી...અ ૦(૧૫૭)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૫)

એક અચંબા દેખ્યા મેને જલમાંહી અગ્નિ લાગી રે હોજી,
કાદવ કચરા સબહી જલ ગયા મછલોંકી ભો ભાગી,
મેરે સાધુ જલમાં અગ્નિ ૦
મુરખને એક હીરો જડીયો લઈ ઘંટીમાં દરીઓ રે હોજી,
હાથે આવેલો અવસર ખોવે તે નર જગમાં અભાગી,
મેરે સાધુ જલમાં અગ્નિ ૦
બાવળમાંથી ચંદન નીપજ્યો ચંદનમાં દુરગંધી રે હોજી,
મુરખને સહુ દુનીયા રે પૂજે જ્ઞાની કો નાંખ્યો બંધી,
મેરે સાધુ જલમાં અગ્નિ ૦
વગર ભણેલો પુસ્તક વાંચે પંડિત વેચે કાઠી રે હોજી,
ઘુવડના ઘેર સુરજ ઊગ્યો સમજે નહી બુદ્ધિ માઠી,
મેરે સાધુ જલમાં અગ્નિ ૦
બ્રહ્માને બોધ કરે નર મુરખા બ્રહ્માની બુદ્ધિ ખોવાણી રે હોજી,
વેસ્યા ગતી સતીની પાવે દેખીને આવે ગલાની,
મેરે સાધુ જલમાં અગ્નિ ૦
ઊલટવાણી સમજે નરજ્ઞાની ભેદ ભજનકા જાણે રે હોજી,
સ્વામી સરજ્યુગીર ગુરુ પરતાપે લખી જ્ઞાન એધાણી,
મેરે સાધુ જલમાં અગ્નિ ૦ (૧૫૮)

(૧૬)

આવો આવો સંતો જ્ઞાન વિચારો, કરો અગમની વાતો રે હોજી
પાંચકો મારી આસન લગાવો, ઓળખો જીવની જાતો
મેરે સાધુ કરો અગમની વાતો રે હોજી...
નિરાધાર ગગનમાં ચાલો બીના દીપક અજવાળો રે હોજી,
ઝીણી ઝીણી મોરલી વાગે ગગનમાં, વિના શ્રવણ લેહ લાગી...મેરે સાધુ.
અકાશમા એક કૌતક દેખ્યો વીના ઝાડ ફુલ વાડી રે હોજી,
સુંનમાં એક સરોવર ભરીયો માલી, સિંચે જલ પાણી... મેરે સાધુ.
વાંઝણી નારીએ પુત્ર જનમીયો નહી રૂપ નહી કાયા રે હોજી,
મહા સુન્યમાં ઝૂલે પારણે નેત્ર વિના મેં નીરખ્યો.... મેરે સાધુ.
બહાર ખોજે જડે નહિ કાંઈ અંતર ખોજ લગાવો રે હોજી,
સ્વામી સરજ્યુગીર ગુરુ પ્રતાપે અગમની વાત બતાઈ... મેરે સાધુ. (૧૫૯)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૭)

જરા તુમ દેખોને ભાઈ આરે જગત હે સ્વપ્ના કેરે સમાન... ટેક ૦
એક દિવસ હમે સુપના દેખ્યા બકરી જનમી વાઘ
બકરી વાઘકા સંગ હુવા તબ જીવ ગયે સબ ભાગ...જરા ૦
કુવારી કન્યા બાલક જનમ્યો જનમ્યો મહા સેતાન
સગા સહોદર મારી નાખ્યા આપ બના મસ્તાન...જરા ૦
દુસરા સુપના હમને દેખ્યા ઉર્ધ મૂલકા ઝાડ
ચૌદ લોકમાં ઉસકી છાયા પાની પવન પહાડ...જરા ૦
વિના ધાતુકે દેખ્યા કૂહાડા વિના દેહીકા સુતાર
વિના પરીશ્રમ ઝાડ કાટકર બેઠ ગયા નીરધાર...જરા ૦
અટપટી વાણી મેં લખી રે સમજો ચતુર સુજાણ
સ્વામી સરજ્યુગીર ખુસ હો વોહી જીસકે હીરદે જ્ઞાન...જરા ૦ (૧૬૦)

(૧૮)

બિન પગ ચલવો આકાશમેં, પાંખ નહીં આધાર
બિન જીવ્હા ગાયન કરે, મિથ્યા નહિ લગાર,
મિથ્યા નહિ લગાર, પવન કો ભક્ષણ કરતા,
ઔર સદા ઉપાધી માંહિ, બ્રહ્મકો ધ્યાનજ ધરતા,
સ્વામી સરજ્યુગીર કહે સંત, તાહી ન આવે ખોટા દિન,
કબહુ ન હોય સમાધી ગુરુ કૃપા બિન ; (૧૬૧)

## નારણ રામ (ઈ.સ. ૨૦૦૩માં હયાત)

(૧)

એક એવો ખેલ દેખ્યો, સૂરજ ઊગ્યા વિના અખંડ અજવાળાં.
વિના વાદળ વાદળાં જોયાં, વિના વીજળી ચમકારા.
વાદળ વિના વરસે અખંડધારા, વરસે છે ચોધારાં,
મન,કર્મ વચને આવે નહીં ભાઈ, સોહમ્ ભર્યા છે ભરપૂર.
ડાંડી વિનાના ભાઈ વાગે નગારાં, શબ્દ વિનાની શરણાઈ,
પાણી વિનાના સરોવર ભર્યા છે, વૃક્ષ વિના બગીચા.
અનાહત વાગે ગગનમાં, વાણી વિનાના સૂર,
શૂન્ય શિખર પર બેઠાં બેઠાં દેખ્યો છે મેં ખેલ.
નરનારીની નથી નિશાની અલખ પુરુષની ઓળખાણી,
ગુરુ પ્રતાપે કહે નારણરામ, મેં ખેલ દેખ્યો અવિનાશીનો. (૧૬૨)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

હાલો ભાઈને, હાલો ગોરી,
નવા નગરની ઊંચી બારી ;
છોકરાં પરણે ને મા કુંવારી
જુઓ રે લોકો કળીનાં કૌતક ;  હાલો હાલો ૦
ઓ પેલા ચાંદાને કીડી ધાવે ;
બહેરો કહે કે બચબચ બોલે ;
આંધળો કહે કે જોવા જઈએ ;
પાંગળો કહે કે દોડતા જઈએ ;
નાગો કહે કે લૂંટાઈ જઈએ ;
પાડો દુજે ને ભેંસ વલોવે ;
મીનીબાઈ બેઠાં માખણ ચોરે ; હાલો  હાલો ૦(૧૬૩)

બે હાથની દૂધીજી
ત્રણ હાથનું બી રે એ....  જી...ઈ ઈ ઈ
રામચંદ્ર છે દૂધીજી,
દશરથજી એ...બી..રે...એ....જી...ઈ ઈ ઈ
દશરથ તો છે દૂધી રે જી,
અજને જાણો બી..રે...એ....જી...ઈ ઈ ઈ
અજ પણ પાછા દૂધી  રે...એ....જી...
રામચંદ્રજી બી..રે...એ....જી...
ફૂલ નાનું બી મોટું રે.....જી...
બીનુ બી ના છોટું રે...એ...જી...ઈ  ઈ.(૧૬૪)

સાંભળોને પાંચ પાંડવ અવળી છે વાણી,
છલતી ગાગર ઉપર હોય રે પાણીયારી.
કોશીયો કુવામાને કોસ પૈયામા,
ઊભી કોદારી પાણતીયાને વારે....સાંભળોને.
ખીલો દૂજે ને ભેંસ વલોવે,
હેઠ રવાયો ઉપર ગોરસ ઘૂમે..... સાંભળોને.
ધરતી વરસે ને આંભ ભીંજાય છે,
નેવાના પાણી મોભારે ચડસે....સાંભળોને.
સસરો પરણીયેને વહુ હિસોળે,
સુઈ જાવ મારા સંસરાજી બાઘડા રે બોલે... સાંભળોને.(૧૬૫)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

અવળી ગંગા સવળા નીર, વહુને ઘરે સાસું બેસવા જાય ;
વહુ બેઠા સિંહાસન ચડી, ને સાસુ બેઠાં ચમરો ઢળી.
વહુ રે વહુ મારી સમરથ વહુ, લંકા લખી દેખાડો !
હું રે ન જાણું મારી બાઈજી રે, લંકા કેમ લખાશે.
કાને ન સુણ્યું ને નજરે ન દીઠું, કેમ લખાઈ લંકાનું સરું ! (૧૬૬)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## સંદર્ભસૂચિ


(૧) હાલો મારા હરિજનની હાટડીએ, સંપા. હરકિશન જોષી, પૃ. ૭૪- પ્રકા. પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, પ્ર. આ. ૨૦૦૪

(૨) ઊલટવાણી, ભાગ-૧, શ્રી શંકર આશ્રમ, પાલડી સરદાર પુલ પાસે, અમદાવાદ-૭, - પૃ. ૧૩૬, આ. બીજી, સં. ૨૦૧૪

(૩) એજન - પૃ. ૧૩૯.

(૪) એજન - પૃ. ૧૪૧

(૫) ગોરખનાથ, સં. હસમુખભાઈ પટેલ, પૃ. ૧૦૧ પ્રકા. સસ્તુ સાહિત્ય વર્ધક-અમદાવાદ, આ. બીજી.-૨૦૨૮

(૬) એજન-૧૦૪

(૭) ગોરખવાણી, સં. અનવર આગેવાન, પૃ. ૪૮, પ્રકા. સસ્તુ સાહિત્ય વર્ધક. અમદાવાદ, પ્ર. આ. સં. ૨૦૦૮

(૮) એજન પૃ. ૫૦

(૯) એજન - પૃ. ૫૧

(૧૦) એજન પૃ. ૫૨

(૧૧) ગોરખનાથ આખ્યાન, સં. કવિશ્રી કેશવલાલ , પૃ. ૨૦૦, પ્રકા. શ્રી પુસ્તક મંદિર, અમદાવાદ, ઈ.સ. ૧૯૯૯

(૧૨) એજન પૃ. ૨૦૧

(૧૩) એજન પૃ. ૨૦૯

(૧૪) બૃહત્ ભજન સાગર - પૃ. ૧૦૧

(૧૫) બૃ.કા.દો. - ભાગ-૨, પૃ. ૭૮૮, સંપા. મનસુખ સલ્લા, પ્ર. ગુજરાત સા. અકાદમી,

(૧૬) વહી-વર્ષ : ૩, અંક : ૧, જાન્યુઆરી-૨૦૦૨, પૃ. ૫૬

(૧૭) હાલો મારા હરિજનની હાટડીએ, સંપા. હરકિસન જોષી, પૃ. ૪૪- પ્રકા. પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, પ્ર. આ. ૨૦૦૪

(૧૮) ઊલટી વાણીનું સ્પષ્ટીકરણ- સંપા. પૂ.પા. મહાત્મા શ્રીમન્નથુરામશર્મા - પૃ. ૧૭/૧૮ પ્રકા. આનંદ આશ્રમ બિલખા, સં. ૨૦૫૧

(૧૯) એજન- પૃ. ૧૯

(૨૦) એજન- પૃ. ૧૯

(૨૧) એજન- પૃ. ૨૦

(૨૨) એજન- પૃ. ૨૧

(૨૩) એજન- પૃ. ૨૨

(૨૪) ઉલટવાણી, સંપા. શ્રી શંકર મહારાજ, પૃ. ૧, પ્રકા. શ્રી શંકર મહારાજ - ઊનાવાવાળા, શ્રી શંકર આશ્રમ, પાલડી- આ. બીજી. ઈ.સ. ૧૯૫૮

(૨૫) એજન- પૃ. ૧૩

(૨૬) એજન- પૃ. ૨૦

(૨૭) એજન- પૃ. ૨૩




PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૨૮) એજન- પૃ. ૨૮
(૨૯) એજન- પૃ. ૩૧
(૩૦) એજન- પૃ. ૩૩
(૩૧) બૃહત્ ભજન સાગર -પૃ. ૩૪ - લેખક/પ્રકાશક અવાચ્ય - રેફ. પારઘી સાહેબ - જૂનાગઢ.
(૩૨) એજન - પૃ. ૪૩
(૩૩) એજન -પૃ. ૪૩
(૩૪) આપણી ભજન વાણી - પૃ. ૧૭/૧૯ - સંપા. ગંગદાસ પ્રાગજી મહેતા- કુસુમ પ્રકાશન - આવૃત્તિ ઈ.સ. ૧૯૮૭
(૩૫) શ્રી યોગ વેદાંત ભજન ભંડાર - પૃ-૨૧ - સંપાદક/પ્રકાશન અવાચ્ય
(૩૬) એજન - પૃ. ૮/૯
(૩૭) શ્રી ભજન સાગર ભા. ૧-૨ , પૃ. ૪૩, - ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી, સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય -અમદાવાદ - સવંત ૨૦૧૪
(૩૮) કબીર તથા સંતોષ નાથજી ભજન, પૃ. ૩, પ્રકા. બાલ કવિ, બેડીનાકા રોડ, જામનગર, આ. ઈ.સ. ૧૯૩૭
(૩૯) નટવર ભજનાવલી, સંપા. રાજસિંહ ત્રીકમજી ચૌહાણ, પૃ. ૧
(૪૦) આપણી ભજનવાણી. સં. ગંગદાસ પ્રાગજી મહેતા પૃ.૩૩૮/૩૩૯ કુસુમ પ્રકાશન- અમદાવાદ. ૧૯૯૭ સંવર્ધિત આવૃત્તિ
(૪૧) અખાની વાણી-પૃ.૩૨, સસ્તુ સાહિત્ય,ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ, આ. પાંચમી, સં.૨૦૧૪
(૪૨) એજન - પૃ. ૧૦૨
(૪૩) એજન - પૃ. ૧૦૪
(૪૪) એજન - પૃ. ૧૮૦
(૪૫) એજન- પૃ. ૩૩૫/૩૩૬
(૪૬) ભજન રસ - મકરન્દ દવે, પૃ.- ૧૭૦, નવભારત-અમદાવાદ, પ્ર. આ. ૧૯૮૭
(૪૭) અખા ભગતનાં ગુજરાતી પદ - સંપા. અનસૂયા ભુપેન્દ્ર ત્રિવેદી - પૃ. ૫૬ શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ - પ્ર. આ. ઈ.સ. ૧૯૮૦
(૪૮) અખાની કાવ્યકૃતિઓ, સંપા. ડૉ. શિવલાલ જેસલપુરા પૃ. ૫-પ્રકા. ગિરીશ જેસલપુરા, અમદાવાદ, પ્ર. આ. ઈ.સ.૧૯૮૮
(૪૯) એજન-૬૬
(૫૦) એજન-૧૫૯
(૫૧) એજન-૨૩૩
(૫૨) એજન-૨૬૪
(૫૩) એજન-૩૧૦
(૫૪) એજન-૩૨૨
(૫૫) એજન-૩૨૯
(૫૬) સોરઠી સંતવાણી, સંપા. ઝવેરચંદ મેઘાણી, પૃ. ૯,૧૦ - પ્રકા. જયન્ત મેઘાણી, પ્રસાર, ભાવનગર. આવૃત્તિ-૧૯૮૭



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૫૭) સત કેરી વાણી, સંપા. મકરન્દ દવે - પૃ. ૧૪૮ નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્ર.આ. ૧૯૭૦
(૫૮) કચ્છના સંતો અને કવિઓ, ભાગ-૨, લે. દુલેરાય કરાણી, પૃ. ૮૫- પ્રકા. ગિરીશ આર. ઠક્કર, મુંબઇ - બીજી આ. સંવત : ૨૦૪૫
(૫૯) બ્રહ્માનંદ ભજનમાળા, પ્રકા. હરિહર પુસ્તકાલય, સુરત - પૃ. ૧૫૨, આવૃત્તિ : ઇ.સ. ૨૦૦૧,
(૬૦) સૌરાષ્ટ્રના હરિજન ભકત કવિઓ - સંપા. ડૉ. નાથાભાઇ ગોહિલ - પૃ. ૨૬ - પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન્સ, અમદાવાદ, આ. ઇ.સ. ૧૯૮૫
(૬૧) સંત ત્રિકમ સાહેબના પદો - ઉમિયા શંકર અજાણી-પૃ. ૭૫- અજાણી પ્રકાશન-ભૂજ-કચ્છ. પ્ર. આ. ૨૦૦૬
(૬૨) રવિએ રમતાં દીઠો - ડૉ. નાથાલાલ ગોહિલ, પૃ. ૧૬૮, પ્રકા. નવભારત-અમદાવાદ, પ્ર. આ. ઇ.સ. ૧૯૯૭
(૬૩) એજન- પૃ. ૧૭૨,
(૬૪) કચ્છના સંતો અને કવિઓ, ભાગ-૧ લે. દુલેરાય એલ. કારાણી -પૃ. ૧૩૯, ૧૪૦ પ્રકા. ગીરીશ આર. ઠક્કર, મુંબઇ- બીજી આ. ૨૦૪૫
(૬૫) શ્રી યોગ વેદાંત ભજન ભંડાર - પૃ-૧૯૧ સંપાદક/પ્રકાશન અવાચ્ય
(૬૬) શ્રી યોગ વેદાંત ભજન ભંડાર - પૃ-૭૮,૭૯ -પ્રકા. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદજીભાઇ
(૬૭) માહિતી દાતા : કરશનદાસ યાદવ (ભજન ગાયક) તા. ૨૦-૧૨-૨૦૦૮.
(૬૮) સૌરાષ્ટ્રના હરિજન ભકત કવિઓ - સંપા. ડૉ. નાથાલાલ ગોહિલ - પૃ. ૩૦૫- પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન્સ, અમદાવાદ, આ. ઇ.સ. ૧૯૮૫
(૬૯) જીવણ જ્યોત, સં. રામજીભાઇ ભગત,પૃ. ૧૨૩, -પ્રકા. દાસી જીવણ સાહેબની જગ્યા, ઘોઘાવદર, પ્ર.આ. : ઇ.સ. ૧૯૯૮
(૭૦) સૌરાષ્ટ્રના હરિજન ભકત કવિઓ - સંપા. ડૉ. નાથાલાલ ગોહિલ - પૃ. ૩૧૬- પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન્સ, અમદાવાદ, આ. ઇ.સ. ૧૯૮૫
(૭૧) સૌરાષ્ટ્રના હરિજન ભકત કવિઓ - સંપા. ડૉ. નાથાલાલ ગોહિલ - પૃ. ૩૧૭- પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન્સ, અમદાવાદ, આ. ઇ.સ. ૧૯૮૫
(૭૨) સૌરાષ્ટ્રના હરિજન ભકત કવિઓ - સંપા. ડૉ. નાથાલાલ ગોહિલ - પૃ. ૩૧૭- પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન્સ, અમદાવાદ, આ. ઇ.સ. ૧૯૮૫
(૭૩) મોરલો મરત લોકમાં આયો, સં. ડૉ. નાથાલાલ ગોહિલ - પૃ. ૨૬૫/૨૬૬, પ્રકા. પ્રવીણ પુસ્તક ભંડાર ,રાજકોટ- પ્ર.આ.૨૦૦૪
(૭૪) સૌરાષ્ટ્રના હરિજન ભકત કવિઓ - સંપા. ડૉ. નાથાલાલ ગોહિલ - પૃ. ૪૧૪- પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન્સ, અમદાવાદ, આ. ઇ.સ. ૧૯૮૫
(૭૫) એજન- પૃ. ૪૧૪/૪૧૫
(૭૬) ઊલટવાણી, ભાગ-૧, કર્તા : શ્રી શંકર મહારાજ - પૃ. ૧૪૭ શ્રી શંકર આશ્રમ, પાલડી સરદાર પુલ પાસે, અમદાવાદ-૭,
(૭૭) એજન - પૃ. ૧૫૦
(૭૮) એજન - પૃ. ૧૫૩



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૭૯) ધીરા ભગતનાં પદો, સંપા. ડુંગરશી ધરમશી સંપટ, પૃ. ૨૫, પ્રકા. સસ્તુ સાહિત્ય, અમદાવાદ, આ.ચોથી, સં. ૨૦૧૮
(૮૦) એજન- પૃ. ૩૭
(૮૧) બૃ.કા.દો. - ભાગ-૨ સંપા. ઈચ્છારામ સુર્યરામ દેશાઈ, પૃ. ૭૬૪, મુંબઈ ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસ, ઈ.સ. ૧૯૮૭
(૮૨) ધીરા ભગતનાં પદો- સંપા. ડુંગરશી ધરમશી સંપટ - પૃ. ૩૯ - પ્રકા. સસ્તુ સાહિત્ય, અમદાવાદ - આ. ચોથી, સં. ૨૦૧૮
(૮૩) એજન - પૃ. ૫૧,
(૮૪) એજન - પૃ. ૭૦,
(૮૫) ચૂંટેલા ભજન, સંપા. નરોત્તમ પલાણ, પૃ. ૫૨, પ્રકા. ગુજરાત સાહિત્ય અકાદમી- અમદાવાદ, પ્ર. આ. ઈ.સ. ૨૦૦૪
(૮૬) સતની સરવાણી, સંપા. નિરંજન રાજયગુરુ - પૃ. ૨૨, - પ્રકા. સત્ નિર્વાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ઘોઘવદર, પ્ર. આ. ઈ. સ.૨૦૦૦
(૮૭) સંતવાણી, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ - પૃ. ૧૧૩, પ્ર. આ. ઈ. સ. ૧૯૭૨,
(૮૮) બૃહત્ કાવ્ય દોહન, ભાગ-૨, સંપા. મનસુખ સલ્લા -પૃ. ૨૯૪ - ઈ. સ. ૧૯૯૯
(૮૯) એજન-પૃ. ૨૯૪
(૯૦) ભોજાભગતની વાણી, સંપા. મનસુખ સાવલિયા, પૃ. ૬૦/૬૧ - પ્રકા. વેકોફિલાનથ્રોપિક ટ્રસ્ટ, રાજકોટ. પ્ર. આ. ઈ. સ. ૧૯૮૩
(૯૧) ભોજા ભગતની વાણી, - સંપા. મનસુખલાલ સાવલિયા - પૃ. ૧૧૧-પ્રકા. વેકો ફિલાનથ્રોપિક ટ્રસ્ટ, રાજકોટ - પ્ર.આ. ઈ.સ. ૧૯૮૩
(૯૨) એજન- ૧૭૯/૧૮૦
(૯૩) સત્ગુરુ સત્ધારા, સંપા. સંતશ્રી પુરૂષોત્તમદાસ ( બાપુજી) પૃ. ૨૬૨, પ્રકા.ગિરીશભાઈ એચ. પંચાલ, વડોદરા - પ્ર.આ. ૧૯૯૯
(૯૪) એજન - પૃ. ૨૯૦
(૯૫) પરિચિત પદ સંગ્રહ - પૃ. ૧૨૨ - લેખક/પ્રકા. અવાચ્ય,
(૯૬) આત્મવિલાસ ભજન સાગર યાને યોગવાણી, ભાગ-૧ - પૃ. ૨૦૫ પ્રકા. સોમાજી ગોરાભાઈ મકવાણા, બેડીપરા - રાજકોટ. પ્ર.આ. ઈ.સ. ૧૯૬૦
(૯૭) મામંદ મુક્તમણી ગ્રંથ.પૃ.૫૪ સં.મનુભાઈ જાડેજા(સંધી)પ્રકા. દીપુભાઈ કામલભાઈ મુ. નાના લીલિયા તા. મોટા લીલિયા ( અમરેલી)
(૯૮) મામંદ મુક્તમણી ગ્રંથ.પૃ.૬૬ સં.મનુભાઈ જાડેજા(સંધી)પ્રકા.દીપુભાઈ કામલભાઈ મુ. નાના લીલિયા તા. મોટા લીલિયા ( અમરેલી)
(૯૯) દાનેવ દર્શન, - ૧૦, જુન - ૨૦૦૨, પૃ. ૨૪, પ્રકા. આપાદાનાની જગ્યા, ચલાલા
(૧૦૦)શ્રી ભજન સાગર, પૃ. ૧૧૭ પ્રકા. સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઈ - સંપા. સંસ્થા દ્વારા બીજી આવૃત્તિ સં. ૨૦૧૪,
(૧૦૧)એજન-૧૨૩, ૧૨૪,
(૧૦૨)એજન-પૃ. ૧૪૨,૧૪૩



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૦૩) દિનકદાસ કહે, સંપા.દિનકરદાસ- પૃ. ૩૫, પ્રકા. પ્રવિણ ગૌરીશંકર ઠાકર, મુંબઈ, પ્ર. આ. ઈ.સ. ૧૯૯૫
(૧૦૪) એજન - પૃ. ૪૬
(૧૦૫) એકતારાની ગૂઢાર્થ વાણી - કર્તા : શ્રી શંકર મહારાજ, ઉનાવાવાળા, પૃ.૫, જનસેવા પરિવાર, અમદવાદ-૭, આ. નવમી, ઈ.સ. ૧૯૮૬
(૧૦૬) એજન-પૃ. ૬,૭
(૧૦૭) એજન -પૃ. ૧૪.
(૧૦૮) એજન-પૃ. ૫૬
(૧૦૯) એજન-પૃ. ૯૦.
(૧૧૦) એજન-પૃ. ૯૦.
(૧૧૧) એજન-પૃ. ૯૮
(૧૧૨) એજન -પૃ. ૧૧૯
(૧૧૩) એજન-પૃ. ૧૨૦
(૧૧૪) એજન-પૃ. ૧૨૨
(૧૧૫) એજન-પૃ. ૧૨૨
(૧૧૬) એજન-પૃ. ૧૩૭
(૧૧૭) એજન-પૃ. ૧૪૮, ૧૪૯
(૧૧૮) એજન-પૃ. ૧૭૯
(૧૧૯) એજન-પૃ. ૧૫૪
(૧૨૦) એજન-પૃ. ૧૮૧
(૧૨૧) એજન-પૃ. ૧૮૯
(૧૨૨) એજન-પૃ. ૧૯૬
(૧૨૩) એજન-પૃ. ૨૩૫, ૨૩૬
(૧૨૪) એજન-પૃ. ૨૮૧, ૨૮૨
(૧૨૫) એજન-પૃ. ૨૮૩, ૨૮૪
(૧૨૬) ઊલટવાણી, ભાગ-૧, શ્રી શંકર મહારાજ , ઉનાવાવાળા, પૃ. ૬૩ - શ્રી શંકર આશ્રમ, પાલડી સરદાર પુલ પાસે, અમદાવાદ-૭, આ.બીજી - ઈ.સ. ૧૯૫૮
(૧૨૭) એજન-પૃ. ૭૪
(૧૨૮) એજન-પૃ. ૮૨
(૧૨૯) એજન-પૃ. ૮૪, ૮૫
(૧૩૦) એજન-પૃ. ૯૯
(૧૩૧) એજન-પૃ. ૧૦૮-૧૦૯
(૧૩૨) એજન-પૃ. ૧૧૧
(૧૩૩) એજન-પૃ. ૧૧૪
(૧૩૪) એજન-પૃ. ૧૨૬
(૧૩૫) એજન-પૃ. ૧૨૯
(૧૩૬) શ્રી ભજન સાગર ભા.૧-૨, પૃ. ૪૯૭, - ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી, સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય -અમદાવાદ - સવંત ૨૦૧૪



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૩૭) શ્રી ભજન સાગર, ભા.૧-૨, પૃ. ૪૯૩, - ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય -અમદાવાદ - સવંત ૨૦૧૪
(૧૩૮) હાલો મારા હરિજનની હાટડીએ, સંપા. હરકિસન જોષી, પૃ. ૨૩૭- પ્રકા. પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, પ્ર.આ. ૨૦૦૪
(૧૩૯) નટવર ભજનાવલી-સં. રાજસિંહ ત્રીકમજી ચૌહાણ-પૃ.૨
(૧૪૦) કચ્છના સંતો અને કવિઓ, ભાગ-૨, લે. દુલેરાય કરાણી, પૃ. ૮૯- પ્રકા. ગિરીશ આર. ઠક્કર, મુંબઈ - બીજી આ. સંવત : ૨૦૪૫
(૧૪૧) સંત પરંપરા વિમર્શ -ડૉ. રાજેન્દ્રસિંહ રાયજાદા - પૃ. ૯૦, પ્રકા. પ્રવીણ પુસ્તક ભંડાર - રાજકોટ. પ્ર.આ. ૧૯૮૯
(૧૪૨) અનવર કાવ્ય, યાને ગુલશને ખુશી.પૃ.૫/૬ પ્રકા. મહાદેવ રામચંદ જાગુષ્ટે- અમદાવાદ આવૃત્તિ દસમી ઈ.સ. ૧૯૮૬
(૧૪૩) આત્મવિલાસ ભજન સાગર યાને યોગવાણી, ભાગ-૧ - પ્રકા. સોમાજી ગોરાભાઈ મકવાણા, પૃ. ૧૨૪ મહાત્મા ગાંધી વાસ, બેડીપરા - રાજકોટ. પ્ર.આ. ઈ.સ. ૧૯૬૦
(૧૪૪) અનુભવ પ્રકાશ મુક્તાવલી, ભાગ, ૨ - લે. શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી - પૃ. ૭૮ પ્રકા. સેવકમંડલ સમસ્ત- મુ. બલોલ ( જોશીમઠ ) પ્ર.આ. ઈ.સ. ૧૯૪૬
(૧૪૫) એજન-પૃ. ૯૦-૯૧
(૧૪૬) એજન-પૃ. ૯૨-૯૩
(૧૪૭) એજન-પૃ. ૧૮૭/૧૮૮
(૧૪૮) એજન-પૃ. ૧૮૮/૧૮૯
(૧૪૯) એજન-પૃ. ૧૯૩/૧૯૪
(૧૫૦) એજન-પૃ. ૧૯૪
(૧૫૧) એજન-પૃ. ૧૯૫
(૧૫૨) એજન-પૃ. ૨૧૪
(૧૫૩) એજન-પૃ. ૨૧૯
(૧૫૪) એજન-પૃ. ૨૨૧
(૧૫૫) એજન-પૃ. ૨૩૧
(૧૫૬) એજન-પૃ. ૨૩૯
(૧૫૭) એજન-પૃ. ૨૪૮/૨૪૯
(૧૫૮) એજન-પૃ. ૨૭૮
(૧૫૯) એજન-પૃ. ૨૮૫
(૧૬૦) એજન-પૃ. ૨૯૬
(૧૬૧) એજન-પૃ. ૩૨૧
(૧૬૨) નારણરામની અમૃતવાણી, પ્રા. અમરસિંહ સોસા - પૃ. ૪૦, પ્રકા. શ્રી સત્‌નામ સત્‌સંગ આશ્રમ, મિતિયાજ, પ્ર.આ. ઈ.સ.૨૦૦૩
(૧૬૩) સંગ્રહિત લોકગીતો, ભાગ-૧, સંકલન હરેન્દ્ર પ્ર. ભટ્ટ - પ્રકા. વીરડો ટ્રસ્ટ, પ્ર. આ. ઈ.સ. ૧૯૮૪
(૧૬૪) અહેવાલ તથા નિબંધ સંગ્રહ, પૃ. ૧૩૨ - લેખ. શાન્તિલાલ સારાભાઈ ઓઝા - ગુજરાતી સાહિત્ય સંમેલન અધિવેશન બારમું - અમદાવાદ



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૬૫)મુલાકાત  - હિરાબેન પરબતભાઈ  રાઢડીયા
(૧૬૬)રઢિયાળી રાત - સંપા. ઝવેરચંદ મેઘાણી, પૃ. ૩૧૮ - પ્રકા. પ્રસાર - ભાવનગર - બૃહ્દ
આવૃત્તિ ઈ.સ. ૧૯૯૭



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

# પરિશિષ્ટ - ૨

## જૈન ગૂર્જર અવળવાણી

### શ્રી કવિ દેપાલ

(૧)

વરસે કંબલ ભીંજે પાણી માછલીએ બગ લીધો તાણી,
ઉડ ઉડ રે આંબા,કોયલ મ્હોરી, કલીય સીંચતા ફલીઅ બીજો રે
ઢાંકણીએ કુંભારજ ઘડીયો, લંગડા ઉપર ગર્દભ ચઢીયો,
નિશા ધોવે ઓઢણ રોવે, શકરો બેઠો કૌતુક જોવે.
આગ બળે અંગીઠી તાપે,વિશ્વાનલ બેઠો ટાઢે,
ખીલો દૂઝે ને ભેંસ વિલોએ, મીની બેઠી માખણ તાપે.
વહુ વીઆઇ સાસૂ જાઇ, લહૂડે દેવર માતા નીપાઇ,
સસરો સૂતો વહૂ હિંડોળે, હાલો હાલો શોભાવી બોલે.
સરોવર ઉપર ચઢી બિલાઈ, બંભણ ઘરે ચંડાળી જાઇ,
કીડી સુતી પોલન માવે, ઊંટ વળી પરનાળે જાવે.
ડોકરી દૂઝી ભેંસ વહૂકે, ચોર ચોરે ને તલાર બાંધી મૂકે,
એ હરિયાળી જે નર જાણે, મુખે કવિ દેપાલ વખાણે.[૧]

### સુધનહર્ષ

(૧)

કામિની કોઇ કોપે ચઢી નિજ નાથને મારે,
મારતા દેખે ઘણા પણ કોઈ ન વારે...કા.
નાઠો નાથ જાણી કરી, પૂંઠે ઉજાણી,
માથે મારી આણિયો, ઘરમાંહિ તાણી...કા.
પરપુરૂષ હાથે ગ્રહી, તવ માને સુખ,
ઉંધમુખી ધણી આગલે, હિયે નાથને દુઃખ...કા.
ધનહર્ષ પંડિત ઇમ કહે, સુણજો ગુણવંત,
નામ કહો તે નારીનું, જો હો બુદ્ધિવંત...કા.[૨]

(૨)

બોલાવી એક બોલ ન બોલે, કોઇક કામિની કાલી રે,
મોટી થઇ પણ લાજ ન આણે, નવિ તે પહેરે ફાલી રે...બો.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

અગ્નિ ન ચોલે નીર ન બોળે, નવિ તે વાયે હાલે રે,
કહ્યું કરે  તે નીજ માતાનું, માતને પાસે ચાલે રે... બો.
અન્ન ન ખાવે નીર ન પીવે, ભૂત ન ગ્રહવે તાસ રે,
પંડિત અરથ વિચારી જુઓ, તુમ્હ પાસે તસ વાસ રે...બો.
નવિ તે રાતી નવિ તે માતી, નવિ કહે તે માંડી રે,
સાધુ તણે પણ વાસે રહેવે, ન સકે કો તસ છાંડી રે... બો.
એ તો કુણ થકી નવિ બીએ, વિષમ ઠામ પણ પેસે રે,
તે છોકરડી માને ખોળે, બેસારી નવિ બેસે રે... બો.
હાથ પગ માથું તસ દીસે, ચાંપી દુઃખ ન પાવે રે,
મા બેટીને નેહ નહીં પણ, માને પાસે થાવે રે...બો.
કામ ન જાગે શરમ ન જાગે, ભાર ન લાગે કોય રે,
સુધન હર્ષ કહે અરથ કઈઓ, એહ તણો જે હોય રે...બો.[૩]

(૩)

એક નગર ઊંચુંઅ છે, પાલિ નીચી જોએ,
એક વર્ણ તેહમાંય છે, નવિ બીજી કોએ... એક.
સાહમાં પાંચ જણ ગયા, તસ આવત જાણિ,
તેને આદર બહુલો કરી, ધરિ આણ્યો તાણિ...એક.
પાછી જઈને નવિ  શકે,  તિણિ નગર પ્રધાને,
બીજો તિહાં આવી રહે, તેહને અભિધાને...એક.
આવ્યો તેહને પ્રાહુણે, બહુ વાધ્યો નેહ,
સર્વ કુટુંબ ખુશી થયું, ભલે આવ્યો એહ... એક.
ધનહર્ષ પંડિત ઈમ ભણે, તે કવણ કહીજે,
જસ સેવા મહિમા થકી, બહુ બુદ્ધિ લહીજે... એક.[૪]

(૪)

સાત નારી સિર ઉપરે, એક નર ઉપાડે,
આપ ગુણે કરી લોકને, ઘણો હરખ પમાડે...સા.
જે નર બહુ છોરૂ જણે, બે નર સંયોગે,
તે છોરૂ સઘલાં ભલાં, આવે સહુને ભોગે...સા.
સાત કાન તેહને છે, ચાંપતાં રોવે,
સભામાંહિ નાગી રહે, તેહને સહુ જોવે...સા.
એક ઉદર છે તેહને, મલ મૂત્ર ન રાખે,
અરધો કેડ કંદોરડો, પંડિત ઈમ ભાખે...સા.
ધનહર્ષ પંડિત ઈમ ભણે, જો તુમ્હે સમર્થ,
ગરથ ન કાંઈ માંગિયે, કહો એહનો અર્થ...સા.[૫]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૫)

કાન છે પણ સુને ન કાંઇ, દાંત નહીં પણ ચાવે રે,
તેહને આભડછેટ ન હોવે રે, સહું પીરસ્યું ખાવે રે...કા.
પૂરવ પશ્ચિમ ઉતર દક્ષિણ, કામ હોય તો હીંડે રે,
હીંડતા જે હડિએ આવે, તેહ તણું ફળ ફેડે રે...કા.
તેહને પેટ થકી જે જાયો, નાન્હડિઓ વારૂ રે,
પર ઉપગારી તેહ ભણી જે, પ્રાણ તણી આધારું રે...કા.
અર્ધ તેહનું ભૂમિ દીસે, અર્ધ તે ગિરિને શૃંગે રે,
કામ માંહિ જો કામિની પેસે, તો તે આવે રંગ રે...કા.
મેં જોયા પણ પાય ના દીસે, કર દીસે વલિ તેહને રે,
પાંવ (પગ) તણું તે કહ્યું કરે રે, તો હોય ઊંધી ગતિ તેહને રે...કા.
માસ બે ચાર વિમાસી જો, તે શું નર કે નારી રે,
ધનહર્ષ પંડિત ઇણ પરિ પૂછે, કહેજ્યો અરથ વિચારી રે... કા.[૬]

## કવિ શ્રી આંનદઘન

(૧)

અવધૂ એસો જ્ઞાન વિચારી, વામે કૌન પુરૂષ કૌન નારી,
બમ્મન કે ઘર નહાતી ધોતી, જોગી કે ઘર ચેલી,
કલમા પઢ પઢ ભઈ રે તરકડી, આપહી આપ અકેલી... અવધૂ.
સસરો મારો બાલો ભોલો, સાસુ બાળકુંવારી,
પિયુજી મારો પોઢે પારણિયે, તો મૈં હું ઝુલાવણહારી...અવધૂ.
નહીં હું પરણી નહીં હું કુંવારી, પુત્ર જણાવણ હારી,
કાલી દાઢીકો મેં કોઇ ન છોડયો, હજુએ હું બાલ કુંવારી...અવધૂ.
અઢીદ્વીપ મેં ખાટ ખટુલી, ગગન ઓશીકું તળાઇ,
ધરતી કો છેડો આભકી પીછોડી, તોયે ન સોડ ભરાઇ...અવધૂ.
ગગન મંડલ મેં ગાય વિહાણી, વસુધા દૂધ જમાઇ,
સૌ રે સુનો ભાઇ વલોણું વલોવે, તો તત્ત્વ અમૃત કેઇ પાઇ...અવધૂ.
નહિં જાઉં સાસરીએ, નહિં જાઉં પિયરીએ, પિયુજીકી સેજ બિછાઇ,
આનંદઘન કહે સુનો ભાઇ સાધુ, જયોતિસે જયોત મિલાઇ...અવધૂ.[૭]

(૨)

મગરી ઉપર કૌવો બોલ્યો, પામણા આવ્યા તીન,
પામણા તારી મૂંછો બાળું, છાણાં ન લાવ્યો વીણ,
કર્કશા નાર મળી રે ધન્ય હો ધન્ય પીયુજી તેરા... ભાગ્ય.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પામણા આવ્યા દેખીને રે, ચૂલો દીયો બૂઝાય,
પરણ્યાને બે લાતો મારી, આપ બેસી રીસાય...કર્કશા.
મૂલ - મૂઠ બાજરો પીસનોજી, લઈ બેઠી ભર સૂપ,
અબ જો પરણ્યો આવી કહેશે, તો જઈ પડુંગી કૂપ...કર્કશા.
ઘરમેં ઉખલ ઘરમેં ઘંટી, પર ઘર પીસણ જાય,
પાડોશી શું વાતો કરતાં ચૂન કુતરા ખાય...કર્કશા.
કાચો બાળ્યો બરડો બાળ્યો, બાળી ડોયલાની કાઠી,
છાપરા બાળ્યે સૂપડો બાળ્યો, તોય ન ચઢી એક હાંડી... કર્કશા.
તીન પાવકી સાત બનાઈ સાત પાવકી એક,
પરણ્યો ટાકી સઘળી ખા ગયો, હું રહી સગુણી એક...કર્કશા.
ગંગા આવી ગોમતીને, બિચમેં આવી ઘાટી,
ઘરમેં આઈ જોઉં હું તો, હજીયે ન મરીઓ માટી...કર્કશા.
નાહી ધોઈ વેશ બનાઈ, તિલક કરે અપાર,
સૂર્ય સામને કરે વિનતિ, કદિ મરે ભરથાર...કર્કશા.
આનંદઘન કહે સુણો ભાઈ સાધુ, યહ પદ હૈ નિર્વાણી,
યહ પદકી જો નિંદા કરે તો, નિશ્ચય નરકની ખાણી...કર્કશા.(૮)

(૩)

નાવમેં નદીયા ડૂબી જાય મુજ મન અચરજ થાય,
કીડી ચાલી સાસરે ને સો મણ ચુરમું સાથ,
હાથી ધરીયો હોડમાં ઊંટ લપેટયો જાય...નાવમેં.
કચ્ચા ઈંડા બોલતા, બચ્ચા બોલે ના,
પરદર્શનમેં સંશય પડીયો તે જ મુકિત મીલ જાય...નાવમેં.
એક અચંબો એસો દેખ્યો, મછલી ચાવે પાન,
ઊંટ બજાવે બંસરી ને, મેંઢક જોડે તાન...નાવમેં.
એક અચંબો એસો દેખ્યો, મુડદું રોટી ખાય,
મુખસે તો બોલે નહીં ને ડગમગ હસતું જાય... નાવમેં.
બેટી બોલે બાપને, વિણ જાયો વર લાય,
વિણ જાયો વર ના મીલે તો મુજશું ફેરા ખાય...નાવમેં.
સાસુ કુંવારી વહુ પરણેલી નણદલ ફેરા ખાય.
દેખણવાળી હુલર જાયો, પાડોશણ ફુલરાય...નાવમેં.
એક અચંબો એસો દેખ્યો, કુવામાં લાગી લ્હાય,
કચરો કર - કટ મહાબળી ગયો, પણ ઘટ ભરભર જાય...નાવમેં.
આનંદઘન કહે સુણ ભાઈ સાધુ એ પદસે નિર્વાણ,
ઈસ પદકા જો અર્થ કરેગા, શીઘ્ર સાધે કલ્યાણ...નાવમેં.(૯)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૪)

અવધૂ ! નટનાગરકી બાજી, જાણે ન બામણ કાજી,
થિરતા એક સમયમેં ઠાને, ઉપજે વિણસે તબહી,
ઉલટ પલટ ધ્રુવ સતા રાખે, યા હમ સુની ન કબહી...
એક અનેક અનેક એક ફૂની, કુંડલ કનક સુભાવે,
જલ તરંગ ઘટમાંહી રવિકર, અગણિત તાહિ સમાવે...
હે નાંહિ હૈ વચન અગોચર, નય પ્રમાણ સપ્તભંગી,
નિરપખ હોય લખે કોઇ વિરલા, કયા દેખે મત જંગી...
સર્વમથી સરવંગી માને, ન્યારી સતા ભાવે,
આનંદઘન પ્રભુ વચન સુધારસ, પરમાથ સૌ પાવે...[૧૦]

(૫)

અવધૂ સો જોગી ગુરુ મેરા, ઇન પદકા કરે રે નિવડા,
તરુવર એક મૂલ બિન છાયા, બિનફૂલ ફલ લાગા ,
શાખા પત્ર નહિં કછુ ઉનકુ, અમૃત ગગને બાગા...અવધૂ.
તરુવર એક પંખી દોઉ બૈઠે, એક ગુરુ એક ચેલા,
ચેલેને જુગ ચુન ચુન ખાયા, ગુરુ નિરંતર ખેલા... અવધૂ.
ગગન મંડલ કે અધ બીચ કુવા, કહાં હૈ અમીકા વાસા,
સગુરા હોવે સો ભરભર પીવે, નગુરા જાવે પ્યાસા.અવધૂ.
ગગન મંડલ મેં ગૌઆ વિહાણી, ધરતી દૂધ જમાયા,
માખન થા સોહી વીરલા પાયા, છાશે જગત ભરમાયા...અવધૂ
થડ બિનુ પત્ર પત્ર બિન તુંબા, બિન જીભ્યા ગુણ ગાયા,
ગાવન વાલેકા રૂપ ન દેખા, સુગુરુ સોહી બતાયા...અવધૂ.
આતમ અનુભવ બિન નહિં જાને, અંતર જ્યોતિ જગાવે,
ઘટ અંતર પરખે સોહિ મૂરતિ, આનંદઘન પદ પાવે...અવધૂ.[૧૧]

(૬)

રે ! કોઇ અજબ તમાસા દેખા, જહાં રૂપ રંગ નહિ રેખા.
અજબ ગેબી એક મહેલ બન્યા હૈ, સબ દુનિયા સે ન્યારા,
ચંદ્ર સૂર્યકી કિરન ન પહુચે, અખંડ જયોત ઉજિયારા રે. કોઇ...
અધર સરોવર અમૃત ભરીયાં, તા પર બેઠા હંસા,
મુકતાફલ કો ચુન ચુન ખાવે, વાકો લોહ ન માંસા રે.કોઇ...
બાન ન વાલા બાન ચલાવે, અધર નિશાન ઉડાવે,
મારે સો તો જુગ જુગ જીવે, ચુકે સો મરજાવે રે.કોઇ...
બીન બાદલે મેહ મંડાણા, ધરતી પડે ના પાણી,
જાનન હારા ભેદ વિચારે, એહ પ્રવીન નિશાની રે. કોઇ...[૧૨]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## શ્રી બુદ્ધિ સાગરજી

(૧)

સખીરે મ્હેતો કૌતુક દીઠું, કીડીએ કુંજર મારીયો રે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું, સિંહ હરણથી હારીઓ રે ; સખી.
સખીરે મ્હેતો કૌતુક દીઠું, અંધા અંધને દોરતા રે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું, રાજા પ્રજા ધન ચોરતા રે; સખી.
સખીરે મ્હેતો કૌતુક દીઠું, રવિ અજવાળું નવી કરે રે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું, ચંદ્ર થકી ગરમી ઝરે રે; સખી.
સખીરે મ્હેતો કૌતુક દીઠું, દાણા ઘંટીને પીલતા રે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું, હંસો કાદવમાં ઝીલતા રે; સખી.
સખીરે મ્હેતો કૌતુક દીઠું, હંસ યૂથ કાગ મ્હાલતો રે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું, ખર હસ્તિ પેરે ચાલતો રે; સખી.(૧૩)

(૨)

સખીરે મ્હેતો કૌતુક દીઠું, હંસ મોતી ચારો નવિ ચરે રે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું, નાથ રમે મારો પરઘરે રે; સખી.
સખીરે મ્હેતો કૌતુક દીઠું, સિંહને પિંજર પુરીયો રે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું, કાંકરે મુદગળ ચુરીયો રે; સખી.
સખીરે મ્હેતો કૌતુક દીઠું, ભૂપતિ ભિક્ષા માગતો રે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું, અગ્નિ અર્ણવમાં લાગતો રે; સખી.
સખીરે મ્હેતો કૌતુક દીઠું, સાધુ વેશ્યાથી વિવાહ કરે રે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું, એવા સાધુ ભવજળ તરે રે; સખી.
સખીરે મ્હેતો કૌતુક દીઠું, પરઘર મુનિ નહી વોહોરતા રે;
સખીરે મ્હેતો કૌતુક દીઠું, પરઘર ચોર ન ચોરતા રે; સખી.
અનુભવ જ્ઞાનને દીલમાં ધારી, મુનિવર શિવ સુખ પાવશે રે;
બુદ્ધિસાગર શાશ્વત સુખ લહી, મુકિત વધુ પતિત થાવશે રે; સખી.(૧૪)

## યશોવિજયજી

(૧)

કહેજો પંડિત તે કોણ નારી, વીસ વરસની અવધ વિચારી,
દોય પિતાએ તેહ નીપાઇ, સંઘ ચતુર્વિધ મનમાં આઈ. ક.
કીડીએ એક હાથી જાયો, હાથી સામે સસલો ધાયો. ક.
વિણ દીવે અજવાળું થાય, કીડીના દરમાં હાથી જાય. ક.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

વરસે આગને પાણી દીપે, કાયર સુભટના મદ જીપે. ક.
તે બેટીએ બાપ નીપાયો, તેણે તાસ જમાઇ જાયો. ક.
મેહ વરસંતાં બહુ રજ ઉડે, લોહ તરેને તરણું બુડે. ક.
તેલ ફીરે ને ઘાણી પિલાય, ઘંટી દાણે કરીએ દલાય. ક.
પંક જરે ને સરોવર જામે, ભમે માણસ તિહાં ઘણા વિસામે.ક.
બીજ ફલે ને સાખા ઉગે, સરોવર આગળ સમુદ્ર ન પુગે. ક.
પ્રવહણ ઉપર સાગર ચાલે, હરણતણે બળે ડુંગર હાલે.ક.
એહનો અર્થ વિચારી કહેજો, નહિતર ગર્વ કોઇ મત કરજો.ક.
શ્રીનયવિજય વિબુધનો શિસ્ય, કહી હરિયાલી મનજગીશ.ક.
એ હરિયાલી જે નર કહેશે, જસવિજય કહે તે સુખ લેશે.ક.(૧૫)

## શ્રી વીર વિજયજીગણિ યશરાજ

(૧)

ચેતન ચેતો ચતુર ચબોલા, ચતુર ચબોલે જે નર ખીજે,
મૂરખ વાતે હઇડું રીઝે, તેહને શી શાબાસી દીજે. ચે.
પાયે ખોટે મહેલ ચણાવે, થંભ મલોખે ને મોલુ જડાવે,
વાઘની બોડે બાર મુકાવે, વાંદરા પાસે નેવ ચલાવે. ચે.
નારી મોટી કંથ છે છોટો, નાવે ભરતાં પાણીનો લોટો,
પૂંજી વિના વેપાર છે મોટો, કહો કેમ ઘરમાં નાવે ટોટો. ચે.
બાપ થઇને બેટીને ધાવે, કુલવંતી નારી કંથ નચાવે.
વરણ અઢારનું એઠું ખાવે, નાગર બ્રાહ્મણ તે કહાવે. ચે.
મેરુ ઉપર એક હાથી ચઢીઓ, કીડીની ફૂંકે હેઠો પડીઓ,
હાથી ઉપર વાંદરો બેઠો, કીડીના દરમાં હાથી પેઠો. ચે.
ઢાકણીએ કુંભાર જ ઘડીઓ, લંગડા ઉપર ગર્દભ ચઢીઓ,
અંધો દર્પણમાં મુખ નીરખે, માંકડુ બેઠુ નાણું પરખે. ચે.
સુકે સરોવર હંસ તે માલે, પર્વત ઉડી ગગને ચાલે,
છછુંદરીથી વાઘ તે ભડકયો, સાયર તરતાં ઝાઝ તે અડકયા. ચે.
સુતર તાંતણે સિંહ બંધાણો, છિલર જલમાં તારુ મૂંઝાણા,
ઉંઘણ આળસુ ઘણું કમાયો, કીડીએ એક હાથી જાયો. ચે.
પંડિત એહનો અર્થ તે કહેજયો, નહીં તો બહુશ્રુત ચરણે રહેજયો,
શ્રી શુભ વીરનું શાસન પામી, ખાધા પીધાની ન કરો ખામી. ચે.(૧૬)

(૨)

સખીરે મ્હેતો કૌતુક દીઠું, સાધુ સરોવર ઝીલતા રે,
નાકે રૂપ નિહાલતા રે, લોચનથી રસ માણતા રે. સ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

મુનિવર નારીસુ રમેં રે, નારી હિંચોળે તે કંથને રે,
કંથ ઘણા એક નારી રે, સદા યૌવન નારી તે રહે રે. સ.
વૈશ્યા વિલુદ્દા કેવલી રે, આંખ વિના દેખે ઘણું રે,
રથ બેઠા મુનિવર ચલે રે, હાથ ચલે હાથી ડુબીયા રે.સ.
કુતરીયે કેસરી હણ્યો રે, તરસ્યો પાણી નવિ પીયે રે,
પગ વિહુણો મારગ ચલે રે, નારી નપુંસક ભોગવે રે.સ.
અંબાડી ખર ઉપરે રે, નર એક નિત્ય ઊભો રહે રે.
બેઠો નથી નવિ બેસે રે, અધર ગગન વિચરે તે રહે રે.સ.
માંકડ મહાજન ઘેરીયો રે, ઊંદરે મેરુ હલાવીયો રે,
સૂરજ અજવાળું નવિ કરે રે, લઘુ બંધવ બત્રીસ ગયો રે.સ.
શોકે ઘડી નહી બેનડી રે,શાશ્વત હું સમે પેખીયો રે,
કાટ વળ્યો કંચનગિરિ રે, અંજનગિરિ ઉજલા થયા રે.સ.
વયર સ્વામી સૂતા પારણે રે, શ્રાવિકા ગાવે હુલડા રે,
મોટા અર્થ તે કહેજો રે, શ્રી શુભવીરના વાલડા રે. સ.[૧૭]

(૩)

નારીજી મોટા ને કંથજી છોટા વલતા લાવે પાણીના લોટા,
પૂંજી વિના વેપાર જ મોટો, કરતાં આવે ઘરમાં તોટા.
મેરૂપર્વત હાથી ચઢીયો કીડીની ફૂંકે હેઠે પડીયો,
કીડીના દરમાં હાથી પેઠો, રત્ન કહે મેં અચરિજ દીઠો.
સૂકા સરોવર હંસ જ માલે પર્વત ઊઠીને ગગને ચાલે,
શિવ સુંદરી કહે વેલ ધડુકે, સાયર તરતાં ઝાઝતે અટકે.
પંડિત એહના અર્થજ કહેજો, નહીં તો બહુશ્રુત ચરણે રહેજો,
શ્રી શુભવીરનું શાસન પામી ખાધાપીધાની ન કરો ખામી.[૧૮]

## શ્રી વિનય સાગર મુનિ

(૧)

સેવક આગલ સાહેબ નાચે, બહે ગંગા જલ ખારે,
ગર્દભસારે ગયવર વેચ્યા, એ અચરજ મોહે મારે,
ચતુર નર બૂઝો એ હરિયાલી જેમ ઉતરાહુ દેહિ સંભાળી.
માંકડને વશ જોગી નાચ્યા, માર્યો સિંહ સિયાલે,
એક ચીંટીએ પર્વત ઢાયો, અચરજ ઈણ કલિકાલે... ચતુર.
સુરતરુ સાખાએ કાગજ બેઠો, વિષધર ગરુડ વિડા રે,
કસ્તુરી પરનાલે વાહે, લસણ ભર્યુ ભંડારે... ચતુર.
આંબો એક ફલ એક તરુ લાગા, હંસ કાગ એક માલે,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

મેંઢે નાહર લાતે માર્યો, નાશી ગયો પાતાલે... ચતુર.
મચ્છારક મુખ મયગલ ગલિયા, રાજા ઘર ઘર હિંડે,
એક જ થંભે ત્રણ ગજ બાંધ્યા, રાન હોઈ કણ ખંડે... ચતુર.
આઠ નારી મલી એક સુત જાયો, બેટે બાપ વધાર્યો,
ચોર વસ્યો મંદિરમાં આવી, ઘરથી સાહ કઢાયો... ચતુર.
એક અગ્નિ સઘલો જલ સોષે, વેશ્યા ઘૂંઘટ કાઢે,
કુલવંતી કુલ લાજ ત્યજી કરી, ઘરઘર બાહિર હિંડે...ચતુર.
એ પરમારથ જ્ઞાન સુની કરી, આતમ ધ્યાન સુધ્યાવે,
વિનયસાગર મુનિ ઈમ ઉપદેશે, ધર્મમતિ મન લાવે... ચતુર.(૧૯)

## શ્રી હરખવિજયજી

(૧)

ડાળે બેઠી એક સૂડલી, તસ ચાંચ ન આવે,
ચણ લેવાના કારણે સમુદ્રમાં જાવે.
ડાલે બેઠી એક સૂડલી.
આપ વરણ લીલી નહીં, તસ ચાંચ છે લીલી,
ચાંચે તે ઇંડાં મુકતી, સાયરમાં ઝીલી.
ડાલે બેઠી એક સૂડલી.
એરે ઇંડાં આપ્યાં ઘણાં, તે આપ્યાં નવિ ખૂટે,
એની ભકિત જે કરે, તેનાં પાતિક છૂટે.
ડાલે બેઠી એક સૂડલી.
હરખવિજય પંડિત કહે, એ કોણ છે સુડી,
એનો અર્થ જે કરે, તેની બુદ્ધિ છે રૂડી.
ડાલે બેઠી એક સૂડલી. (૨૦)

## શ્રી મણિપ્રભ વિજયજી

(૧)

સુણજો કૌતુક માળા, મેરે પ્યારે, સુણજો કૌતુક માળા,
ઘરરર.... ઘરરર.... ઘંટી ફરતી, ફેરવનાર ન કોઈ.
ઉછળી ઉછળી દાણા ટપોટપ, આપથી પડતા તોઈ.
મેરે પ્યારે સુણજો કૌતુકમાળા.
ઝંઝાવાત ફૂંકાતો તોયે, મગ દાણા નવિ હાલે,
ડુંગર ઊડી ગગને ચાલે, લોકો ડગમગ ભાલે.
મેરે પ્યારે સુણજો કૌતુકમાળા.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ચન્દ્ર થકી વરસે અંગારા, જાગે જાગણહારા,
અગ્નિ થકી જેમ જળફૂઆરા, છૂટે પારાવારા.
મેરે પ્યારે સુણજો કૌતુકમાળા.
ૠ ની પાછળ લોહ ખેંચાયે, લોહચુંબક જેમ ખેંચે,
સિંહને વળી શિયાળ જ મારે, સિંહણ રડતી રહેવે.
મેરે પ્યારે સુણજો કૌતુકમાળા.
સાગરમાં નદીયો ના પેસે, વહેતી ગગનની વાટે,
રાત પડે પણ સૂર્ય ન જાવે, અંધકાર ગભરાવે.
મેરે પ્યારે સુણજો કૌતુકમાળા.
દેવ વિમાનથી દેવ પડતાં, પડયા પછી પછતાવે,
જે ન પડે તે બહુ સુખ પામે, પહોંચે અમર ધામે.
મેરે પ્યારે સુણજો કૌતુકમાળા.
રાત દિવસ મુનિ ખા  ખા કરતાં, ઉજેહી માં ફરતા,
નારી સંગત રંગત ધરતા, બીજો વિચાર ન કરતા.
મેરે પ્યારે સુણજો કૌતુકમાળા.
સર્પના માથે કહો, શું શોભે ? રત્નતણી શું કહીએ?
રાજવી યુદ્ધ કરી, શું પામે? કવિનું નામ એમ લહિએ.
મેરે પ્યારે સુણજો કૌતુકમાળા.(૨૧)

(૨)

ધનનન.... ઝનનન.... ધનનન.... ઝનનન....
અતિ અદભુત સંગીત ચલતું હૈ
સંગીતશાળા યહ કહો કૈસી
પથ્થર ઇંટ ન ચુન ન કછુ હૈ... ધનનન.
એક ભી ગીત ગાત નહીં પરકા
છોડ એક અપને દેવનકું,
સંગીત ચલત અખલિત અખંડિત,
ગાયક કોઉં ન દિસત કબહું...ધનનન.
મધુર મધુર સ્વર બહુવિધ નિકલત,
સુજન સુજત અતિ મગન બનત હૈ
સા...રે...ગ...મ...પ...ધ... ની કી ધ્વનિયાં
એક સાથ ગુંજત અવિરત હૈ... ધનનન.
બીન ભી બજત, બંસરી ભી બજત હૈ
તબલ મૃદંગ અભંગ સતાલા,
એક હી નાદ મેં નાદકી માલા
સભી મિલત જલ બિચ જયું મરાલા... ધનનન.
યોગી જનકી યે સબ બાતાં,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

યોગી કુલ સંજાત હી પાતા,
સિંધુ સે રતન કોઈ લાતા,
ઓર તો સભી પ્રાણ ગુમાતા... ધનનન.
દોઈ વરનકા નામ હૈ જિસકા
ઈસકા નામ કામ હી કમાલા
ગાયક ગાયન ગેય નિરાલા
રયણપૂંજ હૈ પૂછનેવાલા... ધનનન.[૨૨]

## શ્રી પદ્મવિજયજી

(૧)

ચંપકવંત્રી ચતુર પણઇ ઇક દીઠી રૂપિ રસાલી,
દેસવિદેશ પ્રસિદ્ધિ બાલી મૂઢ મૂરખિ સા ટાલીજી,
બાલ કુંઆરી નારી સોહઇ કાજલ સારી,
તિસરી સિરિ વરિ દોરિ અનોપમ દીસઇ સાસિણ ગારીજી.
બાલ કુંઆરી.
ત્રિણી ચરણ દૂણી તસ નાસા પણિ ભીંતરિ અતિ મઈલી,
તોઈ વિચક્ષણ સેવઇ વડિલી રાજવરગિ વલી પહિલીજી.
બાલ કુંઆરી.
અચરિજ એક અનોપમ મોટઉ કહતાં મનિ ન સમાઈ,
સ્ત્રી સ્ત્રીસ્યું ભોગ કરતા જોઓ જામારઉ જાઈજી.
બાલ કુંઆરી.
સઘલી વરણ જાતિ ઉતપતિનું થાનક તેહજ લહીઈ,
તેહનું ભોલઉ કિણંઇ ન સહીઈ વલી કુંડલણી કહીઈજી.
બાલ કુંઆરી.
વાચક ધરમસમુદ્ર પયંપઈ કહત એહ હીયાલી,
દાહિણ પાસિ રજાઈ રલીયાલી ભલી ચંગી લટકાલીજી.
બાલ કુંઆરી.[૨૩]

(૨)

સુણયો (જો) પંડિત એ હરિયાળી રે, નારી એક મેં નજરે ભાળી રે,
વનમાં ઉપની નગરમાં આઈ રે, મુનિવર ચિતમાં અધિક સોહાઈ રે... સુ.
રૂપ અનેક ધરે તે નારી રે, ચઉદુઅ જયોતિ ચ્યાર ગોલ તે સારી રે,
ચ્યાર પાદ કરી પોહતા સાધુ રે, સેવેં તેહને હર્ષ અગાધ રે... સુ.
લિંગ રહે નિત ભગમાં જેહને રે, નારિ પુરુષ નપું સેવે તેહને રે,
કિહાં ઇક બાલ કિહાં ઇ જુવાન રે, કિહાં ઇક મોહરી દીસે સુવાન રે... સુ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

બાળ મુનિને ગમે પ્રાઈ બાળ રે, મોહટાને તિમ મોહરી ભાળિ રે,
પંચ વરણના પહેરે ચોલા રે, વાહલી લાગે સહુને અમાલા રે... સુ.
ચતુર સુણી કહો એ કુણ નારી રે, ષટ મહીનાની અવધિ વિચ્ચારી રે,
એ નારીનો સંગ તે કીજે રે, કેવળજ્ઞાન તે વહેલું લીજે રે... સુ.
શબ્દ અરથ સુણે, તેહજ બુઝ રે, રોઝ સમા નર મનમાં મુંઝે રે,
શ્રી ગુરુઉતમ વિજયનો સીસ રે, પદ્મવિજય કહે વિસવાસી રે...સુ.(૨૪)

(૩)

કહેવો પંડિત એ હરિયાળી, નારી એક મેં નયણેં નિહાળી.
ચરણા પહેરે નવ નવ રંગા, રૂપ સરૂપ પોતેં શુભ મંગા.
જરકસી કાર ચોલી વલી હિમસ, બંગાળી ચીનાઈ મસરૂ.
એહવી ઓઢણી ઓઢે નારી, શિર પર વલી એક નારી ધારી.
કર પદ મુખ વાચા નહીં તેહનેં, જૈન ઘરે ઈચ્છે સહુ જેહનેં.
પરિચય કરીને નજર જે માંડે, તેહ બીજાની સંગતિ છાંડે.
એહ તો રહે નપુંસક ભેલી, બહુ નપુંસકથી થઈઅ અકેલી.
સાધુ કહે એ માહરી નારી, કોઈ નઈ હાથિત આપું પ્યારી.
મીવીતી તોહરા કરી કોઈ માગેં, દિન હોય દસ આપેં રાગેં.
તે તો જિહાં જાઈ તિહાં મ્હાલે, તે પણિ તેહને પાછી ન આલેં.
માગતાં માગતાં કિમ હીક આપઈ, જિહાં તેહના દુખડાં કાપેં.
એક પુરુષ આલિંગ્યો ગાઢો, રૂપ જોઈઈ હવઈ તેહને કાઢો.
પંડિત હોય તે નારી ભાખો, સમજીને ચિતમાંહી રાખો.
ઉતમ જન એહની સંગતિ કરસ્યેં, પદ્મ કહેં તે ભવ જલ તરસ્યેં.(૨૫)

## શ્રી ભદ્રબાહુસુરિ

(૧)

સુણો સુણો ચન્દ્રગુપ્ત રાજા -
સુપણ તે દેખી પેલડે, ભાંગી કલ્પવૃક્ષની ડાલ રે,
રાજા સંયમ લેશે નહિ, દુષમ પંચમ કાલ રે..
અકાલે સૂરજ આથમ્યો તેનો શો વિસ્તાર રે,
જન્મ્યો તે પંચમ કાલનો તેને કેવલજ્ઞાન ન હોશે રે...
ત્રીજે ચંદ્રમા ચાલણી તેનો શો વિસ્તાર રે,
સમાચારી જુદી જુદી રહેશે બારે વાટે ધર્મ હોશે રે.
ભુતભુતડી દીઠા નાચતાં તેનો શો વિસ્તાર રે,
કુદેવ કુગુરુ કુધર્મની માન્યતા હોશે ઘણી રે. ...
પાંચમે નાગ દીઠો બારકણો તેનો શો વિસ્તાર રે,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

વરસ થોડાને અંતરે હોશે તે બાર દુકાલ રે.
દેવ વિમાન છઠે વર્યા તેનો શો વિસ્તાર રે,
વિધા તે જાંઘાચારિણી લબ્ધિ તે વિચ્છેદ હોશે રે.
ઉગ્યુ તે ઉકરડા મધ્યે સાતમે કમલ વિમાસ રે,
એક નહિ સર્વ વાણીયા જુદા જુદા મત હોશે રે.
સ્થાપના સ્થાપશે આપ આપની પછી વિરાધક ઘણું હોશે રે,
સુપન દેખી આઠમે આગીયાનો ચમત્કાર રે,
ઉદ્યોત હોશે જૈન ધર્મનો વચ્ચે મિથ્યાત્વ ઘોર અંધાર રે.
સુકા સરોવર દીઠા ત્રણે દિશે દક્ષિણ દિશે ડોલા પાણી રે,
ત્રણ દિશે ધર્મ હોશે નહિ, દક્ષિણ દિશે ધર્મ હોશે રે.
સોનાની થાલી મધ્યે કૂતરો ખાય છે ખીર રે,
ઉંચતણી રે લક્ષ્મી નીચ તણે ઘરે હોશ રે.
હાથી ઉપર બેઠો વાંદરો તેનો શો વિસ્તાર રે,
મ્લેચ્છ રાજા ઊંચો હોશે અસલી હિન્દુ તે હેઠા હોશે રે.
સમુદ્ર મર્યાદા મૂકી બારમે તેનો શો વિસ્તાર રે,
શિષ્ય ચેલા ને પુત્ર પુત્રીઓ નહિં રાખે મર્યાદા લગાર રે.
રાજકુમાર ચડયો પોઠીએ તેનો શો વિસ્તાર રે,
ઉંચો તે જૈન ધર્મ છાંડીને રાજા નીચો તે ધર્મ આદરશે રે.
રત્નશિખા દીઠા ચૌદ મે તેનો શો વિસ્તાર રે,
ભરત ક્ષેત્રના સાધુ સાધ્વી હેત મેલાવા થોડા હોશે રે.
માવતે જુત્યા વાછરું તેનો શો વિસ્તાર રે,
બાલક ધર્મ કરશે સદા બુઢ્ઢા પ્રમાદમાં પડયા રહેશે રે.
હાથી લડે માવત વિના તેનો શો વિસ્તાર રે,
વરસે થોડા ને અંતરે માગ્યા નહિ વરસે મેઘ રે.
વ્યવહાર સૂત્રની ચૂલિકા મધ્યે ભદ્રબાહુસૂરિ એમ ભાખે રે,
સોલમા સ્વપ્નનો અર્થ એ, સાંભળો રાય સુધીર રે. (૨૬)

## શ્રી કાંતિવિજયજી

(૧)

ચતુર વિચારો ચતુર વિચારો, એ કોણ કહીએ નારી રે,
પીયુથી ક્ષણ એક અલગી ન રહે, કુલવંતી અતિ સારી રે... ચતુર.
નાધે માથે પીયુ સુરાચે રમે ભમે પ્રીય સાથે રે,
એક દિનસા બાલા તરૂણી, નવી ગ્રહવાય હાથે રે... ચતુર.
ચીર ચીવર પહેરી સા સુંદરી, ઊંડે પાણી પેસે રે,
પણ ભીંજાયે નહીં તસ કાંઇ, અચરજ એ જગ દીસે રે... ચતુર.
વાદલ કાલે મરે તતકાલે આતપ યોગે જીવે રે,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

અંધારામાં નિશિએ આવે, તો દેખાડું દીવે રે... ચતુર.
અવધિ કરું છું માસ એકની, આપો અર્થ વિચારી રે,
કાંતિ વિજય વાચક શિષ્ય જંપે, બુધ જનની બલિહારી રે... ચતુર.(૨૭)

## શ્રી વિનયવિજયજી

(૧)

કહેજો ચતુર નર એ કોણ નારી, ધરમી જનને પ્યારી રે,
જેણે જાયા બેટા સુખકારી, પણ છે બાળ કુમારી રે... કહેજો.
કોઈ ઘેર રાતી કોઈ ઘેર લીલી, કોઈ ઘેર દીસે પીલી રે,
પંચરૂપી છે બાળકુમારી, મનરંજન મતવાળી રે...કહેજો.
હૈડા આગળ ઊભી રાખી, નયણાં શું બંધાણી રે,
નારી નહીં પણ મોહનગારી, જોગીશ્વરને પ્યારી રે... કહેજો.
એક પુરુષ તસ ઉપર ઠાહે, ચાર સખીશું ખેલે રે,
એક બેર છે તેહને માથે તે તસ કેડ ન મેલે રે... કહેજો.
નવ નવ નામે સહુ કોઈ માને, કહેજો અર્થ વિચારી રે,
વિનય વિજય ઉવજઝાયનો સેવક, રૂપવિજય બુદ્ધિ સારી રે... કહેજો.(૨૮)

## શ્રી ઉદયરત્નજી

(૧)

એક નારી દોય પુરૂષ મળીને, નારી એક નિપાઈ,
હાથ પગ નવિ દીસે તેહના, મા વિના બેટી જાઈ,
એ તો દીસે છે રંગ રસીલી ચતુરનર, એ કુણ કહીએ નારી...ચતુર.
ચીર ચુંદડી ચરણા ચોળી, નવિ પહેરે તે સાડી,
છેલ પુરૂષ દેખીને મોહે, તેહવી તેહ રૂપાળી... ચતુર.
ઉતમ જાતિ નામ ધરાવે, મન માને ત્યાં જાવે,
કંઠે વળગી લાગે પ્યારી, સાહેબને રીઝાવે... ચતુર.
ઉપાસરે તો કદીયે ન જાવે, દેહરે જાયે હરખી,
નરનારી શું રંગે રમતી, સહુ કો સાથ સરખી... ચતુર.
એક દિવસનું યૌવન તેહનું, ફરીય નાવે કામ,
પાંચ અક્ષર છે સુંદર તેહના, શોધી લેજો નામ... ચતુર.
ઉદયરત્ન વાચક એણી પેરે જંપે, સુણજો નર ને નારી,
એ હરિયાલીનો અર્થ જે કરે, સજ્જનની બલિહારી... ચતુર.(૨૯)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## શ્રી રવિવિજયજી

(૧)

સુગુણ નર એ કોણ પુરુષ કહાયો, મુજ દેખણ સે સુખ થાય... સુગુણ.
નિર્મળ તનુ બહુ નારી મળીને, પુરુષ એક બનાયો,
માતા પિતા વિન બેટો જાયો, સકળ જંતુ સુખદાયો... સુગુણ.
હાથ પગ દીસે નહીં ઉનકા, શિર પર કેશ ન સોહે,
ખાવે પીવે નિદ્રા ન લેવે, તોયે પુષ્ટ દેખાયો... સુગુણ.
ધોતી કબજો કોટ ન પહેરે, ખભે પછેડી ન દીસે,
મસ્તકે મુગટ નહિ ગળે ભૂષણ, તોયે રૂપ વિશેષ... સુગુણ.
નયણ રહિત નિત્ય યતના કરતો, જીવદયા નિત્ય પાળે,
નરનારી શું રંગે રમતો, દુર્ગતિ દોષ નિવારે... સુગુણ.
દેવગુરૂ ચરણે સદા નમતો, સુમતિ કે મન ભાયો,
કુમતિકુ દારાકો કાજ સરે, નાહીં યોગી કે પાસ... સુગુણ.
દીર્ઘ અક્ષર સુંદર છે એના, અનુભવ લીલા વરજો,
રવિ કહે સહુ સજ્જન જનને, અર્થ લઈ આદરજો...સુગુણ.(૩૦)

## શ્રી અજિતસાગરસૂરિ

(૧)

વિના વાદલી ઝરમર ઝરમર, અખંડ ધાર વરસે વરસાદ;
વિના ગંગના પ્રબળ ઘોષ અહિં, ગુણ ગંભીર થતા ઘોંઘાટ;
વિના પાણી ઉછળે છે સાગર, વચમાં ઘુમે અગણિત નાવ;
વિના હસ્તપ્રદ પ્રબળ મલ્લજન, રમે અખાડે દિલના દાવ.
વિના તોપ હથિઆર શૂરજન, સમરાંગણમાં લડે સદાય;
વિના રસન આ મહદ પ્રદેશે, ગૂઢ શાસ્ત્રના મંત્ર ભણાય;
વિના કર્ણ અહિં મનહર શબ્દો, ચાર પ્રહર સુખકર સુણાય;
વિના ચરણ અહીં લાખો કોષો, પવન થકી પણ અધિક જવાય.
વિના સૂર્ય આ સુખદ પ્રદેશે, જગમય જ્યોતિ પ્રકાશ;
વિના ચંદ્ર અહીં અતીવ શાન્ત છે, રમ્ય કિરણમય રમ્ય વિલાસ;
વિના પવન પણ સ્પર્શ સુખાવહ, શીત સુગંધિત નિત્યે ન્હાય;
વિના અગ્નિ ઈન્ધનના ભારા, બલી જવલીને ભસ્મ જ થાય.
વિના સૂર્ય નિર્મલ છે વ્હાણું, વિના ચંદ્ર અજવાલી રાત;
વિના સંત અહિં ઉપદેશોએ, સઘળી સરખી નિર્મળ જાત;
વિના દેશ આ દેશતણો પતિ, સકલ લોકનો સાચો તાત;



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

વિના પુત્ર અગસ્થા રાણી, સકળ સંઘની સાચી માત.
વિના મોરલી વૃન્દાવનમાં, કૃષ્ણચન્દ્રને જાગી ધૂન;
વિના મોરલી શ્રી ગોકુલમાં, ગોપ ગોપીને લાગી ધૂન;
વિના કૃષ્ણ આ ગોકુલિઆમાં, વાગે બંસી કે શંખનાદ;
વિના રામ શ્રી અવધપુરીમાં, દશરથ નૃપ પામ્યા આહ્લાદ.
આવ આવ બાન્ધવ અહિં, આપણા અપૂર્વ ઉદ્યમ લઈયે લ્હાવ;
આવ આવ બાન્ધવ અહિં, સુખના સાગર મનમોહન છે મ્હાવ;
આવ આવ બાન્ધવ અહિં, ઉજ્જડ દેશ છતાં છે વસ્તિ અપાર;
આવ આવ બાન્ધવ અહિં, હૂં તું કેરા વિસ્મરિએ વ્યાપાર.[૩૧]

### ચિદાનંદ

(૧)

સંતો અચરિજ રૂપ તમાસા, સંતો અચરિજ રૂપ તમાસા.
કીડી કે પગ કુંજર બાંધ્યો, જળમેં મકર પીયાસા...સંતો
કરત હલાહલ પાન રૂચિધર, તજ અમૃતરસ ખાસા ;
ચિંતામણિ તજ ધરત ચિત્તમેં, કાચ શકલકી આશા...સંતો
બિન બાદર વરસા અતિ બરસત, બિન દિગ બહત બતાસા;
વજ ગલત હમ દેખા જલમેં, કોરા રહત પતાસા... સંતો
વેર અનાદિ પણ ઉપરથી, દેખત લગત બગાસા ;
ચિદાનંદ સોહી જન ઉત્તમ, કાપત યાકા પાસા...સંતો [૩૨]

(૨)

ઐસા જ્ઞાન વિચારો પ્રીતમ ! ગુરુગમ ચેલી ધારી રે આ ૦
સ્વામી કી શોભા કરે સારી, તે તો બાળકુમારી રે,
જે સ્વામી તે તાત તેહનો, કહ્યો જગત હિતકારી રે...ઐસા.
અષ્ટ દીકરી જાઈ બાળા, બ્રહ્મચારિણી જોવે રે,
પરણાવી પૂરણ ચંદાથી, એક સેજ નવિ સોવે રે...ઐસા.
અષ્ટ કન્યા કા સુત વળી જાયે, દ્વાદશ તે વળી સોઈ રે,
તે જગ માંહે અજન્મા કહીએ, કરતા તાસ નહિં કોઈ રે...ઐસા.
માત-તાત સુત એક દિન જનમે, છોટે બડે કહાવે રે,
મૂલ તીનોંકા સહુ જન જાણે, શાખ ભેદ ન પાવે રે...ઐસા.
જો ઈણકે કુળકેરી શાખા, જાણે ખોજ ગમાવે રે,
ખોજ જાય જગમેં તો પણ તે, સહુથી બડે કહાવે રે.. ઐસા.
અથવા નર નારી નપુંસક, સહુકી એ છે માતા રેં,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ષટ્મત બાળકુમારી બોલત, એ અચરિજકી બાતાં રે.. ઐસા.
લોક લોકોત્તર સહુ કારજમેં, યા વિન કામ ન ચાલે રે,
ચિદાનંદ એ નારીશું રમણ, મુનિ મનથી નવિ ટાળે રે.. ઐસા.(૩૩)

(૩)

અહો અલિકી સત્તાની એવી, રેલમ છેલ મચાવે રે,
બાળકને બાધડની પેઠે, મહાભારત બિવરાવે રે...અહો.
વંધ્યા સુતથી સસલા શીંગે, હાથી જાય હણાતો રે,
મુવા વારિના મહા વમળમાં, મેરુ જાય તણાતો રે.
મીઠા મેરામણમાં મચ્છો, જળ તરસે તરફડતા રે,
આકાશે આખરી ઝાડીમાં, ભિલ્લો ભુલો પડતા રે.
અજા સિંહ પર સ્વાર બનીને, તાર મૂછ પર મારે રે,
ગંગોદકને ગટર ગલીચી, પાવન કરી પુકારે રે.
ચિત્ર તણો ઊંદર આકાશે, ફાંકા પાડે પાજી રે,
ગોપદમાં ઘુંચેલા કરીને, કીડી લઈ થઈ રાજી રે.
મોજાને મહા સાગર જુદા, ચારણી સાધન ધારી રે,
સાકર મીઠી કરવા ધારી, કાકચનો પુટ મારી રે.
અંધારે સૂરજ ખોવાયો, શોધ પતંગ પ્રકાશે રે,
હાંસાળા હીરામાં વિધ વિધ, રંગ તરંગો ભાસે રે.
કુંતા પુત્ર કર્ણ પણ પોતે, દાસી સુત મન ધારે રે,
દશમો મૃત દશમાને માની, રવે જુવે ચડી ધારે રે.
ચિદાનંદ ધન અદ્વય પદમાં, દ્વૈત ભાવના ભ્રાંતિ રે,
સદ્‌ગુરૂ મુખથી સમજી રંગીન અજાન વોદ શાંતિ રે. (૩૪)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## સંદર્ભ સૂચિ

(૧) હરિયાળી સ્વરૂપ અને વિભાવના. - લે.ડૉ. કવિન શાહ - પૃ. ૭૭
(૨) એજન. પૃ. - ૧૭૫
(૩) એજન. પૃ. - ૧૭૫ - ૧૭૬.
(૪) એજન. પૃ. - ૧૭૭ -૧૭૮.
(૫) એજન. પૃ. -૧૭૮.
(૬) એજન. પૃ. - ૧૮૦.
(૭) એજન. પૃ. - ૮૦ -૮૧
(૮) એજન. પૃ. - ૮૭ - ૮૮
(૯) એજન. પૃ. - ૯૪ - ૯૫
(૧૦) એજન. પૃ. - ૧૦૧
(૧૧) એજન. પૃ. - ૧૦૩ -૧૦૪
(૧૨) એજન. પૃ. - ૧૮૨
(૧૩) યોગનિષ્ઠ મુનિશ્રી બુદ્ધિસાગરજી કૃત, ગહુંલી સંગ્રહ. પ્રસિદ્ધકર્તા : શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ - મુંબઈ. પૃ. ૭
(૧૪) એજન. પૃ. - ૮
(૧૫) એજન. પૃ. - ૨૧
(૧૬) એજન. પૃ. - ૯૫ - ૯૯
(૧૭) હરિયાળી સ્વરૂપ અને વિભાવના. - લે.ડૉ. કવિન શાહ - પૃ. ૧૧૯ - ૧૨૦
(૧૮) એજન. પૃ. - ૧૪૨ - ૧૪૩
(૧૯) એજન. પૃ. - ૧૨૫ - ૧૨૬
(૨૦) એજન. પૃ. - ૧૨૭ -૧૨૮
(૨૧) એજન. પૃ. - ૧૨૮ -૧૨૯
(૨૨) એજન. પૃ. - ૧૯૭
(૨૩) એજન. પૃ. - ૧૩૮ -૧૩૯
(૨૪) એજન. પૃ. - ૧૮૮ - ૧૮૯
(૨૫) એજન. પૃ. - ૧૮૯ - ૧૯૦
(૨૬) એજન. પૃ. - ૧૪૧ - ૧૪૨
(૨૭) એજન. પૃ. - ૧૮૫ - ૧૮૬
(૨૮) એજન. પૃ. - ૧૮૬
(૨૯) એજન. પૃ. - ૧૮૭
(૩૦) એજન. પૃ. - ૧૮૭ - ૧૮૮
(૩૧) એજન. પૃ. - ૧૯૩ - ૧૯૪
(૩૨) પદ્યાવલી, ભાગ-૧, ૨ - પૃ. ૪૬/૪૭ - સંપા. સદ્દગુણાનુંરાગી મુનિ કર્પુર વિજયજી મહારાજ, અનુ. કુંવરજી આણંદજી, પ્રકા. જિન શાસન આરાધના ટ્રસ્ટ, મુંબઈ આ. ૨૦૫૧.
(૩૩) એજન પૃ. ૯૫/૯૬



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૩૪) વેદાન્તના ભજનનો સંગ્રહ, કર્તા - સ્વામી માધવ તીર્થ, પૃ. ૨૭ - પ્રકા. વેદાન્ત આશ્રમ - અમદાવાદ, પ્ર. આ. ૧૯૭૭



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

# પરિશિષ્ટ – ૩

## પ્રતિનિધિરૂપ હિન્દી સંત-કવિઓની અવળવાણી

**ગોરખ નાથ (૯મી સદી)**

**સાખી**

(૧)

પંથ બિન ચલિબા અગ્નિ બિન જલિબા, અનિલ તૃષા જહટિયા,
સંસવેદ શ્રીગોરખ કહિયા બુઝિલ્યૌ પંડિત પઢિયા.(૧)

(૨)

મરૌ વે જોગી મરૌ, મરણ હૈ મીઠા,
તિસ મરણી મરૌ, જિસ મરણી ગોરષ મરિ દીઠા.(૨)

(૩)

ગિગાનિ મંડલ મૈ ગાય બિયાઇ કાગદ દહી જમાયા,
છાંછિ છાંછિ પંડિતા પીવીં સિધાં માષણ ષાયા.(૩)

(૪)

થંભ બિહૂંણી ગગન રચીલૈ તેલ બિહૂંણી બાતીં,
ગુરુ ગોરષ કે બચન પતિઆયા તબ ધ્યૌંસ નહી તહૉ રાતી.(૪)

(૧)

જાંણા ને જોસી જાઓ ને બીચારી, પહલાં પુરિષ કૈ નારી જી,
બાઈ નહી તહૂંવા બાદલ નાહી, બિન થાભાં બાળૈ મંડપ રચીયા,
તિહાં આપ ઉપાંવન હારી જી
બાપ નહી હોતૌ તિહ્યા બૈઠણ ડૈરે, માતા બાલ કુંવારી જી,
પીવનેં પૌઢ્યૉં માઝૌ પાલનૈ, તિંહા હૂં હીંજ હિડોલૅન – હારી જી,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

બ્રહ્મા બિષ્નુ નૈં આદિ મહેસ્વર, યે તીન્યૂં મૈં જાયા,
ઈન તિહવાં ની મૈં ઘર ઘરણી દ્વૈકર મોરી માયા જી.
ગંગ જમુન મોરી ષાટલડી રે, હંસા ગવન તુલાઈ જી,
ધરણિ પાથરણૌ નૈ આભ પછેકડૌ, તૌ ભી સોડી ન માઈ જી.
ષાંડતડી માંઝૌ જનમ બદીતૌ, ચાંવલ સાંબિ ન સારી જી,
મછિંદ્ર પ્રસાદૈ જતી ગોરષ બોલ્યા, યે તત જોઓ બિચારી જી.(૫)

(૨)

અવધૂ બૌલ્યા તત બિચારી, પૃથ્વી મૈં બકબાલી,
અષ્ટકુલ પરબત જલ બિન તિરિયા, અદભુદ અચંભા ભારી.
મન પવન અગમ ઉજિયાલા, રવિ સસિ તાર ગયાઈ
તીનિરાજ ત્રિબિધિ કુલં નાંહી ચારે જુગ સિધિ બાઇ
પાંચ સહસ મેં ષટ અપૂઠા, સપ્ત દીપ અષ્ટનારી,
નવ ષંડ પૃથવી ઈકબીસ માંહી, એકાદસિ એક તારી.
દ્વાદસી ત્રિકુટી યલા પિંગુલા, ચવદસિ ચિત મિલાઈ,
ષોડસ કવલ દલ સોલ બતીસૌ, જુરા મરન ભૌ ગમાઈ.
દસવેં દ્વાર નિરંજન ઉનમન બાસા, સબદૈ ઉલટિ સમાંનાં,
ભષંત ગોરષનાથ મછીંદ્રનાં પૂતા અવિચલ થીર રહાંનાં.(૬)

(૩)

તતબેલી લો તતબેલી લો, અવધૂ ગોરષનાથ જાંણી,
ડાલ ન મૂલ પહુપ નહી છાયા, બિરધિ કરૈ બિન પાંણી.
કાયા - કુંજર તેરી બાડી અવધૂ સતગુર બેલિ રુપાંણી,
પુરિષ પાંણતી કરૈ ધણિયાંણૌં નીકે બાલિ ધરિ આંણી.
મૂલ એદ્વા જેદ્વા સસિહર અવધૂ, પાંન એદ્વા જેદ્વા ભાણં
ફલ એદ્વા જેદ્વા પૂનિમ ચંદા, જોઉ -જોઉ જાંણ સુજાણં
બેલડિયાં દૌ લાગી અવધૂ, ગગન પહુઁચી ઝાલા,
જિમ -જિમ બેલી દાઝબા લાગી, તબ મેલ્હૈ કૂંપલ ડાલા.
કાટત બેલી કૂઁપલ મેલ્હી સીંચતડૉ કુમલાયે
મંછિદ્ર પ્રસાદૈ જતી ગોરષ બોલ્યા, નિતનબેલડી થાયે.(૭)

(૪)

બૂઝૌ પંડિત બ્રહ્મ ગિયાંનં, ગોરષ બોલૈ જાણ સુજાંનં...ટકે.
બીજ બિન નિસપતી મૂલબિન બિરષા પાંન ફૂલ બિન ફલિયા,
બાંઝા કેરા બાલૂડા, પ્યંગુલ તરવરિ ચઢિયા.
ગગન બિના ચંદ્રમાં બ્રહ્મમાણ્ડ બિન સૂરં, ઝુઝબિન રચિયા થાંનં,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

એ પરમારથ જે નર જાંણૈ તો ઘટિ પરમ ગિયાંનં.
સુંનિ ન અસ્થૂલ લિંગ નહી, પૂજા, ધુનિ બિન અનહદ ગાજૈ,
બાડી બિન પહુપ - પહુપ બિન સાઈંર પવન બિન ભૃંગા છાજૈ
રાહ બિન ગિલિયા  અગનિ  બિન જલિયા, અંબર બિન જલહર ભરિયા,
યહુ પરમારથ કહૌ હો પંડિત, રુગ યુજ સ્યાંમ અથરબીન પઢિયા.
સસંવેદ સોહં પ્રકાસં, ધરતી ગગન ન આદં,
ગંગ જુમન બિચ ષેલૈ  ગોરષ, ગુરુ મછિંદ્ર પસાદં.[૮]

(૫)

આંબલિયૌ થલિ મૌરિયૌ ઉપરિ નીંબ બિજૌ રૈ ફલિયૌ,
સો ફલ ષાતાં લાગૈ મીઠો, જાંણૈ રે જિન ગુરુ પ્રસાદૈ દીઠો.
ઊંટ સિચાણૈ જબ ગ્રહ્યૌ જાઈ કૈરો ડાલી બૈઠૌ,
બાંઝે બેટા જનમિયૂં નૈણૈ પુરિષ ન દીઠૌ.
લાકડ ડૂબૈ સિલતિરૈ, દેષતાં જગ જાઈ,
ઊંટપ્રનાલૈ બહિગયો, સુસિલ્યૌ પૌલી ન માઈ.
ડુંગરિ મંછા જલિ સુસાં, પાંણી મેં દૌં લાગા,
અરહટ બહૈ તુસાલવૌં, સૂલૈ કાંટા ભાગા.
એક ગાઈ નૌ બછડ઼ા પંચ દુહેબા જાઈ
ઈક ફૂલ સોલહ કરંડિયાં માલનિ મન મૈં હરિષ ન માઈ.
પગાં બિહૂંડૈ ચોરી કીધી, ચૌરી નૈ આંણી ગાઈ
મછિંદ્ર પ્રસાદૈ જતી ગોરષ બોલ્યા, દૂઝૈ પાણીન બ્યાઈ.[૯]

(૬)

ગોરષ લો ગોપાલં લો, ગગન ગાય દુહિ પીવૈ લો,
મહી બિલોય અમીરસ પીજૈ, અનભૈ લાગા જીજૈ લો.
મમિતા બિનાં માઈ મુઇ, પિતા બિનાં મૂવા છોરુલો,
જાતિ બિહૂનાં લાલ ગ્વાલિયા, અહનિસ ચારૈ ગોરુ લો.
અનહદ સબદૈ સંષ બુલાયા, કાલ મહાદલ દલિયા લો,
કાયા કૈ અંતિરિ ગગન મંડલ મૈં, સહજૈ સ્વામી મિલિયા લો,
ઐસી ગાવત્રી ધરબારિ હમારૈ, ગગન મંડલ મૈ લાધી લો.
ઈહિ લાગિ રહ્યા પરિવાર હમારા, લેઈં નિરંતરિ બાંધી લો,
કાનાં પૂછાં સીંગ બિબરજિત, બરન બિબરજિત ગાઈ લો,
મછિંદ્ર પસાદૈ જતી ગોરષ બોલ્યા, તહાઁ રહૈ લ્યો ભાઈ લો.[૧૦]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૭)

અવધૂ અહૂઠ પરબત મંઝાર, બૈલડી માડ્યૌ બિસ્તાર,
બેલી ફૂલ બેલી ફલ, બેલિ અછૈ મોત્યાહલ.
સિષ્ટિ ઉતપની બેલી પકાશ, મૂલ ન થી ચઢી આકાસ,
ઉરધ ગોઢ કિયો બિસતાર, જાંણ મૈં જોસી કરે બિચાર.
આઈસૌં ભીલ પારધી હાથ નહીં, પાઈ પ્યંગુલો મુષ દાંત ન કાહીં,
હયો હયો મૃધલૌ ધુણહી ન તંહીં, ઘંટા સુર તિહાં નાદ નાહીં.
ભીલડૈ તિહાં તાણિયૌ બાંણ મન હીં મૃધલૌ બેધિયો પ્રમાંણ.
હયોં હયોં મૃધલો બેધિયૌં બાંણ, ધુણહી બાંણ ન થી સરતાંણ.
ભીલડી માતંગી રાંણી, મૃધલૌ આંણી ઠાંણી,
ચરંણ બિહૂણૌં મૃધલૌં આણ્યૌં, સીસ સીંગ મુષ જાઈ ન જાણ્યૌં.
ભણત ગોરષનાથ મછિંદ્ર ના પૂતા, મારયો મૃધ ભયા અવધૂતા,
યાહિ હિયાલી જે કોઈ બૂઝૈ, તા જોગી કો તૃભુવન સૂઝૈ. (૧૧)

(૮)

ગુર કીજૈ ગહિલા નિગુરા ન રહિલા,
ગુર બિન ગ્યાંન ન પાયલા રે ભાઈલા.
દૂધૈ ધોયા કોઇલા ઉજલા ન હોઈલા,
કાગા કંઠૈ પહુપ માલ હંસલા ન ભૈલા.
અભાજૈ સી રોટલી કાગા લે ષાઈલા,
પૂછો મ્હારા ગુરુ નૈ કહૉં બૈસિ ષાઈલા.
ઉતર દિસ આવિલા, પછિમ દિસ જાઈલા,
પૂછૌ મ્હારા સત ગુરુ નૈં, તિહાં બૈસિ ષાઈલા
ચીંટી કેરા નેત્ર મેં ગઝયેંદ્ર સમાઈલા,
ગાવડી કે મુષ મેં બાધલા બિવાઈલા.
બારૈ બરસૈં બાંઝ બ્યાઈ, હાથ પાવ ટૂટા,
બદંત ગોરખનાથ મછિંદ્રના પૂતા. (૧૨)

(૯)

નાથ બોલૈ અમૃત બાંણી, બરિષૈગી કંબલી ભીજૈગા પાંણી...ટેક,
ગાડિ પડરબા બાંધિલૈ ષૂંટા, ચલ દમાંમાં બાજિલે ઊંટા.
કઉવા કી ડાલી પીપલ બાસૈ મૂસા કે સબદ બિલઈયા નાસૈ,
ચલે બટાવા થાકી બાટ, સોવૈ ડુકરિયા ઠૌરૈ ષાટ,
ઢુકિલે કૂકર ભૂકિલે ચોર, કાઢૈ ધણી પુકારૈ ઢોર.
મગરી પરિ ચૂલ્હા ધૂંધાઈ, પીવણહારા કૌ રોટી ખાઈ



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

કામિનિ જલૈ અંગીઠી તાપૈં, બિતિ બૈસંદર થરથર કાપૈ
એક જુ રઢિયા રઢતી આઈં, બહૂ બિયાઈં સાસૂ જાઈં
નગરી કૌ પાંણી કૂઈં આવૈ, ઉલટી ચરચા ગોરષ ગાવૈ.(૧૩)

(૧૦)

ચલિ રે અબિલા કોયલ મૌરી, ધરતી ઉલટિ ગગન કૂઁ દૌરી...ટેક.
ગઈયાં બપડી સિંધ નૈ ઘેરૈ મૃતક પસૂ સૂદ્ર કૂં ઉચરૈ,
કાટૈ સસત્ર પૂજૈ દેવ, ભૂપ કરૈ કરસા કી સેવ.
તલિ કરિ ઢકણી ઉપરિ ઝાલ, ન છીજૈગા મહારસ બંચેગા કાલ.
દીપક બાલિ ઉજાલા કીયા, ગોરષ કે સિરિ પરબત દીયા.(૧૪)

(૧૧)

સાંભંલિ રાજા બોલ્યા રે અવધૂ, સુણૌ ઉનોપમ બાંણી જી.
નિરગુણ નારી સૂં નેહ કરંતા, ઝબકૈ રૈણિ બિહાંણી જી..ટેક.
ડાલ ન મૂલ પત્ર નહિં છાયા, બિણ જલ પિંગુલા સીંચૈ જી,
બિણ હી મઢીયાં મંદલા બાજૈ, યણ બિધિ લોકા રીઝૈ જી.
ચીંટ્યાં પરબત ઢોલ્યારે અવધૂ, ગાયાં બાઘ વિડારયા જી,
સુસલૈ સમદાં લહરિ મનાઈં, મૃધાં ચીતા મારયા જી.
ઉઝડ મારિગ જાતા રે અવધૂ, ગુર બિણ નહીં પ્રકાસા જી,
જીત્યા ગોરષ અબ નહી હારૈ, સમઝિ ૨રાલૈ પાસા જી.(૧૫)

(૧૨)

ગોરષ બાલૂડા બોલૈ સતગુરુ બાંણી રે,
જીવતા ન પરણ્યાં તેન્હેં અગનિ ન પાંણી...ટેક.
ષીલી દૂઝૈ ભૈસિ બિરૌલૈ સાસૂડીપાલનડૈ બહુડી હિંડૌલૈ.
કોયલ મોરી આંબૌ બાસ્યૌ ગગન મછલડી બગલૌ ગરાસ્યૌ.
કરસન પાકુ રષવાલૂ ષાધૂ, ચરિ ગયા મૃધલા પારધી બાંધૂ.
સીંગી નાદૈ જોગી પૂરા, ગોરષનાથ પરન્યાં તિહાં ચંદ ન સૂરા.(૧૬)

(૧૩)

સરપ મરૈ બાંબી ઉઠિ નાચૈ, કર બિન ડૈરુ બાજૈ,
કહે નાથ જો યહિ બિધિ જીતૈ, પિંડ પડે તો સતગુર લાજૈ.
દરપન માહી દરસન દેષ્યા, નીર નિરંતરિ ઝાંઇ
આપા માહી આપા પ્રગટ્યા, લખૈ તૌ દૂર જાઈં,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ચકમક ઠરકૈ અગનિ ઝારૈ યૂં, દધ મથિ ધૃત ધરિ લીયા,
આપા માહીં આપા પ્રગટ્યા, તબ ગુરુ સન્દેસા દીયા.[૧૭]

(૧૪)

યા રહની મેં ઘર બાસા, જોગ જુગતિ કરિ પાયા...ઘર.
સિવ સમાધિ પંચ ઘર મેલા, ગોરષ તહાં સમાયા.
હાલી ભીતરિ ષેંત નિદાંણૈ, બગુ મૈં તાલાબ સમાઈ,
બરષૈ મોર કુહૂકૈ સાવણ, નદી અપૂઠી આઈ.
ગઉ પદ માંહી પહૌકર ફકૈ, દાદર ભર્ર્યં ઝિલારે,
ચાત્રિગ મેં ચૌમાસી બોલૈ એસા સમા હમારે.
આસા તૃષ્ણાં થિર હ્વૈ બૈઠી, પદ પરચૈસુષ પાયા,
સુકૈ તરવર કૂંપલ મૈલ્હી, યહિ બિધિ નિપજી કાયા.[૧૮]

**કબીર (ઈ.સ. ૧૩૯૮ - ૧૫૧૮)**

**સાખી**

(૧)

ઘર જારે ઘર ઉબરે, ઘર રાખે ઘર જાય,
એક અચંભા દેખિયા, મુવા કાલ કો ખાય.[૧૯]

(૨)

તિલ સમાન તો ગાય હૈ, બછડા નૌ નૌ હાથ,
મટકી ભરિ ભરિ દુહિ લિયા, પૂંછ અઠારહ હાથ.[૨૦]

(૩)

આગ જુ લાગી નીર મેં, કાદોં જરિયા ઝાર,
ઉત્તર દિસિ કા પંડિતા, રહા વિચાર વિચાર.[૨૧]

(૪)

નદિયા જલ કોઈલા ભઈ, સમુન્દર લાગી આગ,
મચ્છી બિરછા ચઢિ ગઈ, ઉઠ કબીરા જાગ.[૨૨]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૫)

જિહિ સર ઘડા ન ડૂબતા, મૈગલ મલિ મલિ નહાય,
દેવલ બૂડા કલસ સો, પંછિ પિયાસા જાય.[૨૩]

(૬)

કબીર ઉલ્ટા જ્ઞાન કા, કૈસે કરું વિચાર,
અસ્થિર બૈઠા પંથ કટૈ, ચલા ચલી નહિં પાર.[૨૪]

(૭)

ઘટી બઢી જાને નહીં, મન મેં રાખૈ જીત,
ગાદર લૈડે ગયંદ સો, દેખો ઉલ્ટી રીત.[૨૫]

(૮)

માતા મૂયે એક ફલ, પિતા મૂયે ફલ ચાર,
ભાઈ મૂયે હાનિ હૈ, કહૈં કબીર વિચાર.[૨૬]

(૯)

ચિઉંટી જહૉં ન ચઢિ સકે, રાઈ ના ઠહરાયા,
આવાગમન કી ગમ નહીં, તહૉં સકલો જગ જાય.[૨૭]

(૧૦)

મૂસ બિલાઈ એક સંગ, કહુ કૈસે રહિ જાય,
અચરજ એક દેખો હો સન્તો, હસ્તી સિંહહિ ખાય.[૨૮]

(૧૧)

પર્વત ઉપર હર બહૈ, ઘોડા ચઢિ બસૈ ગૉવ,
બિના ફૂલ ભૌરા રસ ચાહૈ, કહુ બિરવા કો નૉવ.[૨૯]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૨)

બુન્દ જો પરા સમુદ્ર મેં, સો જાનત સબ કોય,
સમુદ્ર સમાના બુન્દ મેં, સો જાને બિરલા કોય.[૩૦]

(૧૩)

લોગોં કેરિ અથાઈંયા, મતિ કોઈ પૈઠો ધાય,
એકૈ ખેત ચરત હૈં, બાઘ ગધેહરા ગાય.[૩૧]

(૧)

'હરિ કે ષારે બડે પકાયે, જિન જારે તિનિ ષાયે,
ગ્યાન અચેત ફિરે નર લોઈ, તાથે જનમિ જનમિ ઢહકાયે
ધૌલ મંદલિયા બૈલર બાજે, કઉવા તાલ બજાવૈ
પહરિ ચોલનાં ગાદહ નાચૈ ભૈસા નિરતિ કરાવૈ
સ્યંઘ બૈઠા પાન કતરૈ, ધૂંસ ગિલૌરી છાવૈ
ઉંદરી બપુરી મંગલ ગાવૈ કછૂએક આનંદ સુનાવૈ
કહે કબીર સુનહું રે સંતો, ગડરી પરવત ખાવા
ચકવા બૈસિ અંગારે નિગલૈ, સમંદ અકાસાં ધાવા.[૩૨]

(૨)

મૈં સાસને પીવ ગૌહનિ આઈ,
સાંઈ સંગિ સાધ નહીં પૂગી, ગયો જોબન સુપિનાં કી નાઈ... ટેક
પંચ જનાં મિલિ મંડપ છાયો, તીનિ જનાં મિલિ લગન લિખાઈ
સખી સહેલી મંગલ ગાંવૈ, સુખ દુઃખ સાથે હરદ ચઢાઈ
નાંનાં રંગે ભાંવરિ ફેરી, ગાંઠિ જોરી બાબૈ પતિતાઈ
પૂરિ સુહાગ ભયૌ બિન દૂલહ, ચૌક કે રંગિ ધર્યો સગૌ ભાઈ
અપને પુરિષ મુખ કબહૂં ન દેખ્યૌ, સતી હોત સમઘી સમઝાઈ
કહે કબીર હૌ સલિ રચિ મરિ હૂં, તિરૌ કંત લે તૂર બજાઈ.[૩૩]

(૩)

સાંઈ કે સંગ સાસુર આઈ,
સંગ ન સૂતી સ્વાદ ન માની, ગૌ જૌવન સપને કી નાઈ.
જના ચારિ મિલિ લગન સુધાયો, જના પાંચ મિલિ માંડૌ છાયો,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

સખી સહેલરી મંગલ ગાવૈ, દુઃખ સુખ માંથે હરદિ ચઢાવૈ
નાના રુપ પરી મન ભાંવરિ, ગાંઠી જોરી ભઈ પતિયાઈ
અરધા દે લૈ ચલી સુવાસિનિ, ચૌંકે રાંડ ભઈ સંગ સાંઈ
ભયો બિયાહ ચલી બિનુ દુલહ, બાટ જાત સમધી સમુઝાઈ
કહૈ કબિર હમ ગૌને જૈબે તરબ કંત લે તૂર બજાઈ.[૩૪]

(૪)

કૈસે નગરિ કરૌ કુટવારી, ચંચલ પુરષિ બિચષન નારી...ટેક
બૈલ બિયાઈ ગાઈ ભઈ બાંઝ, બછરા દૂહૈ તીન્યૂં સાંઝ,
મકડી ધરિ માષી છછિહારી, માસ પસારિ ચીલ્હ રખવારી,
મૂસા ખેવટ નાવ બિલઈયા, મીંડક સોવૈ સાંપ પહરઈયા
નિતિ ઉઠિ સ્યાલ સ્યંઘ સૂં ઝુઝૈ કહે કબીર કોઈ બિરલા બુઝૈ.[૩૫]

(૫)

અવધૂ જાગત નીંદ ન કીજૈ,
કાલ ન ખાઈ કલપ નહીં વ્યાપૈ, દેહી જુરા ન છીજૈ.... ટેક.
ઉલટી ગંગ સંમુદ્રહિ સોખૈ, સસિહર સૂર ગરાસૈ,
નવગ્રિહ મારિ રોગિયા બૈઠે, જલ મેં વ્યંબ પ્રકાસૈ.
ડાલ ગહ્યાં થેં મૂલ ન સૂઝૈ કે, મૂલ ગહ્યાં ફલ પાવા,
બંબઈ ઉલટિ શરપ કૌ લાગી, ધરણિ મહારસ ખાવા.
બૈઠિ ગુફા મેં સબ જગ દેખ્યા, બાહરિ કછૂ ન સૂઝૈ,
ઉલટે ધનકિ પારધી મારયૌ, યહુ અચિરજ કોઈ બૂઝૈ.
ઔંધા ઘડા ન જલ મેં ડૂબૈ, સૂધા સૂભર ભરિયા,
જાકોં યહુ જગ ધિણ કરિ ચાલૈ, તા પ્રસાદિ નિસ્તરિયા,
અમ્બર બરસૈ ધરતી ભીજૈ, યહુ જાંણૈં સબ કોઈ,
ધરતી બરસૈ અમ્બર ભીજૈ, બુઝૈ બિરલા કોઈ,
ગાંવણહારા કદૈ ન ગાવૈ, અણબોલ્યા નિત ગાવૈ,
નટવર પેષિ પેષનાં પેષૈ, અનહદ બેન બજાવૈ,
કહણીં રહણીં નિજ તત જાંણૈં, યહુ સબ અકથ કહાણીં,
ધરતી ઉલટિ અકાસહિ ગ્રાસે, યહુ પુરિસાં કી બાંણી,
બાજ પિયાલૈ અમૃત સોખ્યા, નદી નીર ભરિ રાષ્યા.
કહે કબીર તે બિરલા જોગી, ધરણિ મહારસ ચાષ્યા,[૩૬]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૬)

અવધુ જોગી જગ થૈ ન્યારા,
મુદ્રા નિરતિ સુરતિ કરિ સીંગી, નાદ ન ષંડે ધારા. . .ટેક.
બસૈ ગગન મૈં દુની ન દેખૈ, ચેતનિ ચૌકા બૈઠા,
ચઢિ અકાસ આસણ નહીં છાડૈ, પીવૈ મહારસ મીઠા.
પરગટ કંથાં મૉંહેં જોગી, દિલ મેં દરપન જોવૈ,
સહંસ ઈકીસ છ સૈ ધાગા, નિહચલ નાકૈ પોવૈ
બહ્મ અગનિ મેં કાયા જારૈ, ત્રિકુટી સંગમ જાગૈ,
કહૈ કબીર સોઈ જોગેસ્વર, સહજ સુંનિ લ્યૌ લાગૈ. (૩૭)

(૭)

અવધૂ ગ્યાંનં લહરિ ધૂનિ માંડી રે,
સબદ અતીત અનાહદ રાતા, ઈંહિ વિધિ ત્રિષ્ણાં ષાંડી. .ટેક.
બન કૈ સસૈ સમંદ ઘર કીયા, મંછા બસૈ પહાડી,
સુઈ પોવૈ બામ્હણ મતવાલા, ફલ લાગા બિન બાડી.
ષાડ બુએ કૌલી મેં બૈઠી, મૈં ખૂંટા મૈ ગાડી,
તાણેં બાણેં પડી અનંબાસી, સૂત કહૈ બુણિ ગાઢી.
કહૈ કબીર સુનહુ રે સંતો, અગમ ગ્યૉન પદ મૉહીં,
ગુરુ પ્રસાદ સૂઈં કૈ નાંકે હસ્તી આવૈ જાંહી. (૩૮)

(૮)

દૂભર પનિયૉં ભર્યા ન જાઈ, અધિક ત્રિષા હરિ બિન ન બુઝાઈ. .ટેક.
ઉપરિ નીર લેજ તલિ હારી, કૈસેં નીર ભરૈ પનિહારી.
ઊધર્યો કૂપ ઘાટ ભયૌ ભારી, ચલીં નિરાસ પંચ પનિહારી.
ગુર ઉપદેસ ભરી લૈ નીરા, હરષિ હરષિ જલ પીવૈ કબીરા. (૩૯)

(૯)

ગુરુ ને પઠાયા બચ્ચા ન્યામત લાના,
પહલી ન્યામત આટા લાના, ગૉંવ નગર કે પાસ ન જાના,
હાટ બજાર છોડિ કે બચ્ચા, ઝોરી ભર કે લાના.
દૂસરી ન્યામત જલ ભર લાના, કૂઑ બાવલી કે પાસ ન જાના,
ગંગા જમુના છોડિ કે બચ્ચા, કમંડલ ભર કે લાના.
તીસરી ન્યામત કલિયા લાના, જીવ જન્તુ કે પાસ ન જાના,
જિન્દા મુરદા છોડિ કે બચ્ચા, હણ્ડી ભર કે લાના.
ચૌથી ન્યામત લકડી લાના, બાગ-બગીચે કે પાસ ન જાના,



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

સુખી ઓદી છોડિ કે બચ્ચા, ગઢ્ઢા બાઁધિ કે લાના.
કહહિં કબીર સુનો ભાઈ સાધો, યહ પદ હૈ નિર્બાની,
જો યહ પદ કો ગાય બિચારે, સોઈ મહામુનિ જ્ઞાની.(૪૦)

(૧૦)

સન્તો સસુરે કા પઠવો સંદેશ નૈહરવા મેં આગ લગી.
નાઉ મરિગે બારી મરિગે, મિરગા આવા જાહી,
રાન પરોસિન અનહૂં મરિગે, કો મોર બતિયા ચલાઈ.
દાઈ મરિગે બાબા મરિગે, જિન મોર લગન ધરાઈ,
બેદી પર કે પંડિત મરિગે, જિન મોર બ્યાહ કરાઈ.
સાત ખંડ સત મહલા જરિગા, બસ્તર જરા અનેક,
જેઠ તીન ભૌજાઈ જરિ ગઈ, મૈં ભાગિ બચિઉં ધનિ એક.
દુલહા મરિગા માડૌ જરિગા, દુલહિન ભઈ અહિબાતી.
કહહિં કબીર સુનો ભાઈ સાધો, રોવત ચલે બરાતી.(૪૧)

(૧૧)

સો નૈયા બિચ નદિયા ડૂબી જાય,
એક અચમ્ભા હમને દેખા, ગદહા કે દો સીંગ,
ઉસકે ગલે મેં રસ્સા બાંધા, ખૈંચત અર્જુન ભીમ.
એક અચમ્ભા હમને દેખા, કૂંઑ મેં લાગી આગ,
કીચડ કાંદો સબહી જરિગા, મછલી ખેલૈ ફાગ.
એક અચમ્ભા હમને દેખા, બંદર દૂહે ગાય,
દૂધ દહી સબ અપના ખાવે, ઘિયના બનારસ જાય.(૪૨)

(૧૨)

યમતે ઉલટિ ભયે હૈં રામ, દુઃખ બિનસે સુખ કિયો વિશ્રામ.
બૈરી ઉલટિ ભયે હૈં મીતા, સાતક ઉલટિ સુજન ભયે ચીતા.
અબ મોહિ સરબ કુશલ કરિ માનિયા, શાંતિ ભઈ જબ ગોબિંદ જાનિયા.
તન મહ હોતી કોટિ ઉપાધિ, ઉલટિ ભઈ સુખ સહજ સમાધિ.
આપ પિછાને આપૈ આપ, રોગ ન બ્યાપૈ તીનોં તાપ.
અબ મન ઉલટિ સનાતન હુઆ, તબ જાનિયા જબ જીવત મુઆ.
કહૈં કબીર સુખ સહજ સમાઓ, આપુ ન ડરૌ ન ઔર ડરાઐ.(૪૩)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૩)

રસ ગગન ગુફા મેં અજર ઝરૈ.
બિનુ બાજા જનકાર ઉઠૈ જહૅં, સમુઝિ પરૈ જબ ધ્યાન ધરૈ.
બિના તલાવ જહૅં કવલ ફૂલાને, તેહિ ચઢિ હંસા કેલિ કરૈ.
બિનુ ચંદા ઉજિયારી દરસૈ, જહૅં તહૅં હંસા નજરિ પરૈ.
દસવેં દ્વારે તારી લાગી, અલખ પુરુષ જાકો ધ્યાન ધરૈ.
કાલ કરાલ નિકટ નહિં આવૈ, કામ ક્રોધ મદ લોભ જરૈ.
જુગન-જુગન કી તૃષ્ણા બુઝાની, કરમ ભરમ અઘ વ્યાધિ ટરૈ.
કહૈં કબીર સુનો ભાઈ સાધો, ઉમર હોય કબહૅૂં ન મરૈ.(૪૪)

(૧૪)

એક અચંભા દેખા રે ભાઈ, ઠાઢા સિંહ ચરાવૈ ગાઈ.
પહલે પૂત પાછે ભઈ ભાઈ, ચૈલા કે ગુરુ લાગૈ પાઈ.
જલ કી મછરી તરવરિ બ્યાઈ, પકડિ બિલાઈ મૂસે ખાઈ.
બૈલહિ ડારિ ગુંનિ ધરિ આઈ, કૂતા કૂં લૈ ગઈ બિલાઈ.
તલિ કરિ સાષા ઉપરિ કરિ મૂલ, બહુત ભાંતિ જડ લાગૈ ફૂલ.
કહૈં કબીર યા પદ કો બૂઝૈ, તાકૂં તીન્યૂ ત્રિભવન સૂઝૈ.(૪૫)

(૧૫)

તોહિ રોકન વાલા કૌન, મગન સે જાવ ચલી.
ચિંઉટી ચાલી સાસુરે, નવ મન કાજલ લાય.
હાથી વાકી ગોદ મેં, ઊંટ લિયા લટકાય.
અંડા થા તબ બોલતા, બચ્ચા બોલત નાહિં.
ષડ્દર્શન સંશય પડી, જીવોં કો ગમ નાહિં,
પહિલે દહી જમાઈએ, પીછે દુહિયે ગાય.
બછડા વાકે પેટ મેં, માખન હાટ બિકાય.
પહિલે તો મેં જનમિયા, પીછે બડા ભાઈ.
ધૂમધામ સે બાબા જનમે, પીછે મોરી માઈ.
કહે કબીર સૂનો ભાઈ સાધો, યહ પદ કો અર્થાવો.
યહિ પદ કો જો બૂઝિ ચલત હૈ, વહી મોક્ષ પદ પાવો.(૪૬)

(૧૬)

હમ ન મરૈં મરિહૈં સંસારા, હમકા મિલા જિયાવનહારા.
સાકત મરહિં સંત જન જીવહિં, ભરિ-ભરિ રામરસાયન પીવહિં.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

હરિ મરિહૈં તો હમહૂં મરિહૈં, હરિ ન મરૈ હમ કાહેક મરિહૈં.
કહૈ કબીર મન મનહિ મિલાવા, અમર ભયે સુખસાગર પાવા.(૪૭)

(૧૭)

ચલી જાત દેખી એક નારી, તક ગાગરિ ઉપર પનિહારી.
ચલી જાત વહ બાટહિ બાટા, સોવનહાર કે ઉપર ખાટા.
જાડન મરે સફેદી સૌરી, ખસમ ન ચીન્હેં ધરણિ ભઈ બૌરી.
સૉંઝ સકાર દિયા લૈ બારૈ, ખસમહિ છાડિ સઁબરે લગવારે.
વાહી કે રસ નિસ-દિન રાઁચી, પિયા સો બાત કહૈ નહિં સૉંચી.
સોવત છાઁડિ ચલી પિય અપના, ઈં દુઃખ અબધૌં કહૈ કેહિ સના.(૪૮)

(૧૮)

સન્તો અચરજ એક ભૌ ભારી, પુત્ર ધઈલ મહતારી.
પિતા કે સંગે ભઈ બાવરી, કન્યા રહલ કુઁવારી.
ખસમહિ છાડિ સસુર સંગ ગૌની, સો કિન લેહુ બિચારી.
ભાઈ કે સંગ સાસુર ગૌની, સાસુહિ સાવત દીન્હા.
નણંદ ભૌજ પરપંચ રચો હૈ, મોર નામ કહિ લીન્હા.
સમધી કે સંગ નાહીં આઈ, સહજ ભઈ ધરબારી.
કહહિં કબીર સુનો હો સન્તો, પુરુષ જન્મ ભૌ નારી.(૪૯)

(૧૯)

રામુરા ઝીઝી જન્તર બાજે, કર ચરણ બિહૂના નાચે.
કર બિનુ બાજૈ સુનૈ શ્રવણ બિનુ, શ્રવણ શ્રોતા સોઈ
પાટન સુબસ સભા બિનુ અવસર, બૂઝો મુનિજન લોઈ
ઈન્દ્રિ બિનુ ભોગ સ્વાદ જિભ્યા બિનુ, અક્ષય પિણ્ડ બિહૂના.
જાગત ચોર મન્દિર તહૉં મૂસે, ખસમ અછત ઘર સૂના.
બીજ બિનુ અંકુર પેડ બિનુ તરિવર, બિનુ ફૂલે ફલ ફરિયા.
બાઁઝ કિ કોખ પુત્ર અવતરિયા, બિનુ પગ તરિવર ચઢિયા.
મસિ બિનુ દ્વાઈંત કલમ બિનુ કાગદ, બિનુ અક્ષર સુધિ હોઈ
સુધિ બિનુ સહજ જ્ઞાન બિનુ જ્ઞાતા, કહહિં કબીર જન સોઈ.(૫૦)

(૨૦)

અવધૂ વો તત્તુ રાવલ રાતા, નાચૈ બાજન બાજુ બરાતા.
મૌર કે માથે દુલહા દીન્હા, અકથ જોરિ કહાતા.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

મંડયે કે ચારન સમધી દીન્હા, પુત્ર બ્યાહિલ માતા.
દુલહિન લીપિ ચૌક બૈઠારી, નિર્ભય પદ પરકાશા.
ભાતૈ ઉલટિ બરાતિહિ ખાયો, ભલી બની કુશલાતા.
પાણિગ્રહણ ભયો ભૌ મણ્ડન, સુષમનિ સુરતિ સમાની.
કહહિં કબીર સુનો હો સન્તો, બૂઝો પણ્ડિત જ્ઞાની.[૫૧]

(૨૧)

ભાઈ રે અદ્‌ભુદ રૂપ અનૂપ કથ્યો હે કહો તો કો પતિઆઈ.
જહૅાં-જહૅાં દેખો તહૅાં-તહૅાં સોઈ, સબ ઘટ રહા સમાઈ.
લક્ષ બિનુ સુખ દરિદ્ર બિનુ દુઃખ, નીંદ બિના સુખ સોવૈ.
જસ બિનુ જ્યોતિ રુપ બિનુ આશિક, એસો રતન બિહૂના રોવૈ.
ભ્રમ બિનુ ગંજન મણિ બિનુ નીરખ, રુપ બિના બહુ રુપા.
થિતિ બિનુ સુરતિ રહસ બિનુ આનન્દ, એસો ચરિત અનૂપા.
કહહિં કબીર જગત હરિ માનિક, દેખો ચિત અનુમાની.
પરિહરિ લાખ લોભ કુટુમ્બ તજિ, ભજહુ ન સારંગ પાની.[૫૨]

(૨૨)

ઐસો હરિ સો જગતુ ભરતુ હૈ, પાણ્ડુર કતહૂૅ ગરુડ ધરતુ હૈ.
મૂસ-બિલાઈ કૈસન હેતુ, જમ્બુક કરૈ કેહરિ સોં ખેતૂ.
અચરજ એક દેખો સંસારા, સ્વનહા ખેંદૈ કુંજર અસવારા.
કહહિં કબીર સુનો સન્તો ભાઈ, ઈહૈ સન્ધિ કાહુ બિરલૈ પાઈ.[૫૩]

(૨૩)

બૂઝ બૂઝ  પણ્ડિત કરહુ બિચારા, પુરુષા હૈ કિ નારી.
બ્રાહ્મણ કે ઘર બ્રાહ્મણી હોતી, યોગી કે ઘર ચેલી.
કલમા પઢિ-પઢિ ભઈ તુરુકની, કલિ મેં રહત અકેલી.
બર નહિ બરે બ્યાહ નહિં કરે, પુત્ર જન્માવનહારી.
કારે મૂૅડ કો એકહુ ન છૅાંડી, અજહૂૅ આદિ કુમારી.
મૈંકે રહૈ જાય નહિં સસુરે, સાઁઈ સંગ ન સોવેં
કહૈં કબીર મૈં યુગ યુગ જીવોં, જાતિ પૅાંતિ કુલ ખોવોં.[૫૪]

(૨૪)

બૂઝ બૂઝ પણ્ડિત પદ નિર્બાન, સાઁઝ પરે કહવૅાં બસે ભાન.
ઊંચ નીચ પર્વત ઢેલા ન ઈંટ, બિનુ ગાયન તહૅવા ઉઠૈ ગીત.
ઓસ ન પ્યાસ મંદિર નહિં જહવૅાં, સહસોં ધેનુ દૂહાવૈં તહવાઁ



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

નિત અમાવસ નિત સંક્રાન્તિ, નિત નિત નૌગ્રહ બૈઠે પાઁતિ.
મૈં તોહિ પૂછૌ પણ્ડિત જના, હૃદયા ગ્રહણ લાગુ કેહિ ખના.
કહહિં કબીર ઇતનો નહિં જાન, કૌન શબ્દ ગુરુ લાગા કાન. (૫૫)

(૨૫)

બુઝ લીજૈ બ્રહ્મજ્ઞાનિ.
ઘૂરિ ઘૂરિ બરસા બરસાવૈ, પરિયા બુન્દ ન પાની.
ચિઉંટી કે પગ હસ્તી બાઁધી, છેરી બીગ રખાવૈં.
ઉદધિ માઁહ તે નિકરિ છાઁછરી, ચૌડે ગ્રહ કરાવૈ.
મેઢુક સર્પ રહત એક સંગે, બિલૈયા સ્વાન બિયાઈ.
નિત ઉઠિ સિંહ સિયાર સો ડરપૈ, અદ્ભુદ કથ્યો ન જાઈ.
કૌને સંશય મૃગા બન ઘેરે, પારથ બાણા મેલે.
ઉદધિ ભૂપ તે તરિવર ડાહૈ, મચ્છ અહેરા ખેલે.
કહહિં કબીર યહ અદ્ભુદ જ્ઞાના, કો યહ જ્ઞાનહિ બૂઝૌ
બિનુ પંખે ઉડિ જાય અકાશૈ, જીવહિ મરણ ન સૂઝૈ. (૫૬)

(૨૬)

નર કો ઢાઢસ દેખો આઈ, કછુ અકથ કથ્યો હૈ ભાઈ.
સિંહ શાર્દુલ એક હર જોતિનિ , સીકસ બોઈનિ ધાનૈ.
બન કી ભૂલૈયા ચાખુર ફેરેં, છાગર ભયે કિસાને.
છેરી બાઘૈ બ્યાહ હોત હૈ, મંગલ ગાવૈ ગાય.
બન કે રોઝા ધરિ દાયજ દીન્હોં, ગોહ લો કન્ધે જાઈ
કાગા કાપર ધોવન લાગે, બકુલા કિરપહિં દાંતે
માઁખી મૂંડ મુંડાવન લાગી, હમહૂં જાબ બરાતે.
કહહિં કબીર સુનો હો સન્તો, જો યહ પદ અર્થાવૈ.
સોઈ પણ્ડિત સોઈ જ્ઞાતા, સોઈ ભક્ત કહાવૈ (૫૭)

(૨૭)

નર હરિ લાગિ દૌં બિકાર બિનુ ઈન્ધન, મિલે ન બૂઝાવનહારા.
મૈં જાનોં તોહી સે બ્યાપૈ, જરત સકલ સંસારા.
પાની માહિ અગિન કો અંકુર, જરત બૂઝાવૈ પાની.
એક ન જરે જરૈં નૌ નારી, યૂક્તિ ન કાહૂ જાની.
શહર જરે પહરુ સુખ સોવૈ, કહૈ કુશલ ઘર મેરા.
પુરિયા જરૈ વસ્તુ નિજ ઉબરૈ, બિકલ રામ રંગ તેરા.
કુબજા પુરુષ ગલે એક લાગા, પૂજિ ન મન કી સરધા.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

કરત બિચાર જન્મ ગૌ ખીસે, ઈ તન રહત અસાધા.
જાનિ બૂઝિ જો કપટ કરતુ હૈ, તેહિ અસ મન્દ ન કોઈ
કહહિં કબીર તેહિ મૂઢ કો, ભલા કૌન બિધિ હોઈ (૫૮)

(૨૮)

મૈં કાસોં કહીં કો સુને કો પતિયાય, ફૂલવા કે છુવત ભૅવર મરિ જાય.
જોતિયે ન બોઈયે સીંચિયે ન સોય, બિનુ ડાર બિનુ પાત ફૂલ એક હોય.
ગગન મણ્ડલ બિચ ફૂલ એક ફૂલા, તર ભૌ ડાર ઊપર ભૌ મૂલા.
ફૂલ ભલ ફૂલલ મલિનિ ભલ ગૉથલ, ફૂલવા બિનશિ ગૌ ભૅવર નિરાસલ
કહહિં કબીર સુનો સન્તો ભાઈ, પણ્ડિત જન ફૂલ રહલ લુભાઈ. (૫૯)

(૨૯)

જો ચરખા જરિ જાય બઢૈયા ના મરૈ
મૈં કાતોં સુત હજાર, ચરખુલા જિન જરૈ
બાબા મોર બિયાહ કરાવ, અચ્છા બરહિ તકાય.
જૌ લૌં અચ્છા બર ના મિલૈ, તૌ લોં તુમહિ બિહાય
પ્રથમેં નગર પહુઁચતે, પરિગૌ સોગ સન્તાપ.
એક અચમ્ભવ હમ દેખા, જો બિટિયા બ્યાહિલ બાપ.
સમધી કે ઘર લમધી આયે, આયે બહૂ કે ભાય.
ગોડે ચૂલ્હા દૈ દૈ, ચરખા દિયો દૃઢાય.
દેવ લોક મરિ જાયેંગે, એક ન મરે બઢાય.
યહ  મનરંજન કારણે, ચરખા દિયો દૃઢાય.
કહહિં કબીર સુનો હો સન્તો, ચરખા લખૈ જો કોય.
જો યહ ચરખા લખિ પરે, તાકો આવાગવન ન હોય. (૬૦)

(૩૦)

તુમ યહિ વિધિ સમઝો લોઇ, ગોરી મુખ મન્દિર બાજૈ.
એક સર્ગુણ ષટ ચક્રહિં બંધે, બિના બૃષભ કોલ્હૂ માચા.
બ્રહ્મહિં પકરિ અગ્નિમાં હોમૈ, મચ્છ ગગન ચઢિ ગાજા.
નિત અમાવસ નિત ગ્રહણ હોઈ, રાહુ ગ્રાસે નિત દીજૈ.
સુરભી ભક્ષણ કરત વેદમુખ, ઘન બર્સે તન છીજૈ.
ત્રિકુટી કુણ્ડલ મધ્યે મન્દિર બાજે, ઔઘટ અમ્મર છીજૈ
પુહુમિ કા પનિયા અમ્મર ભરિયા, ઈ અચરજ કોઇ બૂઝૈ.
કહહિં કબીર સુનો હો સન્તો, યોગિન સિદ્ધિ પિયારી.
સદા રહે સુખ સંયમ અપને, બસુધા આદિ કુમારી. (૬૧)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૩૧)

કો અસ કરે નગર કોટવલિયા, મૉંસુ ફૈલાય ગિદ્ધ રખવરિયા.
મૂસ ભૌ નાવ મંજારિ કૅડિહરિયા, સોવૈ દાદુર સર્પ પહરિયા.
બૈલ બિયાય ગાય ભઈ બંઝા, બછરુ દુહિયે તિન-તિન સાંઝ.
નિત ઉઠિ સિંહ સિયાર સોં જૂઝૈ, કબિરા કા પદ જન બિરલા બૂઝૈ. (૬૨)

(૩૨)

દેખઉ લોગા હરિ કેર સગાઈ, માયા ધરિ પૂત ધિયઉ સંગ જાઈ
સાસુ નનદ મિલિ અચલ ચલાઈ, મૅંદરિયા કે ગૃહ બૈઠી જાઈ
હમ બહનોઈ રામ મોર સારા, હમહિં બાપ હરિ પુત્ર હમારા.
કહહિં કબીર યે હરિ કે બૂતા, રામ રમેતે કુકુરિ કે પૂતા. (૬૩)

(૩૩)

અવધૂ ઐસા જ્ઞાન વિચારમ્,
બેંડે ચઢૈ સો અધધર ડૂબૈ નિરાધાર ભયે પારમ્.
ઉઘટ ચલૈ સો નગરિ પહુઁચે બાટ ચલે તે લૂટે,
એક જેવરી સબ લપટાને કૈ બાંધે કૈ છૂટે.
મંદિર પૈસિ ચહૂઁ દિસિ ભીજે બાહિર રહે તે સૂકા,
સરિ મારે તે સદા સુખારે, અનમારે તે દૂખા.
બિના નૈન કે સબ જગ દેખે લોચન અછતે અંધા,
કહૈ કબીર કછુ સમઝ પરી હૈ યહ જગ દેખ્યૌ અંધા. (૬૪)

**સુંદરદાસ (ઈ.સ.૧૫૯૬)**

(૧)

શ્રવનહુ દેખૈ સુનૈ પુની નૈનહુ, જિહ્‌વા સુંઘૈ નાસિકા બોલ,
ગુદા ખાય ઇંદ્રિય જલ પીવૈ, બિનહી હાથ સુમેરહી તોલ ;
ઊંચે પાંવ મુંડી નીચેકું, તીન લોકમેં બિચરત ડોલ,
સુંદરદાસ કહૈ સુન જ્ઞાની, ભલી ભાંત યા અર્થહી ખોલ. (૬૫)

(૨)

અંધા તીન લોકકૂં દેખૈ, બૈરા સુનૈ બહુત બિધિ નાદ,
નકટા બાસ કમલકી લેવૈ, ગુંગા કરૈ બહુત સંવાદ ;



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

ઠુંઠા પકરી ઊઠાવૈ પર્વત, પંગુ કરૈ નિરત અહ્‌લાદ,
જો કોઉ યાકો અર્થ બિચારૈ, સુંદર સોઈ પાવૈ સ્વાદ.(૬૬)

(૩)

કુંજરકૂં કીરી ગિલી બૈઠી, સિંહહી ખાઈ અધાનો શ્યાલ,
મછરી અગ્નિમાંહી સુખ પાયો, જલમેં બહુત હુતી બેહાલ ;
પંગુ ચઢયો પર્વતકે ઉપર, મૃતકહી દેખી ડરાનો કાલ,
જો કોઉ અનુભવી હોય સો જાનૈ, સુંદર ઐસા ઊલટા ખ્યાલ.(૬૭)

(૪)

બુંદમાંહી સમુદ્ર સમાનો, રાઈમાંહી સમાનો મેર,
પાનીમાંહી તુંબીકા ડૂબી, પાહન તરત ન લાગી બેર ;
તીન લોકમેં ભયા તમાસા, સૂરજ કીયો સકલ અંધેર,
મૂરખ હોય સો અર્થહી પાવૈ, સુંદર કહે શબ્દમેં ફેર.(૬૮)

(૫)

મછરી બગલાકૂં ગ્રહી ખાયો, મૂષા ખાયો કારો સાપ,
સુએ પકરી બિલાઇ ખાઈ, તાકે મુએ ગયો સંતાપ ;
બેટી અપની મૈયા ખાઈ, બેટે અપનો ખાયો બાપ,
સુંદર કહે સુનોહો સંતો, તિનકૂં કોઉ ન લાગ્યો પાપ.(૬૯)

(૬)

દેવમાંહિ તેં દેવલ પ્રગટયો, દેવલમાંહી પ્રગટયો પુની દેવ,
શિષ્ય ગુરુહી ઉપદેશન લાગ્યો, રાજા કરૈ રંકકી સેવ ;
વંધ્યાપુત્ર પંગુ ઈક જાયો, તાકૂં ઘર ખોવનકી ટેવ,
સુંદર કહત સો પંડિત જ્ઞાતા, જો કોઉ યાકો જાનૈ ભેવ.(૭૦)

(૭)

કમલમાંહી તેં પાની ઉપજયો, પાનીમાંહી તેં ઉપજયો સૂર,
સૂરમાંહી શીતલતા ઉપજી, શીતલતામેં સુખ ભરપુર ;
તા સુખકો ક્ષય હોય ન કબહુ, સદા એકરસ નિકટ ન દૂર,
સુંદર કહત સત્ય યહ યુંહી યામેં રતી ન જાનહુ કૂર.(૭૧)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૮)

હંસ ચઢયો બ્રહ્માકે ઉપર, ગરુડ ચઢયો પુની હરિકી પીઠ,
બેલ ચઢયો હૈ શિવકે ઉપર, સો હમ દીઠો અપની દીઠ ;
દેવ ચઢયો પાની કે ઉપર, જરખ ચઢયો ડાયનીપર નીઠ
સુંદર એક અચંબા હુઆ, પાનીમાંહી જરૈ અગીઠ.[૭૨]

(૯)

કપરા ધોબીકૂં ગહી ધોવૈ, માટી બપરી ઘૈડૈ કુંભાર,
સુઈ બિચારી દરજીહી સીવૈ, સોના તાવૈ પકરી સોનાર ;
લકરી બઢઈકોં ગહી છીલૈ, ખાલ સુ બૈઠી ધમૈ લુહાર,
સુંદરદાસ કહૈ સો જ્ઞાની, જો કો યાકો કરૈ બિચાર.[૭૩]

(૧૦)

જા ઘરમાંહી બહુત સુખ પાયો, તા ઘરમાંહી બસૈ અબ કૌન,
લાગી સબૈ મીઠાઈ ખારી, મીઠો લાગ્યો એક વહ લૌન ;
પર્વત ઉડૈ રુઇ સ્થિર બૈઠી, ઐસો કોઇક બાજ્યો પૌન,
સુંદર કહૈ ન માને કોઇ, તાતેં પકરી રહીએ મૌન.[૭૪]

(૧૧)

રજનીમાંહી દિવસ હમ દેખ્યો, દિવસમાંહી દેખી હમ રાત,
તેલ ભર્યો સંપૂરન તામેં, દીપક જરૈ જરૈ નહિ બાત;
પુરુષ એક પાનીમેં પ્રગટયો, તા નગુરાકી કૈસી જાત ?
સુંદર સોહી લહૈ અર્થકું, જો નિત કરૈ પરાઇ તાત.[૭૫]

(૧૨)

ઉનયો મેઘ ચહું દિશિમેં, બર્ષન લગ્યો અખંડિત ધાર,
બૂડયો મેરુ નદી સબ સૂકી, ઉર લાગ્યો નિશદિન ઇકતાર ;
કાંસા પર્યો બીજલીકે ઉપર, કીનો સકલ કુટુંબ સંહાર,
સુંદર અર્થ અનુપમ યાકો, પંડિત હોય સો કરૈ બિચાર.[૭૬]



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૩)

વાડીમાંહી માલી નિપજ્યો, માલીમાંહી નિપજ્યો ખેત,
હંસહીં ઊલટી શ્યામરંગ લાગ્યો, ભ્રમર ઊલટી કરી હુઓ શ્વેત ;
શશિયર ઊલટી રાહુકૂં ગ્રાસ્યો, સૂર ઊલટી કરી ગ્રાસ્યો કેત,
સુંદર સગુરાકો તજી ભાગ્યો, નગુરાસેંતી બાંધ્યો હેત.(૭૭)

(૧૪)

અગ્નિ મથન કરી લકરી કાઢી, સો વહ લકરી પ્રાણ આધાર,
પાની મથી કરી ઘીઉ નીકાસ્યો, સો ઘૃત ખાયો વારંવાર ;
દુધ દહિકી ઇચ્છા ભાગી, જાકું મથત સકલ સંસાર,
સુંદર અબ તો ભયે સુખારે, ચિંતા રહી ન એક લગાર.(૭૮)

(૧૫)

પાત્રમાંહી ઝોલી ગહી રાખૈ, યોગી ભિક્ષા માગન જાઇ,
જાગૈ જગત સોવહી ગોરખ, ઐસા શબ્દ સુનાવૈ આઇ ;
ભિક્ષા ફીરૈ બહુત ગુરુ તાકૂં, સો યહ ભિક્ષા ચેલે ખાઇ,
સુંદર યોગી યુગ યુગ જીવૈ, તા અવધૂતકી દૂર બલાઇ.(૭૯)

(૧૬)

પરધન હરૈ કરૈ પરનિંદા, પરત્રિયાકૂં રાખૈ ઘરમાંહી,
માંસ ખાય મદિરા પુની પીવૈ, તાહી મુકિતકો સંશય નાંહી ;
અકર્મ ગહૈ કર્મ સબ ત્યાગૈ, તાકી સંગત પાપ નસાંહી,
ઐસી કરૈ સો સંત કહાવૈ, સુંદર ઔર ઉપજી મરી જાંહી.(૮૦)

(૧૭)

નિર્દય હોઇ તિરૈ પશુઘાતિક, દયાવંત બૂડૈ ભવમાંહી,
લોભી લગૈ સબનકૂં પ્યારો, નિલોભીકૂં ઠોહર નાંહી ;
મિથ્યાવાદી મિલૈ બ્રહ્મકું, સત્ય કહૈ સો યમપુરી જાંહી,
સુંદર ધૂપમાંહી શીતલતા, જરત રહૈ સો બૈઠે છાંહી,(૮૧)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૮)

બઢઇ ચરખા ભલો સંવાર્યો, ફીરને લાગ્યો નીકી ભાંત,
બહૂ સાસુકૂં કહી સમુઝાવૈ, તું મેરે ઢિગ બૈઠી કાંત;
તાકો તાર ન ટૂટૈ કબહુ, પુની ઘટે નહિ દિનરાત,
સુંદર વિધિસૂં બને ઝુલાહા, ખાસા નીપજૈ ઉંચી જાત.(૯૨)

(૧૯)

માઇબાપ તજી ધી ઉમડાની, હરખત ચલી ખસમકે પાસ,
બહૂ બિચારી બડી બખ્તાવર, જાકે કહે ચલતી હૈ સાસ ;
ભાઇ ખરો ભલો હિતકારી, સબ કુટુંબકો કીનો નાસ,
એસી વિધિ ઘર બસ્યો હમારો, કહી સમુજાવૈ સુંદરદાસ.(૯૩)

(૨૦)

ઘર ઘર ફીરૈ કુંવારી કન્યા, જને જને સૂં કરતી સંગ,
વેશ્યા સો તો ભઇ પતિવ્રતા, એક પુરુષ કે લગી અંગ;
કલિયુગ માંહી સતયુગ થાપ્યો, પાપી-ઉદય ધર્મકો ભંગ,
સુંદરદાસ કહત અર્થ સો પાવૈ, જો નીકે કરી ભજૈ અનંગ.(૯૪)

(૨૧)

વિપ્ર રસોઇ કરને લાગ્યો, ચોકા ભીતર બૈઠો આઇ,
લકરી માંહી ચૂલા દીયો, રોટી ઉપર તવા ચઢાઇ ;
ખિચરી માંહિ હંડીયા રાંધી, સાલન આક ધતૂરા ખાઇ,
સુંદર જીમત અતિ સુખ પાયો, અબકે ભોજન કિયો અઘાઇ.(૯૫)

(૨૨)

બૈલ ઊલટી નાયકકૂં લાધો, વસ્તુ માંહી ભરી ગુન અપાર,
ભલી ભાંતિકા સૌદા કીયા, આય દેશાંતર યા સંસાર ;
નાયકિની પુની હરખન લાગી, મોહી મિલ્યો નીકો ભરતાર,
પુંજી જાઇ શાહકૂં સોંપી, સુંદર શિરતૈ ડાર્યો ભાર.(૯૬)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

( ૨૩ )

બનિયા એક બનજકૂં આયો, પેરે તવારા ભારી ભેઠ,
ભલી વસ્તુ કછુ લીની દીની, ખૈચી ગઠરીયાં બાંધી ઐઠ;
સૌદા કીયા ચલ્યો પુની ઘરકૂં, લેખા કીયા વારિતર બેઠ,
સુંદર શાહ ખુશી અતિ હુવો, બૈલ ગયો પુંજીમેં પૈઠ.(૮૭)

( ૨૪ )

પહરાઈત ઘર ઘુસૈ શાહકે, રક્ષા કરને લાગૈ ચોર,
કોટવાલ કાઠહુ કરી બાંધ્યો, છૂટે નહિ સાંઝ અરુ ભોર ;
રાજા ગામ છોડકે ભાગ્યો, હુવો સકલ જગત મેં સોર,
પરજા સુખી ભઈ નગરીમેં, સુંદર કોઈ જુલમ ન જોર.(૮૮)

( ૨૫ )

રાજા ફીરે વિપતકો માર્યો, ઘર ઘર ટુકડા માગે ભીખ,
પાંવ પિયાદો નિશદિન ડોલૈ, ઘોડા ચાલી શકે ન વીખ ;
આક અરંડકી લકરી ચૂષૈ, છાંડૈ બહુત રસ ભરે ઈખ,
સુંદર કોઉ જગતમેં વિરલો, યા મૂરખકૂં લાવૈ શીખ.(૮૯)

( ૨૬ )

પાની જરૈ પુકારે નિશદિન, તાકૂં અગ્નિ બુઝાવૈ આઈ,
મૈં શીતલ તૂં તપત ભયા કયું, વારંવાર કહે સમુઝાઈ ;
મેરી ઝપટ તોહી જો લાગૈ, તૌ તૂં ભી શીતલ વ્હૈ જાઈ,
બહૂ જરની ફેરી ન ઉપજૈ, સુંદર સુખમેં રહૈ સમાઈ.(૯૦)

( ૨૭ )

ખસમ પર્યો જોરૂકે પીછે, કહ્યો ન માનૈ ભુંડી રાંડ,
જીત તીત ફીરૈ ભટકતી યૂંહી, તે તો કીયો જગતમેં ભાંડ ;
તૌહૂ ભૂખ ન ભાગી તેરી, તૂં ગિલ બૈઠી સારી માંડ,
સુંદર કહે શીખ સુની મેરી, અબ તું ઘર ઘર ફીરવો છાંડ.(૯૧)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

( ૨૮ )

પંથીમાંહી પંથ ચલી આયો, સો વહ પંથ લિખ્યો નહિ જાઈ,
વાહી પંથ ચલ્યો ઊઠી પંથી, નિર્ભય દેશ પહુંચ્યો આઈ;
તહાં દુકાલ પરૈ નહિ કબહું, સદા સુભિક્ષ રહ્યો ઠહરાઈ,
સુંદર દુ:ખી કોઉ ન દીસૈ, અક્ષય સુખમેં રહૈ સમાઈ.(૯૨)

( ૨૯ )

એક અહેડી વનમેં આયો, ખેલન લગ્યો ભલી શિકાર,
કરમેં ધનુષ કમરમેં તરકસ, સાવજ ઘેરે વારંવાર,
માર્યો સિંહ વ્યાઘ્ર પુની માર્યો, મારી બહુત મૃગનકી ડાર,
ઐસે સકલ મારી ઘર લાયો, સુંદર રાજહી કીયો જુહાર.(૯૩)

( ૩૦ )

શુક કે વચન અમૃતમય ઐસે, કોકિલ ધારી રહે મનમાંહી,
સારી સુનૈ ભાગવત કબહુ, સારસ તૌ ઉપજાવૈ નાંહી;
હંસ ચુગે મુકતાફલ અર્થહી, સુંદર માનસરોવર તાંહી,
કાક કવીશ્વર નીકે જેતે, સો સબ દૌરી કરં કહી જાંહી.(૯૪)

( ૩૧ )

નષ્ટ હોઈ દ્વિજ ભ્રષ્ટ ક્રિયા કરી, કષ્ટ કીયે નહિ પાવે ઠોર,
મહિમા સકલ ગઈ તિન કેરી, રહત પગનતર સબ શિરમોર,
જીતતીત ફીરૈ નહિ કછુ આદર, તિન કૂં કોઉ ન ઘાલે કોર,
સુંદરદાસ કહી સમુઝાવૈ, એસી કોઉ કરો મતિ ઓર.(૯૫)

( ૩૨ )

શાસ્ત્ર અરુ બેદ પુરાન પઢૈ કિ ન, પુની વ્યાકરણ પઢે જે કોઈ,
સંધ્યા કરૈ ગહૈ ષટ્કર્મહી, ગુન અરુ કાલ બિચરે સોઈ ;
સીરા કામ તબૈ બની આવૈ, મનમેં સબ તજી રાખૈ દોઈ,
સુંદરદાસ કહે સુન પંડિત, રામનામબિનુ મુકિત ન હોઈ.(૯૬)

( ૩૩ )
સુન્દર્ કહત બિચારિ કરિ ઉલટી બાત સુનાઈ,
નીચે કૌં મૂંડી કરૈ તબ ઊંચે કૌં પાઈ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

અન્ધા તીનોં લોક કોં સુન્દર દેષૈ નૈંન,
બહિરા અનહદ નાદ સુનિ અતિ ગતિ પાવૈ ચૈંન.
નકટા લેતે સુગન્ધ કૌ યહ તૌ ઉલટી રીતિ,
સુન્દર નાચૈ પંગુલા ગૂંગા ગાવૈ ગીતિ.
કીડી કુંજર કૌ ગિલૈ સ્યાલ સિંહ કૌ ષાઈ,
સુન્દર જલ તેં માછલી દૌરિ અગ્નિ મેં જાઈ.
સમંદ સમાનૌં બૂન્દ મેં રાઈ માંહેં મેર,
સુન્દર યહ ઉલટી ભઈ સૂર્ય કિયી અન્ધેર.
મછલી બગુલા કૌ ગ્રસ્યૌ દેષહુ યાકે ભાગ,
સુન્દર યહ ઉલટી ભઈ મૂસૈ ષાયૌ કાગ.
સુન્દર ઉલટી બાત હૈ સમુઝૈ ચતુર સુજાંન,
સૂવૈ કાઢે પકરિ કૈ યા મિનકી કે પ્રાંન.
ગુરુ શિષ કે પાયનિ પર્યૌ રાજા હૂવૌ રંક,
પુત્ર બાંઝ કે પંગુલ સુન્દર મારી લંક.
કમલ માંહિ પાણી ભયૌ પાણી માંહે ભાંન,
ભાન માંહિ સસિ મિલિ ગયૌ સુન્દર ઉલટૌ જ્ઞાન.
ધોબી કૌ ઉજ્જલ કિયૌ કપરૈ બપુરૌ ધોઈ,
દરજી કૌ સીયૌ સુઈ સુન્દર અચિરજ હોઈ.
સોનૈ પકરિ સુનાર કોં કાઢ્યૌ તાઈ કલંક,
લકરી છીલ્યૌ બાઢઈ સુન્દર નિકસી બંક.
જા ઘર મેં બહુ સુખ કિયે તા ઘર લાગી આગી,
સુન્દર મીઠૌ ન રૂચૈ લૌન લિયો સબ ત્યાગિ.
માંસ ભષૈ મદિરા પિવૈ વહી તૌ અગમ અગાધ,
જૌ એસી કરની કરૈ સુન્દર સોઈ સાધ.
જોઈ હ્વૈ અતિ નિર્દયી કરૈ પશુન કી ઘાત,
સુન્દર સોઇ ઉદ્ધરૈ ઔર કહે સબ જાત.
સુન્દર સમુઝાવૈ બહૂ સુનિ હે મેરી સાસ,
ભાઈ બાપ તજિ ધી ચલી અપને પિય કે પાસ.
બઢઈ કારીગર મિલ્યૌ ચરષા ગઢ્યૌ બનાઇ,
સુન્દર બહૂ સતેવરી ઉલટૌ દિયૌ ફિરાઇ.
સુન્દર સબ હી સૌં મિલી કન્યા અષન કુમારિ,
વેશ્યા ફિરિ પતિવ્રત ભિયૌ ભઈ સુહાગનિ નારિ.
કલિયુગ મૈં સતજુગ કિયૌ સુન્દર ઉલટી ગંગ,
પાપી ભયે સુ ઉબરે ધરમી હૂયે ભંગ.
બિપ્ર રસોઇ કરત હૈ ચૌંકે કાઢિ કાર,
લકરી મેં ચૂલ્હા દિયૌ સુન્દર લગી ન બાર.
રોટી ઉપર પોઈકૈ તવા ચઢાયૌ આંનિ,
ષિચરિ માંહે હણ્ડિકા સુન્દર રાંધી જાંનિ.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

પહરાઈત ઘર કૌં મુસૈ સાહ ન જાંનૈ કોઇ,
ચોર આઈ રક્ષા કરૈ સુન્દર સબ સુખ હોઈ.
કોતવાલ કૌં પકરિ કૈં કાઠૌ રાખ્યૌ જૂરિ,
રાજા ભાગ્યૌ ગાંવ તજિ સુન્દર સુખ ભરપૂરિ.
નાઇક લાદ્યૌ ઉલટિ કરિ બૈલ બિચારૈ આઈ,
ગૌન ભરી લૈ બસ્તુ મૈં સુન્દર હરિપુર જાઈ.
સુન્દર રાજા બિપતિ સૌં ઘર ઘર માંગૈ ભીષ,
પાય પયાદૌ ઉઠિ ચલૈ ઘોરા ભરૈ ન બીષ.
પાની ફિરૈ પુકારતૌ ઉપજી જરનિ અપાર,
પાવક આયૌ પૂછનૈ સુન્દર વાકી સાર.
જૌ તૂં મેરી સીષ લૈ તૌ તૂં સીતલ હોઇ,
ફિરિ મોહી સૌં મિલિ રહૈ  સુન્દર દુઃખ ન કોઇ.
પંથી માંહે પંથ ચલિ આયૌ આકસમાત,
સુન્દર વાહી પંથ ગહિ ઉઠિ ચાલ્યૌ પરભાત.
ચલત ચલત પહુંચ્યૌ તહાં જહાં આપનૌ ભૌંન,
સુન્દર નિશ્ચલ હ્વૈ રહ્યૌ ફિરિ આવૈ કહિ કૌન.
બન મેં એક અહેરિયે દીની અગ્નિ લગાઇ,
સુન્દર ઉલટૈ  ધનુષ સર સાવજ મારૈ આઇ.
માર્યૌ સિંહ મહાબલી માર્યૌ બ્યાઘ્ર કરાલ,
સુન્દર સબ હી ઘેરિ કરિ મારી મૃગ કી ડાલ.
સુન્દર સરવર સૂકતેં કંવલ પ્રફુલ્લિત હોઇ,
હંસ તહાં ક્રીડા કરૈ પંષી રહૈ ન કોઇ.
કૂપ ઉસાર્યૌ કુંભ મેં પાની ભર્યૌ અટૂટ,
સુન્દર તૃષા સબૈ ગઇ ધાપે ચાર્યૌં ષૂંટ.
સુન્દર બરિષા અતિ ભઇ સૂકિ ગઇ સબ સાષ,
નીંવ ફલ્યૌ બહુ ભાંતિકરિ લાગૈ દાડ્યૌં દાષ.
મિષ્ટ સુ તૌ કરવો લગ્યૌ કરવો લાગ્યૌ મીઠ,
સુન્દર ઉલટી બાત યહ અપનૈ નૈનનિ દીઠ.
મિત્ર સુતૌ બૈરી ભયે બૈરી હૂયે મિંત,
સુન્દર ઉલટી બાત સૌં ભાગી સબહી ચિંત.
ઉજર મેં બસ્તી ભઇ બસ્તી ભઇ ઉજારિ,
સુન્દર ઉલટે પેચ કૌં પંડિત દેષિ બિચારિ.
નીચ સુ તૌ ઉંચૌ ભયૌ ઉંચૌ હૂવૌ નીચ,
સુન્દર ઉલટૌ જ્ઞાન હૈ ઇનિ સાષિન કૈ બીચ.
સુન્દર સબ ઉલટી કહી સંમુઝે સંત સુજાંન,
ઔર ન જાનૈં બાપુરૈ ભરે બહુત અજ્ઞાંન. (૯૭)



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

## સંદર્ભ સૂચિ


(૧) ગોરખબાની, સં. રામલાલ શ્રીવાસ્તવ, પૃ - ૯, પ્રકા. ગોરખનાથ મંદિર- ગોરખપુર, આ. બીજી, સં. ૨૦૫૧

(૨) એજન-પૃ.-૧૧

(૩) એજન-પૃ.-૮૪

(૪) એજન-પૃ.-૮૬

(૫) ગોરખબાની, સં. રામલાલ શ્રીવાસ્તવ, પૃ - ૧૨૬, પ્રકા. ગોરખનાથ મંદિર- ગોરખપુર, આ. બીજી, સં. ૨૦૫૧

(૬) એજન-પૃ.-૧૩૧

(૭) એજન-પૃ.-૧૪૩

(૮) એજન-પૃ.-૧૪૫

(૯) એજન-પૃ.-૧૪૩,૧૪૪

(૧૦) એજન-પૃ.-૧૫૩

(૧૧) એજન-પૃ.-૧૬૧

(૧૨) એજન-પૃ.-૧૭૩

(૧૩) એજન-પૃ.-૧૯૨

(૧૪) એજન-પૃ.-૨૦૬

(૧૫) એજન-પૃ.-૨૦૮

(૧૬) એજન-પૃ.-૨૧૧

(૧૭) એજન-પૃ.-૨૪૪

(૧૮) એજન-પૃ.-૨૪૭

(૧૯) કબીર કી ઉલટવાંસિયા, અભિલાસ દાસ, પૃ. ૫૭, પ્રકા. કબીર પારખ સંસ્થાન, ઈલાહાબાદ - આ. ૨૦૦૧

(૨૦) એજન-પૃ.-૫૭

(૨૧) એજન-પૃ.-૫૭

(૨૨) એજન-પૃ.-૫૮

(૨૩) એજન-પૃ.-૫૮

(૨૪) એજન-પૃ.-૫૯

(૨૫) એજન-પૃ.-૬૦

(૨૬) એજન-પૃ.-૬૦

(૨૭) એજન-પૃ.-૬૩

(૨૮) એજન-પૃ.-૬૪

(૨૯) એજન-પૃ.-૧૨૨

(૩૦) એજન-પૃ.-૧૨૪

(૩૧) એજન-પૃ.-૧૨૮

(૩૨) કબીર ગ્રંથાવલી, સંપા. શ્રી શ્યામ સુંદરદાસ, પૃ. ૯૨, ના. પ્ર. સભા કાશી, સંવત-૨૦૪૫




PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૩૩) એજન-પૃ.-૧૬૪, ૧૬૫
(૩૪) કબીર બીજક, સંપા. વિચારદાસ શાસ્ત્રી, પૃ-૧૬૬/૧૬૭ આવૃત્તિ- ઈ.સ. ૧૯૫૪
(૩૫) એજન-પૃ.-૯૫
(૩૬) કબીર ગ્રંથાવલી, સંપા. શ્રી શ્યામ સુંદરદાસ, પૃ. ૧૬૨, ના. પ્ર. સભા કાશી, સંવત-૨૦૧૮
(૩૭) કબીર ગ્રંથાવલી, સંપા. શ્રી શ્યામ સુંદરદાસ, પૃ. ૧૦૯, ના. પ્ર. સભા કાશી, સંવત -૨૦૧૮
(૩૮) કબીર ગંથાવલી, સંપા. શ્રી શ્યામ સુંદરદાસ, પૃ. ૯૧, ના. પ્ર. સભા કાશી, સંવત-૨૦૧૮
(૩૯) કબીર ગંથાવલી, સંપા. શ્રી શ્યામ સુંદરદાસ, પૃ. ૧૩૩, ના.પ્ર. સભા કાશી, સંવત-૨૦૧૮
(૪૦) કબીર કી ઉલટ વાંસિયા, અભિલાસ દાસ, પૃ. ૭, પ્રકા. કબીર પારખ સંસ્થાન, ઈલાહાબાદ - આ. ૨૦૦૧
(૪૧) એજન-પૃ.-૯
(૪૨) એજન-પૃ.-૧૦,૧૧
(૪૩) એજન-પૃ.-૧૭
(૪૪) એજન-પૃ.-૧૯,૨૦
(૪૫) એજન-પૃ.-૨૧,૨૨
(૪૬) એજન-પૃ.-૨૩
(૪૭) એજન-પૃ.-૩૨
(૪૮) એજન-પૃ.-૬૫
(૪૯) એજન-પૃ.-૭૨
(૫૦) એજન-પૃ.-૭૬
(૫૧) એજન-પૃ.-૭૮,૭૯
(૫૨) એજન-પૃ.-૮૧
(૫૩) એજન-પૃ.-૮૫
(૫૪) એજન-પૃ.-૮૬
(૫૫) એજન-પૃ.-૮૮
(૫૬) એજન-પૃ.-૯૧
(૫૭) એજન-પૃ.-૯૪/૯૫
(૫૮) એજન-પૃ.-૯૬
(૫૯) એજન-પૃ.-૧૦૦
(૬૦) એજન-પૃ.-૧૦૨
(૬૧) એજન-પૃ.-૧૦૪
(૬૨) એજન-પૃ.-૧૦૮
(૬૩) એજન-પૃ.-૧૧૦
(૬૪) કૂટ કાવ્ય: એક અધ્યયન, લે. રામધન શર્મા, પૃ. ૮૮, પ્રકા. નેશનલ પબ્લિશિંગ હાઉસ, દિલ્હી પ્ર. આ. ઈ.સ. ૧૯૬૩



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૬૫) ઊલટીવાણીનું સ્પષ્ટીકરણ, સ્પ. કરનાર પૂ. મહા. શ્રી મન્નથુરામશર્મા, પૃ. ૧, આનંદ આશ્રમ-બીલખા, આ. પાંચમી ૨૦૫૧
(૬૬) એજન-પૃ.-૨
(૬૭) એજન-પૃ.-૨
(૬૮) એજન-પૃ.-૩
(૬૯) એજન-પૃ.-૩
(૭૦) એજન-પૃ.-૪
(૭૧) એજન-પૃ.-૪,૫
(૭૨) એજન-પૃ.-૫
(૭૩) એજન-પૃ.-૫,૬
(૭૪) એજન-પૃ.-૬
(૭૫) એજન-પૃ.-૬,૭
(૭૬) એજન-પૃ.-૭
(૭૭) એજન-પૃ.-૭
(૭૮) એજન-પૃ.-૮
(૭૯) એજન-પૃ.-૮
(૮૦) એજન-પૃ.-૯
(૮૧) એજન-પૃ.-૯
(૮૨) એજન-પૃ.-૧૦
(૮૩) એજન-પૃ.-૧૦,૧૧
(૮૪) એજન-પૃ.-૧૧
(૮૫) એજન-પૃ.-૧૧
(૮૬) એજન-પૃ.-૧૨
(૮૭) એજન-પૃ.-૧૦,૧૨
(૮૮) એજન-પૃ.-૧૩
(૮૯) એજન-પૃ.-૧૩,૧૪
(૯૦) એજન-પૃ.-૧૪
(૯૧) એજન-પૃ.-૧૪
(૯૨) એજન-પૃ.-૧૫
(૯૩) એજન-પૃ.-૧૫,
(૯૪) એજન-પૃ.-૧૬
(૯૫) એજન-પૃ.-૧૭
(૯૬) એજન-પૃ.-૧૬
(૯૭) સુન્દર ગ્રંથાવલી -રમેશચન્દ્ર મિશ્ર, પૃ.૪૫૦/૪૬૨, કિતાબઘર, ૨૪, અંસારી રોડ, નયી દિલ્હી, પ્ર. આ. ૧૯૯૨.



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

# પરિશિષ્ટ - ૪

## સંદર્ભ ગ્રંથો

**ગુજરાતી**


(૧) અખા ભગતના ગુજરાતી પદ-સં. અનસૂયા ભૂ.ત્રિવેદી.-પ્રકા. ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ - પ્ર. આ. ઈ.સ. ૧૯૮૦

(૨) અખાની કાવ્યકૃતિઓ-સં. ડૉ. શિવલાલ જેસલપુરા-પ્રકા. ગિરીશ જેસલપુરા-અમદાવાદ. પ્ર.આ. ૧૯૮૮

(૩) અમથી ડોશીની અવળવાણી-નિરંજન વર્મા-જયમલ્લ પરમાર-પ્રકા. ભારતી સાહિત્ય સંઘ લી. મુંબઈ-૨. પ્ર. આ. ૧૯૪૬

(૪) અખાની વાણી- પ્રકા. સસ્તુ સાહિત્ય-ભદ્ર પાસે, અમદાવાદ. આ. પાંચમી, સંવત, ૨૦૧૪

(૫) અનવર કાવ્ય યાને ગુલશને ખુશી. પ્રકા. મહાદેવ રામચંદ જાગુષ્ટે- અમદાવાદ. આ. દસમી, ઈ.સ. ૧૯૮૬

(૬) અનુભવ પ્રકાશ મુક્તાવલી-ભાગ-૨. લે. શ્રીયૂત સ્વામી સરજ્યુગીરજી મોહનગીરજી-પ્રકા. સેવક મંડળ સમસ્ત-પ્ર. આ. ૧૯૪૬

(૭) અમૃતાંજલિ-રણછોડદાસ રામાનુજ, હિંમતભાઈ પંડ્યા-પ્રકા. વૃજલાલ ત્રિ.પરીખ-અમદાવાદ.

(૮) આપણી લોકસંસ્કૃતિ-લે. જયમલ્લ પરમાર, પ્ર. ભારતી સાહિત્ય સંઘ, અમદાવાદ. બીજી આ. ઈ. સ. ૧૯૭૬

(૯) આપણી ભજનવાણી-સં. ગંગદાસ પ્રાગજી મહેતા-પ્રકા. કુસુમ પ્રકાશન, અમદાવાદ-સંવર્ધિત આવૃત્તિ-૧૯૮૭

(૧૦) આત્મવિલાસ ભજનસાગર યાને યોગવાણી-ભાગ-૧. પ્રકા. શામજી ગોરાભાઈ મકવાણા, રાજકોટ-પ્ર. આ. ૧૯૬૦

(૧૧) આપણો ભજનવારસો-સં. વિજ્યાબેન ચં. શુક્લ-નવભારત સાહિત્ય મંદિર, આ.૧૯૯૨

(૧૨) ઉલટીવાણીનું સ્પષ્ટીકરણ-શ્રી મન્નથુરામ શર્મા, આનંદ આશ્રમ, બિલખા. ઈ.સ. ૧૯૯૫

(૧૩) ઊલટવાણી-ભાગ-૧. શ્રી શંકરમહારાજ, પ્રકા. શ્રી શંકર આશ્રમ, પાલડી, અમદાવાદ, આ. બીજી સંવત ૨૦૧૪

(૧૪) એકતારાની ગૂઢાર્થવાણી-કર્તા -પ. પૂ. શંકરમહારાજ, ઉનાવાવાળા-જનસેવા પરિવાર, અમદાવાદ-૭ આ. નવમી ૧૯૮૬

(૧૫) કબીર તથા સંતોષનાથજીના ભજન- પ્રકા. બાલકવિ, બેડીનાકા રોડ, જામનગર, આ. ૧૯૩૮

(૧૬) કચ્છના સંતો અને કવિઓ-સં. દુલેરાય કારાણી-પ્રકા.ગિરીશ આર. ઠક્કર, મુંબઈ-બીજી આ. સંવત-૨૦૪૫




PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૭) કચ્છી લોકસાહિત્ય-એક અધ્યયન-લે. ડૉ. ગોવર્ધન શર્મા, ડૉ. ભાવના મહેતા, પ્રકા. જ્ઞાનલોક પ્રકાશન, ગાંધીનગર, આ. ૧૯૯૧
(૧૮) કહેવત એક સ્વાધ્યાય-ઈચ્છારામ મણિશંકર ભટ્ટ-પ્રકા. ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર
(૧૯) કથાયોગ-નરેશ વેદ-પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ-પ્ર. આ. ૨૦૦૦
(૨૦) કીર્તન મુક્તાવલી-સં. બોચાસણવાસી-અ. પુ. સ્વા. મંદિર, અમદાવાદ
(૨૧) ગરુડ પુરાણ-મકરન્દ દવે- પ્રકા. નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્ર. આ. ૨૦૦૬
(૨૨) ગર્ભદીપ-મકરન્દ દવે-પ્રકા. નવભારત સાહિત્ય મંદિર-અમદાવાદ-પ્ર. આ. ઈ.સ.૧૯૮૩
(૨૩) ગહુંલી સંગ્રહ-યોગનિષ્ઠ મુનિશ્રી બુદ્ધિસાગરજી-પ્રકા. શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ-મુંબઈ-આ. ૧૯૧૧
(૨૪) ગંગાસતીનું અધ્યાત્મ દર્શન-ભાણદેવ-પ્રવીણ પુસ્તક ભંડાર- રાજકોટ, પ્ર. આ. ૧૯૪૭
(૨૫) ગુજરાતી વિશ્વકોશ-ખંડ-૧૪- બો.ભૂ. સં. ડૉ. ધીરુભાઈ ઠાકર. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ. પ્ર. આ. ૨૦૦૧
(૨૬) ગુજરાતી સાહિત્ય કોશ-ખંડ-૩, સં. ચંદ્રકાન્ત ટોપીવાળા-પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ-અમદાવાદ, પ્ર. આ. ૧૯૯૬
(૨૭) ગુજરાતી સાહિત્યના સ્વરૂપો-લે. પ્રો. મંજુલાલ ર. મજમુદાર, પ્રકા. આચાર્ય બુક ડેપો-વડોદરા. આ. ૧૯૫૪
(૨૮) ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ-ગ્રંથ-૨, ખંડ-૨, સં. રમણ સોની, પ્રકા. ગુજરાતી સાહિત્ય પરીષદ, અમદાવાદ, આ. ૨૦૦૪
(૨૯) ગોરખનાથ - સં. હસમુખભાઈ પટેલ, પ્રકા. સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય. અમદાવાદ-બીજી આ. સંવત- ૨૦૨૮
(૩૦) ગોરખનાથ આખ્યાન-સં. કવિ શ્રી કેશવલાલ-પ્રકા. શ્રી પુસ્તક મંદિર અમદાવાદ-પ્ર. આ. ૧૯૯૯
(૩૧) ગોરખવાણી-સં. અનવર આગેવાન-પ્રકા. સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય. અમદાવાદ-પ્ર.આ. સંવત-૨૦૦૮
(૩૨) ચૂંટેલા ભજન-સં. નરોત્તમ પલાણ-પ્રકા. ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર. પ્ર. આ. ૨૦૦૪
(૩૩) જીવણ જ્યોત-સં. રામજીભાઈ ભગત -પ્રકા. દાસીજીવણ સાહેબની જગ્યા. ઘોઘાવદર-પ્ર. આ. ૧૯૯૮
(૩૪) દિનકરદાસ કહે-સં. દિનકરદાસ-પ્રકા. પ્રવિણ ગૌરીશંકર ઠાકર, મુંબઈ. પ્ર. આ.-ઈ. સ. ૧૯૯૫
(૩૫) દુર્લભ ભજન સંગ્રહ-પ્ર. ગોવિંદભાઈ રામજીભાઈ ધામેલીયા-ઈ.સ. ૧૯૫૮
(૩૬) ધીરા ભગતના પદો-સં. ડુંગરશી ધરમશી સંપટ-પ્ર. સસ્તુ સાહિત્ય અમદાવાદ-આ. ચોથી. સંવત ૨૦૧૮
(૩૭) નટવરભજનાવલી-સં. રાજસિંહ ત્રિકમસિંહ ચૌહાણ
(૩૮) નારણરામની અમૃતવાણી-પ્રા. અમરસિંહ સોસા-પ્રકા. શ્રી સતનામ સત્સંગ આશ્રમ-મિતિયાજ



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૩૯) પરિચિત પદ સંગ્રહ-લેખક. પ્રકા. અવાચ્ય
(૪૦) પદ્યાવલી, ભાગ-૧, ૨ - સંપા. સદ્‌ગુણાનુંરાગી મુનિ કર્પુર વિજયજી મહારાજ, અનુ. કુંવરજી આણંદજી, પ્રકા. જિન શાસન આરાધના ટ્રસ્ટ, મુંબઇ, આ. ૨૦૫૧.
(૪૧) પ્રવીણ સાગર - રચનાર. રાજકુમાર મહેરામણજી, પ્રકા. પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ
(૪૨) બ્રહ્માનંદ ભજનમાળા-પ્રકા. હરિહર પુસ્તકાલય, સુરત-આ. ૨૦૦૧
(૪૩) બૃહદ કાવ્યદોહન ભાગ-૨-સંપા. મનસુખ સલ્લા, પ્રકા. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.
(૪૪) બૃહદ ગુજરાતી કોશ-ખંડ-૧.-સં. કે. કા. શાસ્ત્રી, પ્રકા. યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગાંધીનગર, પ્ર. આ. ઈ.સ. ૧૯૭૬
(૪૫) બૃહત્ કોશ(સંસ્કૃત-ગુજરાતી) સં. પ્રા. રતિલાલ સં. નાયક, પ્રકા. અક્ષરા પ્રકાશન, અમદાવાદ, બીજી આ. ૨૦૦૫
(૪૬) બૃહદ ભજન સાગર -લેખક/પ્રકાશક-અવાચ્ય, રેફ. પારધી સાહેબ. જૂનાગઢ
(૪૭) ભજન રૂપદર્શન-લે. ડૉ. નાથાલાલ ગોહિલ-પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ- પ્ર. આ.-ઈ. સ. ૨૦૦૩
(૪૮) ભજન મીમાંસા-ડૉ. નિરંજન રાજ્યગુરુ-પ્રકા. રન્નાદે પ્રકાશન, અમદાવાદ- પ્ર. આ. ૧૯૯૦
(૪૯) ભજન રસ-મકરન્દ દવે-પ્રકા. નવભારત સાહિત્ય મંદિર. અમદાવાદ-પ્ર. આ. ૧૯૮૭
(૫૦) ભગવદ્‌ગોમંડલ-ભાગ-૧, પ્રકા. ભગવદ્‌ગોમંડલ કચેરી-ગોંડલ, આ. ઈ. સ. ૧૯૫૪
(૫૧) ભક્તિ સાગર-સં. હરગોવિંદદાસ કાંટાવાળા
(૫૨) ભક્તોની વાણી-પ્રકા. હેમરાજ દયાળજી
(૫૩) ભોજા ભગતની વાણી-સં. મનસુખલાલ સાવલીયા-પ્રકા. વેકોફિલાનથ્રોપિક ટ્રસ્ટ, રાજકોટ-પ્ર. આ. ૧૯૮૩
(૫૪) મરમી સંતોનું દર્શન-સં. જયંતીલાલ આચાર્ય-મુ. પ્ર. સરદાર પટેલ યુનિવર્સિટી, પ્ર. આ. ૧૯૮૨
(૫૫) મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કાવ્યધારાની ભૂમિકા-લે. સુરેશ જોશી-પ્રકા. મ. સ. યુનિવર્સિટી વડોદરા-પ્ર. આ. ૧૯૭૮
(૫૬) મધ્યયુગની સાધનાધારા-મૂ. લે. શ્રી. ક્ષિતિમોહન સેન, અનુ. જયંતિલાલ આચાર્ય, પ્રકા. શાંતિનિકેતન, આ. ૧૯૫૬
(૫૭) મધ્યકાળના ભક્ત કવિઓ-હિમ યાજ્ઞિક
(૫૮) મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ-જયંત કોઠારી
(૫૯) માંમદ મુક્તમણી ગ્રંથ-સં. મનુભાઈ જાડેજા-પ્રકા. દીપુભાઇ કામલભાઇ-અમરેલી
(૬૦) માધવાનલ-કામકંદલા ચોપાઇ-વાચક કુશલલાલ-સં. મુનિ શ્રી સંપત વિજયજી
(૬૧) મોરલો મરત લોકમાં આયો-ડૉ. નાથાલાલ ગોહિલ-પ્રકા. પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ- પ્ર. આ. ૨૦૦૪
(૬૨) યોગ વેદાંત ભજન ભંડાર-સં./પ્રકા. પ્રેમવંશ જગદીશભાઇ ગોવીંદભાઇ- કોટડા સાંગાણી આ. ૧૯૯૪
(૬૩) રવિએ રમતાં દીઠો-ડૉ. નાથાલાલ ગોહિલ-પ્રકા. નવભારત સાહિત્ય મંદિર-અમદાવાદ પ્ર. આ. ૧૯૯૭



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૬૪) રવિ-ભાણ સંપ્રદાયના કેટલાક કવિઓ-કુ. ભગવતી એમ. જોષી, શોધનિબંધ
(૬૫) રવિ સાહેબ કૃત -'ભાણ-ગીતા'-સં./પ્રકા. અવાચ્ય
(૬૬) રઢિયાળી રાત(બૃ.આ.૧૯૪૭)સં. ઝવેરચંદ મેઘાણી. પ્રકા. પ્રસાર-ભાવનગર
(૬૭) વેદાન્તના ભજનનો સંગ્રહ, કર્તા - સ્વામી માધવતીર્થ, - પ્રકા. વેદાન્ત આશ્રમ અમદાવાદ, પ્ર. આ. ૧૯૭૭
(૬૮) સત કેરી વાણી-સં. મકરન્દ દવે પ્રકા. નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્ર. આ. ઈ. સ. ૧૯૭૦
(૬૯) સતની સરવાણી- સં. ડૉ. નિરંજન રાજ્યગુરુ, પ્રકા. સત્ નિર્વાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ઘોઘાવદર, આ. ઈ. સ. ૨૦૦૨
(૭૦) સતગુરુ સતધારા-સં. પુરૂષોતમદાસ(બાપુજી)-પ્રકા. ગિરિશભાઈ એચ. પંચાલ-વડોદરા-પ્ર. આ. ૧૯૯૯
(૭૧) સંત પરંપરા વિમર્ષ-ડૉ. રાજેન્દ્રસિંહ રાયજાદા-પ્રકા. પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ-પ્ર. આ. ૧૯૮૯
(૭૨) સંત સાહિત્ય શબ્દકોશ-સં. જેઠાલાલ ત્રિવેદી, પ્રકા. ગૂર્જર પ્રકાશન- પ્ર. આ. ૧૯૮૪
(૭૩) સંગ્રહીત લોકગીતો-ભાગ-૧. સંકલન, હરેન્દ્ર પ્ર.ભટ્ટ -પ્રકા. વીરડો ટ્રસ્ટ, અમદાવાદ, પ્ર. આ. ૧૯૮૪
(૭૪) સંતવાણી-પ્રકા. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય-અમદાવાદ-પ્ર. આ. ૧૯૭૨
(૭૫) સંત સમાજ ભજનાવળી-ભા. ૧ થી ૨૫-પ્રકા. મહાદેવ રામચંદ્ર જાગૃષ્ટે, અમદાવાદ, આ. ઈ. સ. ૧૯૭૬
(૭૬) સંત જ્યોત-જશવંત ભટ્ટ અને બરકત લાખાણી-પ્રકા. અમર પ્રકાશન-આ. ૧૯૯૨
(૭૭) સંતવાણી : તત્ત્વ અને તંત્ર- સં. ડૉ. બળવંત જાની-પ્રકા. ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર-પ્ર. આ. ૧૯૯૬
(૭૮) સંત ત્રિકમ સાહેબના પદો-ઉમિયાશંકર અજાણી, પ્રકા. અજાણી પ્રકાશન, ભુજ, પ્ર. આ. ઈ. સ. ૧૯૯૭
(૭૯) સાહિત્ય વિવેચના-ડૉ. બેચરભાઈ ર. પટેલ -પ્રકા. યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ. ગાંધીનગર, ગુજરાત રાજ્ય, અમદાવાદ-પ્ર. આ. ૧૯૭૪
(૮૦) સાર્થ ગુજરાતી જોડણી કોશ-સં. ગુજરાત વિદ્યાપીઠ પાંચમી આ. ઈ. સ. ૧૯૬૭
(૮૧) સેતુબંધ-સં. શ્રી વિજયશીલચંન્દ્રસૂરિ મહારાજ સાહેબ-પ્રકા. કલિકાલસર્વસ શ્રી હેમચંન્દ્રાચાર્ય નવમ-જન્મશતાબ્દિ સ્મૃતિ સંસ્કાર શિક્ષણ નિધિ, અમદાવાદ-પ્ર. આ. ૨૦૦૨
(૮૨) સેવા ધરમના અમરધામ-લે. જયમલ્લ પરમાર-રાજુલ દવે-પ્રકા. ડૉ. જયસુખલાલ જસાણી ડૉ. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ, જીવરાજ ભવન, અમરેલી, આ. ઈ.સ. ૧૯૧૧
(૮૩) સોરઠી સંતવાણી-સં. ઝવેરચંદ મેઘાણી-પ્રકા. પ્રસાર, ભાવનગર. આ. ઈ. સ. ૧૯૮૭
(૮૪) સ્વયમ્ભૂ છન્દ-મહાકવિ સ્વયમ્ભૂ- પ્રકા. રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન, જોધપુર-આ. સં. ૨૦૧૮
(૮૫) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ-સં. ડૉ. નાથાલાલ ગોહિલ-પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ-પ્ર. આ. ૧૯૮૫



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૮૬) શ્રી ભજનસાગર -ભાગ-૧-૨. ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી-પ્રકા. સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ. આ. સંવત-૨૦૧૪
(૮૭) હરિયાળી સ્વરૂપ અને વિભાવના-લે. ડૉ. કવિન શાહ પ્રકા. કુસુમ કે શાહ, બીલીમોરા-આ. ઈ. સ. ૨૦૦૨
(૮૮) હાલો મારા હરિજનની હાટડીએ-સં. હરકિશન જોશી-પ્રકા. પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ-પ્ર. આ. ૨૦૦૪

## ગુજરાતી સામયિકો

(૧) ઊર્મિનવરચના- વર્ષ-૪૪ ઓક્ટોબર-નવેમ્બર ૧૯૭૩ સંત સાહિત્ય વિશેષાંક
(૨) એતદ્-૧૭૬ ડિસેમ્બર ૨૦૦૭, સં. રસિક શાહ, જયન્ત પારેખ-મુંબઈ
(૩) ઓશો ટાઈમ્સ-૨૦૦૨, પુણે
(૪) કલ્યાણ(હિન્દી) સંતવાણી, પ્રકા. કલ્યાણ કાર્યાલય-ગોરખપુર
(૫) કલ્યાણ(હિન્દી) ભક્ત ચરિતાંક-વર્ષ-૩૫. સંવત-૨૦૪૯ તૃતીય સંસ્કરણ, પ્રકા. કલ્યાણ -ગોરખપુર
(૬) કલ્યાણ-સાધના. અંક-વર્ષ-૧૪ ઓગસ્ટ ૧૯૪, પ્રકા. કલ્યાણ કાર્યાલય-ગોરખપુર
(૭) કલ્યાણ-યોગવાસિષ્ઠ-અંક-વર્ષ-૩૫. પ્રકા. કલ્યાણ કાર્યાલય-ગોરખપુર
(૮) ગુજરાત દીપોત્સવી-અંક-ભાગ-૧. વિ.સં.૨૦૫૮. સં. જે.જે.દવે, માહિતિખાતુ ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૯) ગુજરાત દીપોત્સવી-અંક-વિ.સં.૨૦૬૦-પ્રકા.માહિતીખાતું ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૧૦) ગુજરાત દીપોત્સવી-અંક-વિ.સં.૨૦૫૭-પ્રકા.માહિતીખાતું ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૧૧) ગુજરાત દીપોત્સવી-અંક-વિ.સં.૨૦૫૯-પ્રકા.માહિતીખાતું ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૧૨) ગુજરાત દીપોત્સવી-અંક-વિ.સં.૨૦૬૧-પ્રકા.માહિતીખાતું ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૧૩) દાનેવ દર્શન -જૂન-૨૦૦૨-પ્રકા. આપાદાનાની જગ્યા. ચલાલા
(૧૪) પરબ-ફેબ્રુઆરી-૨૦૦૪. અંક-૨. તંત્રી-યોગેશ જોશી, ગુજરાતી સાહિત્ય પરીષદ-અમદાવાદ
(૧૫) પરબ-વર્ષ-૩૬ માર્ચ ૧૯૯૫-ગુજરાતી સાહિત્ય પરિષદ-અમદાવાદ
(૧૬) પરબ-વર્ષ-૩૫ જૂન ૧૯૯૪-ગુજરાતી સાહિત્ય પરિષદ-અમદાવાદ
(૧૭) પરબ-ઓક્ટોબર-૨૦૦૭-ગુજરાતી સાહિત્ય પરિષદ-અમદાવાદ
(૧૮) પરબ-વર્ષ-૪૬ ફેબ્રુઆરી ૨૦૦૪-ગુજરાતી સાહિત્ય પરિષદ-અમદાવાદ
(૧૯) ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક-એપ્રિલ-જૂન ૧૯૯૫, વડોદરા
(૨૦) બુદ્ધિપ્રકાશ-ફેબ્રુઆરી ૨૦૦૭
(૨૧) લોક ગુર્જરી-અંક-૧૨. સં. જસવંત શેખડીવાલા- પ્રકા. ગુજરાત સાહિત્ય અકાદમી
(૨૨) લોક ગુર્જરી-અંક-૧૭. સં. ડૉ. બળવંત જાની- પ્રકા. ગુજરાત સાહિત્ય અકાદમી, ઈ.સ. માર્ચ-૨૦૦૪
(૨૩) વહી-વર્ષ-૩. અંક-૧. જાન્યુઆરી ૨૦૦૨. તંત્રી-કાનજી પટેલ, લુણાવાડા
(૨૪) શબ્દસૃષ્ટિ-માર્ચ-૨૦૦૪. પ્રકા. ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર
(૨૫) શાન્તિ સૌરભ-તંત્રી-મુક્તિલાલ. આર. શાહ-વર્ષ-૧. અંક-૫, ઈ.સ. ૧૯૭૪



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૨૬) શબ્દસૃષ્ટિ-મે-૨૦૦૭. પ્રકા. ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર
(૨૭) શબ્દસૃષ્ટિ-અંક-૧૦. વર્ષ-૧૯૯૮, પ્રકા. ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર
(૨૮) શબ્દસૃષ્ટિ-વર્ષ-૧૬ સપ્ટેમ્બર ૧૯૯૯, પ્રકા. ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર

## હિન્દી

(૧) ઉલટવાંસી શૈલી ઔર સંત કબીર-રમેશચંદ્ર મિશ્ર-પ્રકા. અલંકાર પ્રકાશન, દિલ્હી, આ. ૧૯૮૨
(૨) ઉત્તરી ભારત કી સંત પરંપરા-આચાર્ય પરશુરામ ચતુર્વેદી-તૃતીય સંસ્કરણ, પ્રકા. ભારતી ભંડાર-પ્રયાગ, આ. સં. ૨૦૦૪
(૩) દુલનદાસજી કી બાની-પ્રકા. બેલવેડિયર પ્રેસ- પ્રયાગ
(૪) કબીર-લે. આચાર્ય હજારી પ્રસાદ દ્વિવેદી-પ્રકા. રાજકમલ પ્રકાશન-દિલ્હી-આ. ૧૯૮૦
(૫) કબીર ગ્રંથાવલી-સં. શ્યામસુંદરદાસ, બારમી આવૃત્તિ-પ્રકા. નાગરી પંચારિણી સભા, કાશી, સંવત-૨૦૪૫
(૬) કબીર ગ્રંથાવલી-લે. ડૉ. પારસનાથ તિવારી-હિન્દી પરિષદ. પ્રયાગ વિશ્વ-પ્રયાગ, આ. ઈ.સ. ૧૯૬૧
(૭) કબીર એક વિવેચન-ડૉ. અમરનાથસિંહ વર્મા-પ્રકા. હિન્દી સાહિત્ય સંચાર-દિલ્હી
(૮) કબીર સાહિત્ય કી પરખ-લે. આચાર્ય પરશુરામ ચતુર્વેદી-પ્રકા. ભારતીય ભંડાર-પ્રયાગ, સં. ૨૦૧૧
(૯) કબીર કી ઉલટવાંસિયા-લે. અભિલાસ દાસ-પ્રકા. કબીર પારખ સંસ્થાન-ઈલાહાબાદ, આ-૨૦૦૧
(૧૦) કબીર બીજક-સં. વિચારદાસ શાસ્ત્રી, રામનારાયણલાલ - પ્રયાય, પ્ર. આ. ૧૯૫૪
(૧૧) ગરીબદાસ કી બાની-પ્રકા. બેલવીડિયર પ્રિન્ટીંગ વર્કસ. ઈલ્હાબાદ-પ્ર. આ. ૧૯૭૧
(૧૨) ગુરુનાનક કા રુણ ઉપદેશ-લે. જે. આર. પુરી, રાધાસ્વામી સત્સંગ બ્યાસ-પંજાબ
(૧૩) ગોરખબાની-સં. રામલાલ શ્રીવાસ્તવ-પ્રકા. શ્રી ગોરક્ષનાથ મંદિર-ગોરખપુર-આ. બીજી-સંવત-૨૦૫૧
(૧૪) ગોરખબાની-સં. ડૉ.પીતાંબરદત્ત બડથ્વાલ-પ્રકા. હિન્દી સાહિત્ય સંમેલન-પ્રયાગ
(૧૫) ગોરખનાથ ઔર ઉનકા યુગ-ડૉ. રાંગેય રાઘવ-પ્રકા. આત્મારામ એન્ડ સન્સ-૧૯૬૩
(૧૬) ઘટરામયણ-ભાગ-૨-તુલસી સાહેબ, હાથરસવાળા, પ્રકા. બેલવેડિયર પ્રિટિંગ પ્રેસ-પ્રયાગ-૧૯૬૦
(૧૭) ચરનદાસજી કી બાની-ભા. ૨-પ્રકા. બેલવેડિયર પ્રેસ-પ્રયાગ-૧૯૫૧
(૧૮) જગજીવનદાસ કી શબ્દાવલી-ભાગ-૨.-પ્રકા. બેલવેડિયર પ્રેસ-પ્રયાગ
(૧૯) દરિયા સાગર-પ્રકા. બેલવેડિયર પ્રેસ-પ્રયાગ, આ. ૧૯૫૩
(૨૦) દરિયા સાગર સાહેબ કી બાની-પ્રકા. બેલવેડિયર પ્રેસ-પ્રયાગ-૧૯૫૧
(૨૧) ધની ધરમદાસ કી શબ્દાવલી-પ્રકા. બેલવેડિયર પ્રેસ-પ્રયાગ-૧૯૫૧
(૨૨) નાથ પંથ ઔર નિર્ગૂણ સંત કાવ્ય-કોમલસિંહ સોલંકી-પ્રકા. વિનોદ પુસ્તક ભંડાર-આગ્રા
(૨૩) નિજાનંદ ભાષાકોશ- પૂ. ગોસ્વામી શ્રી સદાનંદજી મહારાજ, શ્રીકૃષ્ણ પ્રણામી મોટા મંદિર ટ્રસ્ટ- સુરત, ઈ.સ. ૧૯૮૪



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૨૪) નિરંજની સંપ્રદાય ઔર સંત તુરસીદાસ નિરંજની-ડૉ. ભગીરથ મિશ્ર, પ્રકા. લખનઉ વિશ્વવિદ્યાલય, ઈ. સ. ૧૯૬૪
(૨૫) નિર્ગુણ કાવ્ય - પ્રેરણા ઓર પ્રવૃત્તિ- ડૉ. રામસજન પાણ્ડેય, સંજય પ્રકાશન, દિલ્હી
(૨૬) પુરાતત્ત્વ નિબંધાવલી-લે. રાહુલ સાંકૃત્યાયન-
(૨૭) પલટૂ સાહેબ કી બાની-ભાગ-૨.-પ્રકા. બેલવીડિયર પ્રિન્ટીગ વર્કસ. ઈલ્હાબાદ-આ-૬-૧૯૬૨
(૨૮) બુલ્લા સાહેબ કા શબ્દ સાગર-પ્રકા. બેલવેડિયર પ્રેસ-પ્રયાગ-૧૯૫૧
(૨૯) બીજક-સદગ્રંથ-લે. શ્રી પુરણ સાહેબજી-પ્રકા. કબીર નિર્ણય મંદિર-આ. ૧૯૭૨
(૩૦) બૌદ્ધ પારિભાષિક શબ્દકોશ-ધર્મચંદ્ર જૈન-શબ્દ સંસાર પ્રકાશન દિલ્હી-આ. ૨૦૦૧
(૩૧) ભીખા સાહેબ કી બાની-પ્રકા. બેલવેડિયર પ્રેસ-પ્રયાગ-પ્ર. આ. ૧૯૧૯
(૩૨) ભક્તિકાવ્ય ઔર માનવમૂલ્ય -લે. વિરેન્દ્ર મોહન- પ્રકા. પ્રકાશન સંસ્થાન- દિલ્હી, આ. ૧૯૮૬
(૩૩) માનક હિન્દી કોશ-ખંડ-૧. પ્રકા. સાહિત્ય સંમેલન પ્રયાગ
(૩૪) મુલુકદાસજીકી બાની-પ્રકા. બેલવેડિયર પ્રેસ-પ્રયાગ-૧૯૫૧
(૩૫) મરો હે જોગી મરો-આચાર્ય રજનીશ-પ્રકા. ઓશો આશ્રમ, પૂના. ૧૯૭૮
(૩૬) યારી સાહેબ કી રત્નાવલી-પ્રકા. બેલવેડિયર પ્રેસ-પ્રયાગ
(૩૭) યોગપ્રવાહ-ડૉ. પીતાંબરદત્ત બડથવાલ-પ્રકા. પ્રકાશન વિભાગ કાશી વિદ્યાપીઠ
(૩૮) સંત કવિ દરિયા-એક અનુશીલન-લે. ડૉ. ધર્મેન્દ્ર બ્રહ્મચારી, પ્રકા. બિહાર રાષ્ટ્રભાષા પરીષદ- પટના- આ. ૧૯૫૪
(૩૯) સંતો કા ભક્તિયોગ ઉન્મની પ્રકાશ મેં-લે. રાજદેવસિંહ-પ્રકા. હિન્દી પ્રકાશ સંસ્થાન-વારાણસી, પ્ર. આ. ૧૯૬૮
(૪૦) સંત દર્શન-ડૉ. ત્રિલોકી નારાયણ દીક્ષિત-ભૂમિકા-રાહુલ સાંકૃત્યાયન
(૪૧) સંત દાદૂદયાલ કી બાની-સં. સુધાકર દ્વિવેદી, નાગરી પંચારીણી સભા, કાશી, આ. ૧૯૦૬
(૪૨) સંતબાની સંગ્રહ-ભાગ-૧. પ્રકા. બેલવીડિયર પ્રિન્ટીગ પ્રેસ. ઈલ્હાબાદ-બી. આ. ૧૯૧૫
(૪૩) સંત પલટૂ-રાજેન્દ્ર સેઠી-પ્રકા. રાધાસ્વામી સત્સંગ બ્યાસ
(૪૪) સંત નામદેવ-લે. જે.આર.પુરી, પ્રકા. રાધાસ્વામી સત્સંગ બ્યાસ
(૪૫) સંત તુકારામ-લે.ચન્દ્રાવતી રાજવાડે-પ્રકા. રાધાસ્વામી સત્સંગ બ્યાસ, આ. ૨૦૦૦
(૪૬) સંત મતદર્શન-ભાગ-૧ થી ૩-હજુર મહારાજ સાવનસિંહ
(૪૭) સંત સાહિત્ય કી પારિભાષિક શબ્દાવલી-ડૉ. શશીકલા પાંડે-અનામિકા પ્રકાશન-૧૯૮૧ દિલ્હી
(૪૮) સાર બચન છંદ બંદ, ભાગ-૨, રાધાસ્વામી ટ્રસ્ટ, આગ્રા. આ. ૧૩મી ઈ.સ. ૧૯૫૮
(૪૯) સુંદર ગ્રંથાવલી-ખંડ-૨-સં. પુરોહિત હરિનારાયણ શર્મા. પ્રકા. રિસર્ચ સોસાયટી, કલકત્તા-આ. ૧૯૯૩
(૫૦) સુંદર ગ્રંથાવલી-રમેશચંદ્ર મિશ્ર-પ્રકા. કિતાબઘર-ન્યુ દિલ્હી -આવૃતિ. ૧૯૯૨
(૫૧) સુંદર સવૈયા ગ્રંથ-રમેશચંદ્ર મિશ્ર-પ્રકા. જગતરામ એન્ડ સન્સ, દિલ્હી -આ. ૧૯૯૩
(૫૨) સિદ્ધ સાહિત્ય-લે. ડૉ. ધર્મવિચાર ભારતી. પ્રકા. કિતાબ મહલ પ્રકાશન-પ્રયાગ-૧૯૫૫
(૫૩) હિન્દી સાહિત્ય કી ભૂમિકા-આચાર્ય હજારી પ્રસાદ દ્વિવેદી-પ્રકા.રાજકમલ પ્રકાશન-દિલ્હી



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૫૪) હિન્દી કાવ્યમેં નિર્ગૂણ સંપ્રદાય-લે. ડૉ. પીતાંબરદત્ત બડથવાલ-અનુ. શ્રી પરશુરામ ચતુર્વેદી-પ્રકા. અવધ પબ્લિશીંગ હાઉસ-લખનઉ.
(૫૫) હિન્દી સાહિત્ય કા આલોચનાત્મક ઈતિહાસ-લે. રામકુમાર વર્મા. રામનારાયણલાલ-ઈલ્હાબાદ
(૫૬) હિન્દી સાહિત્ય-કતિપય મોડ-લે. શંકરદયાલસિંહ, પ્રકા. પારીજાત પ્રકાશન,પટના-આ. ૧૯૫૦
(૫૭) હિન્દી સાહિત્ય-લે. આચાર્ય હજારી પ્રસાદ દ્વિવેદી- અત્તરચંદ કપૂર એન્ડ સન્સ, દિલ્હી, આ. ૧૯૬૪
(૫૮) હિન્દી સંતો કા ઉલટવાંસી સાહિત્ય-લે. ડૉ. રમેશચંદ્ર મિશ્ર, પ્રકા. આર્ય બુક ડીપો, કરોલ બાગ- નયી દિલ્હી
(૫૯) હિન્દી વક્રોક્તિજીવિત-લે. ડૉ. નગેન્દ્ર. પ્રકા. આત્મારામ એન્ડ સન્સ.-દિલ્હી-૧૯૫૫
(૬૦) હિન્દી સાહિત્ય કી ભૂમિકા-લે. આચાર્ય હજારી પ્રસાદ દ્વિવેદી-પ્રકા. રાજકમલ પ્રકાશન-દિલ્હી
(૬૧) હિન્દી સંત સાહિત્ય કે સ્રોત-લે. ડૉ. વનીતા કુમારી-પ્રકા. સંજય પ્રકાશન-નવી દિલ્હી-પ્ર. આ. ૨૦૦૪
(૬૨) હિન્દી પહેલિયોં કા સાંસ્કૃતિક અધ્યયન-ડૉ. રાજેન્દ્ર પ્રસાદસિંહ-પ્રકા. ભૂમિકા પ્રકાશન-આ-૧૯૮૧
(૬૩) કૂટકાવ્ય એક અધ્યયન-ડૉ. રામધન શર્મા -પ્રકા. નેશનલ પબ્લિસિંગ હાઉસ, દિલ્હી

**સંસ્કૃત**

(૧) અથર્વવેદ- નિર્ણય સાગર પ્રેસ, મુંબઈ
(૨) ઐતરેય બ્રાહ્મણ-સં. અનંતકૃષ્ણ શાસ્ત્રી, ત્રિવેન્દ્રમ, આ. ૧૯૪૨
(૩) ઈસાવાસ્યોપનિષદ્-ગીતા પ્રેસ-ગોરખપુર
(૪) કઠોપનિષદ્-શાંકરભાષ્ય-ગીતા પ્રેસ-ગોરખપુર
(૫) કાવ્યાદર્શ- દંડીશ્રી કમલમણી ગ્રંથ-માલા કાર્યાલય, કાશી, આ. ૧૯૫૫
(૬) કૌલજ્ઞાનનિર્ણય- સં. પ્રબોધચંદ્ર બાગચી, કલકત્તા, આ. ઈ.સ. ૧૯૩૪
(૭) છાંદોગ્યોપનિષદ્-ગીતા પ્રેસ-ગોરખપુર
(૮) તૈતિરીયોપનિષદ્-બ્રહ્માનંદવલ્લી-ગીતા પ્રેસ-ગોરખપુર
(૯) નિરુક્તમ્-યાસ્ક -મેહરચંદ લક્ષ્મણદાસ-દિલ્હી-ઈ.સ. ૧૯૬૪
(૧૦) નિરુક્ત કોશ - સંપા. યુવાચાર્ય મહાપ્રજ્ઞ
(૧૧) બૃહદારણ્યોકોપનિષદ્--ગીતા પ્રેસ-ગોરખપુર
(૧૨) બૃહત્કોશ- સંપા. રતિલાલ સાં. નાયક, પ્રકા. અક્ષરા પ્રકાશક, અમદાવાદ બીજી આ. ઈ.સ. ૨૦૦૫
(૧૩) મહાભારત-ગીતા પ્રેસ-ગોરખપુર
(૧૪) મુંડકોપનિષદ્-ગીતા પ્રેસ-ગોરખપુર
(૧૫) રઘુવંશમ્- કાલીદાસ
(૧૬) રામચરિત માનસ- તુલસીદાસ



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

(૧૭) ઋગ્વેદ સંહિતા- સં. શ્રી રામ શર્મા આચાર્ય, માતા ભગવતી દેવી શર્મા-પ્રકા. બ્રહ્મવર્ચસ, હરિદ્વાર, આ. ૧૯૯૪
(૧૮) શતપથ બ્રાહ્મણ-ચૌખમ્ભા સંસ્કૃત સીરીજ, વારાણસી
(૧૯) શૃંગારપ્રકાશ- ભોજ
(૨૦) સાહિત્યદર્પણ- વિશ્વનાથ
(૨૧) શ્રીમદ્ ભાગવત્-ગીતા પ્રેસ-ગોરખપુર
(૨૨) શ્રીમદ્ ભાગવત્ ગીતા-ગીતા પ્રેસ-ગોરખપુર, બી. આ. સં.૨૦૧૩
(૨૩) શ્રીમદ્ ભાગવદ્ પુરાણ-ગીતા પ્રેસ-ગોરખપુર
(૨૪) શ્વેતાશ્વતરોપનિષદ્-શાંકર ભાષ્ય, ગીતા પ્રેસ-ગોરખપુર
(૨૫) ગૃહ્ય સમાજતંત્ર- સં. વિનયતોષ ભટ્ટાચાર્ય
(૨૬) પાતંજલ યોગદર્શન-શ્રીમદ્ હરીહરાનંદ કૃત-વિશ્વવિદ્યાલય, લખનઉ
(૨૭) હઠયોગપ્રદીપિકા- અનુ. શ્રી વાસુદેવ મહાશંકર જોશી, પ્રકા. સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય. મુંબઈ, આ. ચોથી ઈ.સ. ૧૯૭૯



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com

# પરિશિષ્ટ - ૫

## માહિતીદાતાઓ

| | | |
|---|---|---|
| (૧) | પૂ. મકરન્દભાઈ | તા. ૨૭-૧૦-૧૯૯૯ થી અનેક વખત. |
| (૨) | ડૉ. નિરંજન રાજ્યગુરુ | તા. ૨૭-૧૦-૧૯૯૯ થી અનેક વખત. |
| (૩) | મહંત શ્રી અભિલાષદાસજી | તા. ૦૯-૦૫-૨૦૦૨ |
| (૪) | ડૉ. નાથાલાલ ગોહિલ | તા. ૦૫-૦૬-૨૦૦૪. |
| (૫) | શ્રી પલાણ સાહેબ | તા. ૧૩-૦૬-૨૦૦૪ |
| (૬) | શ્રી લાભશંકર પુરોહિત સાહેબ | તા. ૦૨-૦૭-૨૦૦૪ |
| (૭) | શ્રી વિજયશીલચન્દ્રસૂરિ મ. સા. | તા. ૧૭-૦૯-૨૦૦૪ |
| (૮) | ડૉ. પ્રભાશંકર તેરૈયા સાહેબ | તા. ૨૩-૦૧-૨૦૦૫ |
| (૯) | ભાદા ગોકળ ઢોલરિયા | તા.૭/૨/૦૫ |
| (૧૦) | ડૉ. હસુભાઈ યાજ્ઞિક | તા. ૧૯-૦૮-૨૦૦૫ |
| (૧૧) | ડૉ. બળવંત જાની સાહેબ | તા. ૦૯-૦૧-૨૦૦૬ |
| (૧૨) | ડૉ. હસમુખભાઈ વ્યાસ | તા. ૧૦-૦૫-૨૦૦૬ |
| (૧૩) | શ્રી જાનકીદાસ બાપુ | તા. ૧૫-૧૦-૨૦૦૬ |
| (૧૪) | શ્રી વલકુ બાપુ | તા. ૧૨-૦૫-૨૦૦૭ |
| (૧૫) | શ્રી જનકમુનિ મ. સા. | વર્ષ-૨૦૦૭ |
| (૧૬) | શ્રી કરશનદાસ યાદવ | તા. ૨૦-૧૨-૨૦૦૮ |



PDF Created with deskPDF PDF Writer - Trial :: http://www.docudesk.com